નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ધાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

UTTARADHYAYAN SUTRA

PART : 4

ઉત્તરાધ્યયન સૂત્ર : ભાગ– ૪

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया प्रियदर्शिन्याख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुजर-भाषाऽनुवादसहितम्-

॥ उत्तराध्ययन-सूत्रम् ॥

UTTARADHYAYANA SUTRAM

चतुर्थो भागः (अध्य० २५-३६)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

अहमदाबादनिवासि-श्रेष्ठिनः श्रीमतः रंगजीभाई-

मोहनलालभाई-महोदयस्य द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः

श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर संवत्	विक्रम-संवत्	ईस्वीसन्
प्रति १०००	२४८६	२०१६	१९६०

मूल्यम्-रू० २०-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી. અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ઠે. ગરેડિયા કુવારોડ, ગ્રીન લોજ
પાસે, **રાજકોટ.** (સૌરાષ્ટ્ર)

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastoddhar Samti.
Garedia Kuva road. RAJKOT.
(Saurashtra) W. Ry India

×

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૬
વિક્રમ સંવત : ૨૦૧૬
ઈસ્વીસન : ૧૯૬૦

×

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : : અમદાવાદ

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રુધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

विषयानुक्रमणिका

अनु.	विषय	पाना नं.
१	पच्चीसवें अध्ययन का प्रारंभ	१
२	जयघोष और विजयघोष के चरित्र का वर्णन	१
३	छाइसवें अध्ययन का प्रारंभ और दश प्रकार की सामाचारी का वर्णन	१६
४	ओघ सामाचारी का वर्णन	१८
५	विनयशील साधु के औत्सर्गिक दिनकृत्य का वर्णन	२०
६	पौरुषिकाल का परिज्ञान	२०
७	पादोन (पोन) पौरुषी जानने का उपाय	२१
८	मुनि के रात्रि कृत्य का वर्णन	२२
९	विशेषरुप से मुनि के दिवस कृत्य का कथन	२३
१०	प्रतिलेखना विधि का वर्णन	२४
११	प्रतिलेखनामें दोषों के त्याग विषय में सूत्रकारका कथन	२६
१२	भंगप्रदर्शनपूर्वक सदोष और निर्दोष प्रतिलेखना का विशेष रुपसे वर्णन	२७
१३	निर्दोष प्रति लेखनाको करता हुआ मुनि के छः काय का विराधक होने का कथन	२८
१४	निर्दोष प्रतिलेखना करता हुआ मुनि के आराधक होने का कथन	२९
१५	आहार के छः कारणों का निरुपण	३०
१६	आहार के त्याग का छः कारणों का वर्णन	३१
१७	भिक्षा विधि का वर्णन	३२
१८	परिष्ठापन विधि का वर्णन	३३
१९	कायोत्सर्ग में अतियार का चिन्तन	३४
२०	कायोत्सर्ग में स्थित मुनि की रात्रिचर्या की विधि का कथन	३५
२१	कायोत्सर्ग में ज्ञानादि अतियार का चिन्तन	३६
२२	कायोत्सर्ग में तप का चिन्तन और सिद्धों की स्तुति	३७
२३	सामाचारीका कथन और उपसंहार अध्ययन समाप्ति	३८
२४	सताईसवें अध्ययन का प्रारंभ	३८

અનુ.	વિષય	પાના નં.
૨૫	શઠતા કે સ્વરૂપ કા વર્ણન	૩૯
૨૬	કુશિષ્યોં કો છોડકર ગર્ગાચાર્ય મુનિ કા આત્મ કલ્યાણમેં પ્રયત્નશીલ હોના	૪૪
૨૭	અઠાઇસવેં અધ્યયન કા પ્રારંભ ઔર મોક્ષમાર્ગ કે સ્વરૂપ ઔર ઉનકે ફલ કા કથન	૪૫
૨૮	જ્ઞાન વિષય કા વર્ણન	૪૭
૨૯	દ્રવ્યાદિ કે લક્ષણ કા વર્ણન	૪૮
૩૦	દ્રવ્ય ભેદ કા વર્ણન	૫૦
૩૧	ધર્માદિ કે ભેદ ઔર ઉનકે લક્ષણ કા વર્ણન	૫૧
૩૨	કાલ ઔર જીવ કે લક્ષણ કા વર્ણન	૫૨
૩૩	પુદ્ગલ ઔર પર્યાય કે લક્ષણ	૫૩
૩૪	નવ તત્વ કા કથન ઔર ઉનકે કથન કા કારણ	૫૩
૩૫	સમ્યક્ત્ત્વવાન જીવ કે ભેદ કા કથન	૫૪
૩૬	નિસર્ગરૂચિ કા વર્ણન	૫૫
૩૭	ઉપદેશરૂચિ ઔર આજ્ઞારૂચિ કા વર્ણન	૫૬
૩૮	સૂત્રરૂચિ, બીજરૂચિ, અભિગમરૂચિ ઔર વિસ્તારરૂચિ કા વર્ણન	૫૭
૩૯	ક્રિયારૂચિ ઔર સંક્ષેપરૂચિ કા કથન	૫૮
૪૦	ધર્મરૂચિ કા કથન ઔર સમ્યક્ત્ત્વવાન કે લક્ષણ	૫૯
૪૧	સમ્યવત્વકા માહાત્મ્ય	૫૯
૪૨	સમ્યક્ત્ત્વ કે આઠ પ્રકાર કે આચાર કા વર્ણન	૬૧
૪૩	ચારિત્રરૂપ મોક્ષમાર્ગ કે ભેદ કા વર્ણન	૬૨
૪૪	યથાખ્યાત ચારિત્ર કિસ કો હોતા હૈ ?	૬૪
૪૫	જ્ઞાનાદિ કે ફલ કા વર્ણન	૬૫
૪૬	મોક્ષગતિ કા કથન	૬૫
૪૭	ઉન્તીસવેં અધ્યયન કા પ્રારંભ	૬૬
૪૮	ઉન્તીસવાં અધ્યયન કી અવતરણિકા	૬૬
૪૯	સંવેગાદિ તિહત્તર પદાર્થ કે નામ નિર્દેશ	૬૮
૫૦	સંવેગ કે સ્વરૂપ કા વર્ણન	૭૦
૫૧	નિર્વેદ કે સ્વરૂપ કા વર્ણન	૭૧
૫૨	ધર્મશ્રદ્ધા કા વર્ણન	૭૨
૫૩	ગુર્વાદિશુશ્રૂષા કા વર્ણન	૭૪

५४	आलोयना के स्वरूप का वर्णन	७६
५५	स्वदोष निंदा के फल का वर्णन	७७
५६	गर्हाके स्वरूप का वर्णन	७८
५७	सामायिक और चतुर्विंशति स्तव स्तुतिका वर्णन	८०
५८	वन्दना के फल का वर्णन	८१
५९	प्रतिक्रमण के फल का वर्णन	८२
६०	कायोत्सर्ग के फल का वर्णन	८३
६१	प्रत्याख्यान के फल का वर्णन	८३
६२	स्तुति के फल का वर्णन	८४
६३	कालप्रतिलेखना के फल का वर्णन	८६
६४	प्रायश्चित्तकरण के फल का वर्णन	९४
६५	क्षमायाचना और स्वाध्याय के फल का वर्णन	९५
६६	वाचना के फल का वर्णन	९६
६७	प्रतिप्रच्छना के फल का वर्णन	९७
६८	परिवर्तना के फलका वर्णन	९८
६९	अनुप्रेक्षा के फल का वर्णन	९८
७०	धर्मकथा के फल का वर्णन	१०१
७१	श्रुतकी आराधना और एकाग्रमन का संनिवेशनका वर्णन	१०२
७२	संयमपालन और तप के फल का वर्णन	१०३
७३	व्यवदान के फल का वर्णन	१०३
७४	सुखशात के फल का वर्णन	१०४
७५	अप्रतिबद्धता के फल का वर्णन	१०६
७६	विवक्तशयनासनता के फल का वर्णन	१०७
७७	विनिवर्तना के फल का वर्णन	१०८
७८	संभोगप्रत्याख्यान के फल का वर्णन	१०८
७९	उपधिप्रत्याख्यान के फल का वर्णन	११०
८०	आहारप्रत्याख्यान के फल का वर्णन	१११
८१	कषायप्रत्याख्यान के फल का वर्णन	११२
८२	योग प्रत्याख्यान के फल का वर्णन	११२
८३	शरीर के प्रत्याख्यान का वर्णन	११३
८४	सहाय प्रत्याख्यान के फल का वर्णन	११४
८५	भक्त प्रत्याख्यान के फल का वर्णन	११४

૮૬	सद्भाव प्रत्याख्यान के फल का वर्णन	११५
८७	प्रतिरूपता और वैयावृत्य के फल का वर्णन	११६
८८	सर्वगुणसंपन्नता के फल का वर्णन	११७
८९	वीतरागता और क्षान्ति के फल का वर्णन	११८
९०	मुक्ति का और आर्जवता के और मार्दव के फल का वर्णन	११९
९१	भावसत्य के फल का वर्णन	१२०
९२	करणसत्य के फल का वर्णन	१२२
९३	योग सत्य के फल का वर्णन	१२२
९४	मनोगुप्ति के फल का वर्णन	१२३
९५	वचन गुप्ति और काय गुप्ति के फल का वर्णन	१२४
९६	मनः समाधारणा के फल का वर्णन	१२५
९७	वाङ् समाधारणाता के फल का वर्णन	१२५
९८	काय समाधारणा के फल का वर्णन	१२६
९९	ज्ञानसंपन्नता के फल का वर्णन	१२७
१००	दर्शन संपन्नता के फल का वर्णन	१२८
१०१	चारित्र संपन्नता के फल का वर्णन	१२९
१०२	श्रोत्रेन्द्रिय निग्रह के फल का वर्णन	१३०
१०३	चक्षुरिन्द्रिय निग्रह के फल का वर्णन	१३१
१०४	घ्राणेन्द्रिय निग्रह का वर्णन	१३१
१०५	स्पर्शेन्द्रिय निग्रह के फल का वर्णन	१३१
१०६	जिह्वेन्द्रिय निग्रह के फल का वर्णन	१३२
१०७	मानविजय के फल का वर्णन	१३२
१०८	मायाविजय और लोभविजय के फल का वर्णन	१३३
१०९	प्रेम-द्वेष-मिथ्यादर्शन विजय के फल का वर्णन	१३३
११०	शैलेशीभाव के फल का वर्णन	१३५
१११	सकलकर्मक्षय के फल का वर्णन	१३६
११२	अध्ययन का उपसंहार और अध्ययन समाप्ति	१३७
११३	तीसवें अध्ययन का प्रारंभ	१३८
११४	तप के स्वरूप और उनके फल पानेवालों की गति का वर्णन	१३८
११५	कर्म खपानेके प्रकार का दृष्टांतपूर्वक वर्णन	१३९
११६	तप के भेदप्रभेदों का वर्णन	१३९
११७	मरणकालमें होनेवाले अनशन का वर्णन	१४२

અનુ.	વિષય	પાના નં.
११८	ઉનોદરી કે ફલ કા વર્ણન	१४५
११९	ક્ષેત્રઅવમૌદર્ય કા વર્ણન	१४६
१२०	કાલઉણોદરી કે ફલ કા વર્ણન	१४८
१२१	ભાવઉણોદરી કા વર્ણન	१४८
१२२	પર્યાયઉણોદરી કા વર્ણન	१४९
१२३	ભિક્ષાચર્યા કા વર્ણન	१५०
१२४	રસપરિત્યાગ કા વર્ણન	१५१
१२५	કાયક્લેશ કા કથન	१५२
१२६	સંલીનતા કા વર્ણન	१५२
१२७	આભ્યંતર તપ કા વર્ણન	१५३
१२८	દશવિધ પ્રાયશ્ચિત કા વર્ણન	१५३
१२९	વિનય કા વર્ણન	१५५
१३०	વૈયાવૃત્ય કા વર્ણન	१५५
१३१	સ્વાધ્યાય કા વર્ણન	१५६
१३२	ધ્યાનતપ ઔર વ્યુત્સર્ગતપ કા વર્ણન	१५६
१३३	અધ્યયન કા ઉપસંહાર ઔર દો પ્રકાર કે તપ કે ફલકા વર્ણન	१५७
१३४	ઇકતીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર ચરણાવિધિ કા વર્ણન	१५७
१३५	બતીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર પ્રમાદસ્થા કા વર્ણન	१६४
१३६	પ્રમાદસ્થાન વર્ણન મેં ચક્ષુરિન્દ્રિય કા વર્ણન	१७५
१३७	રાગ કે અનર્થ મૂલત્વ કા નિરૂપણ	१७७
१३८	રૂપમેં તૃપ્તિ રહિતો કે દોષોં કા વર્ણન	१८०
१३९	અદત્તાદાન શીલ કે દોષ વર્ણન	१८०
१४०	રૂપમેં દ્વેષ કરના ભી અનર્થ મૂલત્વ હોને કા કથન	१८३
१४१	રૂપમેં રાગદ્વેષ ન કરને પર ગુણ કા કથન	१८३
१४२	શ્રોતેન્દ્રિય કા નિરૂપણ	१८४
१४३	ઘ્રાણેન્દ્રિય કા નિરૂપણ	१८८
१४४	જિહ્વેન્દ્રિય કા નિરૂપણ	१९२
१४५	સ્પર્શનેન્દ્રિય કા નિરૂપણ	१९५
१४६	મન કા નિરૂપણ	१९८
१४७	કામભોગ કે સ્વરૂપ કા નિરૂપણ	२०२
१४८	વિકૃતિ કે સ્વરૂપ કા નિરૂપણ	२०३
१४९	રાગ કે અપનયન-દૂર કરને કે પ્રકાર કા નિરૂપણ	२०४

અનુ.	વિષય	પાના નં.
૧૫૦	વિકારોંસે દોષાન્તરોં કી ઉત્પત્તી હોને કે સંભવ કા કથન	૨૦૬
૧૫૧	રાગદ્વેષ સે હી અનર્થોત્પત્તિ હોને કા નિરૂપણ	૨૦૭
૧૫૨	તૃષ્ણાક્ષય કા વર્ણન	૨૦૯
૧૫૩	મોક્ષગતિ કા નિરૂપણ	૨૧૧
૧૫૪	અધ્યયન કા ઉપસંહાર	૨૧૨
૧૫૫	તેતીસવેં અધ્યયન કા પ્રારંભ	૨૧૨
૧૫૬	કર્મ પ્રકૃતિ કા વર્ણન	૨૧૩
૧૫૭	જ્ઞાનાવરણ ઔર દર્શનાવરણ કે સ્વરૂપ કા નિરૂપણ	૨૧૫
૧૫૮	વેદનીય ઔર મોહનીય કે સ્વરૂપ કા નિરૂપણ	૨૧૫
૧૫૯	દર્શનમોહનીય કે તીન ભેદ કા નિરૂપણ	૨૧૬
૧૬૦	આયુષ્કર્મ ઔર નામકર્મ કે સ્વરૂપ કા વર્ણન	૨૧૭
૧૬૧	ગોત્રકર્મ કે સ્વરૂપ કા વર્ણન	૨૧૮
૧૬૨	કર્મો કે પ્રદેશાગ્ર (પરમાણું) કા નિરૂપણ	૨૧૮
૧૬૩	મોહનીય કર્મ કે સ્થિતિ કા નિરૂપણ	૨૨૧
૧૬૪	નામગોત્ર કે સ્થિતિ કા નિરૂપણ	૨૨૧
૧૬૫	અધ્યયન કા ઉપસંહાર	૨૨૧
૧૬૬	ચૌંતીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર લેશ્યાઓં કા નિરૂપણ	૨૨૨
૧૬૭	લેશ્યાઓં કે વર્ણદ્વાર કા નિરૂપણ	૨૨૩
૧૬૮	લેશ્યાઓં કે રસદ્વાર કા નિરૂપણ	૨૨૪
૧૬૯	લેશ્યાઓં કે ગંધદ્વાર કા નિરૂપણ	૨૨૬
૧૭૦	લેશ્યાઓં કે સ્પર્શદ્વાર કા નિરૂપણ	૨૨૬
૧૭૧	લક્ષણદ્વાર કા નિરૂપણ	૨૨૭
૧૭૨	સ્થાનદ્વાર કા નિરૂપણ	૨૩૦
૧૭૩	સ્થિતિદ્વાર કા નિરૂપણ	૨૩૧
૧૭૪	ગતિદ્વાર કા નિરૂપણ	૨૩૯
૧૭૫	આયુદ્વાર કા નિરૂપણ	૨૩૯
૧૭૬	અધ્યયન કા ઉપસંહાર ઔર સમાપ્તિ	૨૪૧
૧૭૭	પૈંતીસવેં અધ્યયન કા પ્રારંભ	૨૪૧
૧૭૮	ભિક્ષુકે ગુણ કા વર્ણન	૨૪૨
૧૭૯	ભિક્ષુ કી વસતિ કા નિરૂપણ	૨૪૩
૧૮૦	ભક્તપાનાદિ આરંભ કે નિવારણ કા ઉપદેશ	૨૪૪
૧૮૧	અગ્નિ સમારંભ કે નિષેધ કા નિરૂપણ	૨૪૫

અનુ.	વિષય	પાના નં.
૧૮૨	ભિક્ષુ કો ક્રયવિક્રય કે નિષેધ કા નિરૂપણ	૨૪૫
૧૮૩	સામુદાનિક ભિક્ષા કા નિરૂપણ	૨૪૬
૧૮૪	ભક્તપાનાદિમેં રસલોલુપ ન હોને કા નિરૂપણ	૨૪૭
૧૮૫	શુક્લધ્યાનપૂર્વક સંયમારાધન કા નિરૂપણમ્	૨૪૮
૧૮૬	મૃત્યુસમય કે કર્તવ્ય કા નિરૂપણ	૨૪૮
૧૮૭	જીવ ઔર અજીવ કે સ્વરૂપ કા નિરૂપણ	૨૪૯
૧૮૮	જીવ કે દો પ્રકાર કા નિરૂપણ	૨૫૧
૧૮૯	અરૂપી અજીવોં કે દશ ભેદ કા નિરૂપણ	૨૫૧
૧૯૦	ધર્માદિ કા નિરૂપણ	૨૫૩
૧૯૧	કાલ સે ધર્માદિ કા નિરૂપણ	૨૫૩
૧૯૨	દ્રવ્યકી અપેક્ષા સે રૂપિદ્રવ્ય કા નિરૂપણ	૨૫૪
૧૯૩	ક્ષેત્રકી અપેક્ષા સે સ્કંધ એવં પરમાણુ કા નિરૂપણ	૨૫૭
૧૯૪	કાલ કે વિભાગ ઔર કાલદ્વાર કો આશ્રિત કરકે અજીવોં કી સ્થિતિ કા નિરૂપણ	૨૫૯
૧૯૫	ભાવદ્વારકો આશ્રિત કરકે સ્કંધપરમાણુ કા નિરૂપણ	૨૬૦
૧૯૬	વર્ણ ગંધ આદિ પ્રત્યેક કે ઉત્તર ભેદ કા નિરૂપણ	૨૬૦
૧૯૭	ગંધ સે પરમાણુ કા નિરૂપણ	૨૬૧
૧૯૮	સ્પર્શકો આશ્રિત કરકે ઔર પરમાણુ કા નિરૂપણ	૨૬૧
૧૯૯	સંસ્થાન કો લેકર સ્કંધ પરમાણુ કા નિરૂપણ	૨૬૨
૨૦૦	નિલાદિ વર્ણો કે ભંગ કા નિરૂપણ	૨૬૩
૨૦૧	ગંધગુણ કે ભંગ કા નિરૂપણ	૨૬૫
૨૦૨	રસકે ભંગ કા નિરૂપણ	૨૬૬
૨૦૩	સ્પર્ષ ભંગ કા નિરૂપણ	૨૬૭
૨૦૪	સંસ્થાન ભંગ કા નિરૂપણ	૨૭૦
૨૦૫	જીવાજીવ કે સ્વરૂપ કા નિરૂપણ	૨૭૧
૨૦૬	સ્ત્રી મોક્ષસમર્થનમ્	૨૭૨
૨૦૭	સિદ્ધોં કે સ્વરૂપ કા નિરૂપણ	૨૯૩
૨૦૮	અલોક મેં ગતિ કે અવરોધ કા નિરૂપણ	૨૯૪
૨૦૯	પૃથિવી કે સંસ્થાનાદિક કા નિરૂપણ	૨૯૬
૨૧૦	સિદ્ધોં કે એકાદિ પ્રદેશોં મેં ચલનસ્વભાવ કા નિરૂપણ	૨૯૮
૨૧૧	સંસારી કે સ્વરૂપ કા નિરૂપણ	૩૦૪
૨૧૨	શ્લક્ષ્ણ પૃથિવી કે સાત ભેદ કા નિરૂપણ	૩૦૫

અનુ.	વિષય	પાના નં.
૨૧૩	ખર પૃથિવી જીવોં કે છત્તીસ ભેદોં કા નિરૂપણ	૩૦૬
૨૧૪	પૃથિવીકાય જીવોં કા નિરૂપણ	૩૦૭
૨૧૫	અપ્કાય જીવોં કા નિરૂપણ	૩૦૯
૨૧૬	વનસ્પતિકાય જીવોં કા નિરૂપણ	૩૧૧
૨૧૭	ત્રસકાય જીવ કા નિરૂપણ	૩૧૩
૨૧૮	અગ્નિકાય જીવોં કા નિરૂપણ	૩૧૪
૨૧૯	વાયુકાય જીવોં કા નિરૂપણ	૩૧૬
૨૨૦	ઉદાર તીસરે પ્રકાર કે ત્રસ જીવ કા નિરૂપણ	૩૧૭
૨૨૧	દ્વીન્દ્રિય જીવોં કા નિરૂપણ	૩૧૮
૨૨૨	ત્રિન્દ્રિય જીવોં કા નિરૂપણ	૩૧૯
૨૨૩	ચતુરિન્દ્રિય જીવ કા નિરૂપણ	૩૨૦
૨૨૪	પઞ્ચેન્દ્રિય નૈરયિક જીવ કા નિરૂપણ	૩૨૨
૨૨૫	જલચર જીવોં કા નિરૂપણ	૩૨૫
૨૨૬	સ્થલચર જીવોં કા નિરૂપણ	૩૨૬
૨૨૭	ખેચર જીવ કા નિરૂપણ	૩૨૯
૨૨૮	મનુષ્યોં કે ભેદ કા નિરૂપણ	૩૩૦
૨૨૯	દેવોં કે ભેદ કા નિરૂપણ	૩૩૨
૨૩૦	દેવોં કે સ્થાનાદિ કા નિરૂપણ	૩૩૬
૨૩૧	દેવોં કી આયુઃ સ્થિતિ કા નિરૂપણ	૩૩૬
૨૩૨	દેવોંકી કાયસ્થિતિ કા નિરૂપણ	૩૪૧
૨૩૩	પ્રસ્તુત પ્રકરણ કા ઉપસંહાર	૩૪૧
૨૩૪	સંલેખના કે ભેદ કા નિરૂપણ	૩૪૩
૨૩૫	સંથારા મેં સ્થિત મુનિકી ભાવના કા નિરૂપણ	૩૪૪
૨૩૬	કંદર્પાદિ ભાવનાઓં કા નિરૂપણ	૩૪૮
૨૩૭	શાસ્ત્રકા ઉપસંહાર	૩૫૩
૨૩૮	શાસ્ત્રપ્રશસ્તિ	૩૫૪

॥ સમાપ્ત ॥

પચીસમા અધ્યયનનો પ્રારંભ

પ્રવચન માતૃક નામનું ચોવીસમું અધ્યયન સંપૂર્ણ થયું, હવે આ પચીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ યજ્ઞીય અધ્યયન છે. આનો સંબંધ ચોવીસમા અધ્યયન સાથે આ પ્રમાણે છે.—ચોવીસમા અધ્યયનમાં જીન પ્રવચનમાતાઓનું વર્ણન કરવામાં આવેલ છે, તે પ્રવચનમાતાઓ બ્રહ્મગુણમાં સ્થિત એવા મુનિઓમાંજ હોય છે. આ હેતુથી અહીં જયઘોષ, વિજયઘોષના ચારિત્રવર્ણનથી એ બ્રહ્મગુણ કહેવામાં આવેલ છે. એ સંબંધના નિમિત્તથી આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. જેની આ પ્રથમ ગાથા છે "માહણ" ઈત્યાદિ !

જયઘોષ ઔર વિજયઘોષ કે ચરિત્ર કા વર્ણન

અન્વયાર્થ—જયઘોસિત્તિ—જયઘોષ ઇતિ જયઘોષના નામથી પ્રસિદ્ધ એક વ્યક્તિ હતી માહણકુલસંભૂઓ – બ્રાહ્મણકુલસંભૂતઃ એ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. જાયાઈ જમજન્નમ્મિ—યાયાજી યમયજ્ઞે પ્રાણીઓનો વધ કરનાર હોવાથી યમયજ્ઞ નામના યજ્ઞને પ્રતિદિન કરવાવાળા હતા, આજ કારણથી મહાજસા–મહાયશાઃ એ દ્રવ્યરૂપ યજ્ઞના કરવાવાળાઓમાં એની ખૂબ પ્રસિદ્ધિ હતી. તથા વિપ્પો–વિપ્રઃ દ્રવ્યરૂપ બ્રાહ્મણ આચારમાં નિરત બની રહેતા હતા. "માહણકુલસંભૂઓ" આમ કહીને પણ સૂત્રકારે "વિપ્પો" એવો પાઠ ફરીથી કહેલ છે એથી એ સૂચિત થાય છે કે, એની માતા પણ બ્રાહ્મણકુળની જ હતી જો તેની માતા બ્રાહ્મણ કુળની ન હોત તો તેનામાં વર્ણસંકરતા હોવાના કારણે વેદાધ્યયનનો અધિકાર તેને પ્રાપ્ત થયો ન હોત. ॥ ૧ ॥

એની કથા આ પ્રમાણે છે.—

વાણારસી નગરીમાં કાશ્યપ ગોત્રી બ્રાહ્મણપુત્ર એવા બે ભાઈ રહેતા હતા. જેમનું નામ જયઘોષ અને વિજયઘોષ હતું. એ બન્ને સહોદર–સગાભાઇ હતા. એક સાથે ઉત્પન્ન થયેલ હતા. એક દિવસ જયઘોષ ગંગામાં નહાવા માટે ગયેલા. ત્યાં તેણે એક સર્પને જોયો. એ સર્પ કરૂણ અવાજ કરી રહેલા એક દેડકાનું ભક્ષણ કરી રહ્યો હતો. એટલામાં ત્યાં એક સમળી આવી પહોંચી અને તેણે પોતાના લોહદંશ તુલ્ય ચાંચથી દેડકાને ખાઈ રહેલા એ સર્પને ઝપટ કરીને પકડી લીધો. અને એકદમ આકાશ માર્ગે ઉડવા માંડયું. અદ્ધર જતાં ગમે તે કારણે એ સર્પ તેની પકડમાંથી છટકી ગયો અને નીચે પડયો. નીચે પડતાં એ સર્પના શરીરના સાંધે સાંધા છુટા પડી ગયા આથી તે ચાલવામાં સર્વથા અસમર્થ બની ગયો. સાપને પોતાના તાબામાંથી છટકીને નીચે પડેલો જાણતાં જ સમળી પણ ઝડપથી નીચે ઉતરી આવી અને નિશ્ચેષ્ટ થઈ પડેલા એ સર્પને ખાવા માંડી. સર્પ પોતાના મોઢામાંના દેડકાને ગળી ગયો અને સમળી એ સર્પને ખાઇ ગઈ. આ પરિસ્થિતિને જોઇને જયઘોષના મનમાં વિચાર થયો કે, જુઓ ! આ સંસારની કેવા પ્રકારની સ્થિતિ છે કે, એક એકને ખાવા માટે જ કટિબદ્ધ બની રહેલ છે. બલવાન દુર્બળાને ખાઈ જવામાંજ આનંદ માને છે. પરંતું તેની રક્ષા કરવામાં નહીં. એ એકને ખાય છે તો કોઇ બીજુ એને ખાઈ જશે. અહા ! આ સંસારમાં જીવોની આવી જ દુર્દશા થઇ રહી છે ! મહા શક્તિશાળી મૃત્યુરૂપ રાક્ષસ આ સઘળા જગતને પોતાનો કોળીયો બનાવવાના કામમાં જ લાગી રહેલ છે. આથી સંસારની આવી ભયાવહ સ્થિતિ છે તો આવા સંસારમાં બુદ્ધિમાનોએ કદી પણ આસ્થા ન કરવી જોઈએ. આવી ભયાવહ સ્થિતિનું નિવારણ કરનાર એક માત્ર ધર્મ જ છે. કેમકે, એનામાં કોઈ એવી અપાર શક્તિ સમાએલી છે કે તે સકળ ઉપદ્રવોને દૂર કરી શકે છે આ કારણે હું એવા કલ્પદ્રુમોપમ ધર્મનો આશ્રય શા માટે ન શોધી લઉં ? આ પ્રકારનો વિચાર કરીને તે જ્યારે ગંગાના

કિનારે પહોંચ્યો ત્યારે સદોરકમુખવસ્ત્રિકાવાળા અને મુનિના ઉપકરણરૂપ રજોહરણ આદિને ધારણ કરેલા એવા એક મુનિ દેખાયા. મુનિને જોતાં જ ઝડપથી તે મુનિની પાસે જઈ પહોંચ્યો. નજીક જઈને તેમને વંદન કરીને ધર્મ સાંભળવાની ભાવનાથી તેમની સેવામાં બેસી ગયો. સાધુઓએ ત્યાં તેને ધર્મ દેશના સંભળાવી. આથી જૈનધર્મનું પરિજ્ઞાન કરી તે એમની પાસે દીક્ષિત થઈ ગયો. મુનિવ્રતોની સમ્યક્ આરાધના કરતાં કરતાં તે અપ્રતિબદ્ધ વિહારી થઈને વિચરવા લાગ્યા. ॥ ૧ ॥

પછી શું ? તે કહેવામાં આવે છે—"इंदियगाम" ઇત્યાદિ !

અન્વયાર્થ—इंदियगामनिग्गाहि-इन्द्रियग्रामनिग्राही શ્રોત્રાદિક ઇન્દ્રિયોને પોતપોતાના વિષયભૂત પદાર્થોની લોલુપતાથી હરાવવાવાળા અર્થાત્-જીતેન્દ્રિય तथामग्गगामी-માર્ગગામી મુક્તિ પથના ગામી એવા એ મહામુનિ જયઘોષ गामाणुगामं-ग्रामानुग्रामं ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં કરતાં वाणारसिं पुरिं पत्तो-वाराणसीं पुरीं प्राप्तः વાણારસી નગરીમાં આવ્યા. ॥ ૨ ॥

"वाणारसीए" ઇત્યાદિ !—

અન્વયાર્થ—તે મુનિરાજ वाणारसीए बहिया-वाराणास्या बहिः વાણારસી નગરીની બહાર मणोरमे उज्जाणम्मि-मनोरमे उद्याने મનોરમ નામના ઉદ્યાનમાં કે જે સ્થળ फासुए सिज्जसंथारे-प्रासुके शय्यासंस्तरे અચિત્ત-નિરવદ્ય-એષણીય શય્યા-વસતિ સંસ્તારક-શિલા-પટ્ટ આદિથી યુક્ત છે તે સ્થળે वासमुवागए—वासमुपागतः ઉતર્યા. ॥ ૩ ॥

"अह तेणेव" ઇત્યાદિ !—

અન્વયાર્થ—अह-अथ જ્યારે તે મુનિરાજ એ ઉદ્યાનમાં ઉતર્યા. तेणेव कालेणं-तस्मिन्नेव काले એજ સમયે तत्थ पुरीए-तत्र पुर्याम् વાણારસી નગરીમાં वेयवी-वेदवित् ઋગ્વેદ આદિ ચાર વેદોના જ્ઞાતા विजयघोसेत्ति नामेणं-विजयघोष-इति नामा વિજયઘોષ નામના माहणो-ब्राह्मणः બ્રાહ્મણ जन्नं जयइ-यज्ञं यजति યજ્ઞ કરી રહેલ હતા. ॥ ૪ ॥

"अह से"-ઇત્યાદિ !

અન્વયાર્થ—अह-अथ એક દિવસની વાત છે કે, से अणगारे-स अनगारः

નગરની બહાર ઉદ્યાનમાં રહેલા એ જયઘોષ નામના મહા મુનિરાજ માસક્ખમણ પારણે–માસક્ષપણપારણાયામ્ માસક્ષપણના પારણાના સમયે તત્થ–તત્ર એ વાણારસી નગરિમાં વિજયઘોસસ્સ જન્નમ્મિ–વિજયઘોષસ્ય યજ્ઞે વિજયઘોષના યજ્ઞમાં ભિક્ખમટ્ઠા ઉવટ્ઠિએ–ભિક્ષાર્થં ઉપસ્થિતઃ ભિક્ષાના નિમિત્તે જઇ પહોંચ્યા. ॥ ૫ ॥

યજ્ઞના સ્થળે મુનિના આવવાથી એ યજ્ઞ કરવાવાળાએ શું કર્યું તે કહે છે—" સમુવટ્ઠિયં "–ઇત્યાદિ !

અન્વયાર્થ—ભિક્ષાના માટે તહિં–તત્ર એ યજ્ઞશાળામાં સમુવટ્ઠિયં–સમુપસ્થિતમ્ ઉપસ્થિત થયેલા એ સંતં–સન્તમ્ સત્વગુણ વિશિષ્ટ જયઘોષ મુનિરાજને જાયગો–યાચકઃ યજ્ઞના યાજક વિજયઘોષ બ્રાહ્મણે પડિસેહિએ–પ્રતિષેધતિ ચાલ્યા જવાનું કહીને કહ્યું કે. ભિક્ખૂ–ભિક્ષો હે ભિક્ષુ ! તે–તે તમોને ભિક્ખં ન હુ દાહામુ–ભિક્ષાં ન ખલુ દાસ્યામઃ ભિક્ષા નહીં આપીએ તમો અન્નઓ–અન્યતઃ બીજા સ્થળે જઈને ભિક્ખં જાયાહિ–ભિક્ષાં યાચસ્વ ભિક્ષા માગો. ॥ ૬ ॥

ભિક્ષા શા માટે આપવાની ના કહી તેનું કારણ સૂત્રકાર બતાવે છે–" જે ય "–ઇત્યાદિ !

અન્વયાર્થ—જે ય વેય વિઊ વિપ્પા–યે ચ વેદવિદઃ વિપ્રઃ જે વેદના જ્ઞાતા વિપ્રજન છે, તથા જે ય જણ્ણમટ્ઠા દિયા–યે ચ યજ્ઞાર્થાઃ દ્વિજાઃ સન્તિ જે યજ્ઞ ક્રિયા પરાયણ દ્વિજ છે–સંસ્કારની અપેક્ષા દ્વિતીય જન્મ સંપન્ન બ્રાહ્મણ છે. તથા જે જોઇસંગવિદા–યે જ્યોતિષાંઙ્ગવિદઃ જે જ્યોતિષશાસ્ત્ર તથા તદતિરિક્ત શિક્ષા કલ્પ, વ્યાકરણ, નિરૂકત અને છંદરૂપ પાંચ અંગોના જ્ઞાતા બ્રાહ્મણ છે. તથાજે ય ધમ્માણ પારગા–યે ચ ધર્માણાં પારગાઃ જે ધર્મશાસ્ત્રોના ઉપલક્ષણથી સમસ્ત ચૌદ વિદ્યાઓના પારંગત બ્રાહ્મણ છે. ॥ ૭ ॥

તથા—" જે "–ઇત્યાદિ !

અન્વયાર્થ—ભો ભિક્ખૂ–ભો ભિક્ષો હે ભિક્ષુ ! જે જં પરં અપ્પાણં સમુદ્ધર્તું સમત્થા–યે પરં આત્માનમ્ સમુદ્ધર્તું સમર્થાઃ બ્રાહ્મણ બીજાઓને અને પોતાની જાતને આ સંસાર સાગરથી પાર કરાવવામાં સમર્થ છે તેસિં સવ્વકામિયં ઇણં અન્નં દેયં–તેભ્યઃ સર્વકામિકં અન્નં દેયમ્ એ બ્રાહ્મણોના માટે જ આ ષડ્રરસ સંપન્ન યજ્ઞીય અન્ન આપવા યોગ્ય હોય છે આપ જેવાને માટે નહીં. ॥૮॥

એવું કહેવાથી મુનિએ શું કર્યું તે કહેવામા આવે છે–" સો તત્થ "–ઇત્યાદિ

અન્વયાર્થ—તત્થ–તત્ર એ યજ્ઞના પાટલા ઉપર બેઠેલા જાયગેણ એવં પડિસિદ્ધો–યાજકેન એવં પ્રતિષિદ્ધઃ વિજયઘોષ તરફથી આ પ્રકારથી પ્રતિષિદ્ધ કરાયેલા એવા એ ઉત્તમટ્ઠગવેસઓ મહામુણી – ઉત્તમાર્થગવેષકઃ મહામુનિઃ મોક્ષાન્વેષી મુનિરાજ જયઘોષ ન રુટ્ઠો નવિ તુટ્ઠો–નાપિરુષ્ટઃ નાપિતુષ્ટઃ ન ક્રોધિત થયા અથવા ન તો તુષ્ટ થયા પરંતુ સમતાભાવમય જ બની રહ્યા. ॥ ૯ ॥

તથા—" नन्नट्ठं " ઇત્યાદિ !

અન્વયાર્થ—એ મુનિરાજે नन्नट्ठं पाणहेउं वा न वि निव्वाहणाय वा तेसिं विमोक्खणट्ठाए इमं वयणमब्बवी–न अन्नार्थं पानहेतुं वा नापि निर्वाहणाय वा तेषां विमोक्षणार्थम् इदं वचनमब्बवी ન અહાર પાણી માટે કાંઇ કહ્યું કે, ન વસ્ત્રાદિક માટે કે પોતાના નિર્વાહ માટે કાંઈ કહ્યું પરંતુ તે વિજયઘોષ આદિની મુકિત માટે આ પ્રકારનાં વક્ષ્યમાણ વચન કહ્યાં. ।।૧૦।।

હવે મુનિએ જે કહ્યું તે કહેવામાં આવે છે—" न वि " ઇત્યાદિ !

અન્વયાર્થ—હે બ્રાહ્મણ ! તમે वेदमुहं न विजाणासि–वेदमुखं नापि जानासि વેદોમાં પ્રધાનતાથી જે કહેવામાં આવેલ છે તેને તમે જાણતા નથી न वि जन्नाणजं मुहं जाणासि–नापि यज्ञानां यन्मुखं नापि जानासि તથા યજ્ઞોનો જે ઉપાય છે તેને પણ તમે જાણતા નથી. આજ રીતે जं नक्खत्ताणमुहं जं च धम्माणमुहं–यत् नक्षत्राणां मुखं यच्च धर्माणां मुखम् જ્યોતિષશાસ્ત્રોક્ત તારાઓમાં જે પ્રધાન હોય છે અને ધર્મનો જે ઉપાય છે न जाणासि–न जानासि એને પણ તમો જાણતા નથી. ।।૧૧।।

આ પ્રમાણે એમની વેદોની અજ્ઞાનતા પ્રગટ કરીને હવે પાત્ર અભિજ્ઞતા પ્રગટ કરવામાં આવે છે.—" जे " ઇત્યાદિ !

અન્વયાર્થ—હે બ્રાહ્મણ ! जे परं अप्पाणमेव समुद्धत्तुं समत्था तुमं ते न वियाणासि अह जाणासि तओ भण–ये परं अस्मानमेव समुद्धर्तुं क्षमाः स्वं तान् न विजानासि अथ जानासि ततो भण જે બીજાઓની તથા પોતે પોતાની જાતને પણ આ સંસાર સાગરથી પાર કરવામાં સમર્થ છે એને તમે જાણતા નથી જો જાણતા હો તો કહો. ।। ૧૨ ।।

મુનિરાજનું આ પ્રકારનું અપેક્ષાવાળું કથન સાંભળીને વિજયઘોષે શું કહ્યું તે સૂત્રકાર કહે છે—" तस्स " ઇત્યાદિ.

અન્વયાર્થ—तहिं–तत्र એ યજ્ઞશાળામાં तस्सक्खेवपमुक्खं अचयंतो दिओ से परिसा पंजलिं होऊं तं महामुणिं पुच्छ–तस्याक्षेपप्रमोक्षं अशक्नुवन् द्विजः सपरिषत् प्राञ्जलिः भूत्वा तं महामुनिं पृच्छति એ મહામુનિરાજના આક્ષેપનો પ્રત્યુત્તર દેવામા અસમર્થ બનેલા વિજયઘોષ બ્રાહ્મણે હવન કરવામાં સાથ આપનારા વગેરે સહિત હાથ જોડીને મુનિરાજને પૂછયું ।। ૧૩ ।।

વિજયઘોષે જે પૂછયું તે બે ગાથાઓથી કહેવામાં આવે છે—

" वेयाणं "–ઇત્યાદિ ! " जे समत्था "–ઇત્યાદિ !

અન્વયાર્થ—હે મુનિ ! वेयाणं च मुहं जं जन्नाण मुहं बूहि–वेदानां च मुखं यत् यज्ञानां मुखं तत् ब्रूहि વેદોમાં જે પ્રધાનતાથી કહેવાયેલ છે તે આપ અમને કહો. તથા જે યજ્ઞોનો ઉપાય છે તે પણ આપ અમોને કહો. नक्खत्ताणमुहं बूहि धम्माणमुहं बूहि–नक्षत्राणां मुखं ब्रूहि धर्माणां मुखं ब्रूहि આજ રીતે નક્ષત્રમાં જે પ્રધાન છે અને ધર્મનો જે ઉપાય છે તે આપ અમોને કહો. તથા जं परं अप्पाणमेवसमुद्धत्तुं समत्था ते बूहि साहू पुच्छिओ मे एयं सव्वं कहय–ये परं आत्मानमेव समुद्धर्तुं समर्थाः; तान् अपि ब्रूहि साधो पृष्टः मे एतं सर्वं संशयं कथय જે બીજાને તથા પોતાને પાર કરવા–કરાવવામાં સમર્થ છે એ પણ અમોને કહો. હે સંયત ! આ પ્રકારથી પૂછાયેલા મારા આ સંશયને આપ દૂર કરો. અર્થાત્–સંશય જ્ઞાનના વિષયભૂત જે વેદ મુખાદિક છે તેને આપ સારી રીતે સમજાવો. ॥ ૧૪ ॥ ૧૫ ॥

આ પ્રમાણે પૂછવામાં આવતાં મુનિ કહે છે—" अग्गि होत्तमुहा" ઇત્યાદિ !

અન્વયાર્થ—વિજયઘોષની આ પ્રકારની જીજ્ઞાસાને જોઈને મુનિરાજે એને કહ્યું કે, હે વિજયઘોષ ! वेया—વેદા જે ઋગ્વેદાદિક છે તે अग्गिहोत्त-मुहा–अग्निहोत्रमुखा અગ્નિહોત્ર જેમાં પ્રધાન રૂપથી છે. તેવા હોય છે. અગ્નિ-હોત્ર શબ્દથી અહિં ભાવાગ્નિહોત્રનું ગ્રહણ કરવું જોઈએ. કેમકે દ્રવ્યાગ્નિહોત્ર ષટ્કાયના જીવોને ઉપમર્દક હોવાના કારણે મોક્ષાર્થી આત્માઓ દ્વારા અનુપાદેય કહેવામાં આવેલ છે. जण्णट्ठा वेयसां मुहं–यक्षार्थी वेदसां मुखम् તથા ભાવયજ્ઞના જે અર્થી છે.—સંયમના આરાધક જે મોક્ષાભિલાષી મુનિ છે. તે વેદોનું કારણ છે. કેમકે, યજ્ઞાર્થીના સદ્ભાવમાં જ યજ્ઞોની પ્રવૃત્તિ થાય છે. આ કારણે યજ્ઞાર્થી મુનિ યજ્ઞોનું મુખ કહેવામાં આવેલ છે તથા नक्खत्ताणमुहं चंदो–नक्षत्राणां मुखं चन्द्रः નક્ષત્રોમાં પ્રધાન ચંદ્ર છે કેમકે, તે એનો અધિપતિ છે. कासवो धम्माणं मुहं-काश्यपः ધર્માણાં મુખં યુગાદિ દેવ ભગવાન ઋષભ પ્રભુ ધર્મોના પ્રધાન છે. કેમકે, તેઓ પહેલાજ ધર્મના પ્રરૂપક થયા છે. શાસ્ત્રોનું એ કહે-વાનું છે કે, નાભિરાજાના નંદન મરૂદેવીના પુત્ર મહાદેવ ઋષભદેવ ભગવાને

મોક્ષ ધર્મની પ્રરૂપણા કરી છે. આ વાત ભાગવત પુરાણમાં પણ પાંચમા સ્કંધના ૨ થી ૬ અધ્યાયમાં વર્ણવવામાં આવેલ છે. ॥ ૧૬ ॥

સૂત્રકાર આજ વાતનું ફરીથી સમર્થન કરે છે—"जहा" ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–યથા જેમ चंं–चन्द्रम् ચંદ્રમાને गहाईया–गृहादिकाः સમસ્ત ગ્રહાદિક पंजलिउडा–प्राञ्जलिकृताः હાથ જોડીને वंदमाणा–वन्दमाना સ્તુતિ કરીને તથા नमंसंता–नमस्यतः નમન કરીને उत्तमं–उत्तमम् ઉત્તમ રીતી પૂર્વક मणहारिणो चिट्ठंति–मनोहारिणः तिष्ठन्ति જનમનહારી બને છે. એજ પ્રમાણે ઋષભદેવને દેવેન્દ્ર મુખ્ય પણ વંદના અને નમસ્કાર કરી જનમનહારી બને છે. ॥ ૧૭ ॥

આ પ્રમાણે ચારેય પ્રશ્નોના ઉત્તર આપીને સ્વ અને પરનો ઉદ્ધાર કરવામાં કોણ સમર્થ છે તે મુનિરાજ બતાવે છે--"अजाणगा"–ઈત્યાદિ !

અન્વયાર્થ—હે વિજયઘોષ ! તમે જેને દાનને પાત્ર માનો છો તેવા એ जण्णवाई–यज्ञवादिनः યજ્ઞવાદીજન माहणसंपया विज्जा अजाणका–ब्राह्मणसम्पदः विद्या અજ્ઞાનકાઃ બ્રાહ્મણોની સંપત્તિ સ્વરૂપ આરણ્યક પુરાણ, બ્રહ્માંડ પુરાણ, આદિ ધર્મ-શાસ્ત્રના વિષયમાં જ્ઞાનરહિત છે. વાસ્તવમાં બ્રાહ્મણ તો એજ છે જેમની વેદ સારભૂત વિદ્યા જ સંપત્તિ છે. જો તે બ્રહદારણ્યોકત દશવિધ ધર્મના વેદ્દી હોત તો પછી દ્રવ્યયજ્ઞને શા માટે કરે ? આનાથી એ જાણી શકાય છે કે, દ્રવ્યયજ્ઞ કરવાથી તેમનામાં વિદ્યાવેતૃત્વ નથી. જો કે તેઓ सज्झायतवसा गूढा–स्वाध्यायतपसा गूढाः વેદાધ્યયન રૂપ સ્વાધ્યાય અને ઉપવાસ આદિરૂપ તપથી યુક્ત બનેલ છે તો પણ તેઓ भस्मच्छन्ना अग्गिणो इव संति–भस्मच्छन्ना अग्नयः इव संति ભસ્મથી ઢાંકેલા અગ્નિના જેવા છે. જે પ્રમાણે ઉપરથી રાખથી ઢંકાયેલ અગ્નિ અંદરથી જેમ જાજવલ્યમાન હોય છે તે પ્રકારે આ પણ ઉપરથી સ્વાધ્યાય, તપ, આદિથી યુક્ત હોવા છતાં પણ અંદરખાને કષાયરૂપ જ્વાલાથી પ્રજ્વલિત રહ્યા કરે છે. આ કારણે તેમનામાં પોતાને તેમજ બીજાને તારવાની શક્તિ આવી શકતી નથી. ॥ ૧૮ ॥

ફરીથી મુનિરાજે એ વિજયઘોષ બ્રાહ્મણને કહ્યું કે, તમે જો મને એ પૂછો છો કે, તમારા મત અનુસાર બ્રાહ્મણ કોણ છે, તો સાંભળો હું એનો તમને ઉત્તર આપું છું—"जो लोए"–ઈત્યાદિ !

અન્વયાર્થ—सया कुसलसंदिट्ठं तं वयं माहणं बूम–सदा कुशलसंदिष्टं तं वयं ब्राह्मणं ब्रूमः સદા કુશળ–તત્વજ્ઞ વ્યકિતઓએ જેને બ્રાહ્મણ કહેલ છે અને અમે

બ્રાહ્મણ કહીએ છીએ તથા જે લોએ બંભણો વુત્તો–યઃ લોકે બ્રાહ્મણઃ ઉક્તઃ લોકમાં બ્રાહ્મણરૂપથી પ્રસિદ્ધ થયેલ છે તથા અગ્ગીવા જહા મહિઓ-અગ્નિર્વા યથા મહિતઃ અગ્નિના સમાન જે પૂજ્ય માનવામાં આવેલ છે એને અમો બ્રાહ્મણ કહીએ છીએ. ॥૧૯॥

કયા પ્રકારની વ્યકિતને કુશળ પુરુષોએ બ્રાહ્મણ કહેલ છે આ વાતને સૂત્રકાર કહે છે—" જો ન "

અન્વયાર્થ—જો આગંતું ન સજ્જઇ–યઃ આગંતું ન સજતિ જે પ્રવ્રજ્યા પર્યાયથી ફરી ગ્રહસ્થપર્યાયમાં આવવાની ઇચ્છા કરતા નથી. તથા પવ્વયંતો ન સોયઇ–પ્રવ્રજન્ ન શોચતિ દીક્ષા લેતી વખતે એ એવો વિચાર કરતા નથી કે, મારા પિતા આદિ સ્વજન મારા વગર કઈ રીતે રહેશે ? તથા એમના વિના હું કેમ રહી શકીશ ? આ પ્રકારનો જે ખેદ કરતા નથી. કિંતુ " આજ મનુષ્ય જન્મનું ફળ છે " એવું માનતા રહીને જે પ્રવ્રજ્યા લે છે. તથા જો અજ્જ વયણમ્મિ રમએ તં વયં માહણં બૂમ–યઃ આર્યવચને રમતે તં વયં બ્રાહ્મણં બ્રૂમઃ જે આર્યવચનમાં તીર્થંકર પ્રભુના વચનોમાં અનુરાગ કરે છે. એવી વ્યકિતને જ અમે લોકો બ્રાહ્મણ કહીએ છીએ. ॥ ૨૦ ॥

" જાયરૂવં "–ઇત્યાદિ !

અન્વયાર્થ—જહા–યથા જે રીતે આમટ્ઠં–આમૃષ્ટમ્ મનઃશિલા આદિકથી શોધવામાં આવેલ અને ફરી પાવગં નિદ્ધંતમલમ્–પાવકં નિર્ધ્માતમલમ્ અગ્નિ દ્વારા જેની મલીનતા સર્વથા નષ્ટ કરવામાં આવેલ છે એવુ જાયરૂ–જાતરૂપમ્ સુવર્ણ અંદર અને બહારથી નિર્મળ હોય છે, આજ પ્રમાણે જે અંદર અને બહારથી નિર્મળ હોય છે એટલે કે, રાગદ્દોસભયાઈયં તં વયં માહણં બૂમ–રાગદ્વેષભયાતીતં વયં બ્રાહ્મણં બ્રૂમ રાગ દ્વેષ અને ભયથી વિનિર્મુકત એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.॥૨૧॥

" તવસ્સિયં "–ઇત્યાદિ !

અન્વયાર્થ—તવસ્સિયં–તપસ્વિનમ્ જે તપસ્વી હોય છે, તપસ્યાથી જેમનું શરીર કિસમ્–કૃશમ્ કૃશ થઈ ગયેલ છે, દંતં–દાન્તમ્ ઈન્દ્રિયોને તથા મનને પોતાને આધીન રાખે છે, અવસીયમંસસોણિયં–અપચિતમાંસશોણિતમ્ જેના શરીરનું લોહી અને માંસ શુષ્ક થઈ જાય છે. સુવ્વયં–સુવ્રતમ્ વ્રતોનું જે નિર્દોષરૂપથી આરાધના કરે છે અને પત્તનિવ્વાણં–પ્રાપ્તનિર્વાણમ્ જે નિર્વાણ પ્રાપ્ત હોય છે. તં વયં માહણં બૂમો–તં વયં બ્રાહ્મણં બ્રૂમઃ એને અમો બ્રાહ્મણ કહીએ છીએ. ગાથામાં રહેલા પ્રાપ્ત નિર્વાણ શબ્દનો એ ભાવ છે કે, સકળકર્મોના ક્ષયથી જેને ભવિષ્યમાં નિર્વાણ પદની પ્રાપ્તિ થનાર છે. " પ્રાપ્તનિર્વાણં " આ કથન દ્રવ્ય નિક્ષેપની અપેક્ષાથી ગાથામાં કહેવાએલ જાણવું જોઈએ. ॥ ૨૨ ॥

" તસે "–ઇત્યાદિ !

અન્વયાર્થ—જો–યઃ જે તસે પાણે–ત્રસાન્ પ્રાણાન્ ત્રણ જીવોને તથા થાવરે–સ્થાવરાન્ સ્થાવર એકેંદ્રિય આદિક જીવોને સંગહેણ–સંગ્રહેણ સક્ષેપથી તથા ઉપલક્ષણ દ્વારા વિસ્તારથી વિયાણિત્તા–વિજ્ઞાય જાણીને તિવિહેણં ન હિંસઇ–ત્રિવિધેન ન હિનસ્તિ મન વચન અને કાયારૂપ ત્રિવિધ યોગથી મારતા નથી. મરાવતા નથી, અને મારનારની અનુમોદના કરતા નથી, એને અમો બ્રાહ્મણ કહીએ છીએ, કહ્યું પણ છે—

" यदा न कुरुते पापं, सर्वभूतेषु दारुणम् ।
कर्मणा मनसा वाचा, ब्रह्म संपद्यते तदा ॥ " ॥ २३ ॥

" कोहा "-ઇત્યાદિ !

અન્વયાર્થ—જો ઙ–યસ્તુ જે કોહા–ક્રોધાત્ ક્રોધથી, માનથી, અથવા હાસ્યથી. લોભથી, માયાથી, અથવા ભયથી પણ અસત્ય બોલતા નથી એમને અમો બ્રાહ્મણ કહીએ છીએ. કહ્યું પણ છે—

" यदा सर्वानृतं त्यक्तं, मिथ्या भाषा विवर्जिता ।
अनवद्यं च भाषेत, ब्रह्म संपद्यते तदा ॥ "

જ્યારે સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ હોય, મિથ્યાભાષા વર્જીત હોય, અને નિરવદ્ય બોલે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અને પુરાણ આદિમાં પણ એવું જ કહેલ છે—

" अश्वमेध सहस्रं च, सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि, सत्यमेव विशिष्यते ॥ "

ત્રાજવાના એક પલ્લામાં હજારો અશ્વમેધ યજ્ઞોને રાખવામાં આવે અને બીજા પલ્લામાં કેવળ એક સત્યને રાખવામાં આવે આ રીતે આ બન્નેને તોળવામાં આવે તો હજારો અશ્વમેધની અપેક્ષાએ સત્યનું પલ્લું જ વજનદાર રહેશે. ॥૨૪॥

" चित्तमंत "-ઇત્યાદિ !

અન્વયાર્થ—જો–યઃ જે મનુષ્ય चित्तमंतं–चित्तवत् દ્વિપદાદિ સચિત્ત પદાર્થોનો તથા अचित्तं–अचित्तम् વસ્ત્રાદિક અચિત્ત પદાર્થોનો अप्पं वा बहुं वा–अल्पं वा बहुं वा સંખ્યા તથા પરિમાણની અપેક્ષાએ અલ્પ અથવા અધિક अदत्तं–अदत्तं વગર આપે न गिह्णइ–न गृह्णाति લેતો નથી. तं वयं माहणं बूम–तं वयं ब्राह्मणं ब्रूमः તેને અમે લોકો બ્રાહ્મણ કહીએ છીએ. ગાથામાં જે અલ્પ અને બહુ શબ્દ છે તે સંખ્યા અને પરિમાણની અપેક્ષાએ પણ સચિત્ત અને અચિત્ત પદાર્થોમાં અલ્પતા અને અધિકતા બતાવે છે. તથા મુલ્યની અપેક્ષા એ પણ અલ્પતા અને અધિકતા બતાવે છે. મૂલ્યની અપેક્ષાએ અલ્પતા દાંત આદિને સ્વચ્છ કરવા નિમિત્ત આપવામાં આવેલ તૃણાદિકોમાં જાણવી જોઇએ. તેમજ અધિકમૂલ્યતા વસ્ત્રા આદિકમાં જાણવી જોઈએ. આ પદાર્થોને આપ્યા વગર ન લેવા જોઈએ આ વાત અન્યત્ર પણ પુષ્ટ કરવામાં આવેલ છે યથા–

" परद्रव्यं यदा दृष्ट्वा, आकुले ह्यथवा रहे ।
धर्मकामो न गृह्णाति, ब्रह्म संपद्यते तदा ॥ "

પારકા દ્રવ્યને જોઈને લોકોની નજર સામે અથવા એકાન્તમાં ધર્મકામના-વાળા ગ્રહણ કરતા નથી. ત્યારે જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૫ ॥

" दिव्व माणुस "–ઈત્યાદિ.

અન્વયાર્થ—જો–યઃ જે મનુષ્ય મણસા કાયવક્કેણં–મનસા કાયવાક્યેન મન, વચન અને કાયાથી દિવ્વ માણુસ્સ તેરિચ્છં–દિવ્યમાનુષતૈરશ્વમ્ દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી આ પ્રકારે ત્રણ મેહુણં–મૈથુનમ્ મૈથુનને સેવતા નથી. તં વયં માહણં બૂમ–તં વયં બ્રાહ્મણં બ્રૂમઃ તે મનુષ્યને અમે બ્રાહ્મણ કહીએ છીએ. આ વાત અન્ય સ્થળે પણ આજ પ્રમાણે કહેવામાં આવેલ છે—

" देव मानुष तीर्यक्षु, मैथुनं वर्जयेत् यदा ।
कामरागविरक्तश्च, ब्रह्म संपद्यते तदा ॥ "

જે મનુષ્ય દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી મૈથુનનો ત્યાગ કરે છે, અને કામરાગથી રહિત છે તેજ બ્રાહ્મણ છે. ॥ ૨૬ ॥

" जहा पउमं "–ઈત્યાદિ !

અન્વયાર્થ—जहा जले जायं पउमं वारिणा नावलिप्पइ एवं कामेहिं अलित्ते न वयं माहणं बूम–यथा जलजातमपि प वारिणा न उपलिप्यते एवं कामैः अलिप्तः तं वयं ब्राह्मणं ब्रूमः જે પ્રમાણે કમળ પાણીની અંદર ઉત્પન્ન થવા છતાં પણ એ પાણીથી લિપ્ત થતું નથી. એજ રીતે જે વ્યકિત શબ્દાદિક વિષયોથી એમની વચમાં રહેવા છતાં પણ તથા એમાંજ વૃદ્ધિ પામવા છતાં પણ તેનાથી લેપાતા નથી તેને અમો બ્રાહ્મણ કહીએ છીએ. કહ્યું પણ છે—

" यदा सर्वं परित्यज्य, निस्संगो निष्परिग्रहः ।
निश्चिन्तश्च चरेत्, धर्मं ब्रह्म संपद्यते तदा ॥ "

જ્યારે સઘળાનો પરિત્યાગ કરી નિસ્સંગ નિષ્પરિગ્રહ અને નિશ્ચિત થઈને ધર્મનું આચરણ કરે છે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૭ ॥

આ પ્રમાણે મૂળ ગુણો દ્વારા બ્રાહ્મણતત્વનું કથન કરીને હવે ઉત્તર ગુણો દ્વારા બ્રાહ્મણતત્વનું કથન કરે છે—" आलोलुयं "–ઈત્યાદિ !

અન્વયાર્થ—જે आलोलुयं–आलोलुपं આહાર આદિમાં લોલુપતાથી રહિત હોય છે, मुहाजीविं–मुधाजीवितम् અજ્ઞાત કુળોમાંથી જે થોડી થોડી ભિક્ષા લે છે, લેષજ મંત્રાદિકના ઉપદેશથી જે આજીવિકા કરતા નથી, अणगारं–अनगारम् ઘર રહિત હોય છે, જે अकिंचणं–अकिंचनम् અકિંચન હોય છે, પોતાની પાસે દ્રવ્ય રાખતા નથી તથા गिहत्थेहिं असंसत्तं–गृहस्थैः असंसक्तम् પૂર્વપરિચિત

અને પશ્ચાત્ પરિચિત ગૃહસ્થોમાં જે આસક્તિ રાખતા નથી. तं वयं माहणं ब्रूम-तं वयं ब्राह्मणं ब्रूमः એમને અમો બ્રાહ્મણ કહીએ છીએ. આ ગાથા દ્વારા પિંડ વિશુદ્ધિરૂપ ઉત્તર ગુણથી યુકતતા પ્રદર્શિત કરેલ છે. ॥ ૨૮ ॥

"जहित्ता"-ઇત્યાદિ !

અન્વયાર્થ—पुव्वसंजोगं णाइसंगे बंधवे जहित्ता-पूर्वसंयोगं ज्ञातिसंगान् बान्धवान् त्यक्त्वा માતા આદિરૂપ પૂર્વ સંબંધને સાસુ આદિ સંબંધરૂપ જ્ઞાતિસંગને તથા ભાઈઓ વગેરેને છોડીને પછીથી एएसु-एतेषु જે એમાં जो-यः કોઇ પણ પ્રકારનો न सज्जइ-न सजति સંબંધ રાખતા નથી, અર્થાત્ આસકિત કરતા નથી એને જ અમો બ્રાહ્મણ કહીએ છીએ. ॥ ૨૯ ॥

વેદ અધ્યયન અને યજન જીવોને ત્રાણ કરવાવાળા હોય છે, આ કારણે તેના યોગથી બ્રાહ્મણ બને છે. પરંતુ આપની કહેલી રીતથી નહીં. આવી શંકા થવાથી કહે છે—"पसुबंधा"-ઇત્યાદિ !

અન્વયાર્થ—હે વિજયઘોષ ! सव्ववेया-सर्ववेदा ઋગ્વેદ આદિ સઘળા વેદ पसुबंधा-पशुबंधा પશુ બંધ-પશુ વિનાશનો ઉપદેશ આપવાવાળા છે. કેમકે, "श्वेतं छागमालभेत वायव्यां दिशि भूतिकामः" એનામાં એવા એવા મંત્ર જોવામાં આવે છે. जट्ठं च पावकम्मुणा-इष्टं च पापकर्मणा જે યજ્ઞ વગેરે થાય છે તે પાપના હેતુભૂત પશુબંધ આદિરૂપ અનુષ્ઠાનથી થાય છે. આ કારણે સઘળા વેદ दुस्सीलं-दुःशीलम् વેદવિહિત યજ્ઞ દ્વારા અનુમોદિત હિંસા આદિની પ્રવૃત્તિ કરવાથી દુરાચરણયુકત એ વેદ અધ્યયન અને યજ્ઞ કરવાવાળી વ્યકિતની न तायन्ति न त्रायन्ति જન્મપરંપરારૂપ આ ચતુર્ગતિક સંસારથી રક્ષા કરી શકતા નથી. हि कम्माणि बलवंति-हि कर्माणि बलवंति કેમકે પશુબંધ આદિના હેતુભૂત વેદના અધ્યયનથી અને તદ્વિહિત યજ્ઞના કરવાથી પ્રાપ્ત થયેલ જ્ઞાનાવરણાદિ કર્મનું ઉપાર્જન થાય છે તે આ જીવને દુર્ગતિમાં લઈ જવામાં સમર્થ બને છે. તાત્પર્ય આનું એ છે કે, પશુવધાદિકમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાના કારણે વેદ અધ્યયન અને યજ્ઞમાં કર્મબલ વધકતા જ આવે છે. કર્મબલ વધકતાના સદ્ભાવમાં જીવોને દુર્ગતિ જ પ્રાપ્ત થાય છે, સ્વર્ગાદિક સુગતિ થતી નથી. આથી એ બન્ને વાતો સ્વર્ગ પ્રાપ્તિમાં હેતુભૂત થઇ શકતી નથી. આજ વાત આ શ્લોકથી પ્રમાણિત થાય છે.

"यूपं कृत्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं प्राप्यते स्वर्गं, नरके केन गम्यते ॥"

આ માટે વેદાધ્યયનથી તથા યજ્ઞ અનુષ્ઠાનથી બ્રાહ્મણ બને છે એવું માનવું ઉચિત નથી. આ માટે એવું જ માનવું જોઈએ કે, જે ગુણોને હમણાં

બતાવવામાં આવેલ છે, તે ગુણોથી યુકત જ મનુષ્ય બ્રાહ્મણ બને છે. ॥૩૦॥

વળી પણ—" न वि "–ઈત્યાદિ !

અન્વયાર્થ—મુંડિએ–મુણ્ડિતેન માથાનું મુંડન કરાવવાથી સમણો ન–શ્રમણો ન ભવતિ મનુષ્ય નિર્ગ્રંથ શ્રમણ થતા નથી તથા ઓંકારેણ બંભણો ન–ઓંકારેણ બ્રાહ્મણઃ ન પ્રણવાદિ મંત્રના જાપ કરવાથી બ્રાહ્મણ બનતા નથી. રણ્ણવાસેણં મુણી ન–અરણ્યવાસેન મુનિર્ન જંગલમાં રહેવાથી મુનિ થતા નથી. તથા કુસચીરેણ તાપસો ન–કુશચીરેણ તાપસા ન કુશના વસ્ત્ર ધારણ કરી લેવાથી અથવા વલ્કલના પહેરવાથી તાપસ થવાતું નથી. ॥૩૧॥

તો શ્રમણ આદિ કઈ રીતે થાય છે ? તે કહેવામાં આવે છે—

" समयाए "–ઈત્યાદિ !

અન્વયાર્થ—समयाए–સમતયા રાગદ્વેષના અભાવરૂપ સમતાના સંબંધથી સમણો હોઇ–શ્રમણઃ ભવતિ શ્રમણ નિર્ગ્રંથ થાય છે, બંભચેરેણ બંભણો–બ્રહ્મચર્યેણ બ્રાહ્મણઃ પ્રાણાતિપાતાદિરૂપ બ્રહ્મના સંબંધથી બ્રાહ્મણ થાય છે, તાત્પર્ય એ છે કે, બ્રહ્મ શબ્દ બ્રહ્મ અને પરબ્રહ્મની અપેક્ષાથી બે પ્રકારનો છે. શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત મનુષ્ય પરબ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. કહ્યું પણ છે—

" द्वे ब्रह्मणी वेदितव्ये, शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणी निष्णातः, परं ब्रह्माधिगच्छति ॥ "

અહિંયા "परब्रह्म" પ્રાણાતિપાતાદિ વિરમણ સ્વરૂપ લેવામાં આવેલ છે. એનું સેવન કરવાથી જ બ્રાહ્મણ થવાય છે. नाणेण मुणी होइ–ज्ञानेन मुनिर्भवति જ્ઞાનથી–હિતાહિતરૂપ વિવેકથી મુનિ થાય છે. तवेणं तावसो होइ–तपसा तापसो भवति બાહ્ય અને આભ્યંતર તપોનું આરાધન કરવાથી તાપસ થાય છે. ॥૩૨॥

બ્રાહ્મણાદિ પદોની નિરૂકિત જેને આપે બતાવેલ છે તે ભલે કે, ઠીક છે. પરંતુ અભિધાનડિત્થાદિની માફક અનર્થક પણ હોય છે. આથી એ બ્રાહ્મણાદિક અભિધાન પણ બિલકુલ અનર્થક છે. જો આ પ્રકારની અહિં શંકા કરવામાં આવે તો આને માટે જયઘોષ મુનિરાજ ઉત્તર આપે છે—" कम्मुणा "–ઈત્યાદિ !

અન્વયાર્થ—હે વિજયઘોષ ! कम्मुणा बंभणो होइ–कर्मणा ब्राह्मणो भवति ક્રિયા, ક્ષમા, દાન, દમ આદિ ક્રિયાથી બ્રાહ્મણ બને છે, कम्मुणा खत्तिया होइ–

કર્મણા ક્ષત્રિયો ભવતિ ક્ષતત્રાણ લક્ષણરૂપ ક્રિયાથી ક્ષત્રિય બને છે. કમ્મુણા વइસો હોइ-કર્મણા વૈશ્યો ભવતિ કૃષિ, પશુપાલન, આદિરૂપ ક્રિયાથી વૈશ્ય બને છે. તથા કમ્મુણા સુદ્દો હોइ-કર્મણા શૂદ્રઃ ભવતિ શૂદ્ર પણ સેવારૂપ ક્રિયાથી બને છે. તાત્પર્ય આનું એ છે કે, કર્મોની વિવિધતા જ બ્રાહ્મણ આદિ વર્ણોની નિયામક છે. આ સિવાય બ્રાહ્મણ આદિ વ્યપદેશ જ બની શકે નહીં.

આ વાત અન્ય સ્થળે પણ કહેવામાં આવે છે--

एकवर्णमिदं सर्वं पूर्वमासीत् युधिष्ठिर ।
क्रियाकर्मविभागेन चातुर्वर्ण्यं व्यवस्थितम् ॥ १ ॥

ક્ષમા દાન આદિ ક્રિયાના સંબંધથી મનુષ્ય બ્રાહ્મણ બને છે. આમાં

"क्षमा दानं दमो ध्यानं सत्यं शौच धृति र्घृणा ।
ज्ञान विज्ञान मास्तिक्यमेतद् ब्राह्मणलक्षणम्"

આ શ્લોક નિયામક છે. અહીં ક્ષત્રિય આદિકોનું જે અભિધાન કરવામાં આવેલ છે તે જો કે, બ્રાહ્મણના કથનમાં અનુચિત જેવું લાગે છે. પરંતુ અનુચિત નથી કેમકે. ક્ષત્રિયાદિકોનું આ કથન વર્ણના પ્રસંગથી જ થયેલ છે. એવું જાણવું જોઇએ. ॥ ૩૩ ॥

આ આપ પોતાની બુદ્ધિથી જ કલ્પના કરીને કહો છો શું ? એ સંશયને દૂર કરવા માટે કહે છે કે,—"ए ए"-ઇત્યાદિ !

અન્વયાર્થ—ए ए-एतान् આ પૂર્વોકત અહિંસા આદિ વ્રતોને बुद्धे-बुद्धः સર્વજ્ઞ ભગવાન પાउકरे-प्रादुरकार्षीत् પ્રગટ કરેલ છે. જેહિં સિણાયઓ હોइ-यैः स्नातको भवति આજ વ્રતો દ્વારા મનુષ્ય કેવળી બને છે. सव्वकम्मविणिमुक्कं-सर्वकर्मविनिर्मुक्तं આથી એની સર્વ કર્મ વિમૂક્તિ પ્રત્યાસન્ન હોવાથી तं वयं माहणं बूम-तं वयं ब्राह्मण ब्रूमः અમે તેને બ્રાહ્મણ કહીએ છીએ. ॥ ૩૪ ॥

હવે પ્રકરણનો ઉપસંહાર કરતા કહે છે કે--"एवं"-ઇત્યાદિ !

અન્વયાર્થ—एवं गुणसमाउत्ता-एवं गुणसमायुक्ताः આવા પૂર્વોક્ત ગુણોથી યુકત જે भवंति-ये भवन्ति જે હોય છે. दिउत्तमा-द्विजोत्तमा તેજ શ્રેષ્ઠ બ્રાહ્મણ કહેવાય છે, અને તે उ परं अप्पाणमेव उद्धत्तं समत्था-ते तु परं अत्मानमेव उद्धर्तुं समर्थाः એજ બીજાને તેમજ પોતાની જાતને આ સંસાર સાગરથી પાર કરવા-કરાવવામાં સમર્થ હોય છે. ॥ ૩૫ ॥

આ પ્રમાણે જ્યારે કહીને જયઘોષ મુનિરાજ જ્યારે ચુપ થઇ ગયા ત્યારે વિજયઘોષે શું કર્યું ? આ વાત સૂત્રકાર પ્રગટ કરે છે—

" एवं वेतु "–ઇત્યાદિ ! " तुट्ठे य "–ઇત્યાદિ !

અન્વયાર્થ—एवं–एवम् પૂર્વોકત રીતથી संसए छिन्ने–સંશયે છિન્ને સંશય નષ્ટ થઇ જવાથી तओ–ततः પછી તે विजयघोसेय माहणे–विजयघोषः ब्राह्मणः વિજયઘોષ બ્રાહ્મણ तयं–तकाः તેની વાણીને समुदाय–समादाय હૃદયમાં ધારણ કરીને तं जयघोसं महामुणिं–त जयघोषं महामुनिं એ જયઘોષ મુનિરાજને "આ મારા ભાઇ છે" એવું સમજીને तुट्ठे विजयघोसे–तुष्टः विजयघोषः સંતુષ્ટ થયેલા વિજયઘોષે कयंजली–कृतांजलिः બંને હાથ જોડીને इणमुदाहु–इदं उदाहु આ પ્રમાણે કહ્યું, હે મુનિ ! આપે યથા વસ્થિત બ્રાહ્મણતત્વ મને સારી રીતે બતાવેલ છે-॥૩૬॥૩૭॥

વળી પણ—तुब्भे–ઇત્યાદિ !

અન્વયાર્થ—तुब्भे जइया–यूयम् यष्टारः આપજ ભાવયજ્ઞના યજનકર્તા છો, તથા विऊ–विदुः હે સકળ તત્વજ્ઞ ! तुब्भे–यूयमेव આપજ वेयविऊ–वेदविदः વેદજ્ઞ છો. તથા तुब्भे जोइसंग विऊ–यूयम् ज्योतिषांङ्गविदः આપ જ્યોતિષના અંગો તેમજ ઉપલક્ષણથી વેદના ષડંગોના વાસ્તવિક અર્થને જાણવાવાળા છો. અને तुब्भे–यूयम् आपज धम्माण–धर्मणाम् ધર્મશાસ્ત્રના ઉપલક્ષણથી ચૌદ વિદ્યાઓના પારગા-પારગાઃ પારગામી છો.॥૩૮॥

" तुब्भे समत्था "–ઇત્યાદિ

અન્વયાર્થ—હે મુનિ ! तुब्भे परं अप्पाणं एव उद्धत्तुं समत्था–यूयम् परं आत्मानमेव उद्धतु समर्थाः આપ જ બીજાઓને તેમજ પોતાની જાતને આ સંસાર સાગરથી પાર કરાવવામાં શકિતશાળી છો. तम्–तत् આ કારણથી भिक्खू उत्तम–भिक्षूत्तम હે ભિક્ષુત્તમ ! આપ भिक्खेणं–भैक्ष्येण મારા તરફથી પ્રદત્ત નિરવદ્ય ભિક્ષાને ગ્રહણ કરીને अम्हं–अस्माकमुपरि અમારા ઉપર अनुग्गहं–अनुग्रहं कुरुत કૃપા કરો. ॥ ૩૯ ॥

આ પ્રમાણે વિજયઘોષના કહેવાથી જયઘોષ મુનિરાજે એને આ પ્રમાણે કહ્યું—" न कज्जं "–ઇત્યાદિ !

અન્વયાર્થ—दिया–द्विज હે દ્વિજ ! भिक्खेण मज्झं न कज्जं–भैक्षेण मम न-

કાર્યે શિક્ષાથી મને કોઈ પ્રયોજન નથી, પરંતુ તમે ખિપ્પં-ક્ષિપ્રં જલદીથી નિક્ખમસુ-નિષ્કામ પ્રવજ્યા ગ્રહણ કરો એજ મારૂં એક કાર્ય છે. ભયાવત્ત ઘોરે સંસારસાગરે મા ભમીહિસિ-ભયાવર્ત્તે ઘોરે સંસારસાગરે મા ભ્રમીઃ જન્મ, જરા અને મરણ આદિથી જનિત ભયરૂપ આવર્તવાળાં ભયંકર આ સંસારમાં તમે ભ્રમણ ન કરો. ॥ ૪૦ ॥

વળી પણ—" उवलेवो "-ઇત્યાદિ !

અન્વયાર્થ—ભોગેસુ-ભોગેષુ શબ્દાદિક વિષયોને ભોગવવાથી उवलेवो होइ-उपलेपः भवति કર્મોપચય થાય છે, તથા જે અભોગી-અભોગી અભોગી છે તે, नोवलिप्पइ-नोपलिप्यते કર્મોથી ઉપલિપ્ત થતાં નથી. આ માટે भोगी संसारे भमइ-भोगी संसारे भ्रमति ભોગી સંસારમાં નિરંતર પોતાની ભવપરંપરાને વધારતો રહે છે અને અભોગી विप्पमुच्चइ-अभोगी विप्रमुच्यते અભોગી આ સંસારથી છૂટી જાય છે. ॥ ૪૧ ॥

ભોગીમાં કર્મોની ઉપલિપ્તતા તથા અભોગીમાં તેની અનુપલિપ્તતા દૃષ્ટાંત દ્વારા સૂત્રકાર કહે છે—" उल्लो "-ઇત્યાદિ ।

અન્વયાર્થ—उल्लो सुक्को य दो मट्टियामया गोलया-आर्द्रः शुष्कः द्वौ मृत्तिकामयौ गोलकौ લીલો અને સૂકો એવા માટીના બે ગોળાને ફેંકવામાં આવે તે दो वि कुड्डे आवडिया-द्वौ अपि कुड्ये आपतितौ બન્ને ભીંત પર લાગે ત્યારે તેમાં जो-यः જે उल्लो-आर्द्रः લીલો होाय सोत्थ लग्गइ-सोऽत्र लगति તે ગોળો ભીંત પર ચોંટી જાય છે અને સુકો ગોળો ભીંત સાથે અથડાઈને નીચે પટકાઈ પડે છે. અર્થાત્ ભીંત પર ચોંટતો નથી. ॥ ૪૨ ॥

" एवं लग्गंति "-ઇત્યાદિ !

અન્વયાર્થ—एवं-एवम् આ પ્રમાણે जे नरा-ये नराः જે મનુષ્ય दुम्मेहा-दुर्मेधा અજ્ઞાની થઈને कामलालसा-कामलालसाः શબ્દાદિક ભોગોમાં લાલસા સંપન્ન છે તથા ભોગોમાં અસક્ત છે તેજ મનુષ્ય आर्द्र-લીલા માટીના ગોળાની માફક આ સંસારમાં ચિટકી રહે છે. उ-तु પરંતુ જે કામભોગોથી પરાંગમુખ છે તે न लग्गंति-न लगन्ति સંસારમાં ચિટકતા નથી. जहा-यथा જે પ્રમાણે सुक्के गोलए-शुष्कः गोलकः સૂકો ગોળો ભીંત સાથે ચોંટતો નથી ॥૪૩॥

આ પ્રમાણે જયઘોષ મુનિના કહેવા પછી વિજયઘોષ બ્રાહ્મણે શું કર્યું તે કહે છે—" एवं से "

અન્વયાર્થ—एवं-एवम् આ પ્રમાણે से विजयघोसे-सः विजयघोषः એ વિજયઘોષ બ્રાહ્મણે अनगारस्स जयघोसस्स अंतिए अणुत्तरं धम्मं सोच्चा णिक्खंतो-अनगारस्य जयघोषस्य अंतिके अणुत्तरं धर्म श्रुत्वा निष्क्रान्तः જયઘોષ મુનિરાજ પાસેથી ધર્મશ્રુત ચારિત્રરૂપ ધર્મશ્રવણ કરીને દીક્ષા ધારણ કરી લીધી. ॥૪૪॥

" खवित्ता पुव्वकम्माइं "-ઇત્યાદિ ।

અન્વયાર્થ—से जयघोसे विजयघोसे-सः जयघोषविजयघोषौ જયઘોષ વિજયઘોષ એ બન્નેએ संजमेण तवेण-संयमेन तपसा સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપની આરાધનાથી पुव्वकम्माइं खवित्ता-पूर्वकर्माणी क्षपयित्वा પૂર્વભવ સંચિત કર્મોનો નાશ કરી લઈને अणुत्तरं सिद्धिं पत्ता-अनुतरां सिद्धिं प्राप्ता સર્વોત્કૃષ્ટ મોક્ષરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયા. त्ति बेमि-इति ब्रवीमि હે જમ્બૂ ! આ હું ભગવાન મહાવીરના કથન અનુસાર કહું છું ॥ ૪૫ ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના યજ્ઞીય નામના પચીશમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાર સંપૂર્ણ ॥ ૨૫ ॥

छाईसवें अध्ययन का प्रारंभ और दश प्रकार की सामाचारी का वर्णन

છવ્વીસમા અધ્યયનની શરૂઆત

યજ્ઞીય નામનું પચીશમું અધ્યયન સંપૂર્ણ થયું, હવે છવ્વીસમાં અધ્યયનનો પ્રારંભ થાય છે. આ છવ્વીસમાં અધ્યયનનું નામ સામાચારી છે. પચીસમાં અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રમાણે છે—પચીસમાં અધ્યયનમાં બ્રહ્મગુણનું વર્ણન કરવામા આવેલ છે. એ બ્રહ્મગુણ સામાચારી સિવાય સમ્યક્ પ્રકારથી આરાધિત થતા નથી. આ માટે યતિજનોએ સામાચારી અવશ્ય આચરિત કરવી જોઈએ. પચીસમાં અધ્યયન સાથેના આ સંબંધને લઈ ને સામાચારી અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે તેની આ પ્રથમ ગાથા છે—"समायारिं"-ઇત્યાદિ !

અન્વયાર્થ—સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે, હે જમ્બૂ ! सव्व दुक्खविमोक्खणिं-सर्व दुःखविमोक्षणीं સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોથી

છુટકારો અપાવનાર સાધુજનોના કર્તવ્યરૂપ *सामायारिं–सामाचारीं* સામાચારીને પવક્ખામિ–*प्रवक्षामि* હું કહું છું, જં ચરિત્તા ણ નિગ્ગંથા *संसारसागरं तिण्णा–यां चरित्वा खलु निर्ग्रन्थाः संसारसागरं तीर्णा* જે સમાચારીનું સેવન કરીને નિર્ગ્રંથ સાધુ નિયમતઃ *संसारરૂપ* દુસ્તર સમુદ્રને પાર કરી જાય છે, પાર થયા છે. અને આગળ પણ પાર થવાના છે. ॥ ૧ ॥

હવે સૂત્રકાર એ સામાચરીના પ્રકારને બતાવે છે—" पढमा "–ઇત્યાદિ !

અન્વયાર્થ—(૧) આવસ્સિયા–*आवश्यकी* આવશ્યકી, (૨) નિસીહિયા–*નૈષેધકી* નૈષેધકી, (૩) આપુચ્છણા–*आप्रच्छना* આપ્રચ્છના, (૪) પડિપુચ્છણા–*प्रतिप्रच्छना* પ્રતિપ્રચ્છના,(૫) છંદણા–*छन्दना* છન્દના, (૬) ઇચ્છાકારો–*इच्छाकारः* ઇચ્છાકાર, (૭) મિચ્છકારો–*मिथ्याकारः* મિથ્યાકાર, (૮) તહક્કારો–*तथाकारः* તથાકાર. (૯) અબ્ભુટ્ઠાણં–*अभ्युत्थानं* અભ્યુત્થાન, (૧૦) *उवसंपया–उपसम्पद्* ઉપસમ્પત, એ સાધુઓની સામાચારીના દશ ભેદ છે. આવશ્યક કર્તવ્ય કરવામાં જે કોઈ પણ પ્રકારના પ્રમાદ વગર સમાચારી કરવામાં આવે છે તે આવશ્યકી સામાચારી છે. જ્યારે સાધુ ઉપાશ્રયથી બહાર નીકળે છે. ત્યારે તે 'આવશ્યકી' એવું કહે છે. । ૧ । કાર્યાન્તર નિષેધથી જે સામાચારી થાય છે તે નૈષેધિકી સામાચારી છે. સાધુ જે કાર્યને માટે બહાર ગયા હોય, તેમણે તેજ કાર્ય કરવું જોઈએ, બીજું નહીં. અર્થાત્ ગુરુમહારાજે જે કાર્ય કરવા માટે જેટલું કહ્યું હોય તેટલું જ કાર્ય કરવું તેનું નામ નૈષેધિકી છે. આવશ્યકી ક્રિયા કરીને સાધુ આ ક્રિયાને કરે છે. ગુરુએ કહેલા કાર્યને કરીને જ્યારે તે ઉપાશ્રયમાં આવે છે ત્યારે " નૈષેધિકી " એવું કહે છે. ॥ ૨ ॥ આ સામાચારી પછી આપ્રચ્છા નામની સામાચારી સઘળા કાર્યને માટે પૂછવારૂપ કરવામાં આવે છે. આ સામાચારીમાં શિષ્ય પોતાને કલ્પનીય કાર્યને માટે ગુરુદેવને વિનયપૂર્વક જે કાંઈ પૂછવાનું હોય છે તે પૂછે છે. આનું નામ " આપ્રચ્છના " છે. ॥૩॥ કાર્યની આજ્ઞા મળવા છતાં પણ કાર્ય કરવાના સમયે ફરીથી ગુરુને પૂછવું તેનું નામ " प्रतिप्रच्छना " સામાચારી છે. ॥ ૪ ॥ પોતાના ભાગના આહાર આદિના માટે અન્ય સાધુઓને યથાક્રમ નિમંત્રણ કરવું એનું નામ " છન્દના " સામાચારી છે. ॥ ૫ ॥ પ્રેરણા કરવામાં આવી ન હોય છતાં પણ સાધર્મીનું કાર્ય કરવું આનું નામ "ઇચ્છાકાર" સામાચારી છે. ॥૬॥ કોઈ કારણસર અતિચારની સંભાવના થવાથી " મિચ્છામિ દુક્કડં " નું આપવું એનું નામ "મિથ્યાકાર" સામાચારી છે. ॥૭॥ ગુરુએ કોઇ કાર્ય કરવા માટે નિયોજીત કરેલ શિષ્યે એ

કાર્ય કરવાને માટે "तथेति" કહીને સ્વીકાર કરવો એનું નામ "तथाकार" છે. અથવા કોઇ અપરાધ થઇ જવાથી ગુરુની પાસે આલોચના કરતી સમયે ગુરુના આદેશનો "तथेति" કહીને સ્વીકાર કરવો એનું નામ "तथाकार" સામાચારી છે. ॥ ૮ ॥ અભ્યુત્થાન નામની નવમી સામાચારી આ પ્રકારની છે કે, આચાર્ય અથવા દીક્ષા પર્યાયમાં મોટા સાધુજનના આવવાથી આસનને છોડીને એમની સામે ઉભા રહી જવું, અથવા આચાર્ય, બાલ અને ગ્લાન આદિ સાધુજનોની સેવાને માટે તત્પર રહેવું એ "अभ्युत्थान" સામાચારી છે. ॥ ૯ ॥ જ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ નિમિત્ત બીજા ગણમાં જવું એનું નામ "उपसंपत्" સામાચારી છે. ॥ ૧૦ ॥ આ દશ સામાચારીયોનું પાલન મુનિજન કરે છે ॥ ૨–૪ ॥

આ પ્રમાણે સંક્ષેપથી દશવિધ સામાચારી કહીને હવે સૂત્રકાર તેને વિસ્તાર પૂર્વક કહે છે—"गमणे"–ઇત્યાદિ !

અન્વયાર્થ—गमणे–गमने કોઈ એવું કામ આવી જાય કે જેને કારણે સાધુએ ઉપાશ્રયથી બહાર જવું પડે ત્યારે તે સાધુ आवस्सियं कुज्जा–आवश्यकीं कुर्यात् આવશ્યકી સામાચારી કરે. ॥ ૧ ॥ ठाणे णिसीहियं कुज्जा–स्थाने नैषेधिकीं कुर्यात् જ્યારે ઉપાશ્રયમાં પ્રવેશ કરે ત્યારે નૈષેધિકી સામાચારી કરે. ॥ ૨ ॥ सयं करणे आपुच्छणा–स्वयं करणे आप्रच्छना જે કામ પોતાની મેળે કરવાનું હોય તેમ છતાં તેમાં "હું આ કામ કરું કે નહીં" આ પ્રમાણે પૂછવારૂપ 'आप्रच्छना' સમાચારી કરે. ॥ ૩ ॥ परकरणे पडिपुच्छणा–परकरणे प्रतिप्रच्छना સામાન્ય એવો નિયમ છે કે, સાધુ ચાહે તો પોતાનું કામ કરે અથવા તો બીજા કોઈ સાધુનું કામ કરે ત્યારે તેનું કર્તવ્ય છે કે, તે આના માટે પહેલાં ગુરુની આજ્ઞા મેળવે. જ્યારે ગુરુ કામ કરવાની આજ્ઞા આપે ત્યારે શિષ્યનું એ કર્તવ્ય છે કે, એ કામ કરતી વખતે ફરીથી ગુરુની આજ્ઞા મેળવે ત્યાર પછી જ કામમાં પ્રવર્ત બને. આનું નામ 'प्रतिप्रच्छना' છે. ॥ ૪ ॥ ૫ ॥

વળી પણ—"छंदणा"–ઇત્યાદિ !

અન્વયાર્થ—दव्वजायेणं छंदणा–द्रव्यजातेन छन्दना પોતાના આહાર માટેની અશનાદિ સામગ્રીનો આહાર કરતી વખતે બીજા મુનિજનોને આહાર કરવા આમંત્રણ આપવું તેનું નામ છંદના છે. ॥ ૫ ॥ सारणे इच्छाकारो–सारणे इच्छाकारः પોતાના તેમજ બીજા સાધુના કાર્યમાં પ્રવર્તન થવાની ઇચ્છા કરવી એનું નામ ઇચ્છાકાર છે. આપનું આ ઇચ્છિત કાર્ય હું મારી ઇચ્છાથી કરું છું. એનું નામ આત્મસારણ છે. મારા પાત્રોનું પ્રતિલેખન આદિ તથા સૂત્ર પ્રદાન આદિ કાર્ય આપ આપની ઇચ્છાથી કરો એનું નામ પરસારણ છે. ॥ ૬ ॥ निंदाए मिच्छाकारो–निंदायां मिथ्याकारः અતિચાર આદિના થઇ જવાથી "मिथ्या मे दुष्कृतं भवतु" આ પ્રમાણે મિથ્યા દુષ્કૃત એનું નામ મિથ્યાકાર છે. ॥૭॥ पडिस्सुए तहक्कारो–प्रतिश्रुते तथाकारः ગુરુજનો તરફથી વાચના આદિ આપવાના સમયે 'એ એમજ છે' આ પ્રમાણે અંગિકાર કરવો એનું નામ તથાકાર છે.(૮) ॥૬॥

વધુ પણ—"अब्भुट्ठाणं"–ઇત્યાદિ !

અન્વયાર્થ—गुरुपूया अब्भुट्ठाणं–गुरुपूजायाम् अभ्युत्थानम् ગુરુજનોના આચાર્ય આદિ પર્યાય મોટેરા નિમિત્ત આસન છોડીને ઉભા થઇ જવું, તેમજ બાલ ગ્લાન આદિ સાધુઓની સેવામાં ઉદ્યમશીલ રહેવું એનું નામ અભ્યુત્થાન

છે. ॥ ૯ ॥ અચ્છણે ઉવસંપયા–આસને ઉપસમ્પત્ જ્ઞાનદર્શન અને ચારિત્રની પ્રાપ્તિના માટે બીજા ગણના આચાર્યની પાસે રહેવું તે ઉપસંપત્ સામાચારી છે. ॥ ૧૦ ॥ એવં દુપંચસંજુત્તા સમાયારી પવેઇયા–એવં દ્વિપંચકસંયુક્તા સામાચારી પ્રવેદિતા આ પ્રમાણે દશ પ્રકારની સામાચારી કહેવામાં આવેલ છે. ॥ ૭ ॥

ઓધ સામાચારી કા વર્ણન

આ પ્રમાણે દશવિધ સામાચારી કહીને હવે સૂત્રકાર સામાન્યરૂપથી ઓધ સામાચારીને કહે છે—" પુવ્વિલ્લંમિ "–ઇત્યાદિ ।

અન્વયાર્થ—આઇચ્ચમ્મ સમુટ્ઠિએ–આદિત્યે સમુત્થિતે સૂર્યના ઉદય થયા પછી પુવ્વિલ્લંમિ ચઉબ્ભાગે–પૂર્વસ્મિન્ ચતુર્ભાગે બુદ્ધિની કલ્પના મુજબ દિવસના ચોથા ભાગમાં પ્રથમ પૌરૂષીમાં ભંડગં પડિલેહિત્તા–ભાણ્ડકં પ્રતિલેખ્ય પાત્ર સદોરક મુખવસ્ત્રિકા તથા વસ્ત્રાદિકોની પ્રતિલેખના કરીને તઓ ગુરું વંદિત્તા–તતશ્ચ ગુરું વન્દિત્વા પછીથી આચાર્યાદિક ગુરુ મહારાજને વંદન કરીને પછીપંજલીઉડો–પ્રાઞ્જલિપુટઃ બન્ને હાથ જોડીને ઇહ–ઇહ આ સમયે મએ કિં કાયવ્વં–મયા કિં કર્તવ્યમ્ મારે શું કરવું જોઇએ. એવું પુચ્છિજ્જા–પૃચ્છેત્ પૂછે. વૈયાવૃત્ય અને સ્વાધ્યાયમાં નિયુક્ત કરવાનો ગુરુજનનો અભિપ્રાય જાણીને એવું પૂછે કે, હે ભદન્ત ! ગ્લાન આદિની પરિચર્યામાં અથવા સ્વાધ્યાયમાં આજ્ઞા લઇને નિયુક્ત થવાની અભિલાષા રાખું છું ॥ ૮ ॥ ૯ ॥

પૂછવાથી જે કહેવું જોઈએ તે કહે છે. " વેયાવચ્ચે " ઇત્યાદિ.

અન્વયાર્થ—સવ્વદુક્ખવિમોક્ખણે–સર્વદુઃખવિમોક્ષણે ચતુર્ગતિક સંસારના દુઃખોના નિવારક એવા વેયાવચ્ચે નિઉત્તેણં–વૈયાવૃત્યે નિયુક્તેન ગ્લાનાદિકોની પરિચર્યારૂપ, વૈયાવૃત્તિમાં નિયુક્ત કરવામાં આવેલા સાધુએ અગિલાયઓ વૈયાવચ્ચં કાયવ્વં–અગ્લાનતઃ વૈયાવૃત્યં કર્તવ્યમ્ અગ્લાન પણાથી અર્થાત્ શારીરિક પરિશ્રમનો ખ્યાલ ન કરતાં વૈયાવૃત્ય સારી રીતે કરવું જોઈએ વા અથવા સવ્વદુક્ખવિમોક્ખણે–સર્વદુઃખવિમોક્ષણે ચતુર્ગતિકરૂપ આ સંસારના દુઃખોને નાશ કરનાર એવા સજ્ઝાયે નિઉત્તેણં–સ્વાધ્યાયનિયુક્તેન સ્વાધ્યાયમાં નિયુક્ત કરવામાં આવેલ સાધુએ અગિલાયઓ-અગ્લાનતઃ કોઈ પણ પ્રકારના ગ્લાનભાવ સિવાય સ્વાધ્યાય કરવો જોઈએ.

વિનયશીલ સાધુ કે ઔત્સર્ગિક દિનકૃત્ય કા વર્ણન

ભાવાર્થ—ગુરુદેવ જો વૈયાવૃત્યમાં નિયુક્ત કરે તો મુનિ ઘણા જ આનંદ સાથે વૈયાવચ્ચ કરે અથવા જો સ્વાધ્યયમાં નિયોજીત કરે તો સારી રીતે સ્વાધ્યાય કરે. ।। ૧૦ ।।

પ્રતિલેખના સકલ સામાન્યરૂપ ઓઘ સામાચારીનું મૂળ છે. આ માટે સર્વ પ્રથમ ગુરુજનને પૂછીને એ પ્રતિલેખના કરવી જોઈએ. આ પ્રમાણે કહીને હવે સૂત્રકાર વિનયશિલ સાધુના ઔત્સર્ગિક દિનકૃત્યને કહે છે–"दिवसस्स" ઇત્યાદિ.

અન્વયાર્થ—वियक्खणे भिक्खू–विचक्षणः भिक्षुः મેધાવી ભિક્ષુ दिवसस्स चउरो भाए कुज्जा–दिवसस्य चतुरो भागान् कुर्यात् દિવસના ચાર ભાગ કરી લ્યે. तओ चउसु वि दिणभागेसु उत्तम गुणे कुज्जा–ततः चतुर्ष्वपि दिनभागेषु उत्तरगुणान् कुर्यात પછીથી એ ચારેય ભાગમાં તે સ્વાધ્યય આદિ કરવારૂપ ઉત્તર ગુણોનુ પાલન કરતા રહે. ।।૧૧।।

ઉત્તર ગુણોનું પાલન કઈ રીતે કરે ? તે કહેવામાં આવે છે–"पढमं" ઇત્યાદિ.

અન્વયાર્થ—पढमं पोरसी–प्रथमायां पौरुष्याम् પ્રથમ પૌરૂષીમા–દિવસના પ્રથમ પ્રહરમાં सज्झायं कुज्जा–स्वाध्यायं कुर्यात् વાચનાદિકરૂપ સ્વાધ્યાય કરવા, बीयं झाणं झियायइ द्वितीयायां ध्यानं ध्यायेत् બીજી પૌરૂષીના બીજા પ્રહરમાં સૂત્રાર્થ ચિંતનરૂપ ધ્યાન કરવું तइयाए भिक्खायरियं कुज्जा–तृतीयायां भिक्षाचर्यां कुर्यात् तृतीय પૌરૂષીના–ત્રીજા પ્રહરમાં ભિક્ષાવૃત્તિ કરવી, પછી चउत्थीए सज्झायं कुज्जा–चतुर्थ्यां स्वाध्यायं कुर्यात् ચોથા પ્રહરમાં સ્વાધ્યાય અને પ્રતિલેખના આદિ કરવું. ।।૧૨।।

'પ્રથમ પૌરૂષીમાં સ્વાધ્યાય કરે' આ પ્રમાણે જે કહેવામાં આવેલ છે.

પૌરૂષિકાલ કા પરિજ્ઞાન

હવે એ પૌરૂષીકાળનું જ્ઞાન કરાવવા માટે સૂત્રકાર કહે છે–"आसाढे" ઇત્યાદિ.

અન્વયાર્થ—आसाढे मासे दुपया–આષાઢે માસે દ્વિપદા અષાઢ મહિનામાં દ્વિપદા પૌરૂષી થાય છે. पोसे मासे चउप्पया–पौषे मासे चतुष्पदा પોષ માસમાં ચતુષ્પદા પૌરૂષી થાય છે. चित्ता सोएसु मासेसु–चैत्राश्वयुजोर्मासयोः ચૈત્ર અને આસો માસમાં तिपया पोरसी हवइ–त्रिपदा पौरुषि भवति ત્રિપદા પૌરૂષી થાય છે. ।। ૧૩ ।।

આ પ્રમાણે પૌરૂષીનું પ્રમાણ કહીને હવે સૂત્રકાર પૌરૂષીની વૃદ્ધિ અને

હાની બતાવે છે.–"अंगुलं" ઇત્યાદિ.

અન્વયાર્થ—દક્ષિણાયનમાં सत्तरत्तेणं–सप्तरात्रेण સાડા સાત (७॥) દિવસ રાત કાળમાં अंगुलं–अङ्गुलम् એક આંગળ પ્રમાણ પૌરૂષી વધે છે. पक्खेणं–पक्षेण એક પક્ષમાં दु अंगुलं–द्वयङ्गुलम् બે આંગળ પ્રમાણે પોરષી વધે છે. मासेणं–मासेन એક માસમાં चउरंगुलम्–चतुराङ्गुलम् ચાર આંગળ પૌરૂષી વધે છે. તથા ઉત્તરાયણમાં આ ક્રમથી ઘટે છે. અર્થાત્ સાડા સાત દિવસમાં એક આંગળ પ્રમાણે પૌરૂષી ઘટે છે. એક પક્ષમાં બે આંગળ અને એક મહિનામાં ચાર આંગળ પ્રમાણ પૌરૂષી ઘટે છે. પક્ષનો અરધો ભાગ ७॥ થાય છે આ કારણે સાત રાત્રીના સ્થળે સાડા સાત રાત્રી પ્રમાણ કાળ જાણવો જોઈએ. જે મહીનામાં ચૌદ દિવસનો પક્ષ હોય ત્યાં સાત દિવસ રાતનો કાળ જાણવો જોઈએ. આ સમયે સાત દિવસ રાત પ્રમાણ કાળમાં પણ એક આંગળ પ્રમાણ પૌરૂષી વધતી રહે છે. આ પૌરૂષીનું ઘટવું, વધવું, એ પ્રત્યાખ્યાન આદિમાં અપેક્ષિત હોય છે. આ માટે આ કહેવામાં આવેલ છે. ॥૧૪॥

કયા કયા મહિનામાં ચૌદ દિવસનું પક્ષ હોય છે તેને સૂત્રકાર બતાવે છે–"आसाढ" ઇત્યાદિ.

અન્વયાર્થ—आसाढबहुलपक्खे–आषाढबहुलप અષાઢ કૃષ્ણ પક્ષમાં, भद्दवए–भाद्रपदे ભાદરવામાં કૃષ્ણ પક્ષમાં, कत्तिए–कार्तिके કાર્તિકમાં કૃષ્ણ પક્ષમાં पोसे–पौषे પોષમાં કૃષ્ણ પક્ષમાં, તથા फग्गुणवइसाहेसु ओमरत्ताओ नायव्वा–फाल्गुन वैशाखयोश्च अवमरात्रय ज्ञातव्याः ફાગણ અને વૈશાખમાં કૃષ્ણ પક્ષમાં. એક એક અહોરાત્રથી ન્યૂન રાત્રીયો જાણવી જોઇએ. અર્થાત્ આ પૂર્વોક્ત મહિનાઓમાં કૃષ્ણપક્ષ ચૌદ–ચૌદ (૧૪–૧૪) દિવસનો હોય છે. ॥૧૫॥

પાદોન (પોન) પૌરૂષી જાનને કા ઉપાય

આ પ્રમાણે પૌરૂષીને જાણવાનો ઉપાય કહીને હવે સૂત્રકાર પાદોન (પોન) પૌરૂષીને જાણવાનો ઉપાય બતાવે છે—"जेट्ठामूले" ઇત્યાદિ.

અન્વયાર્થ—जेट्ठामूले–જ્યેષ્ઠામૂલે જ્યેષ્ઠ મહિનામાં आसाढसावणे–आषाढ श्रावणे અષાઢ શ્રાવણમાં छहिं अंगुलेहिं–षड्भिरंगुलैः પૂર્વોક્ત પૌરૂષી પ્રમાણમાં છ આંગળનું પ્રક્ષિપ્ત કરવાથી पडिलेहा–प्रतिलेखा નિરીક્ષણરૂપ પ્રતિલેખના કરવી જોઈએ. આનાથી પાદોન પૌરૂષીનું જ્ઞાન થાય છે. ભાદ્રપદ, આસો અને કાર્તિક મહિનામાં अट्ठाहिं–अष्टाभिः પૂર્વોક્ત માનમાં આઠ આંગળને પ્રક્ષિપ્ત કરીને પ્રતિલેખના કરવી જોઇએ. तइए–तृतीये અગહન, પોષ અને મહામાસમાં दस–दशभिः દશ આંગળને પ્રક્ષિપ્ત કરીને પ્રતિલેખના કરવી જોઈએ. તથા-

ચઉત્થે–ચતુર્થે ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આઠ આંગળને પ્રક્ષિપ્ત કરીને પ્રતિલેખના કરવી જોઈએ. આ સઘળાથી પાદોન (પોન) પૌરૂષીકાળનું જ્ઞાન થઈ જાય છે. ॥૧૬॥

આ પ્રમાણે દિવસની ચારે પૌરૂષીનું કર્તવ્ય કહીને હવે રાત્રીમાં ભિક્ષુએ શું કરવું જોઈએ. આ વાત સૂત્રકાર બતાવે છે—"रत्तिंपि" ઈત્યાદિ.

મુનિ કે રાત્રિ કૃત્ય કા વર્ણન

અન્વયાર્થ—वियक्खणो भिक्खू रत्तिंपि चउरो भाए कुज्जा–વિચક્ષણો ભિક્ષુઃ રાત્રિઃ અપિ ચતુરો ભાગાન્ કુર્યાત્ બુદ્ધિશાળી મુનિ રાત્રીના પણ ચાર ભાગ કરી લ્યે. तओ–ततः આદમાં चउसु वि राईभागेसु–चतुर्षु अपि रात्रिभागेषु રાત્રીના એ ચાર ભાગોમાં પણ તે उत्तरगुणे कुज्जा–उत्तरगुणान् कुर्यात् સ્વાધ્યાય આદિ-રૂપ ઉત્તર ગુણોની આરાધના કરે. ॥૧૭॥

કઇ રીતે કરે? તે કહે છે—"पढमं" ઈત્યાદિ.

અન્વયાર્થ—સાધુ રાત્રીની पढमं पोरिसि–प्रथमायां पौरुष्यां પ્રથમ પૌરૂષીમાં પ્રથમ પ્રહારમાં सज्झायं कुज्जा–स्वाध्यायं कुर्यात् સ્વાધ્યાય કરે, बीयं–द्वितीयायां દ્વિતીય પૌરૂષીમાં–બીજા પ્રહરમાં સૂત્રાર્થ ચિંતનરૂપ ધ્યાન કરે અથવા–જીન શાસ્ત્રોક્ત પૃથ્વિના તથા દ્વીપ સાગર આદિના સ્વરૂપનું ચિંતવન કરે, तइयाए–તૃતીયાયાં તૃતીય પૌરૂષીમાં–ત્રીજા પ્રહરમાં निद्दामोक्खं–निद्रामोक्षं નિદ્રાલે, સુવે चउत्थी–चतुर्थ्याम् ચતુર્થ પૌરૂષીમાં–ચોથા પ્રહરમાં भुज्जोवि–भूयोऽपि ફરીથી सज्झायं कुज्जा–स्वाध्यायं कुर्यात् સ્વાધ્યાય કરે વિશેષ–ગીતાર્થ સાધુઓના માટે જીનકલ્પી સાધુઓના માટે તથા પરિહાર વિશુદ્ધિક ચારિત્રવાળાના માટે ત્રીજો પ્રહર માત્ર નિદ્રાકાળ છે. બીજા મુનિયો માટે બીજો અને ત્રીજો પ્રહર એ બંન્ને પ્રહર નિદ્રાના છે. ॥૧૮॥

હવે રાત્રીના ચાર પ્રહરરૂપ ચારે ભાગોને જાણવાનો ઉપાય બતાવતાં મુનિના સમસ્ત રાત્રી કર્તવ્યને કહે છે–"जं नेइ" ઈત્યાદિ.

અન્વયાર્થ—जया जं नक्खत्तं रत्तिं नेइ–यदा यन्नक्षत्रं रात्रिं नयति જ્યારે જે નક્ષત્ર રાત્રીને સમાપ્ત કરે છે, અર્થાત્ જે નક્ષત્રનો ઉદય થવાથી રાત્રીનો પ્રારંભ થાય છે અને તેના અસ્ત થવાથી રાત્રીનો અંત આવે છે. तम्हि नह चउब्भाए संपत्ते पओसकालम्मि विरमेज्जा–तस्मिन्नभश्चतुर्भागे संप्राप्ते प्रदोषकाले प्रारब्धात् स्वाध्यायात् विरमेत् એવું એ નક્ષત્ર જ્યારે આકાશમાં પહેલાં ચોથા ભાગમાં પ્રાપ્ત

હોય અર્થાત્ રાત્રિનો પ્રથમ પ્રહર સમાપ્ત થઈ જાય ત્યારે "पढमं पोरिसिं सज्झायं" આ આગમ વચન અનુસાર રાત્રિના પ્રથમ પ્રહરમાં પ્રારંભ કરવામાં આવેલ સ્વાધ્યાયનો પરિત્યાગ કરે, તથા–"बीयं झाणं झियायइ, तइयाए निद्दमोक्खं च" આ આગમવચન અનુસાર રાત્રિના બીજા પ્રહરમાં ધ્યાન અને અને ત્રીજા પ્રહરમાં નિદ્રા કરે, એ પણ પ્રકરણથી સમજી લેવું જોઇએ. ॥૧૯॥

હવે ત્રીજા પ્રહરના થોડા ભાગ સાથે ચોથા પ્રહરના કર્તવ્યને કહે છે.–

"तम्मेव" ઇત્યાદિ.

અન્વયાર્થ—तम्मेव य नक्खत्ते–तस्मिन्नेव च नक्षत्रे ફરી એજ નક્ષત્ર જ્યારે गयण चउब्भाय सावसेसम्मि–गगने चतुर्भागसावशेषे ત્રીજા ભાગના અંતિમ ભાગ સાથે ચોથા ભાગરૂપ આકાશમાં આવે ત્યારે मुणी वेरत्तियं कालं पडिलेहित्ता कुज्जा–मुनिः वैरात्रिकं कालमपि प्रतिलेख्य कुर्यात् મુનિ વૈરાત્રિક કાળ અર્થાત્ ત્રીજા પ્રહરની "अपि" શબ્દથી સ્વાધ્યાય પ્રતિઘાતક ઉલ્કાપાતાદિકના પરિજ્ઞાનને માટે ચારે દિશાઓમાં આકાશની પ્રતિલેખના કરી સ્વાધ્યાય કરે. ॥૨૦॥

વિશેષરૂપ સે મુનિ કે દિવસ કૃત્ય કા કથન

આ પ્રમાણે સામાન્ય રૂપથી દિવસ અને રાત્રિ સંબંધી કર્તવ્યને કહીને હવે સૂત્રકાર ફરી વિશેષ રૂપથી દિવસમાં કરવા યોગ્ય કર્તવ્યને સાડા સત્તર (૧૭॥) ગાથાઓ દ્વારા કહે છે–"पुव्विल्लम्मि" ઇત્યાદિ.

અન્વયાર્થ–दिवसना पुव्विलम्मि चउब्भागे–पूर्वस्मिन् चतुर्थभागे પૂર્વ ચોથા ભાગમાં પ્રથમ પૌરૂષીરૂપ સૂર્યોદયના સમયમાં–मुनि सविनय सवंदन गुरुना आदेशने प्राप्त करीने भंडगं पडिलेहित्ता–भाण्डकं प्रतिलेख्य વર્ષાકલ્પ આદિના યોગ્ય વસ્ત્ર અને પાત્રાદિકોની પ્રતિલેખના કરે. પ્રતિલેખના કર્યા પછી गुरुं वंदित्ताणं–गुरुं वन्दित्वा ગુરુને વંદના કરે. વંદના કર્યા પછી તે सव्वदुक्खविमोक्खणं कुज्जा–सर्वदुःख-विमोक्षणं कुर्यात् શારીરિક અને માનસિક સઘળા દુઃખોનો નાશ કરનાર સ્વાધ્યાય કરે. ॥૨૧॥

"पोरिसीए" ઇત્યાદિ.

અન્વયાર્થ—पोरसीए चउब्भागे–पौरुष्याश्चतुर्भागे પૌરૂષીના અવશિષ્ટ ચોથા ભાગમાં गुरुं वंदित्ताणं–गुरुं वन्दित्वा ગુરુ મહારાજને વંદના કરીને તઓ कालस्स अपडिक्कमित्ता–ततः कालस्य अप्रतिक्रम्य બાદમાં કાલપ્રતિક્રમણ ન કરતાં, ગમના

ગમન આદિરૂપ ઇર્યાપથિક ન કરતાં भायणं पडिलेहए-भाजनं प्रतिलेखयेत् ઉપકરણ માત્રની પ્રતિલેખના કરે. સ્વાધ્યાયના પછી કાલ પ્રતિક્રમણ કરવું જોઈએ. અને ચતુર્થ પૌરૂષીમાં પણ સ્વાધ્યાય કરવાનું વિધાન છે. એ માટે આ ગાથામાં "अपडिक्कमित्ता कालस्स" એવું કહે છે ॥૨૨॥

પ્રતિલેખના વિધિ કા વર્ણન

હવે પ્રતિલેખનાની વિધિ કહેવામાં આવે છે-"मुहपोत्तियं" ઇત્યાદિ.

અન્વયાર્થ—મુનિ मुहपोत्तियं-मुखवस्त्रिकाम् આઠ પુટવાળી સદોરકમુખવસ્ત્રિકાની સર્વ પ્રથમ पडिलेहित्ता-प्रतिलेख्य પ્રતિલેખના કરે. એની પ્રતિલેખના કર્યા પછી गोच्छगं अंगुलिओ गोच्छगलइयं पडिलेहिज्ज-गोच्छकं अंगुलितः गोच्छकलतिकां प्रतिलेखयेत् પ્રમાર્જીકાની, રજોહરણની, તથા આંગળીયોની ઉપર રાખી ગોચ્છકલતિકાની અર્થાત્ પ્રમાર્જીકા દંડની રજોહરણ દંડની પ્રતિલેખના કરે, બાદમાં વસ્ત્રોની પ્રતિલેખના કરે. ॥૨૩॥

વસ્ત્રોની કયા પ્રકારે પ્રતિલેખના કરે ? એ માટે કહે છે કે-"उड्ढं" ઇત્યાદિ.

અન્વયાર્થ-उड्ढं थिरं अतुरियं पुव्वं वत्थमेव पडिलेहे-ऊर्ध्वं स्थिरं अत्वरितं पूर्वं वस्त्रं प्रतिलेखयेत् ઉત્કુટુક આસન ઉપર બેસીને મુનિ વસ્ત્રને ત્રાંસુ ફેલાવી સ્થિરતા અને અચપળતા પૂર્વક पुव्वं-प्रथमम् સર્વ પ્રથમ વસ્ત્રોની પ્રતિલેખના કરે. અર્થાત્ વસ્ત્રોને બન્ને બાજુએથી જોઇ લે. પરંતુ તેને ઝાટકે નહીં. જો તેના ઉપર કોઈ જીવજંતુ ચાલતું ફરતું કે બેઠેલું નજરમાં આવે તો તેને યતનાપૂર્વક જ્યાં કોઈ પ્રકારનો ઉપદ્રવ ન હોય તેવા સ્થાન ઉપર રાખી દે. तओ बिइयं पप्फोडे-ततः द्वितीयं प्रस्फोटयेत् પછીથી એનું પ્રસ્ફોટન કરે. અર્થાત્ યતનાથી વસ્ત્રને ઝાટકે, પ્રસ્ફોટન કર્યા પછી પ્રમાર્જન કરે જીવજંતુ અલગ ન થાય તો પૂંજણીથી પૂંજે અને હાથ પૂંજણી આદિમાં લાગેલ જીવજંતુને સુરક્ષિત સ્થાન ઉપર યતનાથી રાખી દે. ॥૨૪॥

પૂર્વ ગાથામાં સામાન્ય તથા પ્રતિલેખન પ્રસ્ફોટન અને પ્રમાર્જનનો નિર્દેશ કર્યો, તેને વિશેષ રૂપથી સમજાવે છે-"अणच्चावियं" ઇત્યાદિ.

અન્વયાર્થ—अणच्चावियं-अनर्त्तितम् પ્રતિલેખન અને પ્રસ્ફોટન કરતી વખતે વસ્ત્રને નચાવવું ન જોઈએ, તથા अवलियं-अवलितम् વળ દેવો ન

જોઈએ. તથા અણાણુબંધિં–અનાનુબન્ધિ વસ્ત્રનો વિભાગ સ્પષ્ટતયા દેખાય નહીં આ પ્રમાણે પ્રતિલેખન, પ્રસ્ફોટન ન કરે. તેમજ અમોસલિં ચેવ–અમર્શવત્ ભીંત આદિનો સંઘટા હોય આ પ્રમાણે પ્રતિલેખન અને પ્રસ્ફોટન ન કરે. હવે કેટલી વખત પ્રસ્ફોટન અને પ્રમાર્જન કરવું જોઈએ તે "છપ્પુરિમા" ઇત્યાદિ ગાથાંશ દ્વારા કહે છે. છપ્પુરિમા–ષટ્પુરિમાઃ યતનાપૂર્વક છ વખત વસ્ત્રોનું પ્રસ્ફોટન ન કરે. એનો આ પ્રકાર છે. વસ્ત્રના સામા ભાગને ત્રણ ભાગોમાં કલ્પિત કરે એ ત્રણે ભાગોને સારી રીતે જોઈ લીધા પછી એક એક ભાગનું એક એક વાર પ્રસ્ફોટન કરે, આ પ્રમાણે વસ્ત્રના પાછલા ભાગનું પણ પ્રસ્ફોટન કરે, આ પ્રમાણે પ્રસ્ફોટનના છ ભેદ હોય છે. તથા નવખોડા–નવખોટાઃ વસ્ત્રનું નવ વખત પ્રમાર્જન કરે. એ પ્રમાર્જન આ પ્રમાણે છે. જે વસ્ત્રની પ્રતિલેખના કરવાની હોય એ વસ્ત્રના સામેના ભાગને ત્રણ ભાગોમાં કલ્પિત કરીને એ ત્રણે ભાગોની પ્રતિલેખના કરતી વખતે જો કોઈ ભાગમાં જીવજંતુ દેખાય તો તેને યતનાપૂર્વક ત્રણે ભાગોને ત્રણ ત્રણ વખત પ્રમાર્જન કરે. આ પ્રમાણે નૌ ખોટા થયા. જે પ્રમાણે સામેના ભાગમાં નવ વખત પ્રમાર્જનરૂપ નૌખોટાનું નિરૂપણ કરેલ છે એજ પ્રમાણે વસ્ત્રના બીજા ભાગમાં પણ નૌખોટા થાય છે. પરંતુ તેની અહીં વિવક્ષા કરેલ નથી. આ પછી પાણી પાણિવિસોહણં–પ્રાણિ પ્રાણિવિશોધનમ્ બન્ને હાથોનું પ્રતિલેખનરૂપ વિશોધન કરવું અને હાથ ઉપર જો કોઈ જીવજંતુ આદિ પ્રાણી બેઠેલ હોય તો એનું વિશોધન અર્થાત નિર્જંય એવા સ્થળે પરિષ્ઠાન કરવું.

ઉપર કહેવામાં આવેલ પ્રતિલેખનાઓના ભેદ પચીસ હોય છે, તે આ પ્રમાણે છે. "ઉર્ધ્વ, સ્થિર, અત્વરિત" એ ત્રણ ભેદ, બન્નેને મેળવતાં સાત થયા. 'છ પુરિમ,' તેર, 'નૌખોટા' બાવીસ, 'બંન્ને હાથોનું વિશોધન' ચોવીસ, એક ભેદ હાથ ઉપર ચોંટેલા જીવજંતુ આદિ પ્રાણીયોના એકાંતમાં પરિષ્ઠાપન રૂપ પ્રાણી વિશોધન' પચીસ, આ પ્રમાણે પચીસ ભેદ પ્રતિલેખનાના છે. "આરભટા" આદિ તેર પ્રકારના પ્રતિલેખનાના દોષ કહેલ છે. આથી તેનું પ્રતિલેખના રૂપથી ગ્રહણ થતું નથી. ॥૨૫॥

પ્રતિલેખનામાં દોષોના ત્યાગ નિમિત્ત સૂત્રકાર કહે છે–"આરભડા" ઇત્યાદિ.

અન્વયાર્થ—મુનિને આરભડા–આરભટા વિપરીત કરવારૂપ આરભટ દોષનો પરિત્યાગ કરી દેવો જોઈએ. અર્થાત્–પ્રતિલેખ્યમાન સમગ્ર વસ્ત્રની પ્રતિલેખના ન કરતાં વચમાં જ બીજાં બીજાં વસ્ત્રોને પ્રતિલેખનાના માટે જલદી જલદી લેતાં જવાં એનું નામ આરભટા દોષ છે. આ દોષ પ્રતિલેખના વખતે મુનિએ છોડી દેવો જોઈએ. કહ્યું પણ છે—

"वितहकरणमारभडा, तुरियं वा अन्नमन्नगहणेणं"
वितथकरणमारभटा, त्वरितं वा अन्यान्यग्रहणेन"।

અન્વયાર્થ—સમ્મદ્દા–સમ્મર્દા વસ્ત્રના છેડાના ભાગને વળ દેવો અથવા તો ઉપધિના ઉપર બેસવું એ સંમર્દ દોષ છે. આનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. મોસલી–મૌશલી તિર્યક્, ઉર્ધ્વ, અને નીચ સંઘટ્ટન લેવાનું નામ મૌશલી છે. આ ત્રીજો દોષ છે. એનો પણ પ્રતિલેખના કરતી વખતે સાધુએ પરિત્યાગ કરી દેવો જોઇએ. ચઉત્થીપપ્ફોટણા–ચતુર્થી પ્રસ્ફોટના ચોથો દોષ પ્રસ્ફોટના છે. અર્થાત્ ધૂળથી ભરેલાં વસ્ત્રને જે પ્રમાણે ઝાટકવામાં આવે છે. આ પ્રમાણે વસ્ત્રને ફટકારવું એનું નામ પ્રસ્ફોટના છે. વિક્ખિત્તા–વિક્ષિપ્તા પાંચમો દોષ વિક્ષિપ્ત છે. અર્થાત્–પ્રત્યુપેક્ષિત વસ્ત્રને અપ્રત્યુપેક્ષિત વસ્ત્રમાં–અપ્રતિ-વસ્ત્રની સાથે મૂકી દેવું–એની સાથે મેળવી દેવું. આનું નામ વિક્ષિપ્ત દોષ છે. સાધુઓએ આ દોષનો પરિહાર કરી દેવો જોઈએ. અર્થાત્–જે વસ્ત્રની પ્રતિલે-ખના કરવાની હોય એ વસ્ત્રની પ્રતિલેખના ન કરતાં ફક્ત તેને ઉપર ઉપરથી જ જોઇ લેવું એ પણ વિક્ષિપ્ત નામનો દોષ છે. વેઇયા છટ્ઠા–વેદિકા ષષ્ઠી વેદિકા નામનો છટ્ઠો દોષ છે. એ વેદિકા પાંચ પ્રકારની છે.–ઉક્તંચ—

"वेइया पंचविहा पण्णत्ता तं जहा–उड्ढवेइया, अहोवेइया, तिरिय वेइया, दुहओ वेइया, एगओ वेइया,–तत्थ उड्ढवेइया–उवरि जाणुगाणं हत्थेकाउण पडि-लेहेई (१) अहो वेइया–अहो आणुगाणं हत्थेकाउण पडिलेहेइ (२) तिरिय वेईया-संडासयाणं मज्झे हत्थे नेऊण पडिलेहेइ (३) उभओ वेइया वाहाणं अंतरे जाणुगा काऊण पडिलेहेइ(४) एगओ वेइया एगं जाणुगं बाहाणामंतरे काउण पडिलेहेइ त्ति"

ભાવાર્થ—વેદિકા પાંચ પ્રકારની છે. ઉર્ધ્વવેદિકા, અધોવેદિકા, તિર્યગ્વે-દિકા, દ્વિધાતો વેદિકા, એકતોવેદિકા, બન્ને જંઘાઓ ઉપર હાથ રાખીને વસ્ત્ર આદિની પ્રતિલેખના કરવી એ ઉર્ધ્વવેદિકા નામનો દોષ છે. જંઘાઓની નીચે

હાથેાને રાખીને પ્રતિલેખના કરવી એ અધેાવેદિકા નામનેા દેાષ છે. સંદંશકેા જંઘાની વચમાં હાથેાને લઇ જઈને પ્રતિલેખના કરવી એ તિર્યગ્વેદિકા નામનેા દેાષ છે. બન્ને ભુજાઓની વચમાં જંઘાઓને કરીને પ્રતિલેખના કરવી એ દ્વિધાતેાવેદિકા નામનેા દેાષ છે. એક જંઘને બન્ને હાથેાની વચમાં રાખીને પ્રતિલેખના કરવી એ એક તેા વેદિકા નામનેા દેાષ છે. આરભટાદિ વેદિકા પર્યંતના દેાષ સાધુએ પ્રતિલેખનામાં ત્યાગવા જોઈ એ. ।। ૨૬ ।।

પ્રતિલેખનાના બીજા દેાષેાને પણ કહે છે.—" पसिढिल " ઈત્યાદિ !

અન્વયાર્થ–જે સાધુ पसिढिलपलंबलोला–प्रशिथिलप्रलम्बलोलाः પ્રતિલેખ્યમાન વસ્ત્રને પકડતા નથી, પ્રલમ્બ રાખે છે અને મેાટા ભાગે પ્રતિલેખ્યમાન વસ્ત્રના છેડાને લટકતા રાખે છે. ભૂમિ ઉપર અથવા હાથેામાં એને હલાવતા રહે છે. एगामोसा–एकामर्शा વસ્ત્રને વચમાંથી પકડીને તેને જમીન ઉપર ઘસડીને ખેંચે છે. अणेगरूवधुणा–अनेकरूपधूनना ત્રણ વખત કે તેથી વધારે વખત વસ્ત્રને હલાવે છે. અથવા તેા એક જ સાથે ઘણાં વસ્ત્રોને પકડીને હલાવે છે તથા पमाणिपमायं कुणइ–प्रमाणे प्रमादं करोति પ્રમાણુમાં પ્રસ્ફુટનાદિરૂપ પ્રમાણુમાં અસાવધાની રાખે છે. संकिए गणणोवगं कुज्जा–शंकिते गणनोपगं कुर्यात् પ્રમાદવશ પ્રમાણુના તરફ શંકાની ઉત્પત્તિ થવાથી જે આંગળીઓની રેખાના સ્પર્શ આદિ દ્વારા એક બે ત્રણ આદિ સંખ્યાને ગણે છે અને પ્રસ્ફેાટનાદિક કરે છે તેા એ બધા પ્રતિલેખનાના દેાષ છે. મુનિએ આ દેાષેાનેા ત્યાગ કરવેા જોઈએ, હાથેાની આંગળીયેાની રેખાનેા સ્પર્શ કરતાં કરતાં પ્રસ્ફેાટનાદિકની ગણત્રી કરવી એ પ્રતિલેખનામાં દેાષ માનવામાં આવેલ છે. આથી એનેા ત્યાગ કરવાનું અહીં બતાવવામાં આવે છે. ।।૨૭।।

ભંગપ્રદર્શનપૂર્વક સદોષ ઔર નિર્દોષ પ્રતિલેખના કા વિશેષ રૂપસે વર્ણન

હવે ભંગ નિર્દેશપૂર્વક સાક્ષાત સદોષ અને નિર્દોષ પ્રતિલેખનાને કાંઇક વિશેષતાથી કહે છે—" अणूणाइरित्त० " ઈત્યાદિ !

અન્વયાર્થ—पडिलेहा–प्रतिलेखा પ્રતિલેખના अणूणाइरित्त–अनूनातिरिक्ता નિર્દિષ્ટ પ્રમાણુના અનુસાર જ સાધુએ કરવા જોઈ એ. તેમાં ન તેા ન્યૂનતા રાખવી કે, નતેા અધિકતા આવવી જોઈએ. અર્થાત્–પ્રસ્ફેાટના પ્રમાર્જનના અને વેલા–સમય આ ત્રણેમાં ન્યૂનાધિકતા કરવી ન જોઈ એ. तहेव य अविवच्चासा–तथैव च अविपर्यासा આજ પ્રમાણે પુરુષવિપર્યાસ ઉપધિવિપર્યાસ આ વિષ-

ર્યાસોનો પણ પરિત્યાગ કરી દેવો જોઇએ. ગુરુના તેમજ મોટેરાઓના વસ્ત્રાદિકોની યથાક્રમ પ્રતિલેખના ન કરવી એ પુરુષવિપર્યાસ છે. સવારે અને સાંજે રજોહરણાદિક ઉપધિની યથોક્ત રીતિ અનુસાર પ્રતિલેખના ન કરવી એ ઉપધિ વિપર્યાસ છે. અહીં અન્યૂન, અનતિરિક્ત અને અવિપ્યત્યાસ, આ ત્રણ વિશેષણો દ્વારા પ્રતિલેખનાના આઠ ભંગ સૂચવવામાં આવેલ છે. તેમાં શાસ્ત્ર મર્યાદા અનુસાર પ્રસ્ફોટના, પ્રમાર્જના અને વેળા આ ત્રણે જ્યાં સાધી શકાય તે પ્રથમ ભંગ છે. પઢમં પયં પસત્થ–પ્રથમં પદં પ્રશસ્તમ્ આથી આ પ્રથમ પદ જ પ્રશસ્ત છે. સેસાણિ ઉ અપ્પસત્થાણિ–શેષાણિ તુ અપ્રશસ્તાનિ બાકીનાં સાત પદ અપ્રશસ્ત છે.

૧૧૧	૫૧૧
૧૧૫	૫૧૫
૧૫૧	૫૫૧
૧૫૫	૫૫૫

આ કોષ્ટકથી એ વાત ભલીભાંતિથી જ્ઞાત થાય છે કે, પ્રથમ પદના સિવાય બાકીના સાત ભંગ સદોષ છે. આમાં ન્યૂનત્વાદિક દોષોમાંથી કોઇ કોઇને દોષ લાગતો રહે છે. આથી પ્રથમ ભંગના અનુસાર જ પ્રતિલેખના કરવી જોઇએ. આ કોષ્ટકમાં જે એકના અંક છે, તે નિર્દોષતાના છે, અને પાંચના અંક દોષના ચિત્ત દર્શક છે. ॥૨૮॥

નિર્દોષ પ્રતિ લેખનાકો કરતા હુઆ મુનિ કે છઃ કાય કા વિરાધક હોને કા કથન

નિર્દોષ પ્રતિલેખનાને પણ કરનાર મુનિ જે પ્રમાણે છ કાયાના વિરાધક હોય છે તે બે ગાથાઓથી કહે છે.—" પડિલેહણં " ઇત્યાદિ!

" પુઢવિ " ઇત્યાદિ!

અન્વયાર્થ—પડિલેહણં–કુણંતો–પ્રતિલેખનાં કુર્વન્ પ્રતિલેખનાને કરનાર મુનિ મિહો–મિથઃ પરસ્પરમાં કહાં–કથામ્ વાતો કરે છે અથવા જણવયકહં કુણઇ–જનપદકથાં કરોતિ જનપદ કથા–સ્ત્રિ આદિની વાતો કરે છે. અથવા અન્યસ્મૈ પ્રત્યાખ્યાનં દદાતિ વાચયતિ વા સ્વયં પ્રતીચ્છતિ બીજાઓને પ્રત્યાખ્યાન આપે છે, અથવા બીજાને વાચના આપે છે, અથવા બીજા પાસેથી વાચના ગ્રહણ કરે છે. તે પડિલેહણાપમત્તો–પ્રતિલેખનાપ્રમત્તઃ પ્રતિલેખનામાં અસાવધ મુનિ પુઢવી આઉક્કાએ તેઉ વાઊ વણસ્સઇ તસાણં–પૃથિવ્યપ્કાયયો તેજોવાયુવનસ્પતિત્રસાનામ્ પૃથ્વી કાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય તેમજ ત્રસકાય, આ છણ્હંપિ –ષણ્ણામપિ છ કાયાના જીવોના વિરાધક બને છે.

ભાવાર્થ—કુંભાર આદિની શાળા આદિમાં સ્થિત મુનિ પ્રતિલેખના કરતી વખતે જો પરસ્પરમાં વાતો આદિ કરવામાં સંલગ્નચિત્ત બની જાય છે ત્યારે પ્રમાદવશવર્તી બનીને તેવી સ્થિતિમાં તે મુનિથી પ્રતિલેખના કરતી વખતે હાથના સંચાલનથી જળ ભરેલ પાત્ર પણ ઢોળાઈ જાય છે, એના ઢળી જવાથી માટી, અગ્નિ, બીજ, અને કન્થવા આદિ જીવોની વિરાધના થાય છે. કેમકે, એ સઘળા જીવ એ પાણીમાં અવશ્ય ભીંજાઈ જાય છે. જ્યાં અગ્નિ હોય છે, ત્યાં અવશ્ય વાયું હોય છે. આ પ્રમાણે પ્રતિલેખનામાં અસાવધાન બનેલ મુનિ દ્રવ્યરૂપથી ષટ્જીવનીકાયના વિરાધક બને છે. તથા ભાવની અપેક્ષા પ્રમત્ત હોવાના કારણે તે આત્મા અને સંયમના વિરાધક બને છે. આ માટે પ્રતિલેખનાના અવસરમાં "પરસ્પર આવી વાતો વગેરે કરવી હિંસાનું કારણ છે." એવું જાણીને સાધુએ તેનો પરિહાર કરવો જોઇએ. ॥૨૯॥૩૦॥

નિર્દોષ પ્રતિલેખના કરતા હુઆ મુનિ કે આરાધક હોને કા કથન

નિર્દોષ પ્રતિલેખના કરી રહેલ મુનિ જે પ્રમાણે આરાધક હોય છે તે કહે છે.—"પુઢવી" ઇત્યાદિ !

અન્વયાર્થ—પડિલેહણા આઉત્તો-પ્રતિલેખનાયામ્ આયુક્તઃ પ્રતિલેખનામાં સાવધ મુનિ પુઢવી આઉક્કાએ તેઉ વાઉ વણસ્સઇ તસાણં છન્હંપિ આરાહઓ હોઇ-પૃથિવ્યપ્કાययोः तेजोवायुवनस्पतित्रासानाम् षण्णामपि आराधकः भवति પૃથવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, આ છ જીવનીકાયના આરાધક માનવામાં આવે છે. ॥૩૧॥

આ પ્રમાણે દિવસની પ્રથમ પૌરૂષીનું આ કર્તવ્ય અહીં સુધી કહેવામાં આવેલ છે. આના પછી બીજી પૌરૂષીનું કર્તવ્ય કહેવું જોઇતું તે પણ "बीयं झाणं झीयायइ" આ ગાથાંશ દ્વારા કહી દેવામાં આવેલ છે આ માટે અહીં કહેલ નથી. આ સ્વાધ્યાય અને ધ્યાન બંને સાધુએ અવશ્ય કરવાં જોઈએ. હવે જ્યારે કોઈ એવો પ્રશ્ન કરે છે કે, ત્રીજી પૌરૂષીનું કર્તવ્ય સાધુએ અવશ્ય કરવું જ જોઈએ. અથવા કોઈ કારણ ઉપસ્થિત થતાં કરવું જોઇએ ? તો એનો ઉત્તર સૂત્રકાર કહે છે—"तइयाए" ઇત્યાદિ !

અન્વયાર્થ—મુનિ છન્હમન્નયરાગમ્મિ કારણમ્મિ સમુટ્ઠિએ–ષણ્ણામન્યતરસ્મિન્ કારણે સમુપસ્થિતે વક્ષ્યમાણ આ છ કારણોમાંથી કોઈ એક કારણના ઉપસ્થિત થવાથી તઇયાએ પારસીએ–તૃતીયાયાં પરુષ્યાં ત્રીજી પોરૂષીમાં ભત્તપાણ ગવેસએ–ભક્ત-પાન ગવેષયેત્ ભક્તપાનની ગવેષણા કરે આ ભક્તપાનની ગવેષણા સાધુના માટે ત્રીજી પરૂષીમાં ઔત્સર્ગિક જ છે. નહીં તો સ્થવિરકલ્પિક સાધુઓને પણ યથા વિહિત કાળમાંજ ભક્તાદિકની ગવેષણા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે આથી જુદા જુદા દેશનો પ્રચલિત ભોજનકાળ જ સાધુઓની ભિક્ષાનો કાળ છે એવું જાણવું જોઈ એ. કહ્યું પણ છે—

"सइकाले चरे भिक्खू, कुज्जा पुरिसकारियं ।
अलाभुत्ति न सोइज्जा तवोत्ति अहियासए ॥"

(દશ. વૈ. અ. ૫. ઉ. ૨ ગા ૬)

અર્થાત–મુનિ દેશાનુસાર ભિક્ષાના ઉચિત સમયમાં જ ભિક્ષાના માટે જાય અને ઉત્સાહ પૂર્વક ભિક્ષાર્થ ભ્રમણરૂપ પુરુષાર્થ કરે કોઈ વખત ભિક્ષાનો લાભ ન થાય તો "આજે મારાથી સહેજે જ તપ થઇ ગયું" એવો વિચાર કરીને સન્તુષ્ટ રહે. ॥૩૨॥

છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થઈ જાય ત્યારે જ સાધુએ ભક્તપાનની ગવેષણા કરવી જોઈએ. એ સિવાય નહી. તે છ કારણ આ છે—

"વેયણ" ઇત્યાદિ!

અન્વયાર્થ—વેયણ–વેદનાય ક્ષુત્ પિપાસા આદિની વેદનાના ઉપશમને માટે (૧) વેયાવચ્ચે–વૈયાવૃત્યાય ગુરુ, ગ્લાન આદિ મુનિજનોની સેવારૂપ વયાવૃત્તિ કરવા માટે (૨) ઇરિયટ્ઠાએ–ઈર્યાર્થાય ઈર્યા સમિતિની અરાધના કરવા માટે (૩) સંજમટ્ઠાએ–સંયમાર્થાય સંયમ પાલન કરવા માટે (૪) તથા પાણવત્તિયાએ–પ્રાણપ્રત્ય-યાય પ્રાણોની રક્ષાને માટે (૫) ધમ્મચિંતાએ–ધર્મચિન્તાયૈ ધર્મધ્યાનની ચિન્તાને માટે (૬) ભક્તપાનની ગવેષણા કરવી જોઇએ.

ભાવાર્થ—ભક્તપાનની ગવેષણા આ છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થઈ જાય તો જ કરવી જોઇએ. એવું જે પહેલાં કહેવામાં આવેલ છે. એજ કારણોને સૂત્રકાર બતાવે છે.–આમાં સર્વપ્રથમ કારણ વેદના છે–ક્ષુધા અથવા

પિપાસાની વેદના જ્યારે ઉપસ્થિત થઇ જાય ત્યારે તેની શાંન્તીના માટે સાધુએ આહાર પાણીની ગવેષણા કરવી જોઈએ. આહાર પાણીના વગર સાધુ ગુરુ, આદિની સેવા યથાવત્ કરી શકતા નથી. આથી વૈયાવૃત્ય રૂપ તપસ્યાની આરાધના નિમિત્ત આવશ્યક છે કે, આહાર પાણીનો ઉપયોગ કરવામાં આવે, સાધુ જ્યાં સુધી ક્ષુધા અને પિપાસાથી આકુળ વ્યાકુળ થતા હોય છે, ત્યાં સુધી તેનાથી ઇર્યા સમિતિની પરિપાલના થઇ શકતી નથી. આથી એની પાલના નિમિત આહાર પાણીની ગવેષણા કરવી સાધુ માટે આવશ્યક છે. આહાર આદિના વગર કચ્છ, મહાકચ્છની માફક સંયમનું પરિપાલન થવું અસંભવ છે. આ કચ્છ–મહાકચ્છ બે ભાઇઓ હતા તેઓએ ભગવાન ઋષભ દેવસ્વામીની સાથે દીક્ષા લીધી હતી, એક વખત ભગવાન પ્રતિમામાં વિરાજિત હતા ત્યારે તેઓને આહારાદિ ન મળવાથી સંયમ પાળવામાં અસમર્થ થઈને તાપસો બની ગયા. આ માટે સંયમને સારી રીતે પાલન કરવા સારૂ આહાર પાણીની ગવેષણા કરવી ઉચિત છે. આહાર પાણી વગર અવિધિ પૂર્વક દેહનું વિસર્જન કરવું તે આપઘાત કરવા સમાન છે. આથી એવા આત્મઘાતથી બચવા માટે પ્રાણોના પરિત્રાણને માટે આહાર પાણી લેવાં આવશ્યક છે. ધર્મધ્યાનની ચિંતા પણ જ્યાં સુધી આહાર પાણી ન મળે ત્યાં સુધી નિશ્ચિત રૂપથી સાધી શકાતી નથી. આથી આ ધ્યાનની ચિંતાના માટે આહાર પાણીનું લેવું આવશ્યક છે. આ છ કારણ છે. આ છ કારણોને લઇને મુનિ આહાર પાણીની ગવેષણા કરે. ॥૩૩॥

આહાર કે ત્યાગ કા છઃ કારણોં કા વર્ણન

જે કારણોથી ભકત આદિનું ગ્રહણ સાધુએ ન કરવું જોઈએ એ કારણોને સૂત્રકાર બતાવે છે--" નિગ્ગંથો " ઇત્યાદિ !

અન્વયાર્થ—ધિઇમંતો-ધૃતિમાન્ ધર્માચરણના તરફ સંપૂર્ણપણે ધૈર્યશાળી નિગ્ગંથો–નિર્ગ્રન્થઃ નિર્ગંથ સાધુ અથવા ધૃતિમતી નિગ્ગંથી–નિર્ગ્રન્થી સાધ્વી એ બન્ને પણ ઇમેહિં–એભિઃ આ વક્ષ્યમણ છહિં એવ ઠાણેહિં–ષડ્ભિરેવ સ્થાનૈઃ છ સ્થાનોના ઉપસ્થિત થવાથી ન કરિજ્જ–ન કુર્યાત્ ભક્તપાનની ગવેષણા ન કરે.

अणतिक्कमणा तस्स होइ–अनतिक्रमणं तस्य भवति એમ કરવાથી તેમના સંયમ યોગોનું ઉલ્લંઘન થાય છે. ॥ ૩૪ ॥

તે છ સ્થાન આ છે—" आयंके उवसग्गे "–ઇત્યાદિ !

અન્વયાર્થ—आयंके–आतङ्के જ્વરાદિક રોગ હોવાથી સાધુ અથવા સાધ્વીએ ભક્તપાનની ગવેષણા કરવી ન જોઇએ, उवसग्गे–उपसर्गे દેવ મનુષ્ય અને તિર્યંચ કૃત ઉપસર્ગ થવાથી ભક્તપાનની ગવેષણા ન કરવી જોઇએ, बंभचेरगुत्तिसु तितिक्खया–ब्रह्मचर्यगुप्तिषु तितिक्षया તથા બ્રહ્મચર્યરૂપ ગુપ્તિની સહનશિલતાને સંપાદન કરવા માટે સાધુ સાધ્વીએ ભક્તપાનની ગવેષણા ન કરવી જોઇએ. पाणिदया तवहेउं–प्राणिदया तपोहेतोः વરસતા વરસાદમાં અપકાય આદિના જીવોની રક્ષા માટે ચતુર્થ ભક્તાદિરૂપ તપસ્યા કરવા માટે सरीरवोच्छेयणट्ठाए–शरीर व्युच्छेदनार्थाय તથા ઉચિત સમયમાં અનશન કરવા માટે ભક્તપાનની ગવેષણા ન કરવી જોઈએ. આ છ કારણ છે કે જેના ઉપસ્થિત થવાથી સાધુ અથવા સાધ્વીએ ભક્તપાનનો પરિત્યાગ કરી દેવો જોઈએ. ॥ ૩૫ ॥

ભિક્ષા વિધિ કા વર્ણન

મુનિએ ભક્તપાનની ગવેષણા કરતી વખતે કઈ વિધિથી અને કેટલા ક્ષેત્ર સુધી જવું જોઈએ આ વાત હવે સૂત્રકાર બતાવે છે—

" अवसेसं "–ઇત્યાદિ !

અન્વયાર્થ—मुनि अवसेसं–अवशेषम् ભિક્ષાધાની સહિત સઘળા भंडगं गिज्जा–भाण्डकं गृहीत्वा વસ્ત્ર પાત્રરૂપ ઉપકરણોની पडिलेहए–प्रतिलेखयेत् પ્રતિલેખના કરી લેવી જોઇએ. અર્થાત્–ભિક્ષાધાની સહિત સઘળા વસ્ત્રપાત્રોને સારી રીતે આંખોથી જોઈ જવાં જોઇએ કે જેથી કોઈ જીવ જંતુ એના પર ન હોય. પછીથી એને લઇને વધારેમાં વધારે अद्धजोयणाओ–अर्धयोजनात् અર્ધા યોજન સુધી विहारं विहरए मुणी–विहारं विहरेन्मुनिः આહાર પાણીની ગવેષણા નિમિત્ત પર્યટન કરવું. એનાથી આગળ નહીં. કેમકે, એ ગાઉના ઉપરનું અશનપાનાદિક સાધુના માટે અકલ્પનીય બતાવવામાં આવેલ છે ॥ ૩૬ ॥

આ પ્રમાણે એ ગાઉની અંદરથી આહાર પાણી લઈને સાધુ ઉપાશ્રયમાં આવે. પોતે લાવેલ ભીક્ષા ગુરુ મહારાજને બતાવે. ગુરુમહારાજની આલોચના આદિ ગ્રહણ કર્યા પછી આહાર પાણી કરીને પછી શું કરે તે સૂત્રકાર બતાવે છે—" चउत्थीए " ઇત્યાદિ !

અન્વયાર્થ—મુનિ આહાર પાણી કરીને चउत्थीए पोरसीए–चतुर्थ्यां पौरुष्याम्

પછી મુનિ ચૌથી પૌરૂષીમાં ભાયણ નિક્ખવિત્તાણ–ભાજનં નિક્ષિપ્ય પ્રત્યુપ્રેક્ષણા પૂર્વક પાત્રોને વસ્ત્રમાં બાંધીને રાખી દે. તઓ–ततः આ પછી સવ્વભાવવિભાવણં સજ્ઝાયં ચ કુજ્જા સર્વભાવવિભાવન સ્વાધ્યાયં ચ કુર્યાત્ જીવાદિક સઘળા તત્વોના નિરૂપક સ્વાધ્યાયને કરે. ॥ ૩૭ ॥

વળી પણ કહે છે—" પોરિસીએ " ઈત્યાદિ !

અન્વયાર્થ—મુનિ પોરસીએ ચઉભાગે–પૌરુષ્યાશ્ચતુર્ભાગે દિવસની ચોથી પૌરૂષીના ચોથા ભાગમાં સ્વાધ્યાયને સમાપ્ત કરી ગુરું વંદિત્તાણ–ગુરું વન્દિત્વા ગુરુ મહારાજને વંદના કરે, કાલસ્સ પડિક્કમિત્તા–કાલસ્ય પ્રતિક્રમ્ય કાલ પ્રતિક્રમણ કરીને સિજ્જંતુ પડિલેહએ–શય્યાં તુ પ્રતિલેખયેત્ પોતાની શય્યાની પ્રતિલેખના કરે.।૩૮।

પરિષ્ઠાપન વિધિ કા વર્ણન

ફરી પણ કહે છે—" પાસવણુ " ઈત્યાદિ !

અન્વયાર્થ જયં જઈ–યતમાનો યતિઃ યતનાવાન મુનિ પાસવણુચ્ચારભૂમિં ચ પડિલેહિજ્જ–પ્રસ્રવણોચ્ચારભૂમિં પ્રતિલેખયેત્ બાર બાર (૧૨–૧૨) સ્થણ્ડિલ પ્રસ્રવણ ભૂમિની પણ પ્રતિલેખના કરીલે. આ પ્રમાણે ૧૨–૧૨–૩=૨૭ બાર, બાર અને ત્રણ મળીને સત્તાવીસ પ્રકારની સ્થણ્ડિલ પ્રતિલેખનાના અન્તર સૂર્ય અસ્ત થઇ જાય છે. उक्तंच—

" चउभागावसेसाए, चरिमाए पडिक्कमित्तु कालस्स ।
उच्चारे पासवणे, थंडिलचउवीसइं पेहे ॥ १ ॥

अहियासियाउ अंतो, आसन्ने मज्झि दूरि तिन्नितिन्नि भवे ।
तिण्णेव अणहियासी, अन्तो छच्छच्च बहिरओ ॥ २ ॥

एमेव य पासवणे, बारस चउवीसइं तु पेहेत्ता ।
कालस्स य तन्निभवे, अह सूरो अत्थमुवयाइ ॥ ३ ॥"

આ ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે.—

દિવસની અંતિમ પૌરૂષીના ચોથા ભાગમાં ઉચ્ચાર પ્રસ્રવણના સ્થંડિલના ચોવીસ મંડોની પ્રતિલેખના કરે. એમાં પ્રથમ ઉચ્ચાર વિષયનાં બાર મંડળ આ પ્રકારનાં છે—

ગામની અંદર, પાસે, મધ્ય અને દૂર આ ત્રણ અધ્યાસનીય–સામાન્ય-

રૂપથી ઉપયોગમાં આવવા યોગ્ય, અનધ્યાસનીય વિશિષ્ટ પ્રયોજનવશ ઉપયોગમાં આવવા યોગ્ય, આ પ્રમાણે દરેકના બે બે ભેદ હોવાથી ગામની અંદરના છ મંડળ થયાં. આ પ્રમાણે ગામની બહારનાં પણ પાસે, મધ્ય અને દૂરના બબ્બે ભેદ હોવાથી ગામની બહારનાં છ મંડળ થયાં. આ પ્રમાણે અંદર અને બહારના મેળવવાથી બાર મંડળ ઉચ્ચારનાં થાય છે. આ પ્રમાણે પ્રસ્રવણનાં પણ બાર ભેદ થઈ જાય છે. આ રીતે બન્નેને મેળવતાં ચોવીસ મંડળ થયાં. પછી રાત્રિના પ્રથમ, મધ્ય અને અંતિમ ભાગ એવા કાળના ત્રણ ભેદ મેળવવાથી સઘળા મળીને સત્તાવીસ મંડળ થાય છે. આ સત્તાવીસ મંડળોની પ્રતિલેખના મુનિ કરે ત્યાં સુધીમાં સૂર્ય અસ્ત થઈ જાય છે.

જ્યારે સૂર્ય અસ્ત થઇ જાય ત્યારે સાધુએ ષડાવશ્યક વિષયક પ્રતિક્રમણ રાત્રિની પ્રથમ પૌરૂષીના પ્રથમ ચોથા ભાગ પર્યંત કરવું. આ પ્રમાણે વિશેષ રૂપથી દિવસનું કૃત્ય કરીને હવે સૂત્રકાર આ પ્રમાણે રાત્રિ કૃત્ય બતાવે છે– તઓ–ततः પ્રસ્રવણાદિ ભૂમિની પ્રતિલેખના કરી લીધા પછી મુનિ સવ્વદુક્ખ વિમોક્ખણં કાઉસ્સગં કુજ્જા–सर्वदुःखविमोक्षणं कायोत्सर्गं कुर्यात् शारीरिक અને માનસિક તપનું નિવારણ કરનાર કાયોત્સર્ગ કરે. કાયોત્સર્ગ કર્મોપચયનો હેતુ હોવાથી સર્વ દુઃખોના નિવારક તરીકે માનવામાં આવેલ છે. उक्तंच—

" काउस्सग्गे जह सुट्ठियस्स, भज्जंति अंगमंगाइं ।
तह भिंदंति सुविहिया, अट्ठविहं कम्मसंघायं ॥१॥

અર્થાત–કાયોત્સર્ગમાં બેઠેલા મુનિનાં જેમ જેમ અંગ ઉપાંગ તૂટે છે તેમ તેમ તેનાં અષ્ટવિધકર્મનો નાશ થતો રહે છે. ॥ ૩૯ ॥

કાયોત્સર્ગ મેં અતિચાર કા ચિન્તન

કાયોત્સર્ગમાં સ્થિત મુનિ શું કરે છે તે કહે છે—" देवसियं " ઇત્યાદિ !

અન્વયાર્થ—મુનિ દેવસિયં અઈયારં અણુ પુવ્વસો ચિંતિજ્જ–दैवसिकं अतिचारं अनुपूर्वशः चिन्तयेत् દિવસ સંબંધિ અતિચારોનો ક્રમશઃ વિચાર કરે. એજ કાયોત્સર્ગ છે, નાણે ય દંસણે ચેવ તહેવ ચરિતમ્મિ–ज्ञाने च दर्शने चैव तथैव चारित्रे च જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં તથા ચારિત્રના વિષયમાં જે કાંઇ અતિચાર લાગ્યા હોય એનો વિચાર કરે. ॥૪૦॥

વળી પણ—" पारिय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—તઓ–ततः અતિચારોની આલોચના કર્યા પછીથી पारिय

काउस्सग्गो-पारितकायोत्सर्गः मुनि કાયોત્સર્ગને પારે સમાપ્ત કરે. એના પછી गुरुं वंदित्ताणं-गुरुं वन्दित्वा गुरुने વંદના કરી देवसियं अईयारं आलोइज्ज जहक्कमं-दैवसिकं अतिचारं यथाक्रमं आलोचयेत् દિવસ સંબંધી અતિચાર गुरुनी પાસે પ્રકાશિત કરે. ॥ ૪૧ ॥

कायोत्सर्ग में स्थित मुनि की रात्रिचर्या की विधि का कथन

ફરી પણ—" पडिक्कमित्तु " ઇત્યાદિ ।

અન્વયાર્થ—तओ-ततः અતિચારોની આલોચના પછી पडिक्कमित्तु-प्रतिक्रम्य પ્રતિક્રમણ ભાવશુદ્ધિરૂપ મનથી પ્રતિક્રમણ સૂત્ર પાઠરૂપ વચનથી મસ્તકને ઝુકાવવારૂપ કાયથી કરીને निस्सल्लो-निःशल्यः માયાદિશલ્ય રહિત થઇને तओ गुरुं वंदित्ताणं-ततः गुरुं वन्दित्वा गुरुवंदना કરી મુનિ सव्वदुक्खविमोक्खणं काउस्सग्गं कुज्जा-सर्वदुःखविमोक्षणं कायोत्सर्गं कुर्यात् સઘળા દુઃખોના નાશ કરવાવાળા કાયોત્સર્ગ જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધિના નિમિત્ત व्युत्सर्ग तप કરે. ॥૪૨ ॥

ફરી કહે છે—" पारिय " ઇત્યાદિ !

અન્વયાર્થ—पारियकाउस्सग्गं-पारितकायोत्सर्गः કાયોત્સર્ગ પાળીને મુનિ गुरुं वन्दित्ताण-गुरुं वन्दित्वा गुरुने વંદના કરે વંદના કર્યા પછી थुइमंगलं च काउं-स्तुतिमंङ्गलं च कृत्वा ' नमोत्थुणं" લક્ષણરૂપ સ્તુતિ બોલે. સ્તુતિ બોલ્યા બાદ कालं संपडिलेहए-कालं संप्रतिलेखयेत् પ્રદોષકાળ સંબધી કાળની પ્રતિલેખના કરે. ॥૪૩॥

પછી શું કરવું જોઈએ તે કહે છે—" पढमं " ઇત્યાદિ !

અન્વયાર્થ—રાત્રિની पढमं पोरिसि सज्जायं-प्रथमां पौरुषीं स्वाध्यायं प्रथम પૌરૂષીમાં સ્વાધ્યાય કરે बीयं झाणं जीयायई-द्वितीयां ध्यानं ध्यायेत् બીજી પૌરુષીમાં ધ્યાન કરે, तइयाइं निद्दमोक्खं तु-तृतीयायां निद्रामोक्षं तु ત્રીજી પૌરૂષીમાં નિદ્રા લે અને सज्जायं तु चउत्थीए-स्वाध्यायं तु चतुर्थ्याम् ચોથી પૌરૂષીમાં ફરીથી સ્વાધ્યાય કરે ॥ ૪૪ ॥

ચૌથી પૌરૂષીમાં સ્વાધ્યાય કેમ કરવો તે સૂત્રકાર કહે છે–"पोरिसीए" ઇત્યાદિ ।

અન્વયાર્થ—રાત્રિની चउत्थीए पोरसीए-चतुर्थ्यां पौरुष्याम् चतुर्थ પૌરૂષીમાં મુનિ कालं पडिलेहिया-कालं प्रतिलेख्य વૈરાત્રિક કાળની પ્રતિલેખના કરીને असंजए अबोहिंतो-असंयतान् अबोधयन् ગૃહસ્થજન જાગી ન જાય એવાં રૂપથી અર્થાત્ મંદમંદ સ્વરથી સ્વાધ્યાય કરે. ॥ ૪૫ ॥

ફરી પણ—" पोरिसीए " ઈત્યાદિ ।

અન્વયાર્થ—तओ-ततः સ્વાધ્યાય કર્યા પછી पोरसीए चउब्भागे-पौरुष्याश्चतुर्थभागे ચોથી પૌરૂષીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે गुरुं वंदित्ताणं-गुरुं वन्दित्वा ગુરુને વંદના કરીને कालस्स पडिक्कमित्ता-कालस्य प्रतिक्रम्य અકાળ આવી ગયેલ છે. એવું સમજીને कालं पडिलेहिए-कालं प्रतिलेखयेत् પ્રભાત કાળની પ્રતિલેખના કરે અર્થાત્ રાઈસી પ્રતિક્રમણ કરે. ॥૪૬॥

कायोत्सर्ग में ज्ञानादि अतिचार का चिन्तन

ફરી પણ—" आगए " ઈત્યાદિ ।

અન્વયાર્થ—सव्वदुक्खविमोक्खणे-सवदुःखविमोक्षणे સર્વ દુઃખોનું નિવારણ કરનાર कायवुस्सग्गे-कायोत्सर्गे કાયોત્સર્ગનો સમય જ્યારે આવી જાય ત્યારે मुनि सव्वदुक्खविमोक्खणं काउस्सग्गं कुज्जा-सर्वदुःखविमोक्षणं कायोत्सर्गं कुर्यात् સર્વ દુઃખ નિવારક કાયોત્સર્ગ કરે. ॥ ૪૭ ॥

કાયોત્સર્ગમાં રાત્રી સંબંધી અતિચારોનું જે પ્રકારે ચિંતન કરવું જોઈએ તે કહે છે—" राइयं च " ઈત્યાદિ !

અન્વયાર્થ—મુનિ नाणम्मि-ज्ञाने જ્ઞાનના વિષયમાં दंसणम्मि-दर्शने દર્શનના વિષયમાં, चरितम्मि-चारित्रे ચારિત્રના વિષેયમાં, तवम्मि य-तपसि च તપના વિષયમાં અને વીર્યના વિષયમાં राइयं अइयारं चिंतिज्ज-रात्रिकं अतिचारं चिंतयेत् રાત્રિના જે કાંઈ અતિચાર લાગેલ હોય તેનું ચિંતવન કરે. ॥૪૮॥

પછી શું કરે છે તે કહે છે—" पारिय " ઈત્યાદિ !

અન્વયાર્થ—पारियकाउस्सग्गो-पारितकायोत्सर्गो કાયોત્સર્ગ પાળીને तओ गुरुं वंदित्ताणं-ततो गुरुं वन्दित्वा ગુરુને વંદના કરીને राइयं अइयारं-रात्रिकं अतिचारं રાત્રી સંબંધી અતિચારોની जहक्कमं आलोएज्ज-यथाक्रमं अतिचारं आलोचयेत यथाक्रम અનુક્રમથી આલોચના કરે. ॥ ૪૯ ॥

વધુ પણ—" પડિક્કમિત્તુ " ઇત્યાદિ !

અન્વયાર્થ—પડિક્કમિત્તુ-પ્રતિક્રમ્ય પ્રતિક્રમણ કરીને નિસ્સલ્લો-નિશલ્યઃ માયા, મિથ્યા, નિદાનશલ્યોથી રહિત બનેલ મુનિ ગુરું વન્દિત્તાણં-ગુરું વન્દિત્વા ગુરુ મહારાજને વંદના કરે. અર્થાત્-ચોથા આવશ્યકના અંતમાં ગુરુમહારાજને વંદના કરીને પાંચમા આવશ્યકનો પ્રારંભ કરે. તઓ સવ્વદુક્ખવિમોક્ખણં કાઉસ્સગ્ગં કુજ્જા-તતો સર્વદુઃખવિમોક્ષણં કાયોત્સર્ગં કુર્યાત્ અને એ પછી સર્વ દુઃખ વિનાશક કાયોત્સર્ગ કરે. ॥ ૫૦ ॥

કાયોત્સર્ગમાં સ્થિત મુનિ કયો વિચાર કરે આ વાત સૂત્રકાર બતાવે છે-

" કિં તવં " ઇત્યાદિ ।

અન્વયાર્થ—કિં તવં પડિવજ્જામિ-કિં તપઃ પ્રતિપદ્યે હું નમસ્કાર સહિત નૌકારસી આદિ કયા તપને ધારણ કરું ? એવં-એવમ્ આ પ્રમાણે તત્થ-તત્ર કાયોત્સર્ગમાં સ્થિત મુનિ વિચિંતએ-વિચિંતયેત્ ચિંતન કરે. મહાવીર ભગવાન તો છ મહિના સુધી તપ કરતા હતા તો શું હું પણ એ પ્રમાણે એટલા સમય સુધી અથવા એનાથી ઓછા સમય સુધી યાવત્ નૌકારસી સુધી તપ કરી શકું કે નહીં ? આ પ્રમાણે પોતાની શક્તિની તુલના કરે. કહ્યું પણ છે—

" चिंते चरमे उ किं तवं काहं ।
छम्मासा मेकदिणादिहाणि जा पोरिसी नमोवा ॥ "

કાયોત્સર્ગના અંતમાં એવું ચિંતવન કરે કે, " હું કયા પ્રકારનું તપ કરી શકું છું. શું છમ્માસી તપ કરી શકું અથવા તો એક દિવસ ઓછો છમ્માસી યાવત્ શું નૌકારસી કરી શકું ? પછી કાઉસગ્ગં તુ પારિત્તા-કાયોત્સર્ગં તુ પરિત્વા કાયોત્સર્ગ પાળીને ગુરુમહારાજને વંદના કરે. ॥ ૫૧ ॥

સામાચારીકા કથન ઔર ઉપસંહાર અધ્યયન સમાપ્તિ

મુનિ પછી શું કરે તે કહે છે—" पारिय " ઇત્યાદિ

અન્વયાર્થ—पारियकाउस्सग्गो–पारितकायोत्सर्गः જેણે કાયોત્સર્ગ સમાપ્ત કરેલ હોય એવા મુનિ गुरुं वंदित्ताणं–गुरुं वन्दित्वा ગુરુમહારાજને વંદના કરીને यथाशक्ति तवं पडिवज्जित्ता–तपः प्रतिपद्य ચિંતિત તપનો સ્વીકાર કરી सिद्धाण-संथवं करिज्ज–सिद्धानां संस्तवं कुर्यात् " नमोत्थुणं " આ પાઠને બે વાર ભણે ॥૫૨॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરીને કહે છે—" एसा "–ઇત્યાદિ !

અન્વયાર્થ—एसा–एषा અનન્તરોક્ત આ દશ પ્રકારની सामायारी–सामाचारी સામાચારી અને ઓઘ સામાચારી મેં समासेण वियाहिया–समासेन व्याख्याता સંક્ષેપથી કહી છે. जं चरित्ता बहू जीवा संसारसागरं तिण्णा त्तिबेमि–यां चरित्वा बहवो जीवाः संसारसागरं तीर्णाः જે સામાચારીનું પાલન કરીને અનેક જીવ આ સંસાર સાગરથી પાર થયેલ છે. (त्तिबेमि–इति ब्रवीमि) સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે કે, હે જમ્બૂ ભગવાનની પાસેથી મેં જેવું સાંભળેલ છે તેવું આ તમને કહેલ છે. ॥ ૫૩ ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું છવ્વીસમું 'સામાચારી' નામનું અધ્યયન સમાપ્ત ॥૨૬॥

સતાઇસવેં અધ્યયન કા પ્રારંભ

સત્તાવીસમા અધ્યયનની શરૂઆત

સામાચારી નામનો છવીસમું અધ્યયન કહેવાઈ ગયેલ છે, હવે આ સત્તાવીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ 'ખલુંકીય' છે. છવીસમા અધ્યયનનિ સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રમાણે છે–છવીસમા અધ્યયનમાં સામાચારી કહેવામાં આવેલ છે. એ સામાચારી અશઠ–સરલપણાથી જ પાળી શકાય છે. શઠપણાથી નહીં. અશઠતાનું જ્ઞાન એનાથી વિપરીત જે શઠતા છે. એનું જ્ઞાન થવાથી જ થાય છે. આ કારણે આ અધ્યયનમાં દૃષ્ટાંતથી શઠતાનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે. આ સંબંધને લઈને પ્રારંભ કરાએલા આ અધ્યયનનું આ પ્રથમ સૂત્ર છે.—" थेर " ઇત્યાદિ

અન્વયાર્થ—થેરે-સ્થવિરઃ સંયમમાર્ગથી વિચલિત જીવોને સ્થિર કરવાના સ્વભાવવાળા, અર્થાત–શ્રુતચારિત્રરૂપ ધર્મથી વિચલિત પ્રાણીયેાને એજ ધર્મમાં ફરીથી સ્થિર કરવાવાળા તથા ગણહરે–ગણધરઃ જ્ઞાનાદિક ગુણસમૂહને ધારણ કરવાવાળા વિસારએ–વિશારદઃ તથા સકળશાસ્ત્રોના પારગામી, મુણી–મુનિઃ સમસ્ત સાવદ્યવ્યાપારોના સર્વથા ત્યાગી એવા ગગ્ગે–ગર્ગઃ ગર્ગ નામના કોઈ એક આચાર્ય આસી–આસીત્ હતા. તેઓ આઇણ્ણે–આકીર્ણઃ આચાર્યના ગુણથી યુક્ત હતા. એ માટે ગણિભાવમ્મિ–ગણિભાવે આચાર્ય પદ ઉપર બીરાજમાન હતા. એ ગર્ગાચાર્ય કર્મોદયથી કુશિષ્ય દ્વારા ફરી ફરી વિચલિત પોતાની સમાધીને, અર્થાત–ચિત્તની એકાગ્રતાને સ્થિર કરતા રહેતા હતા. ॥ ૧ ॥

સમાધીને ધારણ કરતી વખતે જે પ્રકારનો વિચાર કરે છે, તે કહેવામાં આવે છે.—"वहणे" ઇત્યાદિ.

અન્વયાર્થ—વહણે–વહને રથ અને ગાડા વગેરેમાં જોડવામાં આવેલા વિનીત બળદ આદિ જાનવરોને વહમાણસ્સ–વહમાનસ્ય સારી રીતે ચલાવનાર સારથી કે, જે કંતારં અઇવત્તઇ–કાન્તરમ્ અતિવર્તતે અટવીને પાર કરી જાય છે આજ પ્રમાણે જોએ वहमाणस्स संसारं अइवत्तइ–योगे वहमानस्य संसारोऽतिवर्तते સંયમ વ્યાપારમાં સુશિષ્યોને લગાડવાવાળા આચાર્ય આદિકોનો સંસાર પણ અતિક્રાંત થઈ જાય છે.

ભાવાર્થ—શિષ્યોને વિનીત જોઈને ગુરુ સમાધી ભાવને પ્રાપ્ત બની જાય છે. ॥૨॥

આ ચિત્ત સમાધિની પ્રાપ્તિ માટે વિનીત શિષ્યોના સ્વરૂપનો વિચાર કરી ગર્ગાચાર્ય અવિનીત શિષ્યોના સ્વરૂપને આ પ્રમાણે વિચારે છે.–"खलुंके" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ઉ–યસ્તુ જે સારથી ख 'के–खलुङ्कान् પીઠગળિયા બળદોને ગાડી આદિમાં જોએઇ–योजयति જોડે છે તે એને વિહમ્માણો–विघ्नन् સારા માર્ગ ઉપર ચાલવા માટે મારતાં મારતાં किलिस्सइ–क्लिश्यति ખેદખિન્ન બની જાય છે. આથી તે असमाहिं च वेएइ–असामाधिं च वेदयते ચિત્તની ઉદ્વિગ્નતાનો અનુભવ કરવા લાગે છે. તથા से य तोत्तओ भज्जइ–तस्य त्रोतकः भज्यते એ બીચારાનો એ બળદોને મારતાં મારતાં ચાબુક પણ તૂટી જાય છે. ॥ ૩ ॥

આવા ગળિયા બળદોને કારણે બીજાયેલા સારથી શું કરે છે? તે કહે છે—

"एगं" ઇત્યાદિ!

અન્વયાર્થ—एगं पुच्छम्मि डसइ-एकं पुच्छे दशति એક બળદના પૂછડાને બટકું ભરે છે અને एगे-एकम् બીજા બળદને अभिक्खणं विंधइ-अभिक्ष्णम् विध्यति આરથી વારંવાર વ્યથિત કરે છે. આ પ્રકારે થવાથી एगो समिलं भंजइ-एकः शमिलं भनक्ति એક બળદ ઘોંસરાને તોડીને ભાગી જાય છે અને एगो उप्पहपट्ठिओ-एकःउत्पथे प्रस्थितः બીજો બીજા માર્ગે ભાગી જાય છે. ॥ ૪ ॥

ફરી પણ—"एगो"-ઇત્યાદિ.

અન્વયાર્થ—एगो-एकः કોઈ એક દુષ્ટ બળદ पासेणं पडइ-पार्श्वेन પાસેણ પતતિ વામ-ડાબા પડખેથી અથવા દક્ષિણ પડખેથી જમીન ઉપર પડી જાય છે અને બીજો निवेसइ-निविशति નીચું મોઢું કરીને બેસી જાય છે કોઈ निवज्जइ-निपद्यते ચારે પગ પસારીને સુઇ જાય છે, કોઈ એક उक्कुद्दइ-उत्कूर्दते કૂદવા લાગી જાય છે, કોઇ એક, उप्फिडति-उत्स्फिटति દેડકાની માફક ઉછળવા માંડે છે, કોઈ એક सढे-शठः માયાચારી બળદ बालगविं वए-बालगवीं व्रजति ગાયને જોઈને તેની પાછળ પાછળ ભાગી જાય છે. ॥ ૫ ॥

ફરી પણ—"माइ" ઇત્યાદિ !

અન્વયાર્થ—माई-मायी કોઈ એક માયાવી બળદ પોતાને બીલકુલ કમજોર બતાવીનेमुद्धेण-मूर्ध्ना માથું ઢાળી દઈને पडइ-पतति જમીન ઉપર પડી જાય છે, કોઈ એકकुद्धे-क्रुद्धः ક્રોધી બનીને पडिपहं गच्छइ-प्रतिपथं गच्छति ઉંધા માર્ગે ચાલવા માંડે છે, કોઇ એક मयलक्खेण चिट्ठइ-मृतलक्ष्येण तिष्ठति મરી ગયેલ જેવો દેખાવ કરીને પડી જાય છે, वेगेण पहावइ-वेगेन प्रधावति ઘણી મુશ્કેલીથી ઉઠાડવાથી ઘણા જ જોરથી દોડવા લાગે છે તથા એવો દોડે છે કે, જેનાથી તેનો સહચારી બળદ તેની સાથે ચાલી શકતો નથી. ॥ ૬ ॥

ફરી પણ—"छिण्णाले" ઇત્યાદિ !

અન્વયાર્થ—छिन्नाले-छिन्नालः કોઈ દુષ્ટ જાતનો બળદसल्लिं छिन्नई-रश्मिं છિનત્તિ રાસને તોડી નાખે છે, दुइन्ते जुगं भज्जइ-दुर्दान्तः युगं भनक्ति કાબુથી બહાર થયેલો કોઇ બળદ ઘોંસરાને તોડી નાખે છે, सोवि य सुस्सूयाइत्ता

उज्जहित्ता पलायइ-सोऽपि च सूत्कृत्य उद्धाय पलायते કોઈ કોઈ દુષ્ટ બળદ તો સુસવાટા કરીને સારથી તેમજ ગાડી બન્ને રસ્તામાં છોડીને જ ભાગી જાય છે. ॥૭॥

આ પ્રમાણે દૃષ્ટાંતને કહીને સૂત્રકાર હવે દાર્ષ્ટાન્તિકની સાથે યોજના કરે છે—"खलुंका" ઇત્યાદિ !

અન્વયાર્થ—ગર્ગાચાર્ય પોતાના શિષ્યો અંગે એવો વિચાર કરે છે કે, जारिसा जोज्जा खलुंका-यादृशाः योज्याः खलुङ्काः જેમ એ ગાડીમાં જોડવામાં આવેલા દુષ્ટ બળદ હોય છે, तारिसा-तादृशाः એ પ્રમાણે हु-खलु નિશ્ચયથી दुस्सीसा वि-दुःशिष्या अपि દુષ્ટ શિષ્ય પણ હોય છે, धिइदुब्बला धम्मजाणम्मि जोइया-धृतिदुर्बला धर्मयाने योजिताः भवन्ति એ શિષ્ય નિર્બળ ચિત્તના હોવાને કારણે ધર્મધ્યાનમાં નિયુકત કરવા છતાં પણ હસ્તોત્સાહ બની જાય છે.

ભાવાર્થ—જે પ્રમાણે દુષ્ટ બળદો ગાડીમાં જોડવાથી ગાડી ચલાવનાર સારથીને ખેદખિન્ન કરે છે અને જે રસ્તે જવાનું હોય ત્યાં ચાલતાં અવળે રસ્તે ગાડીને ખેંચી જાય છે એવી જ રીતે દુષ્ટ શિષ્ય પણ આચાર્ય–તરફથી સમજાવવામાં આવતા ધર્મધ્યાન અને એને એ ધર્મધ્યાન શીખવામાં પ્રેરણા કરાતી હોય છે ત્યારે એ તરફ દુર્લક્ષ સેવીને ઉલટ આચાર્યને પીડિત કરતા હોય છે. તેમજ સંયમક્રિયા નુષ્ઠાનથી પતિત બની જાય છે. આ કારણે તે મુકિત સ્થાનમાં પહોંચતા નથી. ॥૮॥

હવે આવા શિષ્યની ધૃતિદુર્બળતાને બતાવવામાં આવે છે–"इड्ढी" ઇત્યાદિ !

અન્વયાર્થ—કોઈ एगे-एकः એક સાધુ इड्ढिगारविए-ऋद्धिगौरविकः મારા શ્રાવક ધનસંપન્ન છે, અને મારી વાતને માને છે, મારાં વસ્ત્ર પાત્રાદિક ઘણાં સારાં છે. ઇત્યાદિ રૂપથી પોતે પોતાની જાતને ખૂબ જ ઉંચી માને છે. એવા સાધુને ઋદ્ધિના ગૌરવવાળા કહેવામાં આવે છે. ઋદ્ધિનું આ પ્રમાણે ગૌરવ કરનાર સાધુ પોતાના ગુરુના આદેશ પ્રમાણે વર્તતા નથી. કોઈ एगे-एकः એક સાધુ એવા હોય છે કે, જે रसगारवे-रसगौरवः રસમાં લોલુપ હોય છે. એવા રસલોલુપિ સાધુ બાલગ્લાન આદિના માટે આહાર આપવામાં અને તપસ્યાનું અનુષ્ઠાન કરવામાં પ્રવૃત્તિ કરતા નથી. एगे-एकः કોઈ એક સાધુ सायागारविए-सातगौरविकः એવા હોય છે કે, જે મનમોજી હોય છે જેને લઈને તે આચાર્યની આજ્ઞા પ્રમાણે ચાલતા નથી, કોઈ એક સાધુ सुचिरकोहणे-सुचिरक्रोधनः ખૂબ ક્રોધ કરનાર હોય છે, એવા સાધુ તપ સંયમની ક્રિયાનું અનુષ્ઠાન કરવામાં સમર્થ હોતા નથી. ॥ ૯ ॥

ફરી પણ—" भिक्खालसिए " ઇત્યાદિ !

અન્વયાર્થ—કુશિષ્યોમાં एगे–एकः કોઈ સાધુ એવા પણ હોય છે કે, જે भिक्खालसिए–भिक्षालसिकः ભિક્ષાવૃત્તિ કરવામાં આળસુ હોય છે, આવા સાધુ ગોચરીના સમયે આવતા પરીષહને સહન કરવામાં અયોગ્ય હોય છે. અર્થાત–તે ગોચરીના પરીષહોને સહન કરી શકતા નથી. एगे–एकः કોઈ એક સાધુ ओमाणभीरूए–अपमानभीरुकः અપમાનને સહન કરવામાં ભીરુ હોય છે, આવા સાધુ ભિક્ષા માટે પર્યટન કરવા છતાં પણ ગૃહસ્થના ઘરોમાં જવા માટે તત્પર થતા નથી, કોઈ એક સાધુ थद्धे–स्तब्धः અહંકારી હોય છે, એવા સાધુ પોતાના અહંભાવને કારણે વિનયધર્મને પાળી શકતા નથી. પછી આચાર્ય વિચારે છે કે, હું કોઇ શિષ્યને વિનીત સમજીને હેતુ અને કારણોથી સમજાવું તો એ પણ વક્ષ્યમાણ પ્રકારનો બની જાય છે. ॥ ૧૦ ॥

હવે એને જ કહે છે—" सो वि " ઇત્યાદિ !

અન્વયાર્થ—सो वि–सोऽपि એ પણ શિષ્ય अंतरभासिल्लो–अन्तरभाषकः જ્યારે આચાર્ય તેને સમજાવે છે ત્યારે તે વચ્ચે વચ્ચે બોલીને દોષ જ પ્રગટ કરતો રહે છે. અર્થાત્ આચાર્ય મહારાજના સમજાવવામાં પણ તે દોષ જ પ્રગટ કરતો રહે છે. તથા એ કુશિષ્ય आरियाणं तं वयणं अभिक्खणं पडिकूलेइ–आचार्याणां तद्वचनं अभीक्ष्णं प्रतिकूलयति આચાર્ય તેને જે કાંઇ કહે છે એના વચનને વારંવાર કુયુકિતથી વિપરીત બતાવતો રહે છે. અથવા આચાર્ય એને કાંઇ હિત શિક્ષાની વાત કહે છે, તો તે તરત જ પ્રત્યુત્તરના રૂપથી કહેવા માંડે છે કે, આપ અમને શા માટે આમ કહ્યા કરો છો, આપ જ એ પ્રમાણે કેમ કરતા નથી. અર્થાત્–આપ અમને જેમ કહો છો તેવુ આપ કેમ કરતા નથી. ॥ ૧૧ ॥

એ કુશિષ્ય કેવું પ્રતિકૂળ આચરણ કરે છે તે કહે છે–" न सा "ઇત્યાદિ!

અન્વયાર્થ––કુશિષ્યને જ્યારે આચાર્ય મહારાજ એવું કહે છે કે, હે શિષ્ય ! અમુક શ્રાવિકાના ઘેરથી મારા માટે તમે આહાર લઈ આવો એ સમયે તે કુશિષ્ય જવાબ આપે છે કે, सा मम न वियाणइ–सा मां न विजानाति એ શ્રાવિકા મને ઓળખતી નથી, આથી તે મને આપશે નહીં. અથવા એવો પણ ઉત્તર આપી દે છે કે, मन्ने–मन्ये હે ગુરુ ! હું એવું માનું છું કે, નિગયા होहिई તે આ સમયે ઘેરથી કયાંક બહાર ગઈ હશે. અથવા એવું પણ કહી

દે છે કે, अन्नोत्थवच्चउ–अत्र अन्यः व्रजतु આપ આ કાર્ય માટે બીજા કોઇ સાધુને મોકલાવો. હું એક સાધુ જ નથી બીજા પણ ઘણા સાધુ છે. ॥ ૧૨ ॥

ફરીથી પણ કુશિષ્ય સાધુ શું કહે છે તે બતાવે છે–"पेसिया" ઇત્યાદિ!

અન્વયાર્થ––पेसिया–प्रेषियाः આ કુશિષ્યને જ્યારે ગુરુમહારાજ કોઈ ગૃહસ્થને ત્યાં આહાર આદિ સામગ્રી લેવા મોકલે તે ત્યારે पलिउं–चंति–अपह्नुवते "આપે કયારે કહ્યું હતું કે અમુકને ત્યાંથી આહાર લઈ આવો." એવું કહી દે છે અર્થાત્–ગુરુ મહારાજ જે ઘેરથી આહાર લાવવાનું કહે છે તે ઘેરથી એ આહાર લાવતા નથી અને એ વાતને છુપાવવા માટે ઉલટું ગુરુમહારાજને કહી દે છે કે, "આપે એ ઘેરથી આહાર લાવવા માટે કયારે કહ્યું હતું" અથવા મધુર આહાર આદિને છુપાવી લે છે. ગુરુમહારાજને બતાવતા નથી. અથવા ગુરુએ કહેલ કાર્યોને કરતા નથી, અથવા–અકૃત કાર્યોને પણ "કરી લીધું" એમ કહી દે છે. અથવા–જે ઘરે અગર જે ગૃહસ્થને ત્યાં આપે મને મોકલેલ તે ગૃહસ્થ અથવા ઘર મને ન મળ્યું. આ પ્રમાણે કહી દે છે, समंतओ ते परियंति–समन्ततः ते परियन्ति કુશિષ્ય એવા ભયથી એહીં તહિં થતા રહે છે કે, જો ગુરુમહારાજની પાસે હું બેસીશ તો કોઈને કોઇ કામ ચીંધશે. रायविट्ठिंव मन्नंता मुहे भिउडिं करिंति–राजवेष्टितमिव मन्यमानाः मुखे भ्रकुटिं कुर्वन्ति કોઇ સમય જો ગુરુમહારાજ કોઈ કાર્ય કરવાની આજ્ઞા આપે છે તો એ આજ્ઞાને રાજાની વેઠ સમજીને ક્રોધના આવેશથી મોઢું ચડાવી લે છે અને ઈર્ષાસૂચક એવી બીજી ચેષ્ટાઓ પણ કરતા રહે છે. ॥ ૧૩ ॥

ફરી પણ—"वाइया" ઇત્યાદિ।

અન્વયાર્થ—वाइया–वाचिताः આવા કુશિષ્યોને ગુરુમહારાજ તરફથી સૂત્ર ભણાવીને જ્યારે પંડિત બનાવાય છે તથા પોતાની નિશ્રામાં રાખીને જ્યારે તેને संगहिया–संगृहीताः સારી રીતે સુરક્ષિત કરવામાં આવે છે, તથા भत्तपाणेण पोसिया–भक्तपानेन पोषिताः ભક્તપાન દ્વારા પૂર્ણ પુષ્ટ કરવામાં આવે છે ત્યારે તે કોઇ કામ ઉપસ્થિત થતાં जायपक्खा जहा हंसा–जातपक्षा यथा हंसाः હંસ પાંખો આવવાથી જેમ મનફાવતી દિશામાં ઉડી જાય છે. એજ રીતે પોતાના ગુરુજનોને છોડીને પોતાની ઇચ્છા મુજબના વિહારી બની જાય છે.

ભાવાર્થ—હંસ જેમ પોતાના માતાપિતા તરફથી પાલન પોષણ થઈ ઉડવા યોગ્ય થતાં બીજા સ્થળે ઉડી જાય છે એજ રીતે કુશિષ્ય પણ ગુરુમહારાજ

તરફથી દરેક રીતે યોગ્ય બનાવાઈ જતાં ગુરુને છોડીને બીજે ચાલ્યા જાય છે. ॥૧૪॥

આ પ્રમાણે કુશિષ્યના સ્વરૂપનો વિચાર કરી પોતાના એવા કુશિષ્યોથી અસમાધિક અને કલેશને પ્રાપ્ત બનેલા ગર્ગાચાર્યે શું કર્યું તે સૂત્રકાર કહે છે—

"अह" ઇત્યાદિ !

અન્વયાર્થ—अह–અથ આ પ્રમાણે કુશિષ્યના સ્વરૂપનો વિચાર કર્યા બાદ खलुंकेहिं–खलुङ्कः દુષ્ટ બળદના જેવા કુશિષ્યોથી समागओ–समागतः યુક્ત सारही–सारथिः સારથીની જેમ ધર્મધ્યાનના નિયન્તા એવા ગર્ગાચાર્યે મનમાં એવો વિચાર કર્યો કે, दुट्ठसीसेहिं मज्झ किं–दुष्टशिष्यैः मम किम् આવા દુષ્ટ શિષ્યોથી મારે શું પ્રયોજન છે. આમનાથી મારૂં કયું કાર્ય સિદ્ધ થાય છે. मे अप्पा अवसीयई–मे आत्मा अवसीदति આમને ઉપદેશ આદિ આપવામાં વ્યગ્રચિત્ત થયેલ મારો આત્મા જ દુઃખી થાય છે. આથી આ પાંચસો કુશિષ્યોને સમજાવતાં સમજાવતાં મારો સમય નકામો જઇ રહેલ છે. આથી મારૂં કલ્યાણ કયાંથી થઈ શકે. આ કારણે આ શિષ્યોનો પરિત્યાગ કરીને મારે ઉગ્ર વિહારી થવું જોઇએ. ॥ ૧૫॥

આવા કુશિષ્યોને શિક્ષા આપવાને બદલે મારા આત્માનું કલ્યાણ કરી લઉં એજ ઠીક છે. એ માટે કહે છે—"जारिसा" ઇત્યાદિ!

અન્વયાર્થ—जारिसा मम सीसा उ तारिसा गलिगद्दहा–यादृशाः मम शिष्याः तादृशाः गलिगर्दभाः જેવા આ મારા શિષ્ય છે તેવાજ ખચ્ચર હોય છે, આમને સમજાવવામાં મારે કાળને વ્યતીત કરવા સીવાય તેમજ કર્મબંધ સિવાય બીજો કોઈ લાભ નથી. આ કારણે આમનો પરિત્યાગ કરવો એજ મારા માટે ઉચિત રસ્તો છે, આમને પ્રેરણા આદિ કરવામાં મારો સમય વ્યર્થ જ જાય છે. આવો વિચાર કરીને ગર્ગાચાર્યે गलिगद्दहे चइत्ताणं–गलिगान् त्यक्त्वा ખચ્ચરના જેવા એ કુશિષ્યોનો પરિત્યાગ કરીને दृढं तपं पगिण्हई–दृढं तपः प्रगृह्णाति અનશન આદિ તપોને દૃઢતાથી ધારણ કરી લીધાં. ॥ ૧૬ ॥

कुशिष्यों को छोडकर गर्गाचार्य मुनि का आत्म कल्याणमें प्रयत्नशील होना

શિષ્યોને છોડી દીધા પછી ગર્ગાચાર્ય કયા પ્રકારના થઈ ને શું કરે છે તે કહે છે—"मिउमद्दव" ઇત્યાદિ ।

અન્વયાર્થ—मिउ मद्दव संपन्ने–मृदुमार्दव संपन्नः બહાર અને અંદરથી

કોમળ વૃત્તિવાળા તથા ગંભીરે–ગંભીરઃ ગાંભીર્ય ગુણથીયુક્ત અને સુસમાહિએ–સુસમાહિતઃ અતિશય સમાધિસંપન્ન એવા એ મહપ્પા–મહાત્મા મહાત્મા ગર્ગાચાર્ય મહારાજ સીલભૂએણ અપ્પણા–શીલભૂતેન આત્મના ચારિત્રયુક્ત આત્મપરિણતિથી યુકત બનીને મહિં વિહરઇ–મહીં વિહરતિ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. અર્થાત્–મોક્ષરૂપ પોતાના આત્મકલ્યાણની સાધના કરવામાં તલ્લીન બની ગયા. "त्तिबेमि–इति ब्रवीमि" આ પ્રમાણે જેવું ભગવાન પાસેથી મેં સાંભળ્યું છે તેવું જ કહેલ છે.।।૧૭।।

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું 'ખલુંકીય' નામનું સત્તાવીસમું અધ્યયન સંપૂર્ણ ॥ ૨૭॥

अठाईसवें अध्ययन का प्रारंभ और मोक्षमार्ग के स्वरूप और उनके फल का कथन

અઠાવીસમા અધ્યયનની શરૂઆત

સત્તાવીસમું અધ્યયન કહેવાઈ ગયું છે. હવે અઠાવીસમા અધ્યયનની શરૂઆત થાય છે. આ અધ્યયનનો સત્તાવીસમા અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે.–સત્તાવીસમા અધ્યયનમાં શઠતા (કુટિલતા) નો પરિત્યાગ કરીને વિનય માર્દવ આદિરૂપ અશઠતા ધારણ કરવી જોઈએ, એમ કહેલ છે. અને એ અશઠતાને ધારણ કરનાર સાધુને મોક્ષમાર્ગની પ્રાપ્તિ સુલભ બને છે. એ વાતને સમજાવવા માટે આ અઠાવીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે—" मोक्खमग्ग " ઈત્યાદિ.

અન્વયાર્થ—હું સઘળા કર્મોના ક્ષયરૂપ मोक्खमग्गगइं–मोक्षमार्गगतिं મોક્ષના સમ્યગ્દર્શન આદિરૂપ માર્ગથી પ્રાપ્ત થનારી સિદ્ધિગમનરૂપ ગતિને કહું છું, सुणेह–शृणुत તે સાંભળો. આ ગતિ चउकारणसंजुत्तं–चतुष्कारणसंयुक्तां चतुष्कारण જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ આ ચાર કારણોથી યુકત છે. नाणदंसणलक्खणं–ज्ञानदर्शनलक्षणां સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, એ બન્ને જેનાં લક્ષણ છે. એવી છે. જીનેન્દ્ર દેવે આને પોતાની દિવ્ય વાણી દ્વારા પ્રતિપાદન કરેલ છે, તથા આ શાશ્વતિક હોવાથી तच्चं–તથ્યાં સત્યરૂપ છે.

શંકા—વક્ષ્યમાણ એ જ્ઞાનાદિક ચાર કર્મક્ષય લક્ષણરૂપ મોક્ષનાંજ કારણ છે ગતિનાં નહીં. ગતિ તો આ મુક્તિના પછી થનારી અવસ્થાનું નામ છે. આ કારણે આમાં ચતુષ્કારણતા આવતી નથી. મોક્ષમાંજ ચતુષ્કારણતા આવે છે.

ઉત્તર—જ્ઞાનાદિક એ ચાર સકળ કર્મ ક્ષયરૂપ મોક્ષનાં જ સાક્ષાત કારણ આ ગતિને ચતુષ્કારણ યુક્ત કહેલ છે. ॥ ૧ ॥

પહેલાં જે કહેલ છે કે, "મોક્ષ માર્ગ ગતિને સાંભળો" તો હવે મોક્ષ માર્ગને કહેવામાં આવે છે—" નાણં ચ " ઇત્યાદિ !

અન્વયાર્થ—જિણેહિં વરદંસિહિં–જિનૈર્વરદર્શિભિઃ જીન ભગવાનને કેવળજ્ઞાન રૂપ આલોકથી સકળ દ્રવ્ય અને પર્યાયોના યુગપતનું અવલોકન કરી, નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા–જ્ઞાનં ચ દર્શનં ચૈવ ચારિત્રં ચ તપસ્તથા સમ્યગ્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ ચારિત્ર તથા તપ આ ચારેને મોક્ષનો માર્ગ કહેલ છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષય ક્ષયોપશમથી ઉદ્ભવેલ જ્ઞાન સમ્યક્જ્ઞાન છે. તે મતિ શ્રુત, અવધિ, મનઃપર્યય, અને કેવળના ભેદથી પાંચ પ્રકાર છે. દર્શન મોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી ઉદ્ભવેલ એવી તત્વાર્થ શ્રદ્ધાનરૂપ પરિણતિનું નામ સમ્યક્દર્શન છે. આ ક્ષાયિક આદિના ભેદથી અનેક પ્રકારે છે. ચારિત્ર મોહનીય કર્મના ક્ષય આદિથી ઉદ્ભવેલ તથા સામાયિક આદિ ભેદવાળી એવી સત્ ક્રિયાઓમાં પ્રવૃત્તિરૂપ અને અસત્ ક્રિયાઓથી નિવૃત્તિરૂપ ચારિત્ર છે. બહારના અને અંદરના ભેદથી તપ બે પ્રકારનાં છે.

શંકા—તપ જ્યારે ચારિત્રના અંતર્ગતજ માનવામાં આવેલ છે તો પછી અહીં તેને સ્વતંત્ર રૂપથી અલગ શા માટે ગણવામાં આવેલ છે ?

ઉત્તર—કર્મોનો નાશ કરવા તરફ તપ સાક્ષાત્ કારણ માનવામાં આવેલ છે. આથી મોક્ષાભિલાષીએ એમાં વિશેષરૂપથી આદર રાખનાર થવું જોઇએ. આ વાતને બતાવવા માટે અહીં ચારિત્રથી ભિન્ન તપને ગ્રહણ કરવામાં આવેલ છે. ॥૨॥

હવે સૂત્રકાર આનો અનુવાદ કરીને ફળ કહે છે– 'નાણં ચ" ઇત્યાદિ.

અન્વયાર્થ—નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા–જ્ઞાનં ચ દર્શનં ચૈવ ચારિત્રં ચ તપસ્તથા જ્ઞાનદર્શન ચારિત્ર અને તપ આને મોક્ષનો માર્ગ કહેવામાં આવેલ છે. આ માર્ગને અણુપ્પત્તા–અનુપ્રાપ્તા પ્રાપ્ત કરનાર જીવા–જીવાઃ જીવ સોગ્ગઇં–સુગતિં સુગતિને–મુક્તિને ગચ્છંતિ–ગચ્છન્તિ પ્રાપ્ત કરે છે. ॥ ૩ ॥

હવે અહીં સૂત્રકાર પ્રથમ જ્ઞાનના ભેદ બતાવે છે–"तत्थ" ઈત્યાદિ!

અન્વયાર્થ––तत्थ–तत्र ત્યાં नाणं पंचविहं–ज्ञानं पञ्चविधं જ્ઞાનના પાંચ પ્રકાર છે તે આ રીતે છે–सुयं–श्रुतम् શ્રુતજ્ઞાન, आभिणिबोहियं–आभिनिबोधिकम् મતિજ્ઞાન,तइयं तु–तृतीयंतु ત્રીજું અવધિજ્ઞાન, मणनाणं–मनोज्ञानम् મનઃ પર્યયજ્ઞાન च–च અને पांचमं केवलं–केवलम् કેવળજ્ઞાન.

શંકા–નંદિસૂત્ર આદિમાં પ્રથમ મતિજ્ઞાનને ગ્રહણ કરેલ છે અને અહીં પ્રથમ શ્રુતજ્ઞાનને આનું શું કારણ છે?

ઉત્તર–અહીં શ્રુતજ્ઞાનનું પ્રથમ ગ્રહણ એ માટે કરવામાં આવેલ છે કે, મતિ આદિ જ્ઞાનોના સ્વરૂપનું જ્ઞાન પ્રાયઃ શ્રુતજ્ઞાનના આધીન છે. આ વાતને બતાવવા માટે શ્રુતનું ગ્રહણ પ્રથમ કરવામાં આવેલ છે. જીવ અજીવ આદિ પદાર્થોનું જ્ઞાન કરાવનાર આગમજ્ઞાનનું નામ શ્રુતજ્ઞાન છે. પાંચ ઈંદ્રિય અને મનથી રૂપાદિક પદાર્થને જાણનાર જ્ઞાનનું નામ મતિજ્ઞાન છે. દ્રવ્ય, ક્ષેત્ર આદિના વિના ઇન્દ્રિયોની મર્યાદા બાંધીને રૂપી પદાર્થને જાણનાર જ્ઞાનનું નામ અવધિજ્ઞાન છે. ઇન્દ્રિયોની સહાયતા વગર દ્રવ્ય ક્ષેત્ર આદિની મર્યાદા બાંધીને મનોદ્રવ્યની પર્યાયોને જાણનાર જ્ઞાનનું નામ મનઃ પર્યય જ્ઞાન છે. અસાધારણ અને અનંત એવા જ્ઞાનનું નામ કેવળજ્ઞાન છે. ॥ ૪॥

જ્ઞાન વિષય કા વર્ણન

હવે જ્ઞાનનો વિષય કહેવામાં આવે છે—" एयं " ઈત્યાદિ.

અન્વયાર્થ––એ પાંચેય જ્ઞાન एयं पंचविह नाणं–एतत्पंचविधं ज्ञानं દ્રવ્યોને गुणेाने च–च અને सव्वेसिं–सर्वेषां બધા पज्जवाणं–पर्यवाणां પર્યાયોને જાણે છે. આ રીતે नाणं–ज्ञानम् મતિજ્ઞાન અને दव्वाण य गुणाण य–द्रव्यनां च गुणानां च દ્રવ્યોને તથા ગુણોને च–च અને सव्वेसिं–सर्वेषाँ બધા पज्जवाणं–पर्यवाणां પર્યાયોને જાણે છે આ રીતે नाणं–ज्ञानम् આ જ્ઞાનને नाणेहिं–ज्ञानिभिः

અતિશયજ્ઞાનવાળા કેવળજ્ઞાનીઓએ દેસિયં–દેશિતમ્ કહ્યું છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમસ્ત દ્રવ્યોને અવગ્રહરૂપથી જાણવા છતાં પણ એની થોડી પર્યાયોને જ જાણે છે. આ પ્રમાણે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન પણ દ્રવ્યાદિકની મર્યાદાને બાંધીને રૂપી પદાર્થોને કોઈની સહાયતા વગર સ્પષ્ટપણે જાણે છે. તથા તેની પર્યાયો અને ગુણોને જાણે છે. કેવળજ્ઞાનરૂપી અરૂપી સઘળા દ્રવ્યોને તેની ત્રિકાળવર્તી સઘળા પર્યાયોને તથા સઘળા ગુણોને જાણે છે, એજ વાત "सर्वेषां" એ પદથી અહિં બતાવવામાં આવેલ છે. બાકી ચાર જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, પ્રતિનિયત દ્રવ્યાદિકોનો વિષય કરે છે. આ પ્રમાણે અતિશય જ્ઞાન સંપન્ન કેવળીયોનું કથન છે.

દ્રવ્યાદિ કે લક્ષણ કા વર્ણન

અહીં કોઈ બીજાની એવી આશંકા છે કે, જ્ઞાન પોતાના સ્વરૂપને જ જાણનાર હોય છે. બીજા પદાર્થોને નહીં. કેમકે, જ્ઞાનથી અતિરિક્ત બાહ્ય વસ્તુનો સદ્ભાવ જ સિદ્ધ થતો નથી. તો આ પ્રમાણે કોઈનું કહેવું બરોબર નથી. કારણ કે, જે પ્રમાણે અંતરંગમાં સુખાદિકોનો પ્રતિભાસ થાય છે. એજ પ્રમાણે બહારમાં પણ સ્થૂલ પદાર્થોનો પ્રતિભાસ થાય છે. આ સ્થૂળ પદાર્થોનો પ્રતિભાસ પણ સ્વસંવિદિત છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્ઞાન સ્વ અને પરનું નિશ્ચયાત્મક માનવામાં આવેલ છે. જે પ્રમાણે અંતઃ સંવેદન સ્વ અને પરનો વ્યવસાયી છે. એજ પ્રમાણે બાહ્ય સંવેદન પણ સ્વ અને પરનો વ્યવસાયી માનવામાં આવેલ છે. અથવા અન્તઃ સુખાદિ પ્રતિભાસ જે રીતે સ્વ સંવિદિત થાય છે એજ પ્રમાણે સ્થૂળ પદાર્થોનો પ્રતિભાસ પણ સ્વસંવિદિત થાય છે. એવી સ્થિતિમાં એકમાં તાત્વિકતા અને બીજામાં અતાત્વિકતા માનવી એ ઠીક નથી. જો કહેવામાં આવે કે, સ્વ સંવિદિત પ્રતિભાસ જ વાસ્તવિક છે. એ પ્રતિભાસમાં વિષયરૂપથી પડવાવાળા બાહ્ય પદાર્થ વાસ્તવિક નથી. કારણ કે, એ અવિદ્યોપદર્શિત છે. તો એવું કહેવું પણ ઠીક નથી. કારણ કે, આ પ્રમાણે કહેવાથી જ્ઞાનનો પણ અભાવ

સિદ્ધ થઈ જવાનો, પદાર્થ વગર તે વિષયના જ્ઞાનનુ અસ્તિત્વ સંભવિત થતું નથી. આથી બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ વાસ્તવિક માનવું જોઈએ.

હવે સૂત્રકાર દ્રવ્યાદિકોનું લક્ષણ કહે છે—"गुणाण मासओ" ઇત્યાદિ।

અન્વયાર્થ—गुणाणमासओ दव्वं–गुणानाम् आश्रयः द्रव्यम् ગુણોનો જે આધાર હોય છે તેજ દ્રવ્ય છે. કેમકે, તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, ઉપયોગ આદિ વિશેષ ગુણ અને અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સાધારણ ગુણ રહે છે. આજ પ્રમાણે ધર્માદિક દ્રવ્યોમાં ગતિ, હેતુત્વ, આદિ વિશેષ ગુણ અને અસ્તિત્વ, દ્રવ્યત્વ, જ્ઞેયત્વ રહે છે, આ પ્રમાણે ગુણોના આશ્રયભૂત દ્રવ્યહોય છે. આ લક્ષણ ઠીક છે. આ કથનથી બૌદ્ધોનું એ મંતવ્ય નકામું થઈ જાય છે. તેઓ એવું કહે છે કે, રૂપાદિક ગુણજ વસ્તુ છે એનાથી જુદી બીજી કોઈ વસ્તુ નથી, કારણ કે, જેના ઉત્પાદ અને વિનાશમાં જેનો ઉત્પાદ વિનાશ થતો નથી તે એનાથી ભિન્ન માની શકાય છે. જેમ ઘટના ઉત્પાદ વિનાશમાં પટનો ઉત્પાદ વિનાશ થતો નથી. આથી એ પટ ઘટથી ભિન્ન માનવામાં આવેલ છે. એજ રીતે પર્યાયના ઉત્પાદ વિનાશમાં દ્રવ્યનો ઉત્પાદ વિનાશ થતો નથી. કારણ કે, ઉત્પાદ વિનાશ ધર્મ પર્યાયોનો છે. દ્રવ્યનો નથી, આ વાત સ્થાશ કોશ કુશૂલ આદિ પર્યાયોમાં અન્વય રૂપથી વિદ્યમાન માટી દ્રવ્યથી જાણવામાં આવે છે. આથી રૂપાદિકોથી અતિરિક્ત દ્રવ્ય છે એ વાત માનવી પડે છે. દ્રવ્ય મિથ્યાકલ્પનાથી કલ્પિત એ કારણે નથી માનવામાં આવતું કે તેની પોતાના રૂપથી વિપરીત રૂપમાં પ્રતિતી થતી નથી. જે મિથ્યા વસ્તુ હોય છે એજ પોતાના રૂપથી ભિન્નભિન્ન રૂપમાં સંવેદ્ય થયા કરે છે. જે પોતાના પર્યાયોમાં અન્વિત રૂપથી એક સરખું દેખાય તે દ્રવ્ય છે. અને જે एकद्रव्याश्रिताः गुणाः એક દ્રવ્યના આશ્રયે રહે-નિત્ય દ્રવ્યના આશ્રયે રહે-માત્ર દ્રવ્યના આશ્રયે રહે તે ગુણ છે. જો કે, પર્યાય પણ દ્રવ્યની આશ્રિત રહે છે. પરંતુ તે નિત્યરૂપથી દ્રવ્યની આશ્રિત રહેતી નથી. અથવા ન તો તે માત્ર દ્રવ્યમાં જ રહે છે. ગુણમાં પણ રહે છે. આ કથનથી એ વાત નક્કી જાણવી જોઈએ. જે એવું કહે છે કે, એક દ્રવ્ય જ છે, દ્રવ્યથી ભિન્નરૂપાદિક ગુણ નથી, રૂપાદિક ગુણ જે દેખાય છે તે કેવળ અવિદ્યોપદર્શિત છે. કેમકે વિષયની વ્યવસ્થા જ્ઞાનથી જ થાય છે. રૂપાદિક ગુણોથી રહિત દ્રવ્ય કોઇએ આજ સુધી જાણેલ નથી, તેમ ન તો એવું કોઈ જાણે છે. આથી એ માનવું જોઈએ કે, દ્રવ્યના વિવર્ત જ રૂપાદિક ગુણ છે, એ દ્રવ્યથી ભિન્ન નથી. જો દ્રવ્યથી ભિન્ન માનવામાં આવે તો તેની વાસ્તવિક સત્તા જ સાબિત થતી નથી. આ રીતે રૂપાદિક ગુણોનું વિવર્ત દ્રવ્ય છે, એમ કહેવું પણ અનુચિત નથી. તાત્પર્ય એ છે કે, દ્રવ્ય વિવર્ત રૂપાદિક અને રૂપાદિક વિવર્ત

દ્રવ્ય એવી પ્રતીતિ થાય છે, કારણ કે, ગુણ અને દ્રવ્યનો પરસ્પર તાદાત્મ્ય સંબંધ માનવામાં આવેલ છે. આથી દ્રવ્ય અને રૂપાદિક ગુણોના સદ્‌ભાવ સિદ્ધ થાય છે, पज्जवणं तु लक्खणं–पर्यवाणां तु लक्षणम् પર્યાયોનું સ્વરૂપ દ્રવ્ય અને ગુણોના આશ્રયે રહેવું એ પર્યાયોનું સ્વરૂપ છે. એ પ્રમાણે પર્યાયોની સત્તા આ કથનથી સિદ્ધ થાય છે. આથી જો કોઇ એવું કહે કે, જે આદિ અને અંતમાં ઉપલબ્ધ નથી થતું તે મધ્યમાં પણ નથી. જેમ મરીચિકા આદિમાં પાણી પ્રથમ અને અંતમાં ઉપલબ્ધ થતું નથી. આથી જે એની મધ્યમાં પણ માની શકાતું નથી. આજ રીતે ઘટાદિક પર્યાયરૂપ અવસ્થા કુશૂલ કપાલ આદિ અવસ્થાઓમાં ઉપલબ્ધ થતી નથી. આથી તે એની મધ્યમા પણ માની શકાતું નથી. આજ રીતે ઘટાદિક પર્યાયરૂપ અવસ્થા કુશૂલ કપાલ આદિ અવસ્થાઓમાં ઉપલબ્ધ થતી નથી. આથી તે એની મધ્યમા પણ માનવામાં આવતી નથી. ઉપલબ્ધ ફકત એક મૃત્તિકા દ્રવ્ય જ થાય છે. આથી તે સત્ પર્યાયોની કલ્પના એ આકાશ કુસુમના સમાન અસત જ છે. છતાં પણ તેની ભ્રાંતિવશથી જ સત્યરૂપ પ્રતીતિ થાય છે. કહ્યું પણ છે—

" आदावन्ते च यन्नास्ति, मध्येऽपि हि न तत् तथा ।
वितथैः सदृशा सन्तोऽवि, तथा इव लक्षिताः ॥ १ ॥

આ પ્રમાણે પર્યાયની સત્તા ન માનવાવાળાનો મત ભગવાનના ઉપર્યુક્ત કથનથી નિરાકૃત થયો.

દ્રવ્ય ભેદ કા વર્ણન

" આદિ અને અંતમાં જેની સત્તા નથી રહેતી તેની સત્તા મધ્યમાં પણ રહેતી નથી. " આ પ્રમાણે કથન કરવાવાળાનો અભિપ્રાય એ છે કે જેની કોઈ પણ સ્થળે અસત્તા રહે છે એની સર્વત્ર અસત્તા રહે છે. " એમનું આ પ્રકારનું મંતવ્ય દોષયુક્ત છે. કેમકે, મૃદ્ (માટિ) દ્રવ્યમાં જળ દ્રવ્યની સત્તા રહેતી નથી. આથી એની સર્વત્ર અસત્તા થઈ જાય. એજ પ્રમાણે જળ દ્રવ્યમાં મૃદ્ (માટિ) દ્રવ્યની અસત્તા રહે છે. આથી એની પણ સર્વત્ર અસત્તા થઇ જવાની. આ પ્રમાણે એમના મતથી પર્યાયની માફક દ્રવ્યોની પણ સત્તા નહીં રહે. જો કોઇ એમ

કહે કે, અમને આ અભીષ્ટ છે, તેવું પણ નથી કહી શકતા કેમકે, સત્તા માત્ર જ વસ્તુતઃ અભિષ્ટ છે આ માટે કહ્યું પણ છે—" सर्वमेकं सत् अविशेषात् " અર્થાત્–વિશેષતાના અભાવથી સઘળાં દ્રવ્ય એક અને સદ્રૂપ છે. એમના મંતવ્યમાં બીજા પણ દોષ છે. કેમકે, અભાવમાં ભાવની અસત્તા છે. આથી સર્વત્ર ભાવની અસત્તા થઈ જવાની. આ માટે એમનું ઉપર્યુક્ત મંતવ્ય બરોબર નથી. બાધક જ્ઞાનને જ પદાર્થની અસત્તામાં કારણ માનવું જોઇએ. બાધક જ્ઞાનનો અનુદય હોવાથી જેમ દ્રવ્ય સત્ય થાય છે. એજ રીતે પર્યાય પણ સત્ય થાય છે.

તથા—ગુણોમાં નવ પુરાણ આદિ પર્યાય પ્રત્યક્ષથી પ્રતીત થાય છે કેટલીક પર્યાય એવી હોય છે કે, જે દ્રવ્યમાં કેટલોક સમય જ રહે છે. તે પણ પ્રત્યક્ષ પ્રમાણથી જ જાણી શકાય છે. પ્રતિ સમય ભાવી જે પર્યાયમાં થતી રહે છે, તે નવ પુરાણત્વ આદિની અન્યથાનુપપત્તિથી અનુમાન ગમ્ય હોય છે. આ માટે વસ્તુ ગુણ પર્યાયવાળી છે. અને એ એનું સ્વરૂપ શબલમણીની માફક અથવા ચિત્ર પતંગની માફક માનવામાં આવેલ છે. કેમકે, ન તો તે એકલી પર્યાય સ્વરૂપ છે અથવા તો ન એકલી ગુણસ્વરૂપ છે. કહ્યું પણ છે—

પર્યાયથી રહિત એકલું દ્રવ્ય, અને દ્રવ્યથી રહિત એકલી પર્યાય પ્રતીત કોટીમાં આવતાં નથી. આથી આ દ્રવ્ય ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત માનવામાં આવેલ છે. ॥ ૬ ॥

દ્રવ્યના પ્રકારોને સૂત્રકાર બતાવે છે—" धम्मो "–ઇત્યાદિ !

અન્વયાર્થ—धम्मो अधम्मो आगासं कालो पोग्गल जंतवो–ધર્મઃ અધર્મઃ આકાશં કાલઃ પુદ્ગલા જન્તવઃ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલાસ્તિકાય, અને જીવાસ્તિકાય આ છ દ્રવ્ય છે. એ દ્રવ્ય જેનામાં જોઈ શકાય છે एस–एषः તે लोगु–लोकः લોક છે. त्ति–इति આવું जिणेहिं वरदंसिहिं–जिनैः वरदर्शिभिः જીનેન્દ્ર પ્રભુએ પોતાના કેવળજ્ઞાનથી જાણીને કહ્યું છે. અર્થાત્ આ દ્રવ્ય સમૂહ જ લોક છે. એવું જીનેન્દ્રદેવનું વચન છે. ॥ ૭ ॥

ધર્માદિ કે ભેદ ઔર ઉનકે લક્ષણ કા વર્ણન

હવે ધર્મ આદિના ભેદ કહે છે—" धम्मो " ઇત્યાદિ !

અન્વયાર્થ—धम्मो अहम्मो आगासं–ધર્મઃ અધર્મઃ આકાશમ્ ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણે दव्वं इक्किक्कमाहियं–द्रव्यमेकैकमाख्यातम् એકેક દ્રવ્ય છે. અર્થાત્ આના ભેદ નથી. कालो पुग्गलजंतवो–कालः पुद्गला जन्तवः કાળ, પુદ્ગલ અને જીવ આ ત્રણ दव्वाणि–द्रव्याणि દ્રવ્ય अणंताणि–अनंतानि અનંત છે. આ દ્રવ્યોના ભેદોના પણ ભેદ છે. તથા કાળ દ્રવ્યના અતીત અને

અનાગત કાળની અપેક્ષા ભેદ છે. ॥ ૮ ॥

હવે ધર્મ આદિનું લક્ષણ કહે છે--"गइ लक्खणो" ઇત્યાદિ !

અન્વયાર્થ—गइलक्खणो उ धम्मो–गतिलक्षणस्तु धर्मः ગમન ક્રિયામાં પ્રવૃત્ત થયેલ જીવ અને પુદ્ગલોને ચલાવવામાં ઉપકાર કરવાવાળા જે દ્રવ્ય છે તે ધર્મદ્રવ્ય છે. ठाणलक्खणो अहम्मो–स्थानलक्षणः अधर्मः રોકવારૂપ ક્રિયામાં પરિણત થયેલ જીવ અને પુદ્ગલ દ્રવ્યને રોકવામાં જે મદદ આપે છે તે અધર્મ દ્રવ્ય છે. नहं सव्वदव्वाणभायणं–नभः सर्वद्रव्याणां भाजनम् જીવાદિક સઘળા જીવોના આધારભૂત આકાશ છે. ओगाहलक्खणं–अवगाहलक्षणम् એનું લક્ષણ પોતાનામાં અવગાહી જીવાદિક દ્રવ્યોને સ્થાનદાન દેવાનો છે. ॥ ૯ ॥

काल और जीव के लक्षण का वर्णन

હવે કાળ અને જીવનું લક્ષણ કહે છે—"वट्टणा लक्खणो" ઇત્યાદિ !

અન્વયાર્થ—वट्टणालक्खणो कालो–वर्तना लक्षणः कालः વર્તના લક્ષણવાળા કાળદ્રવ્ય છે. શીત, વાત, આતપ, આદિ આજ કાળથી થાય છે. जीवो उवओगलक्खणो–जीवो उपयोगलक्षणः જીવનું લક્ષણ ઉપયોગ છે. બોધરૂપ વ્યાપારનું નામ ઉપયોગ છે. આ ઉપયોગ જીવનો સ્વસંવિદિત ધર્મ છે नाणेणं दंसणेणं च–ज्ञानेन दर्शनेन च આ જ્ઞાન, મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારના જ્ઞાનથી તથા तत्वार्थ–श्रद्धानरूप दर्शनथी सुहेण य–दुहेण य–सुखेन दुःखेन च સુખ અને દુઃખથી જાણી શકાય છે. ॥૧૦॥

હવે પછી શિષ્યોના સંસ્કારને દૃઢ રાખવા માટે પૂર્વોકત લક્ષણના અનુવાદની સાથે ફરી બીજાં લક્ષણ કહે છે—"नाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ—नाणं च–ज्ञानं च મત્યાદિકના ભેદથી પાંચ પ્રકારના સમ્યગ્ જ્ઞાન તથા दंसणं चेव–दर्शनं चैव तत्वार्थ श्रद्धानरूप सम्यकत्व च–च તથા चरित्तम्–चारित्रम् सावद्य विरतिरूप चारित्र, तहा–तथा તથા तवो–तपः अनशनादिरूप તપ, તથા वीरियं–वीर्यम् वीर्यान्तरायना क्षयोपशमथी उद्भूत वीर्यरूप સામર્થ્ય, અને य–च તથા उवयोगो–उपयोगः બોધરૂપ વ્યાપાર एयं जीवस्स लक्खणं–एतत् जीवस्य लक्षणम् આ સઘળાં જીવના લક્ષણ છે. આ અસાધારણ લક્ષણોથી જીવને જાણી શકાય છે. ॥ ૧૧ ॥

પુદ્ગલ ઔર પર્યાય કે લક્ષણ

હવે પુદ્ગલોનાં લક્ષણ કહે છે— " सद्दंधयार० " ઇત્યાદિ।

અન્વયાર્થ—सद्दंधयारउज्जोओ–शब्दः अन्धकारः उद्योतः શબ્દ, અંધકાર, ઉદ્યોત–રત્નાદિકનો પ્રકાશ, पभा छाया तवो इ वा–प्रभा छाया आतप इति वा પ્રભા–ચંદ્ર વગરની જ્યોતિ, છાયા, આતપ–રવિ બિમ્બ જનિત ઉષ્ણ પ્રકાશ તથા संधंध, ભેદ, સ્થૂળતા, સૂક્ષ્મતા, એ સઘળા તથા वण्णरसगंधा फासा–वर्ण रस गन्धस्पर्शाः વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, આ સઘળા पुग्गलाणं तु लक्खणं पुद्गलानां तु लक्षणम् પુદ્ગલોનાં લક્ષણ છે. આનાથી પુદ્ગલ ઓળખી શકાયછે, ધર્માદિક દ્રવ્યોનું વિસ્તારથી વર્ણન આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુત–સ્કંધના પ્રથમ અધ્યયનમાં પ્રથમ ઉદ્દેશમાં આચારચિંતામણી ટીકામાં કરવામાં આવેલ છે. ત્યાંથી આ વિષય જાણી લેવો જોઈએ. ।। ૧૨ ।।

દ્રવ્યોના લક્ષણો કહ્યા હવે પર્યાયના લક્ષણો કહેવામાં આવે છે–"एगत्तं"ઇત્યાદિ।

અન્વયાર્થ—एगत्तं च–एकत्वं च ભિન્નભિન્ન પરમાણું આદિકોમાં " એક ઘટ છે. " આ પ્રકારની પ્રતીતિનો હેતુ જે એકત્વ છે તે, તથા पुहत्त च–पृथक्त्वं च " આ એનાથી ભિન્ન છે. " આ પ્રકારની પ્રતીતિનો હેતુ જે પૃથકત્વ છે તે, તથા संखा–संख्या ' એક બે ત્રણ ' આ પ્રકારની ગણત્રીનો હેતુ સંખ્યા છે તે, તથા संठाणमेव य–संस्थानमेव च ' આ આવા પ્રકારનો આકાર છે. ' આ પ્રતીતિનો હેતુ જે સંસ્થાન છે તે, તથા संजोगा य–संजोगाश्च સંયોગ અને विभागाय–विभागाश्च વિભાગ, આ સઘળાં पज्जवाणं तु लक्खणं–पर्यायाणां तु लक्षणम् પર્યાયોનાં લક્ષણ છે. અર્થાત્ આના દ્વારા પર્યાયો જાણી શકાય છે. ।૧૩।

નવ તત્વ કા કથન ઔર ઉનકે કથન કા કારણ

આ પ્રમાણે સ્વરૂપ અને વિષયથી જ્ઞાનને કહીને હવે દર્શનનો બોધ કરાવવા માટે નવ તત્વોને કહેવામાં આવે છે.—" जीवाऽजीवा " ઇત્યાદિ !

અન્વયાર્થ—जीवाजीवा य–जीवाजीवा श्च એકેન્દ્રિયાદિક જીવ, ધર્માસ્તિકાયાદિક અજીવ જીવ અને बंधो य–बन्धश्च કર્મનો દૂધ પાણીની માફક ઘણોજ સંશ્લેષરૂપ બંધ, तहा–तथा તથા पुण्णपावाऽऽसवो–पुण्यपापास्रवाः શાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિરૂપ પૂણ્ય, જ્ઞાનાવરણીયાદિક અશુભ પ્રકૃતિરૂપ પાપ કર્મોના આગમનનું કારણ, એવા હિંસાદિક કર્મરૂપ આસ્રવ, संवरो–संवरः આસ્રવને

રોકવારૂપ સંવર, નિજ્જરા-નિર્જરાઃ વિપાકથી અથવા તપસ્યાથી કર્મોના એક દેશનો નાશ થવા રૂપ નિર્જરા તથા મોક્ખો-મોક્ષઃ સઘળા કર્મોનો સર્વથા વિનાશરૂપ મોક્ષ, આ પ્રમાણે આ એए नव-एते नव જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આસ્રવ સંવર, નિર્જરા અને મોક્ષ. આ નવ તત્વ છે. એ સઘળાં तहिया संति-तथ्याः सन्ति तथ्य-યથાર્થ અનુભવના વિષયભૂત હોવાથી સત્ય છે. જો કે જીવ અને અજીવ આ પ્રકારના બેજ પદાર્થ છે કેમકે, આસ્રવ આદિકોનો અંતર્ભાવ એનામાં જ થઇ જાય છે. છતાં પણ અહીં જે નવ સંખ્યા બતાવેલ છે તે વિસ્તારની અપેક્ષાથી બતાવવામાં આવેલ છે. તથા આથી પણ વધુ વિસ્તારથી તેની સંખ્યા અનંત બની રહેશે. ॥ ૧૪ ॥

આ નવ તત્વોને કહેવાનું શું પ્રયોજન છે તે કહે છે—'तहियाणं' ઇત્યાદિ।

અન્વયાર્થ—तहियाणं तु भावाणाँ-तथ्यानां तु भावानाँ યથાર્થ અનુભવના વિષયભૂત આ જીવાદિક પદાર્થોના વિષયમાં તેની संब्भावे-सद्भावे અવિતથ સત્તાને પ્રગટ કરનાર જે ગુરુ આદિનો उवएसणं-उपदेशनम् ઉપદેશ છે તેને, भावेण सद्दहंतस्स-भावेन श्रद्दधतः અંતઃકરણથી શ્રદ્ધાન કરવાવાળી વ્યક્તિની જે શ્રદ્ધા છે. तं सम्मत्तं-तत्सम्यक्त्वम् તેનું નામ સમ્યક્ત્વ છે. એવું वियाहियं-व्याख्यातम् તીર્થંકરોનું કથન છે. બીજે સ્થળે પણ આવું જ કહેલ છે.

" भावेण उ सद्दहणा सम्मत्तं होइ आहियं " આ શ્રદ્ધા પ્રશસ્ત સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી ઉદ્ભૂત આત્મપરિણતિ રૂપ છે. આ શ્રદ્ધાના પરિચાયક પ્રશમ, સંવેગ આદિ ચિન્હ હોય છે. આ આત્માનું એક શુભ પરિણામ છે. કહ્યું પણ છે—

" से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणोयसमखयसमुत्थे पसम-संवेगाइलिंगे सुहे आय परिणामे पण्णत्ते " ॥

छाया—तच्च सम्यक्त्वं प्रशस्तसम्यक्त्वमोहनीय कर्मानुवेदनोपशमक्षयसमुत्थः।
प्रशमसंवेगादिलिङ्गः, शुभ आमत्मपरिणामः प्रज्ञप्तः ॥ इति ॥

સમ્યક્ત્વવાન જીવ કે ભેદ કા કથન

એવું કોઈ એક આત્માનું એ પરિણામ હોય છે કે, જેનાથી જીવ, અજીવ આદિ પદાર્થોના સ્વરૂપનું પરિજ્ઞાન થવાથી કોઈક જીવને જ સમ્યક્જ્ઞાન થાય છે, સઘળાંને નહીં જેમ શંખને જોવાથી કોઈ વ્યક્તિ તેને સફેદ રૂપમાં જુએ છે. અને કોઈ વ્યક્તિ પીતાદિરૂપમાં જુએ છે. પીતાદિરૂપથી થનારું જ્ઞાન એ સમ્યક્જ્ઞાન નથી. કેમકે, તે રોગાદિ કારણ વિશેષથી સદોષ છે. આજ રીતે જીવાદિ પદાર્થોના સ્વરૂપનું જ્ઞાન સમ્યક્ત્વના સદ્ભાવમાં જ સમ્યક્જ્ઞાન

માનવામાં આવે છે. એના અભાવમાં નહીં કેવળ જ્ઞાનના સ્વરૂપની અપેક્ષાથી જ જ્ઞાન સમ્યક્‌જ્ઞાન માનવામાં આવેલ નથી. આ કારણે જ્ઞાનાદિકોમાં આવરણ ભેદ, વિષયભેદ તથા કારણભેદ થાય છે. સમ્યકત્વ જ જ્ઞાનમાં સમ્યક્‌જ્ઞાન રૂપતા લાવવામાં હેતુ છે આ વાત શ્રુત કેવલીઓએ કહી છે. જો કોઈ અહીં એવી આશંકા કરેકે, તત્વાર્થનું શ્રદ્ધાન કરવું એ સમ્યગ્‌દર્શન છે. તો આ સમ્યગ્‌દર્શન અવાય-મતિજ્ઞાનમાં એક ભેદરૂપ પડે છે. આથી જ્ઞાનમાં અને સમ્યગ્‌દર્શનમાં કોઈ ભેદ માની શકાતો નથી. કેમકે, અવાયમાં જેમ પદાર્થોનો નિશ્ચય થાય છે એજ રીતે આમાં પણ પદાર્થના નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે તો એવી આશંકા અહીં બરોબર નથી, કારણકે, એવું કહેવું કારણરૂપ સમ્યગ્‌દર્શનમાં કાર્યરૂપ અવાયના ઉપચારને કરવાથી માની શકાય છે. એવી રીતે તો સમ્યગ્‌દર્શન અને અવાય નામના મતિજ્ઞાનના ત્રીજા ભેદમાં કારણ કાર્ય હોવાથી ભેદજ છે.॥૧૫॥

નિસર્ગરૂચિ કા વર્ણન

સમ્યકત્વનું સ્વરૂપ કહીને હવે તેના ભેદને કહે છે-'निसग्गु०' ઇત્યાદિ ।

અન્વયાર્થ—निसग्गरुई-निसर्गरुचिः સ્વભાવથી જ જીવાદિક પદાર્થોમાં જે શ્રદ્ધારૂપ રુચિ હોય છે તેનું નામ નિસર્ગ રૂચિ છે. उवएसरुई-उपदेशरुचिः ગુરુ આદિના ઉપદેશથી જે જીવાદિક પદાર્થોમાં શ્રદ્ધારૂપ રુચિ થાય છે. તેનું નામ ઉપદેશ રૂચિ છે. आणरुई-आज्ञारुचिः સર્વજ્ઞના વચનથી જે તત્વાર્થમાં શ્રદ્ધાળુ રૂચિ થાય છે એનું નામ આજ્ઞા રૂચિ છે सुत्त०-सूत्ररुचिः આગમ દ્વારા જે તત્વોમાં શ્રદ્ધારૂપ રૂચિ જીવને થાય છે તેનું નામ સૂત્રરૂચિ છે. बीयरुई-मेव-बीजरुचिरेव અનેકાર્થ બોધક એક પણ વચનથી જે જીવને તત્વર્થ રૂચિ થાય છે તેનું નામ બીજ રૂચિ છે. अभिगम०-अभिगमरुचिः જ્ઞાનથી જે તત્વોમાં શ્રદ્ધારૂપ રૂચિ થાય છે તેનું નામ અભિગમ રૂચિ છે वित्थाररुई-विस्ताररुचिः વિસ્તારથી જે રૂચિ થાય છે. તેનું નામ વિસ્તાર રૂચિ છે. किरिया-क्रियारुचिः પ્રતિલેખનાદિક ક્રિયામાં રૂચિ થવી તેનું નામ ક્રિયા રૂચિ છે. संखेव०-संक्षेपरुचिः સંક્ષેપમાં રૂચિ થવી તેનું નામ સંક્ષેપરૂચિ છે. धम्मरुई-धर्मरुचिः શ્રુત ધર્મ આદિમાં રૂચિ થવી તેનું નામ ધર્મરૂચિ છે. અહીં સમ્યક્‌ત્વનું જીવથી જે અનન્યત્વ રૂપમાં કથન કરવામાં આવેલ છે તે ગુણ ગુણીમાં કથંચિત અભિન્નત્વ જ્ઞાપન કરવાને માટે કરાયેલ છે. આ નિસર્ગ રૂચિ આદિ દશ ભેદ સમ્યક્‌ત્વના છે. ॥૧૬॥

નિસર્ગરૂચિનું શું લક્ષણ છે તે વાતને હવે સૂત્રકાર પોતે બતાવે છે—" भूय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જીવાજીવાય આસવસંવરુ પુણ્ણપાવં ચ-જીવા અજીવાશ્ચ આસ્રવઃ સંવરઃ પુણ્યપાપં ચ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ આ પદાર્થોને સહસંમઇયા-સહસંમત્યા સહ સમિતિથી પરોપદેશ નિરપેક્ષ જાતિ સ્મરણરૂપ બુદ્ધિથી भूयत्थे णाहिगया-भूतार्थेनाधिगताः એવું જાણવું કે-આ પદાર્થ સદ્‌ભૂત છે. એ રીતે રોએઇ-रोचते રૂચિ થાય છે. તે નિસર્ગ રૂચિ નામનું સમ્યગ્ દર્શન છે. આ સમ્યગ્ દર્શનવાળી વ્યકિત કોઈના ઉપદેશ વગર જાતિસ્મરણ આદિ જ્ઞાનથી અધિગત્ જીવાદિક પદાર્થોનું યથાર્થ રૂપથી શ્રદ્ધાન કરે છે. ॥ ૧૭ ॥

પૂર્વોક્ત વાતને જ સ્પષ્ટ કરીને નિસર્ગરૂચિ સમ્યકત્વનું લક્ષણ કહે છે-" जो " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે જીવ जिणदिट्ठे चउव्विहे भावे-जिनदृष्टान् चतुर्विधान् भावान् જીનેન્દ્ર દ્વારા કેવળ જ્ઞાનથી સાક્ષાત્ કહેવાયેલા ચતુર્વિધ પદાર્થોનું सयमेव-स्वयमेव પરોપદેશના વગર જ एमेव नन्नहत्ति य-एवमेव नान्यथेति च " આ એવું જ છે અન્ય પ્રકારનું નથી. " આ રૂપથી सद्दहइ-श्रद्दधाति શ્રદ્ધાન કરે છે. એ निसग्गरुइत्ति नायव्वो-निसर्गरुचिरिति ज्ञातव्यः નિસર્ગરૂચિ નામનું સમ્યગ્ દર્શન છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી પદાર્થ ચાર પ્રકારના હોય છે, એજ ચાર પ્રકાર અહીં चतुर्विध શબ્દથી ગ્રહણ કરવામાં આવેલ છે. ॥૧૮॥

ઉપદેશરૂચિ ઔર આજ્ઞારૂચિ કા વર્ણન

હવે બીજા ઉપદેશરૂચિનું લક્ષણ કહે છે—" एए चेव " ઇત્યાદિ.

અન્વયાર્થ—एए चेव उ भावे-एतांश्चैव तु भावान् એજ અનન્તરોકત જીવાદિક પદાર્થોનું जो-यः જે જીવ परेण चउमत्थेण-परेण छद्मस्थेन બીજા છદ્મસ્થ જીવો દ્વારા વા-वा અથવા जिणेण-जिनेन જિનેન્દ્ર દેવ દ્વારા મળેલા ઉપદેશથી सद्दहइ-श्रद्दधाति શ્રદ્ધાન કરે છે તે उवएसरुइत्ति नायव्वो-उपदेशरुचिरिति ज्ञातव्यः ઉપદેશ રૂચિ નામનું બીજું સમ્યગ્દર્શન છે. ॥ ૧૯ ॥

હવે ત્રીજા આજ્ઞા રૂચિ ઉપદેશનું લક્ષણ કહે છે—" रागो " ઇત્યાદિ.

અન્વયાર્થ—जस्स-यस्य જે જીવને रागदोसोमोहो अन्नाणं-रागद्वेषमोहः

अज्ञानम् राग, द्वेष, अप्रीति अने मोहनीयकर्म तथा अज्ञान अवगयं होइ-अवगतं भवति दूर थई गयेल छे. એવા રાગદ્વેષ આદિથી રહિત તે સર્વજ્ઞ પ્રભુની આણાએ-આજ્ઞયા આજ્ઞામાં પ્રવચનરૂપ આદેશથી રોયંતો-રોચમાનઃ જે એમ માને છે કે, "આ જીવાદિક તત્વ સત્ય છે, અસત્ય નથી." स खलु-स खलु તે આ अणारुई नाम-आज्ञारुचिर्नाम આજ્ઞારૂચિ નામનું સમ્યગ્દર્શન છે. અથવા જેનાં રાગદ્વેષ, મોહ અને અજ્ઞાનના એક દેશથી પણ નાશ પામેલા છે એવા સૂક્ષ્મ રાગદ્વેશ અને અજ્ઞાનયુકત છદ્મસ્થ આચાર્ય આદિકોના ઉપદેશમાં મક્કમ રહીને જે એમ માને છે કે, " આ જીવાદિક તત્વ સત્ય છે, અસત્ય નથી. " અથવા જે શ્રદ્ધાળુના રાગ, દ્વેશ, મોહ અને અજ્ઞાન ઘટી ગયેલ છે આ કારણે જે ગુરુ આદિના ઉપદેશમાં રૂચિ રાખીને જીવાદિક પદાર્થોને સત્ય માને છે. તેને આજ્ઞારૂચિ નામનું સમકિત થાય છે. ॥ ૨૦ ॥

सूत्ररुचि, बीजरुचि, अभिगमरुचि और विस्ताररुचि का वर्णन

હવે ચોથી સૂત્રરૂચિને કહે છે—" जो " ઈત્યાદિ.

અન્વયાર્થ—જે सुत्तमहिज्जंतो-सूत्रमधीयानः સૂત્રને ભણીને अंगेण बहिरेण व सुएण-अङ्गन बाह्येन वा श्रुतेन એ ભણેલા અંગબાહ્ય અને અંગપ્રવિષ્ઠ સૂત્ર દ્વારા सम्मत्तं ओगाहई-सम्यक्त्वमवगाहते જીવાદિક તત્વોમાં શ્રદ્ધારૂપ રૂચિને પ્રાપ્ત કરે છે. सो सुत्तरुइत्ति नायव्वो-स सूत्ररुचिरिति ज्ञातव्यः તેનું નામ સૂત્રરૂચિ સમ્યકત્વ છે. ॥ ૨૧ ॥

હવે પાંચમી બીજરૂચિ નામના સમ્યકત્વને કહે છે—" एगेण " ઈત્યાદિ.

અન્વયાર્થ—उदएव्व तेल्लबिंदू-उदके इव तैलबिन्दुः જળમાં તેલ બિંદુની माफ़क एगेण-एकेन એક પદના જાણવા માત્રથી जो-यस्य જેની सम्मत्तं-सम्यक्त्वम् શ્રદ્ધારૂપ રૂચિ તથાવિધ ક્ષયોપશમના વશ अणेगाइं पयाइं-अनेकेनि पदानि અનેક પદોમાં प्रसरई-प्रसरति ફેલાય જાય છે. सो-सः તે પુરુષ बीयरुइत्ति नायव्वो-बीजरुचिरिति ज्ञातव्यः બીજરૂચિ નામના સમ્યકૃત્વવાળો છે. જે પ્રમાણે જળમાં પડેલું તેલનું બિંદુ સમગ્ર જળમાં ફેલાઈ જાય છે. એજ પ્રમાણે જીવ અથવા અજીવ આદિ એક પદાર્થમાં જે જીવને સમ્યકૃત્વ ઉત્પન્ન થાય છે તેજ સમ્યકૃત્વ અન્ય પદાર્થોમાં પણ તે જીવને થઈ જાય તો તેનું નામ બીજરૂચિ સમ્યકત્વ છે જેમ બીજ ક્રમશઃ અનેક બીજોને ઉત્પન્ન કરનાર બને છે એજ પ્રમાણે આ જીવની રૂચિ વિષય ભેદથી ભિન્ન રૂચિ અંતરની ઉત્પાદક બને છે. ॥૨૨॥

હવે છઠા અભિગમ રુચિને કહે છે–" सो होइ " ઇત્યાદિ.

અન્વયાર્થ––જેણે एक्कारसअंगाइं–एकादशाङ्गानि આચારાંગ આદિ એકાદશ અંગોને पइण्णगं–प्रकीर्णकम् ઉત્તરાધ્યયન આદિ પ્રકીર્ણકોને તથા दिट्ठिवाओ–दृष्टिवादः દૃષ્ટિવાદ य–च ય શબ્દથી બારમા અંગને તથા ઔપપાતિક આદિ ઉપાંગોને આવી રીતે सुयनाणं–श्रुतज्ञानम् શ્રુતજ્ઞાનને अत्थओ दिट्ठं–अर्थतः दृष्टम् અર્થતઃ પઢેલ છે. એનાથી જે તત્વોમાં રૂચિ થાય છે તેનું નામ અભિગમ રૂચિ સમ્યકત્વ છે. ॥૨૩॥

હવે સાતમી વિસ્તારરૂચિ સમ્યકત્વને કહે છે–" दव्वाणं " ઇત્યાદિ.

અન્વયાર્થ—दव्वाणं सव्वभावा–द्रव्याणां सर्वभावाः ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની એકત્વ, પૃથકત્વ આદિ સમસ્તપર્યાયો તેમાં એકત્વ અર્થાત્ એકવચન જેમ કે–'धम्मत्थिकाए धम्मत्थिकायस्स देसे' ઇત્યાદિ. પૃથકત્વ અર્થાત્ બહુવચનરૂપ જેમ 'धम्मत्थिकायस्स पएसा ' આવી રીતે સમસ્ત પર્યાયો સમસ્ત પ્રમાણો દ્વારા તથા सव्वपमाणेहिं–सर्वप्रमाणैः સમસ્ત પ્રમાણોથી તથા सव्वाहिं नयविहिहिय–सर्वैर्नयविधिभिश्च સમસ્ત નૈગમાદિ નયો દ્વારા जस्स उवलद्धा–यस्य उपलब्धाः જેનામાં દેખાય છે એનું નામ वित्थाररुइत्ति नायव्वो–विस्तारुचिरिति ज्ञातव्यः વિસ્તાર રૂચિ છે.

જે દ્રવ્ય જે પ્રમાણ આદિ દ્વારા તથા નૈગમ આદિ નયો દ્વારા જ્ઞાત થવાને યોગ્ય છે તેને એજ પ્રમાણ આદિ દ્વારા જાણવું તેનું નામ વિસ્તારરૂચિ છે ।૨૪।

ક્રિયારૂચિ ઔર સંક્ષેપરૂચિ કા કથન

હવે આઠમા ક્રિયારૂપી સમ્યકૂત્વને કહે છે—" दंसण " ઇત્યાદિ!

અન્વયાર્થ—दंसणनाणचरित्ते–दर्शनज्ञानचारित्रे દર્શન, જ્ઞાન, ચારિત્રમાં, तवविणए सच्च समिइगुत्तिसु–तपो विनये सत्य समितिगुप्तिषु તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિયોમાં जो–यः જે જીવને किरिया भावरुई–क्रियाभावरुचिः ક્રિયા અને ભાવથી રૂચિ થાય છે તે सा खलु किरियारुई नाम–स खलु क्रियारुचिर्नाम તે નિશ્ચય ક્રિયારૂચિ સમ્યકત્વ છે. ॥ ૨૫ ॥

હવે નવમા સંક્ષેપ રૂચિ સમ્યકત્વને કહે છે.—"अणभिग्गहिय०" ઇત્યાદિ।

અન્વયાર્થ—अणभिग्गहिय कुदिट्ठी–अनभिगृहीत कुदृष्टिः સૌગતાદિક મતરૂપ

કુદૃષ્ટિ જેણે અંગિકાર કરેલ નથી. અવિસારઓ પવયણે–અવિશારદઃ પ્રવચનેઃ પરંતુ સર્વજ્ઞશાસનોમાં જે અકુશળ થોડું જાણકાર છે. સેસેસુ અણભિગ્ગહિઓ–શેષેષુ અનભિગૃહીતઃ જે કપિલાદિ પ્રણીત પ્રવચનોમાં અનભિગૃહીત એવી વ્યક્તિની તપરૂચિનું નામ સંખેવરુઇત્તિ હોઇ નાયવ્વો–સંક્ષેપરુચિરિતિ ભવતિ જ્ઞાતવ્યઃ સંક્ષેપ રૂચિ સમ્યક્ત્વ છે. જે વ્યકિત કપિલાદિ પ્રખ્યિત સિદ્ધાંતોના જાણકાર નથી તે ચિલાતીપુત્રની માફક પ્રશમાદિપદત્રયથી તત્વરૂચિને પ્રાપ્ત કરી લે છે. આનું નામ સંક્ષેપ રૂચિ છે. ॥ ૨૬ ॥

ધર્મરૂચિ કા કથન ઔર સમ્યક્ત્વવાન કે લક્ષણ

હવે દશમા ધર્મરૂચિ સમ્યકત્વને કહે છે—" जो " ઈત્યાદિ !

અન્વયાર્થ—જે મનુષ્ય જિણાભિહિયં–જિનાભિહિતં તીર્થંકરો દ્વારા કથીત અત્થિકાયધમ્મં–આસ્તિકાયધર્મં ધર્માદિક દ્રવ્યોના ધર્મની ગતિ આદિમાં ઉદાસિન રૂપથી સહાયતા કરવા આદિ સ્વભાવના સુયધમ્મં ખલુ–શ્રુતધર્મં ખલુ તથા શ્રુત ધર્મને અંગ પ્રવિષ્ટ અનંગ પ્રવિષ્ટના ભેદથી બે પ્રકારના આગમની તથા चरित्तधम्मं च–चारित्रधर्मं च સામાયિક આદિ ચારિત્ર ધર્મની सद्दहइ–શ્રદ્દધાતિ શ્રદ્ધા કરે છે તે વ્યકિતની એ તત્વ રૂચિનું નામ ધર્મરૂચિ છે. ॥ ૨૭ ॥

'આ અમુક પ્રાણીમાં સમ્યકત્વ છે એ કઈ રીતે જાણી શકાય છે એને માટે સૂત્રકાર કહે છે—" परमत्थे " ઈત્યાદિ !

સમ્યક્ત્વકા માહાત્મ્ય

અન્વયાર્થ––परमत्थसंथवो वा–પરમાર્થસંસ્તવો વા તાત્વિક જીવાદિક પદાર્થોનું સંસ્તવ ગુણગાન ગાવા (૧) सुदिट्ठपरमत्थसेवणं–સુદૃષ્ટપરમાર્થસેવનમ્ સારી

રીતે જીવાદિક રૂપ પરમાર્થોને જોવાવાળા આચાર્યાદિકોની ભાવપૂર્વક સેવા કરવી તેમની શકયતા મુજબ વૈયાવૃત્તિ કરવી, (૨) તથા જેમણે વાવણકુદંસણવજ્જણાય–વ્યાપન્નકુદર્શનવર્જનં ચ સમ્યકત્વને પ્રાપ્ત કરીને તેને પાછું છોડી દીધેલ છે એવી વ્યાપન્ન–નષ્ટ દર્શનવાળી વ્યકિતયોનો સંસર્ગ છોડવો. (૩) તથા શાકયાદિક કુદૃષ્ટિયોની સંગત ન કરવી (૪) આવા ચિન્હોથી જીવમાં સમ્મત્તસદ્દહણા–સમ્યક્ત્વશ્રદ્ધાનમ્ સમ્યકત્વનો સદ્ભાવ વ્યાપિત થાય છે. વ્યાપન્ન અને કુદર્શનોનો ત્યાગ એ માટે બતાવવામાં આવેલ છે કે, તેના સંગથી સમ્યકત્વ મલિન થઈ જાય છે. આથી એ મલિન ન બને આ માટે એવાઓનો ત્યાગ શ્રેયસ્કર છે. ।। ૨૮ ।।

આ પ્રમાણે સમ્યકત્વનાં ચિન્હોને પ્રગટ કરી હવે સૂત્રકાર તેના મહાત્મ્યને બતાવે છે.––" નત્થિ ચરિત્તં " ઈત્યાદિ !

અન્વયાર્થ––સમ્મત્ત વિહૂણં ચરિત્તં નત્થિ–સમ્યક્ત્વવિહીનં ચારિત્રં નાસ્તિ સમ્યકત્વથી રહિત સમ્યક્ ચારિત્ર ન થયેલ હોય ન થવાનું હોય અને ન તો થાય છે. અર્થાત્ જ્યાં સુધી સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી ભાવચારિત્ર પણ થતું નથી. ભાવચારિત્રના થવાથી નિયમતઃ સમ્યકત્વનો સદ્ભાવ માનવામાં આવેલ છે. પરંતુ દંસણે ઉ ભઇયવ્વં–દર્શને તુ ભક્તવ્યમ્ સમ્યકત્વના હોવાથી એવો નિયમ નથી કે ચારિત્ર અવશ્ય હોય જ–હોય પણ અને ન પણ હોય. સમ્મતચરિત્તાઇં જુગવં–સમ્યક્ત્વચરિત્રે યુગપત્ જ્યારે એ બન્ને એક કાળમાં ઉત્પન્ન થાય છે ત્યારે એનો સદ્ભાવ માનવામાં આવે છે. પરંતુ પુવ્વં વ સમ્મત્તં–પૂર્વં વ સમ્યક્ત્વમ્ જે વખતે પહેલાં સમ્યકત્વ થઈ જાય છે. એ વખતે એ આત્મામાં ચારિત્ર, ચારિત્રભાજ્ય બતાવવામાં આવેલ છે. અર્થાત્ ચારિત્ર હો કે ન પણ હો.।।૨૯।।

ફરીથી સમ્યકત્વના મહાત્મ્યને કહે છે––" નાદંસણિસ્સ " ઈત્યાદિ ।

અન્વયાર્થ––અદંસણિસ્સ નાણં ન–અદર્શનિનો જ્ઞાનં ન સમ્યકત્વથી રહિત જે જીવ છે. એમનું જ્ઞાન સમ્યક્ જ્ઞાન માનવામાં આવેલ નથી. તથા નાણેણ વિણા ચરણગુણા ન હોંતિ–જ્ઞાનેન વિના ચરણગુણા ન ભવન્તિ સમ્યક્ય જ્ઞાનના વગર ચરણ–વ્રતાદિક, તથા ગુણ–પિંડ વિશુદ્ધિ આદિ થતાં નથી. અગુણિસ્સ મોક્ખો નત્થિ–અગુણિનો મોક્ષો નાસ્તિ અગુણિને–ગુણ અને ચારિત્રથી વિહીન મનુષ્યને સકળ કર્મક્ષયરૂપ મુકિતની પ્રાપ્તિ થતી નથી. ગુણોને ચારિત્ર વિના ભાવી બતાવવામાં આવેલ છે. આ માટે " અગુણિ " આ પદથી " ચારિત્ર રહિત " નું

પણ ગ્રહણ થયેલ છે. अमोक्खस्स निव्वाणं नत्थि–અમોક્ષસ્ય નિર્વાણં નાસ્તિ જ્યાં સુધી સઘળા કર્મોનો નાશ થતો નથી ત્યાં સુધી એ અમુકત જીવને સિદ્ધ ગતિનો લાભ થતો નથી.

આગલા સૂત્ર દ્વારા સૂત્રકારે મોક્ષના હેતુભૂત ચારિત્રનો સમ્યકત્વના સદ્ભાવમાં જ સદ્ભાવ બતાવેલ છે. આજ સમ્યકત્વનું મહાત્મ્ય છે. તથા આ સૂત્ર દ્વારા સમ્યકત્વના અભાવમાં ઉત્તરોત્તર ગુણ હોતા નથી એ બતાવેલ છે.॥૩૧॥

સમ્યક્ત્વ કે આઠ પ્રકાર કે આચાર કા વર્ણન

હવે સમ્યક્ત્વના આઠ આચારોને સૂત્રકાર બતાવે છે–"निस्संकिय" ઇત્યાદિ.

અન્વયાર્થ––નિઃશંકિત, ૧ નિષ્કાંક્ષિત, ૨ નિર્વિચિકિત્સા, ૩ અમૂઢ દૃષ્ટી, ૪ ઉપબૃંહા, ૫ સ્થિરીકરણ, ૬ વાત્સલ્ય, ૭ અને પ્રભાવના, ૮ આ આઠ આચાર છે. निस्संकियं–निःशङ्कितं જીનેન્દ્ર પ્રતિપાદિત તત્ત્વોમાં એકદેશ અથવા સર્વ દેશમાં શંકા ન કરવી શંકિત વૃત્તિ ન રાખવી. આનું નામ નિઃશંકિત છે ૧ निक्कंखिय–निष्काङ्क्षित જુદા જુદા દર્શનોની અભિલાષારૂપ આકાંક્ષાનો ત્યાગ કરવો નિષ્કાંક્ષિત છે. ૨ निव्वितिगिच्छा–निर्विचिकित्सा ફળની બાબતમાં શંકાશિલ થવું. જેમ એ વિચારવું કે, શું આટલી ભારે તપસ્યા અને સંયમની આરાધના કરવારૂપ કાર્યનું ફળ મળશે કે નહીં ? આ વિચિકિત્સા છે. આ પ્રમાણે વિચિકિત્સા ન કરવી એ નિર્વિચિકિત્સા છે. ૩ अमूढदिट्ठीय–अमूढदृष्टिश्च મોહ રહિત દૃષ્ટિનું નામ અમૂઢ દૃષ્ટિ છે. "કુતિર્થીક દર્શન બહુજનો દ્વારા માન્ય છે. આ કારણે અમારૂં દર્શન નિંદ્ય છે' આનું નામ મૂઢદૃષ્ટિ છે. આ પ્રકારની દૃષ્ટિનો અભાવ અર્થાત " અમારૂં દર્શન અનિંદ્ય છે આથી તે શ્રદ્ધા-વાળું છે " આવી બુદ્ધિનું થવું તેનું નામ અમૂઢદૃષ્ટિ છે. ૪ આ પ્રમાણે નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અને અમૂઢદૃષ્ટિ, એ ચાર અન્તરંગ

આચાર છે. બીજા ચાર બાહ્ય આચાર છે, એનામાં ઉવવૂહ–ઉપબૃંહા દર્શનાદિ ગુણ વિશિષ્ટોની પ્રશંસા કરવાથી તે તે ગુણોને વધારવા તે ઉપબૃંહા છે ૫ પોતે થિરકર –સ્થિરીકરણમ્ સ્વીકારેલા ધર્મઅનુષ્ઠાન તરફ શિથિલ બનેલ વ્યક્તિયોને એ ધર્મ અનુષ્ઠાનમાં ફરીથી સ્થિર કરવા તેનું નામ સ્થિરીકરણ છે. ૬ વચ્છલ્લ–વાત્સલ્યમ્ સાધર્મિક જનોનો ભક્તપાન આદિ દ્વારા ઉચિત આદર સત્કાર કરવો તે વાત્સલ્ય છે, ૭ પભાવણ–પ્રભાવના જૈન ધર્મની ઉન્નતિ થવામાં કારણભૂત ચેષ્ટાઓમાં પ્રવૃત્તિ કરવી એ પ્રભાવના છે. ૮ આ અટ્ઠ–અષ્ટ આઠ દર્શનનો આધાર છે. આનાથી સમ્યકત્વ પુષ્ટ થાય છે. આ દર્શનોના આચારોના કથનથી જ્ઞાનઆચારોનું પણ કથન ઉપલક્ષણથી જાણી લેવું જોઈએ. અથવા સૂત્રકારે અહીં એ જ્ઞાનનો આચાર ન કહેતાં ફક્ત સમ્યક્ત્વના જ આચારોનું કથન કરેલ છે, એનું કારણ દર્શનના આચારજ મોક્ષમાર્ગમાં મુખ્ય કારણ છે. આ વાતને બતાવવાનું છે. ॥ ૩૧ ॥

ચારિત્રરૂપ મોક્ષમાર્ગ કે ભેદ કા વર્ણન

આ પ્રમાણે દર્શન અને જ્ઞાનને મોક્ષમાર્ગ રૂપ કહીને હવે સૂત્રકાર ચારિત્રરૂપ મોક્ષ માર્ગ બતાવે છે.—" सामाइयत्थ " ઇત્યાદિ !

અન્વયાર્થ—અત્થ–અત્ર અહીં ચારિત્રરૂપ મોક્ષ માર્ગ પઢમં સામાઇયં–પ્રથમં સામાયિકમ્ પહેલું સામાયિક, ૧ બિઇયં છેદોવટ્ઠાવણં–દ્વિતીયં છેદોપસ્થાપનમ્ છેદોપસ્થાપન, ૨ પરિહારવિસુદ્ધિયં–પરિહારવિશુદ્ધિકમ્ પરિહાર વિશુદ્ધિક, ૩ તથા સુહુમં તહ સંપરાયં ચ–સૂક્ષ્મં તથા સંપરાયંચ ચોથું સૂક્ષ્મ સાંપરાય ભેદવાળા છે. સમ શબ્દનો અર્થ સમતા છે સમતા સમત્વ ભાવરૂપ હોય છે. કેમકે, સમ શબ્દ અહીં ભાવ પ્રધાન રૂપથી નિર્દિષ્ટ થયેલ છે. રાગદ્વેષ રહિત આત્માનું પરિણામ કહો કે, સઘળા જીવોમાં પોતાના આત્માની સમભાના કહો, એ સમ શબ્દના જ પર્યાય વાંચી શબ્દ છે. એ સમનો આય–લાભ એ છે સમાય વૃદ્ધિ પામેલા શરદ પૂર્ણિમાના

ચંદ્રની કળાની માફક પ્રતિક્ષણ વિલક્ષણ જ્ઞાનાદિકોનો લાભ જ સમાય છે. આ સમાય જેનું પ્રયોજન છે તે સામાયિક છે, નિષ્કર્ષાર્થ આનો એ છે કે, સર્વ સાવદ્યયોગોનો પરિત્યાગ કરવો એ જ સામાયિક છે. આ સામાયિક ઇત્વર અને યાવત્કથિકના ભેદથી બે પ્રકારે છે. સામાયિકનો પ્રથમ ભેદ ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર અને ચરમ તીર્થંકરના તીર્થ કાળમાં થાય છે. કેમકે, ત્યાં છેદોપસ્થાપનિય ચારિત્રનો સદ્ભાવ હોવાથી "સામાયિક" આ પ્રકારનો વ્યપદેશ થતો નથી. યાવત્કથિક જે સામાયિકનો બીજો ભેદ છે તે બાકીના બાવીસ તીર્થંકરોના તીર્થકાળમાં અને મહા વિદેહોમાં છેદોપસ્થાપનાનો અભાવ હોવાથી "સામાયિક" આ પ્રમાણેનો વ્યપદેશ સંપૂર્ણ જીવન સુધી પણ થાય છે. સાતિચાર સાધુની અથવા નિરતિચાર શિષ્યની, અથવા ગચ્છાન્તરમાં રહેવાવાળા શિષ્યની અથવા તીર્થાન્તર સંબંધી શિષ્યની, અથવા તીર્થાંતરનો સ્વીકાર કરવાવાળા શિષ્યની, પૂર્વ દીક્ષા પર્યાયને છેદીને પછી નવેસરથી મહાવ્રતોનું આરોપણ કરવું તેનું નામ છેદોપસ્થાપના ચારિત્ર છે. આ રીતે આ નિરતિચાર અને સાતિચાર છેદોપસ્થાપન ચારિત્ર છે તપો વિશેષનું નામ પરિહાર છે. આ પરિહાર રૂપ તપસ્યા વિશેષ દ્વારા કર્મોની નિર્જરારૂપ વિશુદ્ધિ જે ચારિત્રમાં હોય છે તે પરિહાર વિશુદ્ધિક ચારિત્ર છે. તેનું સ્વરૂપ આ પ્રકારનું છે—નવ મુનિજન પોતાના ગચ્છથી નીકળીને જેમણે તીર્થંકરના પાદમૂળમાં પહેલાં આ પરિહાર વિશુદ્ધિક ચારિત્રની આરાધના કરેલ હોય એવા સંયતની પાસે અથવા કેવળી પ્રભુની પાસે જઈને આ ચારિત્રરૂપ તપસ્યાનું અનુષ્ઠાન કરે છે. એની વિધિ આ પ્રમાણે છે—આ નવમાંથી ચાર તપસ્યા કરે છે, એક એમનામાં વાચક હોય છે તથા બીજા ચાર તેમની વૈયાવૃત્તિ કરે છે. ગ્રીષ્મકાળમાં જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ રૂપથી તેમની તપસ્યા ચતુર્થ, ષષ્ઠ, અને અષ્ટમ રૂપ હોય છે. શીત કાળમાં ષષ્ઠ, અષ્ટમ, અને દશમરૂપ હોય છે. તથા વર્ષા કાળમાં અષ્ટમ, દશમ અને દ્વાદશરૂપ હોય છે.

પારણાના સમયે એ વાચક અને વૈયાવૃત્ત કરવાવાળા સાધુ નિત્ય આયંબિલ કરે છે. આ પ્રમાણે છ મહિનાનો સમય જ્યારે વિતી જાય છે ત્યારે તપસ્યા કરનાર સાધુ વૈયાવૃત્ત કરવા લાગે છે અને પહેલાં જે વૈયાવૃત્ત કરનાર સાધુ હતા તે તપસ્યા કરવા લાગી જાય છે. આ પ્રમાણે કરતાં કરતાં જ્યારે છ મહિના વીતી જાય છે ત્યારે એમની વચમાંથી એક વાચક બની જાય છે અને પહેલાના વાચક તપસ્યામાં નિરત બની જાય છે. અને બીજા સાધુ એની વૈયાવૃત્તી કરવા લાગી જાય છે. આ પ્રમાણે જ્યારે અઢાર મહિના વીતી જાય છે ત્યારે કલ્પની સમાપ્તિ થતાં તે સાધુ કાં તો ફરીથી એ તપની આરાધના કરવામાં લાગી જાય છે. અથવા જીનકલ્પને ધારણ કરી લે છે અથવા તો પોતાના ગચ્છમાં જઈ ને ભળી જાય છે. આ રીતનું એ તપસ્વીઓનું જે ચારિત્ર છે તેનું નામ પરિહાર વિશુદ્ધ ચારિત્ર છે. આ ચારિત્ર ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં જ પ્રથમ અને અંતિમ તીર્થંકરના તીર્થમાં પળાય છે. અન્યત્ર નહીં. જે ચારિત્રમાં લોભકષાય સૂક્ષ્મ બની જાય છે તેનુ નામ સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર છે. આ ચારિત્ર ઉપશમ શ્રેણી અને ક્ષપકશ્રેણીમાં લોભાણુ વેદનના સમયમાં થાય છે. ।। ૩૨ ।।

યથાખ્યાત ચારિત્ર કષાય વર્જીતને થાય છે તેને કહે છે–"अकसाय" ઈત્યાદિ

यथाख्यात चारित्र किस को होता है ?

અન્વયાર્થ—अहक्खायं अकसायं–यथाख्यातम् अकषायम् યથાખ્યાત ચારિત્ર કષાયના ક્ષપિત અને ઉપશમિત અવસ્થામાં થવાના કારણથી અકષાય સ્વરૂપ કહેવામાં આવેલ છે. આ ચારિત્રમાં કષાયજન્ય કોઈ પણ કાર્ય થતું નથી. આ ચારિત્ર छउमत्थस्स वा जिणस्स–छद्मस्थस्य वा जिनस्य છદ્મસ્થ ઉપશાંત મોહ, ક્ષિણ મોહ, એવા અગ્યારમા અને બારમા ગુણસ્થાન વર્તી જીવોને, તથા સયોગ કેવળી અને અયોગ કેવળીને થાય છે. एयं–एतत् આ પાંચે પ્રકારનું चारित्तं–चारित्रम् ચારિત્ર चयरित्तकरं–चयरिक्तकरम् ચય કર્મ રાશીથી રિક્ત કરવાના સ્વભાવવાળું છે. અથવા કર્મોની રાશિનો અભાવ કરવાવાળું છે. आहियं होइ–आख्यातं भवति એવું તીર્થંકર અને ગણધર દેવોએ કહેલ છે.

શંકા—"चरित्तेण निगिह्णाई तवेण परिसुज्झइ" આ વાકયાનુસાર ચારિત્રથી તો સંવર થાય છે, મોક્ષ નહીં. તો પછી અહીં તેને "चयरित्तकर" કઇ રીતે કહેવામાં આવેલ છે, ચયરિકતકર તો તપ હોય છે, તો આવી શંકા કરવી ઠીક નથી. કારણ કે, તપ પણ ચારિત્રનાજ અંતર્ગત છે. આથી તપ અને ચારિત્રમાં વાસ્તવિક ભેદ નહીં હોવાથી કોઈ વિરોધ ન માનવો જોઈએ. ।। ૩૩ ।।

હવે ચોથું કારણ તપને કહે છે—" तवोय " ઇત્યાદિ !

અન્વયાર્થ—बाहिर तहा अब्भंतरो–बाह्य तथ अभ्यन्तरम् બાહ્ય અને અભ્યંતરના ભેદથી तवो य दुविहो वुत्तो–तपश्च द्विविधं प्रोक्तम् તપ બે પ્રકારનાં કહેવામાં આવેલ છે बाहिरो छव्विहो वुत्तो–बाह्यं षड्विधं उक्तम् બાહ્ય તપ છ પ્રકારનાં છે તથા एवमब्भिंतरो तवो–एवमाभ्यंतरं तपः અભ્યંતર તપ છ પ્રકારનાં છે. આ પ્રમાણે આ તપને બાર પ્રકારનાં જાણવાં જોઈએ. આ બાર પ્રકારનાં તપોનું વિસ્તૃત વર્ણન તપોમાર્ગ નામના ત્રીસમાં અધ્યયનમાં કરવામાં આવશે. ॥૩૪॥

જ્ઞાનાદિ કે ફલ કા વર્ણન

હવે સૂત્રકાર જ્ઞાનાદિકોના ફળને બતાવે છે— 'नाणेण" ઇત્યાદિ.

અન્વયાર્થ—આત્મા नाणेण जाणई–ज्ञानेन जानाति મતિજ્ઞાનાદિક રૂપ સમ્યગ્ જ્ઞાનથી જીવાદિક પદાર્થોને જાણવું તે છે તથા दंसणेण सद्दहे–दर्शनेन श्रद्धत्ते દર્શનથી પદાર્થોનું શ્રદ્ધાન કરે છે. चारित्तेण निगिण्हाइ–चारित्रेण निगृण्हाति ચરિત્રથી આસ્રવના નિરોધરૂપ સંવર કરે છે તથા तवेण परिसुज्झई–तपसा परिशुद्धति તપથી કર્મ રજનું અપનયન કરીને શુધ્ધ થાય છે, આજ વાત ભગવતિસૂત્ર શતક બીજા ઉદ્દેશ પાંચમામાં આ પ્રમાણે કહેવામાં આવેલ છે કે, " संजमेणं अज्जो अणण्हफले तवे वोदाणफले " અર્થાત્–સંયમ, ચારિત્ર, અનાસ્રવરૂપ સંવર ફળવાળા હોય છે. તથા અનશન આદિ બાર પ્રકારનું તપ વ્યવદાન–કર્મનિર્જરા અથવા કર્મનિર્જરાથી જાયમાન શુદ્ધિફળવાળા હોય છે.૩૫

મોક્ષગતિ કા કથન

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ માર્ગનું ફળ મોક્ષ છે, કહીને હવે સૂત્રકાર મોક્ષફળરૂપ ગતિને કહે છે.—" खवित्ता " ઇત્યાદિ !

અન્વયાર્થ—सव्वदुक्खपहीणट्ठा – सर्वदुःखप्रहीणार्थाः સઘળા પ્રકારના દુઃખોથી પ્રહીણ જે સિધ્ધિરૂપ ક્ષેત્ર છે તેજ છે પ્રયોજનરૂપ અર્થ જેનો એવા महेसिणो–महर्षयः મહામુનિ જન સઘળા સાવદ્ય યોગોથી વિરમણરૂપ સંયમથી અને અનશનાદિક રૂપ બાર પ્રકારના તપથી पुव्वकम्माइं–पूर्वकर्माणि પૂર્વ કર્મોને

પૂર્વોપાર્જિત જ્ઞાનાવરણીયાદિક કર્મોને ખવિત્તા-ક્ષપયિત્વા ક્ષય કરીને પુનરાવૃત્તિ રહિત સિદ્ધિ ગતિને પક્કમંકિ-પ્રક્રામન્તિ પ્રાપ્ત કરી લે છે. એવું મેં જેમ ભગવાનથી સાંભળ્યું છે ત્તિબેમિ–ઇતિબ્રવીમિ તેવું જ હે જમ્બૂ! તમને કહેલ છે.॥ ૩૬ ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અઠાવીસમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ ॥ ૨૮ ॥

ઉન્તીસવેં અધ્યયન કા પ્રારંભ

ઓગણત્રીસમા અધ્યયનનો પ્રારંભ

અઠ્ઠાવીશમું અધ્યયન કહેવાઇ ગયું છે, હવે ઓગણત્રીસમા અધ્યયનની શરૂઆત થાય છે. આ અધ્યયનનું નામ સમ્યકત્વ પરાક્રમ છે. આ અધ્યયનનો સંબંધ આઠ્ઠાવીશમા અધ્યયનની સાથે આ પ્રમાણે છે–અઠ્ઠાવીશમાં અધ્યયનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ ચાર વાતોને મુક્તિનું કારણ બતાવેલ છે. આ ચારે સંવેગથી લઈને અકર્મતા પર્યંત તોંતેર બોલવાળા હોય છે. જેથી આ સંવેગાદિકોની વિશેષરૂપથી સમજણ આપવા માટે આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવેલ છે. અઠ્ઠાવીશમાં અધ્યયનમાં મોક્ષમાર્ગની ગતિ બતાવવામાં આવેલ છે, તે ગતિ વિતરાગતાપૂર્વક થાય છે. આ કારણે તે વિતરાગતા કઈ રીતે થાય છે એ વાત આ અધ્યયન દ્વારા કહેવામાં આવશે. આ પ્રમાણે એ બન્ને સંબંધોને લઈને આ અધ્યયન કહેવામાં આવે છે. આમાં સર્વ પ્રથમ શ્રી સુધર્મસ્વામી શ્રી જમ્બૂસ્વામીને કહે છે—" સુયંમે " ઇત્યાદિ!

ઉન્તીસવાં અધ્યયન કી અવતરણિકા

અન્વયાર્થ—આઉસં–આયુષ્મન્ હે જમ્બૂ! સુયં મે–મે શ્રુતમ્ મેં ભગવાનની પાસેથી સાંભળ્યું છે, તેણં ભગવયા એવમક્ખાયં–તેન ભગવતા એવં આખ્યાતમ્ સમગ્ર ઐશ્વર્યાદિ ગુણસંપન્ન અને ત્રણ લોકમાં પ્રસિદ્ધ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ આ પ્રમાણે–વક્ષ્યમાણ પ્રકારે કહ્યું છે, શું કહ્યું છે? આ પ્રમાણે શિષ્યની જીજ્ઞાસાના સમાધાન નિમિત્ત શ્રી સુધર્માસ્વામી કહે છે કે, કાસવેણં સમણેણ ભગવયા મહાવીરેણં ઇહ ખલુ સમ્મત્તપરક્કમે નામ અજ્ઝયણે પવેઇયે–

काश्यपेन श्रमणेन भगवता महावीरेण इह खलु सम्यक्त्वपराक्रमं नाम अध्ययनं प्रवेदितम् काश्यप गोत्रमां उत्पन्न थयेला, निर्ग्रंथ भगवान श्री वर्धमानस्वामीओ आ उत्तराध्ययन नामना प्रवचनमां निश्चयथी सम्यक्त्व पराक्रम नामनुं आ अध्ययन कहेल छे. आ अध्ययनमां सम्यक्त्वथी उत्पन्न थनारा उत्तरोत्तर गुणोनी प्राप्तिथी कर्मक्षपणना योग्य सामर्थ्यनुं वर्णन करेल छे. जेने जं सम्मं सद्दहित्ता-यत् सम्यक् श्रद्धाय जेने सम्यक् रीतथी श्रद्धानो विषय करीने अर्थात् भगवाने जे वर्णन करेल छे ते सत्य छे. आ प्रमाणे विश्वास करीने, तथा पत्तिया-प्रतीत्य " आ एज प्रमाणे छे, अन्य प्रकारथी नथी, आनांथी जीवोनुं कल्याण थई शके छे, आथी ओ कल्याणकारी छे. " एवो हृदयमां निश्चय करीने रोयइत्ता-रोचयित्वा भवदुक्त अर्थने अनुष्ठित करवा माटे एमना प्रवचनने पाळवानी अभिलाषारूप रुचि करीने फासित्ता-स्पृष्ट्वा योगत्रयथी स्पर्श करीने-मनमां सूत्र, अर्थ अने बन्नेनुं मनन, वचनथी वाचना आदि तथा कायथी भंगकनी रचना आदि द्वारा स्पर्श करीने पालन अने आराधनानां पण योगत्रय जाणवो जोईओ. पालइत्ता-पालयित्वा भगवदुक्त अनुष्ठानने अतिचारोनी परिशुद्धिपूर्वक वारंवार उपयोगनी सावधानीथी पालन करीने तीरित्ता-तीरयित्वा अध्ययन आदि द्वारा ओने समाप्त करीने, ' ओ कित्तइत्ता-कीर्तयित्वा आ प्रमाणे में भणेल छे' आ प्रमाणे गुरुदेवनी समक्ष विनयपूर्वक निवेदन करीने सोहइत्ता-शोधयित्वा गुरुओ बताव्या अनुसार उद्गात्तादि घोषनी शुद्धिथी विशुद्ध करीने आराहित्ता-आराध्य आराधना करी, उत्सूत्र प्ररुपणा न करतां उत्सर्ग अने अपवादने यथावत समजी लईने जीवत पर्यंत भगवदुक्त अर्थने जीवनमां उतारीने आणाए अणुपालयित्ता-आज्ञया अनुपाल्य तथा पोतानी बुद्धि अनुसार नहीं परंतु जेवी आज्ञा गुरुदेवनी अथवा जीनेन्द्रदेवनी छे. ओ अनुसार उचितकाळमां विधिपूर्वक पालनकरीने बहवे जीवा सिज्झंति-बहवः जीवाः सिध्यंतिअनेक जीव समस्त कार्योने करी लेवाना कारणेसिद्ध थाय छे. बुज्झंति-बुध्यन्तेविमळ केवळज्ञान रूप आलोकथी सकळ लोक अने आ लोकने जुओ छे. मुच्चंति- मुच्यन्ते सकळकर्मोथी सर्वथा मुकत बनी छे, परिनिव्वायंति-परिनिर्वान्ति तथा सकळकर्म रूप दावानळने ओकदम बुझववाने कारणे शीतळभूत बनी जाय छे, सव्वदुःखाणमंतं करेंति-सर्वदुःखानामन्तं कुर्वन्ति अतओव ते शारीरिक अने मानसिक दुःखोनो समूळगो विनाश करी देवाना कारणे सिद्धगति नामना स्थाननी प्राप्तिथी अव्याबाध सुखना भोक्ता बनी जाय छे.

भावार्थ—श्री सुधर्मास्वामी श्री जम्बूस्वामीने आ अध्ययननो प्रारंभ करवानो उद्देश समजावतां कही रह्या छे के, आयुष्मन ! में आ अध्ययन भगवान श्री वर्धमानस्वामीना मुखारविंदथी सांभळेल छे. एमणे एवुं प्रतिपादन करेल छे के, जे मुनि आ अध्ययनमां प्रतिपादित संवेग आदि अकर्मता पर्यंतना गुणोने सम्यक् श्रद्धाथी, प्रतीतिथी, रुचि आदिथी, सांभळशे, पालन करशे, योगात्रयनी सावधानपूर्वक आने पोताना जीवनमां उतारशे ते

અવશ્ય આ સંસારના દુઃખોથી છૂટીને સિદ્ધગતિને પાત્ર બનશે. જેટલા પણ જીવ આજ સુધી આ ગતિના પાત્ર બનેલ છે, તેમ બની રહેલ છે, એ સઘળા આજ પ્રમાણે બન્યા છે, અને બની રહ્યા છે.

संवेगादि तिहत्तर पदार्थ के नाम निर्देश

ભગવાન મહાવીરે આ સમ્યકત્વ પરાક્રમ નામના અધ્યયનમાં કેવો અર્થ પ્રરૂપિત કરેલ છે ? આ પ્રકારની શિષ્યની જીજ્ઞાસાના સમાધાન નિમિત્ત સૂત્રકાર કહે છે—" तस्सणं " ઇત્યાદિ !

અન્વયાર્થ—तस्सणं अयमट्ठे एवमहिज्जइ–तस्य खलु अयं अर्थः आख्यायते ભગવાન મહાવીર તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીએ સમ્યકત્વ પરાક્રમ નામના અધ્યયનનો આ વક્ષ્યમાણ અર્થ તોંતેર (૭૩) બોલો આ પ્રમાણે કહેલ છે तं जहा–तद्यथा તે આ પ્રમાણે બતાવેલ છે. અર્થાત્ એ તોંતેર બોલ આ પ્રમાણે છે—૧ संवेगे–संवेगः સંવેગ, ૨ निव्वेए–निर्वेगः નિર્વેગ, ૩ धम्मसद्धा–धर्मश्रद्धा ધર્મમાં શ્રદ્ધા, ૪ गुरुसाहम्मिय सुस्सूसणया–गुरुसाधर्मिक सुश्रूषणता ગુરુધાર્મિકો પ્રત્યે સુશ્રૂષણતા, ૫ आलोयणया–अलोचनता આલોચનતા, ૬ निंदणा–निन्दनता નિન્દનતા, ૭ गरिहणया–गर्हणता ગર્હણતા, ૮ सामाइए–सामायिकं સામાયિક, ૯ चउव्वीसत्थए–चतुर्विंशतिस्तवः चतुर्विंशतिस्तव, ૧૦ वंदणए–वन्दनं વંદન, ૧૧ पडिक्कमणे–प्रतिक्रमणं પ્રતિક્રમણ, ૧૨ काउस्सगे–कायोत्सर्गः કાયોત્સર્ગ, ૧૩ पच्चक्खाणे–प्रत्याख्यानं પ્રત્યાખ્યાન, ૧૪ थयथुइमंगले–स्तवस्तुतिमंगलं સ્તવસ્તુતિ મંગલ, ૧૫ कालपडिलेहणया–कालप्रत्युपेक्षणता કાળપ્રત્યુપેક્ષણતા, ૧૬ पायच्छित्तकरणे–प्रायश्चित्तकरणं પ્રાયશ્ચિત્તકરણ, ૧૭ खमावणया–क्षमापणता ક્ષમાપનતા, ૧૮ सज्झाए–स्वाध्यायः સ્વાધ્યાય, ૧૯ वायणा–वाचनता વાચનતા, ૨૦ परिपुच्छणया–प्रतिप्रच्छनता પ્રતિપ્રચ્છનતા ૨૧ परियट्टणया–परावर्तनता, પરાવર્તનતા ૨૨ अणुप्पेहा–अनुप्रेक्षा અનુપ્રેક્ષા, ૨૩ धम्मकहा–धर्मकथा ધર્મકથા, ૨૪ सुयस्स आराहणया–श्रुतस्याराधनता શ્રુતનીઆરાધનતા, ૨૫ एगग्गमणसंनिवेसणया–एकाग्रमनःसंनिवेशना એકાગ્રતાની આરાધના, ૨૬ संजमे–संयमः સંયમ, ૨૭ तवो–तपः તપ, ૨૮ वोदाणे–व्यवदानं વ્યવદાન. ૨૯ सुहसाए–सुखशायः સુખશાત, ૩૦ अप्पडिबद्धया–अप्रतिबद्धता અપ્રતિબદ્ધતા, ૩૧ विवित्तसयणासणसेवणया–विविक्तशयनासनसेवनता વિવિક્તશયનાસન સેવનતા, ૩૨

विणिवट्टणया-विनिवर्तनता विनिवर्तनता, ३३ संभोगपच्चक्खाणे-संभोगप्रत्याख्यानं संभोगप्रत्याख्यान, ३४ उवहिपच्चक्खाणे-उपधिप्रत्याख्यानम् उपधिप्रत्याख्यान, ३५ आहारपच्चक्खाणे-आहारप्रत्याख्यानम् आहारप्रत्याख्यान, ३६ कसायपच्चक्खाणे-कषायप्रत्याख्यानम् कषाय प्रत्याख्यान, ३७ जोगपच्चक्खाणे-योगप्रत्याख्यानम् योगप्रत्याख्यान,३८ सरीरपच्चक्खाणे-शरीरप्रत्याख्यानं शरीरप्रत्याख्यान,३९ सहायपच्चक्खाणे-सहायप्रत्याख्यानं सहाय प्रत्याख्यान,४० भत्तपच्चक्खाणे-भक्तप्रत्याख्यानं भक्त प्रत्याख्यान, ४१ सब्भावपच्चक्खाणे-सद्भावप्रत्याख्यानं सद्भाव प्रत्याख्यान, ४२ पडिरूवणका-प्रतिरूपनता प्रतिरूपता ४३ वेयावच्चे-वैयावृत्यम् वैयावृत्य, ४४ सव्वगुणसंपणया-सर्वगुणसंपन्नता सर्वगुणसंपन्नता, ४५ वीयरागया-वीतरागयता वीतरागता,४६ खंती-क्षन्तिः क्षान्ति,४७मुत्ती-मुक्तिः मुक्ति,४८मद्दवे-मार्दवम् मार्दव, ४९ अज्जवे-आर्जवं आर्जव, ५० भावसच्चे-भावसत्यं भावसत्य, ५१ करणसच्चे-करणसत्यं करण सत्य ५२ जोगसच्चे-योगसत्यं योगसत्य, ५३ मणगुत्तया-मनोगुप्तता मनोगुप्तता, ५४ वयगुत्तया-वाग्गुप्तता वाग्गुप्तता, ५५ कायगुत्तया-कायगुप्तता कायगुप्तता, ५६ मणसमाधारणया-मनः समाधारणता मनः समाधारणता, ५७ वयसमाधारणया-वाक्समाधारणता वाक् समाधारणता, ५८ कायसमाधारणया-कायसमाधारणता काय समाधारणता, ५९ नाणसंपन्नया-ज्ञानसंपन्नता ज्ञान संपन्नता, ६० दंसणसंपन्नया-दर्शनसंपन्नता दर्शनसंपन्नता, ६१ चरित्तसंपन्नया-चारित्रसंपन्नता चारित्रसंपन्नता, ६२ सोइंदियनिग्गहे-श्रोत्रेन्द्रियनिग्रहः श्रोत्रेन्द्रिय निग्रह, ६३ चक्खिंदियनिग्गहे-चक्षुरिन्द्रियनिग्रहः चक्षुरिन्द्रिय निग्रह, ६४ घाणिंदियनिग्गहे-घ्राणेन्द्रियनिग्रहः घ्राणेन्द्रिय निग्रह, ६५ जिब्भिंदियनिग्गहे-जिह्वेन्द्रियनिग्रहः जिह्वेन्द्रिय निग्रह,६६ फासिन्दियनिग्गहे-स्पर्शेन्द्रियनिग्रहः स्पर्शेन्द्रिय निग्रह, ६७ कोहविजए-क्रोधविजयः क्रोधविजय, ६८ माणविजए-मानविजयः मानविजय ६९ मायाविजए-मायाविजयः मायाविजय, ७० लोहविजए-लोभविजयः लोभ विजय, ७१ पेज्ज दोसमिच्छादंसणविजए-प्रेमद्वेषमिथ्यादर्शनविजयः प्रेम, द्वेष, मिथ्यादोष विजय, ७२ सेलेसी-शैलेशी शैलेषी, ७३ अकम्मया-अकर्मता अकर्मता अहीं सुधी आ अर्थ मोक्षनुं कारण छे. आनी संख्या तोंतेर छे.

તેમા પ્રથમબોલ સંવેગસ્વરૂપને કહે છે" संवेगणं " ઈત્યાદિ !

અન્વયાર્થ—હે ભગવાન ! संवेगेणं जीवे किं जणयइ-संवेगेन जीवः किं जनयति સંવેગથી જીવ કયા ગુણને ઉત્પન્ન કરે છે ? નરસુખ, સુરસુખની અભિલાષા ન કરતાં માત્ર મોક્ષ સુખની અભિલાષા થવી એનું નામ સંવેગ છે. એથવા ધર્માદિકમાં અનુરાગરૂપ જે શુભ અધ્યવસાય વિશેષ હોય છે. તેનું નામ સંવેગ છે. આ વાત અન્ય સ્થળે પણ કહેવામાં આવેલ છે—

" तथ्ये धर्मे ध्वस्त हिंसा प्रबंधे, देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसंदर्भहीने, संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥१॥ "

હિંસા રહિત સાચા ધર્મમાં, રાગદ્વેષ મોહ આદિ દોષરહિત સાચા દેવમાં સર્વથા પરિગ્રહ રહિત સાચા ગુરૂમાં, જે નિશ્ચલ અનુરાગ-પ્રેમ હોય તેને સંવેગ કહે છે. ॥ ૧ ॥

અથવા—જીન વચનોથી ભવિત અંતઃકરણતાનું નામ પણ સંવેગ છે. અથવા ભવથી વિરાગ થવું એ પણ સંવેગ છે. એ સંવેગથી જીવે કયા ગુણને ઉત્પન્ન કરેલ છે ? આ પ્રમાણે પૂછવાથી ભગવાન કહે છે કે. सवेगणं अणुत्तरं धम्मसद्धं जणयइ-संवेगेन अनुत्तरां धर्मश्रद्धां जनयति આજીવ સંવેગપ્રાપ્તિથી સર્વોત્કૃષ્ટ ધર્મશ્રદ્ધાને શ્રુતચરિત્રરૂપ ધર્મમાં તત્કરણતાભિલાષરૂપ શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે. अणुत्तराए धम्मसद्धाए संवेगं हव्व-मागच्छइ-अनुत्तरया धर्मश्रद्धया संवेगं शीघ्रं आगच्छति પછીથી સર્વોત્કૃષ્ટ એ ધર્મશ્રદ્ધાથી વિશિષ્ટતર સંવેગને અતિશય મોક્ષાભિલાષીને શીઘ્ર પ્રાપ્ત કરે છે. अणंताणु बंध कोह माणमाया लोभे खवइ-अनंतानुबन्धि क्रोध मान माया लोभान् क्षपयति તથા અનાન્તુબંધી ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોને-કે, જે જીવને માટે નરક ગતિ અપાવનાર છે, તથા જેનાં લક્ષણ આગળ કહેવામાં આવશે, એનો નાશ કરે છે. नवं च कम्मं बंधइ-नवं च कर्म बध्नाति અને નવીન જ્ઞાનાવરણિયાદિક અશુભ પ્રકૃતિરૂપ કર્મોનો બંધ કરતા નથી. तप्पच्चइयं च णं

मिच्छत्तविसोहिं काउण दंसणाराहए भवइ-तत्प्रत्ययिकां च खलु मिथ्यात्वविशुद्धिं कृत्वा दर्शनाराधको भवति એનાથી કષાયનો ક્ષય થાય છે. પ્રત્યય-નિમિત્ત જેનું એવું મિથ્યાત્વ વિશુદ્ધિ કરીને આ જીવ ક્ષાયિક સમ્યકત્વના નિરતિચાર પાળવા-વાળા બની જાય છે. दंसणविसोहिए य णं विसुद्धाए-दर्शनविशुद्धया च खलु विशुद्धया विशुद्ध-અત્યંત નિર્મળ એ દર્શનની વિશુદ્ધતાથી દર્શનાચારના પરિ-પાલનથી વિશિષ્ટ થયેલ શુદ્ધિથી अत्थेगइए तेणेव भवग्गहेणं सिज्झइ-अस्ति एकक: तेनैव भवग्रहणेन सिध्यति કોઈ એક જીવ એવો હોય છે કે જે એજ ભવથી સિદ્ધિગતિને પ્રાપ્ત કરી લે છે. પરંતુ विसोहिए य णं विसुद्धाए तच्चं पुणो भवग्गहणं नाइक्कमइ-विशोध्या च खलु विशुध्या तृतीयं पुनर्भवग्रहणं नातिक्रामति જે જીવ ઓછી આયુષ્યના કારણે કેટલાંક કર્મ અવશિષ્ટ રહેવાથી જો એજ ભવમાં મોક્ષને પ્રાપ્ત ન કરી શકે તો તે ઉત્કૃષ્ટ દર્શન વિશુદ્ધિના પ્રભાવથી ત્રીજા ભવમાં તો ચૂકતો નથી. અર્થાત્ તે જીવ શાલીભદ્રની માફક ત્રીજા ભવમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. આ વાત ઉત્કૃષ્ટ દર્શનારાધકની અપેક્ષાથી કહેલ છે.

કહ્યું પણ છે—" उक्कोसदंसणेणं भन्ते! जीवे कइहिं भवग्गहणेहिं सिज्झिज्जा ? गोयमा! उक्कोसेणं तेणेव तच्चो मुक्के तइयं णाइक्कमइ " ॥ १ ॥

निर्वेद के स्वरूप का वर्णन

સંવેગના પછી નિર્વેદ અવશ્ય થાય છે. આથી હવે બીજા બોલ નિર્વેદનના સ્વરુપને કહેવામાં આવે છે—" निव्वेएणं " ઇત્યાદિ ।

अन्वयार्थ—निव्वेएणं जीवे किं जणयइ-निर्वेदेन जीवः किं जनयति નિર્વેદ ગુણની પ્રાપ્તિ થવાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ભગવાન કહે છે કે, निव्वेएणं दिव्वमाणुस्स तेरिच्छिएसु कामभोएसु निव्वेदं हव्व मागच्छइ-निर्वेदेन दिव्यमानुषतैरश्चेषु कामभोगेषु निर्वेदं शीघ्रं आगच्छति જીવ જ્યારે નિર્વેદ-સામાન્ય રૂપથી સંસારથી વૈરાગ્ય પ્રાપ્ત કરી લે છે ત્યારે આ સ્થિતિમાં તે જીવ દિવ્ય દેવાદી સંબંધિ કામભોગોમાં, મનુષ્ય સંબંધી કામભોગોમાં અને તિર્યંચ સંબંધિ કામભોગોમાં એવો વિચાર કરે છે કે, નરક એવ નિગોદ આદિ ગતિઓના દુઃખોના કારણભૂત આ કામભોગોના સેવનથી કયો લાભ થાય છે–એનો ત્યાગ જ ઉત્તમ છે. એવા વિચારથી તે એમાં વિશિષ્ટતર નિર્વેદને શીઘ્ર પ્રાપ્ત કરે છે આ વિચારથી ભાવિત અંતઃકરણવાળા થઇને એ જીવ सव्वविसएसु विरज्जइ-सर्वविषयेषु विरज्यते સમસ્ત દેવાદિક સંબંધિ શબ્દાદિક વિષયોમાં વિરક્તિ ધારણ કરે છે. એનો પરિત્યાગ કરી દે છે. सव्वविसए सु विज्जमाणे आरंभपरिग्गहपरिच्चायं करेइ-सर्वविषयेषु विरज्यमान आरंभ परिग्रह परित्यागं करोति એનો ત્યાગ કરવાથી પછી તે જીવ ષટ્જીવની

કાયોના ઉપમર્દનરૂપ આરંભનો અને ધન, ધાન્યઆદિના સ્વીકાર કરવારૂપ પરિત્યાગ કરી દે છે. આરંભપરિગ્રહપરિચ્ચાયં કરેમાણે–આરંભપરિગ્રહપરિત્યાગં ચ કુર્વન્ આરંભ અને પરિગ્રહનો પરિત્યાગ કરતાં કરતાં એ જીવ સંસારમગ્ગં વોચ્છિંદઇ–સંસારમાર્ગં વ્યવચ્છિનત્તિ સંસારના માર્ગ સ્વરૂપ મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ અને કષાય, આનો પરિહાર કરે છે. સિદ્ધિ મગ્ગપડિવન્ને ય હવઇ–સિદ્ધિમાર્ગં પ્રતિપન્નશ્ચ ભવતિ તથા સિદ્ધિના માર્ગભૂત સમ્યગ્ દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે, જે કારણે એ સંસાર માર્ગનો પરિત્યાગ કરી દે છે. એનાથી જ તે સિદ્ધિ માર્ગને પ્રાપ્ત કરે છે. ॥ ૨ ॥

ધર્મશ્રદ્ધા કા વર્ણન

નિર્વેદ ગુણની પ્રાપ્તિ ધર્મશ્રદ્ધાવાળાને જ થાય છે. આથી ત્રીજાબોલ ધર્મશ્રદ્ધા માટે કહે છે—' ધમ્મસદ્ધાએણં ' ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભન્તે ધમ્મસદ્ધાએ જીવે કિં જણયઇ–ભદન્ત ધર્મશ્રદ્ધયા જીવઃ કિં જનયતિ હે ભગવાન! ધર્મશ્રદ્ધાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ભગવાન કહે છે ધમ્મસદ્ધાએ ણં સાયા સોક્ખેસુ રજ્જમાણે વિરજ્જઇ–ધર્મશ્રદ્ધયા ખલુ સાતસૌખ્યેષુ રજ્યમાનો વિરજ્યતે શ્રુત ચારિત્રરૂપ ધર્મની શ્રદ્ધાથી પ્રાણી, જો કે, પહેલાં સાત વેદનિય કર્મના ઉદયથી જન્મેલા વૈષયિક સુખોમાં મગ્ન થઈ રહેલ હતો, હવે મગ્ન થતો નથી. અર્થાત્ જ્યાં સુધી શ્રુતચારિત્રરૂપ ધર્મની શ્રદ્ધાએ તેના જીવનમાં પોતાનું સ્થાન જન્માવેલ ન હતું, ત્યાં સુધી એ પ્રાણી સાતવેદનિયના ઉદયની પ્રાપ્તિથી પ્રાપ્ત વૈષયિક સુખોમાં મગ્ન બનીને ખૂબ સુખી થતો હતો, પોતાને ઘણો સુખી માનતો હતો, પરંતુ જ્યારે ધર્મની શ્રદ્ધાથી એનું અંતઃકરણ ઓતપ્રોત બન્યું એટલે એ વિષયક સુખ એને હેય પ્રતીત થવા લાગ્યાં આથી એ તેનાથી વિરક્ત થઈ જાય છે. તથા એના હેતુભૂત અગારધમ્મં ચ ણં ચયઇ–અગારધર્મં ચ ખલુ ત્યજતિ અગાર ધર્મને ગૃહસ્થધર્મને નિશ્ચયથી છોડી દે છે. અને અણગારે ણં જીવે સરીરમાણસાણં દુક્ખાણં છેયણભેયણ સંજોગાઈણં વોચ્છેયં કરેઇ–અનગારઃ ખલુ જીવઃ શરીરમાનસાનાં દુઃખાનાં છેદનભેદન સંયોગાદીનાં વ્યવચ્છેદં કરોતિ અનગાર બનીને–પ્રવ્રજીત થઈને જે તેના છેદનથી, ખડગ આદિ દ્વારા દ્વિધા કરવાથી, થનાર ભેદનથી, કુન્ત આદિ દ્વારા વિદારણ કરવાથી, થનાર તથા આદિ શબ્દથી તાડન–તાર્જન કરવાથી થનાર શારીરિક દુઃખોને આજ રીતે અનિષ્ટ પદાર્થોના સંબંધથી,

ઇષ્ટ પદાર્થના વિયોગથી થનાર આર્તધ્યાનરૂપ માનસિક દુઃખોનો નાશ કરે છે કે જેથી એ દુઃખ એને ફરીથી પ્રાપ્ત ન થાય. અર્થાત–દુઃખોના કારણભૂત કર્મોની એ નિર્જરા કરી દે છે. આથી કારણના અભાવમાં કાર્ય બનતું નથી. જ્યારે એ જીવ આ રીતે શારીરિક અને માનસિક દુઃખોથી રહિત બનીને તે अव्वाबाहं च सुहं निव्वत्तेइ–अव्याबाधं सुखं च निवर्तयति અવ્યાબાધ સુખોને પ્રાપ્ત કરે છે, ધર્મની મહિમા કદી તિરોહિત થઈ શકતી નથી. કારણ કે, જીવોના ધર્મથી જ સકળ મનોરથ ફળતા ફૂલતા રહે છે. અન્ય સ્થળે પણ આવું જ કહેલ છે—

धर्मोऽयं धनवल्लभेषु धनदः, कामार्थिनां कामदः,
सौभाग्यार्थिषु तत्प्रदः, किमथवा पुत्रार्थिनां पुत्रदः ॥
राज्यार्थिष्वपि राज्यदः, किम परं नाना विकल्पै नृणां,,
तत् किं यन्न ददाति, किंच तनुते स्वर्गापवर्गावपि ॥१॥

ધર્મનો મહિમા જ એવો છે કે, તેનું સેવન કરનાર વ્યક્તિઓમાંની કોઈ જો ધનની ઇચ્છા ધરાવનાર હોય તો એને ધનની અપાર રાશી આપે છે. જો એ કર્માર્થી હોય તો એણે ઇચ્છેલી સઘળી અભિલાષાઓ પૂર્ણ કરે છે. જો તે સૌભાગ્યના અભિલાષી હોય તો તેના સૌભાગ્યને ચમકાવે છે. જો પુત્રની અભિલાષાવાળો હોય તો તેને સર્વોત્તમ પુત્ર આપે છે, અથવા તો જો રાજ્યના અભિલાષી હોય તેને રાજ્ય આપે છે. વધારે શું કહેવામાં આવે સંસારમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે, જે ધર્મથી મળી ન શકતિ હોય. સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ પણ જીવને આ એક ધર્મના પ્રભાવથી જ થાય છે. ॥ ૨ ॥

ભાવાર્થ—અહીં એવી આશંકા ન કરવી જોઇએ કે, સંવેગનું ફળ પ્રદર્શિત કરતી વખતે સૂત્રકારે પહેલાં જ ધર્મની શ્રદ્ધા અને એના ફળની પ્રરૂપણા કરી દીધેલ છે. બીજી વખત ધર્મશ્રદ્ધાના ફળને પ્રદર્શિત કરવાથી પુનરક્તિ દોષ લાગે છે. આનું સમાધાન એ છે કે, પહેલાં જે ધર્મશ્રદ્ધાનું કથન સૂત્રકારે કરેલ છે. એમાં એમણે એ પ્રદર્શિત કરવું ઈષ્ટ હતું કે, આ ધર્મશ્રદ્ધા સંવેગનું ફળ છે. પરંતુ અહીં જે ધર્મશ્રદ્ધાનું ફળ બતાવવામાં આવેલ છે તે એવું નથી બતાવ્યું અહીં તો તે સ્વતંત્રરૂપથી બતાવવામ આવેલ છે. આથી એમાં પુનરૂક્તિ દોષની સંભાવના નથી. ॥ ૩ ॥

ધર્મશ્રદ્ધાળુઓએ ગુરુ આદિની શુ ષા અવશ્ય કરવી જોઈએ. આથી ચોથા

બોલરૂપ ગુરુસાધર્મિક શુશ્રૂષાના ગુણ પ્રકટ કરવામાં આવે છે–"गुरुसाहम्मिय" ઈત્યાદિ।

અન્વયાર્થ—भन्ते गुरुसाहम्मिय सुस्सूसणयाए जीवे किं जणयइ–गुरुसाधर्मिक सुश्रूषणया जीवः किं जनयति હે ભગવાન! આચાર્ય મહારાજની, અથવા દીક્ષાપર્યાયમાં મોટા સાધુજનની, તથા સાધર્મિકની, પર્યુપાસનાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે?

ભગવાન કહે છે—गुरुसाहम्मिय सुस्सूसणया णं विणयपडिवत्तिं जणयइ–गुरु साधर्मिक सुश्रूषणया खलु विनयप्रतिपत्तिं जनयति ગુરુ અને સાધર્મિકજન આદિની સુશ્રૂષા કરવાથી જીવ વિનય તપની પ્રાપ્તિ કરે છે. विनयपडिवन्नेय णं जीवे अणच्चासायणसीले नेरइयतिरिक्ख जोणिय माणुस्स देवदुग्गइओ निबंधइ–विनय-प्रतिपन्नश्च खलु जीवः अनन्याशातनाशीलः नैरयिकतिर्यग्योनिकमनुष्य देव दुर्गतिं निरुणद्धि વિનય શીલ બનેલ એ આત્મા પોતાના ગુરુજનનું સ્વપ્નામાં પણ પરિવાદ આદિ કરતા નથી. આથી આશાતના દોષથી બિલકુલ રહિત હોવાના કારણે કોઈ પણ રીતે તે જરા સરખો પણ આશાતના દોષ ન કરનાર હોવાના કારણે તે નરકગતિ એને તિર્યંચગતિ આ બે દુર્ગતિઓનો તથા મનુષ્યોમાં મ્લેચ્છત્વ આદિ હોવારૂપ અને દેવગતિમાં કિલ્બિષિક દેવ થવા રૂપ દુર્ગતિનો બંધ કરતો નથી. वण्णसंजलणभत्तिबहुमाणयाए माणुस्सदेवगइओ निबंधइ–वर्णसंज्वलन भक्ति बहुमानतया मनुष्यदेव सुगतिं निर्बन्धाति વર્ણ સ્વજ્વલન–ગુરુ આદિના ગુણનું પ્રકાશન ભક્તિ આવવાથી અભ્યુત્થાન આદિનું કરવું બહુમાન અતરંગમાં એમના તરફ વધુ પ્રીતિવાળા બનવું, આ સઘળું કરવાને કારણે જીવ મનુષ્ય સુગતિ–ઐશ્વર્ય વિશિષ્ટ કુળમાં જન્મ લેવા રૂપ સુગતિને અથવા દેવ સુગતિને–ઈન્દ્રત્વ આદિ પદની પ્રાપ્તિરૂપ સુગતિને પામે છે. અર્થાત્ એ બન્ને સુગતિઓમાં જન્મ લેવાના કારણભૂત કર્મને ઉપાર્જન કરે છે. આ કારણે મર્યા પછી તે આ સુગતિઓમાં જઈને ઉત્પન્ન થાય છે, તથા सिद्धिसोग्गइं च विसोहेइ–सिद्धिं सुगतिं

ચ વિશોધયતિ સિદ્ધિરૂપ સુગતિનું વિશોધન કરે છે. અર્થાત્ સિદ્ધગતિના કારણભૂત સમ્યગ્દર્શન આદિની શુદ્ધિ કરતા રહે છે. એની શુદ્ધિ થવાથી પસત્થાइं च णं विनय मूलाइं सव्वकज्जाइं साहेइ अन्नेय बहवे जीवे विणिइत्ता भवइ-प्रशस्तानि खलु विनयमूलानि सर्वकार्याणि साधयति अन्यांश्च बहून् जीवान् विनेता भवति આ ભવમાં પ્રશસ્ત તથા વિનય હેતુક સમસ્ત શ્રુત જ્ઞાનાદિરૂપ કાર્યોને તથા પરભવમાં મુક્તિરૂપ કાર્યને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે તે સ્વાર્થ સાધક બનીને પણ પરમાર્થ સાધક બને છે. કેમકે, બીજા ઘણા માણસોને પણ એ પોતાના જીવન કાળમાં આ વિનય ધર્મમાં લગાડી દે છે.

ભાવાર્થ—જે સાધુ પોતાના આચાર્ય દેવની અથવા દીક્ષા પર્યાયમાં પોતાથી મોટા સાધુજનની યા સાધર્મી સાધુની પર્યુપાસના-સેવા આદિ કરે છે તે એની વૈયાવૃત્તિ દ્વારા વિનય તપ ધારણ કરે છે. કેમકે, જ્યાં સુધી આત્મામાં વિનય આવતો નથી ત્યાં સુધી બીજાની સેવા કરવાનો ભાવ ઉદય થતો નથી. આવા સાધુ પોતાના ગુરુદેવ આદિનો અપવાદ કદી પણ પોતાના મોઢેથી કરતા નથી. કેમકે, તે જાણે છે કે, આમ કરવાથી આશાતના દોષના ભાગી થવું પડે છે. આશાતના દોષના પ્રભાવથી જીવને નરક અને તિર્યંચ ગતિમાં જઇને દુઃખ ભોગવવા પડે છે. તથા કદાચ જો મનુષ્ય ગતિમાં જન્મ થઈ જાય તો તેને મ્લેચ્છ આદિરૂપ નીચ કુળોમાં જન્મ લેવો પડે છે, દેવ ગતિમાં પણ કિલ્વિષિક જાતીના દેવોમાં જન્મ લેવો પડે છે. આથી તે આશાતનાના દોષોથી સદા બચતા રહે છે. ગુરુ આદિના ગુણોનું પ્રકાશન કરવું, એમની ભક્તિ કરવી, બહુમાન કરવું, એજ તે ઉચિત માને છે. આથી એના પ્રભાવને કારણે દેવાદિ સુગતિઓમાં તે જન્મ લે છે. તથા સિદ્ધિગતિને સુધારવાની ચેષ્ટામાં નિરત રહ્યા કરે છે. સમ્યગ્દર્શન આદિ જે સદ્ગતિના માર્ગ છે. એને સદા સંભાળતા રહે છે. આ કારણે જીવ પ્રશસ્ત અને વિનયપૂર્વક સઘળા કાર્યોને કરવા ઉપરાંત બીજા ઘણા જીવોને પણ પોતાના જીવન કાળમાં આ ધર્મમાં લગાડી જાય છે. ॥૪॥

ગુરુ શુશ્રૂષા કરવા છતાં પણ સાધુને અતિચાર લાગવાની સંભાવના છે. એવી સ્થિતિમાં એણે આલોચના કરવી જોઈએ જેથી પાંચમા બોલમાં આલોચનાનું સ્વરૂપ કહે છે—" आलोयणयाए " ઇત્યાદિ।

अन्वयार्थ—भंते आलोयणयाए जीवे किं जणयइ–भदन्त आलोचनया जावः किं जानयति હે ભગવાન્! આલોચનાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તરમાં કહે છે आलोचणयाए णं माया नियाण मिच्छादंसण सल्लाणं उद्धरणं करेइ–आलोचनया खलु मायानिदानमिथ्यादर्शनशल्यानां उद्धरणं करोति આલોચનાથી અર્થાત્ ભાવોની શુદ્ધિપૂર્વક પોતાના દોષોને ગુરુમહારાજ સમક્ષ વચન દ્વારા પ્રગટ કરવાથી જીવ માયા, નિદાન અને મિથ્યાદર્શન, આ ત્રણ શલ્યોને દૂર કરે છે. શઠતા (કપટ) નું નામ માયા છે. "આ તપશ્ચર્યા આદિનું મને આ ફળ મળ્યું" આ પ્રકારની પ્રાર્થનાત્મક વિચારધારાનું નામ નિદાન છે. અતત્વોમાં તત્વાભિનિવેશનું નામ મિથ્યાદર્શન છે. તથા તત્વોમાં અતત્વાભિનિવેશનું નામ પણ મિથ્યા દર્શન છે. અભિગ્રહિક આદિના ભેદથી એ અનેક પ્રકારનાં શલ્ય જે રીતે જીવોને અનેકવિધ દુઃખ આપનાર શલ્ય છે. એનું અપનયન તે એ માટે કરે છે. એ मोक्खमग्गविग्घाणं अणंतसंसारबद्धणाणं–मोक्षमार्गविघ्नानां अनन्तसंसार वधकानां પાપાનુબંધિ કર્મ બંધનો હેતુ છે અને એજ કારણે તે મુક્તિમાર્ગમાં વિઘાતક છે તથા અનંત સંસારને વધારનાર છે. હવે આ આલોચના એ ત્રણે શલ્યોને કાઢી નાખે છે. તથા उज्जुभावं च जणयइ-ऋजुभावं खलु जनयति જીવના ભાવોમાં સરળતાને ઉત્પન્ન કરે છે ऊज्जुभावपडिवन्ने य णं जीवे अमाई इत्थिवेयं नपुंसगवेयं च न बंधइ–ऋजुभावप्रतिपन्नः जीवः अमायी स्त्रीवेदनपुंसकवेदं

च न बध्नाति परिणामोमां सरळता आववाथी ते अभाथी जीव स्त्री वेद अने नपुंसक वेदनो बंध करतो नथी तथा पुव्वबद्धं च णं निज्जरेइ–पूर्वबद्धं खलु निर्जरयति पूर्वमां बद्ध आ बन्ने वेदोनी निर्जरा करी दे छे. अथवा–आनो एवो पण अर्थ थाय छे के, पूर्वोपार्जित सघळा कर्मोनी निर्जरा करी दे छे. आम करवाथी तेने मुक्तिपद प्राप्त थई जाय छे.

भावार्थ—पोताना दोषोने भावोनी शुद्धिपूर्वक गुरुदेवनी समक्ष प्रकाशित करवा एनुं नाम आलोचना छे आलोचनाना प्रभावथी माया, मिथ्या अने निदान आ त्रणे शल्योनो परिहार थई जाय छे. कारण के, आ त्रणे शल्य मुक्ति मार्गनां विघातक छे. अने अनंत संसारने वधारनार छे. जीवमांथी जयारे आ शल्यो दूर थई जाय छे. त्यारे तेनी अंदर घणी ज सारी सरलता वधवा लागे छे. जे मनमां होय तेज ए कहे छे अने जे कहे छे ते करे छे. छुपावव जेवी वात कोई तेनी अंदर रहेती नथी. आवी हालतमां अभागी ए जीवने स्त्रीवेद अने नपुंसक वेदनो बंध थतो नथी. तथा पूर्वोपार्जित कर्मोनी निर्जरा थती रहे छे. आथी ते मुक्तिने पात्र बनी जाय छे. ॥ ५ ॥

स्वदोष निंदा के फल का वर्णन

आलोचना पोताना दोषोनी आत्मसाक्षीथी निंदा करवावाळानीज सफळ थाय छे. आ कारणे हवे छठ्ठा बोलमां निंदानुं स्वरूप कहे छे. " निंदणयाएणं " इत्यादि।

अन्वयार्थ—भंते निंदणयाए जीवे किं जणयइ–भदन्त निन्दनया जीवः किं जनयति हे भगवान्! पोतानी निंदा करवाथी जीव कया गुणने प्राप्त करे छे? उत्तरमां कहे छे–निंदणयाए णं पच्छाणुतावं जणयइ निन्दनया खलु पश्चादनुतापं जनयति पोते पोतानी जाते ज पोताना दोषोने अनुचितन करवारूप निंदाथी "मे आवुं अनुचित करेल छे" आ प्रकारनो विचार करवाथी जीव पश्चात्तापने प्राप्त थाय छे. "मे आ दुष्ट–खराब काम करेल छे " इत्यादिरूप अनुताप करे

છે. એનું ફળ એ થાય છે કે, पच्छाणुतावेणं विरज्जमाणे करणगुणसेढिं पडिवज्जइ –पश्चादनुतापेन विरज्यमानः करणगुणश्रेणिं प्रतिपद्यते તે એ દોષોનો પરિત્યાગ અનુતાપ કરી દે છે. અને આ પ્રકારે વિરકત બનેલ એ જીવ કરણગુણશ્રેણીને પ્રાપ્ત કરી લે છે. કરણ શબ્દનો અપૂર્વકરણ અર્થ છે. ગુણશ્રેણીનો "સર્વોપરિતન સ્થિતિથી મોહનીય આદિ કર્મદલીકોને લઈને ઉદય સમયથી લગાડી દ્વિતિયાદિ સમયોમાં અસંખ્યાત ગુણે–અસંખ્યાત ગણા પુદ્ગલોનો પ્રક્ષેપ કરવો" આ અર્થ છે. સ્થિતિ ઘાત, રસ ઘાત, ગુણસંક્રમણ, સ્થિતિબંધ, આ સહુની વિશિષ્ટતાને પણ અહીં ગ્રહણ કરી લેવી જોઈએ. અર્થાત્ જે જીવ અપૂર્વ કરણથી ગુણશ્રેણીને પ્રાપ્ત કરે છે એને વિશિષ્ટ સ્થિતિઘાત, વિશિષ્ટ રસઘાત, વિશિષ્ટ ગુણસંક્રમણ અને વિશિષ્ટ સ્થિતિબંધ થાય છે. અથવા કરણગુણ શ્રેણીનો એ પણ અર્થ થાય છે કે, પૂર્વમાં કદી પણ પ્રાપ્ત ન થયેલ એવા અપૂર્વ કરણ દ્વારા–અપૂર્વ પરિણામો દ્વારા–સાધ્ય જે ગુણ શ્રેણી છે. વિશદ માનસિક પરિણામોની વિશિષ્ટતા છે. એનું નામ પણ કરણગુણશ્રેણી છે. આ કરણગુણ શ્રેણી ક્ષપકશ્રેણી રૂપ જાણવી જોઇએ. અથવા–અપૂર્વકરણ આદિ કરણ છે એની મહીમાથી જે શ્રેણી લભ્ય છે તે કરગુણ શ્રેણી છે આ અર્થમાં પણ ક્ષપક શ્રેણીને જ ગુણશ્રેણી જાણવી જોઇએ. આ करणगुणसेढिं पडिवन्नेय अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ–करणगुणीश्रेणीं प्रतिपन्नश्च अनगारः मोहनीयं कर्म उद्घातयति કરણગુણ શ્રેણીને પ્રાપ્ત કરનાર જીવ અનગાર–મુનિરાજ મોહનિય કર્મને નષ્ટ કરે છે.

ભાવાર્થ—પોતાને લાગેલા દોષોની પોતાના જ મોઢેથી નિંદા કરવાવાળા સાધુ પશ્ચાત્તાપ કરીને ફરીથી એ દોષોને કરતા નથી. અને એથી વિરકત બનેલ એ જીવ કરણગુણશ્રેણીને પ્રાપ્ત કરીને મોહનીય કર્મને નષ્ટ કરી દે છે. આલોચના પોતાની નિંદા કરવાવાળા સાધુને જ સફળ થાય છે. આ માટે એ આલોચનાને બાદ બતાવવામાં આવેલ છે. ॥૬॥

ઘણાજ દોષોના સદ્ભાવમાં નિંદા કર્યા પછી ગુરુસાક્ષી ગર્હા પણ કરવી જોઇએ. જેથી સાતમા બોલમાં ગર્હાનું સ્વરૂપ કહેવામાં આવે છે-'गरहणयाए णं' ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते गरहरणयाए जीवे किंजणयइ-गर्हणया जीवः किं जनयति ગુરુ મહારાજની સમક્ષ સ્વયં પોતાના દોષોને પ્રકાશિત કરવારૂપ ગર્હાથી જીવ શું પ્રાપ્ત કરે છે. ? ઉત્તરમાં કહે છે કે-गरहणयाए णं अपुरेक्कारं जणयइ-गर्हणया खलु अपुरस्कारं जनयति ગર્હાથી જીવ પોતાની આત્મામાં અનાદર પામે છે. अपुरेक्कारगए णं जीवे अप्पसत्थेहिंतो जोगेहिंतो नियत्तेइ-अपुरस्कारगतः खलु जीवः अप्रशस्तेभ्यः योगेभ्यः निवर्तते અનાદરને પ્રાપ્ત થયેલ તે જીવ કર્મ બંધના કારણભૂત અપ્રશસ્ત યોગોથી સાવદ્યમન, વચન અને કાયાની પ્રવૃત્તિથી દૂર હટી જાય છે. અને पसत्थेय पडिवज्जइ-प्रशस्तांश्च प्रतिपद्यते નિરવદ્ય યોગોને ધારણ કરે છે. पसत्थ जोगपडिवन्नेय णं अणगारे अणंत घाइ पज्जवे खवेइ-प्रशस्तयोग प्रतिपन्नश्च खलु अनगारः अनंतघातिपर्यवान् क्षपयति નિરવદ્ય યોગોને ધારણ કરનાર તે અનગાર અનંતજ્ઞાન અને અનંત દર્શનને આવરણ કરવાના સ્વભાવવાળા જ્ઞાનવરણીયાદિ કર્મોને નષ્ટ કરે છે. સૂત્રકારે "अनंतघातिकर्मणः" એ પ્રમાણે ન કહેતાં "अनंतपर्यवान्" એમ કહેલ છે. એનું તાત્પર્ય આજ છે કે, દ્રવ્ય-કર્મણ દ્રવ્યનો નાશ થતો નથી. પરંતુ જ્ઞાનાવરણીયાદિ રૂપ કર્મણ દ્રવ્યોની પર્યાયોનો જ નાશ થાય છે. પર્યાયોનો નાશ થવાથી દ્રવ્યનો વિનાશ ઔપચારિક મનાયેલ છે. એ પૂર્વોકત તોંતેર સંવેગાદિક અર્થોને મુકિત પ્રાપ્ત કરવાના પ્રયોજનરૂપ જ જાણવા જોઈએ.

ભાવાર્થ—ગુરુમહારાજની સમક્ષ પોતાના દોષોનું પ્રકાશન કરવું એનું નામ ગર્હા છે. આ ગર્હાને પોતાના જીવનમાં સ્થાન આપનાર વ્યકિત અન્ય સાધુજનો દ્વારા અનાદરને પાત્ર બને છે. આથી તે એવી શિક્ષા લઇ હ્રદયે છે કે; મારે ભવિષ્યમાં આ પ્રકારનો વહેવાર ન કરવો જોઇએ કે, જેનાથી મારે બીજાના તિરસ્કારને પાત્ર બનવાનું રહે. આ પ્રકારનો વ્યવહાર કરાવનાર મારાં મન, વચન, અને કાયાનો અપ્રશસ્ત યોગ છે. આથી તે એ અપ્રશસ્ત યોગનો પરિત્યાગ કરીને પ્રશસ્ત યોગને ધારણ કરે છે. પ્રશસ્ત યોગના પ્રભાવથી તે જ્ઞાનાવરણીયાદિ કર્મ પર્યાયોનો વિનાશ કરે છે. ॥૭॥

આલોચના આદિ ગુણ સામાયિક વાળામાં હોય છે આથી સૂત્રકાર આઠમા બોલમાં સામાયિકનું કથન કરે છે.—" सामाइएणं " ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते सामाइएणं जीवे किं जणयति–भदन्त सामायिकेन जीवः किं जनयति હે ભગવાન સામાયિકથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? એના ઉત્તરમાં કહે છે કે, सामाइएणं सावज्जजोगविरइं जणयइ–सामायिकेन सावद्ययोगविरतिर्जनयति સામાયિકથી જીવ સાવદ્યયોગથી વિરતિ પ્રાપ્ત કરે છે. રાગદ્વેષ રહિત બનીને સઘળા જીવોને પોતાના સમાન સમજવા એનું નામ સમાયિક છે. 'સમ' નો અર્થ છે રાગદ્વેષ રહિત થઈને સઘળા જીવોમાં સ્વાત્માની સમતા અર્થાત સઘળા જીવો મારા સમાન જ છે" આ પ્રકારની માન્યતા આવા સમત્વની–સમ દર્શનની પ્રાપ્તિ જેને થાય છે એનું નામ સામાયિક છે. એ સમતાભાવ મુક્તિ સુખના કારણભૂત જે સઘળા જીવોમાં સ્વાત્મતુલ્ય દર્શન છે એની પ્રાપ્તિના માટે અનુષ્ઠિત કરાય છે. આ કારણે સારી રીતે રત્નત્રયની પ્રાપ્તિનું નામ સમાય છે જે રીતે દરરોજ શરદકાળના ચંદ્રમાની કળા વધતી જાય છે. એજ રીત દરરોજ વિલક્ષણ જ્ઞાનાદિ રત્નત્રયનો લાભ થયો તે સમયનું ફળ છે. સમયના ફળવાળા વ્રતને સામાયિક કહેવામાં આવે છે. આ सामयिकेन સામાયિકથી જીવ સાવદ્યયોગોથી વિરતિ પ્રાપ્ત કરી લે છે. કર્મબંધના હેતુભૂત જે યોગ હોય છે એનું નામ સાવદ્યયોગ છે.

શંકા—સામાયિક અને સાવદ્યયોગવિરતિમાં જ્યારે કોઇ ભેદ જ નથી ત્યારે આપ એવું કેમ કહો છો કે, સામાયિકથી સાવદ્યયોગવિરતિનો લાભ જીવોને થાય છે. કારણ કે, સાવદ્યયોગવિરતિરૂપ જ તો સામાયિક થાય છે. આથી આપના આ કથનથી જે એનામાં કાર્ય કારણ ભાવ થતો હતો તે આથી બની શકતો નથી. કેમકે, કાર્યની પહેલાં કારણ અને કારણના પછી કર્મ થાય છે. આ રીતે કાર્ય કારણમાં પૌર્વાપર્યભાવ રહે છે. પરંતુ આ પ્રકારનો પૌર્વાપર્ય ભાવ આમાં નથી.

એ શંકાનું સમાધાન આ પ્રમાણે છે–સામાયિકમાં નિરવદ્ય યોગોનું સેવન થાય છે. આથી સામાયિક નિરવદ્ય યોગોના સેવન સ્વરૂપ હોવાથી સાવદ્યયોગ નિવૃત્તિરૂપ ફળ એનાથી થાય છે. આ કારણે વૃક્ષ છાયાની જેમ આ બન્નેમાં

કાર્યકારણ ભાવની સંગતિ બની જાય છે. વૃક્ષના સ્થાનાપન્ન નિરવદ્ય યોગોના સેવનરૂપ સામાયિક છે. અને એજ કાળમાં થનારી સાવદ્યયોગ વિરતિ છે. ॥૮॥

વન્દના કે ફલ કા વર્ણન

સામાયિક કરનાર વ્યકિતએ સામાયિકના પ્રરૂપક તિર્થંકરોની સ્તુતિ કરવી જોઇએ. આ માટે સૂત્રકાર નવમાં બોલમાં ચતુર્વિંશતિ સ્તવન સ્વરૂપ કહે છે.

"ચ ઉવીસત્થએણં" ઇત્યાદિ !

અન્વયાર્થ—ભંતે ચઉવીસત્થએણં જીવે કિં જણયઇ-ભદન્ત ચતુર્વિંશતિસ્તવેન જીવઃ કિં જનયતિ હે ભગવાન ! ચતુર્વિંશતિ તીર્થંકરોના સ્તવનથી-ગુણકીર્તનથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ભગવાન કહે છે કે,-ચઉવીસત્થએણં દંસણવિસોહિં જણયઇ-ચતુર્વિંશતિસ્તવેન જીવઃ દર્શન વિશોધિં જનયતિ ચોવીસ તીર્થંકરોના સ્તનનથી જીવ જીનમતની તરફ રૂચી થવા રૂપ સમકિતની વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. અર્થાત આવારક કર્મના અપગમથી જે દર્શનની નિર્મળતા છે એજ દર્શનની વિશુદ્ધિ છે.૯

તીર્થંકરોની સ્તુતિ કરીને પણ સામાયિકનું ગ્રહણ ગુરુવંદનપૂર્વક જ થાય છે. આ કારણે હવે દસમાં બોલમાં વંદનાને કહે છે-"વંદણએણં" ઇત્યાદિ.

અન્વયાર્થ—ભંતે વન્દણં જીવે કિં જણયઇ-ભદન્ત વન્દનકેન જીવઃ કિં જનયતિ આદક્ષિણ પ્રદક્ષિણ પૂર્વક પંચાંગોને નમાવીને સયતન અને સવિનય ગુરુ તથા મોટાઓને નમસ્કાર કરવા તેનું નામ વંદન છે. હે ભગવાન ! આ વંદનથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? પ્રત્યુત્તરમાં કહે છે કે-વંદણએણં નીયા ગોયં કમ્મં ખવેઇ-વન્દનકેન નીચૈ ગોત્રં કર્મ ક્ષપયતિ જીવ આ વંદન કર્મથી પોતાના નીચ ગોત્રના બંધનો નાશ કરે છે. ગોત્ર કર્મના બે ભેદ છે. (૧) નીચ ગોત્ર, (૨) ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્રના ઉદયથી જીવની ઉત્પત્તિ નિંદિત કુળમાં થાય છે. એવો જીવ ભલે ધનવાન હોય, અસાધારણ રૂપ સંપન્ન પણ હોય, બુદ્ધિ આદિ ગુણોથી વિશિષ્ઠ પણ હોય, તો પણ વિશિષ્ઠ કુળનો અભાવ તે લોક નિંદાને પાત્ર બને છે. એવાં એ કર્મનો એ બંધ કરતો નથી પરંતુ ઉચ્ચ ગોત્રનો જ બંધ કરે છે. જેના ઉદયથી જીવ નિર્ધન, કુરૂપ, બુદ્ધિ આદિથી હિન હોવા છતાં પણ સુકુળમાં જન્મ લેવાના કારણે સત્કાર, અભ્યુત્થાન આદિને પામે છે. તેનું નામ ઉચ્ચ ગોત્ર છે. ગુરુ આદિની વંદના કરવાથી જીવને એ લાભ થાય છે કે, તે નીચ ગોત્રનો બંધ કરતો નથી. તથા ઉચ્ચ ગોત્રનો જ બંધ કરે છે. અને સોહગ્ગં ચ ખલુ અપ્પડિહયમ્ આણાફલં નિવત્તેઇ-સૌભાગ્યં ચ ખલુ અપ્રતિહતમ્ આજ્ઞાફલ નિવર્તયતિ સૌભાગ્ય-સઘળા માણુસોને પોતાના તરફ આકર્ષવા રૂપ, અથવા જે પણ જુવે તે પ્રસન્ન થઈ જાય આવા પ્રકારનો એક

ગુણ, એ જીવને આ ગુરુવંદનના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. એ સૌભાગ્યનું એવું ફળ મળે છે કે, દરેક સ્થળે તેની આજ્ઞાનો અમલ થતો રહે છે. સહુ કોઈ એની વાતને માનવા લાગે છે. કેમકે, વંદન કારિક પુરુષને પ્રાયઃ આદેય કર્મનો પણ ઉદય થાય છે. દાહિણભાવં ચ ણં જણેઇ–દક્ષિણભાવં ચ જનયતિ સઘળી અવસ્થાઓમાં લોકો એને અનુકૂળ બની જાય છે. અર્થાત્ ગુરુવંદન કરવાવાળા સાધુને ગુરુવંદનના પ્રભાવથી નિચ ગોત્રના બંધનો અભાવ થઈને ઉચ્ચ ગોત્રને બંધ થાય છે. તથા અપ્રતિહત આજ્ઞાફળવાળા સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. તથા સમસ્ત અવસ્થાઓમાં લોકો એમને અનુકૂળ બની રહે છે. ॥૧૦॥

પ્રતિક્રમણ કે ફલ કા વર્ણન

સામાયિકાદિ ગુણવાળાએ પણ પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. આથી અગીયારમાં બોલમાં પ્રતિક્રમણનું સ્વરૂપ કહે છે.—" पडिक्कमणेणं " ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते पडिक्कमणेणं जीवे किं जणयइ–भदन्त प्रतिक्रमणेन जीवः किं जनयति હે ભગવાન! પ્રતિક્રમણ કરવાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? તેના ઉત્તરમાં કહે છે કે, पडिक्कमणेणं वयछिद्दाइं पिहेइ–प्रतिक्रमणेन व्रतछिद्राणि पिदधाति પ્રતિક્રમણ કરવાથી જીવ પોતાના પ્રાણાતિપાત વિરમણરૂપ છિદ્રોને ઢાંકે છે,–દૂર કરે છે. पिहिय वयछिद्दे पुणजीवे निरुद्धासवे–पिहितव्रतच्छिद्रः पुनः जीवः निरुद्धास्रवः વ્રતોનો અતિચાર દૂર થવાથી જીવ હિંસાદિક જન્ય આસ્રવોથી સર્વથા નિરૂદ્ધ હોવાને કારણે असबल चरित्ते–अशबलचरित्रे નિર્દોષ ચારિત્રને પાળનાર બને છે. अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहए विहरइ–अष्ठसु प्रवचनमातृसु उपयुक्तः अपृथक्त्वः सुप्रणिहितो विहरति આ રીતે નિર્દોષ ચારિત્ર-શાળી બનેલ તે જીવ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આ આઠ પ્રવચન માતા-ઓમાં સાવધાન થઈને તથા સર્વદા સંયમનો આરાધક બનીને પોતાના સંય-મની રક્ષા કરતાં કરતાં તે સંયમ માર્ગમાં વિચરણ કરે છે.

ભાવાર્થ—પ્રમાદ આદિના વશથી શુભયોગથી અશુભ યોગને પ્રાપ્ત બનેલ સાધુ ફરીથી શુભ યોગમાં લાવનાર એ પ્રતિક્રમણ છે. આ પ્રતિક્રમણનો પ્રભાવ છે. વ્રતોમાં જે કાંઈ અતિચાર લાગી જાય તો તે પ્રતિક્રમણ કરાવવામાંથી દૂર થઈ જાય છે. આ પ્રમાણે નિરતિચાર વ્રતોની આરાધના કરવાવાળા સાધુ આસ્રવ દ્વારોને બંધ કરીને નિર્દોષ ચારિત્રના આરાધક બનીને આઠ પ્રવચન માતા-ઓમાં સાવધાન બને છે. એ સાવધાનતા જ તેની સંયમ આરાધકતા છે. ॥૧૧॥

કાયોત્સર્ગ કે ફલ કા વર્ણન

પ્રતિક્રમણમાં અતિચારોની શુદ્ધિના માટે કયોત્સર્ગ કરવો જોઇએ. આ વાત સૂત્રકાર બારમાં બોલમાં બતાવે છે—"કા उस्सग्गेणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते काउस्सज्गेणं जीवे किं जणयइ–भदन्त कायोत्सर्गेण जीवः किं जनयति હે ભગવાન ! કાયોત્સર્ગથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? આના ઉત્તરમાં કહે છે કે-काउस्सग्गेणं तियपडुप्पन्नं पायच्छित्तं विसोहेइ-कायोत्सर्गेण अतीतप्रत्युत्पन्नं प्रायश्चित्तं विशोधयति જીવ આ કાયોસર્ગના પ્રભાવથી અતીત કાળમાં ઉત્પન્ન કરેલાં તથા વર્તમાન કાળમાં કરેલાં પ્રાયશ્ચિત્તાર્હ પોતાના દોષોની શુદ્ધિ કરી લે છે. विशुद्धपायच्छित्ते य जीवे निव्वुयहियए ओहरिय भरुव्व भारवाहे पसत्थ ज्झाणोवगए सुहं सुहेणं विहरइ–विशुद्धप्रायश्चिन्त श्च जीवः निर्वृतहृदयः अपहृतभरः इव भारवाहः प्रशस्तध्यानोपगतः सुखं सुखेन विहरति આ પ્રકારના અતિચાર જનિત તાપ જે જીવે દૂર કરી દીધેલ છે એવો જીવ ભારના ઉતરવાથી સ્વસ્થ ચિત્ત બનીને ભારવાહકની માફક સ્વસ્થ ચિત્ત થઇને ધર્મ આદિ ધ્યાન કરવામાં સાવધાન બને છે. અને આ રીતે તે શાંતિપૂર્વક ઘણા જ આનંદની સાથે આલોક અને પરલોકનો આરાધક બને છે.

ભાવાર્થ—અતિચારોની શુદ્ધિ માટે આગમોક્ત વિધિ અનુસાર શરીરના મમત્વનો ત્યાગ કરવો તેવું નામ કાયોત્સર્ગ છે. આ કાયોત્સર્ગના પ્રભાવથી સાધુ અતીત કાળ સંબંધિ અને વર્તમાન કાળ સંબંધિ પ્રાયશ્ચિતાર્હ દોષોની શુદ્ધિ કરી લે છે. આ પ્રમાણે દોષોની શુદ્ધિ થવાથી હૃદય બિલકુલ સ્વસ્થ થઇ જાય છે. જે રીતે ભારના ઉતરવાથી ભારવાહકનું ચિત્ત સ્વસ્થ થઇ જાય છે. સ્વસ્થ ચિત્ત થઈ ને તે સારી રીતે ધર્મધ્યાન આદિને નિરાકુલરૂપથી કરતા રહેછે. ૧૨

પ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

કાયોત્સર્ગ કરવા છતાં પણ ફરી અતિચારોની સંભાવનામાં પ્રત્યાખ્યાન કરવું જોઈ એ. આ વાત સૂત્રકાર તેરમાં બોલમાં કહે છે—"पच्चक्खाणेणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते पच्चक्खाणेणं जीवे किं जणेइ–भदन्त प्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન ! પ્રત્યાખ્યાનથી જીવ કયા ગુણને પામે છે ? આના ઉત્તરમાં કહે છે કે,–पच्चक्खाणेणं आसवदाराइं निरुंभइ–प्रत्याख्यानेन आस्रव-द्वाराणि निरुणद्धि પ્રત્યાખ્યાનથી જીવ આસ્રવના દ્વારોનો નિરોધ કરે છે તથા पच्चक्खाणेणं इच्छानिरोहं जणेइ–प्रत्याख्यानेन इच्छानिरोधं जनयति પ્રત્યાખ્યાનથી જ પોતાની ઇચ્છાઓનો નિરોધ કરે છે. इच्छानिरोहं गएयणं जीवे सव्वदव्वेसु विणीय तण्हे सीइभूए विहरइ–इच्छानिरोधं गतः खलु सर्व द्रव्येषु विनीततृष्णः

શીતભૂતો વિહરતો જ્યારે તેની ઇચ્છાઓનો નિરોધ થઈ જાય છે. ત્યારે તે જીવ સઘળાવિષયોના તરફથી તૃષ્ણા રહિત બની જાય છે. વિતૃષ્ણ બનેલ એ જીવ શિતિભૂત બનીને સંયમમાર્ગમાં વિચરે છે.

ભાવાર્થ—જે વસ્તુમાં સ્વભાવિક પ્રવૃત્તિ થાય છે, એ પ્રવૃત્તિના પ્રતિકૂળ વિવક્ષિત કાળની મર્યાદા અનુસાર ગુરુની સામે એ વસ્તુની નિવૃત્તિનું કહેવું એનું નામ પ્રત્યાખ્યાન છે. આ પ્રત્યાખ્યાનથી જીવ આસ્રવના દ્વારભૂત મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગોનો નિરોધ કરે છે. જે રીતે તળાવમાં નાના મોટા વોંકળા અને નદી દ્વારા પાણી આવે છે. એજ પ્રમાણે આ જીવ-રૂપી તળાવમાં એ મિથ્યાત્વ આદિ નાળાઓમાંથી કર્મરૂપી પાણી આવે છે. આ કર્મરૂપી પાણીનું આવવું એજ આસ્રવ છે. તથા પ્રત્યાખ્યાનના બળ ઉપર એ જીવ વિષયોમાં ગૃદ્ધિરૂપ ઇચ્છાઓનો પણ નિરોધ કરી દે છે. જ્યારે વિષયોના તરફથી એની ઇચ્છાઓ નિરોધ થઈ જાય છે. ત્યારે તે કોઈ પણ દ્રવ્યના સેવનની લાલસાવાળા રહેતા નથી. સઘળી બાજુએથી તેને શાંતિ મળતી રહે છે. આવી સ્થિતિમાં શાંન્તિરૂપી સુધાના આસ્વાદથી એને આનંદ જ આનંદનો અનુભવ થાય છે. તે એજ જાણે છે. આ આનંદનો અનુભવ કરીને તે તૃપ્ત બનીને જ સંયમમાર્ગમાં વિચરણ કરે છે. કોઈ પણ પ્રકારે તેને કયાંયથી પણ અશાંન્તિ થતી નથી. ॥ સૂ૦ ૧૩ ॥

સ્તુતિ કે ફલ કા વર્ણન

પ્રત્યાખ્યાન કરનાર આસ્રવ રહિત થાય છે. જે આસ્રવ રહિત થાય છે તેજ કર્મક્ષય કરીને સિદ્ધ થાય છે. આ કારણે ચૌદમાં બોલમાં સિદ્ધોની સ્થિતિ–સ્તવ સ્તુતિ મંગળનું ફળ કહે છે—" थय थुइ " ઇત્યાદિ.

અન્વાયર્થ—भंते थयथुइमंगलेणं जीवे किं जणेइ–भदन्त स्तवस्तुतिमंगलेन जीवः किं जनयति હે ભગવાન ! સામાન્ય ગુણોત્કીર્તનથી તથા અસાધારણ ગુણો-

ત્કીર્તનથી જીવોને શું લાભ થાય છે? આ પ્રમાણે પુછવાથી ભગવાન કહે છે કે,–थयथुइमंगलेणं नाणदंसण चरित्तबोहिलाभं जणेइ – स्तवस्तुतिमंगलेन ज्ञान दर्शनचारित्रबोधिलाभं जनयति જીવ આ સ્તવસ્તુતિરૂપ મંગળથી જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ બોધિ લાભને પ્રાપ્ત કરે છે. બોધિનું ફળ હોવાથી અહિં ચારિત્રને બોધિ કહેલ છે. અથવા જીવના ઉપયોગ રૂપ હોવાથી ચારિત્રને બોધિ રૂપ કહ્યું સ્થાનાંગમાં પણ આજ વાત કહેલ છે.—

"तिविहा बोही पण्णत्ता तं जहा–णाणबोही चेव,
दंसणबोही चेव, चरित्तबोही चेव" इति !

બીજું પણ કહેલ છે કે,—

"भत्तीए जोनवराणां परमाए खीणपेज्जदोसाणं,
आरुग्गबोहीलाभं समाहि मरणं च पावेंति"

ક્ષીણ રાગદ્વેશવાળા જીનેન્દ્ર પ્રભુની ઉત્કૃષ્ટ ભક્તિથી જીવોને આરોગ્ય બોધિલાભ અને સમાધિ મરણ પ્રાપ્ત થાય છે. नाणदंसण चरित्तबोहिलाभसंपन्ने य णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तिगं आराहणं आराहेइ–ज्ञानदर्शनचारित्रबोधिलाभ-संपन्नश्च खलु जीवः अन्तक्रियां कल्पविमानोपपत्तिकां आराधनां आराधयति જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિલાભથી યુક્ત બનેલ જીવ અનંતક્રિયાને–મુક્તિને, તથા કર્મ અવશિષ્ટ રહેવાથી કલ્પોમાં-દેવલોકોમાં અથવા ગ્રૈવેયક અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન કરાવનાર જ્ઞાનાદિકોની આસેવનારૂપ આરાધનાને આરાધિત કરે છે ॥૧૪॥

અર્હંત પ્રભુની વંદના પછી સ્વાધ્યાય કરવો જોઈએ, પરંતુ એ સ્વાધ્યાય કરવા માટેનો જે કાળ નિયત કરવામાં આવેલ છે એ કાળમાં જ કરી શકાય છે. સ્વાધ્યાય કરવાના કાળનું જ્ઞાન કાળ પ્રતિલેખના પૂર્વક થાય છે. આથી

એ કાળ પ્રતિલેખનાને પંદરમા બોલમાં સૂત્રકાર કહે છે–"कालपडिलेहणयाए" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते–भदन्त હે ભગવાન! कालपडिलेहणयाए जीवे किं जणेइ–कालप्रतिलेखनया जीवः किं जनयति કાળ પ્રતિલેખનાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? એના ઉત્તરમાં કહે છે કે,–कालपडिलेहणयाए णाणावरणिज्जं कम्मं खवेइ–कालप्रतिलेखनया खलु ज्ञानावरणीयं कर्म क्षपयति કાળ પ્રતિલેખનાથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરે છે.

ભાવાર્થ—કાળ શબ્દથી અહીં અસ્વાધ્યાયનો કાળ ગૃહીત થયેલ છે. પ્રાદોષિક, અર્ધરાત્રિક, વૈરાત્રિક, અને પ્રાભાતિકના ભેદથી કાળ ચાર પ્રકારના છે. પ્રાદોષિકમાં–પ્રદોષના સમયમાં–સૂર્યાસ્ત સમયની પહેલાં અર્ધ મુહૂર્ત માત્ર કાળ અસ્વાધ્યાયનો કાળ છે. પ્રાભાતિકમાં–પ્રભાતના સમયમાં–સૂર્યોદયના અનંતરનો અર્ધ મુહૂર્ત માત્ર કાળ, અસ્વાધ્યાયનો કાળ છે, અર્ધરાત્રિકમાં–અર્ધીરાતના સમયમાં–મુહૂર્તમાત્ર કાળ અસ્વાધ્યાયનો કાળ છે. મધ્યાન્હમાં પણ મુહૂર્ત માત્ર કાળ અસ્વાધ્યાયનો કાળ છે. રાત્રીનો ત્રીજા પ્રહરરૂપ જે કાળ છે તે વૈરાત્રિક કાળ છે. આ કાળ નિદ્રાનો છે. આ સઘળા અસ્વાધ્યાય કાળ છે. આ કાળોની પ્રતિલેખનાનું નામ કાળપ્રતિલેખના છે. એ પ્રતિલેખનાના પ્રભાવથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો વિનાશ કરે છે. આ માટે કહ્યું છે કે—

"पिय धम्मो दृढ धम्मो संविग्गो चेवऽवज्जभीरु य।
खेयन्नू य अभीरू कालं पडिलेहए साहू ॥ १ ॥"

અર્થાત્ પ્રિયધર્મા દૃઢધર્મા સંવિગ્ન પાપભિરૂ ખેદજ્ઞ પર દુઃખના જ્ઞાતા અર્થાત્ અભિરૂ–પરીષહ ઉપસર્ગથી ન ડરનાર મુનિના માટે આવશ્યક છે કે. તે કાળ પ્રતિલેખના કરે. અહીં અસ્વાધ્યાયના પ્રસંગથી આસ્વાધ્યાયિકની નિરૂપણા કરવામાં આવે છે. સ્વાધ્યાય જ સ્વાધ્યાયિક છે. સ્વાધ્યાય જે સમયે

કરવામાં ન આવે તે અસ્વાધ્યાયિક છે. સ્વાધ્યાય કરવાના ચાર કાળ છે. તે આ છે. ૧ પૂર્વાણ્હ, ૨ અપરાણ્હ, ૩ પ્રદોષ, ૪ પ્રત્યૂષ–પ્રાતઃ, દિવસનો જે પ્રથમ પ્રહર છે તે પૂર્વાણ્હ છે. ચોથો પ્રહર તે અપરાહ્ન છે. તથા રાત્રિનો પ્રથમ પ્રહર પ્રદોષ છે. અને રાત્રિનો ચોથો પ્રહર પ્રત્યૂષ છે. પ્રહરનું નામ જ સિદ્ધાંતિક પરિભાષા અનુસાર પૌરૂષી છે.

અસ્વાધ્યાયિક કાળ બે પ્રકારના છે–૧ આત્મસમુત્થ, ૨ પરસમુત્થ, પરસમુત્થ પાંચ પ્રકારના છે–સંયમોપઘાતિક (૧) ઔત્પાતિક (૨) સદ્દેવ (૩) વ્યુદ્ગ્રહ (૪) અને શરીર (૫) આ પાંચમાં સ્વાધ્યાય કરવાવાળા આજ્ઞાભંગ આદિ દોષોના ભાગી બને છે. એને સંયમની તથા આત્માની વિરાધના થાય છે. સંયમની વિરાધનાનું તાત્પર્ય જ્ઞાનાચારની વિરાધનાથી છે.

જ્યારે આવી વાત છે તો શું કારણ છે કે, અસ્વાધ્યાયિક કાળમાં સ્વાધ્યાય કરે છે? ઉત્તર–એ એવું સમજીને એ કાળમાં અધ્યયન કરે છે કે, પૌરૂષીકાળ થોડો બચેલ છે અને અધ્યયન અથવા ઉદ્દેશ હજુ સુધી પણ સમાપ્ત થયેલ નથી. આથી આ પૌરૂષીના પુરા થવા છતાં એને સૂર્યના અસ્ત થવા છતાં પણ સ્વાધ્યાય કરે છે.

અથવા–" અસ્વાધ્યાયિક " કાળ છે. એવું સાંભળીને પણ જે અધ્યયન તથા ઉદ્દેશ કરે છે તેના ત્રણે જ્ઞાનાદિક વાસ્તવમાં ગયાં જ જાણવાં જોઈએ. કેમકે એવી વ્યક્તિ તીર્થંકર પ્રભુની આજ્ઞાનો ભંગ કરે છે. આ કારણે તે જ્ઞાનાદિક ત્રયથી વિહિન બની ચૂકેલ છે. એવા જીવનું નરક નિગોદ આદિ ભવ ભ્રમણરૂપ સંસારમાં નિપતન જ થાય છે.

પ્રથમ આસ્વાધ્યાયિક કાળમાં જે સંયમના ઉપઘાતક છે સમસ્ત કાયિક અને વાચિક ચેષ્ટાઓ, પ્રતિલેખના ક્રિયા તથા સ્વાધ્યાય કરવો તે નિયમતઃ નિષિદ્ધ છે. આ સમયમાં તો ફક્ત કાયોત્સર્ગ જ કર્તવ્ય છે. બાકી પરસમુત્થ, ઔત્પાતિક આદિ ચાર અસ્વાધ્યાયિક કાળમાં સ્વાધ્યાય જ કરવાનો નિષેધ કરાયેલ છે. કાયિક અને વાચિક ચેષ્ટાઓનો તથા પ્રતિલેખનાદિ ક્રિયાનો નિષેધ કરવામાં આવેલ નથી.

સંયમોપઘાતિક જે પ્રથમ અસ્વાધ્યાય કાળ છે તે શું છે? આ વાતને સ્પષ્ટ કરવામાં આવે છે. કાર્તિક, અગહન, પોષ અને માઘ આ ચાર મહિના ગર્ભમાસ કહેવાય છે. આ મહિનાઓમાં મિહિકા–ધુમ્મસ અને સચિત્ત રજ જે દિશાઓમાં દેખાય છે.

આ મિહિકા અને સચિત્ત રજને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વર્જન કરવું જોઈએ. (૧) દ્રવ્યથી મિહિનું અને સચિત્ત રજ હોયતો સ્વાધ્યાયાદિ વર્જવા ક્ષેત્રથી જે ક્ષેત્રમાં એ હોય ત્યાં સ્વાધ્યાયાદિ ન કરવાં. (૨) કાળથી જેટલા કાળ સુધી એ દેખવામાં આવે એ કાળમાં (૩) ભાવથી એ સમયમાં ઉચ્છવાસ ઉન્મેષના વગર જીવન જ રહી શકતું નથી. ગમનાગમનમાં પ્રતિ-

લેખનાદિક કાયિક વ્યાપાર અને બોલવારૂપ વાચિક વ્યાપાર વર્જીત છે. એ ધુમ્મસ અને સચિત્ત રજના સમયે મુનિ વગર કારણે કાયિકાદિ ચેષ્ટા ન કરતાં વસ્ત્ર આદિથી આવૃત્ત જ બેઠા રહે છે. અર્થાત્–કાયિક આદિ વ્યાપાર કરતા નથી. એ સમયે કદાચ કોઈ કાર્ય આવી પડે છે તો યતના પૂર્વક હાથના સંકેતથી અથવા આંગળી આદિના સંકેતથી કરી લે છે. ઉચ્ચાર, પ્ર વણ અથવા કોઈ ગ્લાન આદિનું કોઈ કાર્ય કરવાનું હોય તો એ સમયે તેઓ પોતાના શરીરને વસ્ત્રથી ઢાંકીને કરે છે.

"આ પ્રથમ સંયમોપઘાતિક અસ્વાધ્યાય થયું. ॥૧॥

ઔત્પાતિક જે બીજો અસ્વાધ્યાય કાળ છે આમાં ફક્ત સૂત્ર ભણાતાં નથી. બાકી સઘળી કાયિક અને વાચિક ક્રિયાઓ કરાય છે. એ કરવાનો નિષેધ નથી. (૧) પાંશુવૃષ્ટિ, (૨) રૂધિરવૃષ્ટિ, (૩) કેશવૃષ્ટિ, (૪) શિલાવૃષ્ટિ, તથા રજઉદ્‌ઘાત, આ સઘળા ઉત્પાત છે. આ ઉત્પાત જે સમયે થાય તે ઔત્પાતિક કાળ છે. આમાં સ્વાધ્યાય કરવો વર્જીત છે. જે સમયે ધુમ્મસના આકાર જેવી સફેદ અચિત્ત રજની વૃષ્ટિ થઈ રહેલ હોય એ કાળમાં સૂત્રનું અધ્યયન વર્જીત છે. આજ પ્રમાણે માંસખંડ પણ આકાશમાંથી વરસે છે. આમાં પણ સ્વાધ્યાય વર્જીત છે. આ પ્રમાણે લોહિની વૃષ્ટિ થવાથી, કેશની વૃષ્ટિ થવાથી, શિલાની વૃષ્ટિ થવાથી, તથા ધૂળના ઉડવાથી, સ્વાધ્યાય કરવાનું વર્જીત છે. ધૂળથી જ્યારે દિશાઓ ઢંકાઈ જાય છે ત્યારે અંધકાર જેવું થઇ જાય છે આનું નામ રજઉદ્‌ઘાત છે

જ્યારે માંસ અથવા લોહિ આકાશમાંથી પડે ત્યારે એક અહોરાત્ર સુધી સ્વાધ્યાય કરવો વર્જીત છે. બાકી પાંશુવૃષ્ટિ આદિ ઉત્પાત કાળમાં જ્યાં સુધી એ ઉત્પાત થતા રહે ત્યાં સુધી સૂત્ર ન ભણવા જોઇએ.

॥ આ બીજું ઔત્પાતિક અસ્વાધ્યાય થયું ॥૨॥

સદેવ દેવપ્રયુક્ત–અસ્વાધ્યાય–ગંધર્વનગર, દિગ્દાહ, વિદ્યુત, ઉલ્કા, ગર્જીત, યૂપક, યક્ષદીપ્ત, આ સઘળા ઉપદ્રવ દેવતા પ્રયુક્ત થયા કરે છે. આના હોવાના સમયે સૂત્રનું પઠન–પાઠન કરવામાં આવતું નથી. અર્થાત્ એ જે જે દિવસે એક એક પૌરૂષી સુધી અસ્વાધ્યાયકાળ માનવામાં આવેલ છે. કદાચ એક દિવસમાં જ યુગપત્ એ અનેક ઉત્પાત થઈ જાય તો પણ અસ્વાધ્યાય કાળ એક પૌરૂષી માત્ર જ માનવામાં આવેલ છે.

ચક્રવર્તી આદિના નગરમાં ઉત્પાતનું સૂચન કરવા માટે સંધ્યાના સમયે એ નગરનાજ ઉપર પ્રાકાર અટ્ટાલિકા આદિથી યુક્ત જે નગર જોવામાં આવે છે તે ગાંધર્વ નગર છે. પૂર્વ આદિ દિશાઓમાં છિન્નમૂલ જે જ્વાળા જેવું દેખાતું હોય છે તે દિગ્દાહ છે, આ દિગ્દાહમાં કોઈ એક દિશામાં ઉપરની તરફ એવો પ્રકાશ દેખાય છે કે, જાણે કોઈ નગરમાં આગ લાગી રહી હોય, સાથોસાથ નિચેના ભાગમાં બિલકુલ અંધકાર નજરે પડે છે. ઉલ્કાપાત તારાનું તૂટવું એ પ્રસિદ્ધ છે. આમાં આકાશથી પ્રકાશની એક લાંબી રેખા જેવી અગ્નિ પડે છે. શુકલ પક્ષની પ્રતિપત્ બીજ અને ત્રીજના દિવસોમાં સંધ્યાના સમયથી જ ચંદ્રમાનો ઉદય થઈ જવાના કારણે સંધ્યાકાળનો વિભાગ માલુમ પડતો નથી. આ ત્રણ દિવસોમાં જ્યાં સુધી ચંદ્રમા સંધ્યાના વિભાગના આવારક બની રહે છે ત્યાં સુધી એટલા આ ત્રણ દિવસ યૂપક કહેવાય છે. આ ત્રણ દિવસોમાં પ્રાદોષિકી પૌરૂષી નથી. તથા કોઈ એક દિશામાં જે વચમાં વચમાં વિદ્યુત જેવો પ્રકાશ માલુમ પડે છે તે યક્ષદીપ્ત છે. મેઘની ગર્જનાનું નામ ગર્જીત છે. આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત-ચિત્રા આદિ નવ નક્ષત્રોને છોડીને બીજા નક્ષત્રોમાં મેઘની ગર્જના થવાથી એક પ્રહર માત્ર અસ્વાધ્યાય કાળ છે. તારાપાત સમયમાં પણ આટલો જ અસ્વાધ્યાય કાળ માનવામાં આવેલ છે. જે વખતે મેઘની ઘોર ગર્જના થાય એ વખતે ચાર પ્રહરનો અથવા આઠ પ્રહરનો અસ્વાધ્યાય કાળ જાણવો જોઈએ. આ જ રીતે વિદ્યુત પાતના સમયમાં પણ ચાર અથવા આઠ પ્રહરનો અસ્વાધ્યાય કાળ કહેવામાં આવેલ છે.

આ ગાંધર્વનગર આદિકોમાં ગંધર્વનગર તો નિયમથી દેવકૃત જ હોય છે. દેવના વગર એ બનતું નથી. અવશિષ્ટ દિગ્દાહ આદિકોમાં દેવકૃતત્વની ભજના બતાવવામાં આવેલ છે. કદી એ દેવકૃત પણ હોય છે. અને કદિક સ્વાભાવિક પણ હોય છે, એ ગમે તે રીતે હોય છતાં તેમાં સ્વાધ્યાય કરવાનું વર્જીત જ કહેવામાં આવેલ છે.

અન્ય બીજા પણ સદેવ–દેવતા પ્રયુક્ત એવા એવા ઉત્પાત થાય છે કે, જેમાં સ્વાધ્યાય કરવાનું વર્જીત છે. જેવા–ચંદ્રગ્રહણ. સૂર્યગ્રહણ. નિર્ઘાત અને ગુંજીત ચાહે આકાશમાં વાદળ છવાયેલ હોય, ચાહે ન છવાયેલ હોય એવા સમયમાં જે વ્યંતર દેવકૃત મહાગર્જના સમાન ધ્વની થાય છે. તે નિર્ઘાત છે. ગર્જીતનો જ વિકાર ગુંજીત છે.

નિર્ઘાત કાળમાં અથવા ગુંજીત સમયમાં ચાર પ્રહર, આઠ પ્રહર અથવા બાર પ્રહર સુધીનો અસ્વાધ્યાય કાળ છે જે દિવસે ચંદ્રગ્રહણ હોય એ દિવસે જઘન્યથી આઠ પૌરૂષી સુધી અસ્વાધ્યાય કાળ જાણવો જોઈએ. તથા ચાર સંધ્યા પણ અસ્વાધ્યાય કાળ છે. કહ્યું પણ છે—

"णो कप्पइ णिग्गथाणं वा, णिग्गंथीणं वा चउहिं संज्झाहिं संज्झायं।
करेत्त ए ! तं जहा–पढमाए, पच्छिमाए मज्झण्हे, अद्धरत्ते ॥" इति।

આ પ્રમાણે ચાર સંધ્યા, અસ્વાધ્યાય કાળ છે. એનું વિવરણ આ પ્રમાણે છે-સૂર્ય જે સમયે અસ્ત થઈ જાય છે. તે એક સંધ્યા, જ્યારે અર્ધી રાત થાય ત્યારે તે એક સંધ્યા, જ્યારે પ્રભાતનો સમય થાય છે ત્યારે એક સંધ્યા એ સમયની તથા એક સંધ્યા મધ્યાહ્ન કાળની આ પ્રમાણે એ ચાર સંધ્યા છે. આ ચાર સંધ્યામા સ્વાધ્યાય કરવાનું વર્જનીય છે. બાકીની ક્રિયાઓ પ્રતિલેખના આદિ ક્રિયાઓ વર્જનીય નથી. આ ચાર સંધ્યાઓમાં સ્વાધ્યાય કરવાનું એ માટે વર્જનીય બતાવેલ છે કે, આમાં સ્વાધ્યાય કરવાવાળાને આજ્ઞાભંગ આદિ દોષોના ભાગી થવું પડે છે. તથા અષાઢ મહિનાની પુનમ અને એના પછીની પ્રતિપદા, ભાદરવા માસની પુનમ અને તેના પછીની પ્રતિપદા આસો માસની પુનમ અને તેના પછીની પ્રતિપદા, કાર્તિક માસની પુનમ અને તેના પછીની પ્રતિપદા, ચૈત્ર માસની પૂનમ તથા એના પછીની પ્રતિપદા. આ પ્રમાણે ચાર પુનમ તથા એના પછીની પ્રતિપદાઓમાં સ્વાધ્યાય ન કરવો જોઇએ. અન્ય પ્રતિલેખના ક્રિયાઓ કરવાનો પ્રતિષેધ નથી.

પરસમુત્થનો ભેદ જે વ્યુદ્ગ્રહ છે એનાથી જન્મતા અસ્વાધ્યાયિક આ પ્રમાણે છે—રાજાઓનો જેમ પરસ્પર સંગ્રામ થાય છે એનું નામ વ્યુદ્ગ્રહ છે. સેનાપતિ આદિકોનો જે પરસ્પર સંગ્રામ થાય છે તે પણ વ્યુદ્ગ્રહ છે. આ વ્યુદ્ગ્રહમાં સ્વાધ્યાય વર્જનીય છે. એનો કાળ જ્યાં સુધી સંગ્રામ શાંન્ત ન થાય ત્યાં સુધીનો છે. આજ રીતે કેટલાક યુવાન પુરૂષ પરસ્પર પત્થર લાકડી, આદિથી લડતા હોય તે લડાઇ પણ વ્યુદ્ગ્રહ છે. આ લડાઈ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી સ્વાધ્યાય કરવાનું વર્જીત છે.

તથા રાજાના મરી જવાથી જ્યાં સુધી બીજા રાજાનો એ ગાદી ઉપર રાજ્યાભિષેક કરવામાં ન આવે ત્યાં સુધી સ્વાધ્યાય કરવાની મના કરવામાં આવેલ છે. સમય અવસ્થામાં અથવા મ્લેચ્છ આદિકો દ્વારા આકુળતા વ્યાકુળતા થવાથી સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. ગામનો માલિક અથવા ગામનો પ્રધાન, શય્યાતર અથવા શય્યાતરનો સંબંધી કોઈ મનુષ્ય મરી જાય ત્યારે એવી સ્થિતિમાં પણ સ્વાધ્યાય ન કરવો જોઇએ. આ સ્થિતિમાં અસ્વાધ્યાયનો સમય એક અહોરાત્રનો છે.

આ સઘળી વાતોમાં સ્વાધ્યાય કરવાનું એ માટે વર્જીત કહેવામાં આવેલ છે કે, એવું કહેવાથી વહેવારી અન્યજન "આ સાધુ નિષ્કરૂણ છે, આને બીજાના દુઃખમાં પણ દુઃખ થતું નથી." આ પ્રકારની અપ્રીતિથી સાધુઓની નિંદા થાય છે.

જો કોઈ મનુષ્ય સો હાથની અંદર અંદર મરી ગયેલ હોય તથા પંચેન્દ્રિય પશુનું મૃત કલેવર સાઠ હાથની અંદરમાં પડયું હોય તો એ વખતે સ્વાધ્યાય ન કરવો જોઈએ.

શારીરિક અસ્વાધ્યાયિકનો આ પ્રકાર છે–મૂલમાં આ શારીરિક અસ્વાધ્યાયિક બે પ્રકારના છે.–૧ મનુષ્ય સંબંધી અને ૨ તિર્યંચ સંબંધી. આમાં તિર્યંચ સંબંધી અસ્વાધ્યાય – જળચર, સ્થળચર અને ખેચર, ભેદથી ત્રણ પ્રકારે છે. મરેલ માછલાં આદિના શરીરના નિમિત્તને લઈને જે સ્વાધ્યાય ન કરવાનું બતાવેલ છે તે જલજ શારીરિક આસ્વાધ્યાયિક છે. જે સમયમાં મરેલ ગાય આદિના કલેવરના નિમિત્તને લઈને સ્વાધ્યાય કરવાનો નિષેધ બતાવેલ છે. એ સ્થલજ શારીરિક અસ્વાધ્યાયિક કાળ છે. મરેલા બોરલા આદિકોના શરીરના નિમિત્તને લઈને જે સ્વાધ્યાય કરવાનું વર્જીત બતાવવામાં આવેલ છે તે ખેચર શારીરિક અસ્વાધ્યાયિક છે. પ્રત્યેક ચર્મ, રૂધિર, માંસ અને હાડકાંના ભેદથી ચાર ચાર પ્રકારના છે. એ ચાર ચાર પ્રકાર પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી ચાર ચાર પ્રકારના હોય છે. દ્રવ્યની અપેક્ષા પંચેન્દ્રિય જળચર જીવોનું જ ચામડું, લોહી, માંસ અને હાડકાં, આ ચતુષ્ટય અસ્વાધ્યાયિક બતાવવામાં આવેલ છે. વિકલેંદ્રિયોના નહીં. ક્ષેત્રની અપેક્ષા પંચેન્દ્રિય જળચર જીવોના આ ઉક્ત ચતુષ્ટય, (૬૦) સાઠ હાથની અંદર જો પડેલ હોય તો સ્વાધ્યાય કરવો નહીં જોઈએ. કાળની અપેક્ષા–જ્યાં સુધી એ ચર્માદિક ચતુષ્ટય ત્યાં પડ્યા રહે ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ. સૂત્રનું ન ભણવું એ ભાવની અપેક્ષા અસ્વાધ્યાય છે. ઉપાશ્રયની અંદર અથવા ઉપાશ્રયની

બહાર સાઠ (૬૦) હાથની અંદર અંદર કદાચ કોઈ ઇંડું આવી પડયું હોય અને તે ઇંડું પડીને ફૂટી ગયું હોય અને તેના કલલના બિંદુ એ સ્થળે ભૂમિમાં અહિં તહિં પડેલા હોય તો એ વખતે ત્યાં સ્વાધ્યાય ન કરવો જોઈએ. જ્યારે તે સ્થળ સ્વચ્છ કરી નાખવામાં આવે ત્યારે જ સ્વાધ્યાય કરવો જોઇએ. તિર્યંચનાં હાડકાં, લોહી, ચામડું, જે સ્થાન ઉપર પડેલ હોય તે સ્થાન જો વરસાદના પાણીથી સાફ થઈ ગયેલ હોય અથવા અગ્નિથી દગ્ધ થઈ ગયેલ હોય તો ત્યાં સ્વાધ્યાય કરવામાં કોઈ વાંધો નથી.

જો કુતરો લોહીથી ખરડાયેલ મોંઢુ લઇને આવીને બેસે અથવા એજ અવસ્થામાં આવીને ત્યાં ઉલટી કરીદે તો એવી સ્થિતિમાં ત્યાં સ્વાધ્યાય કરવાનું વર્જીત છે. આ રીતે ભીંઢડી આદિકોના વિષયમાં પણ સમજી લેવું જોઇએ.

મનુષ્યના મૃત શરીરને લઈને અસ્વાધ્યાયનો સમય આ પ્રમાણે છે–આ પણ ચામડું, લોહી, માંસ અને હાડકાના ભેદથી ચાર પ્રકારનાં છે. હાડકાને છોડીને બાકી મનુષ્યના શરીરના એ ચામડું, લોહી અને માંસ ક્ષેત્રની અપેક્ષા ૧૦૦ સો હાથની અંદર અંદર પડેલ હોય તો સ્વાધ્યાય કલ્પિત નથી. તથા કાળની અપેક્ષા જ્યાં સુધી–જેટલા સમય સુધી પડેલ રહે ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ. જો કોઈ સ્ત્રીને સાત ઘરની અંદર અંદર છોકરો અવતરેલ હોયતો સાત દિવસ સુધી સ્વાધ્યાય ન કરવો જોઇએ. આઠમા દિવસે સ્વાધ્યાય કરવામાં કોઇ વાંધો નથી. જો છોકરી અવતરે તો એના અવતરવાથી આઠ દિવસ સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ. નવમા દિવસે સ્વાધ્યાય કરવો જોઈએ. મનુષ્યનાં હાડકાં જો સો હાથની અંદર અંદરમાં પડેલ હોય તો બાર વરસ સુધી સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. જો તે સ્થાન અગ્નિથી બાળી નાખવામાં આવેલ હોય અથવા પાણીના પ્રવાહથી ધોઈ નાખવામાં આવેલ હોયતો પછી સ્વાધ્યાય કરવામાં કોઈ બાધા નથી.

સ્મશાનમાં જે કલેવર બાળી નાખેલ હોય તે અસ્વાધ્યાય ના નિમિત્ત બનતા નથી. અસ્વાધ્યાયમાં નિમિત તો એજ છે કે જે ન તો બાળવામાં આવેલ હોય અને ન દાટી દેવાયેલ હોય. જો કે, સ્મશાન વરસાદના પાણીથી ધોવાતું રહે છે તો પણ ત્યાં સ્વાધ્યાય આ માટે નથી કરવામાં આવતો કે, ત્યાં મનુષ્યોનાં હાડકાં પડેલાં રહેતાં હોય છે. તથા આડમ્બર નામના યક્ષાયતનમાં, રુદ્રના આયતનમાં, ચામુંન્ડાના આયતનમાં નીચે મનુષ્યનું કપાળ રાખવામાં આવે છે. આ માટે ત્યાં બાર વર્ષનો અસ્વાધ્યાય કાળ કહેવામાં આવેલ છે.

જે ગામમાં સમુત્પન્ન કોઈ પણ બીમારીરૂપ આશીવથી મરેલા અનેક મનુષ્ય કે જેને બહાર કાઢવામા આવ્યાં ન હોય તથા ભૂખથી મરી ગયેલ હોય અને તેને કાઢવામાં આવેલ ન હોય અથવા જ્યાં આઘાત સ્થાનોમાં અનેક જન મરેલાં પડેલ હોય એવા એ સ્થાનોમાં બાર વર્ષ સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ. જો તે સ્થાન અગ્નિથી બળી ગયેલ હોય અથવા વરસાદના પાણીથી ધોવાઈ ગયેલ હોય તો ત્યાં સ્વાધ્યાય કરવામાં કોઈ બાધ નથી.

જો સ્મશાનને અનેક જનોએ મળીને અવાસિત કરી લીધેલ હોય અર્થાત એ સ્થાન ઉપર અનેક મનુષ્ય મકાન બનાવીને રહેવા લાગેલ હોય તો એ સ્થાનનુ શોધન કરવામાં આવે છે. એ વખતે ત્યાં જો કોઇ મનુષ્યનાં હાડકાં મળે છે તો તેને ફેંકી દેવામાં આવે છે. આ કારણે ત્યાં અસ્વાધ્યાય માનવામાં આવતો નથી. નાના ગામડામાં જો કોઈ મરી ગયેલ હોય તો ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ તે જ્યાં સુધી એનું મૃત શરીર ગામથી બહાર કરવામાં આવેલ ન હોય પત્તનમાં અથવા મોટા ગામમાં જો ત્યાં વાડામાં અથવા મહોલ્લામાં જો કોઈ મરી જાય છે તો સાધુજન એ વાડાનો અને મહોલ્લાનો પરિત્યાગ કરી દે છે. અર્થાત ત્યાં સ્વાધ્યાય કરતા નથી. ત્યાં સુધી કે એ મરનારના કલેવરને વાડાથી અથવા એ મહોલ્લામાંથી બહાર કાઢવામાં ન આવેલ હોય. વાડા અથવા મહોલ્લાથી બીજે સ્થળે મરવાથી અસ્વાધ્યાય નથી થતો. જો મડદાને સાધુઓના ઉપાશ્રયની આગળથી સો હાથની અંદર અંદરથી લઈ જવામાં આવે છે તો જ્યાં સુધી તે સો હાથ છેટે નથી નીકળી જતા ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો જોઈએ. સો હાથ છેટે નીકળી જવા પછી સ્વાધ્યાય કરવામાં કોઈબાધા નથી અહી પાંચ પ્રકારના પરસમુત્થ અસ્વાધ્યાય થયા.

આત્મસમુત્થ અસ્વાધ્યાયિક આ પ્રમાણે છે–જે શરીરથી સમુત્થ થાય છે તે આત્મસમુત્થ છે. તે એક વિધ તથા બે વિધ હોય છે. એક વિધ સંયતોને હોય છે. બેવિધ સાધ્વીયોને હોય છે. એક વિધ–અર્શ–બવાસીર–ભગન્દર આદિ વિષયવાળા છે તથા બે વિધ અર્શ–ભગન્દર આદિ વિષયવાળા તથા માસિક ધર્મ વિષયવાળા છે. અર્થાત એવી સ્થિતિમાં જ્યારે બાવાસીર હોય અથવા માસિક ધર્મ હોય તો સ્વાધ્યાય કરવામાં આવતો નથી.

હવે અર્શ અને ભગન્દરવાળા મુનિ પાસે અસ્વાધ્યાયની વિધિ કહે છે–

વ્રણ-ઘાવ અથવા ભગન્દરના ચૂવવાથી શ્રમણ ઉપાશ્રયથી બહાર જઈને રસ્સી-પીપને ધુવે. અને તેના ઉપર આઠ પડનું વસ્ત્ર બાંધી હ્યે તો ત્યાં સ્વાધ્યાય કરવામાં બાધા નથી. આ અવસ્થામાં તે સાધુ પણ સ્વાધ્યાય સાંભળી શકે છે. આજ પ્રમાણે સ્ત્રીના વિષયમા બન્ને પ્રકારે અસ્વાધ્યાય પણ સમજી લેવો જોઈએ.॥૧૫॥

પ્રાયશ્ચિત્તકરણ કે ફલ કા વર્ણન

કદાચિત સાધુ અકાળમાં પાઠ કરે તો તેણે પ્રાયશ્ચિત કરવું જોઈએ એ પ્રાયશ્ચિત્તનું શું ફળ થાય છે તે સોળમા બોલમાં કહે છે—"पायच्छित्त" ઇત્યાદિ !

અન્વયાર્થ—भंते पायाश्चित्तकरणेणं जीवे किं जणेइ–भदन्त प्रायश्चित्तकरणेन जीवः किं जनयति હે ભગવાન ! પ્રાયશ્ચિત્તના કરવાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? આના ઉત્તરમાં કહે છે કે, पायश्चित्तकरेणेणं पावकम्मविसोहिं जणेइ–प्रायश्चित्तकरणेन पापकर्मविशोधिं जनयति જીવ પ્રાયશ્ચિત્ત કરવાથી પાપકર્મોને દૂર કરે છે. आविनिरइयारे भवइ–अपि च निरतिचारः भवति અને અતિચાર રહિત બને છે. पायश्चित्तं सम्मं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ–तत् प्रायश्चित्तं सम्यक् प्रतिपद्यमानः मार्गं मार्गफलं च विशोधयति એ પ્રાયશ્ચિત્તને જે જીવ સારી રીતે કરે છે તે સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગને અને એના ફળરૂપ સમ્યગ્જ્ઞાનને નિર્મળ કરે છે, આના પછી તે ચારિત્રને અને તેના ફળ મુક્તિને પામે છે.

ભાવાર્થ—પ્રાયશ્ચિત્ત શબ્દનો અર્થ સિદ્ધાંતકારોએ એવો બતાવેલ છે કે, જેનાથી પાપનો નાશ થાય અથવા જેનાથી ચિત્તની વિશુદ્ધિ થાય છે તે પ્રાયશ્ચિત્ત છે. જેમ કહ્યું છે—

"पावं छिंदइ जम्हा, पायच्छित्तं भण्णए तेणं, ।
पाएण वाऽवि चित्तं, विसोहए तेण पच्छित्तं ॥ १ ॥"

छाया–पापं छिनत्ति यस्मात् , प्रायश्चित्तं भण्यते तेन ।
प्रायेण वापि चित्तं, विशोधयति तेन प्रायश्चित्तं ॥ १ ॥

આ પ્રાયશ્ચિત્તના આલોચન આદિ ભેદ છે. જે સાધુ આ પ્રાયશ્ચિત્તને સારી રીતે કરે છે તે પોતાના પાપ કર્મોને દૂર કરીને અતિચાર રહિત બની જાય છે. આનાથી તે માર્ગ અને માર્ગના ફળને નિર્મળ કરીને આચારની પ્રાપ્તિ કરતાં કરતાં એના પ્રભાવથી મુક્તિને સિદ્ધ કરી લે છે. ॥ ૧૬ ॥

પ્રાયશ્ચિત્ત વહન કરવાવાળાએ પોતાના અપરાધની ક્ષમાપના કરાવવી જોઇએ. એ ક્ષમાપનાનું ફળ સત્તરમા બોલમાં કહે છે—"खमावणयाएणं" ઇત્યાદિ.

अन्वयार्थ—भंते खमावणयाए णं जीवे किं जणेइ–भदन्त क्षमापनया जीवः किं जनयति प्रश्न–હે ભગવાન! ક્ષમાપનાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? उत्तर–खमावणयाए णं पल्हायणभावं जणेइ–क्षमापनया खलु प्रह्लादन भावं जनयति ક્ષમાપનાથી જીવ પોતાના ચિત્તની પ્રસન્નતારૂપ પ્રહલાદન ભાવને પ્રાપ્ત કરે છે. पल्हायणभावमुवगएय सव्वपाणभूय जीवसत्तेसु–प्राल्हादनभावमुपगतश्च सर्वप्राणभूत जीवेसत्वेषु જ્યારે ચિત્તમાં પ્રસન્નતારૂપ પ્રહલાદન ભાવ રહે છે. ત્યારે એ જીવ સમસ્ત દ્વિન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચાર ઇન્દ્રિયરૂપ પ્રાણીયો ઉપર તથા ભૂતો ઉપર વનસ્પતિ ઉપર તથા પાંચ ઇન્દ્રિયરૂપ જીવો ઉપર અને પૃથવીકાય, અપ્કાય, તેજકાય અને વાયુકાયરૂપ એકેન્દ્રિય તત્વો ઉપર मित्ति भावमुप्पाएइ–मैत्रिभावं उत्पादयति મિત્રતાના ભાવને પ્રાપ્ત કરે છે. मित्ति भावमुवगए जीवे भावविसोहिं काऊण–मैत्रीभावं उपगतः जीवः भावविशोधिं कृत्वा આ પ્રમાણે સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને તત્વો ઉપર જ્યારે એનો મૈત્રીભાવ સ્થાપિત થઈ જાય છે. ત્યારે એ જીવ રાગદ્વેષરૂપ પોતાની અશુદ્ધ પરિણતિનો પરિત્યાગ કરીને શુદ્ધિરૂપ પરિણતિને પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત થતાં જ પછી તે સર્વત્ર निब्भए भवइ–निर्भयो भवति निर्भीक થઇને વિચરે છે.

ભાવાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે નિર્ભય થવાનો મંત્ર બતાવેલ છે. તેઓ કહે છે કે, ક્ષમાપનાથી–અર્થાત્ "મારાથી થવા પામેલ આ અપરાધ ક્ષમા કરવા યોગ્ય છે. હવે પછી હું આવો અપરાધ કદી પણ કરીશ નહીં." આ પ્રમાણે ક્ષમા માગવારૂપ યાચનાથી–ચિત્ત સદા પ્રસન્ન રહે છે. જ્યાં સુધી ક્રોધાદિક બન્યા રહે છે. ત્યાં સુધી ચિત્તમાં એક પ્રકારની મલિનભાવના બની રહે છે. પરંતુ જ્યારે આ ક્ષમાપનાનો ચિત્તમાં સદ્ભાવ થઈ જાય છે. ત્યારે ચિત્ત તદ્દન નિર્મળ બની જાય છે. આવી સ્થિતિમાં રાગ દ્વેષની ભાવના અસ્ત થઈ જાય છે. આમ થઈ જવાથી સર્વત્ર એકેન્દ્રિયાદિક જીવોમાં એ જીવની ભાવના મૈત્રીભાવમાં પરિણત થઈ જાય છે. આનું જ નામ ભાવવિશુદ્ધિ છે. આવી અવસ્થામાં તેને ન તો પોતાના દેહાદિકમાં રાગ રહે છે, કે ન સર્પાદિકોના વિષયમાં દ્વેષ પણ રહે છે' રાગ અને દ્વેષ આ બન્ને એવા

છે કે, જે ભયને ઉત્પન્ન કરનાર છે. એના અભાવમાં ભયનો અભાવ થઈ જાય છે પછી તે જીવ ભયરહિત થઇ જાય છે. ॥ ૧૭ ॥

જે નિર્ભય હોય છે તેજ સ્વાધ્યાય કરી શકે છે. આ માટે અઠારમા બોલમાં સ્વાધ્યાયનું ફળ કહે છે—" सज्झाएणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે सज्झाएणं જીવે किं जणेइ–भदन्त स्वाध्यायेन खलु जीवः किं जनयति હે ભગવાન! સ્વાધ્યાય કરવાથી જીવને કયો લાભ થાય છે? આના ઉત્તરમાં કહે છે કે, सज्झाएणं नानावरणिज्जं कम्मं खवेइ-स्वाध्यायेन ज्ञानावरणीयं कर्म क्षपयति સ્વાધ્યાય કરવાથી જીવ પોતાના કર્મની નિર્જરા કરે છે તથા જ્ઞાનના આવારક (આચ્છાદક) જ્ઞાનાવરણીય કર્મોનો નાશ કરે છે. સ્વાધ્યાય કરવામાં મન, વચન અને કાયા એ ત્રણે યોગોમાંથી કોઈ પણ એક યોગમાં પ્રતિસમય ઉપયુક્ત બનેલ જીવ અસંખ્ય ભવોમાં ઉપાર્જીત કરેલાં કર્મોનો વિશેષરૂપથી વિનાશ કરે છે. ॥ ૧૮ ॥

વાચના કે ફલ કા વર્ણન

સ્વાધ્યાય કરવાવાળો જીવ વાચના પણ કરે છે આ માટે હવે ઓગણીસમા બોલમાં વાચનાનું ફળ કહે છે—" वायणयाएणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે वायणयाए णं जीवे किं जणेइ–भदन्त वाचनया–खलु जीवः किं जनयति હે ભગવાન! વાચનાથી જીવને શું ફળ મળે છે? ઉત્તરમાં કહે છે કે, वायणयाए निज्जरं जणेइ–वाचनया निर्जरां जनयति વાચનાથી જીવ પોતાના કર્મોની નિર્જરા કરે છે, તથા सुयस्सय अणुसज्जाए अणासायणाए वट्टइ–श्रुतस्य अनुषज्जने अनाशातनयां वर्तते શ્રુતના અનુવર્તનમાં રહે છે. અર્થાત શ્રુતનું અવ્યવછેદપણાથી સ્મરણ કરે છે તથા વાચનાથી શ્રુતની આશાતના પરિવર્જક થાય છે सुयस्स य अणुसज्जणाए अणासायणाए वट्टमाणे तित्थधम्मं अवलंबइ–श्रुतस्य अनुषज्जने अनाषातनायां वर्तमानस्तीर्थधर्मं अवलंबते આ પ્રમાણે શ્રુતના અનુવર્તન અને આશાતનામાં વર્તમાન જીવ તીર્થના, ગણધર દેવના, ધર્મના, અર્થાત શ્રુત-પ્રધાનરૂપ આચારને સાંભળે છે. તેનો આશ્રય કરે છે. तित्थधम्मं अवलंबमाणे महानिज्जरे महापज्जवसाणे–तित्थधर्मं अवलंबमानः महानिर्जरः महापर्यवसानः भवति તીર્થ ધર્મનો આશ્રય કરવ થી એ જીવ કર્મોની મહાનિર્જરા કરીને કર્મોનો તથા ભવનો અંત કરવારૂપ મહાન પર્યવસાયવાળા–એ ભવમાં સિદ્ધિગામી બની છે.

ભાવાર્થ—ગુરુદેવની સમક્ષ સૂત્રનું અથવા અર્થનું ગ્રહણ કરવું તેનું નામ

વાચના છે આ વાચનાથી એ જીવ પોતાના આત્માના પ્રદેશના કર્મપ્રદેશોને દૂર કરતો જાય છે તથા શ્રુતની પરંપરાનો અવ્યવચ્છેદક બની જાય છે. તથા એની આશાતના પરિત્યાગી બની જાય છે. આ પ્રમાણે શ્રુત પરંપરાને ચાલુ રાખવાવાળા હોવાથી અને એની આશાતનાના પરિહારક હોવાથી એવા જીવ તીર્થધર્મનું અવલંબન કરવાવાળા બની જાય છે. અર્થાત સ્વયં વાચનાચાર્ય બની જાય છે. આનાથી કર્મોની નિર્જરા થતાં થતાં એ તદ્ભવ સિદ્ધગામી બની જાય છે.॥૧૯॥

પ્રતિપ્રચ્છના કે ફલ કા વર્ણન

જે વાચના કરે છે, તે પ્રચ્છના પણ કરે છે, આ માટે વીસમા બોલમાં પ્રચ્છનાનું ફળ કહેવામાં આવે છે—" પડિપુચ્છણયાંए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भन्ते पडिपुच्छणयाए णं जीवे किं जणेइ–भदन्त प्रतिप्रच्छनेन जीवः किं जनयति હે ભગવાન ! પ્રતિપ્રચ્છનાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ?

ઉત્તરમાં કહે છે કે, पडिपुच्छणया सुत्तत्थ तदुभयाइं विसोहेइ–प्रतिप्रच्छनेन सूत्रार्थ तदुभयानि विशोधयति પ્રતિપ્રચ્છનાથી જીવ સૂત્ર, અર્થ અને સૂત્રાર્થ આ સઘળાને तत्तद्दविषयक संशादिकना અપનયનથી વિશુદ્ધ કરે છે. આનાથી તે कंखा मोहणिज्जं कम्मं वोच्छिंदइ–काँक्षा मोहनीय कर्म व्युच्छिनत्ति કાંક્ષારૂપ મોહનીયકર્મને નષ્ટ કરે છે.

ભાવાર્થ—ગુરુની સમીપ પૂર્વ અધીત સૂત્ર આદિનું ફરીથી પૂછવું તેનું નામ પ્રતિપ્રચ્છના છે. આ પ્રતિપ્રચ્છનાથી જીવને એ લાભ થાય છે કે, તે સૂત્ર, અર્થ અને એ વિષયના અંગે ઉદ્ભવતા સંદેહને દૂર કરી આ સઘળામાં નિઃસંદેહરૂપ બની જાય છે. આ નિઃસંદેહરૂપ પરિણતિથી તેના " આ પ્રમાણે છે, અને તેને આ પ્રકારે પઢવું મારે ઉચિત છે. " આ પ્રકારનાં કાંક્ષા મોહનીય અનભિગ્રાહિક મિથ્યાત્વરૂપ કર્મ નષ્ટ થઈ જાય છે. ॥ ૨૦ ॥

પરિવર્તના કે ફલકા વર્ણન

આ પ્રમાણે વિશોધિત પણ સૂત્રનું વિસ્મરણ ન થઈ જાય એ માટે પરિવર્તના કરવી જોઈએ. આ માટે એકવીસમા બોલમાં પરિવર્તનાનું ફળ કહેવામાં આવે છે—

" परियट्टणयाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भन्ते परियट्टयाए णं जीवे किं जणेइ–भदन्त परिवर्त्तनया जीवः किं जनयति હે ભગવાન! પરિવર્તનાથી જીવને શું લાભ થાય છે? ઉત્તરમા કહે છે કે, परिवट्टणयाए णं वंजणाइं जणेइ–परिवर्तनया व्यञ्जनानि जनयति પરિવર્તનથી જીવ વિસ્મૃત અક્ષરોને બરોબર કરી લે છે એને શુદ્ધ કરી લે છે, वञ्जणलद्धिं च उप्पाएइ–व्यञ्जनलब्धिं च उत्पादयति આ પ્રમાણે જીવ એક સૂત્રાક્ષરના સ્મરણના કારણે તદનુકૂળ બીજા સેંકડો અક્ષરોની સ્મૃતિ કરી લે છે. આવી લબ્ધિ તેને પ્રાપ્ત થઈ જાય છે. સૂત્રસ્થ 'च' શબ્દથી પદ લબ્ધિ તથા પદાનુસારિ લબ્ધિ પણ તેને પ્રાપ્ત થઈ જાય છે. આ વાત બતાવવામાં આવેલ છે.

અનુપ્રેક્ષા કે ફલ કા વર્ણન

ભાવાર્થ—અધિત સૂત્ર આદિની વારંવાર આવૃત્તિ કરવી, ગણવું તેનું નામ પરિવર્તના છે. આ પરિવર્તનાથી જીવને એ લાભ થાય છે કે, તે સૂત્રાદિકોમાં વિસ્મૃત થયેલા અક્ષરોને ઠીક ઠીક કરી લે છે. પઠિત સૂત્રાદિક પણ જો વારંવાર ફેરવવામાં ન આવે તો એમાંથી કેટલાક અક્ષર વિસ્મૃત થઈ જાય છે. આ સ્વાનુભવની વાત છે. પરંતુ જે જીવ આને તેમજ પોતે કંઠસ્થ કરેલા વિષયને ફેરવતો રહે છે. વારંવાર તેને ગોખતો અથવા તો યાદ કરતો રહે છે. તેનો એક પણ અક્ષર અથવા પદ જ્યારે તેને યાદ આવી જાય છે. ત્યારે તે તેને સંપૂર્ણ યાદ આવી જાય છે. સૂત્રના એક અક્ષરની સ્મૃતિથી તદનુકૂળ બીજા સેંકડો અક્ષરોની સ્મૃતિ થવી તેનું નામ વ્યંજનલબ્ધિ છે. તથા વ્યંજન સમુદાયનું નામ પદ છે, પરિવર્તનાથી પદલબ્ધિ પણ પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રમાણે પદનું સ્મરણ થવાથી તદનુકૂળ બીજા સેંકડો પદ પણ સ્મૃતિમાં આવી જાય છે. આનું નામ પદાનુસારિ લબ્ધિ છે. આ બધી લબ્ધિઓ જીવને પરિવર્તનાથી જ પ્રાપ્ત થાય છે. ॥ ૨૧ ॥

સૂત્રની માફક અર્થનું પણ વિસ્મરણ ન થાય, આના માટે અનુપ્રેક્ષા કરવી જોઈએ, જેથી બાવીસમાં બોલમાં અનુપ્રેક્ષાનું ફળ કહે છે–"अणुप्पेहाए" ઈત્યાદિ।

અન્વયાર્થ—भन्ते अणुप्पेहाए णं जीवे किं जणेइ–भदन्त अनुप्रेक्षया खलु जीवः किं जनयति હે ભગવાન! અનુપ્રેક્ષાથી જીવ કઈ પરિસ્થિતિને ઉત્પન્ન કરે છે? अणुप्पेहाए णं आउय वज्जाओ सत्तकम्मपगडिओ घणिय बंधण बद्धाओ सिथिलबंधण बद्धाओ पकरेइ–अनुप्रेक्षया खलु आयुवर्जाः सप्तकर्मप्रकृतयः गाढबन्धन बद्धाः शिथिलबन्धनबद्धाः प्रकरोति ઉત્તર આનો આ પ્રમાણે સૂત્રકાર આપે છે કે, જીવ અનુપ્રેક્ષાના બળથી આયુ કર્મને છોડીને શેષ સાત કર્મની પ્રકૃતિઓને જે આત્મપ્રદેશોની સાથે ઘણાજ ઘાટા સંબંધથી બંધાયેલ હોય છે તેને અપવર્ત્તનાદિ કારણ યોગ્ય સુગમતાથી હટાવવા યોગ્ય કરી દે છે. અનુપ્રેક્ષા શબ્દનો અર્થ ચિંતન એમાં સૂત્રાર્થનું ચિંતન થાય છે. એ અનુપ્રેક્ષા પ્રકૃષ્ટ શુભ ભાવોની ઉત્પાદક થાય છે. આથી એ કારણે એને સ્વાધ્યાય વિશેષમાં પરિણત કરવામાં આવેલ છે. આ સ્વાધ્યાય વિશેષ જ્યાં સુધી મનની એકાગ્રતા નથી થતી. ત્યાં સુધી સાધ્ય બનતા નથી. આ કારણે તેને અભ્યંતર તપમાં ગણાવેલ છે. તપમાં એ શક્તિ છે કે, તે ચારે બાજુથી ભેળાં મળેલાં બંધન બદ્ધ એવા કર્મોના બંધોને પણ શિથિલ બનાવી દે છે. એવા કર્મોનો ક્ષય કરવાનું એનામાં સામર્થ્ય છે.

તથા—અનુપ્રેક્ષામાં એ શક્તિ રહેલી છે કે, તે સાત કર્મ પ્રકૃતિયોને કે, दीहकालट्ठिइयाओ–दीर्घकालस्थितिकाः જેનામાં દીર્ઘકાળની સ્થિતિ પડી ચૂકેલ છે–જે ઘણા કાળભોગ્ય બની ચૂકેલ છે તેને हस्सकालट्ठिइयाओ पकरेइ–ह्रस्व-कालस्थितिकाः प्रकरोति અલ્પ કાળમાં જ ભોગવવા યોગ્ય બનાવી દે છે. અર્થાત્ તેને સ્વલ્પની સ્થિતિવાળી બનાવી દે છે. કેમ કે, શુભ અધ્યવસાયના યોગથી એના સ્થિતિકણોનો અપહાર થઈ જાય છે.

તથા એ અનુપ્રેક્ષા तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ–तिव्रानुभावा मन्दानुभावा प्रकरोति આ સાત કર્મોની પ્રકૃતિયોને એવી બનાવી દે છે કે, જેનો અનુભવ મંદ થઈ જાય છે, ચાહે તે ઉત્કટ અનુભવવાળી કેમ ન બંધાયેલ હોય. એનામાં રસ મંદ મંદતર તથા મંદતમ રૂપમાં રહી જાય છે. એવા રસવાળી પ્રકૃતિઓને જાણવી જોઈએ. શુભ પ્રકૃતિયોને નહીં.

તથા बहुपएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ–बहुप्रदेशाग्राः अल्पप्रदेशाग्राः प्रकरोति આ અનુપ્રેક્ષા અશુભરૂપ પણ પ્રકૃતિબંધ, પ્રદેશબંધ સ્થિતિબંધ

અને અનુભાગબંધ આ ચાર પ્રકારના બંધોને શુભરૂપથી પરિણમવા દે છે. સૂત્રમાં "આયુવર્જં" એવું જે કહેલ છે, એનું તાત્પર્ય એ છે કે, એક ભવમાં જ એક જ વખત અન્તર્મુહૂર્તમાં જ જીવ આયુનો બંધ કરે છે. आउयं च णं कम्मं सिया बंधइ सिया नो बंधइ-आयुष्कं च खलु कर्म स्यात् बध्नाति स्यान्नबध्नाति જે જીવનું સંસાર પરિભ્રમણ અવશિષ્ટ છે. તે જીવ આયુ કર્મનો બંધ કરે છે. તથા જે જીવને સમકિત થઈ ગયેલ છે તે એના પછી અશુભ આયુનો બંધ નથી કરતો. જીવનો સંસાર ભ્રમણ કાળ અર્ધપુદ્ગલ પરાવર્તન માત્ર જ રહે છે. ત્રીજો ભાગ આદિ શેષ આયુવાળા જીવના દ્વારા આયુકર્મ બાંધવામાં આવે છે. આનાથી ભિન્ન સ્થિતિમાં નહીં. જો કોઈ જીવ એજ ભવમાં મુક્તિને પ્રાપ્ત કરી લે છે તો એ જીવ આયુ કર્મનો બંધ કરતો નથી અને અનુપ્રેક્ષાના પ્રભાવથી જીવ આયુ કર્મ બાંધે પણ છે તેમ નથી પણ બાંધતો.

આ પ્રમાણે અનુપ્રેક્ષાના પ્રભાવથી જીવ आसायावेयाणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ-आसातावेदनीयं च खलु नो भूयो भूयः उपचिनोति અસાતા વેદનિય કર્મ તથા અશુભ પ્રકૃતિયોનો વારંવાર બંધ કરતા નથી. જો કોઈ જીવ પ્રમાદનું સેવન કરે છે તો એનો પણ બંધ કરે છે.

तथा चाउरंतं संसारकंतारं खिप्पमेव वीइवयइ-चातुरन्तं संसारकान्तारं क्षिप्रमेव व्यतिव्रजति ભાવનાના પ્રભાવથી જીવનો આ ચતુર્ગતિરૂપ સંસાર તાત્કાલિક વિનષ્ટ થઈ જાય છે. અર્થાત્ આ ચતુર્ગતિરૂપ સંસારને અનુપ્રેક્ષાશાળી જીવ ઘણી જ ઝડપથી પાર કરવાવાળો થઇ જાય છે. આ ચતુર્ગતિરૂપ સંસાર अणाइयं च णं अणवदग्गं दीइमध्वं-अनादिकं खलु अनवदग्रं दीर्घाध्वम् અનાદિ અને અંતરહિત-અનંત છે. દીર્ઘકાળ વાળો છે અથવા દીર્ઘાધ્વ છે. અમાં પરિભ્રમણ કરાવાના કારણભૂત કર્મરૂપી માર્ગ દીર્ઘ છે.

ભાવાર્થ—અનુપ્રેક્ષાનું ફળ બતાવતાં સૂત્રકાર કહે છે કે, અનુપ્રેક્ષાનો આ અપૂર્વ પ્રભાવ છે કે, એના બળ ઉપર જીવ આયુકર્મ સિવાય શેષકર્મોના ગાઢ બંધનોથી બંધાયેલ પ્રકૃતિયોનાં બંધનને ઢીલાં બનાવી દે છે. દીર્ઘકાળની સ્થિતિ વાળી પ્રકૃતિયોને અલ્પકાળની સ્થિતિમાં લાવીને રાખી દે છે. જે પ્રકૃતિયોનો ઉદય તીવ્રરૂપમાં આવવાવાળો હોય તેને મંદરૂપ ઉદયમાં પરિણમાવી દે છે. પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ આવા ચાર પ્રકારના અશુભબંધોને શુભબંધરૂપ કરી દે છે. "આયુવર્જ" પાઠ સૂત્રકારે આ માટે રાખેલ છે કે, જીવને આયુકર્મનો બંધ એકવાર જ અંતમુહૂર્ત કાળમાં એક ભવમાં જ થાય છે. અસાતા વેદનીય આદિ અશુભ પ્રકૃતિયોનો બંધ જીવને વારંવાર થતો નથી. તથા એવા જીવનો આ અનાદિ અનંતરૂપ સંસાર ઘણીજ ઝડપથી નષ્ટ થઈ જાય છે. અર્થાત એ જીવ સંસારને સુખપૂર્વક પાર કરી જાય છે. ॥૨૨॥

અનુપ્રેક્ષાવાળા ધર્મકથા પણ કરે છે, જેથી તેવીસમાં બોલમાં એ ધર્મકથા

નું ફળ કહેવામાં આવે છે—" धम्मकहाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते धम्मकहाए णं जीवे किं जणेइ-भदन्त धर्मकथया खलु जीवः किं जनयति હે ભગવાન ! ધર્મકથાથી જીવને કયો લાભ થાય છે ? ઉત્તરમાં કહે છે કે, धम्मकहाए णं निज्जरं जणेइ-धर्मकथया खलु निर्जरां जनयति ધર્મ કથાથી જીવ પોતાના કર્મોના નિર્જરા કરે છે, તથા धम्मकहाए णं पावयणं पभावेइ-धर्मकथया खलु प्रवचनं प्रभावयति ધર્મકથાથી જીવ પ્રવચનના મહત્વને જનતામાં પ્રકાશિત કરે છે. કહ્યું પણ છે—

" પ્રાવચની, ધર્મકથિક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા, સિદ્ધ અને કવિ આ આઠ ધર્મના પ્રભાવક માનવામાં આવેલ છે. " पायवणं पभावएणं जीवे आगमिस्स भद्दत्ताए कम्मं निबंधइ-प्रवचनप्रभावतः खलु जीवः आगमिष्यत् भद्रतया कर्म निबध्नाति જે પ્રવચન પ્રભાવક જીવ હોય છે. તે આગામી કાળમાં ભદ્ર-કલ્યાણને ભોગવનાર બની જાય છે. આથી એનાં કારણે તે એવાંજ શુભ કર્મોનો બંધ કરે છે કે, જે એનું કલ્યાણ કરવામાં સાધક બને છે.

ભાવાર્થ—દુર્ગતિમાં પડવાથી જે જીવને બચાવે છે તે ધર્મ છે. એની કથા કરવી-અર્થાત અહિંસાદીરૂપ ધર્મની પ્રરૂપણા કરવી એનું નામ ધર્મકથા છે. આવી ધર્મકથાને કરવવાળો જીવ નિયમતઃ પોતાના કર્મોની નિર્જરા કરે છે અને તે પ્રાવચની બનાય છે. જે પ્રવચનના પ્રભાવનો જીવ હોય છે. તે એવાં એવાં શુભ કર્મોનું ઉપાર્જન કર્યા કરે છે, કે જેના કારણે એનું કલ્યાણ થવામાં કોઈ પણ પ્રકારની બાધા નડતી નથી. ॥ ૨૩ ॥

પૂર્વોક્ત પાંચ પ્રકારના સ્વાધ્યાય કરવાથી શ્રુતની આરાધના થાય છે.

આ માટેચોવીસમાં બોલમાં શ્રુતની આરાધનાનું ફળ કહે છે—"सुयस्स" ઇત્યાદિ।

અન્વયાર્થ—ભંતે सुयस्स आराहणयाए णं जीवे किं जणेइ–भदन्त श्रुतस्याराधनतया खलु जीवः किं जनयति હે ભદન્ત! શ્રુતની આરાધનાથી જીવને કયો લાભ થાય છે? ઉત્તરમાં કહે છે કે, सुयस्स आरहणयाएणं अण्णाणं खवेइ–श्रुतस्याराधनतया खलु अज्ञानं क्षपयतिશ્રુતની આરાધનાથી જીવ તત્વજ્ઞાનનો લાભ કરે છે. અને તત્વજ્ઞાનના લાભથી અજ્ઞાનનો નાશ કરી દે છે. તથા न य संकिलिसइ–न च संक्लिश्यते रागादिરૂપ વિકાર ભાવોથી જન્મતા વિવિધ કલેશોથી રહિત બની જાય છે. કહ્યું પણ છે—

"जह जह सुयमवगाहइ, अइसय रस पसर संजुयमपुव्वं।
तह तह पल्हाइ मुणी, नव नव संवेगसद्धाए॥"

અર્થાત—શ્રુતની જેમ આરાધનાનું આ પણ એક ફળ જીવને પ્રાપ્ત થાય છે કે, એનો સંવેગભાવ પ્રતિદિન નવાનવા રૂપથી વૃદ્ધિને પ્રાપ્ત કરતો રહે છે.

ભાવાર્થ—આગમની સમ્યક્ આરાધનાનું નામ શ્રુતની આરાધના છે. જીવ જેમ જેમ આ શ્રુતની આરાધનાને કરે છે તેમ તેમ તેના હૃદયમાં અપૂર્વ અપૂર્વ તત્વજ્ઞાન ઉત્પન્ન થતું જાય છે. આનાથી એના અજ્ઞાનનો ભાવ દૂર થઇને તે ઉત્તરોત્તર સંવેગભાવને પુષ્ટ કરતો રહે છે. જ્યારે જીવ સંવેગશાળી બની જાય છે. ત્યારપછી એને રાગ આદિથી ઉત્પન્ન થતા કલેશ વ્યથા કરી શકતા નથી॥૨૪॥

શ્રુતની આરાધના એકાગ્ર મનના વગર થઈ શકતી નથી. આ માટે પચ્ચીસમાં બોલમાં એકાગ્ર મનનું ફળ કહે છે—"एगग्ग" ઇત્યાદિ!

ભંતે एकग्गमणसंनिवेसणयाए जीवे किं जणेइ–भदन्त एकाग्रमनः संनिवेशनया जीवः किं जनयति મનની એકાગ્રતાથી પોતાના લક્ષ ઉપર મનને જમાવવાથી જીવને કયો લાભ છે તો આનો ઉત્તર આ પ્રમાણે છે કે, एकग्गमणसंनिवेसणाएणं चित्तनिरोहं करेइ–एकाग्रमनः संनिवेशनया चित्तनिरोधं करोति એક લક્ષ ઉપર સ્થિર રાખવાથી જીવ અહિંતહિં ઉન્માર્ગે દોડવા વાળા ચિત્તનું નિયંત્રણ કરી લે છે.

ભાવાર્થ—જ્યાં સુધી મન ચંચળ બનેલું રહે છે. ત્યાં સુધી શ્રુતનું સમ્યક્ આરાધન થઈ શકતું નથી. આથી આને માટે ઘણું જ અગત્યનું એ છે કે, ચિત્તની એકાગ્રતા કરવામાં આવે. ચિત્તની એકાગ્રતાનું નામ જ ચિત્તને ઉન્માર્ગથી હટાવવું તે છે. અને એનું નામ જ એનો નિરોધ છે. ॥ ૨૫ ॥

સંયમપાલન ઔર તપ કે ફલ કા વર્ણન

એકાગ્ર મનવાળાને પણ સંયમના વગર ઈષ્ટ લાભ નથી થતો, આ માટે છસ્સવીમાં બોલમાં સંયમનું ફળ કહે છે—"संजमेणं" ઈત્યાદિ !

અન્વયાર્થ—ભંતે संजमेणं जीवे किं जणेइ-भदन्त संयमेन जीवः किं जनयति હે ભગવાન ! સંયમથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ભગવાન્ કહે છે કે, संजमेणं अणण्हयत्तं जणेइ-संयमेन अनंहस्कत्वं जनयति સંયમથી જીવ જ્ઞાનાવરણીય આદિ કર્મોથી રહિતપણું પ્રાપ્ત કરે છે. અર્થાત્ જીવનો કોઈપણ પાપકર્મથી શ્લેષ થતો નથી.

ભાવાર્થ—સાવદ્યયોગથી સમ્યક્ વિરક્ત થવાનું નામ સંયમ છે. આ સંયમ ૧૭ સત્તર પ્રકારના છે. જેમ "પાંચ પ્રકારના આસ્રવથી વિરક્ત થવું, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયોને જીતવા, ત્રણ દંડોથી અલગ રહેવું આ સંયમના પ્રભાવથી જીવમાં એવી વિશેષતા આવી જાય છે કે, તે અનંહસ્કત્વને પ્રાપ્ત કરી લે છે. અંહસ્ નામ પાપનું છે એનાથી રહિત થવું તે અનંહસ્કત્વ છે. સંયમી જીવ પાપમય કર્મથી લિપ્ત થતો નથી. આજ એનો સંક્ષિપ્તાર્થ છે. સંયમની આવશ્યકતાને ચિત્તની એકાગ્રતા પછી. બતાવવામાં આવેલ છે. તેનું કારણ એ છે કે, અકાગ્રતાવાળા જીવને પણ સંયમના અભિષ્ટનો લાભ થતો નથી. ॥ ૨૬ ॥

સંયમી હોવા છતાં પણ તપ વગર કર્મનો ક્ષય થતો નથી, આ માટે

વ્યવદાન કે ફલ કા વર્ણન

સત્યાવીસમાં બોલમાં તપનું ફળ કહેવામાં આવે છે—"तवेणं" ઈત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે तवेणं जीवे किं जणेइ-भदन्त तपसा जीवः किं जनयति હે ભગવાન ! તપથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તરમાં ભગવાન કહે છે કે, तवेणं वोदाणं जणेइ-तपसा व्यवदानं जनयति તપથી જીવ વ્યવદાન-પૂર્વબદ્ધ કર્મરૂપી મળના ક્ષયથી નિજાત્માની નિર્મળતાને પ્રાપ્ત કરે છે ?

ભાવાર્થ—જીવ જેના પ્રભાવથી પોતાનાં અષ્ટવિધ કર્મોને બાળી શકે છે, તે તપ છે. અનશન, અવમૌદર્ય આદિના ભેદથી આ તપ બાર પ્રકારનાં છે. આના પ્રભાવથી જીવ નિર્જરા કરતાં કરતાં સંવર કરે છે. ॥ ૨૭ ॥

હવે અઠ્યાવીસમાં બોલમાં વ્યવદાનનું ફળ કહેવામાં આવે છે–"वो दाणेणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते वोदाणेणं जीवे किं जणेइ–भदन्त व्यवदानेन जीवः किं जनयति હે ભગવાન વ્યવદાનના ગુણથી જીવ કેવા ગુણને પ્રાપ્ત કરે છે ? આના ઉત્તરમાં ભગવાન કહે છે કે, वोदाणेण अकिरियं जणेइ–व्यवदानेन अक्रियं जनयति વ્યવદાનથી જીવ अक्रिय–व्युपरतक्रिय નામના શુકલધ્યાનને પ્રાપ્ત કરે છે. अकिरियाए भवित्ता तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वायइ सव्वदुःखाणामंतं करेइ–अक्रियकः भूत्वा ततः पश्चात् सिध्यति बुध्यते मुच्यते परिनिर्वाति सर्वदुःखानां अन्तं करोति એની પ્રાપ્તીના પછી એ જીવ કૃત્યકૃત્ય થઈ જાય છે. વિમળ કેવળ જ્ઞાનરૂપ આલોક પ્રકાશથી લોક અને પરલોકને હસ્તામલકવત્ જાણવા લાગે છે. સમસ્ત કર્મોથી સર્વથા રહિત થઈ જાય છે. આ રીતે સઘળી બાજુથી કર્મરૂપી અગ્નિને બુઝાવીને એ શીતળ બની જાય છે. અને એનાં શારીરિક અને

सुखशात के फल का वर्णन

માનસિક સઘળા દુઃખોનો અંત આવી જાય છે. અર્થાત–અવ્યાબાધ સુખના એ ભાગી બની જાય છે પૂર્વે કરેલા કર્મ ફળનું અપનયન–દૂર થવું એ વ્યવદાન છે. ॥ ૨૮ ॥

સુખ દુઃખોનો અન્ત શબ્દાદિવિષયોના સુખોના નિરાકરણથી થાય છે. આ માટે ઓગણત્રીસમાં બોલમાં સુખશાતનું ફળ કહે છે–"सुहसाएणं" ઇત્યાદિ।

અન્વયાર્થ—भंते–भदन्त હે ભગવાન ! सुहसाएणं जीवे किं जणेइ–भदन्त सुखशातेन जीवः किं जनयति સુખશાતથી જીવ કેવા ગુણને પ્રાપ્ત કરે છે ? આના ઉત્તરમાં ભગવાન કહે છે કે, सुहसाएणं अणुस्सुयत्तं जणेइ–सुखशातेन अनुत्सुकत्वं जनयति સુખશાતાથી એ જીવ પોતાનામા વિષયસુખની ઉત્સુકતા–લાલસા રહિતપણું ઉત્પન્ન કરે છે. अणुस्सुएय णं जीवे अणुकंपए–अनुत्सुकश्च खलु

જીવઃ અનુકંપકઃ અનુત્સુક બનેલ એ જીવ અનુકંપક સમસ્ત દુઃખિત જીવોના તરફ દયાળુ બને છે. જે જીવ પોતે પોતાની જાતને જ સુખી બનાવવામાં ઉત્કંઠિત રહે છે તે માર્યમાણ-મરાતા પ્રાણીને જોઈ ને ઉદ્વિગ્ન બનતો નથી. પરંતુ પોતાના સુખમાં જ રસિક બનીને રહે છે એને બીજાના સુખ દુઃખ સાથે કોઈ સંબંધ રહેતો નથી. અર્થાત તે મરાતા જીવને પણ છોડાવતો નથી. પરંતુ અનુત્સુક જીવ એવો સ્વાર્થી હોતો નથી. એ દુઃખથી ત્રસ્ત થતા જીવને જુએ છે ત્યારે એના દુઃખથી દુઃખિત થઈ ને પોતે પણ ત્રસ્ત થઈ જાય છે. અણુબ્ભડે વિગય-સોए चरित्तमोहणिज्जं कम्मं खवेइ-अनुद्भटः विगतशोकः चारित्रमोहनीयं कर्म क्षपयति આ સુખશાતાવાળા જીવની પરિણતિ મર્યાદાવર્તિ હોય છે. તથા મુક્તિમાં બદ્ધ સ્પૃહાવાળા હોવાથી એના અન્તરંગમાં કદી શોક હોતો નથી. આ પ્રમાણે એવો જીવ પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયના પ્રભાવથી ચારિત્રમોહનીય કર્મને નષ્ટ કરી દે છે. અર્થાત-યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

ભાવાર્થ—શબ્દાદિક વિષય સુખોના તદ્ગત ગૃદ્ધિનો નિરાકરણથી પરિત્યાગ કરવો એનું નામ સુખશાત છે. એ સુખશાતના પ્રભાવથી જીવ જ્યારે વિષય સુખના તરફ લાલસા રહિત બની જાય છે ત્યારે તેની અંદર એટલી ઉંચી કરૂણા પરિણતિ આવી જાય છે કે, તે કોઈ પણ પ્રાણીને દુઃખિત જોઈ શકતો નથી. દુઃખિત પ્રાણીને જોઈને તેનું હૃદય એકદમ કરૂણાથી દ્રવિત બની જાય છે. જેની અંદર વૈષયિક સુખોને ભોગવવાની લાલસા બની રહેલ હોય છે એ પોતાને સુખી બનાવવામાં બીજાના દુઃખોનું ધ્યાન રાખતો નથી. પરંતુ જેની વૈષયિક અભિલાષાઓ સર્વથા શાંત બની ચૂકેલ છે એ મુનિને એવું કોઈ કારણ બચતું નથી કે તે એથી બીજાને દુઃખી કરે અથવા દુઃખી જોઈ શકે, પોતાની મર્યાદામાં રહીને એ શોકથી સંતપ્ત ન થતાં પ્રકૃષ્ટ શુભ પરિણામોના બળ ઉપર ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરવાના કામકાજમાં જ લાગી રહેલ હોય છે. અને આ પ્રમાણે યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરી એ અંતમાં મુક્તિને પ્રાપ્ત કરી લે છે. ॥ ૨૯ ॥

વૈષયિક સુખની સ્પૃહાનું નિરાકરણ અપ્રતિબદ્ધતાના વગર થઈ શકતું નથી. આથી સૂત્રકાર હવે ત્રીસમાં બોલમાંએ અપ્રતિબદ્ધતાને બતાવે છે–

"अपडिबद्धयाएणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—भंते जीवे अप्पडिबद्धयाए णं किं जणेइ-भदन्त जीवः अप्रतिबद्धतया किं जनयति હે ભગવાન! આ જીવ અપ્રતિબદ્ધતાથી કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તરમાં કહે છે કે, अप्पडिबध्धयाए णं निस्सगत्तं जणेइ-अप्रतिबध्धतया खलु निःसंगत्वं जनयति અપ્રતિબદ્ધતાથી જીવ નિઃસંગતાને પ્રાપ્ત થાય છે. निस्संगत्तगएय जीवे एगे एगग्गचित्ते दिवा य राओ य असज्जमाणे अप्पडिबध्धे आवि विहरइ-निःसंगत्वगतः च जीवः एकः एकाग्रचित्तः दिवा च रात्रौ च असजन् अप्रतिबध्धश्चापि विहरति બહારના પદાર્થોમાં આસક્તિ રહિત બનેલ જીવ રાગદ્વેષ રહિત બને છે. તથા ધર્મધ્યાનમાં જ એકનિષ્ઠ રહે છે. રાત અને દિવસ તેનો સર્વદા એકજ પ્રબળ પ્રયત્ન રહે છે કે, તે બહારના પદાર્થોની સાથે કોઈ પણ રીતે મમત્વથી ન બંધાઈ જાય. આ પ્રમાણે પ્રતિબંધ રહિત થઈને એ માસકલ્પ આદિરૂપ ઉદ્યત વિહારથી વિચરે છે

ભાવાર્થ—મનોજ્ઞ શબ્દ આદિ વિષયોમાં માનસિક અનાસક્તિનું નામ અપ્રતિબદ્ધતા છે. આના પ્રભાવથી જીવ કદી પણ બહારના પદાર્થોમાં આસક્ત બનતો નથી. જ્યારે એની પરિણતિ એવી બની જાય છે તો પછી તેને પદાર્થ વિષયક રાગદ્વેષ આકુળ વ્યાકુળ કરી શકતા નથી. એકાગ્રચિત્ત બનીને રાત દિવસ એ પોતાના કર્તવ્ય પાલનમાં એકનિષ્ઠ બની રહે છે તથા માસકલ્પ આદિરૂપ ઉદ્યત વિહારથી વિચરણ કરતાં તેને કોઈ પણ પ્રકારની બાધા સતાવી શકતી નથી. ॥૩૦॥

આ અપ્રતિબદ્ધતા વિવક્તશયનાસનતાના વગર થતી નથી. આથીસૂત્રકાર હવે એકત્રીસમાં બોલમાં વિવક્તશયનાસનતાના વિષયમાં કહે છે-' વિવિત્તં ' ઈત્યાદિ !

અન્વયાર્થ—ભંતે વિવિત્તસયણાસણયાએ णं जीवे किं जणेइ-ભદન્ત વિવિક્ત-શયનાસનતયા खलु जीवः किं जनयति હે ભગવાન ! વિવિક્તશયનાસનતાથી શું લાભ થાય છે ? આના ઉત્તરમાં કહે છે કે, વિવિત્તસયણાસણયાએ चरित्तगुत्तिं जणेइ-વિવિક્તશયનાસનતયા खलु चारित्रगुप्तं जनयति વિવિક્તશયનાસનતાથી જીવ પોતાના ચારિત્ર ગુણની રક્ષા કરે છે चरित्तगुत्तेय णं जीवे विवित्ताहारे दृढचित्ते एगतरए मोक्खभावपडिवन्ने अट्ठविहकम्मगठिं निज्जरेइ-चारित्रगुप्तश्च जीवः विविक्ताहारः दृढचारित्रः एकान्तरतः मोक्षभावप्रतिपन्नः अष्टविधकर्मग्रन्थिं निर्जरयति વિવિક્તશયનાસનતાથી જીવ પોતાના ચારિત્ર ગુણની રક્ષા કરે છે. રક્ષિત ચારિત્ર હોવાથી જીવ વિકૃતિ આદિ રહિત આહાર કરે છે કેમ કે, ચારિત્રની રક્ષા કરવામાં-તત્પર બનેલ પ્રાણી કોઇ પણ વિષયમાં લાલસાવાળા નથી હોતા. આ કારણે તેનું ચારિત્ર દૃઢ કહેવાય છે. તથા નિશ્ચયથી તે સંયમમાં અનુરક્ત બની રહે છે, ભાવના એની " મારા દ્વારા જો કાંઈ પણ સાધ્ય હોય તે એક મોક્ષ જ છે. " એવી રહ્યા કરે છે. અર્થાત તે મોક્ષાનુરાગથી સંપન્ન રહે છે. આ પ્રમાણે તે મુનિ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇને આઠ પ્રકારની કર્મગ્રન્થિને નષ્ટ કરી દે છે. અર્થાત સિદ્ધપદને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ—સ્ત્રી, પશુ અને પન્ડકથી રહિત શયનાસન અને ઉપાશ્રયનું નામ વિવક્તશયનાસન છે. આનું સેવન કરવાવાળા મુનિ પોતાના ચારિત્ર ગુણનું સંરક્ષણ કરે છે. તથા એ ગુણની સંરક્ષણતાના અભિપ્રાયથી તે વિકૃતિ રહિત આહાર કરે છે. જીવ્હા ઈન્દ્રિય ઉપર જેટલો વધારે કાબુ રાખવામાં આવે એટલા જ અધિક પ્રમાણમાં તે પોતાના ચારિત્રનું પાલન કરવામાં સત્ય સાબિત થાય છે. જીવ્હા ઈન્દ્રિયનો નિગ્રહ એજ કરી શકે છે કે, જેની એક માત્ર લાલસા મુક્તિ પ્રાપ્ત કરવાની હોય છે, આવી વ્યક્તિ જ દુર્ભેદ્ય આ અષ્ટવિધ કર્મગ્રન્થિને ભેદી શકે છે. અને એના કારણે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ॥૩૧॥

વિનિવર્તના કે ફલ કા વર્ણન

વિવિક્ત શયનાસનતાના હોવાથી વિનિવર્તના થાય છે. આ માટે વિનિવર્તનાનું ફળ કહે છે—" विणिवट्टणयाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते विनियट्टणयाए णं जीवे किं जणेइ-भदन्त विनिवर्तनया खलु जीवः किं जनयति હે ભગવાન વિનિવર્તનતાથી જીવને શું લાભ થાય છે? આના ઉત્તરમાં ભગવાન કહે છે કે, विनिवट्टणयाए णं पावकम्माणं अकरणयाए अब्भुट्ठेइ-विनिवर्त्तनया खलु पापकर्मणा अकरणतया अभ्युत्तिष्ठते વિનિવર્તનાથી જીવ ફરીથી જ્ઞાનાવરણિય આદિ પાપ કર્મોનું ઉપાર્જન કરતો નથી. અર્થાત આનાથી તે મોક્ષના માટે તૈયાર થઇ જાય છે, તથા पुव्वबध्धाण य निज्जरण-

संभोगप्रत्याख्यान कें फल का वर्णन

याए तं नियत्तइ-पूर्वबध्धाणां च निर्जरणतया तन्निवर्त्तयति પૂર્વે બાંધેલાં-આ ભવ તથા પરભવમાં ઉપાર્જન કરેલાં પાપકર્મોની નિર્જરા કરે છે. આ પ્રમાણે તે પાપ કર્મોને દૂર કરી દે છે. तओपच्छा चाउरंतं संसारकंतारं वीइवयइ-ततः पश्चात् चतुरंतं संसारकान्तारं व्यतिव्रजति જ્યારે એનાં પાપકર્મ દૂર થઇ જાય છે. ત્યારે એ જીવ ચતુર્ગતિરૂપ આ સંસાર અટવીનું ઉલ્લંઘન કરી જાય છે. અર્થાત મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

ભાવાર્થ—શબ્દાદિક વિષયોથી પોતાની જાતને પરાંગ્મુખ કરવી એનું નામ વિનિવર્તના છે. આ વિનિવર્તનાથી જીવ જ્ઞાનાવરણિયાદિક પાપકર્મોને ઉપાર્જીત કરતો નથી, તથા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે, આ રીતે નવા કર્મોનું આગમન રોકાઈ જવાથી તથા પૂર્વસંચિત કર્મોની નિર્જરા થવાથી જીવ આ ચતુર્ગતિરૂપ સંસારનો વિચ્છેદ કરી દે છે. ॥ ૩૨ ॥

વિનિવર્તનાવાન શબ્દાદિક વિષયોના ત્યાગી જીવ ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધનાના માટે સંભોગ પ્રત્યાખ્યાન કરે છે આ માટે સંભોગપ્રત્યાખ્યાનનું ફળ કહે છે—" संभोगपच्चक्खाणेणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ--भंते संभोगपच्चक्खाणेणं जीवे किं जणेइ–भदन्त संभोगप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન સંભોગપ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ? આનો ઉત્તર આપતાં કહે છે કે, संभोगपच्चखाणेणं आलंबणाइं खवेइ–संभोगप्रत्याख्यानेन आलंबनानि क्षपयति સંભોગ પ્રત્યાખ્યાનથી આલંબનોનો પરિત્યાગ કરે છે. અર્થાત આલંબનોની તેને આવશ્યકતાજ રહેતી નથી. निरालम्बस्स य आयट्ठिया योगा भवंति–निरालम्बनस्य च आयतार्थिका योगा भवन्ति આ પ્રમાણે જ્યારે તે આલંબનોનો પરિત્યાગ કરી દે છે ત્યારે તે નિરાલંબ બની જાય છે, આ અવસ્થામાં એનો યોગ–મન, વચન, કાયા, આયતાર્થ બની જાય છે, અર્થાત મોક્ષ જ એનું એક પ્રયોજન માત્ર અભિલષિત અર્થ બની જાય છે.सएणं लाभेणं संतुस्सइ परलाभं नो आसाएइ परलाभं नो तक्केइ नो पीहेइ नो पत्थेइ नो अभिलसइ-स्वकेन लाभेन संतुष्यति परलाभं नो आस्वाययति नो तर्कयति नो स्पृहयति नो प्रार्थयति नो अभिलषति એ પોતાના લાભથી તે સંતુષ્ટ રહે છે, બીજાના લાભને તે ભોગવતો નથી. અથવા તો મનમાં એવો વિકલ્પ પણ કરતા નથી કે, " એ જો મને ભિક્ષા આદિ લાવી આપે તો ઘણું સારૂં થાત. " તથા પોતાનો એવો ભાવ પણ પ્રગટ કરતા નથી કે, " આ ઘણું જ સારૂં છે. ' મને અમુક વસ્તુ આપો. " આવી યાચના પણ કરતા નથી. તેમ ન તે વસ્તુની લાલસા કરે છે, આ પ્રમાણે અન્ય મુનિજનો દ્વારા લબ્ધ આહારને ન ભોગવતાં એને લેવાની ઇચ્છા પણ ન કરતાં, એમાં સ્પૃહાળુ ન બનતાં; એની ચાહના પણ ન કરતાં તેમ અભિલાષા પણ ન કરતાં આ બીજી સુખશય્યારૂપ મુનિ અવસ્થાને પ્રાપ્ત કરી વિચરે છે.

ભાવાર્થ—એક સમાચારીવાળા સાધુઓનું એક સ્થળે ભોજન કરવું, બીજા મુનિજનો દ્વારા પ્રદત્ત આહાર આદિનું ગ્રહણ કરવું, એનું નામ સંભોગ છે. આ સંભોગનો પરિહાર સંભોગપ્રત્યાખ્યાન છે. અર્થાત્ જ્યારે સાધુ ગીતાર્થાવસ્થાસંપન્ન બની જાય છે. ત્યારે જીન કલ્પાદિરૂપ ઉદ્યત વિહારની પ્રતિપત્તિ(સ્વીકાર)થી એના એ સંભોગપ્રત્યાખ્યાન થાય છે. આ અવસ્થામાં કદાચ એ ગ્લાન આદિ અવસ્થા યુકત પણ થઈ જાય તો એ અવસ્થાની પરવાહ કરતા નથી, અને સ્વલાભથી જ સંતુષ્ટ રહે છે, સ્વયં ગોચરિ કરે છે. જ્યારે બીજા સાધુજન તો ગ્લાન આદિ દશામાં અન્ય સાધુઓ દ્વારા લાવવામાં આવેલ આહાર

આદિરૂપ લાભને ગ્રહણ કરે છે. ત્યારે એ સાધુ આ પ્રમાણે કારણ કલાપ ઉપસ્થિત હોવા છતાં પણ એવું કરતાં નથી પરંતુ સદા ઉદ્યત હોવાથી પોતાના વીર્યાચારનું જ અવલંબન કરે છે. આ પ્રમાણે નિરાલંબન બનેલા એ સાધુનાં મન, વચન અને કાયા, એ ત્રણે યોગ મુક્તિ માત્ર પ્રયોજનવાળા હોય છે. નિરાલંબન દશામાં સાધુ પોતાના લાભથી જ સંતુષ્ટ રહે છે. અન્ય મુનિયો દ્વારા લાવવામાં આવેલ આહાર આદિની તે ચાહના કરતા નથી. મનમાં એવો વિકલ્પ પણ લાવતા નથી કે, કોઈ મને આહાર પાણી લાવી આપે બીજી સુખશય્યાના વિષયમાં સ્થાનાંગ સૂત્રમાં એમ જ કહેલ છે.

" अहवरा दोच्चा सुहसेज्जा, से णं मुडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए समाणे सएणं संतुस्सइ, परस्सलाभं नो आसाएइ, नो तक्केइ, नो पीहेइ, नो पत्थेइ, नो अभिलसेइ, सेणं परस्सलाभं अणासाएमाणे अतक्केमाणे, अपी-

ઉપધિપ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

હેમાણે અપત્થેમાણે, અણભિલસમાણે, નો મણં ઉચ્ચાવયં નિયચ્છાઇ નો વિણિવાય માવજ્જઇ " ઇતિ ॥ આવી સ્થિતિનું નામ જ સુખશય્યા છે. ॥ ૩૩ ॥

સંભોગ પ્રત્યાખ્યાનવાળા સાધુની ઉપધિનું પ્રત્યાખ્યાન પણ થાય છે. આ વાત સૂત્રકારચોત્રીસમાં બોલમાંપ્રકાશિત કરે છે—"उवहिपच्चक्खाणेणं"ઇત્યાદિ!

અન્વયાર્થ—भंते उवहिपच्चक्खाणेणं जीवे किं जणेइ–भदन्त उपधिप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન! ઉપધિના પ્રત્યાખ્યાનથી જીવને કયો લાભ થાય છે? ઉત્તર उवहिपच्चक्खाणेणं अपलिमंथं जणेइ–उपधिप्रत्याख्यानेन अपरिमंथं जनयति ઉપધિના પ્રત્યાખ્યાનથી જીવને સ્વાધ્યાય આદિ કરવામાં આળસ થતી નથી અર્થાત ઉત્સાહ રહ્યા કરે છે. નિરૂપધિક જીવ નિષ્કાંક્ષ–વસ્ત્રાદિકની અભિલાષાથી રહિત બની જાય છે. અને યથોચિત ઉપકરણની અપ્રાપ્તિમાં પણ દુઃખિત થતા નથી.

ભાવાર્થ—સદોરકમુખવસ્ત્રિકા, રજોહરણ અને પાત્ર આદિ આ ઉપધિ સાધુ મર્યાદાના અનુસાર છે. આ સાધુ મર્યાદાથી વ્યતિરિક્ત ઉપધિનો ત્યાગ કરવો એ ઉપધિપ્રત્યાખ્યાન છે, અર્થાત એવો સંકલ્પ કરી લેવો કે, હું મર્યાદાતિરિક્ત ઉપકાર નહીં રાખું. આ ઉપધિના પ્રત્યાખ્યાનથી સાધુ નિશ્ચિત બનીને સ્વાધ્યાય આદિ કરવામાં તલ્લીન બની જાય છે, એને કોઇ પણ પ્રકારનો પ્રમાદ સતાવતો નથી. તેમ ન તો તે મર્યાદારિક્ત ઉપધિની લાલસાથી કલેશિત બને છે જીર્ણશીર્ણ વસ્ત્ર પાત્રાદિકથી પણ પોતાની સંયમયાત્રાનો નિર્વાહ કરતા રહે છે. એને જીર્ણશીર્ણ અર્થાત જુનાં પુરાણાં. ફાટયાં તૂટયાં, વસ્ત્રોના વિષયમાં કોઇ ચિંતા રહેતી નથી.

જેમ કહ્યું પણ છે—"तस्सणं भिक्खुस्स नो एवं भवति-परिजुन्ने मे वत्थे सूइं वा जाइस्सामि संधिस्सामि उक्कंसिस्सामि तुण्णिस्सामि वोक्कंसिस्सामि" ઇત્યાદિ। અર્થાત–પોતાની સંયમયાત્રાનો જીર્ણશીર્ણ આદિ વસ્ત્ર પાત્રો દ્વારા નિર્વાહ કરવાવાળા સાધુના ચિત્તમાં એવો વિકલ્પ નથી ઉઠતો કે, આ મારાં વસ્ત્ર જીર્ણ થઇ ગયાં છે. ચાલો સુઈ માંગીને આને સીવી લઉં, સાંધી લઉં, દોરા ભરી લઉં. આદિ.॥૩૪॥

ઉપધિનું પ્રત્યાખ્યાન કરવાવાળા સાધુને યોગ્ય આહારાદિકના અભાવમાં ઉપવાસ પણ થઈ જાયછે. આનું નામ આહારપ્રત્યાખ્યાન છે. આજ વાતને

આહારપ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

સૂત્રકાર પાંત્રીસમાં બોલમાં કહે છે—" आहारपच्चक्खाणेणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते–भदन्त હે ભગવાન ! आहारपच्चक्खाणेणं जीवे किं जणेइ–आहारप्रत्याख्यानेन जीवः किं जनयति આહારના પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ? ઉત્તરમાં–आहारपच्चक्खाणेणं जीवियासंसप्पओगं वोच्छिंदइ–आहारप्रत्याख्यानेन जीवितासंशाप्रयोगं व्यवच्छिनत्ति આહારના પ્રત્યાખ્યાનથીજીવ પોતાના જીવનની અભિલાષા કરવાનું છોડી દે છે, जोवियासंसप्पओगं वोच्छिंदित्ता जीवे आहारमंतरेणं न संकिलिस्सइ-जीवितासंशाप्रयोगं व्यवच्छिद्य जीवः आहारमन्तरेण न संक्लिश्यते જીવનની ઇચ્છા હેતુભૂત વાઙમન અને કાયયોગનો પરિત્યાગ કરીને એ જીવ આહાર વગરના કલેશને પામતા નથી. અર્થાત વિકૃષ્ટ તપના અનુષ્ઠાનમાં પણ જીવનથી નિસ્પૃહ બનેલ મુનિ દુઃખનો અનુભવ કરતા નથી,

ભાવાર્થ—નિરવદ્ય આહારના અલાભમાં સદોષ આહારનો ત્યાગ કરવો તથા તપશ્ચર્યાના નિમિત નિરવદ્ય આહારનો લાભ હોવા છતાં પણ એનો પરિત્યાગ કરી દેવો. આ બંને પ્રકારનો ત્યાગ આહારપ્રત્યાખ્યાન છે. આહાર-પ્રત્યાખ્યાન કરવાવાળા મુનિરાજના ચિત્તમાં એવો કદી પણ વિકલ્પ નથી ઉઠતો કે હું આના વગર મરી જઈશ. તથા મારે હજી વધુ જીવવું છે. આ માટે એનુ પ્રત્યાખ્યાન ન કરું. આ પ્રમાણે જીવિતાશંસા પ્રયોગનો પરિત્યાગ કરીને વિકૃષ્ટ તપોનું અનુષ્ઠાન કરવામાં પણ દુઃખનો અનુભવ કરતા નથી. ॥૩૫॥

સંભોગ, ઉપધિ તથા આહાર એ ત્રણ પ્રત્યાખ્યાન પણ કષાય રહિત મુનિમાં જ સફળ થાય છે. આથી હવે છત્રીસમા બોલમાં કષાયપ્રત્યાખ્યાનના વિષયમાં સૂત્રકાર કહે છે—" कसायपच्चक्खाणेणं " ઇત્યાદિ !

અન્વયાર્થ—भंते पच्चक्खाणेणं जीवे किं जणेइ–भदन्त कषायप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન ! કષાયના પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

કષાયપ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

ઉત્તર–કસાયપચ્ચક્ખાણેણં વીયરાગ ભાવં જણેઇ–કષાયપ્રત્યાખ્યાનેન વીતરાગભાવં જનયતિ કષાયોનો પરિત્યાગ કરવાથી જીવ પોતાની અંદર વીતરાગ ભાવને પેદા કરી લે છે.વીયરાગભાવપડિવન્ને--વીતરાગ ભાવપ્રતિપ્રચ્છન્નઃ વીતરાગ ભાવ તરફ ઢળેલો સમસુહદુક્ખેભવઇ–સમસુખદુઃખો ભવતિ જીવ સુખ દુઃખમાં સમાન સ્થિતિવાળો બની જાય છે.

ભાવાર્થ—ક્રોધ, માન માયા અને લોભ આ ચાર કષાય છે. આનો ત્યાગ કરવો એ કષાયપ્રત્યાખ્યાન છે. આ પ્રત્યાખ્યાનથી જીવ રાગ અને દ્વેષ રહિત બની જાય છે. માયા અને લોભ એ બે રાગભાવની પરિણુતિયો છે. તથા ક્રોધ અને માન આ બે દ્વેષભાવની પરિણુતિયો છે. જ્યારે જીવ કષાયથી રહિત થઈ જાય છે. ત્યારે તે વીતરાગ અને વીતદ્વેષ બની જાય છે. આ સ્થિતિમાં સુખ અને દુઃખ બંને તેને બરોબર જ લાગે છે. કેમકે, પક્ષપાતના હેતુ રાગ છે તે નષ્ટ થતાં સમાન ભાવના જ રહે છે. ॥ ૩૬ ॥

યોગ પ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

કષાયનો પરિત્યાગ કરવાવાળા મુનિને યોગના પ્રત્યાખ્યાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ વાત સૂત્રકાર સાડત્રીસમા બોલમાં પ્રદર્શિત કરે છે–"જોગપચ્ચક્ખાણેણં" ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે જોગપચ્ચક્ખાણેણં જીવે કિં જણેઇ–ભદન્ત યોગપ્રત્યાખ્યાનેન જીવઃ કિં જનયતિ હે ભગવાન ! યોગના પ્રત્યાખ્યાનથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તર–જોગપચ્ચક્ખાણેણં અજોગિત્તં જણેઇ-જોગપ્રત્યાખ્યાનેન અયોગિત્વં જનયતિ યોગના પ્રત્યાખ્યાનથી જીવ અયોગી અર્થાત શૈલેષીભાવને પ્રાપ્ત કરે છે. અજોગીણં જીવે નવં કમ્મં ન બંધઇ વદ્ધં ચ નિજ્જરેઇ–અયોગી ખલુ જીવઃ નવં કર્મ ન બધ્નાતિ પૂર્વ બદ્ધં ચ નિર્જરયતિ શૈલેશી ભાવને પ્રાપ્ત બનેલ જીવ નવા કર્મોનો બંધ કરતો નથી. તથા પૂર્વબદ્ધ ભવોપગ્રાહિકર્મચતુષ્ટયની નિર્જરા કરી દે છે.

ભાવાર્થ—મન, વચન અને કાયાના વ્યાપારનું નામ યોગ છે. આ યોગના પ્રત્યાખ્યાનથી જીવને શૈલેષી અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. એ અવસ્થા પ્રાપ્ત થયા પછી નવા કર્મનો બંધ થવો રોકાઈ જાય છે. તથા પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થાય છે. ।૩૭।

યોગ પ્રત્યાખ્યાન કરવાવાળા મુનિરાજના શરીરનું પ્રત્યાખ્યાન પણ થાય આજ વાતને સૂત્રકાર આડત્રીસમા બોલમાં પ્રગટ કરે છે—"सरीरपच्चक्खाणेणं" ઈત્યાદિ।

અન્વયાર્થ—भंते सरीरपच्चक्खाणेणं जीवे किं जणेइ-भदन्त शरीरप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન શરીર પ્રત્યાખ્યાનથી જીવ કયા લાભને પ્રાપ્ત કરે છે? ઉત્તર-सरीरपच्चक्खाणेणं सिद्धाइसयगुत्तं निव्वत्तेइ-शरीरप्रत्यख्यानेन सिद्धातिशयगुणत्वं प्राप्नोति શરીર પ્રત્યાખ્યાનથી જીવ સિદ્ધોના સર્વોત્કૃષ્ટ ગુણપણાને પ્રાપ્ત કરે છે, सिद्धाइसयगुणसंपन्ने य जीवे लोगग्गमुवगए परम सुही भवइ-सिद्धातिशयगुणसंपन्नश्च जीवो लोकाग्रमुपगतः परमसुखी भवति સિદ્ધોના અતિશય ગુણત્વને પ્રાપ્ત થયેલ જીવ લોકના અગ્રભાગને પ્રાપ્ત કરીને પરમ સુખી બની જાય છે.

ભાવાર્થ—શરીર પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે? આનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે, આ પ્રત્યાખ્યાનના પ્રભાવથી જીવ સિદ્ધોના એકત્રીસ (૩૧) ગુણોને પ્રાપ્ત કરનાર બની જાય છે. એ એકત્રીસ ગુણ આ છે.-પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયરૂપ પાંચ ગુણ, નવ પ્રકારના દર્શનાવરણીય કર્મના ક્ષયરૂપ ગુણ, બે પ્રકારના વેદનીય કર્મના ક્ષયરૂપ બે ગુણ, બે પ્રકારના મોહનીય કર્મના ક્ષયરૂપ બે ગુણ, ચાર પ્રકારના આયુકર્મના ક્ષયરૂપ ચારગુણ, બે પ્રકારના નામકર્મના ક્ષયરૂપ બે ગુણ. બે પ્રકારના ગોત્રકર્મના ક્ષયરૂપ બે ગુણ, અને પાંચ પ્રકારનાં અંતરાયકર્મના ક્ષયરૂપ પાંચ ગુણ, આ પ્રમાણે એ એકત્રિસ સિદ્ધાતિશય ગુણોને પ્રાપ્ત કરનાર જીવ લોકના અગ્રભાગમાં રહેવાવાળા મુક્તિપદને પ્રાપ્ત કરી પરમ સુખી બની જાય છે. ॥ ૩૮ ॥

સહાય પ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

એ સંભોગ આદિ પ્રત્યાખ્યાન પ્રાયઃ સહાયકોના પ્રત્યાખ્યાન કરવાથી સુખથી સાધ્ય થાય છે. આ વાત ઓગણચાળીસમાં બોલમાં સૂત્રકાર બતાવે છે– "सहायपच्चक्खाणेणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते सहायपच्चक्खाणेणं जीवे किं जणेइ–भदन्त सहायप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન ! સહાયકારિયોના પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર सहायपच्चक्खाणेणं एगीभावं जणेइ–सहायप्रत्याख्यानेन एकीभावं जनयति સહાયકારિયોના પ્રત્યાખ્યાન કરવાથી જીવ (સાધુ) આત્મા એકીભાવને પ્રાપ્ત કરે છે. एगीभावभूए य जीवे णं एगत्तं भावेमाणे अप्पसद्दे अप्पझंझे अप्पकलहे अप्पकसाए अप्पतुमंतुमे संजमबहुले संवरबहुले समहिबहुले यावि भवइ–एकीभावभूतोऽपि च जीवः खलु एकत्वं भावयन् अल्पशब्दः अल्पझंझः अल्पकलहः अल्पकषायः अल्पत्वं त्वः संयमबहुलः संवरबहुलः समाधिबहुलश्चापि भवति એકત્વને પ્રાપ્ત બનેલ એ જીવ એકાવલંબનનો અભ્યાસ કરતાં કરતાં ખૂબજ થોડું બોલે છે. ગણાદિકમાં પરસ્પર ભેદજનક વચન બોલતો નથી. કોઈથી કલહ કરતો નથી. ક્રોધાદિક કષાયોથી રહિત બને છે. "तुं तुं" ઇત્યાદિ અપમાન સૂચક શબ્દોનો પ્રયોગ કરતો નથી. સત્તર પ્રકારના સંયમને પ્રચુર માત્રામાં પાળવા લાગે છે. સંવર પણ ઘણો વધારે વખત થવા લાગે છે ચિત્તસ્વાસ્થ્યરૂપ સમાધિ પણ તેની અધિક પ્રમાણમાં વધતી જાય છે.

ભક્ત પ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

ભાવાર્થ—પોતાના ગચ્છવર્તી સાધુજન અહીં સહાય શબ્દથી ગૃહીત થયેલ છે. આ સહાયકારી સાધુઓનું પ્રત્યાખ્યાન કરવું એ સહાયપ્રત્યાખ્યાન છે. એમની સહાયતાના પરિત્યાગી સાધુ ગચ્છમાં રહેવા છતાં પણ, સાધુસમુદાયની વચમાં સ્થિત હોવા છતાં પણ પોતાને એકલો જ માને છે. આનું તાત્પર્ય એ નથી કે, તે આ સઘળા સાધુજનની સહાયતાનું પ્રત્યાખ્યાન રાગદ્વેશને વશ બનીને કરે છે. પરંતુ એ સમજીને જ કરે છે કે, હું એકલો છું, મારૂં કોઈ પણ નથી. અને હું ન બીજા કોઈનો છું. આ પ્રમાણે પોતાને એકાકી ભાવનાથી વાસિત કરવાવાળા એ સાધુ આત્મા પોતાની પ્રત્યેક ક્રિયાઓને એટલી પરિમિત બનાવી લ્યે છે કે, જેનાથી એની એ ભાવનાને ઠેસ લાગતી નથી. થોડું બોલે છે, ભેદજનક વચન બોલતાં નથી, કલહ અને ક્રોધાદિના ભાવથી સર્વથા રહિત હોય છે. "હું તું" ના ઝઘડામાં પડતા નથી. સંયમ, સંવર અને સમાધિની બહુલતા તેને રહે છે. ॥ ૩૯ ॥

સહાય પ્રત્યાખ્યાનવાળા જીવ અંતમાં ભક્તપ્રત્યાખ્યાન કરે છે. આ માટે ચાલીસમા બોલમાં ભક્તપ્રત્યાખ્યાનનું ફળ કહે છે-"भत्तपच्चक्खाणेणं"ઈત્યાદિ।

અન્વયાર્થ—भंते भत्तपच्चक्खाणेणं जीवे किं जणेइ-भदन्त भक्तप्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન! ભક્તપ્રત્યાખ્યાનથી જીવને કયો ગુણ પ્રાપ્ત થાય છે? ભક્તપ્રત્યાખ્યાનથી જીવને પોતાના અનેક આગામી ભવોને અટકાવવાની યુક્તિ હાથ લાગી જાય છે. અર્થાત ભક્તપ્રત્યાખ્યાન કરનાર જીવના સંસારના ફેરા ટુંકા બની જાય છે.

ભાવાર્થ—આહારનો ત્યાગ કરવો એનું નામ ભક્તપ્રત્યાખ્યાન છે. આનાથી જીવને એ લાભ થાય છે કે, તે પોતાના અનેક આગામી ભવોને રોકવામાં શક્તિશાળી બની જાય છે કેમ કે, આ પ્રકારના દૃઢ અધ્યવસાયથી જે સંપન્ન બને છે તેનો સંસાર અલ્પ બની જાય છે. ।। ૪૦ ।।

સદ્ભાવ પ્રત્યાખ્યાન કે ફલ કા વર્ણન

હવે સઘળા પ્રત્યાખ્યાનના પ્રધાનભૂત સદ્ભાવપ્રત્યાખ્યાનને એકતાલીમા બોલમાં સૂત્રકાર બતાવે છે—" सब्भावपच्चक्खाणेणं " ઈત્યાદિ ।

અન્વયાર્થ—भंते सब्भावपच्चक्खाणेणं जीवे किं जणेइ-भदन्त सद्भाव-प्रत्याख्यानेन जीवः किं जनयति હે ભગવાન! સદ્ભાવપ્રત્યાખ્યાનથી જીવને કયો લાભ થાય છે? ઉત્તર सब्भावपच्चक्खाणेणं अनियट्टिं जणेइ-सद्भाव-प्रत्याख्यानेन अनिवृत्तिं जनयति આ સદ્ભાવ પ્રત્યાખ્યાનથી જીવને અનિવૃત્તિ નામના શુકલધ્યાનનો ચોથો પાયો પ્રાપ્ત થાય છે. अनियट्टि पडिवन्ने य अण-गारे चत्तारिकेवलि कम्मंसे खवेइ-अनिवृत्तिं प्रतिपन्नश्च अनगारः चत्वारि केवली-सत्कर्माणि क्षपयति શુકલ ધ્યાનના આ ચોથા પાયાને પ્રાપ્ત કરી લેનાર મુનિ

આત્મા કેવળી દશામાં તેનાં બાકી રહેલાં ભવોપગ્રાહી કર્મોને–આઘાતિયા કર્મોને નષ્ટ કરી દે છે. તે કર્મ આ છે–વેદનિજ્જં આઉયં નામગોયં–વેદનીય આયુષ્યં નામગોત્રં વેદનીય; આયુ, નામ અને ગોત્ર તઓ પચ્છા–ततः पश्चात् આના પછી તે સિજ્ઝઇ બુજ્ઝઇ મુચ્ચઇ સવ્વદુઃખાણમંતં કરેઇ–सिध्यति बुध्यते मुच्यते सर्वदुःखानामंतं करोति સિદ્ધ બની જાય છે, બુદ્ધ બને છે, મુકત બની જાય છે અને સઘળા દુઃખોનો અંત કરી દે છે. " આ સિદ્ધ બુદ્ધ આદિ પદોની વ્યાખ્યા અઠાવીસમાં બોલમાં કહેવાઇ ગયેલ છે.

ભાવાર્થ—પરમાર્થતઃ પ્રત્યાખ્યાનનું નામ સદ્ભાવ પ્રત્યાખ્યાન છે. એ પ્રત્યાખ્યાન સર્વ સંવરરૂપ હોય છે. આને શૈલેશી પણ કહે છે. આનાથી જીવ શુકલધ્યાનના ચોથા પાયાને પ્રાપ્ત કરીને આઘાતિયા કર્મોનો નાશ કરે છે. આ પછી સિદ્ધ બુદ્ધ મુકત બનીને સઘળા દુઃખોનો અંત કરી દે છે. અર્થાત અવ્યાબાધ સુખને ભોગવનાર એવા બની જાય છે. ॥ ૪૧ ॥

प्रतिरूपता और वैयावृत्य के फल का वर्णन

સદ્ભાવ પ્રત્યાખ્યાન એજ કરી શકે છે, જે પ્રતિરૂપ હોય છે. એ માટે બેંતાલીસમાં બોલમાં પ્રતિરૂપતાનું ફળ કહે છે—" पडिरुवयाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—મંતે पडिरूवयाएणं जीवे किं जणेइ–भदन्त प्रतिरूपतया जीवः खलु किं जनयति હે ભગવાન ! પ્રતિરૂપતાથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર–पडिरूवयाए लघवीयं जणेइ–प्रतिरूपतया लाघवितां जनयति પ્રતિરૂપતાથી લાઘવતા ઉત્પન્ન થાય છે. लघुभूएणं जीवे अप्पमत्ते पागडलिंगे पसत्थलिंगे विसुद्धसम्मत्ते सत्तसमियसम्मत्ते सव्वप्पाणभूय जीवसत्तेसु विसणिज्जरूवे अप्पडिलेहे जिइंदिए विउलतवसमिइसमन्नागए यावि भवइ–लघुभूतश्च खलु जीवः अप्रमत्तः प्रकटलिङ्गः प्रशस्तलिङ्गः विशुद्धसम्यक्त्वः सत्वसमितिसमाप्तः सर्वप्राणीभूतजीवसत्वेषु विश्वसनीयरूपः अप्रत्युप्रेक्षितः जितेन्द्रीयः विपुलतपः समितिसमन्वागतश्चापि भवति જ્યારે જીવ લઘુભૂત થઇ જાય છે, ત્યારે તે અપ્રમત–પ્રમાદ રહિત બની જાય છે. તથા તેનું ચિહ્ન–રજોહરણ સહુના જાણવામાં આવે તેવું થઇ જાય છે રજોહરણ રૂપ તથા સદોરકમુખવસ્ત્રિકા આદિ રૂપ સાધુનો વેશ પ્રશસ્ત થઇ જાય છે. એનું સમ્યકત્વ વિશુદ્ધ બની જાય છે. સત્ય, ધૈર્ય અને સમિતિઓથી તે પરિપૂર્ણ બની જાય છે. સઘળા પ્રાણીઓમાં–બેઇન્દ્રિયવાળા વિકલત્રય જીવોમાં, ભૂતોમાં–વનસ્પતિઓમાં, જીવોમાં–પાંચ ઈન્દ્રિય પ્રાણીઓમાં તથા સત્વોમાં–પૃથ્વી,

અપ, તેજ અને વાયુ કાયોમાં–તે વિશ્વસનીય રૂપવાળા બની જાય છે. થોડી પ્રતિલેખનાવાળા થઈ જાય છે, સઘળી ઇન્દ્રિયોને વશ કરી લે છે. તથા વિપુલ તપ અને સમિતિયોથી યુક્ત બનીને ગામે ગામ વિહાર કરે છે.

ભાવાર્થ—અહીં પ્રતિરૂપતામાં પ્રતિ શબ્દ યોગ્ય અર્થનો વાચક છે. તથા રૂપ શબ્દ વેષનો વાચક છે. સ્થવિર કલ્પિક સાધુઓનું જે શાસ્ત્ર મર્યાદાની અનુકૂળ રૂપ છે. તેજ અહીં પ્રતિરૂપ છે. આ પ્રતિરૂપનો જે ભાવ છે એ પ્રતિરૂપતા છે. મોઢા ઉપર મુખ સદોરક વસ્ત્રિકા બાંધવી, સફેદ ચોલપટો પહેરવો, સફેદ વસ્ત્રની ચાદર રાખવી, પ્રમાર્જીકા અને રજોહરણ રાખવાં, માથાને ખુલ્લું રાખવું, વાળોનું લુંચન કરવું, ભિક્ષાધાનીમાં પાત્રોને રાખીને ભિક્ષાવૃત્તિના માટે પર્યટન કરવું, ખુલ્લા પગે રહેવું, અર્થાત જોડાં, મોજાં, ખડાઉ આદિ ન પહેરવાં, પગપેદલ ચાલવું, છત્રી ધારણ કરવી નહીં, અપ્રતિબંધ વિહાર કરવો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું પાલન કરવું, આ સઘળું સ્થવિરકલ્પિક સાધુઓ માટે શાસ્ત્ર મર્યાદા અનુકૂળ સાધુ વેષ છે. આને ધારણ કરવો એનું નામ પ્રતિરૂપતા છે. ॥ ૪૨ ॥

પ્રતિરૂપતાના સદ્‌ભાવમાં પણ વૈયાવૃત્યથીજ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. આ માટે હવે સૂત્રકાર તેંતાલીસમા બોલમાં વૈયાવૃત્યને કહે છે–" वेयावच्चेणं"

અન્વયાર્થ—भंते वेयावच्चेणं जीवे किं जणेइ–भदन्त वैयावृत्येन जीवः किं जनयति હે ભગવાન ! વૈયવૃત્યથી જીવને શુ લાભ થાય છે ? उत्तर–वेयावच्चेणं तित्थयरनामगोत्तं निबंधइ–वैयावृत्येन निर्थकरनामगोत्रं निबध्नाति વૈયાવૃત્યથી જીવ તીર્થંકર નામ ગોત્ર કર્મનો બંધ કરે છે. આહાર આદિનું લાવી આપવું, વગેરે પ્રકારની કોઈ પણ સહાયતા કરવી તેનું નામ વૈયાવૃત્ય છે. એ આચાર્ય ઉપાધ્યાય આદિના ભેદથી બે પ્રકારની છે. ॥ ૪૩ ॥

सर्वगुणसंपन्नता के फल का वर्णन

વૈયાવૃત્ય કરવાથી અરિહંત બની જવાય છે. અને જે અરિહંત હોય છે તે સર્વગુણસંપન્ન હોય છે. આ માટે ચુંમાળીસમા બોલમાં સર્વગુણ સંપન્નતાનું ફળ કહે છે—" सव्वगुणसंपन्नयाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते सव्वगुणसंपन्नयाए जीवे किं जणेइ–भदन्त सर्वगुणसंपन्नतया जीवः किं जनयति હે ભગવાન સર્વગુણ સંપન્નતાથી જીવ કઈ વિશિષ્ટતાને પ્રાપ્ત કરે છે ? उत्तर–सव्वगुणसंपन्नतयाए अपुणरावत्तिं जणेइ–सर्वगुणसंपन्नतया अपुनरावृत्तिं जनयति સર્વગુણ સંપન્નતાથી જીવ અપુનરાવૃત્તિને પ્રાપ્ત કરે છે. अपुनरावृत्तिं पत्तए य जीवे सरीरमाणसाणं दुःखाणं नो भागी भवइ–

અપુનરાવૃત્તિં પ્રાપ્તશ્ચ જીવઃ શરીરમાનસાનાં દુઃખાનાં નો ભાગી ભવતિ એ અપુનરાવૃતિ મુક્તિ ધામને પ્રાપ્ત બનેલ જીવ શારીરિક અને માનસિક દુઃખોને ભોગવનાર બનતા નથી પરંતુ સિદ્ધિના સુખોને ભોગવનાર જ બને છે. અર્થાત–કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ગુણોથી યુકત એવી સર્વગુણસંપન્નતા પ્રાપ્ત કરે છે. એના પ્રભાવથી જીવ નિયમતઃ મુકિતને ભોગવનાર બની જાય છે. ॥૪૪॥

वीतरागता और क्षान्ति के फल का वर्णन

વીતરાગના સદ્ભાવમાં સર્વગુણ વત્તા હોય છે, આથી પિસ્તાલીસમા બોલમાં વીતરાગને સૂત્રકાર બતાવે છે.—"वीयरागयाए णं" ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते वीयरागयाएणं जीवे किं जणेइ–भदन्त वीतरागतया खलु जीवः किं जनयति હે ભગવાન! વીતરાગથી જીવ કયા ગુણને પોતાનામાં ઉત્પન્ન કરે છે ? ઉત્તર–वीयरागयाए नेहाणुबंधणाणि तण्हाणुबंधणाणि य वोच्छिंदइ–वीतरागतया स्नेहानुबन्धनानि तृष्णानुबन्धनानि च व्यवच्छिनत्ति વીતરાગતાથી જીવ પુત્ર, મિત્ર કુટુંબીજનના વિષયમાં મમત્વરૂપી પ્રેમબંધનને તથા હિરણ્ય, સુવર્ણ આદિકોનો સંગ્રહ કરવાની વાંચ્છનારૂપ તૃષ્ણાનુબંધને સર્વથા છોડી દે છે. તથા· मणुन्नामणुन्नेसु सद्दरूवगंधरसफरिसेसु चेव विरज्जइ–मनोज्ञामनोज्ञेषु शब्दरूपगंधरसस्पर्शेषु विरज्यते મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ રસ અને સ્પર્શ આ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષ રહિત બની જાય છે. જો કે છત્રીસમા બોલમાં–સૂત્રમાં કહેવામાં આવેલ કષાય પ્રત્યાખ્યાનથી જ વીતરાગતા કહેવામાં આવેલ છે. પરંતુ અહિંયા જે તેનું ફરીથી સ્વતંત્રરૂપથી પ્રતિપાદન કરવામાં આવેલ છે તેનું કારણ રાગ જ સઘળા અનર્થોનું મૂળ કારણ છે. એ બતાવવા વીતરાગતાને સ્વતંત્રરૂપથી કહેવામાં આવેલ છે. ॥ ૪૫ ॥

વીતરાગતાનું મૂળ કારણ ક્ષાંતિ છે, જેથી હવે સૂત્રકાર છેંતાલીસમાં બોલમાં ક્ષાન્તિને કહે છે—

"खंतीए" ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते खंतीए जीवे किं जणेइ–भदन्त क्षन्त्या जीवः किं जनयति હે ભગવાન! ક્રોધ જયરૂપ ક્ષાંતિથી જીવ પોતાનામાં કયા ગુણને પ્રાપ્ત કરે છે ? खंतीए परीसहे जिणइ–क्षन्त्या परीषहान् जयति ક્ષાંતિની પ્રાપ્તીથી જીવ પરીષહોને જીતવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે. ॥ ૪૬ ॥

મુક્તિ નિર્લોભતાથી ક્ષાન્તિ દૃઢ બને છે, એ માટે સુડતાલીસમા બોલમાં

મુકિત નિર્લોભતાને કહે છે—' મુત્તિણં ' ઈત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે મુત્તિણં જીવે કિં જણેઇ–ભદન્ત મુક્ત્યા ખલુ જીવઃ કિં જનયતિ હે ભગવાન ! મુકિતથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તર–મુત્તિણં અકિંચણં જણેઇ–મુક્ત્યા ખલુ જીવઃ અકિંચન્યં જનયતિ મુકિતથી જીવ નિષ્પરિગ્રહત્વને પ્રાપ્ત કરે છે, પરિગ્રહ રહિત બનેલ જીવ ધનલોલુપ પુરુષોના માટે, ચોર આદિકોના માટે અનભિકાંક્ષણીય બની જાય છે.

ભાવાર્થ—મુક્તિ શબ્દનો અર્થ લોભનો પરિત્યાગ છે. મુક્તિથી યુક્ત થયેલ જીવ પરિગ્રહ રહિત હોય છે. સંસારમાં સઘળા અનર્થ આ પરિગ્રહની પ્રેરણાથી જ થાય છે. જ્યારે જીવ પરિગ્રહ રહિત થઇ જાય છે તો પછી એની પસેથી પડાવી લેવા જેવી વસ્તુનો અભાવ હોવાથી ધન લોલુપ માણસો–ચોરોના માટે એ સદા ઉપેક્ષણીય રહ્યા કરે છે. ॥૪૭॥

લોભના અભાવમાં માયાચારી કરવાના કારણનો અભાવ હોવાથી માયાચારીનો પણ અભાવ થઈ જાય છે. માયાના અભાવમાં આર્જવભાવ ચોક્કસ છે. આથી સુડતાલીસમા બોલમાં આર્જવનું ફળ કહે છે—" અજ્જવયાએણં " ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે અજ્જવયાએણં જીવે કિં જણેઇ–ભદન્ત આર્જવેન ખલુ જીવઃ કિં જનયતિ હે ભગવાન ! આર્જવથી જીવ કયા ગુણને ઉત્પન્ન કરે છે ? ઉત્તર–અજ્જવયાએ કાઉજ્જુયયં ભાવુજ્જુયયં-ભાસુજ્જુયયં અવિસંવાયણં જણેઇ–આજવેન કાર્યર્જુકતાં ભાવર્જુકતાં ભાષર્જુકતાં અવિસંવાદનં જનયતિ આર્જવથી જીવ કાયાની સરળતા, ભાવોની સરળતા, ભાષાની સરળતા, અને અવિસંવાદન-પરાયાની નિંદા ન કરવી, આ

સઘળા ગુણોને પોતાનામાં ઉત્પન્ન કરે છે. अविसंवायणसंपन्नयाए णं जीवे धम्मस्स आराहए भवइ-अविसंवादनसंपन्नतया खलु जीवः धर्मस्याराधकः भवति આવા અવિસંવાદન ગુણોથી યુકત હોવાના કારણે જીવ ધર્મનો આરાધક બની જાય છે.

ભાવાર્થ—માયા કષાયના પરિત્યાગથી આત્મામાં જે સરલતા ઉત્પન્ન થાય છે તેનું નામ આર્જવ છે. જ્યારે જીવની આ પ્રકારની પરિણતિ થઇ જાય છે ત્યારે તેનામાં માયાચારીના અભાવથી કાયાની સરળતા આવી જાય છે. કે તે પોતાના શરીરને લંગડું, કુબડું, આદિના વેષમાં બનાવતો હતો, હવે આ પ્રમાણે બનાવતો નથી. તથા ભાવોમાં પણ એવી સરલતા આવી જાય છે કે, તે જે કાંઇ વિચારે છે તે વાણીથી કહે છે. તથા તે જે વાણીથી કહે છે તે શરીરથી કરીને બતાવે છે. એવું નથી કરતો કે, વચનથી કાંઇ કહે, વિચારે કાંઈ બીજું, અને કરે બીજું જ કાંઈ, બીજાની કુથલી તે કરતો નથી, આ પ્રમાણેની આર્જવ ગુણની પ્રાપ્તિથી એ જીવ ધર્મનું આરાધન કરનાર બની જાય છે. વિશુદ્ધ અધ્યવસાયના પ્રભાવથી અન્ય જન્મમાં પણ તેને ધર્મની પ્રાપ્તિ થાય છે. ॥ ૪૮ ॥

આર્જવ ગુણવાળાને પણ વિનયના વગર સમગ્ર ફળની પ્રાપ્તિ થતી નથી, એ વિનય માર્દવ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. આ કારણે ઓગણપચાસમા બોલમાં માર્દવ ગુણને કહે છે—" मद्दवयाएणं " इत्यादि !

અન્વયાર્થ—भंते मद्दवयाएणं जीवे किं जणेइ-भदन्त मार्दवेन खलु जीवः किं जनयति હે ભગવાન ! માર્દવ ગુણથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તર-मद्दवयाए अणुस्सियत्तं जणेइ-मार्दवेन अनुच्छ्रितत्वं जनयति માર્દવથી જીવ અનુચ્છિતત્વ-ઉદ્ધતતાના ત્યાગરૂપ વિનય ધર્મને પ્રાપ્ત કરે છે. अणुस्सियत्तेणं जीवे मिउमद्दवसंपन्ने अट्ठमयट्ठाणाइं निट्ठावेइ-વિનય ધર્મથી જીવ

ભાવસત્ય કે ફલ કા વર્ણન

અતિશય નમ્ર સ્વભાવવાળા બનીને આઠ મદસ્થાનોનો પરિત્યાગ કરે છે.

ભાવાર્થ—માન કષાયના અભાવથી આત્માની જે પરિણતિ થાય છે એનું નામ માર્દવ છે. આની પ્રાપ્તિથી પરિણામોમાં અતિશય કોમળતા આવી જાય છે જેને લઇ ઉદ્ધતતાનો ભાવ નષ્ટ થઈ જાય છે. દ્રવ્યથી તથા ભાવથી આ પ્રમાણે બન્ને પ્રકારથી એ સદા વિનમ્ર રહે છે આનું જ નામ વિનય છે. જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, ઐશ્વર્યમદ, શ્રુતમદ, અને લાભ-મદ, આ આઠે મદોથી એ સદા સર્વદા રહિત હોય છે ॥૪૯॥

મૃદુ સ્વભાવવાળા ભાવસત્ય-ભાવથી સાચું બોલવાવાળા હોય છે, આ કારણે પચાસમા બોલમાં ભાવસત્યને કહે છે—"भावसच्चेणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते भवसच्चेणं जीवे किं जणेइ-भदन्त भावसत्येन जीवः किं जनयति હે ભગવાન! ભાવસત્યથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર-भावसच्चेणं भावविसोहिं जणेइ-भावसत्येन भावविशोधिं जनयति ભાવ સત્યથી જીવ ભાવશુદ્ધિને ઉત્પન્ન કરે છે. भावविसोहिए वट्टमाणे जीवे अर्हत पन्नत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठेइ-भावविशोध्या वर्तमानजोवः अर्हत्प्रज्ञप्तस्य धर्मस्य आराधनाय अभ्युत्तिष्ठते આ ભાવશુદ્ધિની સાથે વર્તમાન જીવ અર્હત્પ્રજ્ઞપ્ત ધર્મની આરાધનાને માટે સદા ઉદ્યત રહે છે. अरहंतपन्नत्तस्य धम्मस्स आराहणयाए अब्भुट्टित्ता परलोगधम्मस्स आराहए भवइ-अर्हत्प्रज्ञप्तस्य धर्मस्याराधनया अभ्युत्थाय परलोकस्याराधकः भवति અર્હત્પ્રજ્ઞપ્ત ધર્મની આરાધનાથી અભ્યુત્થિત થઇને—ભાવિત અંતઃકરણ થઇને જીવ પરલોક ધર્મનો આરાધક બની જાય છે. અર્થાત્-પરભવમાં જીનધર્મની પ્રાપ્તિથી અથવા વિશિષ્ટ પર્યાયાન્તરની પ્રાપ્તિથી ધર્મનું આરાધન કરવાવાળા બને છે.

ભાવાર્થ—શુદ્ધ અન્તરાત્મા સ્વરૂપ ભાવરૂપ છે. આ ભાવસત્યથી જીવ શુદ્ધ અધ્યવસાયરૂપ પરિણતિને ઉત્પન્ન કરે છે. ભાવ વિશુદ્ધિમાં વર્તમાન જીવ સદા જીનેન્દ્ર પ્રણિત ધર્મનું સેવન કરવામાં તત્પર રહે છે. આનો પ્રભાવ એ થાય કે, પરભવમાં પણ આ જૈનધર્મનું સેવન કરવામાં પ્રીતિ રહે છે. તથા ઉત્પત્તિ પણ એની એવા કુળમાં થાય છે કે, જે કુળમાં જૈનધર્મનું સેવન કુળ પરંપરાથી ચાલ્યું આવતું હોય છે, ॥ ૫૦ ॥

ભાવ સત્યવાળા જીવ કરણસત્ય હોય છે, આ માટે એકાવનમા બોલમાં

કરણસત્ય કે ફલ કા વર્ણન

કારણ સત્યને કહે છે—" करणसच्चेणं " ઇત્યાદિ

અન્વયાર્થ—भंते करणसच्चेणं जीवे किं जणेइ–भदन्त करणसत्येन जीवः किं जनयति હે ભગાવાન! કરણસત્યથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર–करणसच्चेणं करणसत्तिं जणेइ–करणसत्येन करणशक्ति जनयति કરણસત્યથી કરણશકિતને ઉત્પન્ન કરે છે. करणसच्चेय वट्टमाणे जीवे जहावाई तहाकारि यावि भवइ–करणसत्येन वर्तमानजीवः यथावादी तथाकारी चापि भवति આ કરણ-સત્યમાં વર્તમાન જીવ યથાવાદી તેમજ તથાકારી થાય છે.

ભાવાર્થ—પ્રતિલેખનાદિક ક્રિયામાં આળસ નિરાકરણ પૂર્વક યથોકત વિધિ અનુસાર આરાધન કરવું એનું નામ અહીં કરણસત્ય છે, આ કરણ-સત્યથી જીવ અપૂર્વ શુભ ક્રિયા કરવાની શકિતને પ્રાપ્ત કરી લ્યે છે, આ શકિત પ્રાપ્ત થઇ જતાં જીવ તપ અને સંયમનું આરાધન કરવામાં ઉત્તરોત્તર વીર્યોલ્લાસની વૃદ્ધિ કરતો રહે છે તથા આ કરણસત્યમાં વર્તમાન જીવ જે પ્રમાણે સૂત્રાર્થ ભણે છે એજ પ્રમાણે એ અનુસાર ક્રિયા કરે છે. ॥૫૧॥

યોગ સત્ય કે ફલ કા વર્ણન

કરણસત્યવાળા મુનિને યોગસત્ય પણ હોય છે જેથી ભાવનમા બોલમાં યોગસત્યને કહે છે—" जोगसच्चेणं " ઇત્યાદિ.

અન્વયાર્થ—जोगसच्चेणं जीवे किं जणेइ–भदन्त योगसस्येन जीवः किं जनयति હે ભગવાન! યોગસત્યથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? जोगसच्चेणं जोगे विसोहेइ–योगसत्येन योगे विशोधयति યોગસત્યથી જીવ પોતાના યોગોને સાધેછે.

ભાવાર્થ—મન, વચન અને કાયા એના વ્યાપારનું નામ યોગ છે. આ યોગ સત્યથી જીવ પોતાના એ યોગોને એવા બનાવે છે કે, જેનાથી એને કર્મોનો બંધ થતો નથી અર્થાત્ એ પોતાના યોગોને મજબૂત બનાવી લે છે.।૫૨।

આ યોગસત્ય ગુપ્તિયુકત મુનિને જ થાય છે. આ માટે હવે તેપનમા બોલમાં સૂત્રકાર ગુપ્તિનું કથન કરે છે--"मणगुत्तयाएणं" ઈત્યાદિ.

અન્વયાર્થ--भंते मणगुत्तयाए णं जीवे किं जणेइ-भदन्त मनोगुप्ततया खलु जीवः किं जनयति હે ભગવાન! મનોગુપ્તિથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર-मणगुत्तयाए जीवे एगग्गं जणेइ-मनोगुप्ततया जीवः एकाग्रयं जनयति મનોગુપ્તિથી જીવ એકાગ્રતાને ધારણ કરે છે. एगग्गचित्तेणं जावे मणगुत्ते संजमाराहए भवइ-एकाग्रचित्तः खलु जीवः मनोगुप्तः संयमाराधकः भवति એકાગ્ર-ચિત્ત બનેલ એ જીવ મનોગુપ્તિવાળા હોવાના કારણે સંયમના આરાધક હોય છે.

ભાવાર્થ--અશુભ પદાર્થોની વિચારણાથી મનને રોકવું, અર્થાત્ અશુભ પદા-થોંનો મનમાં વિચાર ન કરવો એનું નામ મનોગુપ્તિ છે. એ મનોગુપ્તિના પ્રભા-વથી જીવ ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરી લે છે. મનોગુપ્ત ત્રણ પ્રકારની છે, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જેનાથી થાય એવી કલ્પનાઓનો પરિત્યાગ કરવો. એ પ્રથમ મનોગુપ્તિ છે. ધર્મધ્યાનનો અનુબંધ જેમાં હોય તથા જે શાસ્ત્રના અનુસાર હોય અને જેનાથી પરલોકનું સાધન હોય એવી મધ્યસ્થ પરિણતિ બીજી મનોગુપ્તિ છે. શુભ અને અશુભ મનોવૃત્તિના નિરોધથી યોગ નિરોધા-વસ્થામાં થવાવાળી આત્મસ્વરૂપ પાપસ્થાનરૂપ પરિણતિ ત્રીજી મનોગુપ્તિ છે. યોગશાસ્ત્રમાં ત્રણ વિશેષણો દ્વારા વાતને આ પ્રમાણે કહેલ છે—

"विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम्।
आत्मारामं मनस्तज्ज्ञैः, मनोगुप्तिरुदाहृता ॥१॥"

અર્થાત્-જે મન સઘળી કલ્પનાઓથી રહિત છે તેમજ સમભાવમાં એકાગ્ર બનીને આત્મસ્વરૂપમાં રમણ કરે છે એને મનોગુપ્તિ કહેવામાં આવે છે. આ મનોગુપ્તિ સત્યાસત્યના ભેદથી ચાર પ્રકારની હોય છે. આ વાત પહેલાં ચોવીસમા અધ્યયનમાં સૂત્રકારે બતાવેલ છે, આ મનોગુપ્તિથી જીવ એકાન્ત રૂપથી ધર્મમાં સ્થિર ચિત્તવાળા બની જાય છે, જ્યારે તે ધર્મમાં એકનિષ્ઠ ચિત્ત થઈ જાય છે ત્યારે એનું મન શુભ અધ્યવસાયથી સુરક્ષિત બની જાય છે. આ પ્રમાણે મનથી સુરક્ષિત બનેલ એ પ્રાણી સંયમ આરાધક બનીને પોતાના જન્મને સફળ બનાવી લ્યે છે. ॥ ૫૩ ॥

મનોગુપ્તિ વાળાને વચનગુપ્તિ થાય છે. હવે વચનગુપ્તિને કહે છે—'वयगुत्तयाए'

અન્વયાર્થ—भंते वयगुत्तयाएणं जीवे किं जणेइ–भदन्त वाग्गुप्ततया जीवः किं जनयति હે ભગવાન શુભ વાણીના ઉદીરણરૂપ વચનગુપ્તિથી જીવ કેવા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર–वयगुत्तयाए निव्विचारं जणेइ–वाग्गुप्ततया खलु निर्विकारत्वं जनयति શુભ વાણીના ઉદીરણરૂપ વચનગુપ્તિથી જીવ વિકથા આદિરૂપ વાણીના વિકારનો સર્વથા ત્યાગ કરી દે છે. આ પ્રમાણે વાણીના વિકારથી રહિત બનેલ જીવ વચનગુપ્તિ સહિત ધર્મધ્યાન આદિના સાધનભૂત એકાગ્રતાને ધારણ કરનાર બની જાય છે.

ભાવાર્થ—શુભ વાણીનું બોલવું, અથવા તો સંપૂર્ણપણે વાણીના ઉચ્ચારણનો નિરોધ કરવો આ બન્ને પ્રકાર વચનગુપ્તિના છે. પ્રથમ વચનગુપ્તિ જે પ્રવૃત્તિરૂપ છે આમાં રહેવાવાળા સાધુ વિકથા જેવા વચનોને બોલવાનો ત્યાગ કરે છે. તથા સર્વથા વાણી ઉચ્ચારણના નિરોધરૂપ ગુપ્તિમાં રહેનાર સાધુ ધર્મધ્યાન આદિના સાધનભૂત એકાગ્રતા વગેરેથી શોભાયમાન બને છે. જેમને આવી વિશિષ્ટ વચનગુપ્તિ નથી હોતી એના ચિત્તની એકાગ્રતા નથી થતી. ॥૫૪॥

વચનગુપ્તિવાળાને કાયગુપ્તિ અવશ્ય થાય છે. આથી કાયગુપ્તિને કહે છે–

" कायगुत्तयाएणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते कायगुत्तयाएणं जीवे किं जणेइ–भदन्त कायगुप्ततया जीवः किं जनयति હે ભગવન! શરીરની શુભયોગ પ્રવૃત્તિરૂપ કાયગુપ્તિથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર–कायगुत्तयाएणं संवरं जणेइ–कायगुप्ततया संवरं जनयति કાયગુપ્તિના પ્રભાવથી જીવ અશુભયોગ નિરોધરૂપ સંવરને પ્રાપ્ત કરે છે. संवरेणं कायगुत्ते पुणो पापासवनिरोहं करेइ–संवरेण कायगुप्तः पुनः पापास्रवनिरोधं करोति સંવરથી કાયગુપ્ત બનેલ જીવ પાપ કર્મને ઉત્પન્ન કરનાર પ્રાણાતિપાત આદિ અઢાર પ્રકારના પાપાસ્રવનો નિરોધ કરી દે છે.

ભાવાર્થ—શરીરને શુભ કાર્યોમાં લગાડવું–અને અશુભ કાર્યો તરફ જવા દેવું આનું નામ કાયગુપ્તિ છે. આ કાયગુપ્તિના પ્રભાવથી જીવ અશુભ યોગોનો નિરોધ કરે છે. આનું જ નામ સંવર છે. આ પ્રમાણે કાયકૃત અશુભ યોગના નિરોધથી રક્ષાયેલો જીવ કર્મોપાદાનના હેતુભૂત પ્રાણાતિપાત આદિ અઢાર પ્રકારના પાપાસ્રવનો નિરોધ કરે છે. ॥૫૫॥

મનઃ સમાધારણ કે ફલ કા વર્ણન

મન, વચન અને કાયગુપ્તિથી મનની સમાધારણા થાય છે આ માટે પહેલાં મનસમાધારણાને કહે છે—"मनसमाहारणयाए" ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते मणसमाहारणयाएणं जीवे किं जणेइ–भदन्त मनः समाधारण तया खलु जीवः किं जनयति હે ભગવાન! મનસમાધારણાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? उत्तर–मणसमाहारयाए णं एगग्गं जणेइ–मनःसमाधारणतया खलु एकाग्रं जनयति મન સમાધારણાથી જીવ ધર્મમાં એકનિષ્ઠ ચિત્તતાને પ્રાપ્ત કરે છે. જ્યારે एगग्गं जणइत्ता नाणपज्जवे जणेइ–एकाग्रं जनयित्वा ज्ञानपर्यवान् जनयति એનામાં એકાગ્ર ચિત્તતા આવી જાય છે, ત્યારે તે તત્વાવબોધરૂપ જ્ઞાનપર્યાયોને પોતાનામાં ઉત્પન્ન કરી લે છે. नाणपज्जवे जणइत्ता सम्मत्तं विसोहेइ–ज्ञानपर्यवान् जनयित्वा सम्यक्त्वं विशाधयति જ્ઞાનપર્યાયોને પ્રાપ્ત કરી લીધા પછી અર્થાત્–તત્વસ્વરૂપ જાણી લીધા પછી સમ્યક્ત્વને શુદ્ધ કરે છે. અર્થાત્–એ અંગની રૂચિ પણ તેનામાં વિશુદ્ધત્તર બની જાય છે. અને मिच्छत्तं च निज्जरेइ–मिथ्यत्वं च निर्जरयति તે મિથ્યાત્વની નિર્જરા કરે છે.

ભાવાર્થ—આગમોક્તવિધિ અનુસાર મનને સ્થિર કરવું આનું નામ મનઃ સમાધારણા છે. જ્યારે મનની આ પ્રકારે સમાધારણા બની જાય છે. ત્યારે ચિત્ત ધર્મમાં એકનિષ્ઠ થઈ જાય છે. આ રીતે ચિત્તની એકાગ્રતાથી જીવ તાત્વિક જ્ઞાન સંપન્ન બનીને પોતાના સમ્યક્ત્વને શુદ્ધ કરી લે છે. અને મિથ્યાત્વની નિર્જરા કરે છે. ॥૫૬॥

વાક્ સમાધારણતા કે ફલ કા વર્ણન

મન સમાધારણા પછી વચન સમાધારણાને કહે છે—"वइ समाहारणयाए" ઇત્યાદિ।

અન્વયાર્થ—भंते वइसमाहारणयाए खलु जीवे किं जणेइ–भदन्त वाक् समाधारणतया खलु जीवः किं जनयति હે ભગવાન! વચન સમાધારણા દ્વારા જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે? उत्तर–वइसमाहारणाए णं वइसाहारणदसणपज्जवे विसोहेइ–वाक्साधारणतया खलु वाक्साधारणदर्शनपर्यवान् विशोधयति

વચન સમાધારણાથી જીવ વચન સાધારણ દર્શન પર્યાયોને વિશુદ્ધ કરે છે. वइसाहारणदंसणपज्जवे विसोहित्ता सुलबोहियत्तं निव्वत्तेइ-वाक्सधारणदर्शनपर्यवान् विशोध्य सुलभबोधिकत्वं निर्वर्त्तयति दुर्लभबोधिकत्वं निर्जरयति વચન સાધારણ દર્શન પર્યાયોને વિશુદ્ધ કરીને જીવ સુલભ બોધિવાળો બની જાય છે. અને દુર્લભ બોધિપણાની નિર્જરા કરે છે.

ભાવાર્થ—સ્વાધ્યાય આદિ પ્રશસ્ત વચનોમાં પ્રવૃત્તિ રાખવી એનું નામ વાક્ સમાધારણા છે. આનાથી જીવને એ લાભ થાય છે કે, તે વાક્ સાધારણ વાણીના વિષયભૂત જીવ અજીવ આદિ પદાર્થોને જાણી શકનારા દર્શન પર્યાયોને, નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ આદિરૂપ સમ્યક્ત્વના ભેદોને, અર્થાત્ પ્રજ્ઞાપનીય પદાર્થ વિષયક સમ્યક્ત્વ વિશેષોને વિશુદ્ધ કરે છે. એના દ્રવ્યાનુયોગના અભ્યાસથી પ્રજ્ઞાપનીય પદાર્થ વિષયક શંકાદિક દોષ દૂર થઈ જાય છે. આને લઈને પ્રજ્ઞાપનીય પદાર્થ વિષય સમ્યક્ત્વ વિશેષણ પણ એનું નિર્મળ થઈ જાય છે. આ પ્રમાણે એનું સમ્યક્ત્વ જ્યારે નિર્મળ થઈ જાય છે ત્યારે તે સુલભ બોધિવાળો બની જાય છે અને દુર્લભ બોધિકતાને દૂર કરી દે છે ॥૫૭॥

કાય સમાધારણ કે ફલ કા વર્ણન

વચન સમાધારણા પછી કાય સમાધારણા થાય છે આ માટે અઠ્ઠાવનમા બોલમાં કાયસમાધારણાને કહે છે—" कायसमाहारणयाए " ઈત્યાદિ.

અન્વયાર્થ—भंते कायसमाहारणतयाए णं जीवे किं जणेइ-भदन्त कायसमाधारणपया खलु जीवः किं जनयति હે ભગવાન ! સંયમના આરાધનામાં શરીરના સમ્યક્ વ્યાપારરૂપ કાયસમાધારણાથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર-कायसमाहारणाए णं चरित्तपज्जवे विसोहेइ-कायसमाधारणतया खलु चारित्रपर्यवान् विशोधयति કાયસમાધારણાથી જીવ ક્ષાયોપશમિક આદિ ચારિત્ર ભેદોને નિર્મળ

કરે છે. ઉન્માર્ગ પ્રવૃત્તિથી અતિચારરૂપ કલુષતા ક્ષાયોપશમિક ચારિત્રમાં આવી જાય છે તે કાયસમાધારણા દ્વારા દૂર થઈ જાય છે. એથી ચારિત્ર નિર્મળ બની જાય છે, આ પ્રમાણે चरित्तवज्जवे विसोहित्ता–चारित्रपर्यवान् विशोध्य ક્ષાયોપશમિક ચારિત્ર ભેદોને નિર્મળ કરીને अहक्खायचरित्तं विसोहेइ–यथाख्यात-चारित्रं विशोधयति યથાખ્યાત ચારિત્રને નિર્મળ કરે છે, અર્થાત્—આ યથાખ્યાત ચારિત્ર કદાચિત આત્મામાં પહેલાં પણ વિદ્યમાન હોય છે–કેમ કે, અસતનો ઉત્પાદ નથી થતો. આવો સિદ્ધાંત છે. પરંતુ તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી દબાઇ ગયેલ હોય અને ક્ષાયોપશમિક ચારિત્રના નિર્મળ થવા પછી ચારિત્ર મોહની નિર્જરા કરીને એ જીવ એને નિર્મળ કરે છે. अहक्खायचरित्तं विसोहित्ता चत्तारि केवलिकम्मंसे खवेइ–यथाख्यातचारित्रं विशोध्य चत्वारि केवलिसत्कर्माणि ક્ષપયતિ જ્યારે યથાખ્યાત ચારિત્ર નિર્મળ થઈ જાય છે, ત્યારે કેવળી અવસ્થામાં વિદ્યમાન ભવોપગ્રાહી વેદનીય, આયુ નામ અને ગોત્ર એ ચાર કર્મોને નષ્ટ કરી દે છે. तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुःखाणमंतं करेइ–ततः पश्चात् सिध्यति बुध्यते मुच्यते परिनिर्वाति सर्वदुःखानामन्तं करोति આ પછી સિદ્ધ બની જાય છે. બુદ્ધ થાય છે. મુક્ત થઇ જાય છે, અને શીતીભૂત બની જાય છે. આ પ્રમાણે એ જીવ અવ્યાબાધ સુખને ભોગવનાર બની જાય છે. ॥ ૫૮ ॥

આ પ્રમાણે ત્રણ પ્રકારની સમાધારણાથી જ્ઞાનાદિ ત્રણની શુદ્ધિ કહેવામાં આવેલ છે.

જ્ઞાનસંપન્નતા કે ફલ કા વર્ણન

હવે ઓગણસાઇઠમા બોલમાં જ્ઞાનાદિક ત્રયનું ફળ કહેતાં પ્રથમ જ્ઞાનનું ફળ કહે છે—" नाणसंपन्नयाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते नाणसंपन्नयाए णं जीवे किं जणेइ–भदन्त ज्ञानसंपन्नतया खलु जीवः किं जनयति હે ભગવાન ! શ્રુત જ્ઞાનરૂપ જ્ઞાનસંપન્નતાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તર-नाणसंपन्नेणं जीवे सव्वभावाहिगमं जणेइ–ज्ञानसंपन्नतया खलु जीवः सर्वभावाभिगमं जनयति જ્ઞાનસંપન્નતાથી જીવ એવા જ્ઞાનને પ્રાપ્ત કરી લ્યે છે કે, જેનાથી તેને જીવ આદિ પદાર્થોનો બોધ થઇ જાય છે. नाणसंपन्नेणं जीवे चउरन्ते संसारकंतारे न विणस्सइ–ज्ञानसम्पन्नः खलु जीवः चतुरन्तसंसार-कान्तारे न विनश्यति આ પ્રકારે જીવ અજીવના બોધથી સંપન્ન બનેલ જીવ આ ચર્તુગતિ રૂપ સંસારઅટવીમાં નષ્ટ બનતો નથી, जहासुई ससुत्ता पडियावि न विणस्सइ–यथा ससूत्रा सूचि पतिता अपि न विनश्यति જે રીતે દોરા સાથેની સોય કચરા આદિમાં પડી જવા છતાં પણ ખોવાઈ

જતી નથી જોવાથી મળી આવે છે. તહા જીવે સસુત્તે સંસારે ન વિણસ્સઇ તથા જીવઃ સસૂત્રઃ સંસારે ન વિનશ્યતિ એજ પ્રમાણે શ્રુતજ્ઞાન સંપન્ન જીવ સંસારમાં નષ્ટ નથી બનતી પરંતુ નાણવિણયતવચરિત્તજોગે સંપાઉણઇ–જ્ઞાન વિનયતપશ્ચરિત્રયોગાન્ સંપ્રાપ્નોતિ જ્ઞાન, વિનય, તપ તથા ચરિત્ર યોગોને પ્રાપ્ત કરે છે અહીં જ્ઞાન શબ્દથી અવધ્યાદિ જ્ઞાન, વિનય શબ્દથી શુશ્રૂષા આદિ તપ શબ્દથી અનશન આદિ, તથા ચારિત્ર યોગ શબ્દથી ચારિત્ર પ્રધાન વ્યાપાર ગૃહિત થયેલ છે, તથા જ્ઞાનસંપન્નતાથી જીવ સસમય પરસમયં વિસારએ ય અસંઘાયણિજ્જે ભવઇ–સ્વસમયપરસમયવિશારદશ્ચાસંઘાતનીયઃ ભવતિઃ સ્વસિદ્ધાંતના જાણનાર અને પરસિદ્ધાંતને જાણનાર બની જાય છે. આથી તેનો પ્રતિવાદી દ્વારા પરાભવ થવા પામતો નથી. ॥ ૫૯ ॥

દર્શન સંપન્નતા કે ફલ કા વર્ણન

જ્ઞાન સંપન્નતા પછી હવે સાઠમા બોલમાં દર્શન સંપન્નતાને કહેવામાં આવે છે–" દંસણસંપન્નયાએ" ઇત્યાદિ ।

અન્વયાર્થ—ભંતે દંસણસંપન્નયાએ ણં જીવે કિં જણેઇ–ભદન્ત ! દર્શનસંપન્નતયા જીવઃ કિં જનયતિ હે ભગવાન ! ક્ષાયોપશમિક સમ્યકત્વરૂપ દર્શનથી યુક્ત થવાથી જીવ કયા ગુણને પ્રાપ્ત કરે છે ? ઉત્તર–દંસણસંપન્નયાએ ભવમિચ્છત્તછેયણં કરેઇ – દર્શનસમ્પન્નતયા ભવમિથ્યાત્વછેદનં કરોતિ ક્ષાયોપશમિક સમ્યકત્વરૂપ દર્શનથી યુક્ત થવાથી જીવ ભવના હેતુભૂત મિથ્યાત્વનું છેદન કરે છે. અર્થાત ક્ષાયિક સમ્યકત્વને પ્રાપ્ત કરી લ્યે છે. પરં ન વિજ્ઝાયઇ–પરં ન વિધ્યાપયતિ આ પછી ઉત્કૃષ્ટતાથી એજ ભવમાં તથા મધ્યમ અને જઘન્યથી અપેક્ષા ત્રીજા અથવા ચોથા ભવમાં ઉત્તર શ્રેણીના આરોહણથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી

જ્ઞાન અને દર્શનના પ્રભાવથી આવરણથી પર બની જાય છે. परं अविज्झाएमाणे अणुत्तरेणं नाणदंसणेणं अप्पाणं संजोएमाणे सम्मं भावेमाणे विहरइ-परं अविध्यायन् अनुत्तरेण ज्ञानेन दर्शनेन आत्मानं संयोजयन् सम्यक् भावयन् विहरति અથવા સર્વોત્કૃષ્ટ ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક સમ્યકત્વથી પોતાના આત્માને યુક્ત કરીને ભવસ્થ કેવળી બનીને વિચરે છે.

ભાવાર્થ—જીવ જ્યારે ક્ષાયોપશમિક સમ્યકત્વ વિશિષ્ટ બની જાય છે ત્યારે તે ભવબંધનના હેતુભૂત મિથ્યાત્વનો નાશ કરીને ક્ષાયિક સમ્યકત્વી બની જાય છે. ક્ષાયિક સમ્યકત્વ ધારી બનીને કાં તો તે એજ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લ્યે છે. કદાચ ન કરી શકે તો મધ્યમ જઘન્યની અપેક્ષા ત્રીજા અથવા ચોથા ભવમાં ક્ષાયિક શ્રેણી ઉપર ચડીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લ્યે છે. ત્રીજા અથવા ચોથા ભવમાં તેના જ્ઞાન દર્શનને આવરણ કરવાવાળા જ્ઞાનાવરણી અને દર્શનાવરણી કર્મ રહેતાં નથી અર્થાત એ ભવોમાં તેને દર્શન અથવા જ્ઞાનનું આવરણ રહેતું નથી. આ પ્રમાણે એ સર્વોત્કૃષ્ટ ક્ષાયિકસમ્યકત્વ

ચારિત્ર સંપન્નતા કે ફલ કા વર્ણન

અને જ્ઞાનથી પોતાના આત્માને ભવિત કરીને મધ્યસ્થ કેવળી બનીને વિચરે છે.

દર્શન સંપન્નતા પછી હવે એકસડમા બોલમાં ચારિત્ર સંપન્નતાને કહે છે-" चरित्तसंपन्नयाए " ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते चरित्तसंपन्नायाए णं णीवे किं जणेइ-भदन्त चारित्रसम्पन्नतया खलु जीवः किं जनयति હે ભગવાન! ચારિત્ર સંયમથી સંપન્ન થયેલ જીવ કેવા ગુણને પ્રાપ્ત કરે છે? ઉત્તર-चरित्त संपन्नयाएणं सेलेसीभावं जणेइ-चरित्रसम्पन्नतया शैलेशीभावं जनयति ચારિત્રથી સંપન્ન થવાથી સંયમના આરાધના કરવાવાળો જીવ શૈલેશી ભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત-શૈલો પર્વતોનો સ્વામી સુમેરુ પર્વત કે, જે અત્યંત સ્થિર હોય છે. એજ પ્રમાણે મન, વચન, અને કાયા, આ ત્રણ યોગના નિરોધથી મુનિ પણ અચલ બની જાય છે. આ અચલતાનું નામ જ શૈલેશી ભાવ છે. सेलेसी पडिपन्ने य अणगारे चत्तारि केवलकम्मांसे खवेइ-शैलेशीप्रतिपन्नश्च अनगारः चत्वारि केवली सत्कर्माणि क्षपयति શૈલેશી ભાવને પ્રાપ્ત કરનાર મુનિ ચાર સત્કર્મોને-વિદ્યમાન વેદનીય આયુ, નામ અને ગોત્ર આ ચાર અઘાતિયા કર્મોને નષ્ટ કરે છે. तओपच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुःखाणमंतं करेइ-ततःपश्चात् सिध्यति बुध्यते मुच्यते परिनिर्वाति सर्वदुःखानामंतं करोति આ રીતે જ્યારે ચાર અઘાતિક કર્મ નષ્ટ થઈ જાય છે ત્યારે જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત આદિ બની જાય છે. ॥૬૧॥

ઈન્દ્રિયોના નિગ્રહથી જ ચારિત્ર થાય છે. આ માટે હવે બાસઠમા બોલમાં ઈન્દ્રિયોના નિગ્રહને કહેતાં સૂત્રકાર સહુ પ્રથમ શ્રોત્રેન્દ્રિયના નિગ્રહને કહે છે—

" सोइंदियनिग्गहेणं " ઈત્યાદિ ।

અન્વયાર્થ—भंते सोइंदियनिग्गहेणं जीवे किं जणेइ-भदन्त श्रोत्रेन्द्रियनिग्रहेण जीवः किं जनयति હે ભગવાન ! શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર–सोइंदियनिग्गहेणं मणुण्णामणुण्णेसु सद्देसु रागदोसनिग्गहं जणेइ-श्रोत्रेन्द्रनिग्रहेणं मनोज्ञामनोज्ञेषु शब्देषु रागद्वेषनिग्रहं जनयति શ્રોત્ર ઈન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દના વિષયમાં રાગ અને દ્વેષનો પરિ. ત્યાગ કરે છે. આ કારણે तप्पच्चइयं च कम्मं न बंधइ–तत्प्रत्ययिकं कर्म न बध्नाति રાગદ્વેષ નિમિત્તક કર્મનો બંધ ફરી થતો નથી તથા पुव्ववद्धं च निज्जरेइ-पूर्वबद्धं च निर्जरयति પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

ભાવાર્થ—શ્રોત્ર ઈન્દ્રિયોનો વિષય શબ્દ છે. શબ્દ મનોજ્ઞ અને અમનોજ્ઞના ભેદથી બે પ્રકારના હોય છે. જે રુચિકર હોય તે મનોજ્ઞ અને રુચિકર ન હોય તે અમનોજ્ઞ શબ્દરૂપ પોતાના વિષય તરફ દોડનાર શ્રોત્રને એ તરફ દૂર કરવાને શ્રોત્ર ઈન્દ્રિય નિગ્રહ કહેવામાં આવે છે. આનાથી જીવને એ લાભ થાય છે કે, તે મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દોને સાંભળીને પણ એમાં રાગ અને દ્વેષ કરતો નથી. આ કારણે રાગદ્વેષના અભાવથી એ નિમિત્ત કર્મોને જે બંધ જીવને થતો હોય છે તે રોકાઈ જાય છે અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે. ॥ ૬૨ ॥

ચક્ષુરિન્દ્રિય નિગ્રહ કે ફલ કા વર્ણન

હવે ત્રેસઠમા બોલમાં ચક્ષુરિન્દ્રિયના નિગ્રહને કહે છે—"चक्खिंदिय" ઇત્યાદિ

અન્વયાર્થ—ભંતે चक्खिंदियनिग्गहेणं जीवे किं जणेइ-भदन्त चक्षुरिन्द्रिय-निग्रहेण जीवः किं जनयति હે ભગવાન! ચક્ષુ ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવને શું લાભ થાય છે? ઉત્તર-चक्खिंदियनिग्गहेणं मणुण्णामणुन्नेसु रूवेसु-चक्षुरिन्द्रियनिग्रहेण मनोज्ञामनोज्ञरूपेषु ચક્ષુ ઇન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપોમાં रागदोसनिग्गहं जणेइ-रागद्वेषनिग्रहं जनयति રાગદ્વેષ કરવાનું છોડી દે છે. तप्पच्चइयं कम्मं न बंधइ पूव्वबद्धं च निज्जरेइ-तत्प्रत्ययिकं कर्म न बध्नाति पूर्वबद्धं च निर्जरयति રાગદ્વેષના પરિત્યાગથી રાગદ્વેષ નિમિત્તક કર્મોનો બંધ થતો નથી. અને આથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે. ॥૬૩॥

ઘ્રાણેન્દ્રિય નિગ્રહ કા વર્ણન

હવે ચોસઠમા બોલમાં ઘ્રાણેન્દ્રિયના નિગ્રહને કહે છે—"घाणिंदिय" ઇત્યાદિ

આ બોલની વ્યાખ્યા અગાઉની માફક જાણવી જોઈએ ॥ ૬૪ ॥

"जिब्भिंदिय" ઇત્યાદિ.

અહિં પણ જીભ્હા ઇન્દ્રિયની પ્રશ્નોત્તરના રૂપમાં વ્યાખ્યા અગાઉની માફક સમજી લેવી જોઇએ. ॥ ૬૫ ॥

"फासिंदिय" ઇત્યાદિ.

સ્પર્શેન્દ્રિય નિગ્રહ કે ફલ કા વર્ણન

સ્પર્શેન્દ્રિય નિગ્રહની વ્યાખ્યા પહેલાં જેવી જ જાણી લેવી. ॥ ૬૬ ॥

જિહ્વેન્દ્રિય નિગ્રહ કે ફલ કા વર્ણન

આ ઈન્દ્રિય નિગ્રહ ક્રોધાદિ કષાયના વિજયથીજ થાય છે. આ માટે સડસઠમાં બોલમાં ક્રોધાદિ વિજયનું ફળ કહેવાને પ્રથમ ક્રોધ વિજયનું ફળ કહે છે—

" कोहविजएणं " ઈત્યાદિ.

અન્વયાર્થ—भंते कोहविजएणं जीवे किं जणेइ-भदन्त क्रोधविजयेन जीवः किं जनयति હે ભગવાન ! ક્રોધ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર–कोहविजएणं खंतिं जणेइ–क्रोधविजयेन क्षान्ति जनयति ક્રોધ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જીવના ચિત્તમાં ક્ષમારૂપ પરિણામ આવી જાય છે. कोहवेयणिज्जं कम्मं न बंधइ-क्रोधवेदनीय कर्म न बध्नाति આથી તે ક્રોધવેદનીય કર્મનો બંધ કરતો નથી. તથા પૂર્વોપાર્જીત કર્મોની નિર્જરા કરે છે.

ભાવાર્થ—ક્રોધ મોહનીયના ઉદયથી, જે જીવને પ્રજ્વલનાત્મક પરિણામ વિશેષ થાય છે તે ક્રોધ છે. ક્રોધથી જીવ કૃત્ય તેમજ અકૃત્યના વિવેકને ભૂલી જાય છે. કારણ કે, એ ક્રોધ એનાં વિવેકનો નાશ કરે છે. આનો અંજામ ખૂબજ ખરાબ આવે છે. આ પ્રકારના વિચારથી જીવ તેના ઉપર વિજય મેળવી લે છે. ક્રોધ ઉપર વિજય મેળવી લેવાથી જીવના ચિત્તમાં શાંતિ પરિણમે છે. આ પરિણામની એ ઓળખાણ છે કે, જીવ તેના સદ્‌ભાવમાં શક્તિશાળી અથવા તો અશક્ત એવી વ્યકિતની અયોગ્ય ભાષા આદિને હસતાં હસતાં કોઈ પ્રકારની મનમાં વિકૃતિ આવવા ન દેતાં સહન કરી લ્યે છે. તથા એને ક્રોધના ઉદયથી બંધાતા મોહનીય કર્મનો બંધ થતો નથી. અને પૂર્વમાં કર્મની નિર્જરા થાય છે. ॥ ૬૭ ॥

માનવિજય કે ફલ કા વર્ણન

હવે અડસઠમાં બોલમાં માન વિજયનું ફળ કહે છે–"माणविजएणं" ઈત્યાદિ ।

અન્વયાર્થ—भंते माणविजएणं जीवे किं जणेइ–भदन्त मानविजयेन जीवः किं जनयति હે ભગવાન ! માનવિજય કરવાથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે ? ઉત્તર–माणविजएणं मद्दवं जणेइ–मानविजयेन मार्दवं जनयति માન વિજયથી જીવ મૃદુતા ગુણને પ્રાપ્ત થાય છે. તથા તેને માનના ઉદયથી બંધાનારા કર્મોનો બંધ થતો નથી. અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે.

ભાવાર્થ—માન નામ અહંકારનું છે. આ એક જબ્બર કષાય છે. આ માન કષાય વિશેષનો નિગ્રહ કરવાથી જીવનું પરિણામ કોમળ બની જાય છે. આથી તેને એ લાભ થાય છે કે, તેના ઉદયથી બંધાનાર મોહનીય કર્મ વિશેષનો બંધ થતો નથી. તથા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરાજ કરે છે. ॥ ૬૮ ॥

માયાવિજય ઔર લોભવિજય કે ફલ કા વર્ણન

હવે અગ્ન્યોતેરમા બોલમાં માયા વિજયને કહે છે–"माया विजएणं" ઇત્યાદિ । આનો અર્થ સુગમ છે ॥ ૬૯ ॥
હવે સીત્તેરમાં બોલમાં લોભ વિજયને કહે છે–"लोभ विजएणं" ઇત્યાદિ। આ બોલનો અર્થ પણ સુગમ છે. ॥૭૦॥

પ્રેમ-દ્વેષ-મિથ્યાદર્શન વિજય કે ફલ કા વર્ણન

ક્રોધાદિક કષાયોનો વિજય રાગ દ્વેષ અને મિથ્યાદર્શનનો વિજય કર્યા વગર થઈ શકતો નથી, આથી હવે બોંતેરમાં બોલમાં એમના વિજયના વિષયમાં કહે છે–" पेज्जदोस " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भंते पेज्जदोसमिच्छादंसण विजएणं जीवे किं जणेइ-भदन्त प्रेमद्वेषमिथ्यादर्शनविजयेन जीवः किं जनयति હે ભગવાન ! પ્રેમ, રાગ અને દ્વેષ તથા મિથ્યાદર્શનથી જીવને શું લાભ થાય છે ? ઉત્તર–पेज्जदोसमिच्छादंसणविजएणं नाणदंसणचरित्ताराहणयाए अब्भुट्ठेइ – प्रेमद्वेषमिथ्यादर्शनविजयेन ज्ञानदर्शनचारित्राराधानायै अभ्युत्तिष्ठते પ્રેમ, દ્વેષ, અને મિથ્યાદર્શન ઉપર વિજય પ્રાપ્ત કરી લેવાથી જીવ જ્ઞાન દર્શન અને ચારિત્રની આરાધના કરવામાં સાવધાન બની જાય છે अट्ठविहस्स कम्मस्स कम्मगंठि विमोयणयाए–अष्टविधस्य कर्मणः कर्मग्रन्थिविमोचनायैः જ્ઞાન દર્શન. તથા ચારિત્રની આરાધના કરવામાં સાવધાન બની રહેલ જીવ અષ્ટવિધ કર્મોની વચમાં જે ઘાતિયા કર્મોરૂપી ગાંઠે છે એનો સહુથી પ્રથમ ક્ષય કરે છે. એનો આ ક્રમ પ્રમાણે છે–तप्पढमयाए जहाणुपुव्वीए अट्ठवीसइविहं मोहणिज्जं उग्घाएइ–तत्प्रथमतया यथानुपूर्वि अष्टविंशतिविधं मोहनीयं कर्म उद्घातयति સહુથી પહેલા અઠ્યાવીસ (૨૮) પ્રકારનાં મોહનીય કર્મોને અર્થાત સોળ કષાય, નવનો કષાય, તથા દર્શન મોહનીય ત્રણ મળીને અઠ્યાવીસનો ક્ષપક શ્રેણી ઉપર આરોહણ કરીને ક્ષય કરે છે. આ સઘળાને ક્ષય કરવાનો કાળ સર્વત્ર અંતર્મુહૂર્ત જ છે. આ અંતર્મુહૂર્તના

અસંખ્ય ભેદ છે. આ માટે, ચરમ સમયમાં મોહનીય કર્મને ક્ષપિત કરીને અન્તર્મુહૂર્ત સુધી યથાખ્યાત ચારિત્રને અનુભવ કરતાં કરતાં છદ્મસ્થ વીતરાગ-દ્વિચરમ સમયોમાંથી પ્રથમ સમયમાં નિદ્રા-પ્રચલા તથા નામ કર્મની પ્રકૃતિ, દેવગતિ આદિનો ક્ષય કરે છે. બીજો પણ જેનો ક્ષય કરે છે એનો ક્રમ આ પ્રમાણે છે

પંચવિહં નાણાવરણિજ્જં નવવિહં દંસણાવરણિજ્જં પંચવિહં અંતરાઇયં એએ તિન્નિ વિ કમ્મંસે જુગવં ખવેઇ-પઞ્ચવિધં જ્ઞાનાવરણીયં નવવિધં દર્શનારણીયં પંઞ્ચવિધં આન્તરાયિકમ્, એતાનિ ત્રીણ્યપિ સત્કર્માણિ યુગપત્ ક્ષપયતિ-મતિજ્ઞાનાવરણીય, શ્રુત જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યય જ્ઞાનાવરણીય અને કેવળ જ્ઞાનાવરણીય આ પ્રમાણે પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મની, પછીથી ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવળ દર્શનાવરણીય, નિદ્રા નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, આ નવ પ્રકારના દર્શનાવરણીય કર્મનો, આના પછી દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, એવા પાંચ પ્રકારના અંતરાય કર્મનો આ ત્રણે વિદ્યમાન કર્મોનો એકજ કાળમાં ક્ષય કરે છે. તઓ પચ્છા અણુત્તરં કસિણં પડિપુણ્ણં નિરાવરણં વિતિમિરં વિશુદ્ધં લોગાલોગપ્પભાવં કેવલવરનાણદંસણં સમુપ્પાડેહ-ततः पश्चात् अनुत्तं अनन्तं कृत्स्नं प्रतिपूर्णं निरावरणं वितिमिरं विशु लोकालोकप्रभावकं केवलवरज्ञानदर्शनं समुत्पादयति જ્યારે આ સઘળા જ્ઞાનાવરણીયાદિક કર્મ પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી એ જીવ અનુત્તર સઘળામાં પ્રધાન-અનંત અર્થોના બોધક, સઘળી વસ્તુ પર્યાયના ગ્રાહક, સઘળા સ્વપર પર્યાયોથી રહિત, નિરાવરણ, અજ્ઞાન અંશથી રહિત, વિશુદ્ધ તથા લોક અને અલોકના પ્રકાશક, એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરી લે છે. અર્થાત તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત કરી લ્યે છે.

જાવ સયોગી ભવઇ તાવ ઇરિયાવહિયં કમ્મં નિબંધઇ-યાવત્સયોગી ભવતિ તાવત્ ઐર્યાપથિકં કર્મ નિબધ્નાતિ જ્યાં સુધી જીવ તેરમા ગુણસ્થાનમાં રહે છે ત્યાં સુધી તે ઈર્યાપથિક કર્મનો બંધ કરે છે. ઈર્યા શબ્દનો અર્થ ગતિ છે. તેનો જે માર્ગ છે તે ઈર્યાપથ છે. આ ઈર્યાપથમાં જે બંધ થાય છે તે ઈર્યાપથિક છે. માર્ગ અહીં ઉપલક્ષણ છે. સ્થિત રહેવા છતાં પણ સયોગીની ઈર્યાની સંભાવના છે. કેમકે સયોગતાવસ્થામાં કેવળીને પણ સૂક્ષ્મ સંચાર થતા રહે છે. સુહફાસિયં દુસમયપઠિઇયં તં પઢમસમએ બદ્ધં વીઇયસમયે વેઇયં તઇયસમયે નિજ્જિણ્ણં તં બદ્ધં પુટ્ઠં ઉદીરયં વેઇયં નિજ્જિણ્ણં સેયાલે અકમ્માય ભવઇ-सुखस्पर्शं द्विसमयस्थितिकं तत् प्रथमसमये बद्धं द्वितीयसमये वेदितं तृतीयसमये निर्जिर्णं एष्यत्काले अकर्मा चापि भवति આ ઈર્યાપથિક કર્મ સુખાકારી સ્પર્શવાળા હોય છે. અર્થાત આત્મપ્રદેશોની સાથે તેનો જે બંધ થાય છે તે દુઃખદાયી હોતા નથી તેની સ્થિતિ બે સમયની હોય છે. વધારે સમયની સ્થિતિ હોતી નથી. કારણકે અધિક સમયની સ્થિતિ કર્મની કષાયના સંબંધથી થાય છે

જે કષાય ત્યાં હોતા નથી. ઈર્યાપથિક કર્મ પ્રથમ સમયમાં જીવ બાંધે છે અને બીજા સમયમાં તેનું વેદન કરે છે. તથા ત્રીજા સમયમાં તેની નિર્જરા કરી દે છે. આ પ્રમાણે આ ઇર્યાપથિક કર્મ કેવળીની સાથે આકાશથી ઘટની માફક બદ્ધ-શ્લિષ્ટ હોય છે. જે પ્રમાણે ચિકણા મણીયોથી નિર્મિત ભીંત ઉપર શુષ્ક ધૂળનો સંપર્ક રહે છે. એજ પ્રમાણે કેવળીની આત્માથી નિકાચિત બંધવાળા હોતા નથી. કેવળી ભગવાન જ્યારે એ ઉદયમાં આવે છે ત્યારે સુખાનુભવન રૂપ ફળથી તેનું વેદન કરે છે. કેવળીયેાને ઉદીરણા બંધ થતો નથી. વેદનના પછી તે નિર્જીણ થઈ જાય છે. આથી કેવળી આગામી કાળમાં આ પ્રમાણે કર્મ રહિત થઈ જાય છે. ॥૭૧॥

શૈલેશીભાવ કે ફલ કા વર્ણન

શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી જીવ કર્મ રહિત બની જાય છે આ માટે હવેઓંતેરમાં બોલમાં શૈલેશી દ્વારને તથા અકર્મતા દ્વારને સૂત્રકાર કહે છે—

" अह आउयं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—કેવળી થઈ ગયા પછી आउयं पालित्ता-आयुष्कं पालयित्वा અન્તમુહૂર્તથી લગાડીને દેશોનકોટી પર્યંત આયુ કર્મને ભોગવી-પાલન કરી अन्तोमुहूत्तद्धावसेसाउए – अन्तमुहूर्ताद्धावशेषायुष्कः જ્યારે અન્તમુહૂર્ત પ્રમાણ કાળવાળું આયુષ્ય અવશિષ્ઠ રહે છે ત્યારે जोगनिरोहं करेमाणे-योगनिरोधं करिष्यमाणः આગળ યેાગેાનો નિરોધ કરવાવાળા એ કેવળી सुहुमकिरियं अप्पडियायं सुक्कज्झाणं-ज्झायमाणे सूक्ष्मक्रियं अप्रतिपाति शुक्लध्यानं ध्यायेत् જેમાં પતન થવાનો સંભવ નથી એવા સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના ત્રીજા શુકલ ધ્યાનને ધરતાં ધરતાં तप्पढमयाए मणयोगं निरुंभइ-तत्प्रथमतया मनोयोगं निरुणद्धि સહુથી પ્રથમ મનોયેાગનો નિરોધ કરે છે-મનોદ્રવ્યની સહાયતાથી જન્મના વ્યાપારનો નિરોધ કરી દે છે. અર્થાત્-જઘન્ય યેાગી પર્યાપ્ત માત્ર સંજ્ઞી જીવને જેટલા મનોદ્રવ્ય તથા એનાથી જન્મતા જેટલા વ્યાપાર હોય છે એનાથી અસંખ્યાત ગુણીત મનોદ્રવ્યેાને તથા તેના વ્યાપરનો પ્રતિ સમય નિરોધ કરતા રહીને અસંખ્યાત સમયેામાં એ સઘળાનો નિરોધ કરી દે છે. આના પછી वइयोगं निरुंभइ-वाग्योगं निरुणद्धि વચનયેાગ જનિત વેપારને રોકે છે ભાષાદ્રવ્યની સહાયતાથી જન્મતા જીવના વ્યાપારનું નામ વાગ્યેાગ છે. તેમાં પર્યાપ્ત માત્ર દ્વિઈન્દ્રિય જીવને જઘન્ય વાગ્યેાગની પર્યાયેાથી

અસંખ્યાત ગુણીત વિહિન જઘન્ય વાગ્યેાગની પર્યાયેાને રેાકતાં રેાકતાં કેવળી અસંખ્યાત સમયેામાં સઘળા વાગ્યેાગનેા નિરેાધ કરી દે છે. કાયજોગં નિરુંભઇ-કાયયોગં નિરુણદ્ધિ આના પછી કાયયેાગનેા નિરેાધ કરે છે. અર્થાત-પ્રથમ સમયમાં ઉત્પન્ન સૂક્ષ્મ પનક જીવના જઘન્યકાય યેાગથી અસંખ્યાત ગુણહિન કાયયેાગને એક એક સમયમાં નિરેાધ કરતાં કરતાં તે કેવળી અસંખ્યાત સમયેામાં દેહના ત્રીભાગને છેાડીને સઘળા કાયયેાગનેા નિરેાધ કરી દે છે. પછીથી આણપાણનિરોહં કરેઇ-અનપાનનિરોધ કરોતિ શ્વાસ અને ઉચ્છ્વાસનેા નિરેાધ કરી દે છે ઇસિ પંચસહસ્સક્ખરુચ્ચારણદ્ધાએ ય णं अणगारे समुच्छिन्न किरिय अनियट्टि सुक्कज्झ णं झियायमाणे वेयणिज्जं आउय नामं गोत्तं च ए ए चत्तारि कम्मंस जुगवं खवेइ-कृत्वा ईषत् पञ्च ह्रस्वाक्षरोच्चाराद्धायां च खलु अनगारः समुच्छिन्नक्रियं अनिवृत्ति शुक्लध्यानं ध्यायन् वेदनीयं आयुष्कं नामगोत्रं चैतानि चत्वार्यपि सत्कर्माणि युगपत् क्षपयति શ્વાસ અને ઉચ્છ્વાસનેા નિરેાધ કરી દે છે. આ પ્રમાણે યેાગ ત્રયનેા અને સ્વાચ્છ ઉસ્વાચ્છનેા નિરેાધ કરીને તે કેવળી અ, ઈ, ઉ, ઋ, લૃ, આ પાંચ હ્રસ્વ અક્ષરેાના મધ્યમ સ્વરથી ઉચ્ચારણ કરવામાં જેટલેા સમય લાગે છે એટલા પ્રમાણ કાળમાં સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામના ચેાથા શુકલધ્યાનને કે, જેમાં મન, વચન, કાયાની કેાઈપણ પ્રકારની સ્થૂળ સૂક્ષ્મ ક્રિયા થતી નથી અને જે અનિવૃત્તિ છે. કર્મક્ષયથી પહેલાં નિવૃત થતા નથી એનું ધ્યાન કરતાં કરતાં સાતાવેદનિય, મનુષ્યાયુ, મનુષ્ય ગતિ આદિ નામકર્મ ઉચ્ચ ગેાત્ર એ ચારેય વિદ્યમાન અઘાતિયા કર્મોનેા યુગપત્ ક્ષય કરિ નાખે છે. ॥૭૨॥

સકલકર્મક્ષય કે ફલ કા વર્ણન

સઘળા કર્મોનેા ક્ષય થવાથી શું થાય છે તે તેાંતેરમા બોલમાં કહે છે —"તઓ" ઇત્યાદિ ।

અન્વયાર્થ—તઓ-ततः વેદનીય આદિ ચાર અઘાતિક કર્મોનેા ક્ષય થઈ જવા પછીથી ઓરાલિય તેય કમ્માઇં-औदारिकतेजस्कार्मणानि ઔદારિક, તેજસ, અને કાર્મણ આ ત્રણ શરીરેાને સવ્વાહિં વિપ્પજહણાહિં-सर्वाभिः विप्रहाणाभिः સઘળા વિશેષ પ્રકારની હાનીયેાથી વિપ્પજ્જહિત્તા-विप्रहाय સર્વથા છેાડીને ઉજ્જુસેઢિપત્તે -ऋजुश्रेणिप्राप्तः સરળ આકાશ પ્રદેશનો પંક્તિરૂપ શ્રેણીને પ્રાપ્ત થયેલ એ કેવળી ભગવાન અફુસમાણગઈ-अस्पृशद्गतिः આકાશના અંતરાળ પ્રદેશેાનેા સ્પર્શ ન કરતાં ઉદ્ઢં-ऊर्ध्वम् ઉર્ધ્વ દિશામાં એગસમએણં-एकसमये એકજ વખતે અવિગ્ગહેણં તત્થગતા-अविग्रहेण तत्र गत्वा એક સમયમાં વક્રતા વગરની ગતિથી,

અર્થાત સરળ ગતિથી, સિદ્ધિ પદમાં જઈને સાગારોવઉત્તે-સાકારોપયુક્તઃ જ્ઞાનોપયોગથી વિશિષ્ઠ થઇને સિજ્ઝઇ-બુજ્ઝઇ-જાવઅંતં કરેઇ-સિધ્યતિ બુધ્યતે યાવદન્તં કરોતિ સિદ્ધ થઇ જાય છે, બુદ્ધ થઈ જાય છે. યાવત્સમસ્ત દુઃખોનો અંત કરી દે છે.

ભાવાર્થ—કેવળી ભગવાન વેદનિય આદિ ચાર અઘાતિયા કર્મોનો ક્ષય થઈ જવા પછી ઔદારિક, તેજસ અને કાર્માણ આ ત્રણ શરીરોનો સર્વથા ક્ષય કરી સરળ અનુશ્રેણી ગતિથી એકજ સમયમાં જ્ઞાનોપયોગ વિશિષ્ટ બનીને સિદ્ધ ગતિમાં બિરાજમાન થઈ જાય છે. સૂત્રમાં "અસ્પૃશદ્ગતિ" એવું જે કહેલ છે તેનું એ તાત્પર્ય છે કે, અંતરાળના પ્રદેશોનો સ્પર્શ કરવાથી દ્વિતિયાદિક સમયોના સદ્ભાવની સંભાવના થઈ જાય છે. આ પ્રમાણે એક સમયમાં સિદ્ધિગતિ જે પ્રાપ્ત થાય છે તે એક સમયમાં પ્રાપ્ત ન થતાં દ્વિતિયાદિક સમયોમાં જ પ્રાપ્ત થાય એવું માનવામાં આવે. પરંતુ એવો સિદ્ધાંત નથી. સિદ્ધાંત તો એક સમયમાં જ પ્રાપ્ત થવાનો છે. કેમકે, આયુષ્યના આદિ કર્મોના ક્ષયનો જે સમય છે તેજ નિર્વાણ પ્રાપ્તિનો સમય છે. આ કારણે અંતકાળમાં સમયાન્તરનો અભાવ હોવાથી અન્તરાલસ્થ પ્રદેશોના અસ્પર્શનનું કહેવામાં આવેલ છે. તથા આનો બીજો પણ જે સૂક્ષ્મ અર્થ હોય તે કેવળી જ્ઞાન ગમ્ય જ છે. ॥૭૩॥

अध्ययन का उपसंहार और अध्ययन समाप्ति

હવે અધ્યયનના અર્થનો ઉપસંહાર કરતાં શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે—"एस खलु" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે જમ્બૂ! એસો-એષઃ આ અનન્તરોક્ત सम्मत्त परक्कम्मस्स अज्झयणस्स अट्ठे-सम्यक्त्वपराक्रमस्य अध्ययनस्य अर्थः સમ્યકત્વ પરાક્રમ નામના અધ્યયનનો અર્થ समणेणं भगवया महावीरेणं-श्रमणेन भगवता महावीरेण સ્વયં શ્રમણ ભગવાન મહાવીરે आघविए-आख्यातः સામાન્ય કથનથી કહેલ છે. पाणविए-प्रज्ञापितः હેતુ દૃષ્ટાંત પ્રજ્ઞાપનરૂપ વિશેષ કથનથી સમજાવેલ છે. परूविए-प्ररूपितः એ એ અર્થના સ્વરૂપને નિરૂપણથી નિરૂપિત કરેલ છે. निदंसणिए-निदर्शितः દૃષ્ટાન્તના ઉપદર્શનથી શિષ્યોના હૃદયમાં સ્થાપિત કરેલ છે. उवदंसिए-उपदर्शितः તથા પૂર્વોકત અર્થનો ઉપસંહાર કરીને દેખાડેલ છે એવું હું કહું છું. અર્થાત્ જેવો ભગવાને આ અધ્યયનનો અર્થ કહેલ છે એવો જ મેં તમને કહેલ છે. પોતાની કલ્પનાથી કરીને કહેલ નથી. ॥ ૭૪ ॥

આ ઉત્તરાધ્યયન સૂત્રના સમ્યકત્વ પરાક્રમ નામનું ઓગણત્રીશમું અધ્યયન સંપૂર્ણ થયું. ॥૨૯॥

तीसवें अध्ययन का प्रारंभ

ત્રીસમા અધ્યયનનો પ્રારંભ

સમ્યકત્વ પરાક્રમ નામનું ઓગણત્રીસમું અધ્યયન પુરૂં થયું છે, હવે આ તપોમાર્ગ ગતિ નામનું ત્રીસમું અધ્યયન શરૂ થાય છે. આ અધ્યયનનો ઓગણત્રીસમા અધ્યયન સાથેનો સંબંધ આ પ્રકારનો છે.–અઠ્ઠાવીસમા અધ્યયનમાં તપ મોક્ષનો માર્ગ છે એ બતાવવામાં આવેલ છે. ઓગણત્રીસમા અધ્યયનમાં અકર્મતા કહેવામાં આવેલ છે. પરંતુ આ અકર્મતા–તપનું આરાધન કર્યા વિના થતી નથી. આ માટે પહેલાં કહેવામાં આવેલા બે અધ્યયનોના અર્થની પ્રતિપત્તિ પછી ભેદ પ્રભેદ સહિત તપના સ્વરૂપને તથા એના ફળને પામવાની ગતિનું વર્ણન કરવા માટે આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવેલ છે. એની આ પ્રથમ ગાથા છે.—"जहाउ" ઈત્યાદિ!

तप के स्वरूप और उनके फल पानेवालों की गति का वर्णन

અન્વયાર્થ—જમ્બૂ સ્વામીને સમજાવતાં સુધર્મા સ્વામી કહે છે કે, હે જમ્બૂ! भिक्खू–भिक्षुः मुनि रागदोससमज्जियं-रागद्वेषसमर्जितम् રાગ અને દ્વેષથી ઉપાર્જીત पावगं कम्मं –पापकं कर्म જ્ઞાનાવરણીયાદિક કર્મોનો जहा–यथा જે રીતે તપથી ક્ષય કરે છે એ તપને તમે એકાગ્ર મન થઈને સાંભળો ॥ ૧ ॥

કર્મોનો ક્ષય કરતી વખતે જીવને સર્વ પ્રથમ અનાસ્રવતા ઉપાદેય છે. આથી એની પ્રાપ્તિના હેતુને સૂત્રકાર કહે છે.—"पाणिवह" ઈત્યાદિ.

અન્વયાર્થ—पाणिवहमुसावाया अदत्त मेहुण परिग्गहाविरओ–प्राणिवध मृषावादा अदत्तमैथुनपरिग्रहात् विरतः પ્રાણિવધથી વિરત, મૃષાવાદથી વિરત અદત્તાદાનથી વિરત મૈથુનથી વિરત, અને પરિગ્રહથી વિરત, राईभोयणविरओ–रात्रिभोजनविरतः રાત્રિભોજનથી વિરત, जीवो–जीवः જીવ આંગતુક જ્ઞાનાવરણીય આદિ કર્મોનું ઉપાર્જન કરતો નથી. અર્થાત્–હિંસા, જુઠ, ચોરી, આદિ પાંચ પાપોથી વિરત જીવ નવીન કર્મોનો બંધ કરતો નથી. ॥ ૨ ॥

"पंच समिओ" ઈત્યાદિ!

અન્વયાર્થ—पंचसमिओ तिगुत्तो–पंचसमितः त्रिगुप्तः પાંચ પ્રકારની સમિતિયોથી યુક્ત મનોગુપ્તિ, અને કાયગુપ્તિ, આ ત્રણ ગુપ્તિયોથી સમન્વિત अकसायो जिइंदियो–अकषायः जितेन्द्रियः ક્રોધાદિક ચાર કષાયોથી રહિત તથા પાંચે ઇન્દ્રિયોના નિગ્રહી, अगारवो–अगौरवः ઋદ્ધિરસ સાત ગૌરવથી વર્જીત

અને નિસ્સલ્લો-નિઃશલ્યઃ માયા, મિથ્યા અને નિદાન આ ત્રણ શલ્યોથી રહિત જીવો-જીવઃ જીવ અણાસવોહોઇ-અનાસ્રવઃ ભવતિ જ્ઞાનાવરણીય આદિ કર્મબંધના કારણભૂત પ્રાણાતિપાત આદિથી રહિત હોય છે. ॥ ૩ ॥

કર્મ ખપાવવાના પ્રકાર કા દૃષ્ટાંતપૂર્વક વર્ણન

હવે કર્મ ખપાવવાના પ્રકારને દૃષ્ટાંત પૂર્વક કહેવાની વિવક્ષાથી શ્રી સુધર્માસ્વામી કહે છે—"ए ए सिं" ઇત્યાદિ।

અન્વયાર્થ—હે જમ્બૂ! ए एसिंतु विवज्जासे रागदोससमज्जियं तं जहा खवेइ तं मे एगमणा सुण-एतेषां तु विपर्यासे रागद्वेषसमर्जितं सत् यथा क्षपयति तन्मे एकमनाः शृणु અનાસ્રવના કારણભૂત પ્રાણાતિપાતાદિક વિરમણ તથા સમિતિ આદિકોની વિપરીતતા થવાથી રાગદ્વેષ દ્વારા જે કર્મ ઉપાર્જિત થાય છે એ કર્મોને સંયમી જન જે પ્રકારથી ખપાવે છે. એ પ્રકારને હું કહું છું તો એને તમો એકાગ્રમન થઇને સાંભળો.॥૪॥

હવે પ્રથમ દૃષ્ટાંત કહે છે—"जहा" ઇત્યાદિ!

અન્વયાર્થ—जहा-यथा જેમ महातलयस्स जलागमे संनिरुध्धे उत्सिंचणाए तवणाए कमेणं सोसणा भवे-महातडागस्य जलागमे निरुद्धउत्सेचनेन तपनेन क्रमेण शोषणा भवति પાણીથી ભરપૂર એવા મોટા તળાવના જળનું આગમન રોકી દેવામાં આવે અને તેમાં ભરેલું પાણી અરઘટ્ટ રેંટ આદિ દ્વારા બહાર કઢાઈ જાય અથવાતો સૂર્યની ગરમીથી સંતપ્ત થતું રહેવાથી ક્રમશઃ તેનું શોષણ થઈ જાય છે. ॥ ૫ ॥

તપ કે ભેદપ્રભેદોં કા વર્ણન

"एवं तु" ઇત્યાદિ.

અન્વયાર્થ--एवं-एवम् આજ પ્રમાણે પ્રાણાતિપાત વિરમણ આદિ દ્વારા संजयस्सावि-संयतस्यापि સંયતમુનિનાં પણ નવીન पावकम्मनिरासवे-पापकर्मनिरास्रवे જ્ઞાનાવરણીય આદિ પાપ કર્મોના અનાસ્રવ થવાથી भवकोडीसंचियं कम्मं-भवकोटिसंचितं कर्म કરોડો ભવમાં રાગદ્વેષ આદિ કારણો દ્વારા સંચિત કર્મ तवसा णिज्जरिज्जई-तपसा नीर्जीर्यते તપથી નષ્ટ થઇ જાય છે. ॥ ૬ ॥

પહેલાં "તપથી નિર્જરા થાય છે" તે કહ્યું, હવે તપના ભેદ પ્રભેદોને

કહે છે.--"सो तवो" ઈત્યાદિ.

અન્વયાર્થ--सो तवो दुविहो वुत्तो बाहिरब्भितरो तहा-तत् तपः द्विविधं उक्तं बाह्यम् आभ्यन्तरं तथा એ તપ બે પ્રકારનાં કહેલ છે. એક બાહ્ય અને બીજું આભ્યંતર बाहिरो छव्विहो वुत्तो एवमब्भितरो तवो-बाह्यं षड्विधं उक्तं एवं आभ्यंतरं तपः બાહ્ય તપ છ પ્રકારનાં તથા આભ્યંતર તપ પણ છ પ્રકારનાં છે. તાત્પર્ય એ છે કે, બાહ્ય શરીરના પરિશોષણ દ્વારા કર્મોના ક્ષયનો હેતુ બાહ્યતપ તથા ચિત્ત નિરોધની પ્રધાનતાદ્વારા કર્મોના ક્ષયનો હેતુ આભ્યંતર તપ માનવામાં આવેલ છે.

હવે છ પ્રકારના બાહ્ય તપને કહે છે--"अणसण" ઈત્યાદિ!

અન્વયાર્થ--अणसणं-अनशनम् એક અપવાસથી લગાડીને છ મહિના પર્યંત ત્રિવિધ કે ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરવો આનું નામ અનશન છે ऊणोयरिया-ऊनोदरिका ભૂખથી ઓછું ભોજન કરવું એનું નામ ઉનોદરિકા છે भिक्खायरिया-भिक्षाचर्या निर्जरानुं कारण होवाथी भिक्षाचर्या अनशननी माफक तप छे, भिक्षाना निमित्ते पर्यटन करवुं आनुं नाम भिक्षाचर्या छे. रसपरिच्चाओ-रसपरित्यागः આહારમાં દૂધ આદિ વિકૃતિનો પરિત્યાગ કરવો આનું નામ રસપરિત્યાગ છે. कायकिलेसो-कायक्लेशः લોચ આદિથી શરીરને કલેશીત કરવું આનું નામ કાયકલેશ છે. संलीणया-संलीनता શરીર અને ઇન્દ્રિયોનું સંગોપન કરવું એનું નામ સંલીનતા છે. ॥ ૮ ॥

"इत्तरिय" ઈત્યાદિ!

અન્વયાર્થ--अणसणा दुविहा भवे-अनशनं द्विविधं भवेत् અનશન તપ બે પ્રકારનું હોય છે. इत्तरियं-इत्वरिकम् અમુક નક્કી કરેલા સમય સુધી ત્રિવિધ, અથવા ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરી દેવાય છે એનું નામ ઇત્વરિક અનશન તપ છે. તથા मरणकालाय-मरणकालम् મરણકાળ પર્યંત ત્રિવિધ અથવા ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરવો આનું નામ જાવ જીવ અનશન તપ છે. એ इत्तरियं सावकंखा-इत्वरिकं सावकांक्षम् ઈત્વરિક-નમોકારસી પોરસીથી લઈને છ મહિના પર્યંત ત્રિવિધ ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરવા રૂપ આકાંક્ષાથી યુક્ત છે. તથા विइज्जिया निरकंखा-द्वितियं निराकांक्षम् બીજું જીવન પર્યંત ત્રિવિધ ચતુર્વિધ આહારના પરિત્યાગ રૂપ હોય છે. ॥ ૯ ॥

"जोसो" इत्यादि.

अन्वयार्थ--जोसो इत्तरियो तवो सो समासेण छव्विहो-यत् इत्वरिकं तपः तत् समासेन षड्विधम् જે ઇત્વરિક તપ છે તે સંક્ષેપથી છ પ્રકારનું છે. વિસ્તારની અપેક્ષા તો ઘણા પ્રકારનુ છે. આના છ પ્રકાર આ છે. સેઢિતવો પયરતવો ઘણોય તહવગ્ગોય હોઇ-श्रेणितपः प्रतरतपः घनश्च तथा वर्गश्च શ્રેણી શબ્દનો અર્થ પંક્તિ છે. આ શ્રેણીથી ઉપલક્ષિત જે તપ છે તે શ્રેણીતપ છે. તે ચતુર્થભક્ત આદિના ક્રમથી ક્રિયમણ થતાં થતાં ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીના તીર્થમાં છ મહિના સુધી કરવામાં આવે છે. પ્રથમ તીર્થંકરના તીર્થમાં આની મર્યાદા એક વર્ષ સુધીની છે. તથા બાવીસ તીર્થંકરોના તીર્થમાં આ આઠ મહિના સુધીની છે, શ્રેણિને શ્રેણીથી ગુણિત કરવાથી પ્રતર થાય છે એ પ્રતર તપ છે, ચોથ, ષષ્ટ, અષ્ટમ, અને દશમ આ ચાર પદોથી યુક્ત શ્રેણી છે. જો આ પદ ચતુષ્ટયાત્મક શ્રેણીનો ચારથી ગુણાકાર કરવામાં આવે તો સોળ આવે છે. આ પ્રમાણે ષોડશ પદાત્મક પ્રતર થાય છે. આ તપ આયામ અને વિસ્તારની અપેક્ષા તુલ્ય છે. આની સ્થાપના આ પ્રમાણે કરવી જોઈએ.-પ્રથમ શ્રેણિમાં ચતુર્થભક્ત, ષષ્ટભક્ત, અષ્ટમભક્ત, અને દશમભક્ત, આ ચાર પદોને લખવાં જોઈએ. તથા બીજી પંક્તિમાં ષષ્ટભક્ત અષ્ટમભક્ત, દશમભક્ત અને ચતુર્થભક્ત, આ ચાર પદોને લખવાં જોઈએ. ત્રીજી પંક્તિમાં અષ્ટમભક્ત, દશમભક્ત, ચતુર્થભક્ત, અને ષષ્ઠભક્ત, આ ચાર પદોને લખવાં જોઈએ. તથા ચોથી પંક્તિમાં દશમભક્ત, ચતુર્થભક્ત, ષષ્ઠભક્ત, અને અષ્ટમભક્ત, આ ચાર પદોને લખવાં જોઈએ.

શંકા—આ પ્રમાણે લખવાથી પ્રથમ પંક્તિ જ પુરી થાય છે. બીજી આદિ પંક્તિયો પુરી થતી નથી તો એને કઈ રીતે પુરી કરવી જોઈએ?

તો એનો ઉત્તર આ પ્રમાણે છે.-એક આદિને લખીને એની આગળ ક્રમથી ૨-૩-૪ લખવું જોઈ એ. આ પ્રમાણે લખવાથી પંક્તિયો પુરી થઈ જાય છે,-યથા પ્રથમ પંક્તિમાં ૧-૨-૩-૪ એમ લખવું જોઇએ. અહીં ૧-૨-૩-૪થી તાત્પર્ય યથાક્રમ ચતુર્થ ભક્ત, ષષ્ઠભક્ત, અષ્ટમભક્ત, દશમભક્તથી છે. બીજી પંક્તિમાં ૨-૩-૪-૧ લખવું જોઈએ ત્રીજી પંક્તિમાં ૩-૪-૧-૨ લખવું જોઈ એ. ચોથી પંક્તિમાં ૪-૧-૨-૩ લખવું જોઈએ. આ પ્રમાણે આ ષોડશ (૧૬) પદાત્મક પ્રતર તપ સમજવું જોઈએ. ઘન તપ આ પ્રમાણે છે. ૪×૪×૪×૪ ચાર ચોકે (૧૬) અને સોળ ચોકે ચોસઠ (૬૪) આ પ્રમાણે ઘન કરવાથી ચતુષ્ષષ્ટિ ચોસઠ

પદાત્મક ઘનતપ થાય છે. અથવા ષોડશ (૧૬) પદાત્મક પ્રતર તપને પદ ચતુષ્પ્યાત્મિક શ્રેણી દ્વારા ગુણવાથી આ ઘનતપ થાય છે. ૬૪×૬૪ ચોસઠ ચોસઠને ગુણવાથી ગુણનફળ ચાર હજાર છન્નુ (૪૦૯૬) આવે છે. આટલા ચતુર્થાદિ દશમાન્ત તપ પદોથી ઉપલક્ષિત વર્ગતપ છે. ॥૧૦॥

"तत्तोय" ઇત્યાદિ!

અન્વયાર્થ—तत्तोय–ततश्च વર્ગતપની પછી पंचमो वग्गवग्गो–पञ्चमं वर्गवर्गः પાંચમું વર્ગ વર્ગ નામનું ઇત્વરિક તપ છે અર્થાત ૪૦૯૬ ચાર હજાર છન્નુનો ૪૦૯૬ ચાર હજાર છન્નુથી ગુણાકાર કરવાથી ૧૬૭૭૭૨૧૬ એક કરોડ સડસઠલાખ સત્તોતેર હજાર બસો સોળ થાય છે. આ વર્ગ વર્ગ નામનું પાંચમું ઇત્વરિક તપ છે. અર્થાત્ આટલા તપ પદોથી ઉપલક્ષિત તપ વર્ગ વર્ગ તપ થાય છે. એમ જાણવું જોઈએ. આ પ્રમાણે ચતુર્થ ભકત આદિ ચાર પદોને લઈને એ શ્રેણી આદિ ઇત્વરિક તપ બતાવવામાં આવેલ છે. શ્રેણી આદિની રચનાથી જે રહિત થાય છે. અને પોતાની શકિત પ્રમાણે જે યથાકથંચિત કર્યે જાય છે. તે छट्ठओउ पइण्णतवो–षष्ठकं तु प्रकीर्ण तपः છઠું પ્રકીર્ણક તપ છે. શ્રેણી રહિત ચતુર્થભકત આદિ તપ તથા યવમધ્યચન્દ્ર પ્રતિમાદિક તપ આ સઘળાં પ્રકીર્ણક તપ છે. इत्तरिओ–इत्वरिकम् આ પ્રમાણે અનશન વિશેષ રૂપ એ ઇત્વરિક તપથી जीव मणइच्छियचित्तत्थो नायव्वो होइ–मनईप्सितचित्रार्थं ज्ञातव्यं भवति મનોભિલષિત સ્વર્ગ મોક્ષ આદિ રૂપ વિવિધ પ્રકારના પદાર્થોને અથવા તેજોલેશ્યારૂપ અર્થને પ્રાપ્ત કરી લ્યે છે. ॥૧૧॥

મરણકાલમેં હોનેવાલે અનશન કા વર્ણન

હવે મરણ કાળમાં કરવામાં આવતા અનશનના ભેદોને સૂત્રકાર કહે છે.—"जासा" ઇત્યાદિ!

અન્વયાર્થ—जा अणसणा मरणे होइ सादुविहावियाहिया–यत् अनसनं मरणं भवति तत् द्विविधं व्याख्यातम् જે અનશન મરણ સમયમાં થાય છે એ બે પ્રકારનાં બતાવવામાં આવેલ છે. सवियारमवियारा:– सविचारं अविचारम् ૧ સવિચાર, ૨ અવિચાર, જે તપમાં ચેષ્ટા લક્ષણરૂપ વિચાર હોય છે એ સવિચાર તથા જેમાં આ ચેષ્ટા લક્ષણરૂપ વિચાર હોતો નથી અવિચાર તપ છે. કાયા વચન અને મન આ પ્રમાણે વિચાર ત્રણ પ્રકારના બતાવવામાં આવેલ છે. कयचिट्ठं पईभवे–कायचेष्टां प्रतीत्य भवति પ્રતિલેખના કરવી સંસ્તારક કરવો,

પ્રાસુક જળ માત્રનું પાન કરવું, ઉદ્વર્તન અપવર્તનાદિક કરવું આ સઘળી કાય ચેષ્ટા છે. આ કાયીક ચેષ્ટાઓનો આશ્રિય કરીને સવિચાર અનશન તપ થાય છે અંદરથી બહાર આવવું ઉદ્વર્તન તથા બહારથી અંદર જવું અપવર્તન કહેવાય છે. સવિચાર તપ ભકતપ્રત્યાખ્યાન તથા ઈંગિતના ભેદથી બે પ્રકારના છે. ગચ્છની વચમાં રહીને સાધુ દ્વારા ભકતપ્રત્યાખ્યાન તપ કરી શકાય છે. ગચ્છની વચમાં રહેનાર સાધુ જ્યારે મરણમાં ઉદ્યત થાય છે ત્યારે તે ગુરૂ દ્વારા આલોચના ગ્રહણ કરીને વિધિપૂર્વક સંલેખના કરે છે. એ સમયે તે ત્રણ પ્રકારના અથવા તો ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી દે છે તૃણ સંસ્તારક બીછાવીને શરીર અને ઉપકરણથી મમત્વભાવનો પરિત્યાગ કરીને તેના ઉપર બેસી જાય છે. અને પંચ નમસ્કાર મંત્રનો જાપ કર્યા કરે છે. સાથે રહેલા અન્ય સાધુજન પણ એને પંચ નમસ્કાર મંત્ર સંભળાવતા રહે છે. જ્યાં સુધી એના શરીરમાં શકિત રહે છે. ત્યાં સુધી તે પોતે જ પ્રતિલેખના આદિ ક્રિયાઓ કર્યા કરે છે. પરંતુ જ્યારે શકિત ક્ષિણ થઈ જાય છે ત્યારે તે પ્રતિલેખના આદિ બીજાની પાસે કરાવરાવે છે.

ઇંગિત મરણમાં પણ એ એમજ કરે છે. શુદ્ધ સ્થણ્ડિલમાં સ્થિત થઈને એકલા ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરી એ મર્યાદિત સ્થણ્ડિલની અંદર જ પ્રતિલેખના કરે છે. અને ત્યાંજ સંસ્તાર બીછાવે છે. તથા એજ મર્યાદિત ભૂમિમાં આવવું જવું કરે છે. આ મરણમાં બીજાઓથી કાર્ય કરાવતા નથી. સઘળી ક્રિયાઓ પોત પોતાની જાતે જ કરે છે. પાદપોપગમન મરણ અવિચાર છે. એ મરણમાં દેવગુરૂ વંદના વિધિપૂર્વક ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરીને અવિચાર અનશની સાધુ આ મરણને કાંતો ઉપાશ્રય આદિમાં રહીને કરે છે, અથવા તો કોઇ પર્વત આદિની ગુફામાં રહીને કરે છે. એ સ્થળે તે જીવન પર્યંત પાદપ અર્થાત વૃક્ષની માફક સંપૂર્ણપણે નિશ્ચેષ્ટ બનીને સ્થિર રહે છે. ॥૧૨॥

હવે પછી મરણકાળના અનશનના બીજા પ્રકારના ભેદ કહે છે—"जासा" ઇત્યાદિ

અન્વયાર્થ—अहवा–અથવા અથવા મરણકાળ રૂપ અનશન બે પ્રકારનાં હોય છે. सपरिकम्मा अपरिकम्मा य आहिया–सपरिकर्म अपरिकर्म चाख्यातम् સપરિકર્મ અને અપરિકર્મ જે અનશનમાં ઉઠવું બેસવું થાય છે, કરવટ બદલી શકાય છે, તેલ આદિથી માલીશ કરાય છે, આ સપરિકર્મ અનશન છે. જેમાં આ સઘળું ન કરી શકાય તે અપરિકર્મ છે. સપરિકર્મ અનશન ભકતપ્રત્યાખ્યાન અને ઇંગિત મરણ આ પ્રમાણે બે પ્રકારનું છે. ભકતપ્રત્યાખ્યાનમાં પોતાની જાતે તથા બીજાઓથી પણ શારીરિક સેવા આદિ કરાવી શકાય છે. કહ્યું પણ છે—

" भत्तपरिन्नाणसणं तिचउविहाहारनिष्फन्नं ।
सप्पडिकम्मं नियमा जहा समाही विणिद्दिट्ठं ॥ "

ઇંગિત મરણમાં સાધુ પોતે પોતાની જાતે જ સઘળી શારીરિક ક્રિયાઓ કરે છે. બીજાઓથી કાંઈ પણ કરાવતાં નથી. ઇંગિત મરણનું બીજું નામ ઇંગિની મરણ પણ છે. પાદપોપગમન અપરિકર્મા મરણ છે. જે આસનથી આ અનશન ધારણ કરવામાં આવે છે. એજ આસનજ યાવજ્જીવ તેમાં રહે છે. અથવા પરિકર્મનો અર્થ સંલેખના છે. આ સલેખના જ્યાં થાય છે તે પરિકર્મ છે. અને તેનાથી વિપરીત અપરિકર્મ છે. સુખ સમાધિ અવસ્થામાં જીન વચન મર્મજ્ઞ ગીતાર્થ સાધુ ભકતપ્રત્યાખ્યાન આદિ ત્રણે મરણોને સંલેખના પૂર્વક જ ધારણ કરે છે. અન્યથા આર્તધ્યાન થવાની સંભાવના રહે છે. કહ્યું પણ છે–

" देहंमि असंलिहिए सहसा धाउहिं खिज्जमाणेहिं ।
जायइ अट्टज्झाणं सरीरिणो चरणकालंमि ॥ "

વિજળીનું ઉપર પડવું. ભીંતની નીચે દબાઈ જવું, આદિ વ્યાઘાતના થવાથી, અથવા પ્રાણઘાતક રોગાદિરૂપ વ્યાઘાતના થવાથી, સંલેખનાને ધારણ ન કરવા છતાં પણ ભકતપ્રત્યાખ્યાન આદિ ત્રણે મરણોને સાધુ કરી લ્યે છે. આ અપરિકર્મ છે. કહ્યું પણ છે—

" अविघातो या विज्जू गिरिभित्तीपडणा य वा होज्जा ।
संबद्ध हत्थपाया दयोव वाएण होज्जाहि ॥ १ ॥
ए ए हिं कारणेहिं वाघाइम मरण होइ बोद्धव्यम् ।
परिकर्ममकाऊणं पच्चक्खाई तओ भत्तम् ॥ २ ॥

આવા કારણોના ઉપસ્થિત થવાથી કે, જ્યારે રોગ અસાધ્ય થઈ જાય, વાયુરોગથી હાથ પગ ઝકડાઈ જાય, વિજળી ઉપર પડે આદિ કારણો ઉપસ્થિત થવાથી સાધુ સંલેખના વગર જ ભકત પ્રત્યાખ્યાન આદિ ધારણ કરી લે છે. આ પક્ષમાં સપરિકર્મ, અપરિકર્મ, આ બે ભેદ ભકતપ્રત્યાખ્યાન, ઇંગિત, પાદપોપગમન, આ ત્રણે પ્રકારના મરણમાં જાણવા જોઈએ. *निहारीमनीहारी*– નિર્હારિ અનિર્હારિ તથા આ મરણકાળરૂપ અનશન નિરહારી અને અનિહારી ના ભેદથી પણ બે પ્રકારનાં હોય છે. ગ્રામ અથવા નગરની અંદર ઉપાશ્રય આદિમાં જ્યારે આ મરણકાળ અનશન સાધુ અંગિકાર કરે છે ત્યારે તેનું એ અનશન નિરહારી છે. કેમકે, મરણના પછી જ તેનું એ કલેવર ગામથી બહાર કાઢવામાં આવે છે. તથા જ્યારે ગ્રામ અને નગરથી બહાર વન આદિમાં જઈને સાધુ મરણકાળ રૂપ અનશન ધારણ કરે છે ત્યારે એ અનશન અનિ-

હોરી છે. કેમકે, મરણના પછી એ કલેવરનો નિહાર થતો નથી. નિર્હાર અને અનિર્હાર આ બન્ને પ્રકાર ભક્તપ્રત્યાખ્યાન ઈંગિત અને પાદપોપગમન આ ત્રણેમાં હોય છે. સ્થાનાંગસૂત્રમાં પણ આજ વાત કહેલ છે—

" पाओवगमणे दुविहे पण्णत्ते–तंजहा–णी हारि मेचेव अणीहारिमेचेव णियम अपडिकम्मे। भत्तपच्चक्खाणे दुविहे पण्णत्ते तंजहा णीहारीमेचेव अणीहारिमेचेव णियमं सपडिकम्मे "

ઈંગિત મરણમાં પણ નિરહારિત્વ અનિરહારિત્વમાં બંન્ને ભેદ શાસ્ત્ર સંમત છે. **आहारच्छेओय दोसुवि–आहाच्छेदश्च द्वयोरपि** સવિચાર અવિચારમાં, સપરિકર્મ અપરિકર્મમાં, નિહારિ અનિહારિમાં; આ સહુમાં આહારનો પરિત્યાગ સમાન છે. તેનો આશય એ છે કે, ભક્તપત્યાખ્યાનમાં પોતાની શકિત અનુસાર પાણી વગર બીજા ત્રણ આહારનો તથા ચતુર્વિધ આહારનો પણ પરિત્યાગ થાય છે. ત્યારે ઈંગિની મરણ અને પાદપોપગમનમાં તો ચારેય પ્રકારના આહારનો પરિત્યાગ કરાય છે. આ પ્રમાણે ચતુર્વિધ આહારના પરિત્યાગથી આ સઘળામાં સમાનતા બતાવવામાં આવેલ છે. ॥ ૧૩ ॥

ઉનોદરી કે કલ કા વર્ણન

હવે ઉનોદરી તપના ભેદને કહે છે—" ओमोयरणं "

અન્વયાર્થ—दव्वओ खेत्तकालेणं भावेहिं पज्जवेहिय–द्रव्यतो· क्षेत्रतो कालेन भावेन पर्यायै चेव દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા પર્યાયની અપેક્ષા ओमोयरणं––अवमौदर्यं अवमोदर्य તપ समासेण–समासेन સંક્ષેપથી पंचहा–पञ्चधा પાંચ પ્રકારના બતાવવામાં આવેલ છે. ॥૧૪॥

હવે દ્રવ્ય ઉનોદરી કહે છે.—" जो " ઈત્યાદિ।

અન્વયાર્થ—जस्स जो आहारो–यस्य यः आहारः જેનો જેટલો આહાર છે, तत्तो ओमं जो करे–ततःअवमं यः कुर्यात् એનાથી ઓછું જે ખાય છે તે દ્રવ્યની અપેક્ષા ઉનોદરિનો છે. જેમ પુરૂષનો આહાર બત્રીસ કોળીયાનો છે, સ્ત્રીઓના આહાર અઠ્ઠાવીસ કોળીયાનો છે, તથા નપુંસકનો આહાર ચોવીસકોળીયાનો છે. જેને મોઢામાં નાખવાથી મોઢું અતિ પહોળું ન થાય એ એક કોળીયાનું

પરિમાણ જાણવું જોઈએ. જહન્નેણેગસિત્થાઇ–જઘન્યેન એકસિક્થાદિ એક કણથી લઈને એક કોળીયા સુધીનો આહાર કરવો આ જઘન્ય અવમૌદર્ય છે. બત્રીસ કોળીયાના આહારમાંથી ચોવીસ કોળીયા માત્ર ખાવા એ પ્રમાણ પ્રાપ્ત અવમૌદર્ય છે. સોળ કોળીયાનો આહાર કરવો તે અર્ધ અવમૌદર્ય છે. આઠકોળીયાથી લઈને એક કણ સુધીનું ખાવું તે ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટતર તથા ઉત્કૃષ્ટતમ અવમૌદર્ય છે. ॥૧૫॥

ક્ષેત્રઅવમૌદર્ય કા વર્ણન

ક્ષેત્રની અપેક્ષા અવમૌદર્ય આ પ્રમાણે છે—"गामे" ઈત્યાદિ!

અન્વયાર્થ—गामे-ગ્રામે નાનકડી વસ્તીવાળા ગામમાં नगरे-નગરે અઢાર કર વગરના શહેરરૂપ નગરમાં, रायहाणि-રાજધાન્યાં રાજધાનીમાં, निगमे-નિગમે અનેક વણિક જ્યાં વસતા હોય એવા નિગમમાં आगरे-આકરે હિરણ્ય આદિની ઉત્પત્તિ ભૂમિસ્વરૂપ આકારમાં पल्ली-પલ્યામ્ વૃક્ષની નીચે અથવા વનમાં, જ્યાં ચોર લોકો રહેતા હોય એવા સ્થાનરૂપ પલ્લીમાં, खेडे-ખેટે ધૂલના પ્રાકારથી વેષ્ટિત ખેટ–ગામડામાં कब्बडे-કર્બટે કુત્સિત જનોના નિવાસસ્થાન રૂપ કર્બટમાં दोणमुहे-દ્રોણમુખે જળસ્થળ માર્ગયુક્ત નગરરૂપ દ્રોણમુખમાં पट्टणे-પત્તને સઘળી વસ્તુઓની પ્રાપ્તિ થવાના સ્થાનરૂપ બજારમાં मडंबे-મડમ્બે જેની આસપાસ અઢી અઢી ગાઉમાં કોઈ ગામ ન હોય એવા મડંબમાં, અને संवाहे-સંબાધે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, તથા શૂદ્ર, એવા ચારે વર્ણ જ્યાં વસતા હોય એવા સ્થાનોમાં ॥૧૬॥

તથા–"आसमपहे" ઈત્યાદિ!

અન્વયાર્થ—आसमपहे–આશ્રમપદે તાપસ જનોના નિવાસસ્થાનરૂપ આશ્રમમાં विहारे–વિહારે બગીચા વગેરેમાં सन्निवेसे–સંનિવેશે ધર્મશાળામાં समाय घोसेय–સમાજે ઘોષેચ સમાજમાં, ઘોષમાં, સ્થલીમાં, ચતુરંગ બળ સમૂહરૂપ સેનામાં, थालिसेणा खंधारे–સ્થાલિસેનાસ્કંધાવારે સેનાના નિવાસસ્થાનમાં सत्थे–સાર્થે સાર્થ યુક્ત સ્થાનમાં,संवट्टकोट्टेय–સંવર્ત્તકોટેચ સંવર્તમાં–ભયત્રસ્ત જનસ્થાનમાં, कोट्ट–દુર્ગ–કિલ્લામાં. ॥ ૧૭ ॥

તથા–" वाडेसु " ઇત્યાદિ।

અન્વયાર્થ—वाडेसु-वाटेषु વાટમાં ચારે બાજુથી વંડી વાળી લેવામાં આવેલ ભૂમિમાં रत्थासु-रथ्यासु વા ગલિયેામાં તથા घरेसु-गृहेषु ઘરેામાં એવેા નિયમ કરી લેવેા કે, हुं एवमित्तियं खेत्तं-एवमेतावत्क्षेत्रम् આટલાજ ક્ષેત્રમાં જઈશ. આટલાજ ઘરેામાં ગેાચરી માટે પર્યટન કરીશ. આ પ્રકારની ક્ષેત્રની મર્યાદા-રૂપ આ ક્ષેત્રની અપેક્ષા ઉનેાદરી છે. જો મર્યાદિત ગ્રામ, નગર આદિ ક્ષેત્રોમાં પણ સાધુ મમત્વ કરે તેા તે પેાતાના અવમૌદર્ય તપનેા નાશ કરે છે. ॥૧૮॥

હવે સૂત્રકાર અન્ય પ્રકારથી પણ ક્ષેત્ર ઉનેાદરીને કહે છે–"पेडाय" ઇત્યાદિ.

અન્વયાર્થ—पेडा-पेटा ક્ષેત્રાન્તર્ગત મંજૂષાની આકૃતિવાળા ઘરેામાં જ ભિક્ષાના માટે પર્યટન કરવું એ પેટા નામનું ક્ષેત્ર ઉનેાદરી છે. अद्धपेडा–अर्ध-पेडा ક્ષેત્રાન્તર્ગત મંજૂષાની આકૃતિવાળા અર્ધા ઘરેામાં ભિક્ષા માટે ભ્રમણ કરવું એ અર્ધપેટા નામની ક્ષેત્ર ઉનેાદરી છે. गोमुत्ति–गौमूत्रिका ગેામૂત્રિકાની માફક વકાકારથી વામ દક્ષિણ ભ્રમણ કરવું ગેામૂત્રિકા નામની ક્ષેત્ર ઉનેાદરી છે. पयंगवीहीयाचेव–पतंगवीथिका चैव તીડના ઉડવાની માફક વચમાં વચમાં અનેક ઘરેાને છેાડી દઈને ભીક્ષાને માટે ભ્રમણ કરવું. पतङ्ग વીથીકા નામનું ક્ષેત્ર ઉણેાદરી છે. संबुकावट्टा–शम्बुकावर्त्ता શમ્બૂકાવર્તા નામની ક્ષેત્ર ઉણેાદરી બે પ્રકારની છે. એક આભ્યંતર શમ્બૂકાવર્તા તથા બીજી બહિઃ શમ્બૂકાવર્તા શંખની નાભિના જેવા આકારવાળા ક્ષેત્રના મધ્યભાગથી લઈને બાહ્ય ઘર સુધી ભિક્ષાને માટે ઘૂમવું એ પ્રથમ આભ્યન્તર શમ્બૂકાવર્તા નામની ક્ષેત્ર ઉનેાદરી છે. તથા બાહ્ય ઘરથી આરંભ કરી મધ્યવર્તી ઘર સુધી ભિક્ષાના માટે ભ્રમણ કરવું એ બીજી બહિઃ શમ્બૂકાવર્તા ક્ષેત્ર ઉનેાદરી છે. ભિક્ષાના માટે લાંબે દૂર સુધી એમને એમ નીકળી જવું અને ત્યાંથી પાછું ફરવું એ आयय गंतु पच्चोगया छट्ठा–आयतगत्वा प्रत्यागता એ નામની છઠ્ઠી ક્ષેત્ર ઉનેાદરી છે.

શંકા—આ પેટાદિક ભિક્ષાચારીને ક્ષેત્ર ઉનેાદરી શા માટે કહેલ છે. કારણ કે એમાં ગેાચરરૂપતા હેાવાથી ભિક્ષાચર્યાતમકતા છે?

ઉત્તર—" ઉનેાદરી મને થાય " આ પ્રકારના આશયથી એ પેટાદિક ભિક્ષાચરી કરવામાં આવે છે. આ કારણે એ ઉનેાદરી રૂપથી કહેવામાં આવેલ છે. નિમિત્તના ભેદથી એક જ દેવદત્ત આદિમાં પિતાપુત્ર આદિ અનેક રૂપથી વ્યપદેશ થતેા જોવામાં આવે છે. આજ પ્રમાણે પૂર્વ કથિત ગ્રામાદિકના નિયમમાં તથા આગળ કહેવામાં આવનાર કાળાદિક નિયમમાં અભિરૂપતા હેાવાથી ભિક્ષાચર્યાતમકત્વના પ્રસંગમાં જ આજ ઉત્તર જાણવેા જોઈએ. ॥૧૯॥

કાલઉણોદરી કે ફલ કા વર્ણન

હુવે કાળ ઉનોદરીને સૂત્રકાર પ્રગટ કરે છે—"દિવસસ્સ" ઇત્યાદિ!

અન્વયાર્થ—દિવસસ્સ ચઉણ્હંપિ પોરિસીણં-દિવસસ્ય ચતુર્ણામપિ પૌરુષીણાં દિવસ સબંધિ ચારે પૌરૂષીયેાનેા જત્તિઓ ભવે કાલો-યાવત્ ભવેત્ કાલઃ જેટલેા કાળ અભિગ્રહના વિષયભૂત બને છે. એવં ચરમાણઃ ખલુ-એવં ચરતઃ ખલુ એ વિષયભૂત કાળમાં ભિક્ષાના માટે ભ્રમણ કરવાવાળા સાધુનેા, અર્થાત "દિવસની ચારે પૌરૂષીયેાના વચમાંથી હું અમુક પૌરૂષીમાં ભિક્ષાચર્યા કરીશ" આ પ્રકારનેા અભિગ્રહ કરીને ગેાચરીના માટે પર્યટન કરવાવાળા સાધુનેા એ કાળ કાલોમાણં મુણેયવ્વં-કાલાવમત્વં જ્ઞાતવ્યમ્ કાળ ઉનેાદરી છે. ॥૨૦॥

આ કાળ ઉનેાદરીને સૂત્રકાર ફરીથી પ્રકારાન્તરથી કહે છે-"અહવા" ઇત્યાદિ.

અન્વયાર્થ—અહવા-અથવા અથવા થેાડેા ભાગ ન્યૂન તઇયાએ પોરસીએ-તૃતીયાયાં પૌરુષ્યામ્ ત્રીજી પૌરૂષીમાં ઊણાઇ ઘાસમેસંતો-ઊનાયાં ગ્રાસમ્ એષયતઃ આહારને લેવા માટે નિકળેલા સાધુને કાળ ઉણેાદરી હેાય છે. ગાથામાં થેાડી ન્યૂન જે ત્રીજી પૌરૂષી કહેલ છે. તેા એ એને કેટલી ન્યૂન હેાવી જોઈએ. આ શંકાના સમાધાન નિમિત્ત સૂત્રકાર કહે છે કે, ચઉભાગૂણાએ વા-ચતુર્ભાગોનાયાં વા તે ચતુર્ભાગ ઉન "વા" શબ્દથી પાંચ આદિ ભાગ ઉન હેાવી જોઈ એ. આનું તાત્પર્ય એ છે કે, ચતુર્ભાગા ન્યૂન અથવા પંચઆદિભાગ ન્યૂન ત્રીજી પૌરૂષીમાં ભિક્ષાચર્યા કરીશ. એવ કાલેણ ઊભવે-એવં કાલેન તુ ભવેત્ આ પ્રમાણે અભિગ્રહ કરીને ભિક્ષા માટે ભ્રમણ કરતા સા કાળ વિષયક અભિગ્રહ હેાવાથી કાળ ઉનેાદરી થાય છે "કાલે કાલં" આ પ્રકારના વચનથી દેશાચારના અનુસાર જ્યાં એ ભિક્ષાકાળ હેાય છે એજ કાળમાં ત્યાં ભિક્ષાટન કરવું જોઇએ. અહીં તેા અભિગ્રહની અપેક્ષા કરીને ચાર પૌરૂષીયેાનું તથા ચતુર્થ પંચમ આદિ ભાગ ન્યૂન ત્રીજી પૌરૂષીનું ઉપાદાન થયેલ છે. ॥૨૧॥

ભાવઉણોદરી કા વર્ણન

હુવે ભાવ ઉનેાદરીને સૂત્રકાર પ્રદર્શિત કરે છે.-"ઈત્થીવા" ઇત્યાદિ!

અન્વયાર્થ—ઇત્થી વા પુરિસો વા અલંકિઓ વા નલંકિઓ વા વિ અન્નયા પય-

त्थेवा अन्नवरेणं वा वत्थेणं–स्त्री वा पुरुषोवा अलंकृतो वा अनलंकृतो वाऽपि अन्यतर-वयःस्थो वा अन्यतरेण वस्त्रेण स्त्री होय अथवा पुरुष होय, अलंकृत होय अथवा अलंकृत न होय, બાળક होय, अथवा तरुण होय, अथवा पट्ट सूत्रमय आदि वस्त्रथी युक्त होय. ॥२२॥

अथवा—"अन्नेण" ઇत्यादि !

अन्वयार्थ—अन्नेण विसेसेणं वण्णेणं भावमणुमुयंतो–अन्येन विशेषेण वर्णेन भावम् अनुमुञ्चन्तु બીજી કોઈ પણ અન્ય પ્રકારની વિશેષતાથી વિશિષ્ઠ होय, એ દાતા ક્રોધ ભરેલી વગેરે અવસ્થાવાળા होय, કાળા વર્ણવાળા होय तो પણ हुं तेनाथी भिक्षा लઈश, બીજાથી नहीं. આ પ્રકારનો નિયમ કરીને चरमाणा–चरतः भिक्षाटन કરવાવાળા साधुने भावोमाणं मुणेयव्वं–भावावमत्वं ज्ञातव्यम् ભાવ ઉણોદરી થાય છે.–

ભાવાર્થ—એવો નિયમ કરી લેવો કે, हुं આજ સ્ત્રીના હાથથી ગોચરી લઈશ અથવા પુરુષના હાથથી ગોચરી લઈશ, બાળકના હાથથી લઈશ, જુવાનના હાથથી લઈશ, અલંકૃતથી લઈશ, અથવા જે અલંકૃત नहीं होय तेना हाथथी लઈશ. ઇत्यादि दाता विषयक विशेष अभिग्रह કરવો એ ભાવ ઉણોદરી છે. ॥२३॥

પર્યાયઉણોદરી કા વર્ણન

હવે પર્યાય ઉણોદરીને सूत्रકાર કહે છે—"दव्वे" ઇત્યાદિ !

अन्वयार्थ—दव्वे खित्ते काले भावंमि य जे भावा आहिया एएहिं ओमचरओ भिक्खू पज्जवचरओ भवे–द्रव्ये, क्षेत्रे, काले, भावे ये भावाः आख्याताः एतैः अव-मचरकः भिक्षुः पर्यवचरकः भवति अशन આદિરૂપ દ્રવ્યમાં, ગ્રામ આદિરૂપ ક્ષેત્રમાં પૌરૂષી આદિરૂપ કાળમાં, સ્ત્રીત્વ આદિરૂપ ભાવમાં, જે એકસિકથ ઉનત્વ આદિ પર્યાયો કહી છે એ સઘળી દ્રવ્ય પર્યાયોથી ઉણોદરીનું આચરણ કરવાવાળા

ભિક્ષુ 'પર્યવચરક' એવા કહેવામાં આવે છે. અર્થાત્ પર્યવચરક જ પર્યવ ઉણોદરી ધારક માનવામાં આવે છે.

શંકા–જ્યારે આ ક્ષેત્ર ઉણોદરી આદિકોમાં પણ અશન આદિ દ્રવ્યને લઈને ઉદરની અવમતા–અપૂર્ણતા છે. ત્યારે ક્ષેત્ર ઉણોદરી આદિકોમાં દ્રવ્ય ઉણોદરીથી શું વિશેષતા છે?

ઉત્તર—ક્ષેત્ર ઉણોદરી આદિકોમાં પ્રધાનતા ક્ષેત્રાદિકોની છે. દ્રવ્ય ઉણોદરીમાં પ્રધાનતા દ્રવ્યરૂપ અશન સામગ્રીની છે. તથા ક્ષેત્રાદિકોમાં જે દ્રવ્ય ઉણોદરી થાય છે એ પણ ત્યાં ક્ષેત્રાદિ હેતુક જ હોય છે. આ કારણે એજ પ્રધાનતાથી વિવક્ષિત થાય. અથવા–જ્યાં દ્રવ્યની અપેક્ષા ઉદરમાં ન્યૂનતા નથી–અર્થાત્–દ્રવ્ય ઉણોદરી નથી એ સ્થળે પણ ક્ષેત્રાદિગત ન્યૂનતાને આશ્રિત કરીને ક્ષેત્ર ઉણોદરીનો વ્યપદેશ થાય છે. ॥૨૪॥

ભિક્ષાચર્યા કા વર્ણન

હવે ભિક્ષાચર્યાના વિષયમાં સૂત્રકાર કહે છે–"अट्ठविह०" ઇત્યાદિ!

અન્વયાર્થ—अट्ठविहगोयरग्गं–અષ્ટવિધગોચરાગ્રઃ આધાકર્મોદિ દોષોના પરિવર્જનથી પ્રધાન એવું જે ગોચર છે તે આઠ પ્રકારનું હોય છે. तहा–તથા तथा एसणा सत्तेव–एषणाः सप्तैव એષણા સાત પ્રકારની છે. એ આઠ પ્રકારનું ઉત્તમ ગોચર તથા સાત પ્રકારની એષણાઓ जे अन्ने अभिग्गहा–ये अन्ये अभिग्रहाः તથા એનાથી બીજા અતિરિક્ત બીજા અભિગ્રહ भिक्खायरियमाहिया–ભિક્ષાચર્યા आख्याता આ સઘળા ભિક્ષાચર્યારૂપ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ–પેટા, અર્ધપેટા, ગોમૂત્રિકા, તથા પતંગ વીથિકા, આ ચાર તથા બાહ્ય શમ્બુકાવર્તા, અભ્યંતર શંમ્બુકાવર્તા, આ છ તથા ગમન પ્રત્યાગમનના ભેદથી બે ભેદવાળી "आयतङ्गत्वा प्रत्यगता" અર્થાત્ સીધા જઈને પાછું ફરવું તથા એનાથી વિપરીત વક્રગતિથી જઈને પાછું ફરવા રૂપ બીજા ભેદને મેળવવાથી ગોચરીના આઠ ભેદ થઈ જાય છે. સાત પ્રકારની એષણાઓ આ છે—

"संसट्ठमसंसट्ठा (१) उद्धड (२) तह अप्पले वियाचेव (३) उग्गहिया (४) पग्गहिया (५) उज्झीय धम्माय (६) सत्तमिया (७) ॥ १ ॥

૧ સંસૃષ્ટા એષણા, ૨ અસંસૃષ્ટા એષણા, ૩ ઉદ્ધૃતા એષણા, ૪ અલ્પલેપિકા એષણા, ૫. ઉદ્ગૃહિતા એષણા, ૬ પ્રગૃહિતા એષણા, ૭ ઉજ્ઝીત ધર્મા એષણા ભોજનની સામગ્રીથી ખરડાયેલા હાથ અને પાત્રથી ભિક્ષા લેવી અસં-

સૃષ્ટા એષણા છે. ૨ રસોઈ ઘરમાંથી બહાર લાવી જે થાળી આદિમાં પોતાના નિમિત્ત ભોજન રાખવામાં આવેલ હોય એનું લેવું તે ઉદ્ધૃતા એષણા છે. ૩ નિર્લેપ શેકેલા ચણા આદિનું લેવું એ અલ્પલેપા એષણા છે, ૪ ભોજન કરવાના સમયે ભોજન કરવાવાળી વ્યક્તિને પીરસવા માટે ચમચા, શકોરા આદિ દ્વારા જે ખાદ્ય સામગ્રી બહાર કાઢીને રાખવામાં આવેલ છે એને લેવી એ ગૃહિતા એષણા છે, ૫ ભોજનની ઈચ્છાવાળાને દેવા માટે ઉભા થયેલ દાતાએ જે કાંઈ પોતાના હાથમાં ભોજન સામગ્રી લઈ રાખેલ હોય એને જ લાવીએ છઠ્ઠી પ્રગૃહિતા એષણા છે. ૬ નિસાર હોવાને કારણે જેને જનાવર પણ ચાહતાં નથી એવાં ફેંકી દેવા યોગ્ય ભોજનને લેવું એ સાતમી ઉજ્ઝીત ધર્મા એષણા છે.૭,

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રિત કરીને અભિગ્રહ થયા કરે છે. એવો નિયમ કરવો કે, 'ભાલા આદિની અણી ઉપર રાખેલ ઘૃતપૂરાદિક ભોજનને લઇશ' એ દ્રવ્યાભિગ્રહ છે. "જે દાતા દેહલીને પોતાની જંઘાની વચમાં કરીને ભોજન આપશે તેનાથી ભોજન લઈશ." એ ક્ષેત્રાભિગ્રહ છે. 'સઘળા ભિક્ષુ જ્યારે ભિક્ષા લઈને આવશે ત્યારે હું ભિક્ષા લેવા જઈશ' એવો નિયમ કરવો તે કાળ અભિગ્રહ છે. 'હસતા, રોતા, અથવા બંધાયેલ દાતા ભિક્ષા આપશે તો જ હું લઇશ' આવો નિયમ કરવો એ ભાવાભિગ્રહ છે ॥૨૫॥

રસપરિત્યાગ કા વર્ણન

હવે રસપરિત્યાગનું સ્વરૂપ કહે છે.–" खीरदही० " ઇત્યાદિ !

અન્વયાર્થ—खीरदहि सप्पिमाई-क्षीरदधिसर्पिरादि ખીર, દૂધ, દહીં, ઘી. આ રસોને તથા ગોળમાં પકવેલ અન્ન પાણીયં पाणभायणं-प्रणीतं पानभोजनम् તથા જેમાં વઘાર લાગેલ હોય એવું ભોજન, પાન, ખજુર, રસ, આદિ તથા परिवज्जणं रसाणं तु-परिवर्जनं रसानां तु ઘીથી પકાવેલા મોદક આદિને ખાવાનો ત્યાગ કરવો એ रसविवज्जणं भणियं-रसविवर्जनं भणितं રસ પરિત્યાગ છે.

ભાવાર્થ—દૂધ, દહીં આદિ રસોને અને ઘી આદિમાં પકવેલા ભોજન આદિના ખાવાનો ત્યાગ કરવો એ રસ પરિત્યાગ બાહ્ય તપ છે. ॥૨૬॥

કાયક્લેશ કા કથન

હવે કાય ક્લેશના સ્વરૂપને કહે છે.—"ઠાણા" ઈત્યાદિ !

અન્વયાર્થ—વીરાસણ ઈયા ઠાણા–વીરાસનાદિકાનિ સ્થાનાનિ વીરાસન તથા ગોદોહિક આસન લગાવીને બેસવું, કેશોનું લુંચન કરવું, આ સઘળા સ્થાન જીવના માટે શુભપરિણામ જનક માનવામાં આવેલ છે. અથવા મોક્ષ સુખને આપવાવાળા મનાયેલ છે. આ માટે એ દુષ્કર હોવાથી ઉગ્રા–ઉગ્રા મહાકઠિન છે. જહા ધરિજ્જંતિ–યથા ધાર્યન્તે આ જે પ્રમાણે ધારણ કરવામાં આવે તે રીતે તેને ધારણ કરવું તે કાયકિલેસં તમાહિયં–કાયક્લેશઃ સ આખ્યાતઃ કાયક્લેશ નામનું બાહ્ય તપ કહેવામાં આવે છે. જો કે, સંસારી આત્માઓને આ પ્રમાણે કરવામાં ભારે ક્લેશ થાય છે પરંતુ મોક્ષાભિલાષી ભાવિત આત્માઓને આ કરવું ક્લેશાસ્પદ નહીં પરંતુ કર્મનિર્જરાનું કારણ માનવામાં આવે છે. આ કારણે આ 'તપ' માનવામાં આવેલ છે. ॥૨૭॥

સંલીનતા કા વર્ણન

સંલીનતા આ પ્રકારે છે.—" एगंतमणावाए " ઈત્યાદિ !

અન્વયાર્થ—एगंतमणावाए–एकान्तेऽनापाते જે સ્થાન એકાન્ત હોય, સ્ત્રી આદિકોના ગમનાગમનથી વર્જીત હોય, इत्थी पसु विवज्जिए–स्त्री पशु विवर्जिते સ્ત્રી, પશુ, પંડક આદિથી રહિત હોય, આવા સ્થાનમાં सयणासणासेवणया–शयनासनसेवनता સુવું બેસવું આનું નામ विवित्तसयणासणं–विविक्तशयनासनं વિવિક્ત શય્યાસન છે. આ વિવિક્ત શયનાસનરૂપ સંલીનતાથી અવશિષ્ઠ સંલીનતાઓનું ગ્રહણ થઈ જાય છે. ઈન્દ્રિય સંલીનતા, કષાય સંલીનતા, યોગસંલીનતા, તથા વિવિક્તચર્યા, આ પ્રમાણે સંલીનતા ચાર પ્રકારની છે. કહ્યું પણ છે–

" इंदिय कसाय योगे पंडुच्च संलीणया मुणेयव्वा ।
तह जा विवित्तचरिया पण्णत्ता वीयरागेहिं ॥ १ ॥"

મનોજ્ઞ અને અમનોજ્ઞ પદાર્થોના વિષયમાં રાગદ્વેષ કરવાનો ત્યાગ કરવો એ ઈન્દ્રિય સંલીનતા છે. ક્રોધ, માન, માયા અને લોભ, આ કષાયના ઉદયનો નિરોધ કરવો એ કષાય સંલીનતા છે. મન, વચન, અને કાયા આ ત્રણ

યોગોને શુભમાં પ્રવૃત્ત કરવાં તથા અશુભથી હટાવવાં એ યોગ સંલીનતા છે. એકાન્તમાં બેસવું આદિ એકાન્ત ચર્યા છે.॥૨૮॥

ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને તથા આગળ કહેવામાં આવનાર અર્થના સંબંધને કહે છે.–"एसो" ઇત્યાદિ!

અન્વયાર્થ—एसो बहिर गतवो समासेण वियाहिओ–एतत् बाह्यकतपः समासेन व्याख्यातम् હે જમ્બૂ મેં આ બાહ્ય તપનું સંક્ષેપથી વર્ણન કર્યું, एतो अब्भितरं तवं–इतः आभ्यन्तरं तपः હવે અનુક્રમથી આભ્યન્તર તપનું વર્ણન કરું છું॥૨૯॥

आभ्यंतर तप का वर्णन

હવે અભ્યંતર તપનાં નામ કહેવામાં આવે છે.–"पायच्छित्तं" ઇત્યાદિ.

અન્વયાર્થ—पायच्छित्तं–प्रायश्चित्तं प्रायश्चित्त १, विणओ–विनयो विनय २, वेयावच्चं–वैयावृत्यं वैयावृत्य ३, सज्जाओ–स्वाध्यायः स्वाध्याय ४, ज्झाणं–ध्यानं ध्यान ५, विउस्सग्गो–व्युत्सर्गः व्युत्सर्ग ६, एसो अब्भितरो तवो–एष आभ्यान्तरं तपः આ છ પ્રકારનાં આભ્યન્તર તપ છે. ॥૩૦॥

दशविध प्रायश्चित का वर्णन

પ્રથમ પ્રાયશ્ચિત્ત નામના તપના સ્વરૂપને કહેવામાં આવે છે—"आलोयणा" ઇત્યાદિ!

અન્વયાર્થ—પૂર્વ ગાથામાં છ પ્રકારના આભ્યન્તર તપ કહેલ છે. આમાં જે પ્રથમ પ્રાયશ્ચિત્ત નામનું તપ છે તે आलोयणारिहारियं–आलोचनार्हादिकम् આલોચના હાર્દિકના ભેદથી દસ પ્રકારનું છે. આલોચનાર્હાદિક આમાં રહેલા આદિ પદથી પ્રતિક્રમણ આદિનું ગ્રહણ થયેલ છે.

શંકા—આલોચનાને યોગ્ય જે અતિચાર આદિરૂપ પાપ છે એજ આલો-

ચનાર્હ છે. આથી જ્યારે પાપકર્મ આલોચનાર્હ છે અને એની વિશોધિકા જ આલોચના છે તો પછી આ બન્નેમાં એકરૂપતા કઇ રીતે આવી શકે છે ?

ઉત્તર–અભેદના આરોપથી આલોચનાદિક પણ આલોચનાર્હાદિ શબ્દથી કહેવાયેલ છે. પાપાદિક આલોચનાદિકોનો વિષય છે. તથા આલોચના આદિક વિષયી છે. પ્રાયશ્ચિત્ત કોને કહેવામાં આવે છે. આના અંગે કહે છે કે, जं भिक्खू सम्मं वहइ–यद् भिक्षुर्वहति सम्यक् જે તપને ભિક્ષુ પોતાની પાપવિશુદ્ધિના માટે સમ્યગરૂપથી આચરિત કરે છે तं पायश्चित्तं आहियं–तत् प्रायश्चित्तं आख्यातम् તેને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. पायश्चित्तं तु दसविहं–प्रायश्चित्तं तु दशविधम् એ પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનાં છે. જે આ પ્રમાણે છે–આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય, પારંચિક લાગેલાં પાપને ગુરૂ સમક્ષ શુદ્ધ ભાવથી પોતાના મુખથી પ્રગટ કરવાં આનું નામ આલોચનાં છે. આટલા માત્રથી જે પાપની શુદ્ધિ થાય છે તે પાપ આલોચનાર્હ છે ? લાગેલા પાપનો પશ્ચાત્તાપ કરીને એનાથી નિવૃત્ત થવું. અને ફરીથી નવું પાપ ન થઇ જાય એ માટે સાવધાન રહેવું પ્રતિક્રમણ છે. અર્થાત્ અશુભ યોગમાં પ્રવૃત્ત પોતાના આત્માને ત્યાંથી હટાવી લઇને શુભયોગમાં સ્થાપિત કરવો આનું નામ પ્રતિક્રમણ છે. આટલા માત્રથી જ જે પાપની શુદ્ધિ થાય છે . તે પાપ પ્રતિક્રમણાર્હ છે. ૨, પ્રતિક્રમણાર્હ પાપ ગુરૂના સમક્ષ આલોચિત થતું નથી. આલોચના અને પ્રતિક્રમણ, બન્ને સાથે કરવાં એ મિશ્ર છે. અર્થાત્ ગુરૂની સમક્ષ આલોચના કરીને એમની આજ્ઞાથી મિથ્યા દુષ્કૃત દેવું એ તદુભય પ્રાયશ્ચિત્ત છે. ૩, અશનપાન આદિ વસ્તુ અકલ્પનીય આવી જાય અને પછીથી માલૂમ પડે ત્યારે એનો ત્યાગ કરવો એ વિવેક પ્રાયશ્ચિત્ત છે. આ વિવેક પ્રાયશ્ચિત્તથી કથંચિત અશુદ્ધ આહાર આદિનું ગ્રહણ થવાથી લાગેલા પાપોની શુદ્ધિ એનો પરિત્યાગ કરવાથી થાય છે. આ વિવેકાર્હ દોષ છે. ૪, એકાગ્રતા પૂર્વક શરીર અને વચનના વ્યાપારોનો ત્યાગ કરવો. વ્યુત્સર્ગ છે. વ્યુત્સર્ગથી જે પાપ શુદ્ધ થાય છે તે વ્યુત્સર્ગ છે ૫, અનશન આદિનું કરવું એ તપ છે, આ તપ પ્રાયશ્ચિત્તમાં નિર્વિકૃતિથી લઇને છ મહિના સુધી અનશન આદિ બાહ્ય તપ કરવામાં આવે છે. ૬, દોષના અનુસાર દિવસ, પક્ષ, માસ આદિની પ્રવ્રજ્યા ઘટાડી દેવી છેદ છે. આ પ્રાયશ્ચિત્ત છેદાર્હ માનવામાં આવેલ છે. ૭, જેમાં મૂલતઃ દીક્ષા પર્યાયનો છેદ કરવામાં આવે, અને પછી નવી દીક્ષા આપવામાં આવે તે મૂલાર્હ પ્રાયશ્ચિત્ત છે ૮, એવો દોષ બની જાય કે, જેનાથી સાધુ ઉપસ્થાપનાને પણ યોગ્ય ન રહે, એ સમયે ગુરૂમહારાજ એના માટે જે તપ અનુષ્ઠીત કરવાને માટે કહે એ તપ જ્યાં સુધી કરવામાં ન આવે, ત્યાં સુધી વ્રતોમાં સ્થાપિત ન કરવા અને તપ જ્યારે કરી લેવામાં આવે ત્યારે શુદ્ધિ થયા પછી વ્રતોમાં સ્થાપિત કરવા એનું નામ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત છે. ૯, જેનું સેવન કરવાથી જીવ લિંગ, ક્ષેત્ર, કાળ, અને

તપની અપેક્ષા પાર પહોંચી જાય છે. અથવા પ્રાયશ્ચિત્તોની પાર પહોંચી જાય છે. આનું નામ પારાંચિત પ્રાયશ્ચિત્ત છે. ૧૦, આનાથી ઉત્કૃષ્ટ બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. આ સહુથી ઉંચું પ્રાયશ્ચિત્ત છે. આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત નામનું આ દશવિધ આભ્યંતર તપ થાય છે. ॥૩૧॥

વિનય કા વર્ણન

વિનય તપનો આ પ્રકાર છે—"अब्भुट्ठाणं" ઈત્યાદિ!

અન્વયાર્થ—अब्भुट्ठाणं-अभ्युत्थानम् ગુરૂ આદિ માન્ય જનોની સામે સન્માન પ્રદર્શિત કરવા માટે ઉભા રહેવું, અભ્યુંત્થાન છે. अंजलिकरणं-अञ्जलि करणं બન્ને હાથોને એમની સામે જોડવા અંજલિ કરણ છે. तहेव मासणदायणं-तथैवासनदानम् એમને ઉચ્ચ આસને બેસાડવા તે આસન દાન છે. गुरुभत्ति भावसुस्सूसा-गुरुभक्तिर्भावशुश्रूषा ગુરૂના વિષયમાં અનુરાગ રાખવો તે ગુરૂભક્તિ છે. અને અંતઃકરણથી ગુરૂ વચનોને સાંભળવાની આકાંક્ષા રાખવી, એમની આજ્ઞાનું પાલન કરવાની પ્રતિક્ષામાં રહેવું તે ભાવ સુશ્રૂષા છે. एस विणओविया-हिओ-एषः विनयः व्याख्यातः અથવા આદર પૂર્વક ગુરૂજનોની સેવા કરવી એ સઘળાં વિનય તપ છે. ॥૩૨॥

વૈયાવૃત્ય કા વર્ણન

વૈયાવૃત્યનો આ પ્રકાર છે.—"आयरिय" ઈત્યાદિ!

અન્વયાર્થ—आयरिय माईए दसविहे वेयावच्चंमि-आचार्यादिके दशविधे વૈયાવૃત્યે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ સાધર્મિક કુળ, ગણ, સંઘ, આ ભેદોથી વૈયાવૃત્ય તપ દસ પ્રકારનું હોય છે. આ તપમાં आसेवणं जहा थामं वेयावच्चं तमाहि -आसेवनं-यथास्थाम वैयाघ्रात्यं तदाख्यातम् પોતાની શક્તિના અનુસાર આચાર્ય આદિકોના માટે આહાર આદિનું લાવી આપવું એજ એમની સેવા છે, અને એજ વૈયાવૃત્ય તપ છે. ॥૩૩॥

સ્વાધ્યાય કા વર્ણન

સ્વાધ્યાય તપ આ પ્રકારનું છે—"વાયણા" ઇત્યાદિ

અન્વયાર્થ—સજ્ઝાયો પંચહા ભવે-સ્વાધ્યાયઃ પઞ્ચધા ભવતિ મર્યાદા અનુસાર સારી રીતે અધ્યયન કરવું તેનું નામ સ્વાધ્યાય છે. આ સ્વાધ્યાય અન્તરંગ તપ છે આ પાંચ પ્રકારનું છે. એ પાંચ પ્રકાર આ છે-વાયણા પુચ્છણા ચેવ તહેવ પરિયટ્ટણા અણુપ્પેહા ધમ્મકહા-વાચના પૃચ્છના ચૈવ તથૈવ પરિવર્તના અનુપ્રેક્ષા ધર્મકથા વાંચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા, વાચના આદિકોનો અર્થ પહેલાં ઓગણત્રીસમા અધ્યયનમાં કહેવાઈ ગયેલ છે. ॥૩૪॥

ધ્યાનતપ ઔર વ્યુત્સર્ગતપ કા વર્ણન

ધ્યાનનું સ્વરૂપ આ પ્રમાણે છે—"અટ્ટરુદ્દાણિ" ઇત્યાદિ!

અન્વયાર્થ—સુસમાહિએ-સુસમાહિતઃ સમાહિત સાધુદ્વારા અટ્ટરુદ્દાણિ વાજ્જિત્તા-આર્તરૌદ્રે વર્જયિત્વા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પરિત્યાગ કરીને જે ધમ્મ સુક્કાઈ ઝ્ઝાણાઇં ઝ્ઝાએજ્જા-ધર્મશુક્લે ધ્યાને ધ્યાયતિ ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે ધ્યાન ધરવામાં આવે છે તેને જ તીર્થંકરાદિક દેવ ધ્યાન નામનું તપ કહે છે.॥૩૫॥

"સયણાસણ" ઇત્યાદિ!

અન્વયાર્થ—સયણાસણઠાણે વા જેઉ ભિક્ખુ ન વાવરે-શયનાસનસ્થાને વા યસ્તુ ભિક્ષૂર્નવ્યાપ્રિયતે સુવામાં, બેસવામાં, અથવા ઉર્ધ્વસ્થાન-ઉભારહેવામાં જે ભિક્ષુ વ્યાપૃત થતા નથી. કાયસ્સ ઉ વિઉસ્સગ્ગો-કાયસ્ય તુ વ્યુત્સર્ગઃ આ શારીરિક વાતોમાં જે અહંતા તથા મમતાનો પરિત્યાગ કરે છે એને જ છટ્ઠો સો પરિકિત્તિઓ-ષષ્ઠં તત્ પરિકીર્તિતમ્ આ છઠ્ઠા વ્યુત્સર્ગ નામનું અભ્યંતર તપ થાય છે. આ વ્યુત્સર્ગ તપ અનેક પ્રકારનું છે.

જેવી રીતે કે-"દવ્વે ભાવે ય તહા દુવિહુસ્સગ્ગો ચઉવ્વિહો દવ્વે।
ગણદેહો વહિ ભત્તે ભાવે કોહાઇ ચાઓત્તિ ॥૧॥"

દ્રવ્ય વ્યુત્સર્ગ તથા ભાવવ્યુત્સર્ગ આમ વ્યુત્સર્ગ બે પ્રકારના હોય છે. જેમાં દ્રવ્યવ્યુત્સર્ગ ચાર પ્રકારના છે. ગુણવ્યુત્સર્ગ, દેહવ્યુત્સર્ગ, ઉપધિવ્યુત્સર્ગ, અને ભક્તવ્યુત્સર્ગ, ભાવવ્યુત્સર્ગ પણ ચાર પ્રકારના છે. ક્રોધવ્યુત્સર્ગ માનવ્યુત્સર્ગ, માયાવ્યુત્સર્ગ અને લોભવ્યુત્સર્ગ. ॥૩૬॥

અધ્યયન કા ઉપસંહાર ઔર દો પ્રકાર કે તપ કે ફલકા વર્ણન

આ અધ્યયનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર બન્ને પ્રકારના તપનું ફળ બતાવે છે.—'एवं' ઇત્યાદિ.

અન્વયાર્થ—एवं तपं तु दुविहं–एवं तपस्तु द्विविधं આ પ્રમાણે બાહ્ય અને અભ્યંતરના ભેદથી દ્વિવિધ તપને जे मुणी सम्मं आयरे–यः मुनिः सम्यगाचरति જે મુનિજન સારી રીતે પાલન કરે છે सो पंडिए–सः पण्डितः એજ સાચો પંડિત છે. અને खिप्पं सव्वसंसारा विप्पमुच्चइ–क्षिप्रं सर्वसंसाराद् विप्रमुच्यते એજ આ સંસારમાં શીઘ્ર પાર થાય છે. એવું હું કહું છું ॥૩૭॥

આ ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીસમું અધ્યયન સંપૂર્ણ થયું. ॥૩૦॥

ઇકતીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર ચરણવિધિ કા વર્ણન

એકત્રીસમા અધ્યયનનો પ્રારંભ—

ત્રીસમું અધ્યયન સમાપ્ત થઈ ગયેલ છે. હવે એકત્રીસમાં અધ્યયનની શરૂઆત થાય છે. આ અધ્યયનનો ત્રીસમા અધ્યયનની સાથેનો સંબંધ આ પ્રમાણે છે—ત્રીસમાં અધ્યયનમાં તપનું અનુષ્ઠાન કરવાનું બતાવવામાં આવેલ છે. એ તપ અનુષ્ઠાન ચારિત્રશાળીને જ સફળ થાય છે. આથી આ એકત્રીસમા અધ્યયનમાં એ ચારિત્રનું પ્રતિપાન કરવામાં આવશે. આ સંબંધને લઇને આ અધ્યયન કહેવાઇ રહ્યું છે. આ અધ્યયનનું નામ ચરણવિધિ છે. કારણ કે, આ એ ચરણની વિધિના બોધક છે. આની પ્રથમ ગાથા આ છે—

"चरणविहिं" ઇત્યાદિ.

અન્વયાર્થ—जीवस्स उ सुहावहं चरणविहिं पवक्खामि–जीवस्यतु सुखावहं

चरणविधिं प्रवक्ष्यामि જીવને નિશ્ચયથી સુખને આપનાર ચરણવિધિને હું કહું છું. जं चरित्ता बहू जीवा संसारसागरम् तिण्णा–यत् चरित्वा बहवः जीवाः संसारसागरम् तीर्णाः આ ચરણ ચારિત્રને પાળીને અનેક જીવ આ સંસાર સાગરથી પાર થઈ ગયા છે. મોક્ષાભિલાષીઓ દ્વારા જેનું સેવન કરવામાં આવે છે એનું નામ ચારિત્ર છે. અથવા સંસારરૂપ સમુદ્રને જેના પ્રભાવથી જીવ પાર કરી જાય છે. એ ચારિત્ર છે, આ મૂળ ગુણરૂપ છે. આગમમાં આનું પાલન કરવાની જેવી વિધિ બતાવવામાં આવેલ છે. એ પ્રમાણે એનું પાલન કરવું એ ચરણ વિધિ છે. આ વિધિના અનુસાર ચારિત્રની આરાધના કરીને જ અનેક જીવ આ સંસારથી પાર થાય છે. આથી સૂત્રકાર અહીં એ ચારિત્રની વિધિને કહે છે. ॥૧॥

હવે સૂત્રકાર એગણીસ ગાથાઓથી ચારિત્રની વિધિ કહે છે–"एगओ" ઈત્યાદિ.

અન્વયાર્થ—સાધુ एगसो विरइंकुज्जा एगओय पवत्तणं–एकतः विरतिं कुर्यात् एकतश्च प्रवर्तनम् એક સ્થાનથી વિરતિ કરે તથા બીજા સ્થાનમાં પ્રવૃતિ કરે. અર્થાત્ असंयमे नियर्तिं च संजमेय पवत्तणं-असंयमे निवृर्तिं संयमे च प्रवर्त्तनम् પ્રાણાતિપાતાદિરૂપ અસંયમથી જીવ નિવૃત્તિ કરે અને સાવદ્ય વિરતિ લક્ષણરૂપ ચારિત્રમાં પ્રવૃત્તિ કરે. અસંયમથી દૂર ખસીને સંયમમાં પ્રવૃત્તિ કરવી આનું જ નામ ચારિત્ર છે. ॥ ૨ ॥

"रागदोसे य" ઈત્યાદિ.

અન્વયાર્થ—જે ભિક્ખૂ જે ભિક્ષુઃ જે મુનિ पावकम्मपवत्तणे–पापकर्म पवर्त्तनौ જીવને પાપ કર્મરૂપ જ્ઞાનાવરણિયાદિકોમા પ્રવૃત્તિ કરવાવાળા रागदोसेय तिच्चं रुंभइ–रागद्वेषो नित्यं रुणद्धि રાગદ્વેષોને નિત્ય હઠાવે છે से मंडले न अच्छइ–स मंडले नास्ते તે આ સંસારમાં રહેતા નથી.

ભાવાર્થ—રાગદ્વેષ જીવને પાપકર્મોમાં પ્રવૃત્તિ કરવાવાળા છે, આથી એવું સમજીને જે જીવ એનામાં પ્રવૃત્તિ ન કરતાં જ્યારે તે ઉદિત બની જાય છે ત્યારે તેને ક્ષાન્ત્યાદિક દ્વારા તથા એના ઉદયને એના સ્વરૂપ ચિંતવન દ્વારા રોકી લ્યે છે, તે ભિક્ષુ આ સંસારથી પાર થઈ જાય છે. ॥ ૩ ॥

"दंडाणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—જે ભિક્ખૂ–यः भिक्षुः જે ભિક્ષુ दंडाणं तियं गारवाणं सल्लाणं तियं चयइ–दण्डकानां त्रिकं गौरवाणां त्रिकं शल्यानां त्रिकं त्यजति मनोदंड, वाग्दंड,

કાયદંડરૂપ ત્રણ દંડોને ઋદ્ધિગૌરવ, રસગૌરવ, સાતગૌરવરૂપ ત્રણ ગૌરવોને તથા માયા, મિથ્યા અને નિદાન, આ ત્રણ શલ્યોને છોડી દે છે. સે મંડલે ન અચ્છઇ-સ મણ્ડલે નાસ્તે તે આ સંસારથી પાર થઈ જાય છે. ॥૪॥

"દિવ્વેય" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યે ભિક્ષુઃ જે ભિક્ષુ દિવ્વે ય જે ઉવસગ્ગે તહા તેરિચ્છ માણુસે-દિવ્યાન્ ઉપસર્ગાન્ તથા તૈરશ્ચમાનુષાન્ દેવકૃત અનુકૂળ, પ્રતિકૂળ ઉપસર્ગોને તિર્યંચકૃત તથા મનુષ્યકૃત ઉપસર્ગોને સહન કરી લે છે. સ મંડલે ન અચ્છઇ-સ મણ્ડલે નાસ્તે તે આ સંસારથી મુક્ત થઇ જાય છે.

ભાવાર્થ—તપસ્વિઓની દેવતા પરીક્ષા કર્યા કરે છે, એ પરીક્ષામાં તેઓ એના ઉપર અનેક પ્રકારના ઉપસર્ગ કરે છે. એ ઉપસર્ગ અનુકૂળ પણ હોય છે તથા પ્રતિકૂળ પણ. કોઇ વખતે તેઓ ખુશ મિજાજ બનીને એના ઉપર ઉપસર્ગ કરે છે. તો કદીક પૂર્વભવના દ્વેષના કારણે. ત્યારે કોઇ વખત એ તપસ્યામાં કેટલા દૃઢ છે. આ ભાવનાથી પ્રેરાઈને એના ઉપર નાના પ્રકારના ઉપસર્ગ કરે છે. કોઈ વખતે હાંસી અને દ્વેષ બન્નેથી મિશ્રિત થઇને, કદીક હાંસી, દ્વેષ અને પરીક્ષાની ભાવનાથી પ્રેરાઈને ઉપસર્ગ કરે છે, આજ પ્રમાણે તિર્યંચ પણ સાધુઓ ઉપર અનેક પ્રકારના ઉપસર્ગ કરે છે. જ્યારે એ ભયભીત થઈ જાય છે ત્યારે એ અવસ્થામાં તે એને કરડી ખાય છે. સિંહાદિક જનવર એના ઉપર પ્રહાર કરે છે. પૂર્વભવના વેરથી પણ ઉપસર્ગ કરતા જોવામાં આવે છે. જેમ ચંડ કૌશિક સાપ ભગવાન મહાવીરને કરડ્યો હતો. આહારના નિમિત્ત સિંહાદિક ઉપસર્ગ કરે છે, આ વાત પ્રસિદ્ધ જ છે. કાગડી આદિ પક્ષી પોતાના માળાની તથા બચ્ચાની રક્ષા નિમિત્ત ચાંચો દ્વારા વિવિધ પ્રકારનો ઉપદ્રવ કરે છે. મનુષ્ય પણ હાંસીથી, પ્રદ્વેશથી, પરીક્ષા કરવાના અભિપ્રાયથી, તથા કુશિલ પ્રતિસેવના કરવાના ભાવથી સાધુ, સાધ્વિઓ ઉપર ઉપસર્ગ કરે છે. આજ પ્રમાણે સાધુઓ ઉપર ઘટ્ટન, પ્રપતન, સ્તમ્ભન, સંશ્લેષણથી ઉદ્ભૂત એવા ઉપસર્ગ પણ આવે છે. અથવા વાત; પિત્ત અને કફ તથા સંનિપાતથી જાયમાન ઉપસર્ગ ઉદ્ભૂત થાય છે. સાધુઓનું કર્તવ્ય છે કે, તે આવા સઘળા ઉપસર્ગોનું ક્ષમતા ભાવથી સહન કરે. આના સહન કરવાથી તે સંસારથી મુક્ત બની જાય છે. ॥ ૫ ॥

"વિગહા" ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુ જે ભિક્ષુ વિગહા કસાય સન્નાણં જ્ઝાણાણં ચ દુયં નિચ્ચં જયઇ સે મંડલે ન અચ્છઇ-વિકથા કષાયસંજ્ઞાનાં ધ્યાનયોશ્ચદ્વિકં નિત્યં વર્જયતિ સ મંડલે નાસ્તે સ્ત્રી કથા, ભક્ત કથા, દેશકથા તથા રાજકથા

આવી ચાર વિકથાઓનું ક્રોધ, માન, માયા તથા લોભ. આ ચાર કષાયોનો આહારસંજ્ઞા, ભયસંજ્ઞા. મૈથુનસંજ્ઞા તથા પરિગ્રહસંજ્ઞા આ ચાર સંજ્ઞાઓનો, આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન આ બે દુર્ધ્યાનોનો સદા પરિત્યાગ કરતા રહે છે. તે આ સંસારથી પાર થઈ જાય છે. ॥ ૬ ॥

" वएसु " ઇત્યાદિ।

અન્વયાર્થ—જે भिक्खू-यः भिक्षुः જે ભિક્ષુ वएसु इंदियत्थेसु समिईसुय किरियासु निच्चं जयइ स मंडले न अच्छइ-व्रतेषु इन्द्रियार्थेषु समितिषु च क्रियासु नित्यं यतते स मण्डले नास्ते પ્રાણાતિપાત, વિરમણ આદિરૂપ મહાવ્રતોમાં શબ્દાદિક ઇન્દ્રિયોના વિષયોમાં, ઇર્યા સમિતિ આદિ પાંચ સમિતિયોમાં, તથા કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પરિતાપનિકી, અને પ્રાણાતિપાતિકી, રૂપ પાંચ ક્રિયાઓમાં નિત્ય પ્રયત્નશીલ રહે છે. અર્થાત્ મહાવ્રતો તથા સમિતિઓનું જે સારી રીતે પાલન કરે છે ઇન્દ્રિયોના વિષયોમાં જે રાગદ્વેષ કરતા નથી. પાંચ ક્રિયાઓનું જે પરિવર્તન કરે છે તે ભિક્ષુ સંસારમાં ભ્રમણ કરતા નથી. ॥ ૭ ॥

" लेसासु " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે भिक्खू-यः भिक्षुः જે ભિક્ષુ छसु काएसु छक्कं आहारकारणे निच्चं जयई से मंडले न अच्छइ-षट्सु लेश्यासु कायेसु षट्के नित्यं यतते स मंडले नास्ते છ પ્રકારની લેશ્યાઓમાં, પૃથિવ્યાદિક ષટ્કાયમાં, આહાર કરવાના છ કારણોમાં, તથા આંતક ઉપસર્ગ આદિ છ પ્રકારનાં આહાર વર્જનોનાં કારણોમાં. નિત્ય પ્રયત્નશાળી રહે છે તે સંસારથી પાર થઇ જાય છે. છવીસમા અધ્યયનમાં તેત્રીસ અને પાંત્રીળ ગાથામાં આનું વર્ણન કરવામાં આવેલ છે. અર્થાત્ અધર્મરૂપ અશુભ લેશ્યાઓનો જે ત્યાગ કરી દે છે તથા પૃથવ્યાદિક છ કાયના જીવોની રક્ષા કરે છે, તેમજ આહારના છ પ્રકારના કારણોને સમજે છે એ ભિક્ષુ મોક્ષમાં જઈને વાસ કરે છે ॥ ૮ ॥

" पिंडोग्गह० " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે भिक्खू पिंडोग्गहपडिमासु सत्तसु भयट्ठाणेसु निच्च जयइ से मंडले न अच्छइ-यः भिक्षुः पिण्डावग्रहप्रतिमासु सप्तसु भयस्थानेषु नित्यं यतते स मंडले नास्ते જે ભિક્ષુ આહાર ગ્રહણરૂપ સંસૃષ્ટાદિ સાત એષણાઓમાં અધ્યયન ત્રીસમામાં સંસૃષ્ટાદિક એષણાઓ કહેવાઈ ચૂકેલ છે એનું વર્ણન ત્યાંથી જોઇ લેવું જોઈએ. તથા સાત ભય સ્થાનોમાં નિત્ય પ્રયત્નશીલ રહે

છે. એ સંસારથી પાર થઈ જાય છે. તાત્પર્ય આનું એ છે કે, સંસૃષ્ટાદિક એષણાઓનું પાલન કરે છે. તથા ભય મોહનીય કર્મના ઉદયથી ઉદ્‌ભૂત આત્મ પરિણતિરૂપ ભયના સ્થાનમાં નિડર રહે છે, અર્થાત્ નિર્ભય રહે છે એ સંસારથી પાર થઈ જાય છે. ॥ ૯ ॥

" मएसु " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે भिक्खू मएसु बम्भगुत्तीसु दसविहे भिक्खु धम्मंमि निच्चं जयई से मंडले न अच्छइ-यः भिक्षुः मदेषु ब्रह्मच गुप्तिषु दशविधभिक्षुधर्मे नित्यं यतते स मंडले नास्ते જે ભિક્ષુ જાતિ મદ આદિ આઠ મદોમાં, તથા નવ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિઓમાં અને દસ પ્રકારના ભિક્ષુ ધર્મોમાં પ્રયત્નશીલ રહે છે, તે આ સંસારને પાર કરી જાય છે. તથા જાતિ આદિ આઠ મદોને જે કરતા નથી, બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓને જે પાળે છે અને ક્ષમા આદિ રૂપ દસ યતિ ધર્મોનું સંપૂર્ણતઃ આચરણ કરે છે. એ આ સંસારમાં ભટકતા નથી ॥૧૦॥

" उवासगाणं " ઇત્યાદિ.

અન્વયાર્થ –જે भिक्खू उवासगाणं पडिमासु भिक्खूणं पडिमासु य निच्चं जयई से मंडले नास्ते-यः भिक्षुः उपासकानां प्रतिमासु भिक्षुणां प्रतिमासु च नित्यं यतते स मंडले नास्ते જે મુનિ શ્રાવકની અગ્યાર પ્રતિમાઓમાં, તથા તથા મુનિઓની બાર પ્રતિમાઓમાં નિત્ય પ્રયત્નશીલ રહે છે. એ સંસાર સાગરથી તરી જાય છે. ॥ ૧૧ ॥

" किरियासु " ઇત્યાદિ।

અન્વયાર્થ—જે भिक्खू किरियासु भूयग्रामेसु परमाहम्मिएसु य निच्चं जयई से मंडले न अच्छइ-यः भिक्षुः क्रियासु भूतग्रामेषु परमाधार्मिकेषु च नित्यं यतने स मंडले नास्ते જે ભિક્ષુ ક્રિયાઓમાં, ભૂત ગ્રામોમાં અને પરમાધાર્મિકોમાં નિત્ય પ્રયત્નશાળી રહે છે એ સંસારથી પાર થઈ જાય છે.

ભાવાર્થ—કર્મબંધની કારણભૂત ચેષ્ટાઓનું નામ ક્રિયા છે, એ અર્થ અને અનર્થના ભેદથી તેર પ્રકારની છે. (૧) અર્થક્રિયા, (૨) અનર્થક્રિયા, (૩) હિંસાક્રિયા, (૪) અકસ્માત્ ક્રિયા, (૫) દૃષ્ટિક્રિયા, (૬) મૃષાક્રિયા, (૭)

અદત્તક્રિયા, (૮) આધ્યાત્મિકક્રિયા, (૯) માનક્રિયા, (૧૦) મૈત્રીક્રિયા, (૧૧) માયાક્રિયા, (૧૨) લોભક્રિયા, (૧૩) ઐર્યાપથિકીક્રિયા. ભૂતગ્રામ ચૌદ પ્રકારના હોય છે. તે આ પ્રકારથી એકેન્દ્રિય સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારનાં છે. તથા સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદથી પંચેન્દ્રિય જીવ બે પ્રકારના છે. તથા બે ઈન્દ્રિયવાળા, અને ચાર ઈન્દ્રિયવાળા એ ત્રણને મેળવવાથી સાત થયાં આ સાતે પર્યાપ્ત અપર્યાપ્તના ભેદથી ચૌદ પ્રકારના થાય છે. આ પ્રમાણે ભૂત ગ્રામ ચૌદ પ્રકારનાં હોય છે. અથવા ઉચ્ચાર–પાસવણ આદિ જે ચૌદ સંમૂર્ચ્છિમ છે તે ભૂતગ્રામ છે. ધર્માત્માઓને ધાર્મિક કહે છે, જે એવા નથી તે અધાર્મિક છે. સઘળા અધર્માત્માઓમાં જે પ્રધાનભૂત મનાય છે તે પરમાધાર્મિક કહેવાયેલ છે. એ પંદર આ પ્રમાણે છે—૧ અંબ, ૨ અંબર્ષિ, ૩ શ્યામ, ૪ રૂદ્ર, ૫ ઉપરૂદ્ર, ૬ કાળ, ૭ મહાકાળ, ૮ શબલ, ૯ અસિપત્ર, ૧૦ ધનુ, ૧૧ કુમ્ભ, ૧૨ બાલુકા, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, અને ૧૫ મહાઘોષ.॥૧૨॥

" गाहासोलसएहिं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ–યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ गाहासोलसएहिं–गाथाषोडशकैः સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોમાં તથા अस्संजमंमि–असंयमे च સત્તર પ્રકારના અસંયમમાં તથા સત્તર પ્રકારના સંયમમાં પણ निच्चं जयई–नित्यं यतते સદા પ્રયત્નશીલ રહે છે. से मण्डले न अच्छइ–स मंडले नास्ते તે આ સંસારથી પાર થઈ જાય છે. અર્થાત્ જે અસંયમના ત્યાગમાં અને સંયમના પાલનમાં સાવધાન રહે છે તે ભિક્ષુ સંસારમાં ભ્રમણ કરતા નથી.॥૧૩॥

" बंभंमि " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ–યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ बंभंमि नायज्झयणेसु ठाणेसु असमाहिए निच्चं जयई से मंडले न अच्छइ–ब्रह्मणि ज्ञाताध्ययनेषु स्थानेषु असमाधेः नित्यं यतते स मंडले नास्ते અઢાર પ્રકારના બ્રહ્મચર્યમાં, જ્ઞાતાધ્યયનોમાં ઉત્ક્ષિપ્ત જ્ઞાત આદિ ઓગણીસ જ્ઞાતોમાં તથા સમાધીના વીસ સ્થાનોમાં સદા પ્રયત્નશીલ રહે છે તે ભિક્ષુ સંસારથી પાર થઈ જાય છે. ॥ ૧૪ ॥

" एगवीसाए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ એગવીસાએ સબલે-એકવિંશતૌ શબલેષુ એકવીસ પ્રકારના સબળ દોષોમાં તથા બાવીસાએ પરીસહે-દ્વાવિંશતૌ પરીષહેષુ બાવીસ પ્રકારના પરીષહોમાં નિચ્ચં જયઈ-નિત્યં યતતે સદા સાવધાન રહે છે સે મંડલે ન અચ્છઇ-સમંડલે નાસ્તે તે ભિક્ષુ આ સંસારમાં ભ્રમણ કરતા નથી. ॥ ૧૫ ॥

" તેવીસાઇ " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ તેવીસાઇ સૂયગડે-ત્રયોવિંશતિ સૂત્રકૃતે સૂત્રકૃતાંગના ત્રેવીસ અધ્યયનોમાં, તથા, રૂવાહિએસુ સુરેસુ ય-રૂપાધિકેષુ સુરેષુ ચ ચોવીસ પ્રકારના કલ્પવાસીયોમાં, દસ પ્રકારના ભવનવાસીયોમાં. આઠ પ્રકારના વ્યન્તર દેવોમાં, પાંચ પ્રકારના જ્યોતિષિયોના વિષયમાં નિચ્ચં જયઈ-નિત્યં યતતે યથાવત્ પ્રરૂપણા કરવાથી પ્રયત્નશીલ રહે છે તે સે મંડલે ન અચ્છઇ-સ મંડલે નાસ્તે સંસારથી પાર થઈ જાય છે. ॥ ૧૬ ॥

" પણવીસ " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ભિક્ખૂ યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ પણવીસ ભાવણાસુ ઉદ્દેસેસુ દસાણં નિચ્ચં જયઈ સે મડલે ન અચ્છઇ-પંચવિંશતૌ ભાવનાસુ ઉદ્દેશેષુ દશાદીનામ્ નિત્યં યતતે સ મંડલે નાસ્તે મહાવ્રતોની પચીસ ભાવનાઓમાં તથા દશાકલ્પ વ્યવહારોના છવિસ ઉદ્દેશન કાળોમાં નિત્ય પરિભાવના અને પ્રરૂપણા આદિ દ્વારા પ્રયત્નશીલ રહે છે તે આ સંસારથી પાર થઈ જાય છે. ॥ ૧૭ ॥

" અણગાર ગુણેહિં " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ અણગારગુણેહિં-અનગાર ગુણૈશ્ચ સત્યાવીસ અણગાર ગુણોમાં તથા પગપ્પમ્મિ તહેવય-પ્રકલ્પે તથૈવ ચ સાધુ મર્યાદાને બતાવવાવાળા આચારાંગ સૂત્રના શસ્ત્ર પરિજ્ઞા આદિ અઠ્યાવીસ અધ્યયનોની યથાવત્ આસેવનાથી તથા પ્રરૂપણા કરવાથી નિચ્ચં જયઈ-નિત્યં યતતે નિત્ય ઉપયુક્ત રહે છે. સે મંડલે ન અચ્છઇ-સ મંડલે નાસ્તે તે સંસારમાં ભ્રમણ કરતા નથી. ॥ ૧૮ ॥

" પાવસુય " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ પાવસુયપસંગેસુ મોહઠાણેસુ ય નિચ્ચં જયઈ સે મંડલે નાસ્તે-પાપશ્રુતપ્રસંગેષુ મોહસ્થાનેષુ ચ નિત્યં યતતે સ મંડલે નાસ્તે પાપજનક શ્રુતના પ્રસંગમાં તથા મોહના સ્થાનોમાં નિત્ય સાવધાન રહે છે તે આ સંસારથી પાર થઇ જાય છે. પપશ્રુત પ્રસંગ ઓગણત્રીસ પ્રકારના તથા મોહસ્થાન ત્રીસ પ્રકારનાં છે. ॥ ૧૯ ॥

" સિદ્ધાઇ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે ભિક્ખૂ-યઃ ભિક્ષુઃ જે ભિક્ષુ સિદ્ધાદિગુણ જોગેસુ-સિદ્ધાદિ-ગુણયોગેષુ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ વેળાએ જ યુગપત સ્થાયી, ક્રમભાવી નહીં,

એવા સિદ્ધોના એકત્રીસ ગુણોમાં, તથા શુભ વ્યાપારરૂપ આલોચનાદિક બત્રીસ ગુણોમાં અને તેત્તીસાસાયણાસુ ય-ત્રયસ્ત્રિંશદાશાતનાસુ ચ અર્હદાદિ વિષયક તેત્રીસ આશાતનાઓમાં નિચ્ચં જયઈ સે મંડલે ન અચ્છઇ-નિત્યં યતતે સ મંડલે નાસ્તે સદા પ્રયત્નશાળી રહે છે-અર્થાત્ સિદ્ધોના ગુણોમાં શ્રદ્ધાન કરે છે, તથા આલોચનાદિકોનું સેવન કરે છે. અને આશાતનાઓનો પરિહાર કરે છે, એ સંસારથી પાર બની જાય છે. આ અધ્યયનમાં એક સ્થાનથી લઈને તેત્રીસ સ્થાન બતાવેલ છે. આ સહુનું વિસ્તાર પૂર્વક વર્ણન આવશ્યક સૂત્રની મુનિતોષિણી ટીકામાં કરવામાં આવેલ છે. ॥ ૨૦ ॥

અન્વયાર્થ--ઇઇ એએસુ ઠાણેસુ-ઇત્યેતેષુ સ્થાનેષુ આ પ્રમાણે એ સ્થાનોમાં જે ભિક્ખૂ સયા જયઇ-યો ભિક્ષુઃ સદા યતતે જે મેધાવી ભિક્ષુ સદા પ્રયત્નશીલ રહે છે. સે ખિપ્પં સવ્વસંસારા વિપ્પમુચ્ચઇ-સ ક્ષિપ્રં સર્વસંસારાદ્ વિપ્રમુચ્યતે તે શીઘ્ર ચતુર્ગતિરૂપ સમસ્ત સંસારસાગરને તરી જાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આ ચરણવિધિ નામનું એકત્રીસમું અધ્યયન સંપૂર્ણ. ૩૧

બતીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર પ્રમાદસ્થા કા વર્ણન

બત્રીસમા અધ્યયનની શરૂઆત

એકત્રીસમા અધ્યયનમાં જે ચારિત્રની વિધિ કહેવાયેલ છે તે પ્રમાદ સ્થાનના પરિહારથી જ આરાધિત થઈ શકે છે. પ્રમાદ સ્થાનનો પરિહાર જીવ ત્યાં સુધી કરી ન શકે, જ્યાં સુધી એને તેનું પરિજ્ઞાન ન થઈ જાય. વિષનો પરિત્યાગ વિષથી જ થાય છે. એ રીતે વિષજ્ઞાન આવશ્યક છે. આથી સૂત્રકાર આ બત્રીસમા અધ્યયન દ્વારા એ પ્રમાદસ્થાનનું પરિજ્ઞાન સમજાવશે. આ કારણે આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. આ અધ્યયનનું નામ 'પ્રમાદસ્થાન' છે. જેની પ્રથમ ગાથા આ છે—" અચ્ચંત " ઇત્યાદિ!

અહીં જમ્બૂસ્વામીને સંબોધન કરતાં શ્રી સુધર્માસ્વામી કહી રહ્યા છે કે, હું એકાન્ત હિતકારી હિત સ્વરૂપ અર્થને કહું છું, જેને તમે સાંભળો—

અન્વયાર્થ—અચ્ચંતકાલસ્સ–અત્યન્તકાલસ્ય અનાદિકાળથી આ જીવની સાથે લાગેલા તથા સમૂલયસ્સ–સમૂલકસ્ય મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય આ જેનું મૂળકારણ છે, એવા સવ્વસ્સ દુક્ખસ્સ–સર્વસ્ય દુઃખસ્ય શારીરિક અને માનસિક સઘળા દુઃખોની અથવા નરકાદિગત ચતુષ્ટયરૂપ દુઃખની અધિકતાનો આશ્રય હોવાથી સંસારની જે જો પમોક્ખો–યઃ પ્રમોક્ષઃ આત્યંતિક નિવૃત્તિ છે એજ મોક્ષ છે. એ મોક્ષ એગંતહિયં–એકાન્તહિતમ્ એકાન્તરૂપથી કલ્યાણકારી છે. આથી તં–તમ્ એવા કલ્યાણકારી એ મોક્ષને ભાસઓ–ભાષામાણસ્ય જે રીતે એ જીવને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે કહેનાર મે–મે મારી પાસે પડિપુણ્ણચિત્તા–પ્રતિપૂર્ણચિત્તઃ એકાગ્રચિત્ત બનીને તમારા હિતાર્થનું કથન તમે સાંભળો.

ભાવાર્થ—અનાદિકાળથી આ જીવની સાથે જે મિથ્યાત્વ આદિ કારણવાળા શારીરિક અને માનસિક દુઃખ લાગેલ છે. એની જ્યારે અત્યંતિક નિવૃત્તિ થઈ જાય છે. આનું જ નામ મુક્તિ છે. એ દુઃખાભાવરૂપ નથી. આ મુક્તિ જીવને કઈ રીતે પ્રાપ્ત થાય છે. આ વાત સૂત્રકાર શિષ્યોને સમજાવે છે. અને સાથે સાથ એ પણ બતાવે છે કે, આ એકાન્તહિત વિધાયક છે. ॥ ૧ ॥

હવે દુઃખથી છુટવાનો ઉપાય કહેવામાં આવે છે—"નાણસ્સ" ઇત્યાદિ!

અન્વયાર્થ—સવ્વસ્સ નાણસ્સ પગાસણાએ અન્નાણમોહસ્સ વિવજ્જણાએ એગસ્સ દોસસ્સ ય સંખયણં એગંતસુખં મોક્ખં સમુવેઇ–સર્વસ્ય જ્ઞાનસ્ય પ્રકાશનયા અજ્ઞાનમોહસ્ય ચ વિવર્જનયા રાગસ્ય દ્વેષસ્ય ચ સંક્ષયેણ એકાન્તસૌખ્યં મોક્ષં સમુપૈતિ આત્મા આલિનિબોધક આદિ સઘળા જ્ઞાનોના પ્રકાશનથી તથા અજ્ઞાન અને મોહના પરિહારથી અને રોગ આદિ દ્વેષના સર્વથા ક્ષયથી એકાન્ત સૌખ્ય સ્વરૂપ મોક્ષને પામે છે.

ભાવાર્થ—આ ગાથા દ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રાત્મક મોક્ષ છે. આ સિદ્ધાંતિક માન્યતા પ્રગટ કરવામાં આવી છે. "સર્વસ્ય જ્ઞાનસ્ય પ્રકાશનયા" આ પદ દ્વારા જ્ઞાનાત્મકતા "અજ્ઞાનમોહસ્ય ચ વિવર્જનયા" આ પદ દ્વારા સમ્યગ્દર્શનાત્મકતા તથા "રાગસ્ય દ્વેષસ્ય ચ સંક્ષયેણ" આ પદ દ્વારા સમગ્ર ચારિત્રાત્મકતા સૂત્રકારે બતલાવેલ છે. આ મોક્ષ દુઃખના સંપર્કથી રહિત સુખરૂપ છે. આથી આ દુઃખ ભાવરૂપ નથી. દુઃખનો અત્યંત અભાવ હોવાથી એ આત્માને પ્રાપ્ત થાય છે. તથા દુઃખનો અભાવ ધ્યાન દર્શન અને ચારિત્ર દ્વારા થાય છે. ॥ ૨ ॥

જ્ઞાનાદિકોની પ્રાપ્તિ કેમ થાય છે તેને સૂત્રકાર બતાવે છે–"तस्सेस" ઈત્યાદિ!

અન્વયાર્થ—तस्स–तस्य મોક્ષના ઉપાયભૂત તે સમ્યગ્જ્ઞાનાદિકોની પ્રાપ્તિના હેતુભૂત एसमग्गो–एषो मार्गः આ માર્ગ છે. गुरुविद्धसेवा दूरा बालजणस्स विवज्जणाए–गुरुवृद्धसेवा दूरात् बालजनस्य विवर्जनया ગુરૂજનોની સેવા કરવી તથા વૃદ્ધજનોની સેવા કરવી અને જે બાલ અજ્ઞાની તથા પાસત્થાદિક છે એની સંગતિથી સદા દૂર રહેવું सज्झाय एगंत निसेवणाय–स्वाध्यायकान्तनिषेवणा च નિયમથી સ્વાધ્યાય કરવો અને તે સ્વાધ્યાયમાં सुत्तत्थ संचिंतणया–सूत्रार्थ सञ्चिन्तनता સૂત્રાર્થનો સારી રીતે વિચાર કરવો धीईय–धृतिश्च અને ધૈર્ય રાખવું.

ભાવાર્થ—યથાવસ્થિત શાસ્ત્રના અર્થને જે સમજાવે છે, તે ગુરૂ કહેવાય છે. અથવા ધર્મશાસ્ત્રના અર્થનો જે બીજાઓને ઉપદેશ આપે છે તે ગુરૂ કહેવાય છે, અથવા જે દીક્ષા પ્રદાન કરે છે તે ગુરૂ કહેવાય છે, તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રનું જે પાલન કરે છે તે, તથા જે દીક્ષા પર્યાયમાં મોટા હોય છે, તે પણ ગુરૂ કહેવાય છે. જ્ઞાન દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, આ આચારોથી જે શ્રેષ્ઠ હોય છે તે વૃદ્ધ છે. એમની સાથે વિનયપૂર્વક રહેવું વહેવાર કરવો, વૈયાવૃત કરવી, એ સઘળી ગુરૂ-વૃદ્ધ સેવા છે. તથા ગુરૂકુળમાં રહેવું એ વાત પણ સેવાથી નક્કી થઇ જાય છે. કેમકે, ગુરૂકુળમાં નિવાસ કરવાથી જીવને સમ્યગ્દર્શન આદિકોની પ્રાપ્તિ સુલભ થાય છે. કહ્યું પણ છે–

ગુરૂકુળમાં નિવાસ કરનાર પ્રાણી જ્ઞાન, દર્શન અને ચારિત્રને પાત્ર બની જાય છે, ધન્ય છે, એ જીવને કે જે, જીવનપર્યંત ગુરૂકુળના વાસને છોડતા નથી. તથા પાસત્થાદિકોનો સમાગમ આ માટે વર્જનીય બતાવેલ છે કે, તેની સંગતીથી ચારિત્રનો ઘાત થાય છે.

બાલ સંસર્ગ છોડી દેવા છતાં પણ, જ્યાં સુધી સ્વાધ્યાય કરવામાં નથી આવતો, ત્યાં સુધી જીવને જ્ઞાનાદિકોની પ્રાપ્તિ થતી નથી. આ કારણે સૂત્રકારે સ્વાધ્યાય કરવાનું કહેલ છે. સ્વાધ્યાય, વાચના પૃચ્છના, પરિવર્તના, અનુપેક્ષા આ ધર્મકથાના ભેદથી પાંચ પ્રકારનાં છે. આનું એકાન્ततः નિયમતઃ સેવન કરવું એ સ્વાધ્યાય એકાન્ત નિષેવણ છે. સ્વાધ્યાય અનુપ્રેક્ષાને પ્રધાનરૂપથી બતાવવામાં આવેલ છે. આથી સૂત્રકારે સૂત્રાર્થનું ચિંતન કરવાનું કહેલ છે. કેમકે, ચિંતન વગરનું સૂત્ર વ્યર્થ થાય છે. ધૈર્યના અભાવમાં જ્ઞાનાદિકોની પ્રાપ્તિમાં કારણરૂપ બતાવવામાં આવેલ છે. તાત્પર્ય આનું ફકત એ છે કે, સમ્યગદર્શન આદિકોનો લાભ એ જીવને ગુરૂ–વૃદ્ધ આદિની સેવા વગર મળી શકતો નથી. ॥ ૩ ॥

જો આ પ્રમાણે આ જ્ઞાનાદિકોની પ્રાપ્તિનો ઉપાય છે તો, જ્ઞાનાદિકના અભિલાષીએ પહેલાં શું કરવું જોઈએ ? એ કહે છે.—" आहार " ઈત્યાદિ !

અન્વયાર્થ—सामाहिकामे–समाधिकामः જ્ઞાનાદિરૂપ સમાધીને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા તથા तवस्सी–तपस्वी અનશન આદિ બાર પ્રકારની તપસ્યાના આરાધનમાં નિરત તપસ્વી समणे–श्रमणः સાધુ मियं–मितम् પ્રમાણયુક્ત, एसणिज्जं–एषणीयं નિર્દોષ, आहारमिच्छे–आहारमिच्छेत् આહાર લેવાની ભાવના રાખે. તેમજ એવા साहायमिच्छे–सहायम् इच्छेत् સહાયકની ચાહના રાખે. જે निउणट्ठबुद्धि–निपुणार्थबुद्धिं જીવાદિક પદાર્થોના જાણવામાં નિપુણમતિવાળા હોય. તથા એવા निकेय मिच्छिज्ज–निकेतं इच्छेत् આવાસને ચાહે જે સ્ત્રિ, પશુ, પંડક, આદિથી રહિત હોય.

ભાવાર્થ—જે સાધુ એવું ચાહે છે કે, મને જ્ઞાનાદિકોની નિર્વિઘ્ન પ્રાપ્તિ થાય, તો એને માટે સૂત્રકાર એવું બતાવે છે કે, એ સાધુ ગમે તેવા તપસ્વી કેમ ન હોય, કદાચ તે એષણીય આહારને લેતા ન હોય, એના સહાયક જ્ઞાન ન હોય, નિવાસસ્થાન એનું સ્ત્રી, પશુ, પંડક, આદિથી રહિત ન હોય, આથી ચિત્તમાં સદા વિપ્લવતા બની રહેવાના કારણે તેનું ચારિત્ર યથાવત્ પળી શકતુ નથી. ॥ ૪ ॥

એવા ગુણવાનની પ્રાપ્તિ ન થવાના કારણે સાધુએ શું કરવું જોઈએ તે સૂત્રકાર બતાવે છે. " नवा लभिज्जा " ઈત્યાદિ !

અન્વયાર્થ—जो निउणं–निपुणम् કૃત્ય અકૃત્યના વિવેકજ્ઞાનથી યુક્ત તથા गुणाहियं–गुणाधिकम् જ્ઞાનાદિક ગુણોથી ઉત્કૃષ્ટ અથવા ગુણઓ समंवा–गुणतः समंवा જ્ઞાનાદિકમાં પોતાના બરોબરનો सहायं–सहायम् शिष्यं न लभिज्जा–न लभेत ન મળે તો, એકલા एगोपि–एका अपि એકલાજ पावाई विवज्जयंतो–पापानि विवर्जयन् પ્રાણાતિપાત આદિ પાપોનો પરિત્યાગ કરીને તથા શબ્દાદિક વિષયોમાં આસક્ત ન થતાં विहरेज्ज–विहरेत् મોક્ષમાર્ગમાં વિચરણ કરે. ॥ ૫ ॥

સમ્યગ્જ્ઞાન આદિના દ્વારા દુઃખનો નાશ થાય છે. આથી એનું તાત્પર્ય એ જાણવું જોઈએ કે, જ્ઞાનાદિકો દ્વારા મોહ આદિકોનો ક્ષય થાય છે. અને મોહ આદિકોના ક્ષયથી દુઃખોનો ક્ષય થાય છે. એ કારણે દુઃખોના ક્ષયમાં મોહ આદિકોનો ક્ષય સાક્ષાત કારણ છે. આ માટે સૂત્રકાર મોહાદિકોની ઉત્પત્તિ તથા દુઃખ હેતુતાને બતાવે છે.—" जहा य " ઈત્યાદિ !

અન્વયાર્થ—જહા–યથા જે પ્રમાણે અણ્ડપ્પભાવા બલાગા–અણ્ડપ્રભાવા બલાકા ઈંડામાંથી બચ્ચું ઉત્પન્ન થાય છે. અને જહા–યથા જેમ અણ્ડં બલાગપ્પભવં–અણ્ડં બલાકાપ્રભવમ્ ઈંડું પક્ષીથી ઉદ્‌ભૂત બને છે. એમેવ–એવમેવ આજ પ્રમાણે મોહાયયણં –મોહાયતનાં અજ્ઞાન અને મિથ્યાદર્શન રૂપ મોહ જેની ઉત્પત્તિનું સ્થાન છે એવી તૃષ્ણા હોય છે. તથા તણ્હાયયણં મોહં વયંતિ–તૃષ્ણાયતનં મોહં વદન્તિ તૃષ્ણા જેના આગમનનું કારણ છે તે મોહ છે. આ વાતને તીર્થંકર તથા ગણધર આદિ દેવ કહે છે

ભાવાર્થ—અહીંયાં મોહ અને તૃષ્ણામાં પરસ્પર કાર્યકારણભાવ સૂત્રકારે કહ્યું છે. વસ્તુ પ્રાપ્ત થાય અથવા પ્રાપ્ત ન થાય તેમાં મૂર્ચ્છાનું નામ તૃષ્ણા છે. જડપથી તજવા જેવા રાગને ઉત્પન્ન કરનાર છે. આથી એનાથી રાગ દેખાઈ આવે છે. જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ પણ આવે છે. કેમકે, દ્વેષ રાગનું મૂળ છે. આ પ્રમાણે તૃષ્ણાથી દ્વેષ પણ ઉપલક્ષિત થાય છે, આથી તૃષ્ણા-ના ગ્રહણથી રાગ અને દ્વેષ બંને ગ્રહણ થઈ જાય છે. અનંતાનુબંધી કષાયરૂપ આ બન્નેના સદ્‌ભાવમાં અવશ્ય મિથ્યાત્વનો ઉદય થવાનો જ. આ માટે અગ્યારમા ગુણસ્થાનવાળા જીવનું પ્રથમ ગુણસ્થાનમાં પતન થઈ જાય છે. આમાં અજ્ઞાનરૂપ મોહ સિદ્ધ જ છે. આ રીતે અહીં પરસ્પર કાર્ય કારણ ભાવ દેખા-ડવાથી રાગાદિકોની ઉત્પત્તિ કહેવામાં આવેલ છે. ॥ ૬ ॥

હવે સૂત્રકાર રાગ, દ્વેષ અને મોહમાં દુઃખ હેતુતા પ્રગટ કરે છે.— "रागो य" ઈત્યાદિ!

અન્વયાર્થ—રાગો–રાગઃ માયા અને લોભરૂપ રાગ દોસોવિ ય–દ્વેષોઽપિ ચ તથા ક્રોધ અને માનરૂપ દ્વેષ આ બન્ને કમ્મબીયં–કર્મ બીજમ્ જ્ઞાનાવરણીય આદિ કર્મનાં કારણ છે. આ માટે કમ્મં મોહપ્પભવં–કર્મ મોહપ્રભવં મોહથી જ્ઞાનાવરણીય આદિ કર્મ ઉત્પન્ન થાય છે. અર્થાત રાગ દ્વેષ તથા મોહ જ્ઞાના-વરણીય આદિ કર્મોનું કારણ છે. આજ પ્રમાણે જાઇમરણસ્સ મૂલં ચ કમ્મં– જાતિમરણસ્ય ચ મૂલં કર્મ જાતિજન્મ તથા મરણનું કારણ કર્મ છે. તથા જાઈ મરણં–જાતિમરણમ્ એ અનંત જન્મ અને મરણ દુઃખ જનક હોવાથી પોતે જ દુઃખ રૂપ છે. એવું તીર્થંકર આદિ દેવ કહે છે. કહ્યું પણ છે.—

"મ્રિયમાણ તથા જાયમાન જંતુથી જે દુઃખ થાય છે. એ દુઃખથી સંતપ્ત થવાના કારણે એ જીવ પોતાની જાતની સ્મૃતિ કરતા નથી. અર્થાત– મરણ સમયે તથા જન્મ લેતા સમયે પ્રાણીને જે દુઃખ પરંપરાનો અનુભવ થાય છે તેની આગળ એ જીવ પોતાનો પૂર્વ ભવ ભૂલી જાય છે. ॥ ૭ ॥

આવું થવાથી શું થાય છે એ કહે છે.—"दुक्खं हयं" ઇત્યાદિ!

અન્વયાર્થ—जस्स-यस्य જે જીવને मोहो न होइ-मोहः न भवति મોહ થતો નથી तस्स दुक्खं हयं-तस्य दुक्खं हतम् તેનાં જાતિ અને મરણરૂપ દુઃખ નષ્ટ થઈ જાય છે. કેમકે, દુઃખનું કારણ મોહ છે, અને જ્યારે મોહ જ નષ્ટ થઈ ગયો ત્યારે કારણના અભાવમાં દુઃખરૂપ કાર્ય પણ નષ્ટ થઇ ગયેલ જાણવું જોઈએ. जस्स तण्हा न होइ तस्स मोहो हओ-यस्य तृष्णा न भवति न तस्य मोहः हतः તથા જેની તૃષ્ણા નષ્ટ થઈ ગયેલ છે, એનો મોહ પણ નષ્ટ થયેલો જાણી લેવો જોઇએ. કારણ કે, તૃષ્ણા મોહનું કારણ છે. जस्स लोहो न होइ तस्स तण्हा हया-यस्य लोभः न भवति तस्य तृष्णा हता તથા જેનો મોહ નષ્ટ થઈ ગયેલ છે, એની તૃષ્ણા નષ્ટ થયેલ જાણી લેવી જોઈએ. કેમકે, તૃષ્ણાનું કારણ લોભ બતાવવામાં આવેલ છે. અહીં તૃષ્ણા શબ્દથી રાગ અને દ્વેષ એ બન્ને ગ્રહણ કરવામાં આવેલ છે. જે લોભ રાગના અંતર્ગત બની જાય છે તો પણ અહીં તેનું જે પૃથક્રૂપથી ગ્રહણ કરવામાં આવેલ છે એ તેની પ્રધાનતા બતાવવા માટે કરવામાં આવેલ છે. લોભનો ક્ષય થવાથી રાગદ્વેષ બન્નેનો સર્વથા અભાવ બની જાય છે. जस्स न किंचणाइ तस्स लोहो हओ-यस्य न किञ्चनापि तस्य लोभो हतः તથા જેની પાસે કાંઈ પણ નથી એનો લોભ નષ્ટ થયેલો જાણવો જોઈએ. પરિગ્રહ લોભનું કારણ બતાવેલ છે. દ્રવ્ય હોવાથી લોભ અવશ્ય થાય જ છે. આ માટે પરિગ્રહ સંસારનું મૂળ છે. અને તે મોક્ષાભિલાષીયો માટે સર્વથા ત્યાજ્ય બતાવેલ છે. આ પ્રમાણે સૂત્રકારે મોક્ષાભિલાષી જીવોને એ સમજાવેલ છે કે, જન્મ અને મરણના દુઃખોને ઉત્પન્ન કરનાર આ રાગ, દ્વેષ અને મોહને દૂર કરવા માટે અકિંચનતા આશ્રયણીય છે. ॥ ૮ ॥

હવે રાગ, દ્વેષ આદિના પરિહાર નિમિત્તે બીજા ઉપાયો પણ બતાવવામાં આવે છે—"रागं" ઇત્યાદિ!

અન્વયાર્થ—समूलजालं-समूलजालम् પોતાના કારણ સમુદાયથી યુક્ત रागं च दोसं च तहेव मोहं-रागं च दोषं च तथैव मोहं રાગ-માયા, લોભરૂપ કષાય, દ્વેષ-ક્રોધ માનરૂપ કષાય તથા મોહનું उद्धत्तु कामेण-उद्धर्त्तुकामेन ઉન્મૂલન કરવાની અભિલાષાવાળા મુનિજન દ્વારા जे जे उवाया पडिवज्जियव्वा-ये ये उपायाः प्रतिपत्तव्याः જે જે ઉપાયોને પોતાના કર્મમાં લેવા જોઈએ. ते-तान् એ સઘળા ઉપાયોને हं अहाणुपुव्विं-यथानुपूर्वि યથાક્રમ कित्तइस्सामि-कीर्त्तयिष्यामि સમજાવીશ. ॥૯॥

હવે બાર ગાથાઓથી રાગાદિકનો ક્ષય કરવા માટેનો ઉપાય કહે છે.– "रसा" ઈત્યાદિ !

અન્વયાર્થ—रसा–रसाः દૂધ આદિ વિકૃતિ पगामं–प्रकामम् નિરંતર વખતો વખત न निसेवियव्वा–न निषेवितव्या સેવન ન કરવું જોઈએ. વાતાદિ કારણની વાત જુદી છે. નિરંતર સેવન કરવાથી એ रसा–रसाः રસ पायं–प्रायः બહુલતાથી नराणं–नराणाम् મનુષ્યોને दित्तिकरा–दृप्तिकराः દર્પિકર થાય છે. અર્થાત આનું સેવન કરવાથી ધાતુઓની વૃદ્ધિ થાય છે અને એનાથી ચિત્ત વિક્ષિપ્ત થાય છે. जहा साहुफलं दुमं पक्खीव दित्तं च कामा समभिद्दवंति–यथा स्वादुफलं वृक्षं पक्षीवा दृप्तं च कामाः समभिद्रवन्ति જે પ્રમાણે સ્વાદવાળા ફળના વૃક્ષ તરફ પક્ષીયો આક્રમણ કરે છે એજ પ્રમાણે શબ્દાદિક વિષય પણ ચિત્ત વિક્ષેપવાળા મનુષ્યની ઉપર આક્રમણ કરે છે.

ભાવાર્થ—દુધ આદિ રસનું સાધુ–સાધ્વીયોએ શા માટે સેવન ન કરવું જોઇએ એનું કારણ સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહી રહ્યા છે. કે, જે પ્રમાણે સ્વાદીષ્ટ ફળવાળા વૃક્ષની ઉપર પક્ષીયોનાં ટોળે ટોળાં આક્રમણ કરે છે આજ પ્રમાણે દુગ્ધાદિક રસોનું વિના કારણ સેવનથી દર્પ્ત બનેલા પ્રાણી ઉપર શબ્દાદિક વિષય આક્રમણ કરે છે. ॥૧૦॥

પ્રકામ રસસેવન દોષ કહીને હવે પ્રકામ–વધારે ભોજનના દોષને દૃષ્ટાંત દ્વારા કહે છે—" जहा " ઈત્યાદિ!

અન્વયાર્થ—जहा–यथा જે પ્રમાણે समारुओ–समारुतः પવનથી યુક્ત दवग्गी–दवाग्निः વનની અગ્નિ पउरिंधणे वणे–प्रचुरेन्धने वने પ્રચુર કાષ્ટાદિક ઈંધન યુક્ત વનમાં उवसमं न उवेइ–उपशमं न उपैति શાન્ત થતી નથી एवं–एवम् આ પ્રમાણે इंदियग्गी वि–इन्द्रियाग्निः अपि ઈન્દ્રિયરૂપી અગ્નિ પણ पगामभोइणो–प्रकामभोजिनः સરસ અથવા અતિ ભોજન કરવાવાળા કોઈ પણ बंभयारिस्स–ब्रह्मचारिणो બ્રહ્મચારીના માટે हियाय न–हिताय न भवति હિતાવહ હોતી નથી.

ભાવાર્થ—પ્રચુર ઈંધન સંપન્ન વનમાં લાગેલ અગ્નિ જે પ્રમાણે બુઝાતી નથી. એજ પ્રમાણે પ્રમાણથી અધિક ભોજન કરવાવાળા બ્રહ્મચારીની પણ રાગવહ્નિ કલ્યાણપ્રદ હોતી નથી. ॥૧૧॥

વળી પણ—" विवित्त० " ઈત્યાદિ !

અન્વયાર્થ—विवित्तसेज्जासणजंतियाणं–विविक्तशय्यासनयन्त्रितानाम् સ્ત્રી,

પશુ, પંડક આદિથી રહીત વસતીમાં રહેવારૂપ અવસ્થાનથી યંત્રિત થયેલ તથા ઓમાસણાણં-અવમાશનાનામ્ અવમૌદર્યાદિક તપશ્ચર્યામાં નિરત દમિ ઇંદિયાણં -દમિતેન્દ્રિયાણામ્ ઈન્દ્રિયોનું દમન કરવામાં તત્પર એવા સંયમી જનોના ચિત્તં-चित्तम् अंतः કરણને રાગસત્તૂ ન ધરિસેઇ-राग शत्रुः न धर्षयति રાગરૂપી શત્રુ કોઇ પણ રીતે પરાજીત્ કરી શકતા નથી, ઓસહેહિં પરાઇઓ વાહિરિવ-औषधैः पराजितः व्याधिः इव જે પ્રમાણે ઔષધિયો દ્વારા મટાડવામાં આવેલ રોગ શરીર ઉપર આક્રમણ કરી શકતો નથી.

ભાવાર્થ—જે રીતે ઔષધીયોથી શરીરમાંના રોગને નષ્ટ કરવામાં આવ્યા પછી તેનો કોઇ પણ પ્રકારનો પ્રભાવ દેખાતો નથી. એજ પ્રમાણે વિવિક્ત શય્યાસનવાળા તથા અવમૌદારિ આદિ તપ કરવાવાળા અને ઇંદ્રિયોને પોતાના વશમાં રાખવાવાળા સાધુઓના ચિત્તમાં રાગરૂપી શત્રુ પોતાનું સ્થાન જમાવી શકતા નથી ॥૧૨॥

વિવિક્ત વસતિના અભાવમાં સૂત્રકાર દોષ બતાવે છે—"जहा" ઈત્યાદિ !

અન્વયાર્થ—જહા-યથા જેમ વિરાલાવસહસ્સ મૂલે-બિડાલાવસથસ્ય મૂલે બિલ્લાડીના સ્થાનની પાસે મૂસગાણં વસઇ-मूषकाणां वसतिः ઉંદરનું રહેવું ન પસત્થા -न प्रशस्ता હિતાવહ હોતું નથી એમેવ-एवमेव એજ પ્રમાણે इत्थीनिलयस्स मज्झे-स्त्री निलयस्य मध्ये સ્ત્રીનો વસવાટ હોય એવા મકાનમાં બંભયારિસ્સ નિવાસો ન ખમો-ब्रह्मचारिणः निवासः न क्षमः બ્રહ્મચારીનું રહેવું એ એના બ્રહ્મચર્ય માટે ઘાતક હોય છે. ॥૧૩॥

ભાવાર્થ—બિલાડી જે મકાનમાં રહેતી હોય તે મકાનમાં ઉંદરોની તાકાત નથી કે તે ત્યાં નિઃશંક રહી શકે, તેજ રીતે સ્ત્રીવાળા મકાનમાં બ્રહ્મચારીનો નિવાસ તેના બ્રહ્મચર્યનો ઘાતક બને છે. ॥ ૧૩ ॥

વિવિક્ત વસતિમાં રહેવા છતાં પણ જો કદાચિત ત્યાં સ્ત્રી આવે તો એ સમયે શું કરવું જોઈએ. આ વાતને સૂત્રકાર બતાવે છે—"नरूव०" ઇત્યાદિ !

અન્વયાર્થ—તવસ્સી-तपस्वी તપસ્વી સાધુ इत्थीण रूवलावण्णविलासहासं चित्तंसि निवेसइत्ता दट्ठुं न ववस्से-स्त्रीणां रूपलवण्यविलासहासं चित्ते निवेश्य द्रष्टुं न व्यवस्येत् સ્ત્રિયોનાં રૂપ લાવણ્ય વિલાસ અને હાસ્ય ચિત્તમાં રાખીને એને જોવાની ઇચ્છા ન કરે તેમજ न जंपियं इंगियपेहिये चित्तंसि निवेसइत्ता-दट्ठुं ववस्से-न जल्पितं इंगितं प्रेक्षितं चित्ते निवेश्य द्रष्टुं व्यवस्येत् એના ભાષણને અંગભંગાદિ ચેષ્ટાને, અને કટાક્ષવિક્ષેપ આદિને પોતાના મનમાં રાખીને રાગભાવથી એની સામે ન જુએ.

ભાવાર્થ—વસતિમાં જો કદાચિત કોઈ સ્ત્રી આવી પણ જાય તો એના તરફ ન ખેંચાતાં સર્વથા વિરકત રહે, એની કોઈ પણ પ્રકારની ચેષ્ટાને જોવાની મનમાં લેશ માત્ર પણ ઈચ્છા ન કરે, તેમ તેના રૂપ લાવણ્ય તરફ અનુરાગથી પ્રેરાઈને ન જુએ. ॥૧૪॥

હવે એમાં કારણ બતલાવે છે—" अदसणं " ઇત્યાદિ!

અન્વયાર્થ—इत्थीजणस्स अदंसणं अपत्थणं अचिंतणं चेव अकित्तणं च सया बंभवये रयाणं आरियज्झाण युग्गंहियं-स्त्रीजनस्य अदर्शनं अचिन्तनं च अकीर्तनं सदा-ब्रह्मव्रते रतानम् आर्यध्यानयोग्यं हितम् સ્ત્રીજનની તરફ રાગભાવથી જોવું નહીં, એની અભિલાષા કરવી નહીં, એના રૂપ લાવણ્ય આદિની વિચારણા કરવી નહીં, એના રૂપ, ગુણ અને બીજા કોઈ ભાવનું ચિંતવનકરવું ન જોઈએ. આ સહુ અદર્શનાદિ સદા બ્રહ્મચર્ય વ્રતમાં તત્પર મુનિયોના ધર્મ ધ્યાનના સંપાદનમાં બાધા રૂપ માનવામાં આવેલ છે. અને એજ કારણે એનો સર્વથા ત્યાગ એમને માટે કલ્યાણ કારક માનવામાં આવેલ છે. આથી મુનિયોનું કર્તવ્ય છે કે, તેઓ સ્ત્રિયોના રૂપાદિકને અનુરાગથી જોવાનો ત્યાગ કરે. ॥૧૫॥

કોઇ એવું કહે છે કે, " વિકાર હેતુ ઉપસ્થિત થવા છતાં પણ ચિત્તમાં ચલાયમાન ન થવું એજ સાચી ધીરતા છે. ત્યારે મુનિજન તો ધીરવીર હોય જ છે. તેઓ વિકારનું કારણ ઉપસ્થિત થવા છતાં પણ ચંચળચિત્ત બની શકતા નથી. પછી વિવિક્ત શયનાસનતા આદિનું વિધાન એમને માટે કેમ કરવામાં આવેલ છે? આના ઉપર સૂત્રકાર કહે છે—" कामंतु " ઇત્યાદિ!

અન્વયાર્થ—विभूसियाहिं देविहित्तिगुत्ताखो भयिउं नचाइयात्तिकामं-वि-भूषिताभिः देविभिः त्रिगुप्ताः क्षोभयितुं न शकिताः इति तु कामम् વિભૂષિત થયેલ દેવીયોથી પણ મનોગુપ્તિ આદિથી ગુપ્ત એવા મુનિજન ચલાયમાન બની શકતા નથી આ વાત બીલકુલ સાચી છે, છતાં પણ એકાન્ત નિવાસ એમના માટે એકાન્તતઃ હિત વિધાયક છે. એવું જાણીને તીર્થંકર આદિ મહ પુરૂષોએ મુનિયોને માટે એકાન્ત નિવાસ અંગે કહેલ છે. ॥૧૬॥

ફરીથી પણ એજ વાતનું સમર્થન કરે છે.—" मोक्खाभि " ઇત્યાદિ!

અન્વયાર્થ—संसारभीरुस्स-संसारभीरोः चतुर्गतिरूप संसारथ भयभीत धम्मे ठियस्स-धर्मे स्थितस्य તથા શ્રુત ચારિત્ર લક્ષણ ધર્મમાં સ્થિત બનેલા તથા

मोक्खाभिकंखिस्स–मोक्षाभिकांक्षिणः મુક્તિની અભિલાષાથી યુક્ત એવા માણવસ્સ–मानवस्य મનુષ્યને લોए–લોકે આ લોકમાં एयारिसं दुत्तरं–एतादृशं दुस्तरम् એવો દુરતિક્રમ બીજો કોઈ પદાર્થ નથી जहा–यथा જેમ बालमणोहराओ इत्थिओ–बालमनोहराः स्त्रियः બાલ જનોને માટે મનોહર આ સ્ત્રિયો છે. આ કારણે અતિ દુસ્તર હોવાથી સ્ત્રી પરિહાર્ય છે. આ માટેજ વિવિક્તશય્યાસન સેવનજ શ્રેયસ્કર છે.

ભાવાર્થ—મોક્ષાભિલાષી જીવોના માટે એટલી દુરતિક્રમ બીજી કોઈ ચિજ નથી કે જેટલી સ્ત્રિયો છે. આ જ માટે મોક્ષાભિલાષિયોને વિવિક્તશય્યાસન કલ્યાણ કારક બતાવેલ છે. ॥૧૭॥

સ્ત્રી સંગનો પરિત્યાગ કરવાથી અન્ય વસ્તુનો પરિત્યાગ કરવાનું સહજ થઈ જાય છે. એને બતાવવામાં આવે છે—"ए एय" ઇત્યાદિ!

અન્વયાર્થ—ए एय संगे–एतान् संगान् આ સ્ત્રી સહવાસ યુક્ત નિવાસ આદિ સંબંધોનો समइक्कमित्ता -- समतिक्रम्य પરિત્યાગ કરવાથી सेसा सुहुत्तरा चेव हवंति–शेषा सुखोत्तराचेव भवन्ति અન્ય દ્રવ્યાદિક સંબંધોનો પરિત્યાગ સહજ બની જાય છે. जहा महासागरमुत्तरित्ता–यथा महासागरं उत्तीर्य જેમ સ્વયંભૂ રમણનું ઉલંઘન કરવાવાળી વ્યક્તિના માટે गंगासमाणा अवि नई सुहुत्तरा हवंति–गंगासमाना अपि नदी सुखोत्तरा भवन्ति ગંગાના સમાન વિશાળ નદી પણ અનાયાસરૂપથી પાર કરવા યોગ્ય બની જાય છે, તો પછી નાની એવી નદીની તો વાત જ કયાં રહી. સમસ્ત સંબંધોમાં રાગરૂપતા તુલ્ય હોવા છતાં સ્ત્રી સંગમાં મુખ્યતા હોવાથી તેનું નિવારણ થતાં સમસ્ત વિષયસંગનો પરિહાર થઈ જવો સહજછે.

ભાવાર્થ—સ્વયંભૂરમણને પાર કરવાનું સામર્થ્ય રાખવાવાળી વ્યક્તિને ગંગા જેવી નદીયોને પાર કરવી કોઈ મોટી વાત નથી. આ પ્રમાણે જે મહાત્માઓ એ સ્ત્રિયોના દુસ્તર સંગનો પરિત્યાગ કરી દીધો છે એમને માટે અન્ય પદાર્થોના સંબંધનો પરિત્યાગ કરવો એ કોઈ કઠણ વાત નથી. ॥ ૧૮ ॥

વળી પણ કહે છે—"कामाणु" ઇત્યાદિ !

અન્વયાર્થ—सदेवगस्स–सदेवकस्य દેવ સહિત सव्वस्स लोगस्स–सर्वस्य लोकस्य આ સંપૂર્ણ લોકના कामाणुगिद्धिप्पभवं काइयं माणसिं यं जं किंचि दुक्खं–कामानुगृद्धिप्रभवं कायिकं मानसिकं च यत् किञ्चित् दुःखम् શબ્દાદિક વિષયરૂપ કામોમાં ગૃદ્ધિરૂપ અનુરાગથી કાયિક અને માનસિક જે કાંઈ થોડું અથવા તો વધારે દુઃખ થાય છે. तस्संतगं वीयरागो गच्छइ–तस्यान्तकं वीतरागः गच्छति એ દુઃખનો નાશ કરવાવાળા એક વીતરાગ અર્થાત રાગ રહિત પુરૂષ જ થઇ શકે છે.

દુઃખ હોય છે, પરંતુ पच्चमाणां–पच्यमानानि જ્યારે એનો વિપાક કાળ આવે છે ત્યારે તે–तानि તે જીવિય खुडुय–जीवितं क्षोदयन्ति જીવનનો નાશ કરી દે છે. આજ રીતે એ कामगुणा–कामगुणाः કામગુણ પણ विवागे–विपाके વિપાક સમયમાં एसोवमा–एतदुपमाः એના પ્રકારના જ બને છે.

ભાવાર્થ—કિંપાક ફળ, ખાતા સમયે તો ખૂબ જ સ્વાદિષ્ટ માલુમ પડે છે. રસ, રૂપ અને ગંધથી એ ચિત્તને આકર્ષિત કરી લ્યે છે પરંતુ જ્યારે એનો વિપાક આવે છે ત્યારે તે ખાવાવાળા પ્રાણીના પ્રાણનો નાશ કરી નાખે છે. આજ પ્રમાણે એ વિષય સુખ કે જેનો ઉપભોગ કરતી સમયે તો તે ખૂબ જ મનોરમ જણાય છે પરંતુ જ્યારે એનો વિપાક સમય આવે છે ત્યારે તે જીવોને નરક નિગોદાદિ સંબંધી દારૂણ દુઃખને આપનાર બને છે. આ માટે કામગુણોમાં કલ્પિત સુખરૂપતા હોવાથી વાસ્તવિક સુખ જનકતા નથી. કેવળ દુઃખ જનકતા જ છે. ॥૨૦॥

આ પ્રમાણે કેવળ રાગના ઉદ્ધરણનો ઉપાય કહીને હવે દ્વેષરહિત ઉપરાગના ઉદ્ધરણનો ઉપાય બતાવવાની ઇચ્છાથી,તથા સિંહાવલોકનન્યાય (આગળ જઈને પાછું જોવું)થી દમિતેન્દ્રિયત્વની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે—"जे" ઇત્યાદિ!

અન્વયાર્થ—जे ઇંદ્રિયાણં મણુન્ના વિસયા–ये इन्द्रियाणां मनोज्ञाः विषयाः જે ઇન્દ્રિયોના મનોજ્ઞ વિષય છે, तेसु–तेषु એનામાં समाहिकामे–समाधिकामः રાગ દ્વેષના અભાવ જેવી સમાધિનો ચાહના કરવાવાળા, રાગ અને દ્વેષનુ નિવારણ કરવાના અભિલાષી એવા तवस्सी समणे–तपस्वी श्रमणः तपस्वी श्रमણ कयाई–कदाचित् કદી પણ પોતાના भावं–भावम् અંતઃકરણને आसकत न करे–अर्थात्–કોઈ પણ સમયમાં એ મનોજ્ઞ વિષયોનું ચિંતવન પણ ન કરે. આ પ્રમાણે अमणुन्नेसु–अमनोज्ञेषु જે રૂપાદિક વિષય અમનોજ્ઞ છે, એમાં પણ मणं न कुज्जा–मनः न कुर्यात् મન ન લગાવે.

ભાવાર્થ—જે સાધુ એવું ચાહે છે કે, મનોજ્ઞ અને અમનોજ્ઞ ચક્ષુ આદિક ઇન્દ્રિયોના વિષયોમાં મને સમાધિ પ્રાપ્ત થાય, ત્યારે એનું એ કર્તવ્ય છે કે, તે એ વિષયોમાં ચક્ષુ આદિ ઇન્દ્રિયોને પ્રવર્તિત કરવાની વાંચ્છના ન કરે. આથી એ વિષયોમાં એમને રાગદ્વેષભાવ મૂલક સમાધી પ્રાપ્ત થાય. ॥૨૧॥

વિષયોમાં ચક્ષુરાદિક ઇન્દ્રિયોની થવાથી તેમજ મનની આસક્તિ થવાથી જે દોષ ઉત્પન્ન થાય છે તે પ્રત્યેક ઇન્દ્રિયો તથા મનને આશ્રીત કરીને જ થાય છે. આ માટે હવે સૂત્રકાર આજ વાતને અઢયોતેર (૭૮) ગાથાઓથી બતલાવે છે. આમાં સર્વ પ્રથમ ચક્ષુરિન્દ્રિયને આશ્રીત કરીને તેર ગાથાઓથી દોષ બતલાવે છે—"चक्खुस्स" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે रूवं-રૂપમ્ રૂપ चक्खुस्स गहणं-चक्षुषः गृहणम् ચક્ષુ ઇન્દ્રિયનું આકર્ષણ કરે છે. मणुन्नं-मनोज्ञम् એને મનોજ્ઞ કહેવામાં આવે છે, અને તે रागहेउं वयंति-रागहेतुं वदन्ति જીવને રાગના હેતુભુત બને છે, એવું તીર્થંકરાદિ દેવોએ કહ્યું છે. તથા જે રૂપ दोसहेउं-द्वेषहेतुम् દ્વેષનું કારણ બને છે, ચક્ષુરિન્દ્રિયની અરૂચિનું કારણ બને છે, તે अमणुन्नं-अमनोज्ञम् અમનોજ્ઞ કહેવાયેલ છે, એ દ્વેષનો હેતુ માનવામાં આવેલ છે. जो तेसु समो-यः तयोः समः જે એનામાં સમ હોય છે–મનોજ્ઞમાં રાગ તેમજ અમનોજ્ઞમાં દ્વેષ કરતા નથી स वीयरागो-सः वीतरागः એને વીતરાગ કહેવામાં આવે છે.

ભાવાર્થ—ચક્ષુરિન્દ્રિયને જે રૂપ રૂચે એ મનોજ્ઞ અને જે ન રૂચે તે અમનોજ્ઞ છે. આ બન્નેમાં જેના રાગદ્વેષની પરિણતિ થતી નથી તે વીતરાગ છે. જેનામાં રાગદ્વેષ વિદ્યમાન છે એનામાંજ મનોજ્ઞ અને અમનોજ્ઞરૂપ રાગદ્વેશ જાગતા હોય છે. પરંતુ જે એમાં સમ છે. એનામાં એ રાગદ્વેષ જાગતા નથી. સમ વીતરાગ હોય છે. આ કારણે મનોજ્ઞ અથવા અમનોજ્ઞ કોઈ પ્રકારની ચક્ષુરિન્દ્રિયની પ્રવૃતિ સાધુએ ન કરવી જોઈએ. જો કોઇ સમયે ચક્ષુરિન્દ્રિય ત્યાં પ્રવૃત્ત થઈ પણ જાય ત્યારે ત્યાં એણે સમતા ધારણ કરવી જોઈએ. ॥૨૨॥

જો એવી જ વાત છે કે, રાગદ્વેષને જગાડનાર ચક્ષુ નહીં પણ રૂપ જ રાગ દ્વેષને જગાડનાર છે, તો ચક્ષુરિન્દ્રિયનો નિગ્રહ કરવાથી લાભ શું ? આ

વિષયમાં સૂત્રકાર કહે છે.—" रूवस्स " ઇત્યાદિ।

અન્વયાર્થ—चक्खुं रूवस्सगहणं वयंति रूवं चक्खुस्स गहणं वयंति—चक्षुः रूपस्य ग्रहणं वदन्ति रूपं चक्षुषः ग्रहणं वदन्ति નેત્ર ઇન્દ્રિયને રૂપના ગ્રાહક તરીકે માનવામાં આવેલ છે, તથા રૂપ નેત્ર ઇન્દ્રિયને ગ્રાહ્ય માનવામાં આવેલ છે. આ પ્રમાણે નેત્ર ઇન્દ્રિય અને રૂપમાં ગ્રાહ્ય ગ્રાહક ભાવ છે. આ કારણે समणुन्नं—समनोज्ञम् મનોજ્ઞરૂપ વિષયક ચક્ષુને रागस्स हेउं आहु—रागस्य हेतुमाहुः રાગના હેતુ તીર્થંકરાદિક દેવોએ કહેલ છે. તથા अमणुन्न—अमनोज्ञम् અમનોજ્ઞરૂપ ગ્રાહક ચક્ષુને એમણે दोसस्स हेउं आहु—द्वेषस्य हेतुं आहुः દ્વેષનું કારણ કહેલ છે.

ભાવાર્થ—અહીં " ચક્ષુરિન્દ્રિય નિગ્રહના યોગ્ય નથી કારણ કે, રાગદ્વેષને જન્માવનારરૂપ જ છે" આ શંકાનું સમાધાન સૂત્રકારે કરેલ છે. તેઓ કહે છે કે, પોત પોતાના વિષય સહિત ઇન્દ્રિયો જ મોહી જીવને પોત પોતાના વિષયમાં રાગદ્વેષને જન્માવનાર હોય છે. કારણકે, ઇન્દ્રિય અને વિષયનો પરસ્પરમાં ગ્રાહ્ય ગ્રાહકનો સંબંધ છે. પૂર્વગાથામાં રૂપ રાગદ્વેષનું કારણ છે, તથા આ ગાથામાં ચક્ષુરિન્દ્રિય રાગદ્વેષનું કારણ એવું બતાવવામાં આવેલ છે, એટલે આ વાતથી એવું જ સમજવું જોઈએ કે, જ્યારે રૂપ અને ચક્ષુ પરસ્પર સંબંધમાં આવે છે ત્યારે મૂલતઃ જેનામાં રાગ છે એવો જીવ જ એનો સંબંધ થવાથી મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયમાં રાગદ્વેષ કરે છે. એટલે રૂપના તરફથી આ રાગદ્વેષની પરિણતિને હટાવવા માટે ચક્ષુરિન્દ્રિયને એમાં પ્રવર્તિત ન થવા દેવી જોઈએ. આજ એનો નિગ્રહ. ॥ ૨૩ ॥

આ પ્રમાણે રાગદ્વેષને હટાવવાનો ઉપાય કહીને હવે એને ન હટાવવાના દોષ પ્રગટ કરે છે.—" रूवेसु " ઇત્યાદિ!

અન્વયાર્થ—जहा वा—यथा वा જે રીતે रागाउरे—रागातुरः રાગથી વિવ્હળ અથવા आलोय लोले—आलोकलोलः તો પ્રકાશ અર્થાત દીપશીખાને જોવાનો લોલુપિ એવો से—सः તે लोकप्रसिद्ध पयंगे—पतंगः પતંગીયો—चतुरिन्द्रिय જીવ मच्चुं समुवेइ—मृत्युं समुपैति મૃત્યુનો ભોગ બને છે. આજ પ્રમાણે जो—यः જે મનુષ્ય रूवेसु—रूपेषु મનોજ્ઞરૂપમાં तिव्वं गिद्धिं उवेइ—तीव्रा गृद्धिं उपैति તીવ્ર રાગને પ્રાપ્ત કરે છે से—सः તે अकालियं विणासं पावइ—अकालिकं विनाशं प्राप्नोति આ સમયમાં જ મૃત્યુનો ભોગ બને છે.

ભાવાર્થ—એ પ્રસિદ્ધ વાત છે કે, રૂપનો લોભી પતંગીયો, દીવાની જ્યોતને જોઈને તેમાં જંપલાવે છે અને પોતાના પ્યારા પ્રાણને ખોઈ બેસે છે. આજ પ્રમાણે જે મનુષ્ય મનોજ્ઞરૂપમાં તીવ્રરાગી બની જાય છે તે અકાળે જ પોતાની આયુષ્ય સમાપ્ત કરી જીવનને ખોઇ બેસે છે. આ ગાથાદ્વારા રાગને વશ બનનાર મનુષ્ય અકાળ મૃત્યુને પ્રાપ્ત કરી લ્યે છે. આ વાત બતાવવામાં આવેલ છે॥૨૪॥

ફરી પણ કહે છે–"जे यावि" ઇત્યાદિ!

અન્વયાર્થ––જે જંતૂ તિવ્વં દોસં સમુવેઇ–यः जन्तुः तीव्रं द्वेषं समुपैति જે પ્રાણી અમનોજ્ઞ રૂપોમાં ઉત્કૃષ્ટ દ્વેષને કરે છે, સે તંસિક્ખણે સએણ દુદ્દંતદોસેણ દુઃક્ખં ઉવેઇ–स तस्मिं क्षणे स्वकेन दुर्दान्तदोषेण दुःखं उपैति એ પ્રાણી તે ક્ષણમાં પોતાના દુર્દાન્ત દોષથી–મેં સારી રીતે ચક્ષુનું દમન કરેલ નથી. આ દોષથી–શારીરિક અને માનસિક દુઃખોને ભોગવે છે. से रूवं किंचि न अवरज्झई–तस्य रूपं किंचित् न अपराध्यति આ પ્રમાણે અમનોજ્ઞ રૂપનાં દ્વેષી જીવનું તે અમનોજ્ઞરૂપ કંઈ પણ બગાડી શકતું નથી. અર્થાત તે અમોજ્ઞરૂપ એ અમનોજ્ઞ દ્વેષીને કાંઈ પણ દુઃખ પહોંચાડાતું નથી.

ભાવાર્થ—જો કદાચ રૂપ જ દુઃખનો હેતુ હોત તો જે વીતરાગ તીર્થંકર આદિ છે એમને પણ રૂપના નિરૂપણમાં તથા રૂપના દર્શનમાં દુઃખ ઉત્પન્ન થવું જોઈતું હતું. પરંતુ તેવું બનેલ નથી. આ કારણે રાગદ્વેષના કરવાથી જ પ્રાણી દુઃખ પામે છે, એટલે જ્યાં સુધી રાગદ્વેષનો ત્યાગ કરવામાં નથી આવતો ત્યાં સુધી શારીરિક અને માનસિક દુઃખ અને મોક્ષાભાવરૂપ મહાન અનર્થ આ જીવને પ્રાપ્ત થતા જ રહેવાના ॥૨૫॥

રાગ કે અનર્થ મૂલત્વ કા નિરૂપણ

રાગ અને દ્વેષ એ બન્ને સઘળા અનર્થોના હેતુ છે આ બતાવાઈ ગયેલ છે. હવે "દ્વેષ પણ રાગના હેતુરૂપ હોય છે, આથી મહાન અનર્થનો હેતુ એક રાગ જ છે એ માટે સર્વપ્રથમ રાગ જ ત્યાગ કરવા યોગ્ય છે" આ વાતને સૂત્રકાર કહે છે—"एगंतरत्तो" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે રુइरंसि रूवे एगंतरत्तो हवइ–रुचिरे रूपे एकान्तरक्तः भवति

સુંદર રૂપમાં એકાન્તતઃ રક્ત બને છે સે-સઃ તે એતાલિસે પઓસં કુણઇ-એતાદૃશે પ્રદ્વેષં કરોતિ અસુંદરરૂપમાં પ્રકૃષ્ટ દ્વેષ કરે છે. આવો જીવ બાલો-બાલઃ હિતા હિતના વિવેકથી રહિત હોવાના કારણે બાલ-અજ્ઞાની માનવામાં આવે છે. આથી જ તે દુક્ખસ્સ સંપીલમુવેઇ-દૂઃખસ્ય સમ્પીડમ્ ઉપૈતિ શારીરિક અને માનસિક અનેક દુઃખોને ભોગવતો રહે છે. પરંતુ વિરાગો મુણી તેણ ન લિપ્પઈ-વિરાગઃ મુનિઃ તેન ન લિપ્યતે જે એવા હોય છે કે, એને સુંદરરૂપ રાગ નથી હોતો એવા મુનિજન રાગદ્વેષ જન્ય દુઃખમાં લિપ્ત થતા નથી. ॥ ૨૬ ॥

" રાગ જ હિંસા આદિ આસ્રવનો હેતુ છે. આ પ્રમાણે હિંસા આદિ દ્વારા રાગ જ દુઃખનું મૂળ કારણ છે " આ વાતને સૂત્રકાર છ ગાથાઓથી કહે છે—" રૂવાણુગા " ઈત્યાદિ!

અન્વયાર્થ—કિલિટ્ઠે-ક્લિષ્ટ રાગમાં બંધાયેલ તથા અત્તટ્ઠગુરુ-આત્માર્થગુરુઃ પોતાનુ પ્રયોજન જ જેણે સંપાદનીય કાર્યોમાં પ્રધાન માની રાખેલ છે. આ કારણે જે બાલે-બાલઃ હિત અને અહિતના વિવેકથી વિકળ બની રહેલ છે. એવા રૂવાણુગાસાણુગએ જીવે-રૂપાનુગાશાનુગતઃ જીવઃ મનોજ્ઞરૂપની પાછળ પાછળ દોડવાવાળી આશાથી મોહિત બનેલ જીવ અણેગરૂવે ચરાચરે હિંસઇ-અનેકરૂપાન્ ચરાચરાન્ હિનસ્તિ જાત્યાદિના ભેદથી અનેકવિધ ચરાચર પ્રાણીયોની હિંસા કરે છે, તથા તે-તાન્ કેટલાક એવા જીવોને ચિત્તેહિ-ચિત્રૈઃ અનેક પ્રકારના ઉપાયો દ્વારા પરિતાવેઇ-પરિતાપયતિ સર્વથા દુઃખિત કરે છે. તથા કેટલાક જીવોને પીડા પહોંચાડે છે.

ભાવાર્થ—રાગથી જીવ જ્યારે બંધાઇ જાય છે. ત્યારે તે પોતાના પ્રયોજનને કોઈ પણ ઉપાયથી સિદ્ધ કરવાના કામમાં લાગી જાય છે. એ વખતે આ ઉપાય કર્તવ્ય છે કે, અકર્તવ્ય છે. આ પ્રકારનો વિચાર કરતો નથી. અને તે મનોજ્ઞરૂપની આશાની પાછળ પડીને એ જીવ કેટલાંક ચરાચર પ્રાણીયોને મારે છે તેમજ કેટલાકને શારીરિક અને માનસિક કષ્ટ પહોંચાડે છે. આ કારણે આથી એ વાત સિદ્ધ થાય છે કે, રાગ જ સઘળા અનર્થોનો તથા હિંસાદિક આસ્રવોનો હેતુ છે. ॥૨૭॥

વળી પણ કહે છે—" રૂવાણુ વાએણ " ઈત્યાદિ!

અન્વયાર્થ—રૂવાણુવાએ-રૂપાનુપાતે રૂપમાં અનુરાગ ઉત્પન્ન થવાથી એ જીવ પરિગ્ગહેણ-પરિગ્રહેણ રૂપમાં સર્વપ્રથમ મૂર્ચ્છારૂપ પરિગ્રહથી બંધાઇ જાય છે પછી ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે-ઉત્પાદને રક્ષણસન્નિયોગે તે એ રૂપવાળી વસ્તુના સ્નેહથી એ વસ્તુનું ઉપાર્જન કરવામાં લાગી જાય છે. અને એનું ઉપાર્જન

થયા પછી " આનો વિનાશ ન થઈ જાય " એવા ખ્યાલથી એની રક્ષા કરવામાં તત્પર રહ્યા કરે છે. આથી પોતાના પ્રયોજનમાં તથા બીજાના પ્રયોજનમાં એનો ઉપયોગ કરે છે, જો એ વસ્તુ વયે વિઓગે-વ્યયે વિયોગે નષ્ટ થઈ જાય છે અથવા એની પાસેથી કોઈ આંચકી લ્યે છે તો એવી સ્થિતિમાં સે કહિં સુહં-तस्य क्व सुखम् એ રૂપવિમોહિત મતવાલા પ્રાણીના માટે એક ક્ષણભર પણ સુખ રહેતું નથી આજ પ્રમાણે संभोगकाले य अतित्तिलाभे कहिं सुहं--संभोगकाले च अतृप्तिलाभे क्व सुखम् ઉપભોગ કાળમાં પણ એને તૃપ્તિ થતી નથી આ અવસ્થા પણ એના માટે સુખ આપનાર બનતી નથી.

ભાવાર્થ—રૂપવાળા પદાર્થમાં જ્યારે એ પ્રાણી ઉન્મત્ત બની જાય છે ત્યારે સહુ પહેલાં તે એ પદાર્થની બલવતી મૂર્ચ્છાથી મૂર્ચ્છિત થઇ જાય છે. આવી દશામાં એ તે પદાર્થની પ્રાપ્તિમાં તેમજ પ્રાપ્ત થયા પછી પોતાના કર્તવ્યને ભૂલીને રાત દિવસ તે સંરક્ષણમાં જ લાગ્યો રહે છે. પોતાના ઉપયોગમાં અથવા બીજાના ઉપયોગમાં કામ આવવાથી જ્યારે એ વસ્તુ નષ્ટ બની જાય છે, અથવા તો વિયુક્ત-અલક થઈ જાય છે ત્યારે આવી સ્થિતીમાં એ વિશેષ પ્રમાણમાં દુઃખીત થતો રહે છે. પછી એના માટે સુખ કયાં? ઉપભોગ અવસ્થામાં તેનામાં અતૃપ્તિ રહ્યા કરે છે, આથી રૂપવિમોહિત મતિવાળા જીવને કોઈ પણ રીતે સુખ મળતું નથી. વળી કહ્યું પણ છે.—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्द्धते ॥ १ ॥"

અગ્નિમાં જેમ જેમ ઘી હોમવામાં આવે છે તેમ તેમ તે વધારે પ્રદીપ્ત થતી રહે છે. આજ પ્રમાણે અભિલાષાઓ જેમ જેમ અભિલષિત પદાર્થોની પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ એ વધતી જ જાય છે, શાંતિ થતી નથી. તાત્પર્ય કહેવાનું એ છે કે, ઉત્તરોત્તર ઇચ્છાઓની વૃદ્ધિથી પ્રાણીઓને કેવળ પરિતાપ જ થાય છે. આમ જે પ્રમાણે લગામથી બળવાન એવો ઘોડો પણ વશમાં આવી જાય છે એજ પ્રમાણે સંયમ આદિ દ્વારા ઇન્દ્રિયો વશમાં આવી જાય છે. આજ એનો નિગ્રહ છે. ॥૨૮॥

રૂપમેં તૃપ્તિ રહિતો કે દોષોં કા વર્ણન

રૂપના વિષયમાં જેને તૃપ્તિ થતી નથી, એ પ્રાણીને કયા કયા દોષોના ભાગી બનવું પડે છે? આ વાત સૂત્રકાર પ્રદર્શિત કરે છે—"રૂવે" ઇત્યાદિ!

અન્વયાર્થ—રૂવે-રૂપે મનોજ્ઞ રૂપના વિષયમાં અતિત્તે-અતૃપ્તઃ જેને તૃપ્તિ થતી નથી તથા પરિગ્ગહમ્મિ સત્તોવસત્તો-પરિગ્રહે સક્તોપસક્તઃ જે રૂપમાં પ્રથમ સામાન્યરૂપથી સક્ત થયેલ છે. પછીથી વિશેષ રૂપથી એનામાં આસક્ત બને છે એવો પ્રાણી કદી પણ તુટ્ઠિં ન ઉવેઇ-તુષ્ટિં ન ઉપૈતિ તૃપ્તિને પ્રાપ્ત કરી શકતો નથી. આમ અતુટ્ઠિદોસેણ-અતુષ્ટિદોષેણ અતુષ્ટિરૂપી દોષથી દૂહી-દૂઃખી દુઃખી બનેલ એ પ્રાણી પછી લોભાવિલે-લોભાવિલઃ લોભથી મલિન ચિત્ત થઈને પરસ્સ આયઢ્ઢયં અદત્તં-પરસ્ય અદત્તમ્ આદત્તે બીજાની અદત્ત વસ્તુને લ્યે છે, અર્થાત્ ચોરી કરે છે.

ભાવાર્થ—જે પ્રાણી મનોજ્ઞરૂપના વિષયમાં પણ સંતોષ અનુભવી શકતા નથી તથા જે પ્રથમ સામાન્ય રૂપથી અને પછીથી વિશેષરૂપથી રૂપમાં વિમોહિત મતિવાળા થઇ જાય છે એવા પ્રાણી રૂપની પાછળ અસતુષ્ટ થઈને સદા દુઃખી જ રહ્યા કરે છે. અને બીજાની રૂપ વિશિષ્ટ વસ્તુને લઇ લ્યે છે. અર્થાત ચોરી કરે છે. ॥૨૯॥

અદત્તાદાન શીલ કે દોષ વર્ણન

અદત્તાદાનમાં કયા કયા દોષ છે? એને કહે છે—"તણ્હા" ઇત્યાદિ!

અન્વયાર્થ—પરિગ્ગહે રૂવે-પરિગ્રહે રૂપે પરિગ્રહ સ્વરૂપ રૂપમાં અત્તિત્તસ્સ-અતૃપ્તસ્ય અસંતુષ્ટ તથા તણ્હાભિભૂયસ્સ-તૃષ્ણાભિભૂતસ્ય તૃષ્ણાથી અભિભૂત-

લોભના વશવર્તી–આજ કારણે અદત્તહારિણો–અદત્તહારિણઃ અદત્તને લેવાના સ્વભાવવાળા પુરૂષના લોભદોસા–લોભદોષાત્ કુકર્મમાં પ્રવર્તક હોવાના કારણે લોભરૂપ દોષના પ્રભાવથી માયા મુસં વડ્ઢઇ–માયા મૃષા વર્ધતે માયા પ્રધાન અસત્ય ભાષણ વધતું રહે છે. તાત્પર્ય એનું એ છે કે, લોભી પુરૂષ પારકી વસ્તુને ગ્રહણ કરીને એને છુપાવવામાં પણ સચેષ્ટ રહે છે અને માયા મૃષા સ્વરૂપ ભાષણ કરે છે. આ કથનથી એ સૂચિત થાય છે કે, એક લોભ જ સઘળા આસ્રવોનું પ્રધાન કારણ છે. તથા આ રાગના પ્રકરણમાં સર્વત્ર લોભના વર્ણનથી રાગમાં પણ એક લોભનો અંશ જ દુર્નિવાર છે. તત્થાવિ દુક્ખા સે ન વિમુચ્ચઇ–તત્રાપિ દૂખાત્ સ ન વિમુચ્યતે મૃષા ભાષણમાં પણ અદત્તાદાનશીલ એ વ્યક્તિ અસાતવેદનરૂપ દુઃખથી મુક્ત થતી નથી, પરંતુ ઉલટ દુઃખની ગર્તામાંજ ગબડતી રહે છે.

ભાવાર્થ—જે પ્રાણી આ રૂપાત્મક પરિગ્રહમાં અસંતુષ્ટ રહ્યા કરે છે, એની લોભરૂપ તૃષ્ણા કદી શાંન્ત થતી નથી. એ તૃષ્ણાથી વ્યામોહિત થઈને તે પરકાર્યરૂપ વિશિષ્ટ વસ્તુનું હરણ કરે છે. અને એ વસ્તુને છુપાવવા માટે અનેક પ્રકારનાં ષડયંત્રો તેમજ અસત્ય ભાષણ કર્યા કરે છે. આ પ્રમાણે મૃષા ભાષણ કરવાથી તે સુખી થતો નથી પરંતુ દુઃખને ભોગવનાર જ બને છે. ॥૩૦॥

જે અદત્ત ગ્રહણ કરે છે, અને એ અદત્તાદાનને છુપાવવા માટે મૃષાભાષણ કરે છે, એને એ મૃષાભાષણ જન્ય દુઃખના કારણે થોડી પણ શાંતિ મળતી નથી. આ વાતને સૂત્રકાર બતાવે છે.—"મોસસ્સ" ઇત્યાદિ !

અન્વયાર્થ—મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય પઓગકાલે ય દૂહી દૂરન્તે–મૃષાવાદસ્ય પશ્ચાચ્ચ પુરસ્તાચ્ચ પ્રયોગકાલે ચ દૂખી સન્ દૂરન્તઃ મૃષાવાદની પછી પશ્ચાત્તાપથી, મૃષાવાદના પહેલા ચિંતાથી, એ પ્રાણી આ જન્મમાં તથા પર જન્મમા દુઃખદ અવસાન વાળો થાય છે. એવં–એવમ્ આ પ્રમાણે અદત્તાણિ સામાયયંતો–અદત્તાનિ સમાદદાનઃ અદત્તને ગ્રહણ કરવાવાળો પ્રાણી રૂવે અતિત્તો–રૂપે અતૃપ્તઃ રૂપવિષયમાં અતૃપ્ત થતો રહીને અણિસ્સો–અનિશ્રઃ નિરાલંબ બની જાય છે. અને આ કારણથી તે દુહિઓ–દુઃખિતઃ દુખિત જ રહ્યા કરે છે.

ભાવાર્થ—મૃષાવાદના પછી મૃષાવાદીને એવો પશ્ચાત્તાપ થાય છે કે, મેં વ્યર્થમાં જ મૃષાભાષણની કુશળતાથી જેની વસ્તુ ચોરેલ છે, એને પ્રતારિત કરેલ છે, તથા મૃષાભાષણના પહેલાં મૃષાવાદીને એવી ચિંતા રહે છે કે, જેની વસ્તુ મારે ચોરવી છે અને હું કયા ઉપાયથી વિપ્રતારિત (ઠગું) કરૂં. તથા જ્યારે તે મૃષાવાદ બોલે છે એ વખતે તેને સ્વયં પોતાની આત્મામાં ક્ષોભ થાય છે. પરંતુ ઉપાય શું ? આદતથી લાચાર હોય છે. આ પ્રમાણે દુઃખી બનેલ એ

જીવ આ જન્મમાં અનેક વિટંબણાઓથી ઘેરાઈને પોતાના વિનાશથી તથા પર જન્મમાં નરક નિગોદાદિકની પ્રાપ્તિના કારણે અંતમાં દુઃખી બને છે. આ જન્મમાં પણ તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. "એ ચોર છે" આ પ્રકારના અપવાદથી એનો કોઈ પણ પક્ષપાતી થતો નથી. બધાથી તિરસ્કૃત થઈ ને નિરાલમ્બ, નિઃસહાય બનેલ એવો એ જીવ સદા દુઃખ અનુભવતો રહે છે. અહીં અદત્તાદાન ઉપલક્ષણ હોવાથી મૈથુનનું પણ ગ્રહણ થાય છે. તાત્પર્ય એ છે કે, અતૃપ્ત વ્યક્તિ કદી પણ દુઃખથી છુટકારો મેળવી શકતી નથી. એ દરેક સમયે દુઃખીતજ રહ્યા કરે છે. ।। ૩૧ ।।

આજ વિષયોને ફરીથી કહે છે—"रूवाणु" ઇત્યાદિ!

અન્વયાર્થ—एवं-एवम् આ પ્રમાણે रूवाणुरत्तस्स नरस्स-रूपानुरक्तस्य नरस्य રૂપમાં અનુરક્ત થયેલા મનુષ્યને कयाइं किंचि सुहं कत्तो-कदाचित् किञ्चित् सुखं कुतः કોઈ પણ સમયે કોઈ પણ સુખ કઈ રીતે મળી શકે? એના માટે તો સદા સર્વદા દુઃખ જ દુઃખ નિર્માણ થઈ ચૂકયું હોય છે. કેમકે, जस्स कए दुक्खं निवत्तइ तत्थ उवभोगे वि किलिसदुक्खं-यस्य कृते दुखम् निवर्तयति तत्र उपयोगेऽपि क्लेशदुःखम् જે રૂપવિશિષ્ટ વસ્તુને મેળવવામાં દુઃખ પ્રાપ્ત થાય છે તો પછી રૂપ અનુરાગમાં તથા તેના ઉપયોગમાં અતૃપ્તિ જન્ય દુઃખ કેમ ન થાય? અવશ્ય થાય જ.

ભાવાર્થ—રૂપની પાછળ બહાવરા બનેલ મનુષ્યોને કોઈ પણ સમયે કાંઇ પણ સુખ મળતું નથી. કારણ કે જ્યારે તેને મેળવવામાં જ પ્રાણીને દુઃખ થાય છે તો પછી તેનો ઉપભોગ કરવામાં સુખ કયાંથી મળી શકે? ત્યાં પણ તેના માટે તો દુઃખ જ દુઃખ રહેવાનું ।।૩૨।।

રૂપમેં દ્વેષ કરના ભી અનર્થ મૂલત્વ હોને કા કથન

આ પ્રમાણે રૂપના વિષયનો અનુરાગ અનર્થનો હેતુ છે આ વાત અહીં ત્યાં સુધી બતાવવામાં આવી ગઇ છે. હવે એમાં દ્વેષ કરવો એ પણ અનર્થનો હેતુ છે આ વાતને સૂત્રકાર બતાવે છે—" एमेव " ઇત્યાદિ !

અન્વયાર્થ—रूवम्मि–રૂપે અમનોજ્ઞ રૂપના વિષયમાં पओसं गओ–प्रद्वेषं गतः પ્રદ્વેષ કરવાવાળો મનુષ્ય एमेव दुक्खोहपरंपराओ उवेइ–एवमेव दक्खौघ परम्पराः उपैति આ રીતે દુઃખની પરંપરાઓને પ્રાપ્ત કરતો રહે છે. पदुट्ठचित्तो य कम्मं चिणाइ–प्रदुष्टचित्तः कर्म चिनोति દ્વેષથી જેનું ચારેએ મન પરિપૂર્ણ ભરાયેલું છે એવો એ મનુષ્ય જે કર્મોનો બંધ કરે છે. से विवागे–तस्य विपाके એ કર્મોના વિપાકના સમયે તેને પુણો દુહં હોઇ–पुनः दुःखं भवति આ જન્મમાં દુઃખ જ મળે છે. ગાથામાં દુઃખનું બે વખત ગ્રહણ કરવામાં આવેલ હોવાથી એ ભાવ પ્રગટ થાય છે કે, એને ભવ–પરભવમાં દુઃખ જ ભોગવવું પડે છે. તથા અશુભ કર્મોનો એ બંધ કરે છે. જે બંધ હિંસાદિ આસ્રવના વગર થતો

રૂપમેં રાગદ્વેષ ન કરને પર ગુણ કા કથન

નથી. આ ગાથાથી સૂત્રકારે એ સૂચિત કરેલ છે કે, દ્વેષ પણ રાગની માફક હિંસાદિક આસ્રવના વગર થતો નથી. ॥૩૩॥

આ પ્રમાણે રૂપના વિષયમાં રાગ અને દ્વેષના કરવાથી પ્રાણીમાં જે દોષ ઉત્પન્ન થાય છે એ તો કહેવાઈ ગયેલ છે. હવે આના ન કરવાથી જે ગુણ થાય છે એને સૂત્રકાર બતાવે છે.—" रूवे " ઇત્યાદિ !

અન્વયાર્થ—रूवे–રૂપે મનોજ્ઞ અથવા તો અમનોજ્ઞરૂપમાં विरत्तो मणुसो–विरक्तः मनुष्यः રાગ અને દ્વેષથી સંપૂર્ણપણે અલગ રહેલ મનુષ્ય विसोगो–विशोकः રૂપ વિષયક શોકથી તદ્દન મુક્ત બની રહે છે. તથા भवमज्झेवि संतो–भवमध्येऽपिसन् સંસારમાં રહેવા છતાં પણ जलेण पोक्खरिणी पलासं एएण दुक्खोह-

परंपरेण न लिप्पइ-जलेन पुष्करिणी पलाशं इव एतया दुःखौघपरंपरया न लिप्यते જળથી કમળપત્ર જે રીતે તેમાં રહેવા છતાં પણ અલિપ્ત રહે છે તેમ પૂર્વ કહેવાયેલ સઘળી દુઃખ પરંપરાઓથી તદ્દન અલિપ્ત રહે છે.

ભાવાર્થ—જે પ્રમાણે કમળ જળમાં રહેવા છતાં પણ એથી અલિપ્ત રહે છે અને તે સંસારમાં વસતો હોવા છતાં આવા પ્રકારની દુઃખ પરંપરા તેનો લેશ માત્ર સ્પર્શ કરી શકતી નથી. ॥૩૪॥

॥ચક્ષુ પ્રકરણ સમાપ્ત થયું ॥

આ પ્રમાણે તેર ગાથાઓથી ચક્ષુરિન્દ્રિયના વિષયને સામે રાખીને કહેવામાં આવેલ છે. આ જ પ્રમાણે બીજી ઈન્દ્રિયો તથા મનનું પણ જે તેના વિષયને લગતું વ્યાન સૂત્રકાર કહેશે. એની વ્યાખ્યા ચક્ષુરિન્દ્રિયના પ્રકરણની માફક જ જાણવી જોઇએ. પરંતુ એમાં જે જે વિશિષ્ટતાઓ હશે તે કહેવામાં

શ્રોતેન્દ્રિય કા નિરૂપણ

આવશે. હવે શ્રોત્રેન્દ્રિયના પ્રકરણનો પ્રારંભ કરે છે—

"सोयस्स" ઈત્યાદિ!

અન્વયાર્થ—સોયસ્સ સદ્દં ગહણં વયંતિ-શ્રોત્રસ્ય શબ્દં ગ્રહણં વદન્તિ શ્રોત્ર ઈન્દ્રિયનો વિષય શબ્દ કહેવામાં આવેલ છે તે મનોજ્ઞ અને અમનોજ્ઞના ભેદથી બે પ્રકારના છે. મણુન્નં તં રાગહેઉં આહુ-મનોજ્ઞં તં રાગહેતું આહુઃ તીર્થંકર ગણધરો એ મનોજ્ઞ શબ્દને રાગનો હેતુ કહેલ છે. તથા અમણુન્નં દોસહેઉં આહુ-અમનોજ્ઞં દ્વેષહેતું આહુઃ અમનોજ્ઞ શબ્દને દ્વેષનો હેતુ કહેલ છે. જો તેસુ સમો સ વીયરાગો-યઃ તયોઃ સમઃ સ વીતરાગઃ જે આ બન્નેમાં સમભાવ રાખે છે, વીતરાગ છે. અર્થાત એજ રાગદ્વેષ રહિત કહેવાય છે. ॥૩૫॥

અન્વયાર્થ—सद्दस्स गहणं सोयं वयंति–शब्दस्य ग्रहणं श्रोत्रं वदन्ति પોતાના વિષયભૂત શબ્દને ગ્રહણ કરવાવાળી શ્રોત્ર ઈન્દ્રિયને માનવામાં આવે છે તથા सोयस्य गहणं सद्दं वयंति-श्रोत्रस्य ग्रहणं शब्दं वदन्ति શ્રોત ઈન્દ્રિયનો વિષય શબ્દ માનવામાં આવેલ છે. આ પ્રમાણે શબ્દ અને શ્રોત ઈન્દ્રિયમાં ગ્રાહ્ય તેમજ ગ્રાહકનો સંબંધ બતાવવામાં આવેલ છે. समणुण्णं रागस्स हेउं आहु अमणुण्णं दोसस्स हेउं आहु–समनोज्ञं रागस्य हेतुं आहुः अमनोज्ञं द्वेषस्य हेतुं आहुः મનોજ્ઞ શબ્દ રાગનો હેતુ છે, તથા અમનોજ્ઞ શબ્દ દ્વેષનો હેતુ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ—તીર્થંકરાદિકોએ એવું કહેલ છે કે, શબ્દ અને શ્રોત ઈન્દ્રિયનો પરસ્પરમાં ગ્રાહ્ય અને ગ્રાહકનો સંબંધ છે. શબ્દ ગ્રાહ્ય અને શ્રોત્રગ્રાહક છે. મનોજ્ઞ અને અમનોજ્ઞના ભેદથી શબ્દ બે પ્રકારના હોય છે. આમાં મનોજ્ઞ શબ્દ રાગનું અને અમનોજ્ઞ શબ્દ દ્વેષનું કારણ બને છે. ॥૩૬॥

વધુમાં પણ કહે છે—"स सु" ઈત્યાદિ !

અન્વયાર્થ—જો सद्देसु तिव्वं गिद्धिं उवेइ–यः शब्देषु तीव्रां गृद्धिं उपैति જે જીવ શબ્દમાં તીવ્ર આશક્તિને પ્રાપ્ત કરે છે, से अकालियं विणासं पावइ–सः अकालिकं विनाशं प्राप्नोति તે અસમયમાં નાશને પાત્ર બને છે. रागाउरे–रागातुरः મનોજ્ઞ શબ્દના અનુરાગથી આંધળું બનેલ हरिणमिए-हरिणमृगः હરણ પશુ मुद्धे-मुग्धः હિત અને અહિતના જ્ઞાનથી રહિત બનીને मच्चुं समुवेइ-मृत्युं समुपैति મૃત્યુને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે सद्दे अतित्ते–शब्दे अतृप्तः શબ્દમાં અનુરાગથી આકુળ વ્યાકુળ બનેલો પ્રાણી પણ અકાળમાં જ મૃત્યુને પ્રાપ્ત કરે છે.॥૩૭॥

પહેલાં શબ્દ વિષયક રાગનું ફળ કહ્યું, હવે શબ્દ વિષયક દ્વેષનું ફળ કહે છે—"जे यावि" ઈત્યાદિ !

અન્વયાર્થ—जे यावि जंतू तिव्वं दोसं समुवेइ–यश्च जन्तुः तीव्रं द्वेषं समुपैति જે પ્રાણી અમનોજ્ઞ શબ્દમાં અત્યંત દ્વેષ કરે છે, રૂચિર શબ્દમાં એકાંતરૂપથી અત્યંત અનુરક્ત તે એજ વખતે तंसिक्खणे सोएणं दुद्दतदोसेण दुक्खं उवेइ–तस्मिन् क्षणे स्वकेन दोषेण दुःखम् उपैति પોતાના દુર્દાન્ત દોષથી શારીરિક અને માનસિક દુઃખને પ્રાપ્ત કરે છે આજ પ્રમાણે तस्स–तस्य અમનોજ્ઞ શબ્દમાં દ્વેષ કરવાવાળાનું એ सद्दं–शब्दः અમનોજ્ઞ શબ્દ न किंचि अवरज्झइ–न किंञ्चित् अपराध्यति કાંઈ પણ અહિત કરી શકતો નથી. ॥૩૮॥

"एगंतरत्तो" इत्यादि !

અન્વયાર્થ—જો રુइंसि सद्दे एगंतरत्तो–यस्तु रुचिरे शब्दे एकान्तरक्तः જે પ્રાણી રુચિર શબ્દમાં એકાંન્ત રૂપથી અનુરક્ત બને છે તે एतालिसे पओसं कुणइ–एतादृशे प्रद्वेषं करोति અમનોજ્ઞ શબ્દમાં દ્વેષ કરે છે. से बाले–सः बालः એ બાળ અજ્ઞાની दुक्खस्स सम्पीडम् उवेइ–दुःखस्य सम्पीडम् उपैति શારીરિક અને માનસિક અનેક દુઃખોને ભોગવે છે. પરંતુ જે એવા હોય છે કે, જેમને મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ જરા સરખોએ કોઈ પણ પ્રકારનો પક્ષપાત નથી विरागो–विरागः તે વિરાગી છે. અને એવા मुणी–मुनिः मुनिजन तेण न लिप्पइ–तेन न लिप्यते એ દુઃખથી લિપ્ત થતા નથી. ॥૩૯॥

"सद्दाणुगा" ઇત્યાદિ!

અન્વયાર્થ—किलिट्ठे–क्लिष्टः મનોજ્ઞ શબ્દને સાંભળવાના અનુરાગથી બંધાયેલા તથા अत्तट्ठगुरु–आत्मार्थगुरुः મનોજ્ઞ શબ્દરૂપ પ્રયોજન જ જેણે કરવા યોગ્ય કાર્યોમાં પ્રધાનરૂપે માની રાખેલ છે. અને એજ કારણે જ बाले–बालः અજ્ઞાની હિત તેમજ અહિતના વિવેકથી વિકળ છે, એવા सद्दाणुगासाणुगए–शब्दानुगा शानुगतः કાગડાના ગીત આદિ રૂપ ધ્વની અર્થાત ગાવાની મધુર ધ્વનીને સાંભળવાની અભિલાષાથી મોહિત બનેલ જીવે–जीवः જીવ णेगरूवे चराचरे हिंसइ–अनेकरूपान् चराचरान् हिनस्ति જાતિ આદિના ભેદથી અનેકવિધ ચર–અચર પ્રાણીયોની હિંસા કરે છે. તથા કેટલાક તે–तान् એવા જીવોને चित्तेहि–चित्रै અનેકવિધ ઉપાયો દ્વારા સદા परितावेइ–परितापयति સર્વદા દુઃખિત કરે છે. તથા કેટલાક જીવોને પીડા આપે છે.

ભાવાર્થ—મનોજ્ઞ શબ્દ સાંભળવાના અનુરાગથી જ્યારે જીવ એમાં ઓત-પ્રોત બની જાય છે ત્યારે એને સાંભળ્યા સિવાય તેને કયાંય ચેન પડતું નથી. એ પોતાના આ પ્રયોજનને અનુચિત્ત ઉપાયો દ્વારા પણ સફળ કરવાની ચેષ્ટામાં લાગી રહે છે. પોતાનું ઇચ્છેલ કાર્ય જે રીતે સફળ બને તેવા ઉપાયની

સાધનામાં તે સદા ગુંથાયેલ રહે છે. આ પ્રમાણે એ મનોજ્ઞ શબ્દોને સાંભળવાની અભિલાષામાં પ્રેરિત બનીને સ્થાવર જંગમ પ્રાણીયોની વિરાધના કરવમાં પણ તે અચકાતો નથી. મૃદંગ, વાજીંત્ર, આદિમાં ઉપયોગમાં આવતાં ચામડાં, લાકડાં, વગેરે માટે એ જીવોની હિંસા પણ કરતો રહે છે. આ પ્રમાણે મનોજ્ઞ શબ્દ સાંભળવાની આશાથી બંધાયેલો એ જીવ વિવિધ ઉપાયો દ્વારા જીવોને પીડિત અને દુઃખિત કરે છે. ॥૪૦॥

"सद्दाणुवाए" ઈત્યાદિ !

અન્વયાર્થ—सद्दाणुवाएण-शब्दानुपाते શબ્દમાં અનુરાગ થવાથી परिग्गहेण-परिग्रहेण સર્વ પ્રથમ આ જીવ એને સાંભળવાની વાંચ્છના રૂપ પરિગ્રહથી બંધાઇ જાય છે, પછી उप्पायणे-उत्पादने તે મનોજ્ઞ શબ્દ સંભળાવનારી વસ્તુના ઉત્પાદનમાં લાગી જાય છે. જ્યારે તેની ઉત્પત્તિ અને ઉપાર્જન થઈ જાય છે ત્યારે रक्खणसन्निजोगे-रक्षणसन्नियोगे એનો વિનાશ ન થઇ જાય, આ મારી પાસેથી કોઇ પડાવી ન લે, આવા અભિપ્રાયથી યુક્ત બનીને તેનું રક્ષણ કરવામાં તત્પર રહે છે. તથા પોતાના પ્રયોજનમાં અને બીજના પ્રયોજનમાં એનો ઉપયોગ કરવા લાગી જાય છે. वए विजोगे य कहं सुहं से-व्यये वियोगे कव सुखं तस्य જ્યારે એ વસ્તુનો વિનાશ થઇ જાય છે, અથવા તો એ તેની પાસેથી કોઇ પડાવી લ્યે છે, આવી દશામાં તે એ મનોજ્ઞ શબ્દમાં વિમોહિત બનેલ એ વ્યક્તિને એક ક્ષણ સુખ મળતું નથી. આ પ્રમાણે संभोगकाले अतित्ति लाभे-संभोगकाले अतृप्तलाभः ઉપભોગ કાળમાં એનાથી તેને તૃપ્તિનો લાભ થતો નથી. આથી તેને સુખનો લાભ કયાંથી મળી શકે? ॥૪૧॥

"सद्दे" ઈત્યાદિ !

અન્વયાર્થ—જ્યારે એ सद्दे अतित्त-शब्दे अतृप्तः જીવ શબ્દરૂપ વિષયમાં અસંતુષ્ટ રહે છે, અર્થાત ગમે તે રીતે સાંભળવાનું મળે એવા જ ઉપાયમાં એ રાત દિવસ ગુથાયેલ રહે છે. એવો પ્રાણી परिग्गहम्मि सत्तोवसत्ते-परिग्रहे सक्तोवसक्तः પ્રથમ સામાન્યરૂપ શબ્દમાં આસકત મતિવાળો બને છે. પછીથી વિશેષ શબ્દમાં આસકત બની જાય છે. પછીથી પણ तुट्ठिं न उवेइ-तुष्टिं न उपैति મનોજ્ઞ શબ્દ સાંભળતાં સાંભળતાં એનાથી તેને કદી પણ સંતોષ થતો નથી આ પ્રમાણે अतुट्ठिदोसेण दुही-अतुष्टिदोषेण दुःखीसन् અસંતુષ્ટ પણાના દોષથી દુઃખિત થઈને તે પછીથી लोभाविले-लोभाविलः લોભથી મેલા મનવાળો થઈને રહે છે. અને परस्स अदत्तं आययई-परस्य अदत्तं आददते આ કારણે મલિનચિત્ત બનેલો તે બીજની ગીતગાયક દાસી આદિકોને અથવા વીણા, વાંસળી, આદિ સુંદર એવાં ગાવાનાં સાધનોને વગર પૂછયે, વગર આપ્યે, ઉઠાવી લ્યે છે. ॥૪૨॥

"तण्हाभि" ઈત્યાદિ.

અન્વયાર્થ—तण्हाभिभूयस्स सद्दे परिग्गहेय अतित्तस्स लोभदोसा माया मुसं वड्ढइ तत्थावि दुक्खानविमुच्चई–तृष्णाभिभूतस्य अदत्तहारिणः शब्दे परिग्रहे च अतृप्तस्य लोभदोषात् माया मृषा वर्धते तत्रापि स दुःखात् न विमुच्यते तृष्णाने वधार-नार એવા મનોજ્ઞ શબ્દને સાંભળવાની અભિલાષાથી અભિભૂત–લોભના–વશ-વર્તી–આ કારણે સુંદર એવાં ગાવાનાં સાધનોને કોઈ ને પૂછ્યા વગર કે આપ્યા સિવાય લેવાવાળા તથા શબ્દરૂપ પરિગ્રહમાં અસંતોષિ એવા પુરૂષના લોભના દોષથી માયા પ્રધાન અસત્ય ભાષણ વૃદ્ધિગત બને છે. માયા પ્રધાનરૂપ એ અસત્ય ભાષણના કરવા છતાં પણ તે દુઃખથી મુક્ત થતો નથી. ॥૪૩॥

"मोसस्स" ઇત્યાદિ !

આનો અર્થ તેમજ ભાવાર્થ અગાઉ કહેવામાં આવી ગયેલ છે. ગાથા ૩૧ જુઓ ॥૪૪॥

એ અર્થને સમાપ્ત કરીને સૂત્રકાર કહે છે—"सद्दाणुरत्तस्स" ઇત્યાદિ.

આનો અર્થ જુઓ અગાઉ કહેવાઈ ગયેલ ગાથા ૩૨ માં ॥૪૫॥

"एमेव" ઇત્યાદિ !

આનો અર્થ અને ભાવાર્થ આ અધ્યયનની ૩૩ મી ગાથામાં કહેવાઇ ગયેલ છે. ત્યાં તેને અર્થરૂપ ભાવાર્થથી કહેવામાં આવેલ છે. ત્યાંથી એનો અર્થ કરવામાં એ શબ્દોને લઈને જોડી લેવા જોઈ એ. ॥૪૬॥

આ પ્રમાણે શબ્દ વિષયક રાગદ્વેષના દોષને કહેવામાં આવેલ છે. હવે તેમાં રાગદ્વેષ ન કરવાના ગુણને કહે છે.—"सद्दे" ઇત્યાદિ.

આના અર્થ અને ભાવાર્થને જાણવા માટે ગાથા ૩૪ મી જુઓ. ॥૪૭॥

ઘ્રાણેન્દ્રિય કા નિરૂપણ

આ પ્રમાણે શ્રોત્રનું પ્રકરણ કહ્યું હવે ઘ્રાણનું પ્રકરણ કહેવામાં આવે છે.—"घाणस्स" ઇત્યાદિ !

અન્વયાર્થ—घाणस्स गहणं गंधं वयन्ति–घ्राणस्य ग्रहणं गन्धं वदन्ति घ्राणे-

ન્દ્રિયનો વિષય ગંધ કહેવામાં આવે છે. તે સુગંધ અને દુર્ગંધના ભેદથી બે પ્રકારે છે. મણુન્નં તં રાગહેઉં આહુ–મનોજ્ઞં તં રાગહેતું આહુઃ તીર્થંકર ગણધર આદિક દેવોએ સુગંધરૂપ મનોજ્ઞગંધને રાગનો હેતુ કહેલ છે, તથા અમણુણ્ણં દોસહેઉ આહુ–અમનોજ્ઞં દ્વેષહેતું આહુઃ દુર્ગંધરૂપ અમનોજ્ઞ દ્વેષનો હેતુ કહેલ છે. જો તેસુ સમો વીયરાગો–યઃ તયોઃ સમઃ વીતરાગઃ જે આ બન્નેમાં સમભાવ રાખે છે તે વીતરાગ છે. ॥૪૮॥

" गंधस्स " ઇત્યાદિ !

અન્વયાર્થ—ઘાણં ગંધસ્સ ગહણં વયંતિ–ઘ્રાણ ગન્ધસ્ય ગ્રહણં વદન્તિ ઘ્રાણ ઇન્દ્રિય ગંધની ગ્રાહક છે. તેથી ઘાણસ્સ ગંધં ગ્રહણં વયંતિ–ઘ્રાણસ્ય ગંધં ગ્રહણં વદન્તિ ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધનો છે. રાગસ્સ હેઉં સમણુન્નં આહુ–રાગસ્ય હેતું સમનોજ્ઞં આહુઃ મનોજ્ઞ ગંધને રાગનો હેતુ કહેવામાં આવેલ છે અને અમણુન્નં દોસસ્સ હેઉં આહુ–અમનોજ્ઞં દ્વેષસ્ય હેતું આહુઃ અમનોજ્ઞ ગંધ દ્વેષનું કારણ બતાવેલ છે. ॥૪૯॥

" गंधेसु " ઇત્યાદિ.

અન્વયાર્થ—જો ગંધેસુ તિવ્વં ગિદ્ધિં ઉવેઇ–યઃ ગન્ધેષુ તીવ્રાં ગૃદ્ધિં ઉપૈતિ જે પુરૂષ ગંધ વિષયમાં તીવ્ર આસક્તિને ધારણ કરે છે સે અકાલિયં વિણાસં પાવઇ–સ અકાલિકં વિનાશં પ્રાપ્નોતિ તે અકાળમાં જ મૃત્યુને પ્રાપ્ત કરે છે. રાગાઉરે–રાગાતુરઃ જેમ ગંધનાં અનુરાગથી આંધળો બનેલ ઓસઇ ગંધગિદ્ધે–ઔષધિગન્ધગૃદ્ધઃ તથા નાગદમણીય આદિ સર્પ વશીકરણ ઔષધિયોની ગંધના અભિલાષી સપ્પે–સર્પઃ સાપ વિલાઓ–વિલાત્ પોતાના દરમાંથી નિક્ખમંતે–નિષ્ક્રમન્ બહાર નીકળતાં જ વિનાશને પ્રાપ્ત બને છે.

ભાવાર્થ—ગંધના વિષયમાં જે પ્રાણી અનુરાગી બની જાય છે તે નાગદમણીય આદિ ઔષધિયોની ગંધમાં અનુરાગી બનેલા સર્પની માફક અકાળમાં મૃત્યુને પ્રાપ્ત કરે છે. ઘાતક લોકો જ્યારે સર્પને મારવાનું ઇચ્છે છે ત્યારે તેઓ ત્યાં કેતકી આદિ ઔષધિયો તેના દરની પાસે રાખી દે છે. એ ઔષધિયોની ગંધથી આકર્ષાઇને સર્પ જ્યારે દરમાં બહાર નીકળે છે ત્યારે એ ઘાતકી મનુષ્યો તેને મારી નાખે છે. ॥૫૦॥

" जे यावि " ઇત્યાદિ..

જે પ્રાણી અમનોજ્ઞ ગંધના વિષયમાં તીવ્ર દ્વેષને ધારણ કરે છે તે એ ક્ષણમાં પોતાના દુર્દાન્ત દોષના કારણે જ દુઃખ પામે છે. આમાં એ ગંધનો કાંઈ પણ દોષ નથી. ॥૫૧॥

" एगंतरत्ते " ઇત્યાદિ.

જે પ્રાણી મનોજ્ઞ ગંધમાં એકાન્ततः રક્ત બની જાય છે, એ નિયમથી અમનોજ્ઞ ગંધમાં દ્વેષ કરે છે. આ કારણે તે દુઃખ પરંપરાને ભોગવ્યા કરે છે. પરંતુ જે આ બન્નેમાં સમભાવ રાખે છે તે મુનિ વિરાગી છે અને તે કદી પણ રાગદ્વેષથી ઉત્પન્ન થતા દુઃખથી દુઃખિત થતા નથી. ॥૫૨॥

રાગ જ હિંસાદિ આસ્રવનું કારણ છે, અને હિંસાદિથી જ રાગ દુઃખનું કારણ બને છે, આથી એ વાતને સૂત્રકાર છ ગાથાઓથી કહે છે.—

" गंधाणु " ઇત્યાદિ.

અન્વયાર્થ—किलिट्ठे-क्लिष्टः ગંધના અનુરાગથી પીડિત બનેલો જીવ अत्तट्ठगुरु-आत्मार्थगुरुः સઘળા સંપાદનીય કાર્યોમાં પોતાના પ્રયોજનને સિદ્ધ કરવું એજ સહુથી મોટું કામ સમજે છે. એજ કારણ છે કે, बाले-बालः તે અજ્ઞાનિ આ સ્થિતિમાં પડીને હિત અને અહિતના વિવેકથી વિકળ બની જાય છે. गंधाणुगासाणुगए-गन्धानुगाशानुगतः આજ કારણે તે મનોજ્ઞ ગંધની આશામાં પડીને अनेगरूवे-अनेकरूपान् અનેક પ્રકારથી चराचरे-चराचरान् ત્રસ અને સ્થાવર જીવોને चित्तेहि-चित्रैः વિવિધ ઉપાયો દ્વારા परितावेइ-परितापयति દુઃખિત કરે છે તથા पीलेइ-पीडयति તેમને પીડા પહોંચાડે છે. ॥૫૩॥

" गंधाणु " ઇત્યાદિ !

અન્વયાર્થ—गंधाणुवाएण-गन्धानुपाते ગંધમાં અનુરાગ થવાથી ગંધ વિષયક परिग्गहेण-परिग्रहेण પરિગ્રહથી એ જીવ ગંધયુકત વસ્તુનું उप्पायणे रक्खणसन्निओगे-उत्पादने रक्षणसन्नियोगे ઉપાર્જન કરવામાં તથા તેનું રક્ષણ કરવામાં અને તેને પોતાના અને બીજાના ઉપયોગમાં લગાડવામાં તથા वए विओगे य कहं सुहं-व्यये वियोगे च कथं सुखं એનો વ્યય થવાથી તેમજ વિનાશ થવાથી દુઃખ જ થતો રહે છે. संभोगकाले य अतित्तिकाले-संभोगकाले च अतृप्तिलाभे ઉપભોગ કાળમાં પણ એ જીવને તે ગંધની તૃપ્તીનો લાભ થતો નથી. આથી એ અવસ્થામાં પણ તે સુખી થતો નથી. ॥૫૪॥

" गंधे " ઇત્યાદિ.

અન્વયાર્થ—પ્રાણી गंधे अतित्ते य-गन्धे अतृप्तश्च જ્યારે ગંધ વિષયમાં

તૃપ્ત થતો નથી ત્યારે એ સમયે ગંધને મેળવવામાં અત્યંત આસક્ત બનીને પણ તે સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. આ પ્રમાણે અતુટ્ઠિદોસેણ દુહી–અતુષ્ટિ-દોષેણ દુઃખી અસંતોષ પણાના દોષથી દુઃખિત બનીને તે પરસ્સ–પરસ્ય બીજાના ગંધ વિશિષ્ટ દ્રવ્યને લોભાવિલે–લોભાવિલઃ લોભને વશ બનીને વગર માગ્યે તેમ વગર પુછયે લઈ લ્યે છે. ॥ ૫૫ ॥

" तण्हा " ઈત્યાદિ !

ગંધમાં જ્યારે પ્રાણી અસંતુષ્ટ રહ્યા કરે છે. ત્યારે તે એને મેળવવાની દરેક પ્રકારથી ચેષ્ટા કર્યા કરે છે. આ પ્રમાણે એને હાથ કરવાની ચેષ્ટારૂપ તૃષ્ણાથી આકુળવ્યાકુળ બનેલા એના ચિત્તમાં ચોરી કરવાનો ભાવ જાગે છે અને જ્યારે એ તેને ચોરી લ્યે છે. આ પછી એ ચોરીને છુપાવવા માટે એ નાના પ્રકારનાં માયા પ્રધાન અસત્ય ભાષણ કરતો રહે છે. આ પ્રમાણે અસત્ય ભાષણરૂપ દોષથી તેનો કદી પણ છુટકારો થતો નથી. ॥ ૫૬ ॥

" मोसस्स " ઈત્યાદિ !

આ પ્રમાણે ગંધમાં અતૃપ્ત એવો એ પ્રાણી ખોટું બોલતાં પહેલાં અને ખોટું બોલતી વખતે દુઃખી થાય છે અને અંતે પણ દુઃખ જ પામે છે. આ પ્રમાણે પારકી વસ્તુને મેળવ્યા પછી પણ એ ગંધથી તૃપ્ત થતો નથી. અતૃપ્તિના કારણે નિરાધાર બનીને એ સદા દુઃખિત જ રહે છે. ॥૫૭॥

" गंधाणु " ઈત્યાદિ !

આ પ્રમાણે ગંધ ગુણમાં અનુરક્ત બનેલા પ્રાણીને કોઇ પણ સમયે થોડું પણ સુખ કયાંથી મળી શકે ? જ્યારે એ ગંધમાં અનુરાગ કરવાથી દુઃખ થાય છે તો પછી એ મળ્યા છતાં પણ દુઃખ જ મળવાનું. છતાં પણ કેટલા આશ્ચર્યની વાત છે કે, અનેક રીતે શરૂમાં અને પછીથી દુઃખોનો અનુભવ કરવા છતાં પણ જીવ એના ઉપભોગ માટે તડપતોજ રહે છે. ॥૫૮॥

આ પ્રમાણે ગંધના વિષયમાં રાગને અનર્થનો હેતુ કહી હવે 'દ્વેષ પણ અનર્થનો હેતુ છે' એ બતલાવે છે—" एमेव " ઈત્યાદિ.

આ પ્રમાણે ગંધ-અમનોજ્ઞ ગંધના વિષયમાં અરૂચિ પરિણામ સ્વરૂપ દ્વેષભાવને પ્રાપ્ત બનેલ જીવ આ પ્રકારની દુઃખોની પરંપરાઓને ભોગવ્યા કરે છે. તથા એનામાં પ્રદ્વિષ્ટ ચિત્ત બનીને કર્મનું ઉપાર્જન કરે છે. તો જ્યારે તેનો વિપાકકાળ આવે છે એ સમયે તે ફરીથી દુઃખી જ રહે છે. ॥ ૫૯ ॥

ગંધના વિષયમાં રાગદ્વેષને ન હટાવવાના દોષને કહ્યા, હવે રાગદ્વેષને હટાવવાના ગુણને કહે છે.—"गंधे" ઇત્યાદિ !

મનોજ્ઞ ગંધ અને અમનોજ્ઞ ગંધથી વિરકત પ્રાણી શોક રહિત બનીને સંસારમાં રહેવા છતાં પણ પૂર્વોક્ત આ દુઃખ પરંપરાથી કદિ પણ લિપ્ત થતા નથી. જેમ પાણીમાં રહેવા છતાં પણ કમળપત્ર પાણીથી અલિપ્ત રહે છે. ॥૬૦॥

જિહ્વેન્દ્રિય કા નિરૂપણ

આ પ્રમાણે ઘ્રાણેન્દ્રિયનું પ્રકરણ કહેવાયું, હવે જીહ્વા ઈન્દ્રિયનું પ્રકરણ કહે છે—" जीहाए " ઇત્યાદિ!

અન્વયાર્થ—જેને જીહ્વા ઈન્દ્રિય દ્વારા આસ્વાદિત કરવામાં આવે તે રસ છે આ ખાટા, તીખા, વિગેરેના ભેદથી પાંચ પ્રકારના છે. जीहाए गहणं रसं वयंति—जिह्वयाः ग्रहणं रसं वदन्ति જીહ્વા ઈન્દ્રિયનું આકર્ષણ રસ કહેવાયેલ છે. मणुन्नं रागहेउं आहु-मनोज्ञं रागहेतुं आहु મનોજ્ઞ રસ રાગનું કારણ બતાવવામાં આવેલ છે. अमणुन्नं तं दोसहेउं आहु-अमनोज्ञं तं दोषहेतुं आहुः અમનોજ્ઞ રસ દ્વેષનું કારણ બતવાયેલ છે. तेसु जो समो स वीयरागो-तयोः यः समः स वीतरागः આ બન્નેમાં જે સમભાવ રાખે છે તે વિતરાગ છે. ॥૬૧॥

" रसस्स " ઇત્યાદિ!

જીહ્વા ઈન્દ્રિય રસને ગ્રહણ કરનાર માનવામાં આવેલ છે તથા જીહ્વાને ગ્રાહ્ય રસ માનવામાં આવે છે. તેમાં મનોજ્ઞરસ રાગનો હેતુ, તથા અમનોજ્ઞ રસ દ્વેષનો હેતુ બતાવવામાં આવેલ છે. ॥૬૨॥

" रसेसु " ઇત્યાદિ!

અન્વયાર્થ—जो रसेसु गिद्धिं उवेइ से अकालियं विणासं पावइ-यः रसेषु गृद्धिं उपैति स अकालिकं विनाशं उपैति જે પ્રાણી રસમાં તીવ્ર લોલુપતા રાખે છે તે અકાળમાં મૃત્યુને પામે છે. જેમ रागाउरे वडिशविभिन्नकाए मच्छे आमिस-

भोगगिद्धे-रागातुरः बडिशविभिन्नकायः मत्स्यः आमिषभोगगृद्धः માંસને ખાવામાં લોલુપ બનેલ માછલું એના રાગમાં આતુર બનીને ગલના કાંટામાં ફસાઈને અકાળે મૃત્યુ પામે છે.

ભાવાર્થ—માછલાને પકડનાર મચ્છીમાર એક લોઢાના વાંકી અણીવાળા કાંટામાં માંસનો કટકો લટકાવીને દોરાથી બાંધી તેને પાણીમાં લટકાવી દે છે. માછલું એ માંસના ટુકડાને ખાવા જાય છે ત્યાં એ અણીદાર કાંટો તેના ગળામાં ઘુસી જાય છે આ પ્રમાણે એ માછલી તે કાંટામાં સપડાઈને મચ્છી-મારના હાથમાં પકડાઇ જઈ અકાલમાં મૃત્યુ પામે છે. આજ પ્રમાણે જે જીવ જીભ્હા ઇન્દ્રિયનો લોલુપી હોય છે તે પણ અકાળે પોતાના પ્રાણને ગુમાવી દે છે. ॥૬૩॥

" जेयावि " ઇત્યાદિ!

જે જન્તુ અમનોજ્ઞ રસમાં તીવ્ર દ્વેષ ધારણ કરે છે, તે એ ક્ષણમાં પણ પોતાના જ દુર્દાંતદ્વોષના કારણે દુઃખી થાય છે. રસનો આમાં કાંઈ પણ દોષ નથી. ॥૬૪॥

આ પ્રમાણે દ્વેષને સઘળાં અનર્થોનો હેતુ બતાવીને હવે રાગને સઘળા અનર્થોનો હેતુ બતાવે છે.—" एगंतरत्ते " ઇત્યાદિ!

જે પ્રાણી મનોહર રસમાં એકાન્તરૂપથી અનુરક્ત બને છે એ બાળ છે. કેમકે, તે એ સ્થિતિમાં અમનોજ્ઞ રસમાં દ્વેષ કરવા લાગી જાય છે. આ કારણે તે દુઃખોને ભોગવે છે. જે આ બન્ને અવસ્થામાં રાગ દ્વેષ કરતા નથી એ મુનિ એ દુઃખથી રહિત થઈ જાય છે. ॥૬૫॥

રાગ જ હિંસાદિ આસ્રવનો હેતુ છે. આ કારણે હિંસાદિને લઇને રાગ જ દુઃખનું મૂળ કારણ છે આ વાતને સૂત્રકાર છ ગાથાઓથી કહે છે—

" रसाणुगा " ઇત્યાદિ!

રસના અનુરાગથી પીડિત બનેલો જીવ સર્વ પ્રથમ સંપાદનીય કાર્યોમાં પોતે પોતાની જાતને સંતુષ્ટ કરવામાં જ પ્રધાન કર્તવ્ય માને છે. આજ કારણે તે અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. આમાં તે કોઈ કોઈ જીવોને હરણ, માછલાં, આદિકોને ખાવામાટે વિવિધ પ્રકારના ઉપયોથી મારે છે અને કોઈ કોઈ ફળ મૂળ કંદ, આદિકોને એ પીડા પહોંચાડીનેપરિતાપિત કરે છે.॥૬૬॥

"रसाणु वाएण" ઇત્યાદિ!

જ્યારે જીવની મનોજ્ઞ રસમાં આસક્તિ વધી જાય છે ત્યારે તે એ રસને ગ્રહણ કરવાની ઇચ્છાથી એ રસ વિશિષ્ટ વસ્તુનું ઉપાર્જન કરે છે. એની પ્રાપ્તિ થવાથી પછી એનું સંરક્ષણ કરે છે પોતાના નિમિત્ત કે બીજાના નિમિત્ત તેનો ઉપયોગ કરે છે. જ્યારે એનો વ્યય અને વિયોગ થઈ જાય છે ત્યારે એમાં તેને દુઃખ થવાથી સુખ કયાંથી મળી શકે? ઉપભોગ કાળમાં પણ એનાથી યથાવત્ તૃપ્તિ થતી નથી. આથી એ અવસ્થામાં પણ એ જીવ સુખી થઈ શકતો નથી. ॥૬૭॥

રસમાં જેને તૃપ્તિ નથી, એના દોષ કહે છે.—"रसे" ઇત્યાદિ.

જ્યારે પ્રાણી રસમાં અતૃપ્ત બની રહે છે તો એ એની ચાહનામાં જ રાત દિવસ તત્પર રહે છે. જ્યારે એ તેને પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તે એનામાં એકદમ આસક્ત બની જાય છે. આમાં એની દશા એવી થઈ જાય છે કે, તે બીજાની ખાંડ, ખાજા, ફળ, આદિ વસ્તુઓને પણ વગર આપ્યે ઉપાડી લ્યે છે.॥૬૮॥

"तण्हा" ઇત્યાદિ!

રસને અપનાવવારૂપ પરિગ્રહમાં અતૃપ્ત તથા તૃષ્ણાથી વ્યાપ્ત પ્રાણીમાં બીજાની વગર આપેલી વસ્તુનું ગ્રહણ કરવાથી લોભના દોષથી માયાયુક્ત મૃષા ભાષણ ઘણા પ્રમાણમાં વધી જાય છે અને એ મૃષાભાષણમાં પણ એ અદત્તા દાનશીલ વ્યક્તિ દુઃખથી બચી શકતી નથી. ॥૬૯॥

"मोसस्स" ઇત્યાદિ!

એ જીવ ખોટું બોલવામાં જ્યારે પટુ બની જાય છે ત્યારે પણ તે એ ભાષણના પહેલાં અને પછીથી તથા એને બોલવાના સમયે પણ દુઃખિ થઇને દુઃખદ અવસાન વાળો જ બને છે. અર્થાત મૃષાવાદનું ફળ તેને દુઃખ ભોગવવા રૂપ જ મળે છે. આ પ્રમાણે અદત્તને ગ્રહણ કરવા જતાં રસમાં અતૃપ્ત બનેલ એ પ્રાણીનો સંસારમાં કોઈ પણ સહાયક બનતો નથી. આ પ્રમાણે રસાભિલાષી વ્યક્તિ એનામાં અતૃપ્ત રહેવાના કારણે સુખી ન બનતાં ખરેખર દુઃખિજ બની રહે છે. ॥૭૦॥

એ અર્થને જ ફરીથી કહે છે.—"रसाणु" ઇત્યાદિ.

આ પ્રમાણે જે પ્રાણી રસમાં અનુરક્ત મતિવાળો થાય છે એને કોઇ પણ સ્થળે કાંઈ પણ સુખ મળતું નથી. જે રસાનુરાગમાં તથા એ રસના ઉપભોગમાં પણ જ્યારે કલેશ અને દુઃખભોગવે છે તો ખબર નહી કે, આનો ઉપભોગ કરવામાં તે શા માટે લવલીન બની રહે છે. અને કેમ એનો ઉપભોગ કરવા નીમિત દુઃખ ભોગવે છે. ॥૭૧॥

રસ વિષય રાગને અનર્થનો હેતુ કહ્યો, હવે દ્વેષને અનર્થનો હેતુ કહે છે—"एमेव" ઇત્યાદિ!

રસમાં જે દ્વેષ કરે છે એ પણ એવી પૂર્વોક્ત દુઃખ પરંપરાને ભોગવે છે તથા પ્રદ્વિષ્ટ ચિત્ત હોવાના કારણે એ જીવ જે કર્મોનો સંચય કરે છે, જ્યારે તેનો વિપાક કાળ આવે છે ત્યારે એ ફરીથી જેમનો તેમ દુઃખી થવા માંડે છે.॥૭૨॥

રસ વિષયક રાગદ્વેષને ન હટાવવાના દોષને કહ્યો, હવે રાગ દ્વેષને હટાવવાના ગુણ કહે છે.—"रसे" ઇત્યાદિ!

રસમાં વિરક્ત બનેલ પ્રાણી શોક રહિત બની જાય છે અને તે સંસારમાં રહેવા છતાં પણ કમલપત્ર જે પ્રમાણે પાણીમાં લિપ્ત નથી થતું તે પ્રમાણે દુઃખ પરંપરાથી લિપ્ત થતો નથી. ॥૭૩॥

સ્પર્શનેન્દ્રિય કા નિરૂપણ

૭૪મા ઇન્દ્રિયનું પ્રકરણ કહ્યું હવે સ્પર્શેન્દ્રિયનું પ્રકરણ કહે છે.—"कायस्स" ઇત્યાદિ!

અન્વયાર્થ—फासं कायस्स गहणं वयंति–स्पर्शं कायस्य ग्रहणं वदन्ति સ્પર્શ વિષય સ્પર્શન ઇન્દ્રિયને કહે છે તથા तं मणुन्नं रागहेउं आहु–तं मनोज्ञं रागहेतुं आहुः મનોજ્ઞ એવા એ સ્પર્શને રાગનો હેતુ બતાવેલ છે. अमणुन्नं दोस हेउं आहु–अमनोज्ञं द्वेषहेतुं आहुः અમનોજ્ઞ જે સ્પર્શ હોય છે તે દ્વેષનો હેતુ હોય છે. तेसु जो समो स वीयरागो–तयोः यः समः स वीतरागः આ બન્નેમાં જે સમભાવ રાખતા હોય છે તે વીતરાગ કહેવાય છે. ॥૭૪॥

"फासस्स" ઈત્યાદિ !

અન્વયાર્થ—कायं फासस्स गहणं वयंति–कायं स्पर्शस्य ग्रहणं वदन्ति સ્પર્શન ઈન્દ્રિયને આઠ પ્રકારના સ્પર્શના ગ્રાહક કહેલ છે તથા फासं कायस्स गहणं वयन्ति-स्पर्शः कायस्य ग्रहणं वदन्ति આઠ પ્રકારના સ્પર્શ સ્પર્શન ઈન્દ્રિયના વિષય કહેવામાં આવેલ છે. मणुन्नं रागस्स हेउं आहु–मनोज्ञं रागस्य हेतुं आहुः મનોજ્ઞ સ્પર્શ રાગનો હેતુ તથા अमणुन्नं दोसस्स हेउं आहु–अमनोज्ञं द्वेषस्य हेतुं आहुः અમનોજ્ઞ દ્વેષનું કારણ બતાવાયેલ છે. ॥૭૫॥

"फासेसु" ઈત્યાદિ !

અન્વયાર્થ—फासेसु–स्पर्शेषु સ્પર્શોમાં जो–यः જે तिव्वं गेहिं–तीव्रां गृद्धिम् તીવ્ર ગૃદ્ધિને उवेइ–उपैति ધારણ કરે છે સે अकालियं विणासं पावइ–स अकालिकं विनाशं प्राप्नोति તે અકાળમાં વિનાશને પ્રાપ્ત થાય છે. व–इव જેમ रागाउरे–रागातुरे મનોજ્ઞ સ્પર્શના અનુરાગથી આંધળો બનેલ वन्ने–वन्यः જંગલી महिसे–महिषः પાડો सीय जलावसन्ने–शीतजलावसन्नः ઠંડા પાણીમાં પડીને મગરના પંજામાં સપડાઇને અકાળે મરણ પામે છે. ॥૭૬॥

"जेयावि" ઈત્યાદિ !

જે જીવ અમનોજ્ઞ સ્પર્શમાં તીવ્ર દ્વેષને ધારણ કરે છે તે એક્ષણમાં પણ પોતાના દુર્દાન્ત દોષવશ દુઃખ પામે છે. સ્પર્શ એનો કાંઈપણ બગાડ કરતો નથી. ॥૭૭॥

"एगंतरत्ते" ઈત્યાદિ !

જે વ્યકિત મનોજ્ઞ સ્પર્શમાં એકાન્ત અનુરકત થાય છે તથા અમનોજ્ઞ સ્પર્શથી દ્વેષ કરે છે તે નિયમતઃ દુઃખોને પામે છે. જે એવું નથી કરતા તે મુનિ દુઃખથી લિપ્ત થતા નથી. ॥૭૮॥

રાગ જ હિંસાદિ આસ્રવનો હેતુ છે આ કારણે હિંસાદિને લઈને રાગ જ દુઃખનું મૂળ કારણ છે, તે છ ગાથાઓથી કહે છે—"फासाणुगा" ઈત્યાદિ !

મનોજ્ઞ સ્પર્શના અનુરાગથી પીડિત બનેલ જીવ સઘળા કાર્યોમાં એ જ એક મુખ્ય કાર્ય સમજે છે કે, ગમે તે રીતે મને મનોજ્ઞ સ્પર્શનો લાભ મળે, અમનોજ્ઞ સ્પર્શ નહી. આ માટે તે આવા અમનોજ્ઞ સ્પર્શની પ્રાપ્તિ

નિમિત્ત હિતાહિતના વિવેકથી રહિત બનીને બાલ જીવની માફક એ એક માત્ર મનોજ્ઞ સ્પર્શની આશા પાછળ પડીને અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. કોઇ કોઈ જીવોને તે અનેક ઉપાયો દ્વારા સંતાપિત કરે છે. તથા કેટલાક જીવોને પીડિત કરે છે. ॥૭૯॥

"फासाणुवाएण" ઈત્યાદિ !

મનોજ્ઞ સ્પર્શનો અનુરાગ હોવાથી જીવ એની મુચ્છામાં બંધાઇ જાય છે. અને તેની પ્રાપ્તિ કરવામાં સચેષ્ટ બની જાય છે. જ્યારે એને તેની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે એ તેની રક્ષા કરવામાં તત્પર રહ્યા કરે છે. પોતાના ઉપયોગમાં તથા બીજાના ઉપયોગમાં પણ સુંદર સ્પર્શવાળી વસ્તુનો પ્રયોગ કરે છે, આવી સ્થિતિમાં જ્યારે તેનો નાશ અથવા વિયોગ થઈ જાય છે તો એને તેના વગર એક ક્ષણ પણ સુખ મળતું નથી. તથા તેનો ઉપયોગ કરતી વખતે પણ એને જેવી તૃપ્તી થવી જોઈએ તે થતી નથી. આથી અતૃપ્તિ જન્ય દુઃખ એ સમયમાં પણ એને થતું રહે છે. ॥૮૦॥

"फासे अतित्त" ઈત્યાદિ !

સ્પર્શના વિષયમાં અતૃપ્ત પ્રાણી એ સ્પર્શ વિષયને ગ્રહણ કરવામાં અત્યંત આસકત બની કદી પણ સંતોષને પ્રાપ્ત થતો નથી. આ રીતે અતુષ્ટીના દોષથી દુઃખીત બનેલો એ પ્રાણી લોભથી મલિન ચિત્ત બનીને બીજાની સુંદર સ્પર્શવાળી વસ્તુને વગર આપ્યે જ ગ્રહણ કરવા લાગી જાય છે. ॥૮૧॥

"तण्हाभिभूयस्स" ઈત્યાદિ !

સ્પર્શરૂપ પરિગ્રહને અપનાવવામાં અતૃપ્ત પ્રાણી તૃષ્ણાથી અભિભૂત થવાથી અદત્તાદાનનું ગ્રહણ કરવામાં જ્યારે લાગી જાય છે ત્યારે એનામાં લોભના દોષથી માયાપ્રધાન અસત્ય ભાષણ વધવા માંડે છે. આ પ્રકારની સ્થિતિમાં પણ તે દુઃખથી છુટકારો મેળવી શકતો નથી. ॥૮૨॥

"मोसस्स" ઈત્યાદિ !

મૃષાવાદના પહેલાં અથવા પછીથી તેમજ તેને બોલતી વખતે એ જીવ દુઃખી થાય છે. અને તેનો અંતકાળ પણ દુઃખદ બને છે. આ રીતે અદત્તને

ગ્રહણ કરનાર એ જીવ મનોજ્ઞ સ્પર્શમાં અતૃપ્ત બની સંસારમાં નિઃસહાયક બની જાય છે અને હર પ્રકારથી દુઃખ જ દુઃખ ભોગવતો રહે છે ॥૮૩॥

"फासाणुरत्तस्स" ઈત્યાદિ!

આ પ્રમાણે મનોજ્ઞ સ્પર્શમાં જે પ્રાણી અનુરક્ત બને છે તે કોઈ પણ રીતે કોઈ પણ સ્થળે જરા સરખો પણ સુખી થઈ શકતો નથી. આ રીતે જે સ્પર્શના માટે એ રાત દિવસ દુઃખી થતો રહે છે. એ સ્પર્શનો અનુરાગ અને તેનો ઉપભોગ સુખપ્રદ કઈ રીતે બની શકે? કદી પણ નહીં. ॥૮૪॥

સ્પર્શ વિષયક રાગને અનર્થનો હેતુ કહ્યો, હવે તદ્વિષયક દ્વેષ પણ અનર્થનો હેતુ હોય છે તેને કહે છે—"एमेव" ઈત્યાદિ!

સ્પર્શ વિષયમાં પ્રદ્વેષને પ્રાપ્ત થયેલ પ્રાણી આજ પ્રમાણે દુઃખોની પરંપરાને ભોગવે છે કેમકે, જે દ્વેષ ચિત્તવાળો થાય છે એ કર્મોનો બંધ કરે છે અને એ કર્મ પોતાના ઉદય કાળમાં એ જીવને વારંવાર દુઃખી જ કરે છે.॥૮૫॥

સ્પર્શ વિષયક રાગદ્વેષને ન હટાવવાના દોષને કહ્યા, હવે તેને હટાવવાના ગુણને કહે છે.—"फासे विरत्तो" ઈત્યાદિ!

સ્પર્શ વિષયમાં વિરક્ત બની રહેલ પુરૂષ શોક રહિત થઈ જાય છે. તથા એ સંસારમાં રહેવા છતાં પણ પૂર્વોક્ત દુઃખ પરંપરાથી લિપ્ત નથી થતા. જેમ

મન કા નિરૂપણ

જળમાં રહેવા છતાં પણ કમળપત્ર જળથી લિપ્ત થતું નથી. ॥૮૬॥

આ સ્પર્શેન્દ્રિયનું પ્રકરણ કહ્યું, હવે મનનું પ્રકરણ કહેવામાં આવે છે.—"मणस्स" ઈત્યાદિ!

અન્વયાર્થ—भावं–भावम् રૂપાદિકના સ્મરણ સ્વરૂપ અથવા મનોજ્ઞ રૂપાદિકોના સંયોગના ઉપાયના ચિંતવનરૂપ અથવા અમનોજ્ઞ રૂપાદિકોના વિયોગના ઉપાયના ચિંતનરૂપ અથવા સ્વપ્ન આદિમાં પ્રાપ્ત થયેલ રૂપાદિક વિષયરૂપ ભાવ मणस्स ગ્રહણં વયન્તિ–મનસઃ ગ્રહણં વદન્તિ મનનું આકર્ષણ માનવામાં આવેલ છે તથા मणुन्नं तं रागहेउं आहु–मनोज्ञं तं रागहेतुं आहुः મનોજ્ઞ એ ભાવ રાગનો હેતુ માનવામાં આવેલ છે તથા अमणुन्नं तं दोसहेउं आहु–अम-

નોઙ્ગં તં દ્વેષહેતું આહુઃ અમનોજ્ઞ તે રૂપાદિક વિષયકભાવ દ્વેષનો હેતુ મનાયેલ છે. જો તેસુ સમો સ વીયરાગો–યઃ તયોઃ સમઃ સ વીતરાગઃ જે મનુષ્ય રૂપાદિક વિષયક એ ભાવોમાં સમભાવવાળા છે એ વીતરાગ છે. ॥૮૭॥

"ભાવસ્સ" ઇત્યાદિ !

અન્વયાર્થ—ભાવં મણસ્સ ગહણં વયન્તિ–ભાવં મનસઃ ગ્રહણં વદન્તિ રૂપાદિક વિષય તે ભાવ મનનો વિષય કહેવામાં આવેલ છે તથા ભાવસ્સ મણં ગહણં વયન્તિ–ભાવસ્ય મનઃ ગ્રહણં વદન્તિ રૂપાદિક વિષય એ ભાવનું મન ગ્રાહક કહેવાયેલ છે. સમણુન્નં રાગસ્સ હેઉં આહુ–સમનોજ્ઞં રાગસ્ય હેતું આહુ મનોજ્ઞ ભાવાનુષંગી મન રાગનો હેતુ અને અમણુન્નં દોસસ્સ હેઉં આહુ–અમનોજ્ઞં દ્વેષસ્ય હેતું આહુઃ અમનોજ્ઞ ભાવાનુષંગી મન દ્વેષનો હેતુ કહેવાયેલ છે. ॥૮૮॥

"ભાવેસુ" ઇત્યાદિ !

જે મનુષ્ય મનોજ્ઞ રૂપાદિકના સ્મરણરૂપ ભાવોમાં તીવ્ર ગૃદ્ધિને ધારણ કરે છે તે અકાળમાં નષ્ટ થઇ જાય છે. જેમ મનોજ્ઞ રૂપાદિકોમાં આસક્ત બનેલ હાથી, હાથણીથી પોતાનો માર્ગ ભૂલીને અકાળમાં મૃત્યુને પામે છે. તાત્પર્ય આનું એ પ્રમાણે છે કે, જે રીતે મદોન્મત્ત ગજરાજ હાથણીની પાછળ પડીને રાજાના સેવકોના હાથથી પકડાઈ જાય છે. અને સંગ્રામ આદિમાં પહોંચીને મૃત્યુને પ્રાપ્ત થાય છે એજ પ્રમાણે મનોજ્ઞ રૂપાદિકમાં મોહિત બનેલ પ્રાણી અકાળમાં મૃત્યુને ભેટે છે.

પ્રશ્ન–મનના આ પ્રકરણમાં ચક્ષુરિન્દ્રિયના વિષયનું આ દૃષ્ટાંત અસંગત છે. કેમકે, ચક્ષુ ઇન્દ્રિયના વશથી જ ગજની પ્રવૃત્તિ હાથીણીના વિષયમાં જાણી શકાય છે.

ઉત્તર–જો કે હાથીની હાથણીના વિષયમાં પ્રવૃત્તિ ચક્ષુ ઇન્દ્રિયના દ્વારા રૂપ જોઈને જ દેખવામાં આવે છે તો પણ ત્યાં મનની પ્રધાનરૂપથી વિવક્ષા માનવામાં આવેલ છે. કેમકે, મનનો સંકલ્પ થયા વગર તે એના વિષયમાં પ્રવૃત્તિ કરી શકતો નથી. એ રીતે આ દૃષ્ટાંતની સંગતિ બેસી જાય છે. અથવા જે હાથી કામના આવેગથી વ્યાકુળ બની જાય છે. એમાં મદાંધતા હોવાના કારણથી ચક્ષુ આદિ ઇન્દ્રિયોના વેપારના અભાવમાં પણ મનનો જ વેપાર બને છે. અથવા જ્યારે હાથી કામથી આંધળો બની જાય છે ત્યારે તે હાથણીનું વારંવાર સ્મરણ કરીને એની પ્રાપ્તિના માર્ગને પણ ભૂલી જાય છે. અને અહીં તહીં ભટકવા માંડે છે. આવી સ્થિતિમાં તે પકડાઈ જાય છે અને પરવશ બનીને સંગ્રામ આદિમાં મૃત્યુને આધીન બની જાય છે. ॥૮૯॥

"जेयावि" इत्यादि !

જે પ્રાણી અમનોજ્ઞરૂપ આદિ વિષયક ભાવમાં તીવ્ર દ્વેષ ધારણ કરે છે તે એ ક્ષણમાં પણ પોતાના જ દુર્દાંત દોષના કારણે દુઃખનો પાત્ર બને છે. એના દુઃખી થવામાં એ ભાવનો કોઈ અપરાધ નથી. ॥૯૦॥

"एगंतरतो" ઈત્યાદિ !

જે મનુષ્ય મનોજ્ઞભાવમાં એકાન્તતઃ રક્ત બની જાય છે છે બાળ જીવ છે. અને તે અમનોજ્ઞ ભાવમાં પ્રદ્વેષ કરે છે. આજ કારણથી એ દુઃખ ભોગવે છે. જે આ પ્રમાણે કરતા નથી તે વિરકત આત્મા મુનિ છે. અને એ આ દુઃખથી લિપ્ત થતા નથી. ॥૯૧॥

રાગ જ હિંસાદિ આસ્રવનો હેતુ છે. આથી હિંસાદિને લઈને રાગ જ દુઃખનું કારણ હોય છે તેને કહે છે.—"भावाणु" ઈત્યાદિ !

સંક્લિષ્ટ પરિણામી જીવ રૂપાદિ વિષયક અભિપ્રાયને વશવર્તી થઈને પોતાના ભાવને જ સિદ્ધ કરવાનું જ સર્વ પ્રથમ કર્તવ્ય માને છે. આ અવસ્થામાં તેને હેય અને ઉપાદેય ભાવોનો જરા સરખોએ વિવેક રહેતો નથી. આથી એ બાલ જીવ રૂપાદિ વિષયક સ્મરણને અનુકૂળ અભિકાંક્ષાના વશવર્તી બનીને અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે તથા વિવિધ પ્રકારના ઉપાયો દ્વારા કેટલાક જીવોને એ પરિતાપિત કરે છે. અને કેટલાક જીવોને પીડિત કરે છે. ॥૯૨॥

"भावाणु" ઈત્યાદિ !

ભાવમાં જીવનો અનુરાગ હોવાથી તે એમાં મૂર્ચ્છાત્મક પરિગ્રહથી ઝકડાઈ જાય છે. અને એજ કારણે તે એના ઉત્પાદનમાં, રક્ષણમાં અને તેના ઉપયોગમાં સુખી બની શકતો નથી. આ પ્રમાણે ઉપભોગ કાળમાં યથાવત્ત પ્રાપ્તિ ન થવાથી તે સુખી થઇ શકતો નથી. ॥૯૩॥

"भावे" ઈત્યાદિ !

ભાવમાં અતૃપ્ત પ્રાણી એ પરિગ્રહરૂપ ભાવમાં અત્યંત આસકત બનીને પોતાના અસંતોષરૂપી દોષથી દુઃખિત થયા કરે છે અને લોભથી મલિન ચિત્તવાળો બનીને પારકાની અદત્ત વસ્તુને પોતાના અભિપ્રાયની સિદ્ધિના નિમિત્ત ઘણે ભાગે ગ્રહણ કરી લે છે. ॥૯૪॥

"तण्हाभिभूयस्स" ઈત્યાદિ !

અન્વયાર્થ—भावे परिग्गहे अतित्तस्स–भावे परिग्रहे अतृप्तस्य ભાવ વિષયક પરિગ્રહમાં અતૃપ્ત અથવા તો तण्हाभिभूतस्स–तृष्णाभिभूतस्य તૃષ્ણાથી અભિભૂત પ્રાણી अदत्तहारिणो–अदत्तहारिणः અદત્તને ગ્રહણ કરનાર હોય છે અને તેના लोभ दोसा–लोभ दोषात् લોભના દોષથી माया मुसंवड्ढइ–माया मृषा वर्धते માયાયુકત

અસત્ય ભાષણ અધિક બને છે. तत्थवि दुःक्खा से न विमुच्चइ–तत्रापि दुःखात् स न विमुच्यते મૃષાભાષણ કરનાર એ જીવ દુઃખથી છુટકારો મેળવી શકતો નથી. ॥૯૫॥

" मोयस्स " ઈત્યાદિ.

મૃષાભાષણ કરતાં પહેલાં કે તેની પછીથી અથવા તો એ બોલવા સમયે દુઃખી એ જીવ ખરાબ ભાવના ધરાવનાર બની રહે છે. આ પ્રમાણે અદત્તને ગ્રહણ કરનાર તે ભાવવિષયમાં અતૃપ્ત થઈને તથા નિઃસહાય થઈને દુઃખીત જ બની જાય છે. ॥૯૬॥

" भावाणुरत्तस्स " ઈત્યાદિ !

આ પ્રમાણે ભાવમાં અનુરક્ત પુરૂષને કોઈપણ સમય થોડું પણ સુખ કઇ રીતે મળી શકે, એ ભાવના અનુરાગમાં તથા ઉપભોગમાં પણ જ્યારે ક્લેશ અને દુઃખ થાય છે ત્યારે જીવ એના નિમિત્ત દુઃખ શા માટે ઉઠાવતો હશે ? ॥૯૭॥

આ રીતે ભાવવિષયક રાગને અનર્થનો હેતુ કહી બતાવ્યો હવે દ્વેષ પણ અનર્થનો હેતુ હોય છે, એને કહે છે.—" एमेव " ઈત્યાદિ.

भावम्मि–भावे અનિષ્ઠ પદાર્થના સ્મરણરૂપ ભાવમાં અર્થાત " અનિષ્ટ વસ્તુનો વિયોગ થઈ જાય " આ પ્રકારના વિચારમાં पओसं गओ–प्रद्वेषं गतः પ્રદ્વેષને પ્રાપ્ત બનેલો જીવ एमेव–एवमेव આ પ્રમાણે दुक्खोहपरंपराओ–दुःखौघ–परंपरः દુઃખોની પરંપરાને उवेइ–उपैति પ્રાપ્ત કરે છે. તથા पदुट्ठचित्तो य जं कम्मं चिणाइ तस्स विवागे पुणो दुहं होइ–प्रद्विष्टचित्तः यत् कर्म चिनोति तस्य विपाके पुनः दुःखं भवति પ્રદ્વિષ્ટ ચિત્તવાળો થઈને એ જીવ જે જે કર્મોનો બંધ કરે છે એ કર્મોના વિપાક સમયમાં તે ફરીથી દુઃખી થાય છે. ॥૯૮॥

ભાવ વિષયક રાગ દ્વેષને ન હટાવવાના દોષને કહી બતાવ્યા, હવે તે વિષયના રાગદ્વેષને હટાવવાના ગુણને કહે છે—" भावे " ઈત્યાદિ !

ઈષ્ટ તેમજ અનિષ્ટ પદાર્થના સ્મરણરૂપ ભાવમાં અથવા મનોજ્ઞ તેમજ અમનોજ્ઞ વસ્તુનો વિષય કરવાવાળા ભાવમાં રાગ દ્વેષ રહિત બનેલ પ્રાણી શોક રહિત હોય છે. આવો જીવ સંસારની વચ્ચમાં રહેવા છતાં પણ આ

દુઃખ પરંપરાથી જળમાં રહેલ કમળ પત્રની માફક અલિપ્ત જ રહે છે. ॥૯૯॥

એજ અર્થથી ફરીથી સંક્ષેપથી કહે છે.—" एविंदियत्था " ઇત્યાદિ!

અન્વયાર્થ—एवं-एवम् આ રીતે પૂર્વોક્ત પ્રકારથી इंदियत्था-इन्द्रियार्थाः ચક્ષુરાદિ ઇન્દ્રિયોના વિષય, રૂપાદિક તથા મનનો વિષય સ્મરણાદિ પદાર્થ, भाव-रागिणो-रागिणः રાગદ્વેષ સંપન્ન मणुस्स-मनुजस्य મનુષ્યને दुक्खस्स हेउं-दुःखस्य हेतवो શારીરિક અને માનસિક દુઃખના કારણરૂપ બને છે. પરંતુ वीयरागस्स-वीतरागस्य જે એનામાં વીતરાગ હોય છે; અર્થાત્ આવા વિષયોમાં જેને રાગ અને દ્વેષ નથી એમને તે चेव-ते चैव એ ચક્ષુ આદિ ઇન્દ્રિયોના વિષય તેમજ મનનું સ્મરણ આદિરૂપભાવ कयाइ-कदाचित् કોઇ પણ સંજોગોમાં थोवंपि-स्तोकमपि જરા સરખો પણ किंचि-किञ्चित् शारीरिक અને માનસિક दुःखं न करेंति-दुःखं न कुर्वन्ति દુઃખ ઉત્પન્ન કરી શકતો નથી.

ભાવાર્થ—જે મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોમાં અને મનના સંકલ્પ વિકલ્પ રૂપ ભાવોમાં રાગદ્વેષ કર્યા કરે છે તે જ સદા દુઃખી રહ્યા કરે છે. પરંતુ જે વીતરાગ છે તે, આ વિષયો દ્વારા કોઈ પણ સમયે કિંચિત માત્ર પણ દુઃખ પામતા નથી. આજ રીતે રાગી દુઃખી થાય છે. અને વીતરાગી દુઃખી થતા નથી. એ વાત આ ગાથા દ્વારા સૂત્રકારે બતાવેલ છે. ॥૧૦૦॥

કામભોગ રૂપ કારણો વિદ્યમાન હોવાથી રાગદ્વેષ રૂપ કાર્ય અવશ્ય ઉપસ્થિત થાય જ છે. આ કારણે કોઇ પણ વીતરાગ ન થઈ શકે તો પછી દુઃખનો

કામભોગ કે સ્વરૂપ કા નિરૂપણ

નાશ કઈ રીતે થઈ શકે ? આવી આશંકાનું નિવારણ કરવા માટે કહે છે.—

" न कामभोगा " ઇત્યાદિ!

અન્વયાર્થ—कामभोगा-कामभोगाः શબ્દ તથા રૂપ કામ, ગંધ, રસ અને સ્પર્શ-ભોગ, એ બધા समयं न उवेंति-समतां न उपयान्ति રાગ અને દ્વેષના અભાવરૂપ સમતા ભાવના પ્રતિહેતુ બની શકતા નથી. કદાચ જો આ સઘળા સમતા ભાવના હેતુ હોત તો સંસારમાં કોઈ પણ પ્રાણી એના કારણે રાગ દ્વેષ કરત નહીં. સઘળા લોક વીતરાગ બની જાત. પરંતુ એવું તો બનતું જ નથી. આ પ્રમાણે भोगा-भोगाः એ કામભોગ विगइं न उवेंति-विकृतिं न उपयान्ति ક્રોધ આદિરૂપ વિકૃતિના તરફ પણ હેતુભૂત બનતા નથી. કારણ કે, એનામાં વિકૃતિના તરફ હેતુતા માનવાથી કોઈ પણ પ્રાણી વીતરાગ બની શકે નહીં. આથી એ માનવું જોઇએ કે, ઇન્દ્રિયો તથા મન એ દુઃખનો હેતુ હોય છે. ન તો શબ્દાદિક વિષય રાગદ્વેષના અભાવ તરફ હેતુ વાળા હોય છે. તેમ ન તો

રાગદ્વેષના સદ્ભાવ તરફ હેતુવાળા બને છે. રાગ દ્વેષનો હેતુ શું છે તેને બતાવતા સૂત્રકાર કહે છે કે જો तप्पओसी य परिग्गहीय सो तेसु मोहा विगइं उवेइ– यः तत्प्रद्वेषी परिग्र ाच स तेषु मोहात् विकृतिं उपैति જે મનુષ્ય અમનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં પ્ર ષ કરે છે તથા મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં રાગ :કરે છે. તે એ શબ્દાદિક વિષયોમાં રાગદ્વેષ મોહનીય કર્મના ઉદયથી ક્રોધાદિરૂપ વિકૃતિને પ્રાપ્ત થાય છે. રાગદ્વેષ રહિત મનુષ્યને સમતાભાવની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ—શબ્દાદિક વિષય ન તો સમતા ભાવના તરફ હેતુ માનવામાં આવે છે, અથવા ન તો ક્રોધાદિકોના તરફ હેતુ માની શકાય છે. કારણ કે, એવું એકપક્ષી માનવાથી ન કોઈ રાગદ્વેષ વાળો બને કે, ન તો કોઈ વીતરાગ બની શકે આથી એ માનવું જોઇએ કે, જે પ્રાણી રાગદ્વેષરૂપ મોહનીય કર્મના ઉદયથી મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં રાગદ્વષ કરે છે એજ તેમાં ક્રોધાદિક રૂપ વિકૃતિને પામે છે. તથા જે એવું કરતો નથી તે વીતરાગતાને પામે છે. આથી એ વાતને પુષ્ટી મળે છે કે, રાગદ્વેષનો હેતુ રાગદ્વેષરૂપ મોહનીય કર્મ છે. ॥૧૦૧॥

વિકૃતિ કે સ્વરૂપ કા નિરૂપણ

રાગદ્વેષ યુકત જીવોને જ વિકૃતિ થાય છે, એ વિકૃતિ કયા પ્રકારની થાય છે તેને કહે છે.—"कोहं च" ઇત્યાદિ !

અન્વયાર્થ—कामगुणेसु सत्तो–कामगुणेषु सक्तः શબ્દાદિક વિષયોમાં રાગ કરવાવાળા તથા દ્વેષ કરવાવાળો જીવ कारुण्यदीने–कारुण्यदीनः અત્યંત કરૂણાને પાત્ર બનીને તદ્દન દીન બની જાય છે. તથા हिरिमे–ह्रीमान् લજ્જાવાળો બની જાય છે. ક્રોધાદિકમાં સંકળાયેલો જીવ આ લોકમાં પ્રીતિ વિનાશ આદિ દોષોનો અનુભવ કરતાં કરતાં પરલોકમાં એનાં ખૂબ જ કડવા વિપાકનો મનમાં

વિચાર કરીને અતિ દીનતાને તથા લજ્જાને મોટે ભાગે પ્રાપ્ત કરે છે. તથા એ વઇસ્સે-દ્વેષ્યઃ એ દોષોથી દુષ્ટ બનવાના કારણે સર્વજનોનો વિરોધી થઈને कोहं च माणं च तहेव मायं लोभं दुगुंछं अरइं रइं च हासं भयं सोगपुमत्थिवेयं नपुसवेयं विविहेय भावे आवज्जई-क्रोधं च मानं च तथैव मायां लोभं जुगुप्सां अरतिं रतिं च हासं भयं शोकं पुंस्त्रीवेदं नपुंसकवेदं विविधान् च भावान् आपद्यते ક્રોધ, માન, માયા, લોભ, તથા નિંદા તેમજ ધર્માનુષ્ઠાનમાં અરૂચિ વિષયોમાં આસક્તિ, હાસ્ય, ભય, શોક, પ્રિય વિયોગથી ઉત્પન્ન થતું માનસિક દુઃખ, તથા પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ તેમજ હર્ષ, વિષાદ આદિ અનેક પ્રકારના ભાવોને પ્રાપ્ત કરે છે. एवंविहे अणेगरूवे आवज्जई-एवं विधान् अनेकरूपान् विकारान् प्रतिपद्यते આજ પ્રમાણે અનંતાનુબંધી આદિના ભેદથી તથા તરતમતા આદિ અવસ્થાના ભેદથી અનેક વિધ વિકારોને પ્રાપ્ત કરે છે. તથા એ एयप्पभवे अन्नेय विसेसे आवज्जइ-एतत्प्रभावान् अन्यान् च विशेषान् आपद्यते ક્રોધાદિક કષાયોથી ઉત્પન્ન થયેલ એવા બીજા કેટલાએ દુર્ગતિમાં ગબડાવનારા પતનને પામે છે. આ બે ગાથાઓ દ્વારા વિકૃતિનું સ્વરૂપ બતાવાઈ ગયું. ॥૧૦૨॥૧૦૩॥

રાગ કે અપનયન-દૂર કરને કે પ્રકાર કા નિરૂપણ

રાગ દ્વેષ આ બન્ને દુઃખનાં મૂળ કારણ છે એવું કહીને હવે સૂત્રકાર રાગને દૂર કરવાને માટે પ્રાકારાન્તરથી ઉપાય કહે છે—"कप्पं" ઈત્યાદિ !

અન્વયાર્થ—सहायलिच्छू-सहायलिप्सुः "મને સહાયતા મળે" આવા પ્રકારની અભિલાષાથી યુકત થઈને कप्पं न इच्छिज्ज-कल्पं न इच्छेत् કલ્પનીય સ્વાધ્યાય આદિ ક્રિયામાં સમર્થ એવા શિષ્યાદિકની પણ ચાહના કરવી ન જોઈએ. પરંતુ શિષ્ય જનોનું કલ્યાણ થાય એવી જ વાંચ્છના રાખવી જોઇએ.

આ પ્રકારની ભાવના ન થવાથી રાગાદિકની ઉત્પત્તિ થશે નહીં. પચ્છાણુતાવેણ તવપ્પમોવં ન ઇચ્છિજ્જ-પશ્ચાત્ અનુતાપેન તપઃ પ્રભાવં ન ઇચ્છેત્ તથા દીક્ષા ગ્રહણ કરી લીધા પછી તેમજ તપ કરવામાં પ્રવૃત્તિ શરૂ કર્યા પછી એવો પશ્ચાત્તાપ ન કરવો જોઇએ કે, "મેં શા માટે અસાધ્ય મોક્ષની પ્રાપ્તિના નિમિત્ત આ દીક્ષાને ધારણ કરી" અથવા તો સાધારણ જનતા મારો સત્કાર આદિ કરે એ જાતનો મનમાં વિચાર સરખો પણ ન કરવો જોઈએ. કેમકે, પશ્ચાત્તાપ કરવાથી અથવા જનતામાં પૂજ્ય થવાના વિચારથી હૃદયમાં રાગ આદિની ઉત્પત્તિ થાય છે. આજ પ્રમાણે "તપઃ પ્રભાવં ન ઇચ્છેત્" તપસ્યાના ફળની પણ ચાહના ન કરવી જોઇએ. એવું ન વિચારવું કે, મને આ ભવમાં આસાધ્ય મોક્ષની અભિલાષાથી કયો લાભ છે? મને તો આમર્શૌષધી આદિ લબ્ધિયો પ્રાપ્ત થઈ જાય એજ જરૂરનું છે. તથા પરભવમાં ઈન્દ્રિયાદિકની વિભૂતિયો લબ્ધ થઇ જાય. પરંતુ મુકિત પ્રાપ્તિના નિમિત્તે જ તપ અને સંયમમાં આત્માને ભાવિત કરે. આવું કરવાનો નિષેધ એ માટે કરવામાં આવેલ છે કે, જ્યારે સાધુ સહાયતાની ઇચ્છાથી શિષ્યોની વાંચ્છના કરે છે, વ્રત અંગિકાર કરી લીધા પછીથી પશ્ચાત્તાપ કરે છે, તથા તપના ફળની ચાહના રાખે છે, એ વખતે તેને ઇંદિયચોરવસ્સે-ઇન્દ્રિયચૌરવશ્યઃ ઈન્દ્રિયો રૂપી ચોર એને પોતાના વશમાં કરી લ્યે છે અને તેના ધર્મરૂપી ધનનું તેની પાસેથી અપહરણ કરીને તેને નિર્ધન બનાવી દે છે. જ્યારે એ ધર્મધન વગરનો બની જાય છે. ત્યારે અમિયપ્પયારે વિયારે આવજ્જઈ-અમિતપ્રકારાન્ વિકારાન્ આપદ્યતે અનેક પ્રકારના રાગદ્વેષ અને કષાયરૂપી વિકારોને પ્રાપ્ત બને છે. શારીરિક સેવાના નિમિત્તે શિષ્યની વાંચ્છનાનું વર્જન અને લબ્ધિ આદિ વાંચ્છનાનું વર્જન આ બન્ને રાગને દૂર કરવાનો ઉપાય છે.

ભાવાર્થ—સાધુનું કર્તવ્ય એ છે કે, પોતાની સેવાના નિમિત્ત શિષ્યોનો સંગ્રહ ન કરે અને ન તો એવી ભાવના પણ કરે કે, મને અનેકવિધ લબ્ધિયો પ્રાપ્ત થઈ જાય અને એથી હું મારો સમય આનંદમાં વ્યતીત કરૂં. આ

ચિહ્નોની અપ્રાપ્તિમાં સાધુએ એવો પશ્ચાત્તાપ ન કરવો જોઈએ કે, મેં વ્યર્થ-માંજ દીક્ષા ધારણ કરી છે. તથા શિષ્યાદિકની સંપત્તિ ન મળવાથી એવું પણ વિચારવું ન જોઈએ કે, ભલે અહિં કાંઈ ન મળ્યું તો કાંઇ નુકશાન નથી પરંતુ પરભવમાં ઇન્દ્રિયાદિક વિભૂતિ મને મળે. આથી જ તપસ્યાની સાર્થકતા છે. આ પ્રકારની વિચારણા કરવાનો તથા પોતાની સેવા કરાવવા માટે શિષ્ય બનાવવાનો તેમજ વ્રતાદિકનો અંગિકાર કરી લીધા પછી પશ્ચાત્તાપ કરવાનો નિષેધ આ માટે કરવામાં આવેલ છે કે, આવા જીવને કમજોર જાણીને ઇન્દ્રિ-યોરૂપી ચોર એના ધર્મધનને લુંટીને એને નિર્ધન બનાવી દે છે. આ રીતે નિર્ધન બન્યા પછી તે અનેકવિધ દોષોનો ભાગી બને છે. આથી રાગભાવ ઉપર વિજય મેળવવા માટે ઉદ્યમશીલ બનેલા સાધુએ આ પ્રકારની વિચાર ધારાનો પરિત્યાગ કરી દેવો જોઈએ. ॥૧૦૪॥

જ્યારે વિવિધ પ્રકારના વિકારોની પ્રાપ્તિ જીવને થઈ જાય છે. ત્યારે

विकारोंसे दोषोंन्तरों की उत्पत्ती होने के संभव का कथन

દોષાંતરોની ઉત્પતિ થવામાં વાર લાગતી નથી, આ વાતને સૂત્રકાર કહે છે—

"तओसे" ઇત્યાદિ।

અન્વયાર્થ—तओ–ततः વિકારોની ઉત્પત્તિ થવા પછી सुहेसिणो से–सुखै-षिणः तस्य લૌકિક સુખની અભિલાષા કરવાવાળા એ વિવિધ પ્રકારની ઇચ્છા-સંપન્ન સાધુને માનો કે, दुक्खविमोयणट्ठा–दुःखविमोचनार्थम् દુઃખથી છોડાવવા માટે मोहमहन्नवंमि निमज्जिउं–मोहमहार्णवे निमज्जयितुम् મોહરૂપી મહાસમુદ્રમાં ડૂબવાને માટે पओयणाइं जायंति–प्रयोजनानि जायन्ते શબ્દાદિક વિષયોનું સેવન કરવારૂપ તથા પ્રાણીયોની વિવિધ પ્રકારની હિંસા કરવારૂપ અનેક પ્રકારનાં પ્રયોજન ઉત્પન્ન થઈ જાય છે. આનું તાત્પર્ય એ છે કે, રાગ, દ્વેષ, કષાય, આદિ દ્વારા જ્યારે આ જીવમાં અનેક પ્રકારના વિકારભાવ ઉત્પન્ન થવા માંડે છે ત્યારે તે મૂઢ બનીને સુખની ઇચ્છા કરવા માંડે છે. પરંતુ જ્યાં સુધી દુઃખોનો નાશ થતો નથી ત્યાં સુધી તેને સુખનો લાભ મળી શકતો નથી. આથી એ જીવ દુઃખોનો

નાશ કરવા માટે કલ્પિત ઉપાયોનો આશ્રય શોધે છે. એ જાણે છે કે, વિષયનું સેવન કરવાથી અથવા પ્રાણીની હિંસા કરવાથી મારા દુઃખોનો અંત આવી જશે. આ પ્રમાણે જ્યારે એ જીવમાં દુઃખનો નાશ કરવા માટે વિષય સેવન તેમજ પ્રાણીયોની હિંસા આદિરૂપ પ્રયોજન જાગી ઉઠે છે અને એ જીવ જ્યારે એમાં ફસાઈ જાય છે. ત્યારે મોહરૂપી મહાસમુદ્રમાં એ ડૂબી જાય છે. પ્રમાણે તેનામાં વિકારરૂપી દ્વેષથી મોહરૂપ મહાસમુદ્રમાં ડૂબવારૂપ આ દ્વેષાન્તરની ઉત્પત્તિ થાય છે.

શંકા—જો એ જીવ પૂર્વોકત પ્રયોજનોનું સેવન ન કરે તો તે મોહરૂપી મહાસમુદ્રમાં ન ફસાય ? આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં સૂત્રકાર કહે છે કે, રાગી–રાગી રાગ અને દ્વેષવાળો બનીને એ પ્રાણી तप्पच्चयं उज्ज–तत्प्रत्ययं उद्यच्छति વિષય સેવન અને પ્રાણીયોની હિંસા આદિરૂપ પ્રયોજનને લઈ ને જ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખે છે આથી એ વાતને પુષ્ટિ મળે છે કે, રાગ અને દ્વેષ જ પરંપરાથી સઘળાં અનર્થોનાં કારણ છે. ॥૧૦૫॥

રાગદ્વેષ સે હી અનર્થોત્પત્તિ હોને કા નિરૂપણ

રાગ અને દ્વેષથી સઘળા અનર્થો થાય છે. આ વાત કઈ રીતે ? આનું સમાધાન સૂત્રકાર આ રીતે કરે છે—" विरज्ज माणस्स " ઇત્યાદિ !

અન્વયાર્થ—तावइयप्पगारा–तावत्प्रकाराः લોકમાં શબ્દાદિક વિષયોના જેટલા પ્રકાર પ્રસિદ્ધ છે. એટલા જ પ્રકારવાળા અર્થાત્ એનાથી અનેકગણા ભેદવાળા सव्वे वि सद्दाइया–सर्वेऽपि शब्दादिका સમસ્ત શબ્દાદિક વિષય શબ્દરૂપ રસ ગંધ, સ્પર્શ इंदियत्था–इन्द्रियार्थाः ઈન્દ્રિયોના વિષયભૂત હોવાથી विरज्जमाणस्स तस्स मणुन्नयं अमणुन्नयं न निवत्तयंति–विरज्यमानस्य तस्य मनोज्ञतां अमनोज्ञतां न निवर्त्तयन्ति રાગદ્વેષ રહિત વ્યક્તિના ચિત્તમાં મનોહરતા તેમજ અમનોહરતા ઉત્પન્ન કરી શકતા નથી. પરંતુ જેમના ચિત્તમાં રાગદ્વેષનો નિવાસ હોય છે.

ત્યાં જ એ સુંદર તેમજ અસુંદર ભાવને જગાડનાર બને છે. આથી એ વાત ને સમર્થન મળે છે કે, ઇન્દ્રિયોનાં વિષયભૂત શબ્દાદિક પદાર્થોમાં સ્વભાવતઃ ન સુંદરતા છે અને નતો અસુંદરતા છે. પરંતુ રાગદ્વેષથી ભરેલા પ્રાણી દ્વારા તેમાં સુંદરતા તેમજ અસુંદરતાની કલ્પના ઉત્પન્ન કરાવાય છે. આથી સઘળા અનર્થોનુ કારણ આ રાગદ્વેષ રૂપ ભાવજ છે. કહ્યું છે—

સ્ત્રીનું મૃત કલેવર જ્યારે કામીની દૃષ્ટિએ પડે છે તો તે એને વિકારની દૃષ્ટિથી જુએ છે. કુતરૂં માંસ દૃષ્ટિથી જુએ છે, એજ શબને સંયમી ધર્મ દૃષ્ટિથી જુએ છે. આ વિષયમાં કથા આ પ્રકારની છે.—

એક વેશ્યા ભર જવાનીમાં મરી ગઈ, જ્યારે એને બાળવાવાળા માણસો એના શબને સ્મશાનમાં લઇ ગયા ત્યારે ત્યાં એક યોગીરાજ ધ્યાન લગાડીને થોડે દૂર બેઠેલ હતા. શબને ઉપાડવામાં એક કામી વ્યકિત પણ હતી, વેશ્યા અપૂર્વ સુંદર હતી, આથી જઇને જ્યારે સ્મશાનમાં તેના શબને ઉતારીને રાખ્યું ત્યારે તેને જોતાંજ કામીના મનમાં વિચાર આવ્યો કે, આ સ્ત્રી જો મને જીવીત અવસ્થામાં મળી હોત તો હું આની સાથે વિષયનો આનંદ ભોગવી શકત એજ વખતે ત્યાં આજુબાજુમાંથી કોઇ એક જંગલી કુતરો આવી પહોંચ્યો હતો અને તે કુતરો એ શબને પોતાનું ભક્ષ્ય સમજીને વિચારવા લાગ્યો કે, આ સઘળા માણસો જો આની પાસેથી દૂર થઈ જાય તો મારા માટે ઘણું જ ઉત્તમ બને કારણ કે, હું આને ખાઈ જાઉં. પાસે બેઠેલા યોગીરાજ ધ્યાન સમાપ્ત કરી એ શબને જોઈને વિચારવા લાગ્યા કે, અહો! આ અજ્ઞાની પ્રાણીયે વ્યર્થમાં જ પોતાનું અમૂલ્ય એવું સુંદર જીવન વિષયોની તૃષ્ણામાં બાળી બાળીને નષ્ટ કરેલ છે. જો એણે પોતાના ઉત્તમ જીવનને સંયમ આરધનામાં લગાડીને પોતાનું ભલું કર્યું હોત તો ઘણું જ સારૂં થાત.

શંકા—પહેલાં તો સૂત્રકારે "समो य जो तेसु स वीयरागो" આવું કહીજ દીધું છે કે, જે આ રૂપાદિકોમાં સમભાવ રાખે છે એ જ વીતરાગ હોય છે. અને અહીં ગાથામાં તે વાતને ફરીથી શા માટે કહેવામાં આવેલ છે, આનું સમાધાન આ પ્રકારનું છે—

પહેલાં રૂપાદિકોની મનોજ્ઞતામાં અને અમનોજ્ઞતામાં જે સાધુ સમભાવવાળા બને છે એમના ચિત્તમાં એ રૂપાદિક કાંઈ પણ બગાડ (ન રાગ અને ન દ્વેષ) કાંઈ કરી શકતા નથી. આ જ વાત કહેવામાં આવેલ છે. આ ગાથામાં એ વાત કહેવામાં આવી છે કે, રૂપાદિક ન તો મનોજ્ઞ છે અને ન તો અમનોજ્ઞ છે. રાગ દ્વેષથી જ એનામાં મનોજ્ઞતા અથવા અમનોજ્ઞતાને જીવ કલ્પિત કરે છે. આ પ્રમાણે કથનમાં ભેદ હોવાથી પુનરૂક્તિનો દોષ આવતો નથી. ॥૧૦૬॥

રાગ અને દ્વેષને તથા તેના ઉત્પાદનના કારણરૂપ મોહના નિવારણ કરવાના ઉપાયોને કહીને હવે તેનો ઉપસંહાર કરે છે.—"एवं" ઇત્યાદિ!

અન્વયાર્થ—एवं-एवम् આ રીતે પૂર્વોક્ત પ્રકારથી स संकप्पविकप्पणासु-स्व संकल्पविकल्पनासु રાગદ્વેષ મોહરૂપ સંકલ્પોની વિકલ્પનાઓમાં અર્થાત્ રાગદ્વેષ અને મોહરૂપ એ સંકલ્પ સઘળા દોષોનું મૂળ કારણ છે. આ પ્રકારના વિચારોમાં उवट्ठियस्स-उपस्थितस्य-उद्यत(उद्यमशील) તથા अत्थे संकप्पयओ-अर्थान् संकल्पयतः એ શબ્દાદિક વિષયો કર્મ બંધના હેતુ નથી પરંતુ રાગાદિક ભાવો જ કર્મબંધના હેતુ છે, આ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયભૂત શબ્દાદિકોના વિષયમાં વિચાર કરવાવાળા સંયમીને समयं संजायइ-समतां संजायते મનોજ્ઞ તેમજ અમનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં મધ્યસ્થ ભાવ ઉત્પન્ન થઈ જાય છે. અથવા જીવાદિક પદાર્થોને શુભધ્યાનનો વિષય બનાવીને ચિંતન કરવાવાળા સંયમીના પરિણામોમાં પરસ્પર જે તુલના થઈ જાય છે. આનું નામ પણ સમતા છે. એ સમતા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનમાંજ હોય છે. કેમકે એ ગુણસ્થાનમાં રહેવાવાળા અનેક મહાત્માઓના પરિણામ તુલ્ય જ હોય છે. तओ-ततः આ સમત્વની ભાવનાથી से-तस्य એ મુનિની कामगुणेसु-कामगुणेषु શબ્દાદિક

વિષયોમાં તણ્હા–તૃષ્ણા તૃષ્ણા પહીયએ–પ્રહીયતે નષ્ટ બની જાય છે. અર્થાત્ સમતાનો સદ્ભાવ થવાથી ઉત્તરોત્તર ગુણસ્થાનોની પ્રાપ્તિ થવાથી એમની તૃષ્ણા નષ્ટ થઈ જાય છે. ॥ ૧૦૭ ॥

તૃષ્ણાનો ક્ષય થવાથી શું થાય છે? તેને કહે છે–"स वीयरागो" ઇત્યાદિ!

અન્વયાર્થ—'से-सः' જ્યારે આ જીવની વૈષયિક તૃષ્ણા ક્ષીણ બની જાય છે ત્યારે તે वीयरागो–वीतरागः રાગ દ્વેષ રહિત બની જાય છે. કેમકે, તૃષ્ણા લોભરૂપ હોય છે એનો ક્ષય થતાં જ જીવને ક્ષીણ કષાય નામના બારમા ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. જ્યારે જીવને આ ગુણસ્થાનની પ્રાપ્તિ થઇ જાય છે ત્યારે તે कयसव्वकिच्चो–कृतसर्वकृत्यः કૃતકૃત્ય બની જાય છે. કેમકે, એનાથી તેને નિયમિત મુક્તિ પ્રાપ્ત થાય છે. એ ગુણસ્થાનમાં રહીને એ જીવ खणेणं नाणावरणं खवेइ-क्षणेन ज्ञानावरणं क्षपयति એક સમયમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરી દે છે. तहेव–तथैव આ જ પ્રમાણે जं दरिसणं आवहेइ–यत् दर्शन आवृणोति એક સમયમાં દર્શનગુણને રોકનાર દર્શનાવરણીય કર્મનો નાશ કરી દે છે તથા जं अंतरायं पकरेइ कम्मं खवेइ–यत् अंतरायं प्रकरोति कर्म क्षपयति જે દાનાદિકમાં અંતરાય નાખનાર કર્મ છે તેનો પણ એક સમય માત્રમાં ક્ષય કરી દે છે. આ પ્રમાણે પ્રથમ મોહનીય કર્મનો ક્ષય કરીને મહાસાગરને તરેલા જીવની માફક એ શ્રમસંયુક્ત થવાના કારણે એક અંતર્મુહૂર્ત સુધી વિશ્રામ કરીને પછી એ અંતર્મુહૂર્તના અંતિમ બે સમયમાંથી પ્રથમ સમયમાં નિદ્રા, પ્રચલા તથા દેવગત્યાદિક નામકર્મની પ્રકૃતિઓને નષ્ટ કરી દે છે તથા ચરમ સમયમાં જ્ઞાનાવરણીય આદિ ત્રણને નષ્ટ કરે છે.॥ ૧૦૮ ॥

જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મોનો નાશ થવાથી કયા ગુણની પ્રાપ્તિ થાય છે ? તેને કહે છે—" सव्वं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—તઓ-ततः જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષય પછી જીવે-जीवः જીવ અનંત દર્શન અને અનંત જ્ઞાનની પ્રાપ્તિ થઇ જવાના કારણે सव्वं जाणइ पासइय-सर्वं जानाति पश्यति च સમસ્ત પદાર્થોને જાણવા લાગે છે. અને સામાન્ય રૂપથી સઘળા પદાર્થોને જોવા માંડે છે. જ્ઞાનોપયોગમાં પદાર્થોનો વિશેષ રૂપથી બોધ થાય છે તથા દર્શન ઉપયોગમાં પદાર્થોનો સામાન્ય રૂપમાં બોધ થાય છે, આ રીતે એ બન્ને ઉપયોગ અલગ અલગ છે. अमोहणो निरंतराउ होइ-अमोहनो निरन्तरायः भवति આ સમયે જીવ મોહરહિત અને અંતરાય કર્મરહિત બને છે તથા अणासवे-अनाश्रवः કર્મબંધજનક હિંસાદિરૂપ આસ્રવથી રહિત બને છે, झाणसमाहिजुत्तो-ध्यानसमाधियुक्तः શુકલધ્યાનથી તેના ચિત્તમાં પરમ સ્વસ્થતા આવી જાય છે. सुद्धः-शुद्धः અંતે એ કર્મમળથી રહિત બનીને आउक्खये मुक्खमुवेइ-आयुःक्षये मोक्षमुपैति આયુષ્યનામ ગોત્ર અને વેદનીય એવા ચાર અઘાતીયા કર્મોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરી લે છે. ॥ ૧૦૯ ॥

મોક્ષની પ્રાપ્તિ થવા પછી જીવ કેવા પ્રકારનો બને છે તેને કહે છે. —" सो होइ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—सो-सः મોક્ષને પ્રાપ્ત થયેલ એ જીવ तस्स सव्वस्स दुहस्स मोक्खो-तस्मात् सर्वस्मात् दुःखात् मुक्तः જન્મ, જરા, મરણ, આદિરૂપ દુઃખોથી તથા શારીરિક અને માનસિક દુઃખોથી સર્વદા રહિત બની જાય છે. जं-यत् જે દુઃખ एयं जंतुं सययं वाहइ-एनं जन्तुं सततं बाधते આ વિષયમાં આસક્ત પ્રાણીને નિરંતર દુઃખી કર્યા કરે છે. મોક્ષ અવસ્થામાં આ જીવ दीहामया विप्पमुक्को-दीर्घामयोद्विप्रमुक्तः અનાદિ કાળથી પોતાની પાછળ લાગેલા જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપ રોગથી રહિત બનીને पसत्थो-प्रशस्तः સર્વ જનો દ્વારા પ્રશંસનીય બની જાય છે. तो-ततः કર્મરૂપી રોગથી સર્વથા રહિત બનેલ એ જીવ अच्चंत सुहीहोइ-अत्यंत सुखी भवति અનંત આનંદને ભોગવનાર બને છે, અને આ રીતે એ જીવ કૃતકૃત્ય થઈ જાય છે. ॥ ૧૧૦ ॥

હવે અધ્યયનની સમાપ્તિ કરતાં કહે છે—" अणाइ " ઇત્યાદિ !

અધ્યયન કા ઉપસંહાર

અન્વયાર્થ—એસો સવ્વસ્સ અણાઇકાલપ્પભવસ્સ દુક્ખસ્સ પમુક્ખમગ્ગો વિયાહિઓ—એષઃ સર્વસ્ય અનાદિકાલપ્રભવસ્ય દુક્ખસ્ય પ્રમોક્ષમાર્ગઃ વ્યાખ્યાતઃ ઉપરમાં જે કાંઈ વર્ણન કરવામાં આવેલ છે, અર્થાત્ આ અધ્યયનમાં જે કાંઇ કહેવામાં આવેલ છે તે અનાદિ કાળથી સમુદ્ભૂત સઘળા પ્રકારના શારીરિક અને માનસિક દુઃખોથી છૂટવાનો માર્ગ કહેવામાં આવેલ છે. જં સમુવિચ્ચ સત્તા કમેણ અચ્ચંત સુહી ભવંતિ—યં સમુપેત્ય સત્વાઃ ક્રમેણ અત્યન્તસુખિનઃ ભવન્તિ જીવ ક્રમશઃ ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિના પ્રભાવથી અત્યંત સુખ ભોગવનાર બની જાય છે।।૧૧૧।।

॥ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું બત્રીસમું અધ્યયન સમાપ્ત ॥ ૩૨ ॥

તેતીસવેં અધ્યયન કા પ્રારંભ

તેત્રીસમા અધ્યયનનો પ્રારમ્ભ

બત્રીસમું અધ્યયન કહેવાઈ ગયું છે, હવે કર્મ પ્રકૃતિ નામના તેત્રીસમા અધ્યયનની શરૂઆત થાય છે. આ અધ્યયનનો બત્રીસમા અધ્યયન સાથેનો સંબંધ આ પ્રકારનો છે—બત્રીસમા અધ્યયનમાં પ્રમાદસ્થાનોનું વર્ણન કરવામાં આવેલ છે. જીવ આ સ્થાનોના પરિસેવનથી કર્મો દ્વારા બંધાઈ જાય છે. પરંતુ જ્યારે કોઈ એ પ્રકારનો પ્રશ્ન કરે છે કે, જે જે કર્મોથી આ જીવ બંધાઈ જાય છે એની મૂળ પ્રકૃતિઓ કેટલી છે તથા ઉત્તરપ્રકૃતિઓ કેટલી છે ? જ્યારે મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ પ્રશ્ન કરનારને સમજાવવામાં આવે છે. ત્યારે તે ફરીથી એવું પૂછી શકે છે કે, મૂળ પ્રકૃતિઓની સ્થિતિ કેટલી છે ? આ પ્રમાણેના પ્રશ્ન કર્તાના પ્રશ્નોને ચિત્તમાં રાખીને સૂત્રકાર એમના સમાધાન નિમિત્ત 'કર્મ પ્રકૃતિ' નામના આ અધ્યયનનું કથન કરે છે. જમ્બૂ સ્વામીને સમજાવતાં સુધર્મા સ્વામી કહે છે—" अट्ठ कम्माइं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગો દ્વારા જેને કરે છે એનું નામ કર્મ છે. કમ્માઇં-કર્માણિ એ કર્મ અટ્ઠ-અષ્ટ આઠ છે. આણુપુવ્વં જહક્કમ્મં વોચ્છામિ-આનુપૂર્વ્યાઃ યથાક્રમં વક્ષ્યામિ આ કર્મોને પૂર્વાનુપૂર્વી અનુસાર યથાક્રમથી હું કહીશ. પશ્ચાનુપૂર્વી અનુસાર નહીં, જેહિ બદ્ધો અયં જીવો સંસારે પરિયટ્ટઈ-યૈઃ બદ્ધો અયં જીવઃ સંસારે પર્યટતિ આ કર્મોથી બંધાયેલ એવો જીવ ત્રસ અને સ્થાવર પ્રાણી નરક નિગોદ આદિ રૂપથી આ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

ભાવાર્થ—મિથ્યાત્વ આદિથી યુક્ત જીવ આવા કર્મોને કરે છે, અને એવા એ કર્મોનો ઉદય આવવાથી નરક નિગોદ આદિ ગતિયોના દુઃખોને ભોગવ્યા કરે છે. એ કર્મ મૂળ રૂપમાં આઠ પ્રકારનાં છે. ॥ ૧ ॥

વિઘ્ન નાખવાવાળું અંતરાયં-અન્તરાયં અંતરાય કર્મ છે (૮).

ભાવાર્થ—જીવનું લક્ષણ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે, જ્ઞાનોપયોગને રોકનાર-આવરણ કરનાર છે એનું નામ જ્ઞાનાવરણ કર્મ છે. જેમ સૂર્ય મેઘને આવૃત કરી લે છે આ પ્રમાણે એ કર્મ આત્માના આ જ્ઞાનગુણને ઢાંકી દે છે. (૧) પ્રતિહાર-દ્વારપાળ જે રીતે રાજાનું દર્શન થવા દેતો નથી એજ પ્રમાણે આત્માના દર્શન ઉપયોગને જે ઢાંકી દે છે-એને પ્રગટ થવા નથી દેતું એ કર્મનું નામ દર્શનાવરણ કર્મ છે. (૨) જે પ્રમાણે મધુર લિપ્ત તરવારને ચાટવાથી જીભ કપાઈ જાય છે અને મધુનો સ્વાદ પણ આવે છે. એજ પ્રમાણે જેના દ્વારા જીવને સુખ દુઃખ બન્નેનો અનુભવ થાય છે તે વેદનીય કર્મ છે. (૩) જે આ જીવને શરાબ (દારૂ)ની માફક મુગ્ધ કરે છે-ગાંડો બનાવી દે છે, બીજાની વસ્તુને પોતાની માનવાની પરિણતિમાં ફસાવી દે છે. તેનું નામ મોહનીય કર્મ છે. આનાથી જીવ બીજાની વસ્તુને પોતાની માનીને એના પરિણમનથી પોતાનામાં "હું સુખી છું, હું દુઃખી છું." આ પ્રમાણે કલ્પના કરતો રહે છે. (૪) જે જીવને બીજી ગતિમાં લઈ જાય અથવા જે કર્મના ઉદયથી પ્રાપ્ત એક ગતિથી જીવ પોતાની ઈચ્છા અનુસાર એનાથી બીજી ગતિમાં ન જઈ શકે, અર્થાત્ જે પ્રમાણે પગમાં પડેલી બેડી જીવને ત્યાં જ એક સ્થાન ઉપર રોકી રાખે છે એજ પ્રમાણે વિવક્ષિત ગતીમાં જે જીવને રોકી રાખે ચાહવા છતાં પણ જીવ તે ગતીથી બીજી ગતીમાં ન જઈ શકે એ કર્મનું નામ આયુ કર્મ છે. (૫) જે કર્મ જીવના શરીર આદિકોની નાના પ્રકારથી રચના કરે, જે પ્રમાણે ચિત્રકાર અનેક પ્રકારનાં નાનાં મોટાં ચિત્ર બનાવે છે, એ કર્મનું નામ નામકર્મ છે. શરીરનું સુંદર બનવું, નાનું

બનવું, મોટું બનવું, વામન બનવું, કુબડા બનવું આદિ એ સઘળા નામ કર્મનાં કામ છે. (૬) જે જીવને ઉચ્ચ નીચ કુળમાં ઉત્પન્ન કરે છે, જેમ કુંભાર માટીને ઉચા નીચા સ્વરૂપમાં બનાવે છે. તેનું નામ ગોત્ર કર્મ છે. (૭) જેમ કોઈને દાન દેવાનું રાજા ભંડારીને કહે છે, પરંતુ એ ભંડારી એ દાનના દેવામાં વિઘ્નરૂપ બની જાય છે તે પ્રમાણે જે કર્મ જીવના માટે દાનાદિકના કરવામાં વિઘ્નકારક બને છે તે અંતરાય કર્મ છે. (૮) આ પ્રમાણે સંક્ષેપથી આ આઠ કર્મ છે. વિસ્તારની અપેક્ષા જેટલા જીવ છે એટલાં જ કર્મ છે.

કર્મોનો આ નિર્દેશ ક્રમ અર્થરૂપે છે. અને તે આ પ્રમાણે છે. સઘળા જીવોને જે ભવ્ય વ્યથા થઇ રહેલ છે એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ઉદયથી જન્મે છે. આ વેદનાનો અનુભવ કરતાં કરતાં એ જીવ મોહથી અભિભૂત થવાના કારણે વૈરાગ્યને પ્રાપ્ત કરી શકતો નથી. જ્યાં સુધી તે અવિરત અવસ્થામાં રહે છે ત્યાં સુધી દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક, આદિ કોટિમાં ઘૂમતો રહે છે. નામ વગર જન્મ હોતો નથી. જેટલા પ્રાણી જન્મે છે એ સઘળા ગોત્રથી બંધાયેલા છે. સંસારી જીવોને સુખનો અથવા ક્લેશનો જે અનુભવ થાય છે એ સઘળું અંતરાયનું કારણ છે. તાત્પર્ય—આનો ક્રમ નિર્દેશ આ પ્રમાણે છે કે, સઘળા સંસારી જીવોને જે ભવ્યવ્યથા ભોગવવી પડે છે તેનું કારણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ઉદય છે. આ વેદનાનો તેને જે અનુભવ થાય છે, તેમાં કારણ વેદનીય કર્મ છે. આ વેદનીય કર્મના ઉદયથી જ એ જીવ સુખ દુઃખને ભોગવે છે. આવી પરિસ્થિતિમાં પડીને પણ આ જીવ વિરતિ ભવને પ્રાપ્ત થતો નથી. એનું કારણ મોહ કર્મનો ઉદય છે. અવિરતિથી યુક્ત હોવાના કારણે જ આ જીવ ચારે ગતિઓની આયુ ભોગવતો રહે છે. કદિક નરકાદિક આયુ, કદિક તિર્યંચ આયુ, કદિક મનુષ્ય આયુ, અને કદિક દેવ આયુ. આમાં રહેનાર જીવના શરીરનું નિર્માણ આદિ કાર્ય નામ કર્મ કરે છે. ત્યાં ઉચ્ચ નીચ ગોત્ર કર્મનો તેને ઉદય રહે છે. સર્વ પ્રકારથી સુખી આ સંસારમાં કોઈ પણ જીવ નથી કોઈ ઘરમાં રાખેલી વિભૂતિને ભોગવી શકતો નથી. ફક્ત મગની દાળનું પાણી પીઈને જ પોતાનો સમય પૂરો કરે છે, એ ભોગાન્તરાય કર્મનો ઉદય છે. આજ પ્રમાણે દાનાન્તરાય કર્મને પણ જાણી લેવાં જોઇએ. ॥ ૨ ॥ ૩ ॥

જ્ઞાનાવરણ ઔર દર્શનાવરણ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર કર્મોની પ્રકૃતિયોને બતાવે છે. આમાં સહુ પ્રથમ જ્ઞાનાવરણીય પ્રકૃતિને કહે છે—" णाणावरणं " ઈત્યાદિ.

અન્વયાર્થ—णाणावरणं पंचविहं-જ્ઞાનાણરણં પંચવિધમ્ જ્ઞાનાવરણકર્મની પાંચ પ્રકૃતિયો છે–તે આ પ્રમાણે છે सुयं आभिणिबोहियं तइयं ओहिनाणं मणनाणं च केवलम्-શ્રુતમ્ આભિનિબોધિકમ્ તૃતીયં અવધિજ્ઞાનં મનોજ્ઞાનં ચ કેવલમ્ શ્રુત જ્ઞાનાવરણીય, મતિ જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃ પર્યય જ્ઞાનાવરણીય અને કેવલ જ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનનું આવરક કર્મ શ્રુત જ્ઞાનાવરણીય, મનિજ્ઞાનનું આવારક કર્મ મતિ જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનનું આવારક કર્મ અવધિજ્ઞાનાવરણીય, મનઃ પર્યયનું આવારક કર્મ મનઃપર્યય જ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનનું આવારક કર્મ કેવળ જ્ઞાનાવરણીય છે, ॥૪॥

હવે દર્શનાવરણીયની પ્રકૃતિ કહે છે—" निद्दा " ઈત્યાદિ.

અન્વયાર્થ–निद्दा–निद्रा निद्रा निद्दा निद्दा–निद्रा निद्रा निद्रा निद्रा पयला–પ્રચલા પ્રચલા पयला–પયલા–પ્રચલા પ્રચલા પ્રચલા પ્રચલા થીણગિદ્ધી–स्त्यानगृद्धिः स्त्यानगृद्धि ॥૫॥

અને ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવળદર્શનાવરણીય, આ પ્રમાણે દર્શનાવરણ કર્મની નવ પ્રકૃતિયો છે. ॥૬॥

વેદનીય ઔર મોહનીય કે સ્વરૂપ કા નિરૂપણ

હવે વેદનીય કર્મની પ્રકૃતિયોને કહે છે—" वेयणीयंपि " ઈત્યાદિ.

અન્વયાર્થ–वेयणीयंपि दुविहं-वेदनीयमपि,द्विविधम् વેદનીય કર્મની બે પ્રકૃતિયો છે–शातं-शातम् સાતા વેદનીય (૧) असायं-अशातम् અસાતા વેદનીય (૨) साता-સુખનું નામ છે, અને અસાતા દુઃખનું નામ છે. એનાં કારભૂત કર્મોને પણ ઉપચારથી સાતા અને અસાતારૂપ आहियं-आख्यातम् કહેવામાં આવે છે. सायस्स उ बहूभेया–सातस्य तु बहवो भेदाः સાતાવેદનીય કર્મનાં પણ ઘણા ભેદ છે. કેવળ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના જ ભેદ ઘણા નથી પરંતુ વેદનીય કર્મના પણ ઘણા ભેદ છે. આ પ્રમાણે असायस्स वि–असातस्यापि અસાતાવેદનીય કર્મના પણ એકેક ભેદ છે. સાતા વેદનીય કર્મનું કારણ જે અનુકંપા આદિ છે તે.

તથા અસાતા વેદનીય કર્મનું કારણ જે પ્રાણાતિપાત આદિ છે તે અનેક છે. આ માટે સાતા વેદનીય અને અસાતા વેદનીયના અનેક ભેદ છે. ॥ ૭ ॥

હવે મોહનીય કર્મની પ્રકૃતિયો કહે છે—"मोहणिज्जंपि" ઇત્યાદિ ।

અન્વયાર્થ—मोहणिज्जंपि दुविहं अहियं-मोहनीयमपि द्विविधं आख्यातम् મોહનીય કર્મ પણ બે પ્રકારનું છે-दंसणे चरणे तहा-दर्शने चरणे तथा-દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. दंसणे तिविहं वुत्तं-दर्शने त्रिविधं उक्तं દર્શન મોહનીય ત્રણ પ્રકારના અને चरणे दुविहं भवे-चरणे द्विविधं भवति ચારિત્ર મોહનીય બે પ્રકારના છે. ॥ ૮ ॥

દર્શનમોહનીય કે તીન ભેદ કા નિરૂપણ

હવે દર્શન મોહનીયના ત્રણ ભેદ કહે છે—" सम्मत्तं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે-सम्मत्तं-सम्यक्त्वं सम्यक्त्व, मिच्छत्तं-मिथ्यात्वं मिथ्यात्व, सम्मामिच्छत्ता मेवय-सम्यग्मिथ्यात्वमेव च सम्यक्त्व मिथ्यात्व. ॥ ૯ ॥

હવે ચારિત્ર મોહનીયની પ્રકૃતિયો કહે છે—"चरित्त मोहणं" ઇત્યાદિ।

કષાય વેદનીય અને નોકષાય વેદનીયના ભેદથી चरित्तमोहणं कम्म-चरित्र मोहनं कर्म ચારિત્ર મોહનીય કર્મ दुविहं वियाहियं-द्विविधं व्याख्यातम् બે પ્રકારનાં કહેવાયેલ છે. જેનાથી જીવ ચારિત્રના વિષયમાં મોહિત બની જાય તે ચારિત્રમોહનીય છે. એનો ઉદય થવાથી જીવ ચારિત્રનું ફળ જાણીને પણ ચારિત્રને અંગીકાર કરી શકતો નથી એ ચારિત્ર મોહનીય કર્મ છે. આ ચારિત્ર મોહનીય કર્મ कसायवेयणिज्जं-कषायवेदनीयं કષાયવેદનીય અને नोकसायं तहेव य-नो कषायं तथैव च નોકષાય વેદનીયના ભેદથી બે પ્રકારનું છે. ક્રોધાદિક કષાયોનારૂપથી જે ભેદી શકાય છે તે કષાયવેદનીયય તથા કષાયોના સહચારિ હાસ્યાદિકોના રૂપમ, જે ભેદી શકાય છે તે નોકષાય વેદનીય છે. ॥ ૧૦ ॥

અન્વયાર્થ—कषायजं कम्मं भेएणं तु सोलसविहं–कषायजं कर्म भेदेन षोडषविधं કષાયવેદનીયકર્મ સોળ પ્રકારનું છે. અનંતાનુબંધી, ક્રોધ માન, માયા, 'લોભ૪ અ-પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ' ૮ પ્રત્યાખ્યાનવરણ ક્રોધ, માન, માયા, લોભ૧૨ અને સંજ્વલન ક્રોધ,માન,માયા,લોભ.(૧૬) नोकषायजं कम्मं सत्तविहं नवविहं वा–नोकषायजं कर्म सप्तविधं वा नवविधं નોકષાયના સાત તથા નવ ભેદ હોય છે. સાત ભેદ આ પ્રમાણે છે–હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ તથા હાસ્ય આદિ છ અને પુંવેદ, સ્ત્રીવેદ, તથા નપુંસકવેદ. આ ત્રણ ભેદ મેળવવાથી નોકષાય નવ પ્રકારનું પણ થાય છે. ॥ ૧૧ ॥

હવે આયુષ્કર્મની પ્રકૃતિયો કહે છે—" नेरइय " ઈત્યાદિ ।

आयुष्कर्म और नामकर्म के स्वरूप का वर्णन

અન્વયાર્થ–नेरइयतिरिक्खाउं–नैरयिकतिर्यगायुः નરકાયુ, તિર્યંચાયુ, मणुस्साउं –मनुष्यायुः મનુષ્યાયુ, અને चउत्थं देवाउयं–चतुर्थं देवायुष्कं ચોથી દેવકાય, आउकम्मं चउव्विहं–आयुष्कर्म चतुर्विधम् આ પ્રમાણે આયુકર્મ ચાર પ્રકારનું છે ૧૨

હવે નામકર્મની પ્રકૃતિયો કહે છે—" नामकम्मं " ઈત્યાદિ !

અન્વયાર્થ—શુભ અને અશુભના ભેદથી नामकम्मं तु दुविहं–नाम कर्म तु द्विविधम् નામકર્મ બે પ્રકારનું કહેવામાં આવે છે. सुभस्स उ बहू भेया–शुभस्य तु बहवो भेदा શુભ અને અશુભ નામકર્મના અનેક ભેદ છે. ઉત્તર ભેદોની અપેક્ષા શુભ નામકર્મનાં જો કે, અનંત ભેદ હોય છે તો પણ મધ્યમ વિવક્ષાની અપેક્ષા સત્તાવીસ ભેદ કહેવામાં આવેલ છે, एमेव असुहस्सवि–एवमेवाशुभस्यापि આજ પ્રમાણે અશુભ નામકર્મના વિષયમાં પણ જાણવું જોઈએ. અશુભ નામકર્મની વિવક્ષાથી ચોત્રીસ ભેદ બતાવવામાં આવેલ છે. આ સઘળો વિષય આચારાંગ સૂત્રની આચાર-ચિંતામણી ટીકામાં કર્મવાદી મતના વ્યાખ્યાનમાં વિસ્તારની સાથે કહેલ છે. ॥૧૩॥

ગોત્રકર્મ કે સ્વરૂપ કા વર્ણન

હવે ગોત્રકર્મની પ્રકૃતિયેા કહે છે—" गोयं कम्मं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—उच्चं नीयं–उच्चं नीचं ઉચ્ચ ગોત્રકર્મ અને નીચ ગોત્રકર્મના ભેદથી गोयं कम्मं दुविहं आहियं–गोत्रं कर्म द्विविधं आख्यातम् ગોત્રકર્મ બે પ્રકારનું છે. જાતિ આદિનેા મદ ન કરવાથી ઉચ્ચ ગોત્ર આઠ પ્રકારનું તથા જાતિ આદિનેા મદ કરવાથી નીચ ગોત્ર પણ આઠ પ્રકારનું કહેવામાં આવેલ છે. ॥૧૪॥

હવે અંતરાય કર્મની પ્રકૃતિઓ કહે છે—" दाणे " ઇત્યાદિ ।

અન્વયાર્થ—दाणे–दानं દાન દેવામાં, लाभेयलाभश्च લાભ થવામાં, भोग ભોગવવામાં, उवभोगे–उपभोगे ઉપભોગ ભોગવવામાં તથા वीरिए–वीर्यं શક્તિનેા વિકાસ થવામાં જે કર્મ બાધક બને છે તે કર્મ અંતરાય કર્મ છે અને अंतरायं समासेन पंचविहं वियाहियं–अन्तरायं समासेन पंचविधं व्याख्यातम् અન્તરાય કર્મ સંક્ષેપથી પાંચ પ્રકારનાં છે ॥૧૫॥

મૂળ અને ઉત્તર પ્રકૃતિયેા કહીને હવે સૂત્રકાર આગળના માટે સંબંધ કહે છે—" एयाओ ઇત્યાદિ ।

અન્વયાર્થ—एयाओ मूल पयडिओ–एताः मूल प्रकृतयः આ પ્રમાણે એ મૂળ પ્રકૃતિ उत्तराओ य आहिया–उत्तराश्च आख्यातः અને ઉત્તર પ્રકૃતિઓ કહેવાઈ ગયેલ છે હવે તેના પ્રદેશેાના પરિણામને, ક્ષેત્રકાલને, અને અનુભાવ લક્ષ પર્યાયને–ચતુઃ સ્થાનિક આદિ રસને કહેવામાં આવે છે તે સાંભળેા. ॥ ૧૬ ॥

કર્મો કે પ્રદેશાગ્ર (પરમાણું) કા નિરૂપણ

હવે કર્મોના પરમાણુઓને કહે છે—" सव्वेसिं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—सव्वेसिं चेव कम्माणं पएसग्गमणंतगं–सर्वेषां चैव कर्मणां प्रदेशाग्रं अनंतकम् સઘળા કર્મોના પરમાણુ અનંત છે. गंठियसत्ताइयं–ग्रन्थिगसत्वातीतम् એ અનંત અહીં અભવ્ય જીવેાની અપેક્ષા અનંતગુણા અને अंतोसिद्धाण आहिओ–अन्तः सिद्धानां आख्यातः સિદ્ધોનેા અનંતમેા ભાગ કહેવાયેલ છે. ઘન રાગદ્વેષરૂપ પરિણામ જ અહીં ગ્રંથી શબ્દથી ગ્રહણ કરાયેલ છે. આ ગ્રંથીમાં જે જીવ રહે છે તે ગ્રંથીગસત્વ છે. અર્થાત્ જે રાગદ્વેષથી નિબિડ બનેલા પરિણામ વિશેષનું ભેદન કરવામાં અસમર્થ છે–યથા પ્રવૃત્તિકરણ સુધી

જઇને જે પછીથી પતિત થઈ જાય છે, આગળના અપૂર્વકરણ આદિમાં જરાએ ચડી શકતા નથી. એવા જીવ જ અહિં ગ્રન્થીગસત્વથી લેવાયેલ છે, એવા જીવ અભવ્ય રાશિના જ હોય છે. એનાથી અનંતગણા તથા સિદ્ધ રાશિના અનંતમા ભાગ પરિમિત પરમાણુ એ સમસ્ત કર્મોમાં હોય છે. ॥ ૧૭ ॥

હવે ક્ષેત્રને લઇને કર્મ પરમાણુને કહે છે—"सव्वे जीवा" ઇત્યાદિ ।

અન્વયાર્થ—सव्वजीवा-सर्वजीवाः સઘળા જીવ छद्दिसागयं-षड्दिशागतम् ષટ્દિશાઓથી આગત કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. એ કર્મ જીવ દ્વારા રોકવામાં આવેલા આકાશ પ્રદેશોમાં સ્થિત રહે છે. જે કર્મ પુદ્ગલોને એ જીવ ગ્રહણ કરે છે તે સઘળા કર્મ પુદ્ગલ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ સર્વ કર્મરૂપથી પરિણમે છે. તથા सव्वेसु वि पएसेसु-सर्वेष्वपि प्रदेशेषु સઘળા આત્માના પ્રદેશોની સાથે એક ક્ષેત્રાવગાઢ થઇને सव्वे सव्वेण बद्धगं-सर्वं सर्वेण बद्धकम् બંધને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ—સંસારી સર્વ જીવ જ્ઞાનાવરણિયાદિ આઠ વિધ કર્મ રૂપ કર્મ પુદ્ગલોને પ્રતિ સમય ગ્રહણ કરતા રહે છે. એ કર્મ પુદ્ગલ જેટલા આકાશના પ્રદેશોને એ જીવ રોકી રહે છે ત્યાંથી તેના દ્વારા આકૃષ્ટ થાય છે. બીજા બહારના ક્ષેત્રથી નહીં. ત્યાં પણ દસ દિશાઓમાં વ્યવસ્થિત જે કર્મ પુદ્ગલ છે તેને એ જીવ કષાયના યોગથી ગ્રહણ કરે છે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને ચાર વિદિશા તથા ઉર્ધ્વ અને અધઃ આ પ્રમાણે એ દસ દિશાઓ છે. એ કર્મ પુદ્ગલ રાગાદિરૂપ સ્નેહગુણના યોગથી આત્મામાં ચોંટી જાય છે. ક્ષેત્રાન્તરમાં રહેલા કર્મ પુદ્ગલ જે જીવની સાથે બંધાતા નથી એનું કારણ એનામાં તદભાવથી પરિણમન થવાનો ભાવ છે, જેમ અગ્નિ સ્વદેશસ્થ પ્રાયોગ્ય પુદ્ગલોને અગ્નિરૂપથી પરિણમાવે છે એજ પ્રમાણે જીવ પોતાના દ્વારા રોકેલ પ્રદેશમાં રહેલા પુદ્ગલોને કર્મરૂપમાં પરિણમાવે છે. જીવથી અહીં કષાય સહિત જીવ સમજવો જોઇએ. એ જીવ દ્વારા રોકેલ આકાશ પ્રદેશ જ ક્ષેત્ર છે, દિશાઓનો આકાશથી કોઈ ભેદ નથી. સૂર્યના ઉદય આદિની અપેક્ષા જ આકાશ પૂર્વ પશ્ચિમ આદિ દિશાઓથી ઓળખાય છે. આ વાતની સૂચના નિમિત્ત અહીં સૂત્રમાં દિશા શબ્દ રાખવામાં આવેલ છે. આ કારણે વૈશેષિકસિદ્ધાંતમાં જે દિગ્ દ્રવ્યાન્તર રૂપથી કહેવામાં આવેલ છે તે બરોબર નથી. આ પહેલાં બતાવવામાં આવેલ છે કે, સૂત્રમાં "षड्-दिशागतम्" પદથી દસ દિશાઓનું ગ્રહણ થયેલ છે. એકેન્દ્રિય જીવોના જે તૈજસ પુદ્ગલોનું ગ્રહણ થાય છે એમાં ત્રણ દિશાઓ લઈને છ દિશાઓ

સુધીના પુદ્ગલોનું ગ્રહણ થાય છે. એ કર્મ આત્મા દ્વારા રોકાયેલા આકાશના સમસ્ત પ્રદેશોમાં સ્થિત થાય છે. એને જ જીવ ગ્રહણ કરે છે. તથા બે ઇન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય પર્યંત જીવ ચારે દિશાઓથી, ચાર વિદિશાઓથી, અને ઉર્ધ્વ તથા અધઃથી કર્મ પુદ્ગલોને ગ્રહણ કરતા રહે છે. આ પુદ્ગલોમાં જ્ઞાનાવરણીય આદિરૂપથી પરિણમન થવા યોગ્ય કર્મ પુદ્ગલ રહે છે. અર્થાત્ જે કાર્મણ વર્ગણાઓને એ જીવ ગ્રહણ કરે છે એને એ જીવ અધ્યવસાય વિશેષથી જુદા જુદા જ્ઞાનાવરણીય આદિ રૂપમાં પરિણમાવી દે છે. આ ગ્રહિત કર્મ પુદ્ગલ આત્માના સઘળા પ્રદેશોની સાથે જ બંધને પ્રાપ્ત થાય છે. એવું નથી કે, થોડા આત્માના પ્રદેશોની સાથે સંબંધને પ્રાપ્ત થાય અને થોડાની સાથે ન થાય. બંધાવાથી તેમાં ભાવોના અનુસાર પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ તથા અનુભાગ બંધરૂપથી પ્રકારતા આવી જાય છે. ॥ ૧૮ ॥

હવે કાળથી કર્મ પરમાણુઓ વિષે કહે છે—" उदहि " ઇત્યાદિ ।

આ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાનકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. તથા જઘન્ય સ્થિતિ અંતરમુહૂર્તની છે. ॥ ૧૯ ॥

આ સ્થિતિ કયા કયા કર્મની થાય છે તે કહે છે—"आवरणिज्ज" ઇત્યાદિ ।

અન્વયાર્થ—दुहूनंपि–द्वयोरपि બન્નેનું आवरणिज्जाण–आवहणीययोः જ્ઞાનાવરણીય, दर्शनावरणीय, वेदणिज्जं–वेदनीयं વેદનીય તથા अन्तरायं–अन्तरायं અંતરાય कर्म्ममि–कर्मणि આ ચાર કર્મોની એટલી ઠિઈ–स्थितिः સ્થિતિ હોય છે, અર્થાત્ આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરની તથા જઘન્ય સ્થિતિ અન્તરમુહૂર્તની वियाहिया–व्याख्याता કહી છે. વેદનીય કર્મથી અહીં ફકત અસાતા વેદનીય કર્મની જ આટલી સ્થિતિ જાણવી જોઈએ. કેમ કે, એ સ્થિતિમાં જ એ કર્મની અન્ય જ્ઞાનાવરણ આદિ કર્મોની સાથે સમાનતા બેસે છે. તથા પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમાં પદમાં પણ ભગવાને આવું જ કહ્યું છે. તથા અહીંયા જઘન્ય પદથી વેદનીય સ્થિતિ વિવક્ષિત નથી. કેમ કે, પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમાં પદમાં સાતા વેદનીયની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્તની કહેલ છે તથા અસાતા વેદનીયની તો જઘન્ય સ્થિતિ સાગરોપમના સાત ભાગોમાંથી ત્રણ ભાગ પ્રમાણે જાણવી જોઈએ, તો એ ત્રણ ભાગ પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સમજવું જોઇએ. અર્થાત્ અસાતા વેદનીયની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગોમાના ત્રણ ભાગ પરિમિત હોય છે. ॥ ૨૦ ॥

મોહનીય કર્મ કે સ્થિતિ કા નિરૂપણ

હવે મોહનીય કર્મની સ્થિતિ કહે છે.—" उदाहि " ઇત્યાદિ ।

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટી કોટી સાગરોપમ પ્રમાણ છે. તથા જઘન્ય સ્થિતિ અંતરમુહૂર્તની છે. ॥ ૨૧ ॥

હવે આયુષ્કર્મની સ્થિતિ કહે છે—" तेत्तीस " ઇત્યાદિ ।

આયુ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ પ્રમાણ છે. તથા જઘન્ય સ્થિતિ અન્તમુહૂર્તની છે.

નામગોત્ર કે સ્થિતિ કા નિરૂપણ

હવે નામ ગોત્રની સ્થિતિ કહે છે—" उदहि " ઇત્યાદિ ।

નામ તથા ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તથા જઘન્ય સ્થિતિ એક અન્તમુહૂર્તની છે ॥ ૨૩ ॥

હવે ભાવનું સ્વરૂપ કહે છે—सिद्धाँणंत० " ઇત્યાદિ ।

અન્વયાર્થ—सिद्धाणऽणंतभागोय–सिद्धानागनन्तभागश्च કર્મોમાં અનુભાવ લક્ષણ-રૂપ ભાવ સિદ્ધોનો અનંતમો ભાગ છે. આ अणुभागा हवंति उ–अनुभागा भवन्ति तु અનંતમો ભાગ પણ અનંત સંખ્યાવાળો જ જાણવો જોઇએ. सव्वसु जोवेवि पएसग्गं–सर्वजीवेष्वपि प्रदेशाग्रं સઘળા અનુભાગોમાં પ્રદેશ પરિમાણ सव्वजीवे आइच्छियं–सर्वं जीवभ्योऽतिक्रान्तं ભવ્ય અને અભવ્ય જીવોથી પણ અધિક છે. અર્થાત્ ભવ્ય અને અભવ્ય જીવોથી પણ અનંતગણો અધિક છે. ॥ ૨૪ ॥

અધ્યયન કા ઉપસંહાર

હવે અધ્યયનનો ઉપસંહાર કરતાં ઉપદેશ કહે છે—"तम्हा" ઇત્યાદિ !

આ પ્રમાણે એ જ્ઞાનાવરણીય આદિ કર્મોની પ્રકૃતિબંધ આદિકોને કડવા વિપાકવાળા તથા ભાવ હેતુવાળા જાણીને તત્વજ્ઞ વ્યક્તિનું કર્તવ્ય છે કે, તે આ કર્મોનો સંવર તથા એનો ક્ષય કરવામાં પ્રયત્નશીલ રહે એવું હું કહું છું. કર્મોના આગમનનો નિરોધ કરવો તેનું નામ સંવર છે, તથા સંચિત કર્મોનો ક્ષય કરવાનુ નામ ખપાવવું છે. ॥ ૨૫ ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું 'કર્મ પ્રકૃતિ' નામના તેત્રીસમું અધ્યયન સંપૂર્ણ ॥૩૩॥

ચોત્રીસમા અધ્યયનનો પ્રારંભ

તેત્રીસમું અધ્યયન કહેવાઇ ગયેલ છે, હવે ચોત્રીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનમાં લેશ્યાઓનું વર્ણન કરવામાં આવશે. આ અધ્યયનનો સંબંધ તેત્રીસમા અધ્યયન સાથે આ પ્રમાણે છે-તેત્રીસમા અધ્યયનમાં કર્મોની પ્રકૃતિયા તથા તેની સ્થિતિ કહેવામાં આવેલ છે એ સ્થિતિ લેશ્યાઓના સંબંધથી હીનાધિક હોય છે. આ કારણે આ અધ્યયનમાં લેશ્યાઓનું વર્ણન કરવામાં આવે છે.

સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે—" लेसज्झयणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—હે જમ્બૂ! હું लेसज्झणं-लेश्याध्ययनम् લેશ્યાઓનો બોધક હોવાથી એ લેશ્યા અધ્યયનનું હવે નિરૂપણ કરું છું. अणुपुव्विं जहक्कमं-आनुपूर्व्याः यथाक्रमम् આ નિરૂપણ હું પૂર્વાનુપૂર્વી ક્રમ પ્રમાણેના અનુસારજ કરીશ, પશ્ચાનુપૂર્વીના અનુસાર નહીં. આ નિરૂપણમાં સહુથી પહેલાં कम्मलेस्साणं छण्हंपि अणुभावे-कर्मलेश्यानाम् षण्णामपि अनुभावान् કર્મ સ્થિતિની વિધાયક આ તત્તદ્વિશિષ્ટ પુદ્ગલરૂપ છ લેશ્યાઓના રસ વિશેષને કહું છું તેને મે सुणेह-मे श्रृणुत તમે સાંભળો ॥ ૧ ॥

આ અનુભાવ નામાદિથી થાય છે આ માટે લેશ્યાઓના નામ આદિ દ્વારોને કહે છે—" नामाइं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—હું આ લેશ્યાઓનું વર્ણન नामाइं-नामानि નામ દ્વારથી, वण्णरसगंध फासपरिणामलक्खणं-वर्ण-रस-गंध स्पर्श परिणामलक्षणम् વર્ણદ્વારથી, રસદ્વારથી, ગંધદ્વારથી, સ્પર્શદ્વારથી, પરિણામદ્વારથી, ठाणं ठिइं गइं चाउं-स्थानं स्थितिं गतिं च आयुः स्थानद्વારથી, ગતિદ્વારથી, તથા આયુદ્વારથી કરીશ. તમો એને મે-મે મારી પાસેથી सुणेह-श्रृणुत સાંભળો. ॥ ૨ ॥

હવે પ્રથમ નામદ્વારને સૂત્રકાર કહે છે—" किण्हा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—किण्हालेहा-कृष्णलेश्या કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતિલેશ્યા, तेजोलेस्या, પદ્મલેશ્યા, તથા છઠી શુકલ લેશ્યા એ યથા ક્રમ લેશ્યાઓનાં છ નામ છે. આજ નામ દ્વાર છે. ॥ ૩ ॥

હવે બીજું વર્ણ દ્વાર કહે છે પ્રથમ કૃષ્ણલેશ્યાનું વર્ણ કહે છે—

" जीमूय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—किण्हलेहा–કૃષ્ણલેશ્યા કૃષ્ણલેશ્યા વર્ણની અપેક્ષા जीमूय-निद्धसंकासा–જીમૂત સ્નિગ્ધસંકાશા સ્નિગ્ધ, ભરેલા કાળા મેઘના સમાન છે. गवलरिट्ठसंन्निभा–गवलरिष्टकसंनिभा ભેંસના શીંગના જેવી છે, અરિઠાના જેવી છે. खंजण नयणनिमा–खंजननयननिभा ગાડીની મળી સમાન છે, નેત્રની વચ્ચેની કીકીના સમાન છે. તાત્પર્ય કહેવાનું એ છે કે, આ કૃષ્ણલેશ્યા પરમ કૃષ્ણવર્ણવાળી છે ॥૪॥

હવે નીલલેશ્યાનો વર્ણ કહે છે—" नीला " ઇત્યાદિ ।

અન્વયાર્થ—नीललेसा–नीललेश्या નીલલેશ્યા वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષા नीलासोगसंकासा–नीलाशोकसंकाशा નીલ અશોક વૃક્ષના જેવી છે. चासपिच्छसमप्पभा–चासपिच्छसमप्रभा ચાસ પક્ષીના પીંછ સમાન છે તથા वेरुलिय निद्धसंकासा–वैडूर्यस्निग्धसंकाशा સ્નિગ્ધ વૈડૂર્ય મણીના સમાન છે. ॥૫॥

હવે કપોતલેશ્યાનો વર્ણ કહે છે—" अयसीपुप्फ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—काउलेसा–कपोतलेश्या કાપોતી લેશ્યાનો वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષાએ अयसीपुप्फ संकासा–अतसीपुष्पसंकाशा વર્ણ અળસીના ફૂલના જેવો છે. कोइलच्छदसन्निभा–कोकिलच्छदसंनिभा તૈલ કંટક નામની વનસ્પતિના જેવો છે, કબૂતરની ગર્દનના સમાન છે. જેમ કબૂતરની ડોક કાંઇક કાળી અને કાંઇક લાલ હોય છે. એજ પ્રમાણે આ કાપોતી લેશ્યાનો પણ વર્ણ હોય છે. ॥૬॥

હવે તેજોલેશ્યાનો વર્ણ કહે છે— " हिंगुलय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—तेउलेसा–तेजोलेश्यातेजोलेश्या वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષા हिंगुलियधातुसंकाशा–हिंगुलकधातुसंकाशा હિંગળો તથા ગેરૂ આદિ ધાતુના સમાન છે. तरुणाइच्चसन्निभो–तरुणादित्यसंनिभा અભિનવ ઉદય સૂર્યના જેવો છે. सुयतुंडपईवनिभा–शुकतुण्डप्रदीपनिभा પોપટની ચાંચના જેવો તથા દિવાની જ્યોતિના સમાત રક્તવર્ણવાળી છે. ॥ ૭ ॥

હવે પદ્મલેશ્યાનો વર્ણ કહે છે—" हरियाल " ઇત્યાદિ ।

અન્વયાર્થ—पद्मलेसा–पद्मलेश्या પદ્મલેશ્યા वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષા हलिहाभेयसन्निभा–हरिद्राभेदसंनिभो હળદરના ટુકડાના રંગ જેવી છે. हरियालभेय संकासा–हरितालभेदसंकाशा હળદળના કટકા કરવાથી અંદરથી જે રંગ દેખાય છે તેવા રંગ સમાન છે. सणासणकुसुमनिभा–सणासनकुसुमनिभा સણ તેમજ બીજક વૃક્ષના પુષ્પના જેવી છે. ॥ ૮ ॥

હવે શુકલલેશ્યાનું વર્ણન કહે છે—" संखंक " ઇત્યાદિ ।

અન્વયાર્થ—सुक्कलेसा–શુક્લલેશ્યા શુકલ લેશ્યા वण्णओ–વર્ણતઃ વર્ણની અપેક્ષા संखंककुंदसंकासा–શંખાંકકુંદસંકાશા શંખ–સ્ફટિક મણી–કુંદ–પુષ્પના સમાન છે. खीरपूरसमप्पभा–ક્ષીરપૂરસમપ્રભા દૂધના ભરેલા કુંભના જેવી છે. रयहारसंकासा–રજતહારસંકાશા ચાંદીના હારના જેવી અથવા તો ચાંદી તથા મુક્તાહાર સમાન છે. ॥ ૯ ॥

હવે સૂત્રકાર રસદ્વારનું વર્ણન કરે છે. જેમાં પ્રથમ કૃષ્ણલેશ્યાના

લેશ્યાઓં કે રસદ્વાર કા નિરૂપણ

રસને કહે છે—" जह कडुय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—जहा–યથા જેમ कडुयतुम्बगरसो–કટુકતુમ્બકરસઃ કડવી તુંબડીનો રસ હોય છે, निम्बरसो–નિમ્બકરસઃ લીંબડાનો રસ હોય છે, वा–વા અથવા कडुयरोहिणीरसो वा–કટુકરોહિણીરસો વા કડવી છાલનો રસ હોય છે, एत्तो वि अणंतगुणो रसो य किण्हाए नायव्वो–અતોઽપિ અનંતગુણઃ રસઃ કૃષ્ણયાઃ જ્ઞાતવ્યઃ આ બધાથી પણ અનંતગણો કડવો રસ કૃષ્ણલેશ્યાનો હોય છે. ॥૧૦॥

હવે નીલલેશ્યાનું વર્ણન કહે છે—" जहत्तित्त " ઇત્યાદિ ।

અન્વયાર્થ—जहा–યથા જેમ तियडुयस्स रसो तिक्खो–ત્રિકટુકસ્ય રસઃ તાક્ષ્ણઃ સુંઠ, પીપર, મરચા રૂપ ત્રણ કટુકનો રસ તીક્ષ્ણ એટલે તીખો હોય છે. जहा वा–યથા વા અથવા हत्थिपिप्पलीए–હસ્તિપિપ્પલ્યાઃ જેમ ગજપીપરનો રસ તીક્ષ્ણ હોય છે. एत्तोवि अणंतगुणो–અતોઽપિ અનંતગુણઃ આ બધાના રસથી પણ અનંતગણો રસ नीलाए नायव्वो–નીલાયાઃ જ્ઞાતવ્યઃ નીલ લેશ્યાનો હોય છે એવું જાણવું જોઈએ. ॥ ૧૧ ॥

હવે કપોતલેશ્યાના રસનું વર્ણન કહે છે—" जहतरुणअंब " ઇત્યાદિ !

અન્વયાર્થ—जहा–યથા જેમ तरुणअंबगरसो–તરુણામ્રકરસઃ અપક્વ એટલે કાચી કેરીનો રસ હોય છે અથવા तुंबरकविट्ठस्स जारिसओ–તુંબરકપિત્થસ્ય યાદૃશકઃ તુરા કોઠાંનો જેવો રસ હોય છે. एत्तो वि अणंतगुणो रसो काउए नायव्वो–

अतोऽपि अनंतगुणःरसः कापोत्या ज्ञातव्यः આ સઘળાથી પણ અનંતગણો ખાટો રસ આ કપોતલેશ્યાનો હોય છે. ॥ ૧૨ ॥

હવે તેજોલેશ્યાના રસનું વર્ણન કહે છે—" जहपरिणयंबग० " ઇત્યાદિ !

અન્વયાર્થ—जहा-यथा જેમ परिणयंबगरसो-परिणताम्रकरसः પાકેલી કેરીનો રસ હોય છેजारिसओ पक्ककविट्ठस्स रसो-यादृशकः पक्वकपित्थस्य रसः જેવો પાકેલા કવીઠનો રસ હોય છે, एत्तो वि अणंतगुणो रसो तेऊय नायव्वो-अतोऽपि अनंतगुणः रसः तेजसः ज्ञातव्यः તેના રસોથી અનંત ગણો રસ તેજોલેશ્યાનો હોય છે એવું જાણવું જોઈએ. કાંઈક ખાટો અને કાંઇક મીઠો એવો મધુર રસ તેજોલેશ્યાનો હોય છે. આવો ભાવ આ ગાથાનો છે. ॥ ૧૩ ॥

હવે પદ્મલેશ્યાના રસને કહે છે—" वरवारुणीए " ઇત્યાદિ !

અન્વયાર્થ—जारिसओ-यादृशकः જેવો वरवारुणीए-वरवारुण्याः ઉત્તમ શરાબનો रसो-रसः જે રસ હોય છે, અથવા જેવો विविहाणआसवाणरसो-विविधानां आस्रवाणां रसो भवति વિવિધ આસ્રવોનો રસ હોય છે, અથવા जारिसओ-यादृशकः જેમ महुमेरगस्स व रसो-मधुमेरकस्य वा रसः મધનો જે પ્રકારનો રસ હોય છે, તથા સાકરનો જે રસ હોય છે एत्तो-एतः એનાથી પણ परएणं-परकेण अनंत ગણો અધિક રસ पम्माए-पद्मायाः પદ્મલેશ્યાનો હોય છે. ॥૧૪॥

હવે શુકલલેશ્યાનો રસ કહે છે—" खज्जूर " ઇત્યાદિ !

અન્વયાર્થ—જેવો खज्जूरमुद्दियरसो-खर्जूरमृद्विकारसः ખજૂરનો તેમજ દ્રાક્ષનો રસ હોય છે. वा-बा અથવા खीररसो-क्षीररसः દૂધમાં બનાવેલ ખીરનો રસ હોય છે. અથવા खंडसक्कररसो-खंडशर्कारसः જેવો ખાંડ અને સાકરનો રસ હોય છે. एत्तो वि अणंतगुणो रसो सुक्काए नायव्वो-अतोपि अनंतगुणः रसः शुक्लायाः ज्ञातव्यः એનાથી પણ અનંતગણો મીઠો રસ શુકલલેશ્યાનો હોય છે॥૧૫॥

લેશ્યાઓં કે ગંધદ્વાર કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોથા ગંધદ્વારનું વર્ણન કરે છે, જેમાં પ્રથમ અપ્રશસ્ત ત્રણ લેશ્યાઓના ગંધને કહે છે--" जहगोमडस्स " ઈત્યાદિ ।

અન્વયાર્થ--जहा-યથા જે પ્રકારની गोमडस्स-गोमृतस्य ગાયના મરેલા શરીરની सुणगमडस्स शुनकमृतस्य કુતરાના મરેલા શરીરની અથવા अहिमडस्स-अहिमृतस्य સર્પના મરેલા શરીરની जहा-यथा જેવી गंधो-गन्धः દુર્ગંધ હોય છે. एत्तोवि अणंतगुणो गंधो अपसात्थाणं लेसाणं नायव्वो-अतोऽपि अनन्तगुणः गन्धः अप्रशस्तानां ज्ञातव्यः તેનાથી પણ અનંત ગણી અધિક દુર્ગંધ કૃષ્ણ, નીલ અને કાપોલ આ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓની હોય છે. ॥ ૧૬ ॥

હવે ત્રણ લેશ્યાઓના ગંધને કહે છે—" जहसुरहि० " ઈત્યાદિ ।

અન્વયાર્થ—जहा-યથા જેવી રીતની सुरहिकुसुमगन्धो-सुरभिकुसुमगंधः સુગંધિત પુષ્પોની સુગંધ હોય છે, અથવા पिस्समाणाणं-पिष्यमाणानाम् જેમ પીસવાથી સુગંધી દ્રવ્યોમાંથી સુગંધ છુટતી હોય છે, एत्तो वि-अतः अपि એનાથી પણ अणंतगुणो गंधो तिण्हं पसत्थलेसाणं भवइ-अनन्तगुणः गन्धः तिसृणां प्रशस्तलेश्यानाम् भवति અનંત ગણી અધિક સુગંધી, તેજ. પદ્મ અને શુકલ આ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓની હોય છે. ॥ ૧૭ ॥

લેશ્યાઓં કે સ્પર્શદ્વાર કા નિરૂપણ

હવે સૂત્રકાર પાંચમા સ્પર્શ દ્વારને કહે છે, આમાં પ્રથમ અપ્રશસ્ત ત્રણ લેશ્યાઓને કહે છે—" जहकरगयस्स " ઈત્યાદિ ।

અન્વયાર્થ—जहा-યથા જેમ करगयस्स-क्रकचस्य કરવતનો फासो-स्पर्शः સ્પર્શ થાય છે, वा-वा અથવા જેમ गोजिब्भाए फासो-गोजिह्वायाः स्पर्शः ગાયની જીભનો સ્પર્શ થાય છે, અથવા જેમ सागपत्ताणं फासो-शाकपत्राणां स्पर्शः શાકના વેલાઓના પાંદડાઓંનો સ્પર્શ થાય છે, एत्तो वि अणंतगुणो-अतोऽपि अनंतगुणः તેનાથી પણ અનંત ગણા કર્કશ-ખરબચડો સ્પર્શ अपसत्थाणं लेसाणं-अप्रशस्तानां लेश्यानां भवति અપ્રશસ્ત કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાઓનો હોય છે. ॥૧૮॥

હવે પ્રશસ્ત ત્રણ લેશ્યાઓના સ્પર્શને કહે છે-" जहबूरस्स " ઈત્યાદિ !

અન્વયાર્થ—जहा યથા જેમ बूरस्स फासो-बूरस्य स्पर्शः બૂર નામની વનસ્પ-

તિનોસ્પર્શ અથવા નવણીયસ્સ–નવનીતસ્ય માખણનો સ્પર્શ, તથા સિરીસકુસુમાણં–સિરીષ કુસુમાનામ્ શિરીષ પુષ્પનો સ્પર્શ થાય છે એત્તોવિઅણંતગુણો અતોઽપિ અણંતગુણઃ એનાથી પણ અનંતગણો સુંવાળો સ્પર્શ તિણ્હંપિ પસત્થલેસાણં–તિસૃણામપિ પ્રશસ્તલેશ્યાનામ્ ભવતિત્રણ પ્રશસ્ત તેજ, પદ્મ, શુકલ લેશ્યાઓનો હોય છે ।।૧૯।।

હવે સૂત્રકાર છઠ્ઠા પરિણામદ્વારને કહે છે–" તિવિહો " ઇત્યાદિ!

અન્વયાર્થ—લેસાણં–લેશ્યનામ્ છ લેશ્યાઓની વચ્ચેના પ્રત્યેક લેશ્યાનું પરિણામ તિવિહો હોઇ–ત્રિવિધોવા ભવતિ જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારનું હોય છે અથવા નવવિહો હોઇ–નવવિધો ભવતિ નવ પ્રકારનું હોય છે. એ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદોમાં પણ પોતપોતાના સ્થાનોમાં તરતમતાનો જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે એ જઘન્ય આદિ પ્રત્યેક પણ પોતપોતાનામાં જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ ભેદવાળા બની જાય છે. આ પ્રમાણે એ નવ ભેદ થઇ જાય છે. સત્તાવીસઇવિહે એક્કસીઓવા–સપ્તવિંશતિવિધઃ એકાશીતિવિધો વા નવને ત્રણથી ગુણતાં સત્યાવીસ અને સત્યાવીસને ત્રણથી ગુણતાં એકયાશી દુસઓ તેયાલો વા–દ્વિશતે ત્રિચત્વારિંશદ્વા એકયાશીને ત્રણથી ગુણતાં બસોને તેંતાલીસ ભેદ લેશ્યાઓના પરિણામોની થઈ જાય છે. આપ્રમાણે કૃષ્ણ આદિ છ લેશ્યાઓના સઘળા પરિણામોની સંકલના કરવાથી એક હજાર ચારસો અઠાવન પરીણામ બને છે. ।।૨૦।।

લક્ષણદ્વાર કા નિરૂપણ

હવે સૂત્રકાર લક્ષણદ્વાર કહે છે. જેમાં પ્રથમ કૃષ્ણલેશ્યાનું લક્ષણ કહે છે–" પંચાસવ૦ " ઇત્યાદિ !

અન્વયાર્થ—જે આત્મા પંચાસવપ્પમત્તો–પંચાસ્રવપ્રમત્તઃ પ્રાણાતિપાત આદિ પાંચ આસ્રવોમાં પ્રમત્ત હોય, તિહિં અગુત્તો-ત્રિભિઃ અગુપ્તઃ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિયોથી જે અગુપ્ત હોય, અર્થાત્ એ ત્રણ ગુપ્તિયોથી રહિત હોય છસુ અવિરઓ–ષટ્સુ અવિરતઃ ષટ્કાયના જીવોની રક્ષાથી જે અવિરત હોય, તિવ્વારંભપરિણઓ–તીવ્રારંભપરિણતઃ તીવ્ર આરંભ–ઉત્કૃષ્ટ સાવદ્ય વ્યાપારોમાં તત્પર હોય, ખુદ્દો–ક્ષુદ્રઃ બીજાઓના હિતના અભિલાષી ન હોય, સાહસિઓ–સાહસિકઃ વગર વિચાર્યે જ દરેક કામમાં પ્રવૃત્તિ કરવાવાળા હોય ।।૨૧।।

તથા—" निद्धंधसपरिणामो " ઇત્યાદિ !

અન્વયાર્થ—निद्धंधसपरिणामो–निद्धंधसपरिणामः જેનું પરિણામ દયા ભાવથી બિલકુલ શૂન્ય હોય, निस्संसो–नृशंसः ઘાતક હોય, अजिइंदियो–अजितेन्द्रियः ઇન્દ્રિયોને વશમાં રાખનાર ન હોય, આ પ્રમાણે एयजोगसमाउत्तो–एतद्योग-समायुक्तः આ પાંચ આસ્રવ આદિ પૂર્વોક્ત યોગોથી યુક્ત પ્રાણીને કૃષ્ણલેશ્યા-વાળો જાણવો જોઈએ. અર્થાત્ જે પ્રાણીઓના એવા યોગ હોય, સમજો કે એજ કૃષ્ણ લેશ્યાના લક્ષણ છે. કહેવાનો ભાવ એ છે કે, જે પ્રમાણે જપાપુષ્પના સંસર્ગથી સ્ફાટિક મણિ જપાપુષ્પ રૂપથી પરિણમિત થઈ જાય છે. એજ પ્રમાણે કૃષ્ણાદિ દ્રવ્યની સહાયતાથી આત્માનું પરિણામ કૃષ્ણાદિરૂપ થઈ જાય છે. એજ પ્રમાણે કૃષ્ણાદિ દ્રવ્યની સહાયતાથી આત્માનું પરિણામ કૃષ્ણાદિ-રૂપ થઈ જાય છે. આનું જ નામ લેશ્યા છે. આ કૃષ્ણલેશ્યાના સદ્ભાવમાં જ પાંચ આસ્રવ પ્રમત્ત પ્રાણી બનેલ રહે છે. ત્રણ ગુપ્તિથી અગુપ્ત રહે છે. વગેરે વગેરે. આથી જ એને કૃષ્ણલેશ્યાના લક્ષણરૂપથી કહેવામાં કરવામાં આવેલ છે. જે જેના સદ્ભાવમાં હોય છે તે જ તેનું લક્ષણ હોય છે. જેમકે, ઉષ્ણતાના સદ્ભાવમાં અગ્નિ હોય છે. આથી જે પ્રમાણે અગ્નિનું લક્ષણ ઉષ્ણતા છે. એજ પ્રમાણે પાંચ આસ્રવ પ્રમત્ત આદિ કૃષ્ણલેશ્યાનાં લક્ષણ છે. ॥૨૨॥

સૂત્રકાર નીલલેશ્યાનાં લક્ષણ કહે છે—" इस्सा " ઇત્યાદિ !

અન્વયાર્થ—इस्सा–ईर्ष्या બીજાના ગુણોને સહન ન કરવા, अमरिस–अमर्षः રોષ કરવો, તથા સદા રોષમય પરિણામ રાખવું, अतवो–अतपः તપસ્યા કરવાથી વિમુખ રહેવું, अविज्ज–अविद्यो કુશાસ્ત્રોમાં તત્પર રહેવું, माया–माया છળકપટ કરવું, अहरिया–अह्रीकता લજ્જા રહિત થવું, गेहि–गृद्धिः વિષયોમાં આસક્તિ રાખવી, पओसे–प्रद्वेषश्च દ્વેષ રાખવો, सढे–शठः બીજાઓની ઠગાઈ કરવી, पमत्ते–प्रमत्तः જત્યાદિક મદોથી અત્યંત યુક્ત રહેવું, रसलोलुए–रसलोलुपः ઇન્દ્રિયના વિષયમાં લોલુપતા રાખવી. ॥૨૩॥

તથા—" सायगवेसए " ઇત્યાદિ!

અન્વયાર્થ—सायगवेसए–सातगवेषकः સાતાનો દ્વેષ કરવો, आरम्भाओ अविरओ–आरम्भात् अनिवृत्तः પ્રાણી વધના સ્થાનભૂત આરંભથી વિરક્ત ન થવું, खुद्दो–क्षुद्रः સ્વપ્નોમાં પણ બીજાના હિતની અભિલાષા ન રાખવી साहस्सिओ–साहसिकः વગર વિચાર્યે કામને કરવા લાગી જવું, ઇત્યાદિ લક્ષણથી યુક્ત પ્રાણી નીલલેશ્યાના પરિણામવાળો જાણવો જોઈએ. ॥૨૪॥

હવે કાપોતલેશ્યાનું લક્ષણ કહે છે—" वंके " ઇત્યાદિ !

અન્વયાર્થ—वंके-वक्रः વાણીથી કુટિલ થવું, वंकसमायारे-वक्रसमाचारः કુટિલ આચારવાળા બનવું, नियडिल्ले-निकृतिमान् કપટિ થવું, अणुज्जुए-अनृजुकः કુટિલ ચિત્ત થવું, पालिउंचगओ-प्रतिकुञ्चकः પોતાના દોષોને ઢાંકવા, ओवहिए-औपाधिकः માયાચારથી યુક્ત બનીને પ્રત્યેક કાર્ય કરવું, मिच्छादिट्ठी-मिथ्यादृष्टिः શ્રુત ચરિત્રરૂપ ધર્મમાં શ્રદ્ધા વિહીન થવું, અને अणारिए-अनार्यः આર્ય ભાવથી રહિત બનવું. ॥૨૫॥

તથા—" उत्फालग " ઇત્યાદિ !

અન્વયાર્થ—उप्फालगदुट्ठवाई-उत्प्रासकदुष्टवादी એવાં વચન બોલવાં કે, જેનાથી બીજાઓને દુઃખ થાય, રાગદ્વેષથી યુક્ત વચનોનો પ્રયોગ કરવો, तेणे-स्तेनः ચોરી કરવી, मच्छरी-मत्सरी બીજાના અભ્યુદયને સહન ન કરવો તથા સંપન્ન હોવા છતાં પણ દાન ન કરવું, एयजोगसमाउत्तो-एतत् योग समायुक्तः ઇત્યાદિ ! એવા કાર્યયુક્ત યોગોથી જીવને काउलेसंतु परिणमे-कापोतलेश्यां परिणमति કાપોતિલેશ્યાવાળા જાણવા જોઇએ. તાત્પર્ય આવાં લક્ષણ જે જીવમાં હોય તે કાપોતલેશ્યાવાળા છે એવું જાણવું જોઈએ. આ લક્ષણ કાપોતિલેશ્યાનું છે ॥૨૬॥

હવે તેજોલેશ્યાનાં લક્ષણ કહે તે—" नीयावित्ती " ઇત્યાદિ !

અન્વયાર્થ—नियावित्ती-नीचैर्वृत्तिः અહંકાર ન કરવો ગુરૂજનથી પોતાનું આસન નીચું રાખવું, अचवले-अचपलः ચપળતાથી રહિત થવું, अमाई-अमायी માયાચારથી રહિત થવું, अकुतूहलो-अकुतूहलः અપૂર્વ વસ્તુને જોવાની ઉત્સુકતા ન રાખવી, विणीयविणए-विनीतविनयः વિનીત થવું, ગુરુજનનો વિનય કરવો, એમના આવવાથી ઉઠવું, પ્રણામ આદિ કરવું, ઇન્દ્રિયોને જીતવા जोगवं-योगवान् મન, વચન અને કાયાના યોગોને શુદ્ધ રાખવા, उवहाणवं-उपधानवान् તીવ્ર તપશ્ચર્યા કરવી. ॥૨૭॥

તથા—" पिय धम्मे " ઇત્યાદિ !

અન્વયાર્થ—पियधम्मो-प्रियधर्मा પ્રિય ધર્મવાળા થવું, दृढधम्मो-दृढधर्मा ધર્મમાં દૃઢતા રાખવી, અર્થાત્ અંગિકાર કરેલાં વ્રત આદિકોને નભાવી રાખવાં, अवज्जभीरू-अवद्यभीरूः પ્રાણાતિપાત આદિ પાપોથી સદા ભયભીત બની રહેવું, हिएसए-हितैषकः મોક્ષના અભિલાષી થવું एयजोगसमाउत्तो-एतद्योग-समायुक्तः આ પૂર્વોક્ત વાતોથી સંપન્ન યોગ જે જીવોમાં હોય છે એ જીવ તેજોલેશ્યાથી પોતાની આત્માને પરિણમનવાળા જાણવા જોઈએ. આ સઘળાં લક્ષણ તેજોલેશ્યાનાં છે. ॥૨૮॥

હવે પદ્મલેશ્યાનાં લક્ષણ કહે છે—" पयणुकोहमाणे " ઈત્યાદિ !

અન્વયાર્થ—पयणुकोहमाणे मायालोभे य पयणुए–प्रतनुक्रोधमानः मायालोभश्च प्रतनुकः ક્રોધ, માન, કષાયની અલ્પતા થવી માયા તથા લોભ કષાયની અલ્પતા થવી, पसंतचित्ते दंतप्पा–प्रशान्तचित्तः दान्तात्मा શાન્ત ચિત્તવાળા બનવું, અશુભયોગનો પરિત્યાગ કરીને શુભ યોગમાં પ્રવૃત્ત થવું, योगवं–योगवान् મન, વચન, કાયાના યોગોને સદા પવિત્ર રાખવા તથા उवहाणवं–उपधानवान् તીવ્ર તપશ્ચર્યા કરવી ॥૨૯॥

તથા—" तहा पयणुवाइ " ઈત્યાદિ !

અન્વયાર્થ—पयणुवाइ–प्रतनुवादी થોડું અને હિતકર બોલવું, उवसंते–उपशान्तः ઉપશમ પરિણામયુક્ત થવું, जिइंदिए–जितेन्द्रियः પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખવી, एयजोगसमाउत्तो पद्मलेसं तु परिणमे–एतद्योग समायुक्तः पद्मलेश्यां तु परिणमति આ સઘળી વાતોથી યુક્ત પ્રાણી પદ્મલેશ્યાવાળા હોય છે. ॥૩૦॥

હવે શુકલલેશ્યાના લક્ષણને કહે છે—" अट्टरुद्दाणि " ઈત્યાદિ !

અન્વયાર્થ—अट्टरुद्दाणिवज्जिता–आर्त्तरौद्रे वर्जयित्वा આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિત્યાગ કરીને જે આત્મા धम्मसुक्काणि झाए–धर्मशुक्ले ध्यायति ધર્મધ્યાન અને શુકલધ્યાનનું સેવન કરે છે, તથા पसंतचित्ते–प्रशान्तचित्तः પ્રશાન્ત ચિત્તવાળા હોય છે. અને दंतप्पा–दान्तात्मा અશુભયોગોના પરિતાપથી પોતાના આત્માને વશમાં રાખે છે, समिए–समितः પાંચ સમિતિયોનું પાલન કરે છે, गुत्तिसु गुप्ते–गुप्तिषु गुप्तः અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિયો દ્વારા પોતાના ચારિત્રની રક્ષા કરતા રહે છે ॥૩૧॥

તથા—" सरागे " ઈત્યાદિ !

અન્વયાર્થ—सरागे वीयरागे वा–सरागो वीतरागो वा જે સરાગ હોય, અથવા વીતરાગ હોય, उवसंते–उपशान्तः ઉપશમ ભાવથી જે યુક્ત હોય, जिइंदिए–जितेन्द्रियः ઈન્દ્રિયોને જેણે વશમાં કરી લીધેલ હોય, एयजोगसमाउत्तो–एतद् योगसमायुक्तः આ પ્રકારના યોગથી યુક્ત પ્રાણી શુકલ લેશ્યાવાળા હોય છે. ॥૩૨॥

સ્થાનદ્વાર કા નિરૂપણ

હવે સૂત્રકાર આઠમા સ્થાન દ્વારને બતાવે છે–" असंखिज्ज० " ઈત્યાદિ।

અન્વયાર્થ—असंखिज्जाणो सप्पिणीण उस्सपिणीण જે સમયા સંખ્યાઈયા

लोगा–असंख्येयानाम् अवसर्पिणीनां उत्सर्पिणीनां ये समयाः संख्यातीताः लोकाः અસંખ્યાત અવસર્પિણી કાળ તથા અસંખ્યાત ઉત્સર્પિણી કાળનો જેટલો સમય હોય છે અથવા અસંખ્યાત લોકના જેટલા પ્રદેશ છે એટલા જ લેસાણ-ઠાણાઇં હવંતિ–लेश्यानां स्थानानि भवन्ति લેશ્યાઓનાં સ્થાન હોય છે. દસ કોડાકોડી સાગરનો એક અવસર્પિણી થાય કાળ છે. એટલાજ કોડાકોડી સાગરનો ઉત્સર્પિણી કાળ થાય છે. બન્ને કાળ મળીને અર્થાત્ વીસ કોડા કોડી સાગરનું એક જે કાળમાં પ્રાણીઓનાં શરીર, આયુ, લક્ષ્મી, આદિનો હ્રાસ પ્રતિ સમય કાળચક્ર થાય છે. થતો રહે છે. તે અવસર્પિણી કાળ છે. એનાથી વિપરીત ઉત્સર્પિણી કાળ છે. અસંખ્યાત ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળનો જેટલો સમય છે તથા અસંખ્યાત લોકોનો જેટલો પ્રદેશ હોય છે. એટલા જ લેશ્યાઓનાં સ્થાન છે, અશુભલેશ્યાઓનાં સંકલેશ રૂપ સ્થાન હોય છે તથા શુભ લેશ્યાઓનાં વિશુદ્ધિરૂપ સ્થાન હોય છે. આ ગાથામાં કાળની અપેક્ષાએ તથા ક્ષેત્રની અપેક્ષાએ લેશ્યાઓના સ્થાનોનું પ્રમાણ કહેવામાં આવેલ છે. એમાં અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયોને લઈને જે સ્થાનોનું પ્રમાણ બતાવેલ છે, તે કાળની અપેક્ષાએ પ્રમાણ જાણવું જોઈએ. તથા અસંખ્યાત લોકોનાં પ્રદેશોને લઈને જે પ્રમાણ બતાવવામાં આવેલ છે. તે ક્ષેત્રની અપેક્ષાએ લેશ્યા-ઓના સ્થાનનું પ્રમાણ જાણવું જોઈએ. ॥૩૩॥

स्थितिद्वार का निरूपण

सूत्रकार हवे स्थिति द्वारने बतावे छे, आमां प्रथम "कृष्णलेश्यानी केटली स्थिति छे" तेने प्रगट करे छे—"मुहुत्तद्धं" इत्यादि!

अन्वयार्थ—किण्हलेसाए–कृष्णलेश्यायाः કૃષ્ણ લેશ્યાની जहन्नाठिई–जघन्य स्थितिः जघन्य स्थिति मुहुत्त'–मुहूर्त्ताद्धाम् અન્તમુહૂર્તની હોય છે. તથા उक्कोसा ठिई–उत्कृष्टा स्थिति ઉત્કૃષ્ટ સ્થિતિ मुहुत्तहिया तेत्तीसा सागरा–मुहूर्त्ताधिकान् त्रयस्त्रिंशत् सागरान् અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ હોય છે. એવું नायव्वा–ज्ञातव्या જાણવું જોઈએ. અન્તર્મુહૂર્તના પણ અસંખ્યાત ભેદ હોય છે. આ કારણે અન્તર્મુહૂર્ત શબ્દથી પૂર્વોત્તર ભવ સંબંધી અન્ત-ર્મુહૂર્ત દ્વય કહેવાયેલ સમજવું જોઈએ. ॥૩૪॥

નીલ લેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—"मुहुत्तद्धं तु" इत्यादि!

अन्वयार्थ—नीललेसाए-नीललेश्यायाः નીલલેશ્યાની जहन्ना ठिई–जघन्या-स्थितिः जघन्य स्थिति मुहुत्तद्धं–मुहूर्त्ताद्धाम् અંન્તર્મુહૂર્ત પ્રમાણ છે. તથા

उक्कोसा ठिई–उत्कृष्टा स्थितिः उत्कृष्ट स्थिति पलियमसंखभागमब्भहिया दसउदही–पल्योपमासंख्येयभागाभ्यधिकान् दशउदधीन् पल्योपमना असंख्यातमा भागथी અધિક દસ સાગરોપમ પ્રમાણ છે. એવું નાયવ્વા–જ્ઞાતવ્યા જાણવું જોઈએ. ' પલ્ય ' આ પદથી પલ્યોપમ ગૃહીત થયેલ છે.

ભાવાર્થ—નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત પ્રમાણ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક દસ સાગરોપમ પ્રમાણ કહેવાયેલ છે. ।। ૩૫ ।।

કાપોતલેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—' मुहुत्तद्धं तु " ઇત્યાદિ !

અન્વયાર્થ—काउलेसाए–कापोतलेश्यायाः કાપોત લેશ્યાની जहन्ना ठिई–जघन्या स्थितिः જઘન્યસ્થિતિ मुहुत्तद्धं नायव्वा होइ–मुहूर्त्ताद्धांज्ञातव्या भवति અન્તર્મુહૂર્તની હોય છે, તથા उक्कोसा ठिई–उत्कृष्टा स्थितिः उत्कृष्ट स्थिति पलियमसंखभागमब्भ हिया तिण्णुदही नायव्वा होई-पल्योपमासंख्येयभागाभ्यधिकान् त्रीन् उदधीन् ज्ञातव्या भवति એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક ત્રણ સાગરોપમ પ્રમાણ હોય છે. ।।૩૬।।

તેજોલેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—" मुहुत्तद्धं तु " ઇત્યાદિ !

અન્વયાર્થ—तेजोलेसाए–तेजोलेश्यायाः તેજો લેશ્યાની जहन्ना ठिई–जघन्या स्थितिः જઘન્ય સ્થિતિ मुहुत्तद्धं–मुहूर्त्ताद्धां એક અન્તર્મુહૂર્ત પ્રમાણની છે, તથા उक्कोसा ठिई पलियमसंखभागमब्भहिया दोण्णुदही–उत्कृष्टा स्थितिः पल्योपमासंख्यभागाभ्यधिकौ द्वौ उदधी ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમ પ્રમાણ છે. ।।૩૭।।

પદ્મલેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—" मुहुत्तद्धं तु " ઇત્યાદિ !

અન્વયાર્થ–पउमलेसाए–पद्मलेश्यायाः પદ્મલેશ્યાની जहन्ना ठिई-जघन्या स्थितिः જઘન્ય સ્થિતિ मुहुत्तद्धंहोई–मुहूर्त्ताध्धां भवति અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. उक्कोसा ठिई–मुहुत्तहिया दससागरा नायव्वा होइ–उत्कृष्टा स्थितिः मुहूर्ताधिकान् दश सागरान् ज्ञातव्या भवति તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત અધિક દસ સાગરોપમ પ્રમાણ હોય છે. ।।૩૮।।

શુકલ લેશ્યાની સ્થિતિ આ પ્રકારની—" મુહુત્તદ્ધંતુ " ઈત્યાદિ !

અન્વયાર્થ—સુક્કલેસાએ-શુક્લલેશ્યાયાઃ શુકલ લેશ્યાની જહન્ના ઠિઈ-જઘન્યા સ્થિતિઃ જઘન્ય સ્થિતિ મુહુત્તદ્ધ હોઇ-મુહૂર્તાર્દ્ધા ભવતિ અન્તર્મુહૂર્ત કાળની છે. તથા ઉક્કોસાઠિઈ મુહુત્તહિયા તેત્તિસં સાગરા નાયવ્વા-હોઈ ઉત્કૃષ્ટા સ્થિતિઃ મુહૂર્તાધિકાન્ ત્રયસ્ત્રિંશત્ સાગરાન્ જ્ઞાતવ્યા ભવતિ ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણછે. ॥૩૯॥

લેશ્યાઓનું સામાન્ય વર્ણન કરીને હવે ચારે ગતિયોમાં લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરતાં શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે—"એસા" ઈત્યાદિ !

અન્વયાર્થ—એસા લેસાણં ઠિઈ ઓહેણ વણ્ણિયા હોઈ-એષા લેશ્યાનાં સ્થિતિઃ ઓઘેન તુ વર્ણિતા ભવતિ આ લેશ્યાઓની સ્થિતિ સામાન્ય રીતે કહેવામાં આવી છે, આમાં ગતિ વિશેષની વિવક્ષા કરવામાં આવેલ નથી. એત્તો ચઉસુ ગઈસુ લેસાણં ઠિઈ વોચ્ચામિ-અતઃ ચતુસૃષ્વપિ ગતિષુ લેશ્યાનાં સ્થિતિં તુ વક્ષ્યામિ હવે હું અહીંથી ગતિ વિશેષની વિવક્ષા કહીને ચારે ગતિયોમાં આ લેશ્યાઓની સ્થિતિ કહું છું.॥૪૦॥

હવે સૂત્રકાર સહુથી પ્રથમ નરકોમાં લેશ્યાની સ્થિતિને બતાવે છે—" દસવાસ " ઈત્યાદિ !

અન્વયાર્થ—નરકોમાં કાઉએ જહન્નિયા ઠિઈ-કાપોત્યાઃ જઘન્યકા સ્થિતિઃ કાપોતી લેશ્યાની જઘન્ય સ્થિતિ દસવાસસહસ્સાઇં હોઈ-દસવર્ષસહસ્રાણિ ભવતિ દસ હજાર વર્ષની હોય છે. તથા ઉક્કોસા-ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ સ્થિતિ તિણ્ણુ દહી :પલિઓવમઅસંખભાગં-ત્રીન્ ઉદધાન્ પલ્યોપમાસંખ્યેયભાગં પલ્યોપમના અસંખ્યાત ભાગથી અધિક ત્રણ સાગરોપમ પ્રમાણ હોય છે. અહીં જે દસ હજાર (૧૦૦૦૦) વર્ષની જઘન્ય સ્થિતિ બતાવાયેલ છે તે રત્નપ્રભા પૃથ્વીની અપેક્ષાથી જાણવી જોઇએ. કારણકે, ત્યાં ઉપર જઘન્ય આયુ દસ હજાર (૧૦૦૦૦) વર્ષની કહેવામાં આવેલ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ વાલુકા પ્રભામાં છે. ત્યાં ઉપર પણ ઉપરનાં પ્રસ્તરોમાં રહેવાવાળા નારકીના જીવોની આ પ્રમાણે સ્થિતિ હોય છે. સારાંશ-પ્રથમ નરકથી લઈને વાલુકા પ્રભા સુધી કાપોત લેશ્યા હોય છે. અને તે આગળ જતાં ઘણા તીવ્ર સંકલેશવાળી થતી જાય છે. આ કારણે વાલુકા પ્રભામાં કાપોતલેશ્યાની આ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે ॥૪૧॥

હવે નીલલેશ્યાની સ્થિતિ કહે છે—" તિણ્ણુદહી " ઈત્યાદિ !

અન્વયાર્થ—નીલ ઠીઈ-નીલ સ્થિતિઃ નીલ લેશ્યાની સ્થિતિ જહન્નેહિં-જઘન્યેન જઘન્યની અપેક્ષા તિણ્ણુદહી પલિઓવમમસંખભાગં – ત્રીન્ ઉદધીન્ પલ્યો-

પમાસંખ્યેયભાગંચ ભવતિ ત્રણુ સાગરોપમ તથા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ છે. તથા ઉક્કોસા–ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ સ્થિતિ દસઉદ્દહી પલિઓવમ અસંખ ભાગં–દશઉદધીન્ પલ્યોપમાસંખ્યભાગં દસસાગરોપમ તથા પલ્યોપમના અસં-ખ્યાતમા ભાગ પ્રમાણુ છે. આ નીલલેશ્યાની જધન્ય સ્થિતિ વાલુકા પ્રભામાં છે, તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ધૂમપ્રભામાં છે. તાત્પર્ય એ છે કે, વાલુકા પ્રભામાં કાપોતલેશ્યા અને નીલલેશ્યા છે. પંકપ્રભામાં નીલલેશ્યા છે. ધૂમ પ્રભામાં નીલલેશ્યા અને કૃષ્ણુ લેશ્યા છે. આથી નીલલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ ધૂમ પ્રભામાં બતાવવામાં આવેલ છે. અને જધન્ય સ્થિતિ વાલુકામાં છે. ॥૪૨॥

હવે કૃષ્ણુલેશ્યાની સ્થિતિ કહે છે—" दसउदही " ઈત્યાદિ !

અન્વયાર્થ—किण्हलेसाए–कृष्णलेश्यायाः કૃષ્ણુલેશ્યાની जहन्निया–जघन्यिका જધન્ય સ્થિતિ દસઉદ્દહી પલિઓવમ અસંખભાગં–દશ ઉદધીન્ પલ્યોપમાસંખ્યેયભાગં દસ સાગર અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ છે. તથા ઉક્કોસા–ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્તીસ સાગરાઇં–त्रयस्त्रिंशत् सागरान् તેત્રીશ સાગરની છે. કૃષ્ણુલેશ્યા ધૂમ પ્રભાથી શરૂ થઇને તમસ્તમા નામના સાતમા નરક સુધી હોય છે. આથી એની જધન્ય સ્થિતિ ધૂમ પ્રભામાં તથા ઉત્કૃષ્ટ સ્થિતિ તમસ્તમામાં જાણવી જોઈએ. ॥૪૩॥

નારકીના જીવોની લેશ્યાની સ્થિતિનો ઉપસંહાર કરીને શ્રી સુધર્માસ્વામી તિર્યંચ, મનુષ્ય અને દેવોની લેશ્યાઓની સ્થિતિને કહે છે—"एसा" ઈત્યાદિ !

અન્વયાર્થ—एसा नेरइयाणं लेसाणठिई वण्णिया होई–एषा नारकाणां लेश्यानां स्थितिः वर्णिता भवति આ નારકીના જીવોની લેશ્યાની સ્થિતિ મેં કહી છે तेणपरं–ततः परम् હવે હું तिरियमाणुस्साण देवाणं वुच्छामि–तिरश्चां मनुष्याणां देवानां वक्ष्यामि તિર્યંચ, મનુષ્ય તથા દેવોની લેશ્યાની સ્થિતિ કહું છું ॥૪૪॥

" अन्तो मुहुत्तमध्धं " ઈત્યાદિ !

અન્વયાર્થ—जहिं जहिं–यस्मिन् यस्मिन् જે જે પૃથ્વીકાયાદિકમાં અને સંમૂર્ચ્છિમ મનુષ્ય આદિમાં તથા તિર્યંચ અને મનુષ્યોમાં જા–याः જે કૃષ્ણુ લેશ્યા આદિ સંભવિત હોય છે. એ लेसाणठिई–लेश्यानां स्थितिः લેશ્યાઓની જધન્ય તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિ अन्तोमुहुत्तमद्धं–अन्तर्मुहूर्त्तमद्धाम् કેવળ અંતર્મુહૂર્ત જ છે. એ લેશ્યાઓ પૈકી કેટલીક લેશ્યાઓ કોઈ કોઈ જગ્યાએ સંભવિત હોય છે, જેમપૃથ્વી કાયિક જીવોમાં કૃષ્ણુ લેશ્યાથી લઈને તેજોલેશ્યા સુધીની ચાર લેશ્યાઓ હોય છે. અપ્કાયિક જીવોમાં તથા વનસ્પતિ કાયિક જીવોમાં પણ એ ચાર

લેશ્યાઓ હોય છે. નારકીના જીવોની માફક તેજસ્કાયિક, વાયુકાયિક, અને બે ઇન્દ્રિયવાળા જીવોમાં, ત્રણ ઇન્દ્રિયવાળા જીવોમાં તથા ચાર ઇન્દ્રિયવાળા જીવોમાં કૃષ્ણાદિક ત્રણ લેશ્યાઓ હોય છે પંચેન્દ્રિય તિર્યંચોને કૃષ્ણાદિક છએ લેશ્યાઓ હોય છે. સંજ્ઞી મનુષ્યોમાં છએ લેશ્યાઓ હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોને કૃષ્ણાદિક ત્રણ લેશ્યાઓ જે પ્રમાણે નારકીના જીવોને હોય છે એ રીતે જ હોય છે.

અહીં ગાથામાં જે સર્વ લેશ્યાઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્તની કહેવામાં આવી છે એનાથી શુકલ લેશ્યાની સ્થિતિ પણ અન્તર્મુહૂર્ત કાળ પ્રમાણ પ્રાપ્ત થાય છે તો એની સ્થિતિ એવી પ્રાપ્ત ન થાય આ માટે સૂત્રકાર કહે છે કે, કેવલં લેસ્સં વજ્જિતા–કેવલાં લેશ્યાં વર્જયિત્વા કેવળ–શુદ્ધ એક શુકલ લેશ્યાને છોડી દેવી–અર્થાત્ શુકલ લેશ્યા સિવાયની અન્ય પાંચ લેશ્યાઓની સ્થિતિ જ અન્તર્મુહૂર્ત થાય છે. ॥૪૫॥

શુકલ લેશ્યાઓની સ્થિતિ કેટલી હોય છે ? આ શંકાનો ઉત્તર સ્વયં સૂત્રકાર આપે છે—" મુહુત્તદ્ધંતુ " ઇત્યાદિ!

અન્વયાર્થ—સુક્કલેસાએ–શુક્લલેશ્યાયાઃ શુકલ લેશ્યાની જહન્ના–જઘન્યા જઘન્ય સ્થિતિ તો મુહુત્તદ્ધં–મુહૂર્ત્તાર્ધામ્ એક અન્તર્મુહૂર્તની જ હોય છે. પરંતુ ઉક્કોસા–ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ સ્થિતિ નવભિવરિસેહિં ઊણા પૂવ્વકોડિઓ–નવભિર્વર્ષૈઃ ઊનાઃ પૂર્વ કોટીઃ નવ વર્ષ ન્યૂન એક પૂર્વ કોટીની હોય છે, જો કે, કોઇ પૂર્વ કોટીની આયુવાળો પ્રાણી આઠ વર્ષમાં જ વ્રત પરિણામને પ્રાપ્ત કરી લ્યે છે તો પણ એટલી પર્યાયમાં–આઠ વર્ષની આયુમાં રહેલા એ જીવને વર્ષ પર્યાયના પહેલાં શુકલલેશ્યાની સંભવના હોતી નથી. આ કારણે જ સૂત્રકારે આ સૂત્રમાં નવ વર્ષ ઓછા એક પૂર્વકોટી કાળ આ શુકલ લેશ્યાનો સ્થિતિકાળ બતાવેલ છે. ॥૪૬॥

પૂર્વની વાતને પૂર્ણ કરીને શ્રી સુધર્માસ્વામી હવે આગળની વાતનો પ્રસ્તાવ કરતાં કહે છે કે—" એસા " ઇત્યાદિ!

અન્વયાર્થ—હે જમ્બૂ! એસા તિરિય નરાણાં લેસાણ ઠિઈઉ વણ્ણિયા હોઇ–એષા તિર્યઙ્ નરાણાં લેશ્યાનાં સ્થિતિસ્તુ વર્ણિતા ભવતિ આ સ્થિતિ મેં તિર્યંચ અને મનુષ્યોની લેશ્યાઓની કહી છે. હવે આના પછી દેવતાઓની લેશ્યાઓની સ્થિતિ કહું છું.

હવે કૃષ્ણલેશ્યાની સ્થિતિ કહે છે—"दसवास" ઈત્યાદિ !

અન્વયાર્થ—किण्हाए–कृष्णायाः કૃષ્ણ લેશ્યાની જઘન્ય સ્થિતિ ભવનપતિ વ્યંતર દેવોમાં દસ હજાર (૧૦૦૦૦) વર્ષની હોય છે. કેમકે, આ દેવોજ જઘન્ય રૂપથી દસ હજાર (૧૦૦૦૦) વર્ષની સ્થિતિવાળા હોય છે; તથા उक्कोसा–उत्कृष्टा ઉત્કૃષ્ટ સ્થિતિ पलियमसंखिज्जइमो–पल्योपमासंख्येयतमः પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. આ સ્થિતિ મધ્યમ આયુવાળા ભવનપતિ તથા વ્યંતર દેવોની અપેક્ષાથી છે. ॥૪૮॥

હવે નીલલેશ્યાની સ્થિતિ કહે છે—"जा किण्हाए" ઈત્યાદિ !

અન્વયાર્થ—किण्हाए–कृष्णायाः કૃષ્ણ લેશ્યાની जा–या જે उक्कोसा ठिई–उत्कृष्टा स्थितिः ઉત્કૃષ્ટ સ્થિતિ છે सा–सा તેજ समयमब्भहिया–समयाभ्यधिका એક સમય વધુ થઇને नीलाए–नीलायाः નીલલેશ્યાની जहन्नेणं–जघन्येन જઘન્ય સ્થિતિ છે. તથા નીલલેશ્યાની पलियमसंखं–उक्कोसा–पल्योपमासंख्येय उत्कृष्टा એક પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મધ્યમ આયુવાળા દેવોની એટલી સ્થિતિ હોવાથી અહીં પલ્યનો અસંખ્યાતમા ભાગ બૃહત્તર (અધિક) ગ્રહણ કરવામાં આવેલ છે, ॥૪૯॥

કાપોતી લેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—"जा नीलाए" ઈત્યાદિ !

અન્વયાર્થ—जा–या જે नीलाए–नीलायाः નીલલેશ્યાની उक्कोसा–उत्कृष्टा ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવવામાં આવેલ છે साउ–सातु એજ काउए जहण्णेणं–कापोत्या जघन्येन કાપોતી લેશ્યાની જઘન્ય સ્થિતિ છે આ જઘન્ય સ્થિતિમાં એક સમય અધિક વધુ કરી દેવો એજ વાત समयमब्भहिया–समयाभ्यधिका આ પદથી બતાવાયેલ છે. અર્થાત નીલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં એક સમય વધુ અધિક જોડી દેવાથી કાપોતી લેશ્યાની જઘન્ય સ્થિતિ થઈ જાય છે. તથા કાપોતી લેશ્યાની एक पालियमसंखं च उक्कोसा–पल्योपमासंख्येयं च उत्कृष्टा પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ સ્થિતિ એટલી આયુવાળા જ ભવનપતિ તથા વ્યન્તર દેવોની હોય છે. અહીંયા પલ્યનો અસંખ્યાતમો ભાગ પહેલાંની અપેક્ષાએ બૃહત્તર જ ગ્રહણ કરવો જોઇએ. ॥૫૦॥

આ પ્રમાણે અહીં સુધી ભવનપતિ વ્યંતર દેવની કાયામાં પહેલાંની ત્રણ લેશ્યાઓની સ્થિતિ બતાવીને હવે સૂત્રકાર સમસ્ત નિકાયોમાં હોવાવાળી

તેજોલેશ્યાની સ્થિતિ બતાવવા માટે આગળની ગાથા કહે છે—"तेण परं–तेन परं" ઇત્યાદિ !

અન્વયાર્થ—સૂત્રકાર આ ગાથા દ્વારા એવું કહે છે કે, हुं तेण परं–तेन परम् હવે પૂર્વોકત કથન કહેવા પછી भवणवइ-बाण मंतर–जोइस–वेमाणियाणं सुरगणाणं तेऊलेसा जहा होइ तहा वोच्छामि–भवनपति बाणव्यन्तरज्योतिर्वैमानिकानां सुरगणानां तेजोलेश्या यथा भवति तथा वक्ष्यामि ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી, અને વૈમાનિક દેવોમાં તેજોલેશ્યા જે પ્રકારની હોય છે તેનો પ્રકાર કહું છું. ॥૫૧॥

" पालिओवमं " ઇત્યાદિ !

અન્વયાર્થ—तेऊए–तेजसः तेजोलश्यानी जहन्नं–जघन्या જઘન્ય સ્થિતિ पालिओवमं–पल्योपमम् એક પલ્યની હોય છે. તથા उक्कोसा–उत्कृष्टा ઉત્કૃષ્ટ સ્થિતિ पालियमसंखेज्जेणं भागेण दुन्नहिया सागरा होइ–पल्योयमासंख्येयभागेन अधिके द्वे सागरोपमे भवति એક પલ્યના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમ પ્રમાણ છે. અહીં તેજોલેશ્યાની જે આ સ્થિતિ બતાવેલ છે તે વૈમાનિક દેવોની અપેક્ષાએ જાણવી જોઇએ. કેમકે, સૌધર્મ અને ઇશાન સ્વર્ગના દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એટલી છે સૌધર્મ સ્વર્ગના દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની તથા ઇશાન સ્વર્ગના દેવોની એક પલ્યોપમથી થોડીક વધુ છે. તથા આ બન્ને સ્વર્ગોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ સાગરોપમ તથા એથી થોડી વધુ બે સાગરોપમની છે. એજ રીતે ભવનપતિ અને વ્યંતર દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર (૧૦૦૦૦) વર્ષની છે. તથા ભવનપતિયોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી અધિક છે. અને વ્યંતરોની એક પલ્યોપમ પ્રમાણ છે. જ્યોતિષી દેવોની એક પલ્યોપમના આઠમા ભાગ પ્રમાણ જઘન્ય સ્થિતિ છે. તથા એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આથી જિનદેવ નિકાયોની જેટલી ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ અહીં બતાવવામાં આવેલ છે તેજ સ્થિતિ તે તે નિકાયોમાં તેજોલેશ્યાની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી જોઈએ. ॥૫૨॥

આ પ્રમાણે અહીં સુધી અપ્રશસ્ત લેશ્યાઓની સ્થિતિ કહેવામાં આવેલ છે. હવે પ્રશસ્ત લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરવામાં આવે છે. એમાં સર્વ પ્રથમ તેજોલેશ્યાની સ્થિતિ દેખાડવામાં આવે છે–" दसवाससहस्साए ઇત્યાદિ !

અન્વયાર્થ—दसवाससहस्साए–दशवर्षसहस्राणि દસ હજાર (૧૦૦૦૦) વર્ષની तेउए–तेजसः तेजोलेश्यानी जहन्निया ठिई होई–जघन्यिका स्थिति भवति જઘન્ય સ્થિતિ છે. તથા पलिओवमअसंखभागं च दुन्नुदही–पल्योपमासंख्येयभागं च द्वौ उदधी પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક બે સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ ગાથા દ્વારા નિકાયના ભેદની અપેક્ષાએ જ લેશ્યાની સ્થિતિ કહેવામાં આવેલ છે. અહીં દસ હજાર (૧૦૦૦૦) વર્ષની તેજોલેશ્યાની

જઘન્ય સ્થિતિ પ્રકરણ અનુસાર તો કાપોત લેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવામાં આવેલ છે તે એક સમય વધુ એની સ્થિતિ હોવી જોઈએ પરંતુ પ્રશસ્તલેશ્યાની સ્થિતિના વર્ણનના ઉપક્રમમાં કાપોતલેશ્યા અપ્રશસ્ત હોવાને કારણે એક્રમ અહીં અંગીકાર કરવામાં આવેલ નથી ॥૫૩॥

પદ્મલેશ્યાની સ્થિતિ આ પ્રકારની છે—" जा तेउए " ઈત્યાદિ !

અન્વયાર્થ—જે–યા જે તેઉએ–તેજસઃ તેજોલેશ્યાની ખલુ–ખલુ નિશ્ચયથી જે उक्कोसा ठिई–उत्कृष्टा स्थितिः ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે समयमब्भहिया–समयाभ्यधिका એક-સમય વધુ લઈને पम्हाए–पद्मायाः પદ્મ લેશ્યાની जहन्नेणं ठिई–जघन्येन स्थितिः જઘન્ય સ્થિતિ છે તથા આ પદ્મલેશ્યાની उक्कोसा–उत्कृष्टा ઉત્કૃષ્ટ સ્થિતિ मुहुत्ताहियाइ दस–मुहुर्त्ताधिकानि दशदस અન્તમુહૂર્ત અધિક સાગરોપમ પ્રમાણ છે.અહીં પૂર્વભવકાલીન અંન્તમુહૂર્તને ગ્રહણ કરવામાં આવેલ છે. આ લેશ્યાની જઘન્ય સ્થિતિ શ્રી સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં તથા ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચમા બ્રહ્મદેવ લોકમાં જાણવી જોઈએ. કેમકે સનત્કુમાર તથા બ્રહ્મદેવલોકમાં એટલી આયુ હોય છે.

શંકા—જો અહીં અંન્તર્મુહૂર્ત અધિક ઉત્કૃષ્ટ કહો છો તો પૂર્વમાં તે અધિક કેમ કહી નથી ? કેમકે, ત્યાં પણ દેવભવ સંબંધી લેશ્યાની જ વિવક્ષા થઈ છે, " तेण परं वोच्छामि लेसाण ठिईउ देवाणं " આવું પહેલાં કહેલ છે. આથી અહીં અંતમુહૂર્ત અધિક જે કહેલ છે તે વિરૂદ્ધ દેખાય છે.

ઉત્તર—આ વાત બરાબર નથી. કારણ કે, અમારો કહેવાનો અભિપ્રાય તમે સમજ્યા નથી. અહીં પૂર્વભવ અને ઉત્તરભવની લેશ્યા પણ " अंतो मुहुत्तंमिगए " આ અધ્યયનની ૬૦ મી ગાથા અનુસાર દેવભવ સંબંધી જ છે. આ વાતને બતાવવા માટે જ આ રીતે કહેવામાં આવેલ છે. આથી તેમાં કોઈ વિરોધ રહેતો નથી. આ વાતને આગળ ચાલીને ૬૦મી ગાથામાં સ્વયં સૂત્રકાર સ્પષ્ટ કરશે. તેથી અહીં કહેલ નથી. ॥૫૪॥

શુકલ લેશ્યાની સ્થિતિ બતાવવા માટે સૂત્રકાર કહે છે—"जा पम्हाए" ઈત્યાદિ !

અન્વયાર્થ—जा पम्हाए उक्कोसा ठिई–या पद्मायाः उत्कृष्टा स्थितिः પદ્મ લેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે समयमब्भहिया सा–समयाभ्यधिका सा એક સમય અધિક એજ સ્થિતિ सुक्काए–शुक्कायाः શુકલ લેશ્યાની जहन्नेणं–जघन्येन જઘન્ય રૂપથી છે तेत्तीसमुहूत्तमब्भहिया–त्रयस्त्रिंशत् मुहूर्ताभ्याधिका તથા એક અન્તમુંહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ શુકલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ લેશ્યાની જઘન્ય સ્થિતિ લાન્તક દેવલોકમાં છે, તથા ઉત્કૃષ્ટ સ્થિતિ સર્વાર્થસિદ્ધમાં છે. કેમકે, ત્યાંજ એટલી આયુ છે. ॥૫૫॥

ગતિદ્વાર કા નિરૂપણ

નવમું સ્થિતિદ્વાર કહ્યું, હવે દસમું ગતિદ્વાર કહે છે પ્રથમ અશુભ લેશ્યાની ગતિને કહે છે—" किण्हा " ઇત્યાદિ !

અન્વયાર્થ—किण्हा नीला काऊ–કૃષ્ણા નીલા કાપોતી કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા તથા કાપોતી લેશ્યા एयाओ तिन्नि अहम्मलेसाओ–एताः तिस्रः अधर्मा लेश्याः એ ત્રણ અધર્મના હેતુ હોવાથી અધર્મ લેશ્યા છે કેમકે, એ ઉપાદાનમાં હેતુ હોય છે. આ કારણે एयाहितिविहि वि जीवो दुग्गइं उववज्जई–एताभिः तिसृभिः अपि जीवः दुर्गतिम् उपपद्यते આ ત્રણ લેશ્યાઓથી યુક્ત જીવ મરીને દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે. નરક ગતિ અને તિર્યંચગતિ આ બે દુર્ગતી છે. આ અધર્મ લેશ્યાઓથી યુક્ત જીવ મરીને એ ગતિયેામાં જન્મ લે છે. ॥૫૬॥

હવે શુભલેશ્યાની ગતિ કહે છે—" तेउ " ઇત્યાદિ !

અન્વયાર્થ—तेऊ पम्हा सुक्का एया तिन्नि वि धम्म लेसाओ–तेजः पद्मा शुक्ला एताः तिस्रः अपि धर्म लेश्याः તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુકલ લેશ્યા આ ત્રણ લેશ્યાઓ ધર્મ લેશ્યાઓ છે. તથા ધર્મની હેતુભૂત છે. આ કારણે एयाहि तिहिवि–एताभिः तिसृभिः આ ત્રણેથી યુક્ત જીવ મરીને सुगइं–सुगतिम् સારી ગતિમાં–મનુષ્ય ગતિમાં–દેવગતિમાં અથવા મુક્તિમાં જાય છે. ॥૫૭॥

આયુદ્વાર કા નિરૂપણ

ગતિદ્વાર કહેવાઈ ગયેલ છે. હવે અગ્યારમું દ્વાર જે આયુદ્વાર છે તે કહેવામાં આવે છે. જીવ જે લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. એજ લેશ્યાઓ-વાળા બનીને મરે છે. આ ઉપર એવેા પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, કયા જન્માંતરમાં થવાવાળા લેશ્યાના પ્રથમ સમયમાં પરભવની આયુનેા ઉદય થાય છે. અથવા તેા ચરમ સમયમાં ઉદય થાય છે. અથવા તેા થતેા નથી. આ પ્રકારના સંદેહને દૂર કરવા માટે સૂત્રકાર ત્રણ ગાથાઓ કહે છે— " लेसाहिं " ઇત્યાદિ !

અન્વયાર્થ—पढमे समयंमि परिणयाहिं: सव्वाहिं लेसाहिं:–પ્રથમે समये परि-णताभिः सर्वाभिः लेश्याभिः લેશ્યાઓની પ્રતિપત્તિનેા જે કાળ છે તે કાળની અપેક્ષાથી પ્રથમ સમયમાં પરિણત થયેલ એ સમસ્ત લેશ્યાઓથી યુક્ત થયેલ कस्सइ जीवस्स–कस्यापि जीवस्य કેાઈ પણ જીવની परे भवे उववाओ न होइ–परभवे उपपादः न भवति અન્ય ભવમાં ઉત્પત્તિ થતી નથી. ॥૫૮॥

તથા—

અન્વયાર્થ—સવ્વાહિં લેસાહિં ચરમે સમયંમિ પરિણયાહિં–સર્વાભિઃ લેશ્યાભિઃ ચરમે સમયે પરિણતાભિઃ ચરમ સમયમાં આત્મરૂપપણાથી પરિણત થયેલ સમસ્ત લેશ્યાઓથી યુક્ત થયેલ કસ્સાવિ જીવસ્સ–કસ્યાપિ જીવસ્ય કોઈ પણ જીવના પરેભવે ઉવવાઓ ન હોઇ–પરેભવે–ઉપપાદઃ ન ભવતિ પરભવમાં તેનો ઉત્પાદ થતો નથી. ॥૫૯॥

ત્યારે કયારે ઉત્પાદ થાય છે? આ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે— "અંતોમુહુત્તમ્મિ" ઈત્યાદિ!

અન્વયાર્થ—અંતોમુહુત્તમ્મિગએ–અન્તર્મુહૂર્તે ગતે અન્તર્મુહૂર્ત કાળ ચાલ્યો જવા પછી તથા અન્તર્મુહૂર્ત કાળ થોડો બાકી રહ્યો હોય ત્યારે પરિણયાહિં લેસાહિં–પરિણતાભિઃ લેશ્યાભિઃ આત્મરૂપપણાથી પરિણત થયેલ લેશ્યાઓથી યુકત જીવા–જીવાઃ જીવ પરલોયં ગચ્છંતિ–પરલોકં ગચ્છન્તિ પરભવમાં જાય છે. તાત્પર્ય આનું એ છે કે–આયુ જ્યારે અન્તર્મુહૂર્ત અવશિષ્ટ રહી જાય છે ત્યારે પરભવ સંબંધી લેશ્યાઓનું પરિણામ જીવને થાય છે. આમાં તિર્યંચ અને મનુષ્ય આગામી ભવની લેશ્યાનો અન્તર્મુહૂર્ત કાળ જ્યારે વ્યતીત થઈ જાય છે ત્યારે, તથા દેવ અને નારકી પોતાના ભવની લેશ્યાનો અન્તર્મુહૂર્ત કાળ જ્યારે બાકી રહે છે ત્યારે પરલોકમાં જાય છે. એવું વિશેષ જાણવું જોઈએ. જે સમયે તિર્યંચ અથવા મનુષ્ય દેવભવ અથવા નરકભવને પ્રાપ્ત કરવા માટે ઉદ્યત બની જાય છે. એ વખતે આગામી ભવ સંબંધી દેવલેશ્યા અથવા નરકલેશ્યાની સર્વ પ્રથમ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુ નષ્ટ થઈ જાય છે. કેમકે, મરણ કાળમાં તિર્યંચ અને મનુષ્ય વર્તમાન તિર્યંચ ભવમાં અથવા મનુષ્ય ભવમાં અંતર્મુહૂર્ત સુધી દેવલેશ્યા અથવા નરક લેશ્યાને પ્રાપ્ત કરે છે. અર્થાત દેવભવ તથા નરક ભવને પ્રાપ્ત જીવોની દેવલેશ્યા અથવા નરક લેશ્યાની અંતર્મુહૂર્ત પ્રમાણ આયુ તિર્યંચ ભવરૂપ તથા મનુષ્ય ભવરૂપ પહેલાના ભવમાં જ નષ્ટ થઈ જાય છે. જે સમયે દેવ અથવા નારકી પંચેન્દ્રિય તિર્યંચભવ અથવા નરભવ પ્રાપ્ત કરે છે.

એ સમયે દેવ દેવલેશ્યાની અંતર્મુહૂર્ત પ્રમાણ આયું ગ્રહણ કરીને તિર્યંચભવ અથવા નરભવને પ્રાપ્ત કરે છે. આજ પ્રમાણે નારકિયોના વિષયમાં પણ સમજવું જોઈએ. ॥૬૦॥

અધ્યયન કા ઉપસંહાર ઔર સમાપ્તિ

હવે અધ્યયનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર શુભલેશ્યાની પ્રાપ્તિના માટે ઉપદેશ કહે છે—" तम्हा " ઇત્યાદિ!

અન્વયાર્થ—જે કારણે આ લેશ્યાઓ અપ્રશસ્ત તેમજ પ્રશસ્ત હોય છે तम्हा–तस्मात् એ કારણે एयासि लेसाणं–एतासां लेश्यानाम् આ કૃષ્ણ આદિ લેશ્યાઓના ઉકતરૂપ अणुभावे वियाणिया–अनुभावान् विज्ञाय અનુભાવોને જાણીને मुणी–मुनिः સાધુ अप्पसत्थाओ–अप्रशस्ताः દુર્ગતિમાં લઈ જનાર એવી લેશ્યાઓને वज्जित्ता–वर्जयित्वा છોડીને पसत्थाओऽहिट्ठिए–प्रशस्ताः अधितिष्ठेत् પ્રશસ્ત સુગતિમાં લઈ જનાર તેજ, પદ્મ, શુકલ આ લેશ્યાઓને પ્રાપ્ત કરે त्तिबेमि इति ब्रवीमि આ પદોનો અર્થ પહેલાંની માફક જાણી લેવો-જોઈએ. ॥६१॥

ઉત્તરાધ્યયન સૂત્રનું ચોત્રીસમું અધ્યયન સમાપ્ત ॥૩૪॥

પૈતીસવેં અધ્યયન કા પ્રારંભ

પાંત્રીસમા અધ્યયનનો પ્રારંભ—

ચોત્રીસમું અધ્યયન કહેવાઈ ગયું છે, હવે પાંત્રીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ અનાગાર માર્ગગતિ છે. ચોત્રીસમા અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રકારનો છે–ચોત્રીસમા અધ્યયનમાં લેશ્યાઓના પ્રશસ્ત અને અપ્રશસ્ત આ પ્રકારના બે ભેદ બતાવવામાં આવેલ છે અને એમ કહ્યું છે કે, અપ્રશસ્ત લેશ્યાઓનો પરિત્યાગ કરીને પ્રશસ્ત લેશ્યાઓને ધારણ કરવી જોઈએ. પરંતુ એ પ્રશસ્ત લેશ્યાઓનો આશ્રય જે આત્મા–ભિક્ષુગુણ ધારક હશે એજ કરી શકશે એટલે ભિક્ષુના ગુણોને બતાવવાને માટે હવે સૂત્રકાર આ અધ્યયનનો પ્રારંભ કરે છે. અહીં સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે—" सुणेह " ઇત્યાદિ!

અન્વયાર્થ—હે જમ્બૂ એગગ્ગમણા-એકાગ્રમનસઃ એકાગ્ર મન થઈને મે-મે મારી પાસેથી મગ્ગં-માર્ગં મુક્તિ પથનો આ માર્ગ સુણેહ-શ્રૃણુત સાંભળો આ માર્ગ બુદ્ધેહિ દેસિયં-બુદ્ધૈઃ દેશિતમ્ તીર્થંકર અને ગણધરાદિક દેવો દ્વારા પ્રતિપાદિત થયેલ છે. જમાયરંતો ભિક્ખુ દુક્ખાણંતકરે ભવે-યમાચરન્ ભિક્ષુઃ દુઃખાનામ્ અંતકરઃ ભવતિ આ માર્ગનું આરાધન કરનાર મુનિ શારીરિક અને માનસિક સમસ્ત પ્રકારના દુઃખોને નાશ કરવાવાળા બને છે. અર્થાત્ આ માર્ગનું આરાધન કરવાવાળો આત્મા સઘળા કર્મોનું નિર્મૂલન અને સઘળા દુઃખોના ક્ષય સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરી લ્યે છે. ॥૧॥

હવે સૂત્રકાર એજ માર્ગને બતાવે છે—" गिहवासं " ઇત્યાદિ !

અન્વયાર્થ—ગિહવાસં પરિચ્ચજ્જ-ગૃહવાસં પરિત્યજ્ય ગૃહાવસ્થાન રૂપ ગૃહવાસનો પરિત્યાગ કરીને પવજ્જામસ્સિએ-પ્રવ્રજ્યામાશ્રિતઃ દીક્ષાને ગ્રહણ કરનાર મુણી-મુનિઃ મુનિ ઇમે-ઇમાન્ આ પ્રત્યક્ષમાં દેખાતા પુત્ર કલત્ર આદિને સંગે-સંગાન્ પરિગ્રહ રૂપ વિયાણિજ્જા-વિજાનીયાત્ જાણે. અર્થાત્ એ સઘળા સંસારના હેતુરૂપ જ છે એવું માને જેહિં માણવા મજ્જંતિ-કારણ કે એમના જ સંબંધથી આ આત્મા જ્ઞાનાવરણ આદિ કર્મોથી બંધાતો રહે છે. ॥૨॥

" तहेव " ઇત્યાદિ !

અન્વયાર્થ—તહેવ-તથૈવ આજ પ્રમાણે ભિક્ખૂ-ભિક્ષુ ભિક્ષુ હિંસં અલિયં-હિંસાં અલીકમ્ પ્રાણાતિપાત રૂપ, હિંસાનો, મૃષાવાદનો ચાજ્જં ચૌર્યં, ચોરીનો, અબંભસેવણં-અબ્રહ્મસેવનમ્ મૈથુન સેવનનો, ઇચ્છાકામં-ઇચ્છાકામમ્ ઇચ્છા રૂપ કામનો, અપ્રાપ્ત વસ્તુના આકાંક્ષાનો, તથા લોભં-લોભમ્ લબ્ધ વસ્તુમાં આસક્તિરૂપ લોભનો પરિવજ્જએ-પરિવર્જયેત્ ત્યાગ કરે ॥૩॥

" मणोहरं " ઇત્યાદિ !

અન્વયાર્થ—ભિક્ખુ-ભિક્ષુઃ સાધુ મનોહરં-મનોહરમ્ મનનું હરણ કરનારી, ચિત્તાકર્ષક તથા ચિત્તં-ચિત્રં ચિત્રોથી યુક્ત, તથા પુષ્પ માળાઓ અને વિવિધ

પ્રકારના સુગંધિત ધૂપોની વાસવાળા, તથા સક્કવાડં–સક્કપાટં કમાડવાળા, આ વિશેષણ જીનકલ્પીની એપેક્ષાથી સમજવું જોઈએ. તથા પંડુરુલ્લોયં–પાણ્ડુરોલ્લોચમ્સફેદ ચંદરવાથી યુકત એવા ગિહમ્–ગૃહમ્ ઘરની કે ઉપાશ્રયની સ્વપ્નામાં પણ ન પત્થએ–ન પ્રાર્થયેત્ ચાહના ન કરે. અથવા તો વચનથી પણ એવા ઘરની યાચના ન કરે ॥૪॥

આવો ઉપદેશ શા માટે આપવામાં આવે છે? આનું કારણ કહે છે—" इंदियाणि " ઇત્યાદિ!

અન્વયાર્થ—ઉ–તુ કેમકે, તારિસ્સામિ ઉવસ્સએ–તાદૃશે ઉપાશ્રયે કામરાગને વધારનાર એવા ઉપાશ્રયમાં ભિક્ખુસ્સ ઇંદિયાણિ–ભિક્ષોઃ ઇન્દ્રિયાણિ રહેવાવાળા ભિક્ષુની ઈન્દ્રિયાને પોત પોતાના વિષયોથી નિવારેઉં–નિવારયિતું હઠાવવામાં દુક્કરાઇં–દુષ્કરાણિ ભારે કઠીનતાઓ પડે છે. ॥૫॥

ભિક્ષુ કી વસતિ કા નિરૂપણ

કેવા ઉપાશ્રયોમાં ઉતરવું જોઈએ તેને કહે છે—" सुसाणे " ઇત્યાદિ!

અન્વયાર્થ—સુસાણે સુન્નગારે વા રુક્ખમૂલે વ પઇરિક્કે પરકડે વા ઇક્કઓ–તત્થવાસં અભિરોયએ–શ્મશાને શૂન્યાગારે વા વૃક્ષમૂલે વા પ્રતિરિક્તે પરકૃતે વા એકકઃ તત્ર વાસં આભિરોચયેત્ ભિક્ષુ સ્મશાનમાં, શૂન્ય ઘરમાં, વૃક્ષની નીચે પશુ, પકડ આદિથી રહિત સ્થાનમાં, અથવા જે ગ્રહસ્થોએ પોતાના માટે બનાવેલ હોય તેવા સ્થાનમાં રાગદ્વેષ રહિત બનીને રહેવાની ઇચ્છા કરે. ॥૬॥

" फासुयम्मि " ઇત્યાદિ!

અન્વયાર્થ—પરમસંજએ ભિક્ખૂ–પરમસંયતઃ ભિક્ષુઃ સર્વોત્કૃષ્ટ જીન માર્ગની આરાધના કરવામાં પ્રયત્નશાળી ભિક્ષુ, ફાસુયમ્મિ–પ્રાસુકે એકેન્દ્રિયાદિ પ્રાણિ રહિત તથા અણાબાહે–અનાબાધે સ્વપરની બાધાથી રહિત, તથા ઇત્થિહિં અણભિદ્દુએ–સ્ત્રીભિઃ અનભિદ્રુતે સ્ત્રી, પશુ, પંડક, આદિથી રહિત તત્થ–તત્ર એવા નિરવદ્ય–ઉપાશ્રયમાં રાગદ્વેષ રહિત બનીને સંકપ્પએ–સંકલ્પયેત્ રહેવાની ઇચ્છા કરે. ॥૭॥

પહેલાં જે " परकडे " વિશેષણ આપેલ છે તે કયા કારણથી? એ શંકાનું નિવારણ કરવા માટે કહે છે—" न सयं " ઇત્યાદિ?

અન્વયાર્થ—ગિહંકમ્મસમારમ્ભે ભૂયાણં વહોદિસ્સએ ઘર બનાવવા માટે

ઈંટ, માટી આદિ લાવવારૂપ કર્મના સમારંભમાં પોતે કરવું, બીજાથી કરવાવું, કરવાવાળાની અનુમોદના કરવી, આ વેપારમાં પ્રાણીયોનો વધ (છ કાય જીવોની હિંસા) થતો દેખાય છે. આ માટે સાધુ સ્વયં ગિહાઇં ન કુબ્વિજ્જા અન્નેહિં નેવ કારએ–स्वयं गृहाणि न कुर्वीत अन्यैः नैव कारयेत् स्वय घर न બનાવે અથવા તો ન બીજાઓથી બનાવરાવે અથવા તો બનાવવાવાળાને અનુમોદના પણ ન કરે ॥૮॥

ઘર બનાવવામાં એક પ્રકારના જીવોની હિંસા થતી નથી પરંતુ સર્વ પ્રકારના જીવોની હિંસા થાય છે તેને સમજાવે છે—" तसाणं " ઇત્યાદિ !

અન્વયાર્થ—ઘર બાંધવાના કામમાં तसाणं थावराणं सुहुमाणं बादराणय वहो होइ–त्रसानां स्थावराणां सूक्ष्माणां बादराणांय वधः भवति ત્રસ જીવોની, સૂક્ષ્મ જીવોની બાદર સ્થૂળ જીવોની હિંસા થાય છે तम्हा–तस्मात् આ કારણે संजओ–संयतः साधु गिहसमारभं परिवज्जए-ग्रहसमारंभं परिवर्जयेत् ઘર બાંધવાનાકામનો પરિત્યાગ કરે. અહીંયા શરીરની અપેક્ષા અથવા સૂક્ષ્મનામ કર્મના ઉદયની અપેક્ષા જીવોમાં સૂક્ષ્મતા જાણવી જોઈએ. આ રીતે બાદર નામનો ઉદય જેને છે તે બાદર નામના જીવ જાણવા જોઈએ. ॥૯॥

ભક્તપાનાદિ આરંભ કે નિવારણ કા ઉપદેશ

હવે ભક્તપાનાદિ આરંભના વિષયમાં ઉપદેશ આપે છે—" तहेव " ઇત્યાદિ !

અન્વયાર્થ—तहेव–तथैव ઘર બાંધવાનાં કાર્યની માફક જ भत्तपाणेसु–भक्तपानेषु ભક્ત અને પાનમાં તથા पयणे पयावणेसु–पचने पाचनेषु પચન પાચન આદિ ક્રિયામાં पाणभूयदयट्ठाए–प्राणीभूतदयार्थम् ત્રસ સ્થાવર જીવોની રક્ષા-નિમિત્તે न पये न पयावए–न पचेत् न पाचयेत् ન પકાવે, ન પકવાવે અને અનુમોદના પણ આપે નહીં ॥ ૧૦ ॥

હવે ફરીથી એજ વિષયમાં કહે છે—" जलधन्न " ઇત્યાદિ ।

અન્વયાર્થ—जलधन्ननिस्सिया–जलधान्यनिश्रिताः પાણી અને ધાન્યના આશ્રયે રહેલા जीवा–जीवाः જીવ તથા पुढवीकट्ठनिस्सिया–पृथिविकाष्ठनिश्रिताः પૃથવી તથા લાકડાના આશ્રયે રહેલા, जीवा–जीवाः એકેન્દ્રિયાદિક જીવ भत्तपाणेसु–भक्तपानेषु અશન પાનાદિકના સંપાદનમાં हम्मंति–हन्यन्ते મરી જાય છે. तम्हा–तस्मात् આ માટે भिक्खू–भिक्षुः મુનિ न पयावये–न पाचयेत् અશન પાનાદિક ન પકાવે કે ન તો સ્વયં પકાવે. ॥ ૧૧ ॥

અગ્નિ સમારંભ કે નિષેધ કા નિરૂપણ

હવે અગ્નિને પ્રજળાવવાના વિષયમાં નિષેધ બનાવે છે–'વિસપ્પે' ઈત્યાદિ।

અન્વયાર્થ—વિસપ્પે–વિસર્પમ્ ફેલાવવાના સ્વભાવવાળા સવ્વઓ ધારે–સર્વતોધારમ્ સર્વ દિશાઓમાં સ્થિત જીવોની ઘાત થવાથી બધુ બાજુએથી તીક્ષ્ણ ધારવાળી બહુપાણિવિણાસણે–બહુપ્રાણિવિનાશનમ્ અનેક પ્રાણીઓનો સંહાર કરવાવાળી અગ્નિના જેવું. સત્થે નત્થિ–શસ્ત્રં નાસ્તિ બીજું કોઈ શસ્ત્ર નથી. તમ્હા–તસ્માત્ આ માટે સાધુ જોઇ–જ્યોતિઃ અગ્નિને ન દીવએ–ન દીપયેત્ પ્રજ્વલિત ન કરે. હિરા–સોનું ઈત્યાદિના સંગ્રહમાં કઈ હાની છે. કેમ કે તેમાં તો કોઇ જીવની હિંસા થતી નથી ? આ શંકાનું નિવારણ કરવા માટે કહે છે કે—

" હિરણ્ણં " ઈત્યાદિ ।

અન્વયાર્થ—સમલોટ્ઠકંચણે–સમલોષ્ટકાઞ્ચનઃ લોઢુ અને માટીના ઢેફાની જેમ સોનાને જે સરખી રીતે માને છે અને કયવિક્કએ વિરએ–ક્રયવિક્રયે વિરતઃ ક્રય વિક્રયના લેણુદેણુના વહેવારથી જે વિરક્ત બની ચૂકેલ છે એવા ભિક્ખૂ–ભિક્ષુઃ મુનિ હિરણ્ણં જાયરૂવં ચ–હિરણ્યં જાતરૂપં ચ હિરણ્ય, ચાંદી તથા જાતરૂપ સોનું, ધન, ધાન્ય, આદિ ન કરે. એ ધનધાન્યાદિક વસ્તુઓ મારી છે, અથવા મારી થઇ જાય એવી મણસા વિ ન પત્થએ–મનસાપિ ન પ્રાર્થયેત્ મનથી પણ પ્રાર્થના ન કરે, ન વચનથી એવી વાત કરે, અથવા ન તો કોઈની પાસે એવી યાચના કરે. અર્થાત્ જ્યારે સાધુને તેની અભિલાષા કરવાની પણ મનાઈ છે તો તે એની યાચના તથા તેનો સ્વીકાર તો કઈ રીતે કરી શકે ॥ ૧૩ ॥

ભિક્ષુ કો ક્રયવિક્રય કે નિષેધ કા નિરૂપણ

હવે ક્રયવિક્રયનો નિષેધ કહે છે—" કિણંતો " ઈત્યાદિ ।

અન્વયાર્થ—કીણંતો–ક્રીણન્ મૂલ્ય આપીને પારકી વસ્તુને ગ્રહણ કરનાર કઈઓ હોઇ–ક્રાયકઃ ભવતિ ખરીદનાર કહેવાય છે. વિક્કિણંતો ય વાણિઓ–વિક્રીણાનશ્ચ વણિક્ ભવતિ મૂલ્ય લઇને પોતાની વસ્તુ બીજાને આપનાર વણિક કહેવાય છે. આ કારણેકયવિક્રયમ્મિ ય વટ્ટંતો ભિક્ખૂ તારિસો ન હોઇ–ક્રયવિક્રયવર્તમાનઃ ભિક્ષુઃ તાદૃશઃ ન ભવતિ લેણુદેણુના વ્યવહારમાં પ્રવૃત બનેલ ભિક્ષુ જે પ્રમાણે

શાસ્ત્રમા કહવામા આવલ છ તવા હોતા નથા અર્થાત્ તે સાધુ કહેવાતા નથી. ॥૧૪॥

તો પથી શું કરવું જોઈએ ? તે કહી સમજાવે છે–" भिक्खियव्वं " ઇત્યાદિ.

અન્વયાર્થ—भिक्खवत्तिणा भिक्खुणा–ભિક્ષાવૃત્તિના ભિક્ષુણા ભિક્ષાવૃત્તિ કરવાવાળા ભિક્ષુએ भिक्खियव्वं–ભિક્ષિતવ્યં ભિક્ષાવૃત્તિ જ કરવી જોઈએ. न केयव्वं–न क्रेतव्यं લેણદેણનો વહેવાર ન કરવો જોઈ એ. कयविक्कओ महादोसो–क्रयविक्रय महादोषम् કેમ કે, ક્રયવિક્રય કરવાથી સાધુને એક તો સંયમની વિરાધનારૂપ દોષના ભાગી થવું પડે છે. બીજું જીનઆજ્ઞાની વિરાધનાનો પણ દોષ લાગે છે. આથી આવા કામોને છોડીને તેણે ભિક્ષાવૃત્તિ જ કરવી જોઈએ કેમ કે, भिक्खावत्ती सुहावहा–भिक्षावृत्तिः सुखावहा ભિક્ષાવૃત્તિ જ તેના માટે મોક્ષકાર્યની આરાધના કરવામાં સહાયક હોવાથી સુખપ્રદ હોય છે. ॥ ૧૫ ॥

સામુદાનિક ભિક્ષા કા નિરૂપણ

પૂર્વોક્ત ભિક્ષાવૃત્તિતો એક કુળમાં પણ થઈ શકે છે આ માટે એક કુળની ભિક્ષાનો નિષેધ કરીને સામુદાયી ભિક્ષાનો ઉપદેશ કરે છે–

" सामुदाणं " ઇત્યાદિ ।

અન્વયાર્થ––मुणी मुनिः મુનિ जहासुत्तं–यथासूत्रम् આગમના અનુસાર अणिंदियं–अनिंदितम् જુગુપ્સિત કુળ સંબંધી જો ન હોય તથા उंछं–उञ्छम् ભિન્ન ભિન્ન ઘરોથી જે થોડા થોડા રૂપમાં આવેલ હોય એવાં समुयाणं–समुदानम् ભિક્ષા અન્નને ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા આદિના દોષોનો પરિહાર કરીને एसिज्जा–एषयेत् ગ્રહણ કરે, અર્થાત્ અનેક ઘરોમાં ભિક્ષા કરે, જો ત્યાં લાભાલાભમ्मि–लाभालाभे ઓદનાદિ ભોજનનો લાભ થાય અથવા ન થાય તો તેમાં संतुट्ठे–संतुष्टः હર્ષ–વિષાદ ન કરે અને સંતુષ્ટ ચિત્ત બનીને पिण्डवायं चरे–पिण्डपातं चरेत् ભિક્ષાચર્યા કરે.

ભાવાર્થ—મુનિનું કર્તવ્ય એ છે કે, શાસ્ત્રમાર્ગ અનુસાર ભિક્ષાવૃત્તિ માટે ભ્રમણ કરે, અને નિન્દિત કુળોમાં ન જતાં અનિંદિત કુળોમાં જાય અને ત્યાં એને જે નિર્દોષ આહાર પાણી મળે તેમાં જ સન્તોષ માને. ન મળવાથી વિષાદ ન કરે. ॥ ૧૬ ॥

મળેલા નિર્દોષ આહારનું ભોજન કઇ રીતે કરે એ કહે છે—

" अलोले " ઇત્યાદિ ।

અન્વયાર્થ—મહામુણી-મહામુની સાધુ એ અલોલે-અલોલઃ કુસ્વાદ ભોજનમાં ચલચિત્ત ન બનવું જોઈએ. તથા રસે ગિધ્વે ન સિયા-રસે ગૃદ્ધઃ ન સ્યાત્ મધુરાદિક રસમાં આસક્ત ન બને. જિબ્ભાદંતે-જિહ્વાદાન્તઃ રસના ઈન્દ્રિયને પોતાના વશમાં કરનાર અને અમુચ્છિએ-અમૂર્ચ્છિતઃ રસગૃદ્ધિનું વર્જન કરનાર તે મહામુનિ રસટ્ઠાએ ન ભુંજિજ્જા-રસાર્થે ન ભુંજિત આસ્વાદ સુખના નિમિત્ત ભોજન ન કરતાં કેવળ જવણટ્ઠાએ-યાપનાર્થમ્ સંયમ યાત્રાના નિર્વાહના અભિપ્રાયથી જ આહાર પાણી કરે.

ભાવાર્થ—જે મુનિજન નિર્દોષ આહાર પાણી સામગ્રીનો ઉપભોગ કરે છે. તે કેવળ સંયમ યાત્રાના નિર્વાહ નિમિત્તે જ કરે છે, રસ આસ્વાદને માટે નહીં. આજ કારણે તેમને રસમાં અગૃદ્ધ અને અલોલુપ થવાની પ્રભુની આજ્ઞા છે. ।૧૭।

તથા—' અચ્ચણં ' ઇત્યાદિ ।

અન્વયાર્થ—મુનિજન અચ્ચણં રયણં ચેવ વંદણં પૂયણં તહા ઇડ્ઢિસક્કાર-સમ્માણં મનસાવિ ન પત્થએ-અર્ચનાં રચનાં ચૈવ વંદનં પૂજનં તથા ઋદ્ધિસત્કાર-સન્માનં મનસાપિ ન પ્રાર્થયેત્ પોતાની અર્ચનાની, પોતાના નિમિત્ત નિષદ્યા આદિની અથવા સ્વસ્તિક આદિના ન્યાસની, વંદનાની, પૂજનની, સત્કારની, સન્માનની મનથી પણ ઇચ્છા ન કરવી જોઈએ.

ભાવાર્થ—મુનિનું કર્તવ્ય છે કે, તે સ્વપ્નામાં પણ આવા પ્રકારની ચાહના ન કરે કે, કોઈ મારી પુષ્પાદિકથી પૂજા કરે, રચતા કરે, અર્થાત્ મારી સામે સ્વસ્તિક આદિનો ન્યાસ કરે, મારી પૂજા કરે, મને અનેક પ્રકારની આમર્શ ઔષધિ આદિ લબ્ધિઓની પ્રાપ્તિ થઈ જાય. ॥ ૧૮ ॥

બીજું પણ કહે છે—' સુક્કજ્ઝાણં ' ઇત્યાદિ ।

અન્વયાર્થ—સુક્કજ્ઝાણં ઝિયાએજ્જા–શુક્લધ્યાનં ધ્યાયેત્ જેમ બને તેમ શુક્લ ધ્યાનમાં જ સાધુ રચ્યા પચ્યા રહે, અણિયાણે–અનિદાનઃ નિદાનથી રહિત બનીને અકિંચણે–અકિંચનઃ મમત્વભાવથી રહિત બનીને, વોસટ્ઠકાએ–વ્યુત્સૃષ્ટકાયઃ અને શરીર મમત્વનો પરિહાર કરીને જાવ કાલસ્સ પજ્જસો વિહરેજ્જા–યાવત્ કાલસ્ય પર્યાયમ્ વિહરેત્ મુનિ યાવજ્જીવ અપ્રતિબદ્ધ વિહાર કરતા રહે.

ભાવાર્થ—મુનિજન શુક્લ ધ્યાનમા લવલીન બને અને કોઈ પણ વસ્તુની પરભવના માટે ચાહના ન કરે. એવો વિચાર ન કરે કે, મને આ તપસ્યાના પ્રભાવથી ઈન્દ્રાદિકની વિભૂતિ મળી જાય. કોઈ પણ પદાર્થમાં મમત્વભાવ રાખવો ન જોઈએ. અને કાયાથી પણ મમત્વભાવનો ત્યાગ કરી યાવજ્જીવ અપ્રતિબદ્ધ વિહાર કરતાં કરતાં સંયમનો નિર્વાહ કરે. ॥ ૧૯ ॥

હવે સંયમ આરાધનનું ફળ કહે છે—" નિજ્જૂહિઊણ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—પહૂ–પ્રભુઃ વિર્યાન્તરાય કર્મના અપગતથી વિશિષ્ટ શક્તિશાળી બની રહેલા એવા મુનિ કાલધમ્મે ઉવટ્ઠિએ–કાલધર્મે ઉપસ્થિતે મૃત્યુ સમય ઉપસ્થિત થવાના સમયે આહારં નિજ્જૂહિઊણ–આહારં પરિત્યજ્ય ચતુર્વિધ આહારનો પરિત્યાગ કરીને માણુસં બોંદિં જહિઊણ–માનુષીં બોન્દિં ત્યક્ત્વા પોતાના શરીરને છોડે આ પ્રમાણે એ શરીરને છોડીને એ દુક્ખાવિમુચ્ચઇ–દુઃખાત્ વિમુચ્યતે આત્મા શારીરિક અને માનસિક દુઃખોથી રહિત થઈને મોક્ષના અધિપતિ બની જાય છે.

મૃત્યુસમય કે કર્તવ્ય કા નિરૂપણ

ભાવાર્થ—તપસ્યાના પ્રભાવથી જ્યારે વિર્યાંતરાય કર્મનો ક્ષય થઇ જાય છે. ત્યારે એ આત્મામાં વિશિષ્ટ શક્તિનો સદ્ભાવ થઈ જાય છે. આ શક્તિ

પ્રાપ્ત થયા પછી પ્રભુ બનેલો એ આત્મા અન્તિમ સમયે સમાધિ મરણ પૂર્વક દેહનો પરિત્યાગ કરીને પોતાની આત્માને શારીરિક અને માનસિક દુઃખોથી રહિત બનાવી લે છે કેમ કે, આવી અવસ્થામાં એના સઘળા દુઃખોના હેતુભૂત કર્મનો ક્ષય થઈ જાય છે. ॥ ૨૦ ॥

" निमम्मे " ઇત્યાદિ ।

અન્વયાર્થ—આ પ્રમાણે निम्ममे–निर्ममः મમત્વભાવથી રહિત બનેલ એ આત્મા निरहंकारे–निरहंकारः અહંભાવથી રહિત થઈને वीयरागो–वीतरागः રાગદ્વેષ વગરનો બની જાય છે. અને પછી अणासवो–अनास्रवः કર્મના આસ્રવ રહિત બનીને सासयं केवलं नाणं संपत्तो परिणिव्वुए–शाश्वतम् केवलज्ञानं संप्राप्तः परिनिर्वृत्तः અનશ્વર કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લે છે. આથી તે સદાના માટે સ્વસ્થીભૂત થઈ જાય છે. त्तिबेति–इति ब्रवीमि આ પદોની વ્યાખ્યા પહેલાં કહેવાઈ ગયેલ છે.।૨૧।

ઉત્તરાધ્યયન સૂત્રનું પાંત્રીસમું અધ્યયન સમાપ્ત. । ૩૫ ।

जीव और अजीव के स्वरूप का निरूपण

છત્રીસમા અધ્યયનનો પ્રારંભ

અનગારમાર્ગગતિ નામનું પાંત્રીસમું અધ્યયન સમાપ્ત થયું, હવે છત્રીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ છત્રીસમા અધ્યયનનો આગલા પાંત્રીસમા અધ્યયનની સાથેનો સંબંધ આ પ્રમાણે છે કે–પાંત્રિસમા અધ્યયનમાં જે પ્રાણાતિપાત વિરમણ આદિ ભિક્ષુના ગુણ કહેવામાં આવેલ છે તે એજ વ્યક્તિયો દ્વારા પાળી શકાયં છે કે, જે જીવ અને અજીવનાં સ્વરૂપને જાણવાવાળા હોય છે. આજ કારણે એના સ્વરૂપને બતાવવાના અભિપ્રાયથી આ જીવાજીવ વિભક્તિ નામનું છત્રીસમું અધ્યયન કહેવામાં આવે છે—

" जीवाजीवविभत्तिं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—શ્રી સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે કે હે જમ્બૂ!

इओ–इतः પાંત્રીસમા અધ્યયનનો ભાવ સાંભળ્યા પછી હવે હું તમને જીવાજીવવિભત્તિં–જીવાજીવવિભક્તિં જીવ અને અજીવના વિભાગને સંભળાવું છું. તો તમે તે મે–મે મારી પાસેથી एगमणा–एकमनसः એકાગ્રચિત્ત બનીને सुणेह–शृणुत સાંભળો. जं जाणिऊण भिक्खू संजमे सम्मं जयइ–यां ज्ञात्वा भिक्षुः संयमे सम्यग्यतते જે જીવાજીવવિભક્તિને સાંભળીને ભિક્ષુ સંયમની આરાધના કરવામાં સારી રીતે પ્રયત્ન કરવાવાળા બની જાય છે. ॥ ૧ ॥

જ્યાં સુધી જીવ અને અજીવના વિભાગને સાધુ સમજી લેતા નથી ત્યાં સુધી સંયમની આરાધનામાં તેનો પ્રયત્ન સફળ થતો નથી. આથી સૂત્રકાર જીવા જીવના વિભાગના પ્રસંગથી લોકા લોકના વિભાગને કહે છે.–"जीवा चेव" ઇત્યાદિ.

અન્વયાર્થ—जीवाचेव अजीवा य–जीवाश्चैव अजीवाश्च જીવ અને અજીવરૂપ एस–एषः આ लाए वियाहिए–लोकः व्याख्यातः લોક છે એવું તીર્થંકર આદિ ગણધરોએ કહેલ છે. યથાયોગ આધાર આધેય ભાવરૂપથી વર્તમાન જીવ અને અજીવોમાં લોકાત્મકતા છે. अजीवदेसमागासे–अजीवदेशः आकाशम् અજીવનો અંશ અજીવ દેશ છે અને એ અજીવ દેશ ધર્મ અધર્મ આદિ દ્રવ્ય રહિત કેવળ આકાશ સ્વરૂપ છે. अलोए से वियाहिए–अलोकः सः व्याख्यातः આને જ તીર્થંકર આદિ અલોક કહે છે. ॥ ૨ ॥

અન્વયાર્થ—હવે જીવ અજીવની પ્રરૂપણા કહે છે—" दव्वओ " ઇત્યાદિ. दव्वओ–द्रव्यतः દ્રવ્યને આશ્રિત કરીને, खेत्तओ–क्षेत्रतः ક્ષેત્રને આશ્રિત કરીને, कालओ–कालतः કાળને આશ્રિત કરીને, भावओ–भावतः ભાવને આશ્રિત કરીને, तेसिं जीवाणं अजीवाण य–तेषां जीवानां अजीवानां च જીવ અને અજીવોની પ્રરૂપણા થાય છે.

ભાવાર્થ—જીવ અને અજીવ દ્રવ્યોની પ્રરૂપણા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવની અપેક્ષા કરીને કહેવામાં આવેલ છે, જેમ એવું કહેવું કે, આ દ્રવ્ય છે, અને આના આટલા ભેદ છે. આ દ્રવ્યની અપેક્ષાએ જીવ અને અજીવની પ્રરૂપણા છે. આ દ્રવ્ય આટલા સમયની સ્થિતિવાળું છે, કાળની અપેક્ષાએ એની પ્રરૂપણા છે. આ એના પર્યાય છે એ પ્રકારનું કહેવું ભાવની અપેક્ષાએ એની પ્રરૂપણા છે. ॥૩॥

જીવ કે દો પ્રકાર કા નિરૂપણ

જીવ અજીવની પ્રરૂપણા કરતાં સૂત્રકાર સ્વલ્પ હોવાના કારણે પ્રથમ અજીવની પ્રરૂપણા કરે છે—"રૂવિણો" ઇત્યાદિ.

અન્વયાર્થ—અજીવા–અજીવાઃ અજીવ દ્રવ્ય રુવિણોઽરૂવીય–રૂપિણઃ અરૂપિણશ્ચ રૂપી અને અરૂપીના ભેદથી દુવિહા ભવે-દ્વિવિધા ભવન્તિ બે પ્રકારનાં હોય છે અરૂવિ-અરૂપિણઃ અરૂપી દ્રવ્ય દસહાવુત્તા–દશધા પ્રોક્તા દસ પ્રકારના કહેવાયેલા છે. તથા રૂવિણો ચઉવ્વિહા–રૂપિણઃ ચતુર્વિધા રૂપી દ્રવ્ય ચાર પ્રકારના કહેવાયેલ છે.

ભાવાર્થ—જેનામાં ચેતના ન જણાય એ અજીવ છે. એ અજીવ રૂપી અને અરૂપીના ભેદથી બે પ્રકારનાં છે. રૂપી નામ મૂર્ત છે. અર્થાત્, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, આ ચાર ગુણો જેનામાં હોય છે તે મૂર્ત છે. એ ન હોય તે અમૂર્ત છે. અરૂપી અજીવ દસ પ્રકારના અને રૂપી અજીવ ચાર પ્રકારના છે ॥ ૪ ॥

અરૂપી અજીવોં કે દશ ભેદ કા નિરૂપણ

અરૂપી અજીવોના દસ પ્રકાર આ છે—"ધમ્મત્થિકાએ" ઇત્યાદિ.

અન્વયાર્થ—ધમ્મત્થિકાએ તદ્દેસે તપ્પએસે ય અધમ્મે તસ્સ દેસે તપ્પએસે ય આગાસે તસ્સ દેસે તપ્પએસે ય અદ્ધાસમએ ચેવ દસહા ભવે–ધર્માસ્તિકાયઃ તદ્દેશઃ દેશપ્રદેશશ્ચ અધર્માસ્તિકાયઃ તસ્ય દેશઃ તત્પ્રદેશશ્ચ આકાશં તસ્ય દેશઃ તત્પ્રદેશશ્ચ અદ્ધાસમયશ્ચેતિ દશધા ભવંતિ ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાયપ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયદેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, આકાશ, આકાશદેશ, આકાશપ્રદેશ, અને અદ્ધાસમય, આ અરૂપી દ્રવ્યના દસ ભેદ છે. ગતિ સ્વભાવવાળા જીવ

અને પુદ્ગલોને ચલાવવામાં જે સહાયક હોય છે તે ધર્માસ્તિકાય છે. અહીં ધર્મ અસ્તિ અને કાય એવા ત્રણ શબ્દ છે. અસ્તિ શબ્દનો અર્થ પ્રદેશ છે. અને એ પ્રદેશોનો જે સમૂહ છે તે અસ્તિકાય છે. ધર્મરૂપ જે અસ્તિકાય છે તે ધર્માસ્તિકાય છે. એના અસંખ્યાત પ્રદેશ છે. ત્રીજોભાગ, ચોથોભાગ આદિ રૂપ એના પ્રદેશ કહેવાય છે. તથા એનો નિરંશ જે ભાગ હોય છે તે પ્રદેશ છે. આજ પ્રમાણે સ્થિતિ સ્વભાવવાળા જીવ અને પુદ્ગલોને રોકાવામાં જે સહાયતા આપે છે તે અધર્માસ્તિકાય છે. આ દ્રવ્ય પણ અસંખ્યાત પ્રદેશાત્મક છે. અહીં ગાથામાં "અધમ્મ" પદ છે. એનાથી અધર્માસ્તિકાયનો બોધ થાય છે. કેમકે, પદના એક દેશમાં પૂર્ણ પદનો વ્યવહાર થતો જોઈ શકાય છે. જે પ્રમાણે ધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશોની વ્યાખ્યા કરવામાં આવેલ છે. એજ પ્રમાણે આના પણ દેશ અને પ્રદેશની વ્યાખ્યા જાણવી જોઈએ ગાથામાં " આકાશ " પદનો જ પ્રયોગ થયેલ છે. એથી અહીં પણ આ પદથી આકાશાસ્તિકાય સમજવું. આકાશમાં "આ" "કાશ" એવા એ બે શબ્દ છે. "આ" મર્યાદા અને અભિવિધિનો વાચક થાય છે. જ્યારે "આ" મર્યાદાનો બને તો એનો અર્થ એવો થાય કે, સમસ્ત પદાર્થ પોતે પોતાના સ્વભાવના અપરિત્યાગથી જેનામાં પ્રતિભાસિત થાય છે તે, આકાશ છે. તથા "આ" જ્યારે અભિવિધિનો થાય તો એનો અર્થ એવો થાય કે, જે સર્વ પદાર્થમાં વ્યાપકરૂપથી રહીને પ્રકાશિત થાય છે, તે આકાશરૂપ જે અસ્તિકાય છે તે આકાશાસ્તિકાય છે. એ પણ દેશ અને પ્રદેશની અપેક્ષા એ ત્રણ પ્રકારનાં જાણવાં જોઇએ. અર્થાત્ આકાશાસ્તિકાય આકાશાસ્તિકાયદેશ અને આકાશાસ્તિકાયપ્રદેશ એ ત્રણ ભેદ છે. દેશ અને પ્રદેશની વ્યાખ્યા અગાઉની માફક અહીં પણ સમજી લેવી જોઇએ. અદ્ધા શબ્દનો અર્થ કાળ છે. કાળરૂપ જે સમય છે તે અદ્ધા સમય છે અદ્ધા સમયનો કોઇ વિભાગ હોતો નથી. આ કારણે એના દેશ અને પ્રદેશ થતા નથી. આવલિકા આદિકોની જે કલ્પના છે એ ફક્ત વહેવારના નિમિત્તે જ કલ્પવામાં આવેલ હોવાનું જાણવું જોઇએ. કેમકે આગલો સમય વીતી જવાથી જ ઉત્તર સમયનો સદ્ભાવ થાય છે. આથી અદ્ધા સમય જે એક સમય માત્ર છે. તેમાં સમુદાય રૂપથી થઈ શકતી નથી. આ કારણે આવલિકા આદિકોની કલ્પના ફક્ત વહેવારના નિમિત્તે જ કલ્પિત કરવામાં આવેલ છે. એવું જાણવું જોઈએ ॥ ૫ ॥ ૬ ॥

ધર્માદિ કા નિરૂપણ

હવે એજ ધર્મ અધર્મ આકાશ અને કાળને ક્ષેત્રથી કહે છે—" धम्माधम्मे " ઈત્યાદિ.

અન્વયાર્થ—धम्माधम्मे दोचेव लोगमित्ता वियाहिया–ધર્માધર્મૌ દ્વૌ એવ લોકમાત્રૌ વ્યાખ્યાતૌ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્ય લોકાકાશના પરિણામ કહેવામાં આવેલ છે. અર્થાત્–જે પ્રમાણે લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે. એજ પ્રમાણે આ બન્ને દ્રવ્યોના પ્રદેશ પણ અસંખ્યાત છે. તથા એ બન્ને દ્રવ્ય લોકાકાશને વ્યાપ્ત કરી એમાં રહેલાં છે. અથવા આ બન્ને દ્રવ્યોથી આકાશનો જેટલો પ્રદેશ વ્યાપ્ત થઇ રહેલ છે એજ લોકાકાશ છે. કદાચ એવુ માનવામાં ન આવે અને એવું કહેવામાં આવે કે, આ બન્ને દ્રવ્ય અલોકને પણ વ્યાપ્ત કરી રહેલ છે તો જીવ અને પુદ્ગલોના પ્રચારનો સદ્ભાવ ત્યાં પણ માનવો પડશે. તથા અલોકાકાશમાં લોકાકાશનો વ્યવહાર થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. પરંતુ આવી વાત છે જ નહીં. એથી એ માનવું ઉચિત છે કે, એ બે દ્રવ્ય ફક્ત લોકાકાશમાં જ વ્યાપ્ત છે. પરંતુ જે आगासं–આકાશં આકાશ દ્રવ્ય છે તે लोगालोगे–લોકાલોકે લોકમાં પણ છે, અને અલોકમાં પણ છે. કેમકે આકાશની વ્યાપકતા સઘળે સ્થળે માનવામાં આવેલ છે. समए समयखेत्तिए – समयः समयक्षेत्रम् સમય, અધ્ધાસમય, સમયક્ષેત્રમાં છે. અર્થાત્ અધ્ધા સમયની વૃત્તિ મનુષ્યલોકમાં જ છે. આગળ નથી. આવલિકા આદિની કલ્પનાનો સમય મૂલક હોવાથી આવલિકા આદિ પણ આજ ક્ષેત્રમાં છે. આનાથી બહારના ક્ષેત્રમાં નથી. ॥ ૭ ॥

કાલ સે ધર્માદિ કા નિરૂપણ

હવે આજ પદાર્થોને કાળથી કહે છે—" धम्माधम्मागासा " ઈત્યાદિ.

અન્વયાર્થ—धम्माधम्मागासा एए तिन्नि वि अणाइया अपज्जवसिया चेव–ધર્માધર્માકાશા એતે ત્રયોઽપિ અનાદિકાઃ અપર્યવસિતાશ્ચૈવ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્ય અનાદિ અને અનંત છે. सव्वद्धंतु वियाहिया–સર્વાદ્ધાંતુ વ્યાખ્યાતાઃ આ કારણે એને સર્વાધ્ધા કહેલ છે. અર્થાત્ એ સર્વકાળમાં વ્યાપ્ત મનાયેલ છે. એવો કોઈ પણ સમય ન હતો કે જ્યારે આ ત્રણે ન હતાં. તથા વર્તમાનમાં પણ એવો કોઈ સમય નથી જેમાં એ ન હોય. તથા વર્તમાનમાં પણ એવો કોઈ સમય નથી જેમાં એ ન હોય. તથા ભવિષ્યમાં પણ એવો કોઇ સમય આવવાનો નથી કે, જેમાં આ ત્રણ ન રહેતા હોય. કોઈ પણ સમયમાં આ પોતાના સ્વરૂપનો પરિત્યાગ કરતા નથી. આ કારણે જ એ નિત્ય છે ॥ ૮ ॥

અન્વયાર્થ—સમએવિ-સમયઃઅપિ સમયરૂપ કાળ પણ સંતઇં પપ્પ-સન્તતિં પ્રાપ્ય અપરાપરોત્પત્તિરૂપ સંતતિને આશ્રિત કરીને એવમેવ વિયાહિએ-એવમેવ વ્યાખ્યાતઃ અનાદિ અનંતરૂપથી કહેવાયેલ છે. તથા આએસં પપ્પ-આદેશં પ્રાપ્ય ઘડી પળ આદિરૂપ વિશેષની અપેક્ષા કરીને સાઇએ સપજ્જવસિએ વિયાહિએ -સાદિકઃ, સપર્યવસિકઃ વ્યાખ્યાતઃ આદિ અને અંત સહિત પણ કહેવાયેલ છે.

ભાવાર્થ—સમયરૂપ કાળ અપરાપરક્ષણોત્પત્તિના પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત કહેવામાં આવેલ છે. તથા વિશેષની અપેક્ષાથી સાદિસાન્ત કહેવામાં આવેલ છે. ॥ ૯ ॥

જેમ રૂપી દ્રવ્યનો વર્ણાદિક પર્યાય ભાવની અપેક્ષા જાણી શકાય છે.

द्रव्यकी अपेक्षा से रूपिद्रव्य का निरूपण

એજ પ્રમાણે ધર્માસ્તિકાયાદિક અરૂપી દ્રવ્યોનો પર્યાય ભાવની અપેક્ષાએ જાણી શકાતો નથી. આજ કારણે સૂત્રકારે એમની એ અપેક્ષાથી પ્રરૂપણા કરેલ નથી. હવે દ્રવ્યની અપેક્ષ એરૂપી દ્રવ્યોની પ્રરૂપણા કહે છે. " खंधाय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—રૂવિણોઃ-રૂપિણઃ રૂપી પુદ્ગલ ચઉવ્વિહા–ચતુર્વિધા ચાર પ્રકારના બોદ્ધવ્વા–બોદ્ધવ્યાઃ જાણવા જોઈએ. खंधा खंधदेसा य तहेव तप्पदेसा परमाणु य–स्कंधाः, स्कन्धदेशाश्च तथैव तत्प्रदेशाः परमाणुश्च સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ, પરસ્પર સમુદાયના રૂપમાં રહેલા પરમાણુના પિંડનું નામ સ્કંધ છે. જે રીતે સ્તંભ આદિ પદાર્થ. સ્કંધના જે બીજા આદિ ભાગ છે તે સ્કંધદેશ છે, તથા એજ સ્કંધોમાં મળેલ જે નિરંશભાગ પરમાણુ છે તે સ્કંધપ્રદેશ છે. परमाणु य-परमाणुश्च સ્કંધથી પૃથક્‌ભૂત જે નિરંશ પુદ્ગલ છે તે પરમાણુ છે.

ભાવાર્થ—અહીં સૂત્રકારે રૂપી પુદ્ગલ દ્રવ્યના ચાર ભેદ બતાવેલ છે. તે આ પ્રમાણે છે,–સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ, એ સઘળા રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ગુણવાળા હોય છે. આ કારણે એને રૂપી કહેવામાં આવેલ છે, અનેક પુદ્ગલ પરમાણુનો જે પિંડ છે. તે સ્કંધ છે. સ્કંધના ટુકડાનું નામ સ્કંધદેશ છે. તથા જે સ્કંધોમાં જે નિરંશ પરમાણુ છે તેજ એના પ્રદેશ છે. પરમાણુ એનાથી ભિન્ન નિરંશ શુદ્ધ પુદ્ગલ દ્રવ્ય છે એનાથી બીજા કોઈ પુદ્ગલ દ્રવ્ય હોતાં નથી. ॥ ૧૦ ॥

આ રૂપી દ્રવ્યના ચાર પ્રકાર ભેદની અપેક્ષાથી કહેવામાં આવેલ છે હવે સૂત્રકાર દેશ અને પ્રદેશોને સ્કંધમાં જ અંતર્ભૂત કરીને સ્કંધ અને

પરમાણુ એ બેજ ભેદરૂપી પુદ્ગલ દ્રવ્યનાં છે એવું કહે છે.–'एगत्तेण' ઈત્યાદિ।

અન્વયાર્થ–एगत्तेण खंधा पुहत्तेण परमाणु य–एकत्वेन स्कंधाः पृथक्त्वेन परमाणुः જ્યારે અનેક પુદ્ગલ પરમાણુ પરસ્પરમાં એક જ ભાવરૂપે જોડાઇ જાય છે ત્યારે એ સ્થિતિમાં તેની સ્કંધ સંજ્ઞા થઇ જાય છે, આ સ્કંધોમાં બે પુદ્ગલ પરમાણુઓથી લઈને સંખ્યાત અસંખ્યાત અને અનંત પરમાણુઓનો સંગ્રહ થાય છે. ફક્ત એક નિરંશ પુદ્ગલ જે સ્કંધથી જુદા રૂપમાં હોય છે તે પરમાણુ છે આ રીતે એ સ્કંધ અને પરમાણુની ઓળખાણ બતાવવામાં આવેલ છે. હવે કોઇ એવી આશંકા કરે કે, પરમાણુ કઈ રીતે ઉત્પન્ન થાય છે ? ત્યારે તેના ઉત્તરમાં આ ગાથાનો એવો અર્થ કરવો જોઈએ કે–બે બે પ્રદેશવાળો સ્કંધ તથા અસંખ્યાત પ્રદેશવાળો સ્કંધ, અને અનંત પ્રદેશવાળો સ્કંધ અથવા અનંતાનંત પ્રદેશવાળો સ્કંધ, ક્રમશઃ બે પુદ્ગલ પરમાણુઓના એકત્વ પરિણામરૂપ સંઘાતથી, સંખ્યાત પુદ્ગલ પરમાણુના

સંઘાતથી, અનંત પુદ્ગલ પરમાણુઓના સંઘાતથી તથા અનંતાનંત પુદ્ગલ પરમાણુઓના સંઘાતથી બને છે. બે પ્રદેશવાળા બે પુદ્ગલ પરમાણુઓના સંબંધથી બે પ્રદેશવાળા પુદ્ગલ સ્કંધ ઉત્પન્ન થાય છે. ત્રણ પ્રદેશવાળા ત્રણ પુદ્ગલ પરમાણુના સંબંધથી ત્રણ પ્રદેશવાળા સ્કંધ ઉત્પન્ન થાય છે. આજ પ્રમાણે સંખ્યાત અસંખ્યાત અને અનંતાનંત પ્રદેશવાળા સ્કંધ પણ એટલા પુદ્ગલ પરમાણુઓના સંઘાતથી ઉત્પન્ન થાય છે. આજ પ્રમાણે કોઈ બૃહત્સ્કંધ હોય તો એનો ભેદ કરવાથી પણ બે પ્રદેશ, ત્રણ પ્રદેશ, ચાર પ્રદેશવાળા સ્કંધ ઉત્પન્ન થઈ જાય છે, આજ પ્રમાણે બીજા પણ સ્કંધોની ઉત્પત્તિ જાણવી જોઈએ. બે પ્રદેશવાળા પુદ્ગલ પરમાણુઓના સંઘાતથી ઉત્પન્ન થયેલા સ્કંધથી લઈને અનંતાનંત પ્રદેશવાળા સ્કંધના પરમાણુઓના સંઘાતથી જે સ્કંધ ઉત્પન્ન થાય છે. એના પર્યન્તવર્તી સ્કંધથી જ્યારે એક પરમાણુ અલગ થઇ જાય છે, તો એ સમયે ઉત્પન્ન થયેલ તે સ્કંધ એ બેક પરમાણુ ન્યૂન સ્કંધ કહેવાય છે. આજ પ્રમાણે બે, ત્રણ, આદિ પરમાણુઓના ભેદ ક્રમથી આગળ આગળ એટલા એટલા પરમાણુઓથી ન્યૂન સ્કંધ ઉત્પન્ન થઇ જાય છે. આ પ્રમાણે થતાં થતાં બે પ્રદેશવાળા પુદ્ગલ પરમાણુઓ સુધીનો સ્કંધ ઉત્પન્ન થઇ જાય છે. આજ પ્રમાણે કેટલાક પરમાણુઓના સંમિલિત થવા અને એજ સમયે એમાંથી કેટલાક પરમાણુઓનું વિઘટન થવાથી સ્કંધ ઉત્પન્ન થાય છે. તાત્પર્ય–આનું એ છે કે, સ્કંધની ઉત્પત્તિમાં ત્રણ પ્રકાર છે. કોઇ સ્કંધ સંઘાત–એકત્વ પરિણતીથી ઉત્પન્ન થાય છે. ।૧। કોઈ ભેદથી બને છે ।૨। અને કોઇ એક સાથે ભેદ અને સંઘાત બન્ને નિમિત્તોથી બને છે જ્યારે અલગ અલગ સ્થિતિ બે પરમાણુઓના સંઘાતથી બે પ્રદેશવાળો સ્કંધ થાય છે ત્યારે તે સંઘાતજન્ય સ્કંધ કહેવાય છે. આજ પ્રમાણે ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, યાવત્ સંખ્યાત અસંખ્યાત અનંત–અનંત પરમાણુઓના મળવાથી ક્રમશઃ ત્રણ પ્રદેશવાળા, ચાર પ્રદેશવાળા, પાંચ પ્રદેશવાળા, છ પ્રદેશવાળા, સાત પ્રદેશવાળા, આઠ પ્રદેશવાળા, નવ પ્રદેશવાળા, દસ પ્રદેશવાળા યાવત્ સંખ્યાત પ્રદેશવાળા, અસંખ્યાત પ્રદેશવાળા અને અનંતા-અનંત પ્રદેશવાળા સ્કંધ બની જાય છે. આ સંઘાતજન્ય છે તથા કોઇ મોટા

સ્કંધના તૂટવાથી જે એના ટુકડા થઈ જાય છે તે ભેદજન્ય સ્કંધ છે. આજ પ્રમાણે જ્યારે કોઇ એક સ્કંધના તૂટવાથી તેના અવયવની સાથે એજ વખતે બીજું કોઈ દ્રવ્ય મળી જવાથી નવો સ્કંધ બને છે ત્યારે તે ભેદસંઘાતજન્ય કહેવાય છે, ભેદજન્યસ્કંધ તથા ભેદસંઘાતજન્ય સ્કંધ બે પ્રદેશથી લઇને યાવત્ અનંતાઅનંત પ્રદેશ સુધી થઇ શકે છે. તથા પરમાણુ ભેદથી જ ઉત્પન્ન થાય છે. અર્થાત્ એકત્વ ઉપલક્ષિત પૃથક્ત્વથી જ પરમાણુ ઉત્પન્ન થાય છે. આથી એ વાત જાણવી જોઈએ કે, જ્યારે ભેદથો જ પરમાણુ ઉત્પન્ન થાય છે તો તે સંઘાત તથા સંઘાત ભેદથી ઉત્પન્ન થતા નથી. **संघात भेदेभ्य उत्पद्यन्ते** " " **भेदादणुः** " (તત્વાર્થ સૂત્ર અધ્ય. ૫ સૂત્ર ૨૬–૨૭) આ સૂત્રો દ્વારા આજ પૂર્વોક્તવાતનું સમર્થન કરવામાં આવેલ છે. ॥ ૧૦ ॥

क्षेत्रकी अपेक्षा से स्कंध एवं परमाणु का निरूपण

હવે સ્કંધ અને પરમાણુનું કથન ક્ષેત્રની અપેક્ષાથી કરે છે.

" **लोएगदेसे** " ઇત્યાદિ !

અન્વયાર્થ—તે–તે તે સ્કંધ અને પરમાણુ **खेत्तओ–क्षेत्रतः** ક્ષેત્રની અપેક્ષા **लोएगदेसे लोए य भइयव्वा–लोकैकदेशे लोके च भक्तव्याः** લોકના એક દેશમાં તથા લોકોમાં ભજનીય છે. અહીં જે ભજના બતાવવામાં આવેલ છે તે સ્કંધની જાણવી જોઈએ પરમાણુની નહીં કેમકે, એ તો નિરંશ છે એથી એક પ્રદેશાત્મક આકાશમાં જ એ રહે છે, પુદ્ગલ દ્રવ્ય ધર્મ અધર્મ દ્રવ્યની માફક એક વ્યક્તિ માત્ર તો છે જ નહીં જેથી તેનો એક પ્રદેશરૂપ આધાર ક્ષેત્ર હોવાની સંભાવના કરી શકાય. જુદી જુદી વ્યક્તિ હોવા છતાં પણ પુદ્ગલોના

પરિણામમાં વિવિધતા છે એકરૂપતા નથી. આથી જ અહીં એના આધારનું અનેક રૂપથી ભજના અથવા વિકલ્પથી બતાવવામાં આવેલ છે. એથી આ પરિણતીની વિચિત્રતાથી બહુતર પ્રદેશોપચિત પણ સ્કંધ કેટલાક તો એવા હોય છે જે લોકાકાશના એક પ્રદેશમા રોકાય છે અને કેટલાક એવા હોય છે કે જે બે પ્રદેશોમાં રોકાય છે આજ પ્રમાણે કેટલાક પુદ્ગલ સ્કંધ એવા હોય છે કે, તે સંખ્યાત પ્રદેશ પરિમિત લોકાકાશમાં તથા અસંખ્યાત પ્રદેશ પરિમિત લોકાકાશમાં અથવા તો સકળ લોકાકાશમાં પણ રોકાય છે. સારાંશ આનો એ છે કે, આધારભૂત ક્ષેત્રના પ્રદેશોની સંખ્યા આધેયભૂત પુદ્ગલ પરમાણુઓની સંખ્યાથી ઓછી અથવા એની બરોબર હોય છે. વધારે નહીં. એટલે કે, એક પરમાણું એક જ આકાશ પ્રદેશમાં સ્થિત રહે છે. પરદ્વયણુક એક આકાશના પ્રદેશમાં રોકાઇ શકે છે, અને બે પ્રદેશમાં પણ રહી શકે છે. આજ પ્રમાણે ઉત્તરોત્તર સંખ્યામાં વધારો થતાં થતાં ત્રણ, ચાર એમ વધારો થતો રહે છે. સંખ્યાતાણુક સ્કંધ એક પ્રદેશ, બે પ્રદેશ, ત્રણ પ્રદેશ, આ રીતે સંખ્યાત પ્રદેશ ક્ષેત્રમાં રહી શકે છે. સંખ્યાબંધ સ્કંધના રહેવા માટે અસંખ્યાત પ્રદેશવાળા ક્ષેત્રની જરૂર પડતી નથી. અસંખ્યાતાણુક સ્કંધ એક પ્રદેશથી લઇને વધુમાં વધુ પોતાની બરોબરની અસંખ્યાત સંખ્યાવાળા આકાશ પ્રદેશમાં રહી શકે છે. આ પ્રમાણે અનન્તાણુક અને અનંન્તા અનંત સ્કંધ પણ એક પ્રદેશ, બે પ્રદેશ ઇત્યાદિ ક્રમથી વધતાં વધતાં સંખ્યાત પ્રદેશ અસંખ્યાત પ્રદેશવાળા ક્ષેત્રમાં રહી શકે છે, એને રહેવા માટે અનંત પ્રદેશાત્મક ક્ષેત્રની આવશ્યકતા રહેતી નથી. જેમ પુદ્ગલ દ્રવ્યનો સહુથી મોટો સ્કંધ જેને અચિત મહાસ્કંધ કહેવામાં આવે છે અને જે અનંતા અનંત અણુઓથી બનેલ હોય છે. અસંખ્યાત પ્રદેશવાળા આ લોકાકાશમાં સમાઈ જાય છે।૧૧।

અન્વયાર્થ—ઇતો–અતઃ પરમ્ આ ક્ષેત્ર પ્રરૂપણાની પછી હવે હું તેસિં–તેષામ્ એ સ્કંધ આદિકોના चउव्विहं कालविभागं वुच्छं–चतुर्विधं कालविभागं वक्ष्ये આદિ અનાદિ સપર્યવસિત, અપર્યવસિતના ભેદથી ચાર પ્રકારના કાળવિભાગને કહું છું. આ બારમી ગાથા બે પદવાળી છે. ॥ ૧૨ ॥

કાલ કે વિભાગ ઔર કાલદ્વાર કો આશ્રિત કરકે અજીવોં કી સ્થિતિ કા નિરૂપણ

હવે કાળના વિભાગને કહે છે.—" संतइं " ઈત્યાદિ ।

અન્વયાર્થ—તે–તે એ સ્કંધ અને પરમાણુ ઉત્તરોત્તર ઉત્પત્તિના પ્રવાહ સ્વરૂપ સંતતિની અપેક્ષાના કારણે અણાઈ વિ ય અપજ્જવસિયા–અનાદયઃ અપિ ચ અપર્યવસિતાઃ અનાદિ અને અનંત છે, આદિ અંતરહિત છે. વિ ય–અપિ ચ તથા ઠિઇં પડુચ્ચ સાઇયા સપજ્જવસિયા–સ્થિતિં પ્રતીત્ય સાદિકાઃ સપર્યવસિકાઃ પ્રતિનિયત ક્ષેત્રાવસ્થાનરૂપ સ્થિતિની અપેક્ષાના કારણ એ બન્ને આદિ સહિત અને અન્ત સહિત છે. ॥ ૧૩ ॥

આદિ અને સપર્યવસિતમાં આની કેટલા કાળની સ્થિતિ હોય છે તે કહે છે—" असंख " ઈત્યાદિ ।

અન્વયાર્થ—રૂવિણ–રૂપિણામ્ રૂપી અજીવાણ–અજીવાનામ્ અજીવ દ્રવ્યોની અર્થાત્ પુદ્ગલોની અસંખકાલં ઉક્કોસં–અસંખ્યકાલં ઉત્કૃષ્ટા અસંખ્યકાળની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તથા જહન્નિયા–જઘન્યકા જઘન્ય સ્થિતિ એક્કં સમયં–એકં સમયમ્ એક સમય માત્રની છે. એસા વિયાહિયા–એષા વ્યાખ્યાતા આ પ્રકારની એની આ સ્થિતિ તિર્થંકરાદિ દેવોએ કહી છે. તાત્પર્ય આનું એ છે કે, સ્કંધ અને પરમાણુ અધિકથી અધિક એક ક્ષેત્રમાં અસંખ્યાત કાળ સુધી ઓછામાં ઓછા એક સમય સુધી અવસ્થિત રહે છે. પછી બાદમાં જરૂરથી ક્ષેત્રાન્તરમાં ચાલ્યા જાય છે. ॥ ૧૪ ॥

આ કાળદ્વારને લઈને સ્થિતિ કહેવામાં આવેલ છે હવે એના અંતર્ગત અંતરને કહે છે—" अणंतकालं " ઈત્યાદિ ।

અન્વયાર્થ—રૂવિણં અજીવાણ–રૂપિણાં અજીવાનાં રૂપી અજીવ દ્રવ્ય પુદ્ગલોનું ઉક્કોસં–ઉત્કૃષ્ટમ્ ઉત્કૃષ્ટ અણંતકાલં–અનંતકાલમ્ અનંતકાળ જહન્નયં–જઘન્યકમ્ તથા જઘન્ય એક્કં સમયં–એકં સમયમ્ એક સમય પ્રમાણ ઇયં અંતરં વિયાહિયં–એતત્ અન્તરમ્ વ્યાખ્યાતમ્ અન્તર–વિરહકાળ કહેવાયેલ છે. વિવક્ષિત ક્ષેત્રથી પ્રચ્યુત બનીને ફરીથી એજ વિવક્ષિત ક્ષેત્રમાં પહોંચવાની વચમાં જેટલા સમયનું વ્યવધાન પડે તે અંતર છે. એ અન્તર પરમાણુ અને સ્કંધોનું ઉત્કૃષ્ટ અનંત કાળ તથા જઘન્ય એક સમય માત્ર છે. એમનું આ અંતર સમય આવલિકા આદિથી લઈને સંખ્યાત અસંખ્યાત કાળનું તથા પલ્યોપમ સાગરોપમ આદિ યાવત્ અનંતકાળનું પડે છે. ॥ ૧૫ ॥

ભાવદ્વારકો આશ્રિત કરકે સ્કંધપરમાણુ કા નિરૂપણ

હવે ભાવથી પરમાણુને અને સ્કંધોનું સ્વરૂપ કહે છે—

" वण्णओ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—તેસિં–तेषाम् આ રૂપી દ્રવ્યોના પુદ્ગલોનું પરિણામ વર્ણ આદિમાં પરિવર્તનપણું वण्णओ गंधओ रससो फासओ संठाणओ पंचहा विन्नेओ–वर्णतः गन्धतः रसतः स्पर्शतः संस्थानतः पंचधा विज्ञेयः વર્ણની અપેક્ષા, ગંધની અપેક્ષા, રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા, તથા આકારની અપેક્ષા, પાંચ પ્રકારનું કહેવામાં આવેલ છે. ॥ ૧૬ ॥

વર્ણ ગંધ આદિ પ્રત્યેક કે ઉત્તર ભેદ કા નિરૂપણ

હવે વર્ણ ગંધ આદિ પ્રત્યેકના ઉત્તરભેદ કહેતાં પ્રથમ વર્ણના ભેદને કહે છે—" वण्णओ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે સ્કંધ આદિ પુદ્ગલ वण्णओ परिणया–वर्णतः परिणताः વર્ણ પરિણામવાળા છે તે–તે તે पंचहा पाकत्तियो–पंचधा प्रकीर्तिताः પાંચ પ્રકારનાં કહેવામાં આવેલ છે. તે પાંચ પ્રકાર આ છે–किण्हा नीला लोहिया हलिद्दा तहा सुक्किला–कृष्णाः नीलाः लोहिताः हरिद्राः तथा शुक्लाः કૃષ્ણ, નીલ. લોહિત, પીત તથા શુકલ.

ભાવાર્થ—તે સ્કંધાદિ પુદ્ગલ વર્ણની અપેક્ષા પાંચ વર્ણવાળા હોય છે. કેટલાક કાજળના જેવા કાળા વર્ણવાળા હોય છે. કેટલાક મોરની ડોક જેવા નીલવર્ણવાળા, હોય છે. કેટલાક હિંગળા આદિના જેવા લાલ રંગના હોય છે, કેટલાક હળદર આદિની માફક પીળા રંગના હોય છે, તથા કેટલાક શંખ આદિની માફક સફેદ રંગવાળા હોય છે. ॥ ૧૭ ॥

ગંધ સે પરમાણુ કા નિરૂપણ

હવે ગંધને લઈને ભેદ કહે છે—" गंधओ " ઈત્યાદિ.

અન્વયાર્થ—જે–યે જે પુદ્ગલ સ્કંધ આદિ ગંધઓ પરિણયા–गंधतः परिणताः ગંધ ગુણથી પરિણત હોય છે. તે દુવિહા વિયાહિયા–તે द्विविधाः व्याख्याताः તે બે પ્રકારના કહેવામાં આવેલ છે, सुब्भिगंधपरिणामा तहेव य दुब्भिगंधा–सुरभिगंधपरिणामा तथैव दुरभिगंधाः એક સુગંધિત ગંધના પરિણામવાળા અને બીજા દુર્ગંધના પરિણામવાળા અર્થાત્ ચંદન આદિની માફક કેટલાક સુગંધિત પરિણામવાળા હોય છે અને કેટલાક લસણ આદિની માફક દુર્ગંધ પરિણામવાળા હોય છે. ॥૧૮॥

હવે રસને આશ્રય કરીને કહે છે—" रसओ " ઈત્યાદિ.

અન્વયાર્થ—જે उ–येतु જે પુદ્ગલ સ્કંધાદિ રસઓ પરિણયા–रसतः परिणताः રસગુણથી પરિણત હોય છે તે पंचहा परिणया–તે पंचधा परिणताः તે પાંચ પ્રકારના કહેવાયેલ છે.જેમ तित्त–कडु–कसाया अंबिला महुरा तहा–तिक्त कटुककषायाः अम्लाः मधुरास्तथा તીખા, કડવા, તુરા, ખાટા અને મધુર.

ભાવાર્થ—જે પુદ્ગલ સ્કંધ આદિ રસગુણ પરિણામ વાળા હોય છે. તે પાંચ પ્રકારના રસવાળા કહેવામાં આવેલ છે, કેટલાક પુદ્ગલ સ્કંધોનો રસ, મરચાં વગેરેની માફક તીખો ચટપટો હોય છે, કેટલાકોનો રસ લીંબડાની જેમ કડવો હોય છે, કેટલાકનો આંબળા વગેરેની માફક તુરો હોય છે, કેટલાકનો આંબલી વગેરેની માફક ખાટો હોય છે, તથા કેટલાકનો સાકર આદિની માફક મીઠો રસ હોય છે.॥૧૯॥

સ્પર્શકો આશ્રિત કરકે ઔર પરમાણુ કા નિરૂપણ

હવે સ્પર્શને આશ્રય કરીને કહે છે.—" फासओ " ઈત્યાદિ !

અન્વયાર્થ—જે उ–યે તુ જે પુદ્ગલ સ્કંધ આદિ फासओ परिणया–स्पर्शतः परिणताः સ્પર્શ ગુણથી પરિણત થયેલ હોય છે તે–તે તે पोद्गलिक स्कंध अट्ठहा पकित्तिया–अष्टधा प्रकीर्तिताः આઠ પ્રકારના કહેવામાં આવેલ છે જેમ–कक्कडा मउवा गरुया लहुया तहा सीया उण्हाय लुक्खा आहिया–कर्कशाः मृदवः गुरवः लघवः तथा शीताः उष्णाः रूक्षाः आख्याताः કર્કશ સ્પર્શવાળા, મૃદુસ્પર્શવાળા, ગુરૂસ્પર્શવાળા, લઘુસ્પર્શવાળા, ઠંડાસ્પર્શવાળા, રૂક્ષસ્પર્શવાળા, इय–इति આ પ્રમાણે ए ए–एते એ पुग्गला–पुद्गलाः પુદ્ગલ फासपरिणया समुदाहिया–स्पर्शपरिणताः समुदाहृताः સ્પર્શગુણ પરિણત થયેલ બતાવવામાં આવેલ છે.

ભાવાર્થ—સ્પર્શ આઠ પ્રકારનો હોય છે. અને આ સ્પર્શગુણ પૌદ્ગલિક સ્કંધ આદિકોમાં જ જોઈ શકાય છે. અરૂપી પદાર્થોમાં નહીં. રૂપ, રસ,

ગંધ અને સ્પર્શવાળા પુદ્ગલ જ છે. આ કારણે તેને રૂપી કહેવામાં આવેલ છે. તે આ પ્રમાણે આઠ પ્રકારના છે.–કર્કશ, મૃદુ, ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, અને રૂક્ષ, પત્થર આદિની માફક કેટલાક પુદ્ગલ સ્કંધ કર્કશ હોય છે. આથી તેને કર્કશ ગુણવાળા માનવામાં આવેલ છે. કેટલાક શીરીષ પુષ્પાદિકની માફક મૃદુ સ્પર્શવાળા હોય છે, કેટલાક હિરા આદિની માફક ગુરૂ સ્પર્શવાળા હોય છે, કેટલાક અર્કતુલાદિક (આકડાનું રૂ)ની માફક લઘુ સ્પર્શવાળા હોય છે, કેટલાક પાણી આદિની માફક ઠંડા સ્પર્શવાળા હોય છે, કેટલાક અગ્નિ આદિની માફક ઉષ્ણ સ્પર્શવાળા હોય છે, કેટલાક ઘી આદિની માફક સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે. તથા કેટલાક ભસ્મ, ખાખ આદિની માફક રૂક્ષ સ્વભાવવાળા હોય છે. પુદ્ગલનો સ્વભાવ જ પુરણ ગલન થવાનો જ છે. આ કારણે જ તેને પુદ્ગલ કહેવામાં આવેલ છે. પુદ્ગલ સ્કંધ આદિમાં જ્યાં એક ગુણ હશે, ત્યાં બીજા ગુણો પણ હશે. એવું નથી કે, કયાંક એકલો સ્પર્શગુણ હોય, અને કયાંક એકલો રૂપાદિગુણ હોય આ ચારે અવિનાભાવી છે. ॥૨૦॥૨૧॥

संस्थान को लेकर स्कंध परमाणु का निरूपण

હવે સંસ્થાનને લઈને કહે છે—"संठाणओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ઉ–યે તુ જે પુદ્ગલ સ્કંધ આદિ સંઠાણઓ પરિણયા–સંસ્થાનતઃ પરિણતાઃ સંસ્થાનરૂપ આકારથી પરિણત થાય છે, તે–તે તે પંચહા પકિત્તિયા–પંચધા પ્રકીર્તિતાઃ પાંચ પ્રકારનાં કહેવામાં આવેલ છે પરિમંડલા વટ્ટા તંસા ચઉરંસ આયયા–પરિમણ્ડલાઃ વૃત્તાઃ ત્રસાઃ ચતુરસ્રાઃ આયતાઃ પરિમંડળ આકારવાળાં, વૃત્ત આકારવાળાં, ત્રયસ્ર આકારવાળાં, ચતુરસ્ર આકારવાળા, અને આયત આકારવાળા, જે આકારમાં વચમાં છેદ હોય તથા જે ગોળ હોય તે વલયની માફક પરિમંડળ આકારવાળા જાણવા જોઈએ, જે ઝાલરની માફક વચમાં સંપૂર્ણ હોય તે વૃત્ત આકારવાળા જાણવા જોઈએ. જે શીંગોડાના ફળની જેવા ત્રણ

ખુણાવાળા હોય છે તે ત્र્યસ્ર આકારવાળા જાણવા જોઈએ. જે પીઠ આદિની માફક ચાર ખુણાવાળા હોય છે તે ચતુરસ્ર આકારવાળા જાણવા જોઈએ. ઉપરાંત દાંડીની જેવા લાંબા આકારવાળા હોય છે તે આયત સંસ્થાનવાળા જાણવા જોઈએ. ॥૨૨॥

હવે આ વર્ણાદિકોના સંયોગને કહે છે—"वण्णओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ આદિ પુદ્ગલ વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા કિણ્હે ભવે–કૃષ્ણઃ ભવેત્ કાળા હોય છે સે–સઃ તે ગંધઓ–ગંધતઃ ગંધની અપેક્ષાથી ભઇએ–ભાજ્યઃ ભાજ્ય હોય છે. અર્થાત્ જે વર્ણની અપેક્ષા કાળા હોય છે. તે સુગંધિત હોઇ શકે છે અને દુર્ગંધિત પણ હોઇ શકે છે. એવો કોઇ નિયમ નથી કે આવા વર્ણવાળાની નિશ્ચિત થયેલજ ગંધ હોય. આ જ પ્રમાણે રસઓ ફાસઓ ચેવ વિય સંઠાણઓ ભઇએ–रसतः स्पर्शतः अपि च संस्थानतश्च भाज्यः રસ, સ્પર્શ, અને સંસ્થાનની અપેક્ષાથી પણ આમને ભાજ્ય કરી લેવા જોઈએ. અર્થાત–કાળા હોવા છતાં પણ પૌદ્ગલિક સ્કંધ નિયમિત રસવાળા, નિયમિત સ્પર્શવાળા અને નિયમિત સંસ્થાનવાળા હોતા નથી. બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ સંસ્થાન આ બધા મળીને વીસ થાય છે. આ પ્રમાણે એક કાળા રંગના પૌદ્ગલિક સ્કંધ વીસ ભંગ વાળા થઈ જાય છે. આ રીતે પાંચે વર્ણના વીસ વીસ ભંગોને પ્રાપ્ત કરવાના કારણે વર્ણોના સો ભંગ થઈ જાય છે. આ વાતને સૂત્રકાર આગળ કહેશે. ॥૨૩॥

નિલાદિ વર્ણો કે ભંગ કા નિરૂપણ

હવે ચાર ગાથાઓથી નીલાદિ વર્ણોના ભંગોને કહે છે—"वण्णओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે વણ્ણઓ નીલે ભવે–યો વર્ણતઃ નીલઃ ભવતિ જે વર્ણની અપેક્ષા

નીલ રંગના હોય છે સે–સઃ તે ગંધઓ–ગંધતઃ ગંધની અપેક્ષાથી ભઇએ–ભાજ્યઃ ભાજ્ય હોય છે. આ પ્રમાણે તે રસઓ ફાસઓ સંઠાણઓ ભઇએ ભવે–રસતઃ સ્પર્શતઃ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ભવતિ રસની અપેક્ષા સ્પર્શની અપેક્ષા અને સંસ્થાનની અપેક્ષા પણ ભાજ્ય જાણવા જોઈએ. અર્થાત્ એવો કોઇ નિયમ નથી કે, જે પૌદ્ગલિક સ્કંધ નીલ રંગવાળો હોય તે નિયમતઃ નિયમિત ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન યુક્ત હોય આથી આ વર્ણની સાથે પણ ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન ભાજ્ય–વિકલ્પ્ય બતાવાયેલ છે, આ પ્રમાણે આ વર્ણ પણ વીસ ભંગોને પ્રાપ્ત કરે છે. ॥૨૪॥

અન્વયાર્થ—જે–યઃ જે પૌદ્ગલિક સ્કંધ વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા લોહિએ–લોહિતઃ લોહિત–લાલ હોય છે સે–સઃ તે ગંધઓ–ગંધતઃ ગંધની અપેક્ષા ભઇએ–ભાજ્યઃ ભાજ્ય હોય છે, આ રીતે તે રસઓ ફાસઓ સંઠાણઓ ભઇએ–રસતઃ સ્પર્શતઃ સંસ્થાનતઃ ભાજ્યઃ રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા પણ ભાજ્ય જાણવા જોઈએ. અર્થાત્ એવો નિયમ હોઈ શકે નહીં કે, જે પૌદ્ગલિક સ્કંધ આદિ વર્ણની અપેક્ષા લોહિત–લાલ જ હશે તે નિયમિત ગંધ, રસ, સ્પર્શ અને આકારવાળા જ હશે. આ પ્રમાણે બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ સંસ્થાન આ સઘળા મળીને વીસ થઈ જાય છે, આ કારણે એ લાલ રંગના પણ પ્રથમની માફક વીસ થઇ જાય છે. ॥ ૨૫ ॥

અન્વયાર્થ—વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા જે–યઃ જે પીયએ–પીતકઃ પીળું હોય છે, સે–સઃ તે ગંધઓ ભઇએ–ગંધતઃ ભાજ્યઃ ગંધની અપેક્ષા ભાજ્ય કહેવાયેલ છે. આજ પ્રમાણે રસઓ ફાસઓ ચેવ સંઠાણઓ ય ભઇએ–રસતઃ સ્પર્શતઃ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા, તથા સંસ્થાનની અપેક્ષા પણ ભાજ્ય સમજવા જોઇએ. આનાં પણ વીસ ભંગ થઇ જાય છે. ॥ ૨૬ ॥

અન્વયાર્થ—વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા જે સુકિલ્લે–યઃ શુક્લઃ જે શુકલ પુદ્ગલ સ્કંધ છે. સે–સઃ તે ગંધઓ–ગંધતઃ ગંધ ગુણની અપેક્ષા ભઇએ ભાજ્યઃ ભજનીય છે. આજ રીતે રસઓ ફાસઓ વિય ભઇએ–રસતઃ સ્પર્શતઃ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા તથા સંસ્થાનની અપેક્ષા પણ શુકલ પૌદ્ગલિક સ્કંધ આદિ પણ ભજનીય જાણવા જોઇએ.

ભાવાર્થ—આનો ભાવ પહેલાંની માફક જ જાણવો જોઇએ. આ શુકલના પણ વીસ ભંગ થાય છે. આ પ્રમાણે કૃષ્ણ આદિ પાંચેય વર્ણના વીસવીસ ભંગ હોવાથી બધા મળીને સો ભંગ થઈ જાય છે. ॥ ૨૭ ॥

આ પ્રમાણે અહીં સુધી વર્ણગુણથી પરિણત સ્કંધ આદિના ભંગ કહેલ છે હવે ગંધ ગુણથી પરિણત સ્કંધ આદિના ભંગને કહે છે—

"गंधओ जे भवे सुब्भी" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે ઉ-યસ્તુ જે સ્કંધ આદિ ગંધઓ-ગંધતઃ ગંધગુણની અપેક્ષા સુબ્ભી-સુરભિઃ સુરભી હોય છે, ઘ્રાણ ઇન્દ્રિયની પ્રસન્નતા કરવાવાળા હોય છે. સેઉ વણ્ણઓ રસઓ ફાસઓ વિ ય સંઠાણઓ ભઇએ-સ તુ વર્ણતઃ રસતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ તે વર્ણની અપેક્ષા; રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા તથા સંસ્થાનની અપેક્ષા ભજનીય બતાવવામાં આવેલ છે.

ભાવાર્થ—જે સ્કંધ આદિ ગંધ ગુણ પરિણત હોય છે એ અન્યતર કૃષ્ણ આદિ વર્ણવાળા હોય છે. નિયમિત એક વર્ણવાળા હોતા નથી. આજ પ્રમાણે રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષા પણ જાણવું જોઈએ. અહીં પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ તથા પાંચ સંસ્થાન આ સઘળા મળીને તેવીસ ભંગ થઈ જાય છે, એ સુરભી ગંધના જાણવા જોઇએ. ॥ ૨૮ ॥

હવે દુરભીગંધના પણ તેવીસ ભંગ સૂત્રકાર બતાવે છે—

"गंधओ जे भवे दुब्भी" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે-યઃ જે પુદ્ગલ સ્કંધ આદિ દુબ્ભી ભવે-દુરભિઃ ભવેત્ દુર્ગંધ ગુણથી પરિણત હોય છે, સે-સઃ તે પુદ્ગલ સ્કંધાદિ વણ્ણઓ ભઇએ-વર્ણતઃ ભાજ્યઃ વર્ણની અપેક્ષા ભજનીય જાણવા જોઇએ, આજ રીતે રસઓ ફાસઓ વિય સંઠાણઓ ભવે-રસતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ રસ, સ્પર્શ તથા સંસ્થાનની અપેક્ષા ભાજ્ય સમજવા.

ભાવાર્થ—આના પણ તેવીસ ભંગ છે. આ પ્રમાણે બંને ગંધોના છેતાલીસ ભંગ થઈ જાય છે. ॥ ૨૯ ॥

રસના ભંગોને સમજવા માટે પ્રથમ તીખા રસના ભંગોને સૂત્રકાર બતાવે છે—" रसओ तित्तए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ આદિ રસઓ–રસતઃ રસ પરિણામની એપેક્ષા તિત્તએ–તિક્તઃ તીખા હોય છે. વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા ભઇએ–ભાજ્યઃ ભજનીય હોય છે. ગંધઓ ફાસઓ ચેવ વિય સંઠાણઓ ભઇએ–ગન્ધતઃ સ્પર્શતશ્ચૈવ અપિ ચ સંસ્થાનતઃ ભાજ્યઃ આ રીતે એ તીખા રસથી પરિણત બનેલ સ્કંધ આદિ ગંધની અપેક્ષાએ, સ્પર્શની અપેક્ષાએ તથા સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય જાણવા જોઈએ. અહીંયા પણ ઉપરની રીતિના અનુસાર તીખા રસના વીસ ભંગ થઈ જાય છે. ॥ ૩૦ ॥

કડવા રસોના ભંગોને સૂત્રકાર બતાવે છે—" रसओ कडुए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે–યે જે સ્કંધ આદિ રસઓ–રસતઃ રસ પરિણામની અપેક્ષાએ કડુએ–કટુકઃ કડવા રસવાળો હોય છે સે ઉ–સ તુ એ વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષાએ ભઇએ–ભાજ્યઃ ભાજ્ય હોય છે. એનામાં નિયમિત વર્ણ હોય એવો કોઇ નિયમ નથી. પરંતુ કોઇને કોઈ વર્ણ હોય એવો નિયમ બની શકે છે. આજ પ્રમાણે ગંધઓ ફાસઓ વિ¸ય સંઠાણઓ ભઇએ–ગન્ધતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતશ્ચ ભવતિ ગંધની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા તથા સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય હોય છે. કોઈ ને કોઈ ગંધ, કોઇ ને કોઈ સ્પર્શ તથા સંસ્થાનમાંથી કોઈ એક સંસ્થાન જ એનામાં હોય છે. નિયમિત ગંધ, નિયમિત સ્પર્શ અને નિયમિત સંસ્થાન એનામાં હોતા નથી. આ કારણે એ બધા ભાજ્ય કહેવાયેલ છે. આ પ્રમાણે કડવા રસથી પરિણત પુદ્ગલ સ્કંધ આદિના પણ વીસ ભંગ હોય છે. ॥ ૩૧ ॥

હવે કષાય રસના ભંગોને સૂત્રકાર બતાવે છે–"रसओ कसाए" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ આદિ રસઓ–રસતઃ રસની અપેક્ષાએ કસાए–કષાયઃ કષાય રસવાળા હોય છે. સે ઉ–સ તુ તે વણ્ણઓ ભइए––વર્ણતઃ ભાજ્યઃ વર્ણની અપેક્ષાએ ભાજ્ય હોય છે. એજ પ્રમાણે ગંધઓ ફાસઓ વિ ય સંઠાણઓ ભइए–ગંધતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ગંધ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય જાણવા જોઈએ. અર્થાત્ જે સ્કંધની અપેક્ષા કષાય રસવાળા હોય છે. તે નિયમિત વર્ણવાળા, નિયમિત ગંધવાળા, તથા નિયમિત સ્પર્શ અને સંસ્થાનવાળા હોય જ એવું નથી એ એનાથી ભાજ્ય જ હોય છે, આથી પાંચ વર્ણોમાંથી કોઈ એક વર્ણ, બે ગંધમાંથી કોઈ એક ગંધ, આઠ સ્પર્શમાંથી કોઈ એક સ્પર્શવાળા હોવાના. આજ રીતે સંસ્થાનમાંથી કોઈ એક સંસ્થાન વાળા હોવાના આ પ્રમાણે આ કષાય રસના પણ વીસ ભંગ હોય છે. ॥૩૨॥

હવે અમ્લ (ખાટા) રસના ભંગને કહે છે–" रसओ अंबिले " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે પૌદ્ગવિક સ્કંધ આદિ રસઓ–રસતઃ રસપરિણત હોવાના કારણે અંબિલે–અમ્લઃ અમ્લ–ખાટા રસવાળા હોય છે. સે–સઃ તે વણ્ણઓ ભइए–વર્ણતઃ ભાજ્યઃ વર્ણની અપેક્ષાએ ભાજ્ય હોય છે. આ પ્રમાણે ગંધઓ ફાસઓ વિ ય સંઠાણઓ ભइए–ગંધતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ગંધ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય જાણવા જોઈએ. આ આમ્લ રસના પણ વીસ ભંગ હોય છે. ॥ ૩૩ ॥

સ્પર્ષ ભંગ કા નિરૂપણ

હવે મધુર રસના ભંગને કહે છે—" रसओ महुरए " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ આદિ રસઓ–રસતઃ રસ પરિણામથી મહુરए–મધુરઃ મધુર રસવાળા હોય છે. સે–સઃ એ વણ્ણઓ–વર્ણતઃ વર્ણની અપેક્ષા

ભાજ્ય હોય છે. આ પ્રમાણે એ ગંધઓ ફાસઓ વિ ય સંઠાણઓ ભઇએ-ગંધતઃ સ્પર્શતઃ અપિ ચ સંસ્થાનતઃ ભાજ્યઃ ગંધ, સ્પર્શ તથા સંસ્થાનની માફક ભાજ્ય માનવા જોઈએ. અર્થાત્ જે સ્કંધ આદિ રસની અપેક્ષાએ મધુર રસવાળા હોય છે તે વર્ણની અપેક્ષા નિયમિત વર્ણવાલા તથા નિયમિત ગંધવાળા તથા નિયમિત સ્પર્શવાળા અને નિયમિત સંસ્થાનવાળા હોતા નથી, તે કોઈને કોઈ વર્ણ, ગંધ, સ્પર્શ તથા સંસ્થાનવાળા હોય છે. આ પ્રમાણે મધુરના પણ વીસ ભંગ પૂર્વવત્ જાણવા જોઈએ, આ પાંચે રસના સઘળા મળીને સો ભંગ થાય છે. ॥ ૩૪ ॥

હવે સ્પર્શ પરિણત સ્કંધો તથા પરમાણુના ભંગોને કહેતાં સૂત્રકાર પ્રથમ કર્કશ સ્પર્શના ભંગને બતાવે છે—" ફાસઓ " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ઉ-યઃ તુ જે સ્કંધ આદિ ફાસઓ-સ્પર્શતઃ સ્પર્શ પરિણામથી કક્કડે-કર્કશઃ કર્કશ સ્પર્શવાળા હોય છે સે-સઃ તે વણ્ણઓ-વર્ણતઃ વર્ણની અપેક્ષા ભઇએ-ભાજ્યઃ ભાજ્ય હોય છે. આજ પ્રમાણે ગંધઓ રસઓ ચેવ વિ ય સંઠાણઓ ભઇએ-ગંધતઃ રસતશ્ચૈવ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ગંધ ગુણની અપેક્ષા, રસ ગુણની અપેક્ષા તથા સંસ્થાનની અપેક્ષા પણ ભાજ્ય જાણવા જોઈએ, આ પ્રકારે કર્કશ સ્પર્જવાળામાં આ કર્કશ સ્પર્શના પાંચ વર્ણ બે ગંધ, પાંચ રસ, તથા પાંચ સંસ્થાન આ સંકલનથી સત્તર ભંગ થઇ જાય છે, ॥ ૩૫ ॥

હવે મૃદુ સ્પર્શના ભંગોને કહે છે—" ફાસઓ મઉએ " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ઉ-યસ્તુ જે સ્કંધ આદિ ફાસઓ-સ્પર્શતઃ સ્પર્શ પરિણામની અપેક્ષાએ મઉએ-મૃદુકઃ ભવતિ મૃદુ સ્પર્શવાળા હોય છે. સે-સઃ તે વણ્ણઓ-વર્ણતઃ વર્ણની અપેક્ષાએ ભઇએ-ભાજ્યઃ ભાજ્ય હોય છે આજ પ્રમાણે તે ગંધઓ રસઓ ચેવ વિ ય સંઠાણઓ ભઇએ-ગંધતઃ રસતશ્ચૈવ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ગંધની અપેક્ષા રસની અપેક્ષા અને સંસ્થાનની અપેક્ષા ભાજ્ય હોય છે. કર્કશ સ્પર્શની માફક મૃદુ સ્પર્શવાળા સ્કંધના પણ સત્તર ભંગ હોય છે, ॥ ૩૬ ॥

હવે ગુરુ-ભારે-સ્પર્શના ભંગને કહે છે.—" ફાસઓ ગુરુએ " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે-યઃ જે સ્કંધ આદિ ફાસઓ-સ્પર્શતઃ સ્પર્શ પરિણામની અપેક્ષાએ ગુરુએ-ગુરુકો ભવતિ ભારે સ્પર્શવાળા હોય છે સે-સઃ તે વણ્ણઓ-વર્ણતઃ વર્ણની અપેક્ષ એ ભઇએ-ભાજ્યઃ ભાજ્ય હોય છે. આજ પ્રમાણે તે ગંધઓ રસઓ વિ ય સંઠાણઓ ભઇએ-ગંધતઃ રસતઃ અપિ ચ સંસ્થાનતઃ ભાજ્યઃ ગંધની અપેક્ષાએ રસની અપેક્ષાએ અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય હોય છે. પહેલાંની માફક આના પણ સત્તર ભંગ હોય છે. ॥ ૩૭ ॥

હવે લઘુ સ્પર્શના ભંગોને કહે છે—" फासओ लहुए " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે उ–यस्तु જે સ્કંધ આદિ फासओ–स्पर्शतः સ્પર્શ પરિણામથી પરિણત હોવાની અપેક્ષાથી लहुए–लघुकः લઘુ સ્પર્શવાળા થાય છે से–सः તે वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષાએ भइए–भाज्यः ભાજ્ય હોય છે. આજ પ્રમાણે તે गंधओ रसओ चेव विय संठाणओ भइए–गंधतः रसतश्चैव अपि च संस्थनातश्च भाज्यः ગંધની રસની અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય થાય છે, અહીંયાં પણ પ્રથમની માફક સત્તર ભંગ થાય છે. ॥ ૩૮ ॥

હવે શીત સ્પર્શના ભંગોને કહે છે—" फासओ सीयए " ઇત્યાદિ.

અન્વયાર્થ—जे–यः જે સ્કંધ આદિ फासए–स्पर्शतः સ્પર્શ પરિણામની અપેક્ષાએ પરિણત હોવાના કારણે सीयए भवइ–शीतकः भवति શીત સ્પર્શવાળા હોય છે. से–सः તે वण्णओ भइए–वर्णतः भाज्यः વર્ણની અપેક્ષા ભાજ્ય થાય છે આજ પ્રમાણે તે गंधओ रसओ विय संठाणओ भइए-गंधतः रसतः अपि च संस्थानतः भाज्यः ગંધની, રસની અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય થાય છે. અહીંયા પણ પ્રથમની માફક સત્તર ભંગ જાણવા જોઈએ. ॥ ૩૯ ॥

હવે ઉષ્ણ સ્પર્શના ભંગોને કહે છે—" फासओ उण्हए " ઇત્યાદિ.

અન્વયાર્થ—जे–यः જે સ્કંધ આદિ फासओ–स्पर्शतः સ્પર્શ પરિણામથી પરિણત હોવાના કારણે જ્યારે उण्हए–उष्णः ઉષ્ણ સ્પર્શવાળા માનવામાં આવે છે ત્યારે से–सः તે वण्णओ–वर्णतः વર્ણની અપેક્ષાએ भइए–भाज्यः ભાજ્ય થઈ જાય છે. આજ પ્રમાણે તે गंधओ रसओ विय संठाणओ भइए- गंधतः रसतः अपि च संस्थानतश्च भाज्यः ગંધની અપેક્ષાએ, રસની અપેક્ષાએ અને સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય થાય છે. અહીંયા પણ પ્રથમની માફક સત્તર ભંગ જાણવી જોઈએ॥૪૦॥

હવે સ્નિગ્ધ સ્પર્શના ભંગોને કહે છે—" फासओ निद्धए " ઇત્યાદિ.

અન્વયાર્થ—जे–यः જે સ્કંધ આદિ फासओ–स्पर्शतः સ્પર્શ પરિણામથી પરિણત હોવાના કારણે જ્યારે निद्धए–स्निग्धकः સ્નિગ્ધ સ્પર્શવાળા કહેવામાં આવે છે ત્યારે से–सः તે वण्णओ भइए–वर्णतः भाज्यः વર્ણ ગુણની અપેક્ષાએ ભાજ્ય થાય છે, આજ પ્રમાણે તે गंधओ रसओ विय संठाणआ भइए–गन्धतः रसतः अपि च संस्थानतश्च भाज्यः ગંધ, રસ તથા સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય માનવામાં આવેલ છે. આના પણ પ્રથમની માફક સત્તર ભંગ થાય છે. ॥૪૧॥

હવે રૂક્ષ સ્પર્શના ભંગોને કહે છે—" फासओ लुक्खए " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ આદિ फासओ–સ્પર્શતઃ સ્પર્શની અપેક્ષાએ लुक्खए–રૂક્ષકઃ રૂક્ષ સ્પર્શવાળા હોય છે સે–સઃ તે वण्णओ–વર્ણતઃ વર્ણની અપેક્ષાએ વિકલ્પનીય હોય છે. આજ પ્રમાણે તે ગંધઓ રસઓ વિય સંઠાણઓ भइए–ગંધતઃ રસતશ્ચૈવ અપિ ચ સંસ્થાનતશ્ચ ભાજ્યઃ ગંધની અપેક્ષાએ, રસની અપેક્ષાએ તથા સંસ્થાનની અપેક્ષાએ પણ ભાજ્ય થાય છે. આનાં પણ પહેલાંની માફક સત્તર ભંગ થાય છે. આ પ્રમાણે કર્કશ સ્પર્શથી લઈને રૂક્ષ સ્પર્શ પર્યંત આઠ સ્પર્શોના દરેકના સત્તર–સત્તર ભંગ મેળવતાં સ્પર્શ ગુણ પરિણામની અપેક્ષાએ એકસોને છત્રીસ (૧૩૬) ભંગ થાય છે. ॥ ૪૨ ॥

संस्थान भंग का निरूपण

હવે વૃત્ત સંસ્થાનના ભેદોને કહે છે—" संठाणओ भवे वट्टे " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે સ્કંધ संठाणओ–संस्थानतः સંસ્થાન પરિણામની અપેક્ષાએ वट्टे–વૃત્તઃ વૃત્ત સંસ્થાનવાળા भवे–भवति હોય છે से–સઃ તે સ્કંધ वण्णओ भइए–વર્ણતઃ ભાજ્યઃ વર્ણની અપેક્ષાએ ભાજ્ય થાય છે. આજ રીતે ગંધઓ રસઓ चेव भइए से फासओ वि य–ગંધતઃ રસતશ્ચૈવ ભાજ્યઃ સ સ્પર્શતોઽપિ ચ તે ગંધની, રસની, તથા સ્પર્શ ગુણનીએ અપેક્ષા પણ ભાજ્ય થાય છે. આ પ્રમાણે વૃત્ત સંસ્થાનવાળા સ્કંધના વર્ણાદિક ભેદોની અપેક્ષાએ વીસ ભંગ થાય છે. ॥૪૪॥

હવે ત્રસ સંસ્થાનનાને કહે છે—" संठाणओ भवे तंसे " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે સ્કંધ संठाणओ–संस्थानतः સંસ્થાન પરિણામની અપેક્ષાએ तंसे–त्र्यसः ત્રસ્ર સંસ્થાનવાળા હોય છે से–સઃ તે वण्णओ–વર્ણતઃ વર્ણની भइए–ભાજ્યઃ ભાજ્ય થાય છે આજ રીતે से–સઃ તે ગંધઓ રસઓ चेव वि य फाससो भइए–ગંધતઃ રસતશ્ચૈવ અપિ ચ સ્પર્શતઃ ભાજ્યઃ ગંધ, રસ, સ્પર્શની અપેક્ષાએ પણ ભાજ્ય થાય છે, એ ત્રસ્ર સંસ્થાનવાળા સ્કંધના વર્ણાદિક ભેદો દ્વારા વીસ ભંગ છે. ॥ ૪૫ ॥

હવે ચતુરસ્ર સંસ્થાનના ભેદોને કહે છે–"संठाणओ जे चउरंसे" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે–યઃ જે સ્કંધ संठाणओ–संस्थानतः સંસ્થાન પરિણામની અપેક્ષાએ चउरंसे भवइ–चतुरस्रः भवति ચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે से–સઃ તે वण्णओ–વર્ણતઃ વર્ણની અપેક્ષાએ भइए–ભાજ્યઃ ભાજ્ય થાય છે, આજ રીતે ગંધઓ रसओ–ગંધતઃ રસતઃ ગંધ, રસ તથા फासओ–સ્પર્શતઃ સ્પર્શની અપેક્ષાએ પણ

ભાજ્ય થાય છે. અહીંયાં પણ પહેલાંની માફક વીસ ભંગ જાણવા જોઈએ. ॥૪૬॥

હવે આયાત સંસ્થાનના ભંગોને કહે છે—"જે આયય સંઠાણે" ઇત્યાદિ.

અન્વયાર્થ–જે–યઃ જે પૌદ્ગલિક સ્કંધ આયય સંઠાણે–આયતસંસ્થાનઃ આયત સંસ્થાનવાળા હોય છે. સે–સઃ તે સ્કંધ વણ્ણઓ ભઇએ–વર્ણતઃ ભાજ્યઃ ભવતિ વર્ણની ભાજ્ય હોય છે. આ રીતે સે–સઃ તે ગંધઓ રસઓ વિય ફાસઓ ભઇએ–ગંધતઃ રસતઃ અપિ ચ સ્પર્શતઃ ભાજ્યઃ ભવતિ ગંધથી, રસથી તથા સ્પર્શથી પણ ભાજ્ય હોય છે. અહીં પણ પહેલાંની માફક વીસ ભંગ થાય છે. આ પ્રમાણે એ પાંચ–પરિમંડળ, વૃત્ત, ત્રયસ્ર, ચતુરસ્ર, તથા આયત–સંસ્થાનોના પ્રત્યેકના વીસ વીસ ભંગ મેળવવાથી સંસ્થાન સામાન્યના સો ભંગ થઈ જાય છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન અ. સહુના ભાગોનો પરસ્પર મેળ કરવાથી ચારસો બ્યાસી (૪૮૨) ભંગ થાય છે.॥૪૭॥

હવે સૂત્રકાર પૂર્વોક્ત કથનનો ઉપસંહાર કરીને ઉત્તર ગાથાના સંબંધને કહે છે—" એસા " ઇત્યાદિ !

અન્વયાર્થ—હે જમ્બૂ ! એસા અજીવ વિભત્તી–એષા અજીવવિભક્તિઃ આ પૂર્વોક્તરૂપથી અજીવનો વિભાગ મેં સમાસેણ વિયાહિયા–સમાસેન વ્યાખ્યાતાઃ સંક્ષેપથી કહ્યો છે. ઇત્તો–ઇતઃ આના પછી અણુપુવ્વસો–આનુપુર્વ્યા ક્રમાનુસાર જીવવિભત્તિં વુચ્છામિ–જીવવિભક્તિ વક્ષ્યામિ જીવના વિભાગને કહું છું ॥ ૪૮ ॥

જીવાજીવ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સુધર્માસ્વામી પ્રતિજ્ઞા વિષયને જમ્બૂ સ્વામીને કહે છે—

" સંસારત્થા ય " ઇત્યાદિ !

અન્વયાર્થ—હે જમ્બૂ ! જીવા–જીવાઃ પ્રાણિ દુવિહા વિયાહિયા–દ્વિવિધાઃ વ્યાખ્યાતાઃ સર્વજ્ઞ ભગવાને બે પ્રકારનાં કહેલ છે. એ બે પ્રકાર આ છે.—સંસારત્થા ય સિદ્ધા ય–સંસારસ્થાશ્ચ સિદ્ધાશ્ચ એક સંસારી અને બીજો સિદ્ધ. આમાં સિદ્ધા–સિદ્ધાઃ જે સિદ્ધ જીવ છે તે ણેગવિહા વુત્તા–અનેકવિધાઃ ઉક્તાઃ અનેક પ્રકારના કહેવામાં આવેલ છે તં કિત્તયઓ સુણ–તાન્ કીર્તયતઃ શ્રૃણુ હું એ સિદ્ધોની પ્રરૂપણા કરું છું, તેને તમો સાંભળો.

પ્રશ્ન—ગાથામાં સર્વ પ્રથમ જ્યારે સંસારી જીવોના નામનો નિર્દેશ

કરેલ છે. ત્યારે એમની પ્રરૂપણા કરવી જોઈતી હતી, તો એમની પ્રરૂપણા ન કરતાં પહેલાં સિદ્ધોની પ્રરૂપણા શા. માટે કરવામાં આવે છે ?

ઉત્તર—સિદ્ધોના વિષયમાં અલ્પ વક્તવ્ય હોવાના કારણે " સૂચી કટાહ " ના ન્યાયથી પ્રથમ સિદ્ધોની પ્રરૂપણા કરવામાં આવે છે. ॥ ૪૯ ॥

હવે સૂત્રકાર સિદ્ધોમાં અનેક વિધતા ઉપાધિ ભેદથી કહે છે-"इत्थी" ઈત્યાદિ!

અન્વયાર્થ—इत्थी पुरीससिद्धा य-સ્ત્રી પુરુષસિદ્ધાઃ સ્ત્રી પર્યાયથી સિદ્ધ, તથા પુરૂષ પર્યાયથી સિદ્ધ, तहेव-तथैव આજ પ્રમાણે नपुंसगा-नपुंसकाः નપુંસક પર્યાયથી સિદ્ધ, सलिंगे अन्नलिंगे तहेव गिहिलिंगे सिद्धा-स्वलिंगे अन्यलिंगे तथैव च गृहलिङ्गे सिद्धाः રજોહરણ તથા સદોરકમુખવસ્ત્રિકાદિરૂપ અનગાર લિઙ્ગમાં સિદ્ધ, તથા અન્ય લિઙ્ગ શાકયાદિ વેષમાં સિદ્ધ, અને મરૂદેવીની માફક, ગૃહિ લિઙ્ગમાં સિદ્ધ, તીર્થ સિદ્ધ, અતીર્થ સિદ્ધ આ પ્રમાણે સિદ્ધોના ઉપાધિ ભેદથી અનેક ભેદ હોય છે.

स्त्री मोक्षसमर्थनम्

હવે સ્ત્રી મુક્તિનું સમર્થન કરવામાં આવે છે—

ગાથામા " इत्थीपुरिस सिद्धा य " આ પદથી સ્ત્રિયોને પણ મુક્તિ પદની પ્રાપ્તિનું સમર્થન કરવામાં આવેલ છે. તે આ પ્રકારથી જાણવું જોઈએ. કોઈ એવું કહે છે કે, સ્ત્રિયોને મુક્તિ થતી નથી. કારણ કે, તે પુરૂષની અપેક્ષાએ હીન છે. જે રીતે નપુંસક વગેરે આની સામે એ પૂછવાનું છે કે, આપ કઈ સ્ત્રિયોના વિષયમાં મોક્ષનો અભાવ સિદ્ધ કરો છો ? શું સામાન્ય સ્ત્રિયોમાં અથવા કોઈ વિશેષ સ્ત્રિયોમાં ? જો સામાન્ય સ્ત્રિયોમાં મુક્તિ પ્રાપ્તિનો અભાવ

સિદ્ધ કરતા હો તો એ વાત અમે પણ માનીએ છીએ કે, અસંખ્યાત વર્ષની આયુષ્યવાળી અકર્મભૂમિ જ સ્ત્રિયોને, દુષમાદિ કાલોત્પન્ન તિર્યંચનિયોને, અને દેવિયોને, તથા અભવ્ય સ્ત્રિયોને મુકિત પ્રાપ્ત થતી નથી. આથી પક્ષૈકદેશમાં એ હેતુ સિદ્ધ સાધ્યવાળો હોવાથી જો કહો કે, કોઇ વિશિષ્ટ સ્ત્રિયો મુકિત પ્રાપ્તિને યોગ્ય નથી તો આ વાત પક્ષભૂત સ્ત્રી પદથી જ્ઞાત થઇ શકતી નથી. આથી એ વાતને સ્પષ્ટ કરવા માટે જો એમ કહેવામાં આવે કે, અમે એનો જ મુકિત પ્રાપ્તિમાં નિષેદ્ધ કરીએ છીએ, જેને આપ મુકિત પ્રાપ્તિને યોગ્ય ગણો છો. તો આની સામે પણ અમારૂં એજ કહેવાનું છે કે, જેને તમે મુકિત પ્રાપ્તિના યોગ્ય નથી કહેતા એને જ અમે આ પ્રકારથી મુકિતની પ્રાપ્તિને યોગ્ય સિદ્ધ કરીએ છીએ. "स्त्रियो मुक्त्यर्हाः, मुक्तिकारणावैकल्यात् यथा पुमांसः" જેમ પુરૂષોમાં મુકિતના કારણોની અવિકળતા જોવામાં આવે છે એજ પ્રકારથી સ્ત્રિયોમાં પણ મુકિતના કારણોની અવિકળતા હોવાથી એ પણ મુકિતની પ્રાપ્તિને યોગ્ય છે. જે સ્થળે જેની સંભવતા હોતી નથી ત્યાં જ એના કારણોની વિકળતા રહે છે. જેમ સિદ્ધ શિલામાં શીલયઙ્કુરની સંભવતા નથી. આથી એ સ્થળે એના કારણોની પણ વિકળતા છે. પરંતુ વિવક્ષિત સ્ત્રિયો એવી નથી. એમનામાં તો મુકિતના સઘળા કારણોનો સદ્ભાવ છે. આથી તે મુકિતને યોગ્ય છે. જો કે આની સામે ફરીથી પણ આવું કહેવામાં આવે કે, સ્ત્રિઓમાં મુકિતના કારણોની અસદ્ભાવતા છે આથી એનામાં એ હેતુનો અસદ્ભાવ હોવાના કારણે આ સિદ્ધતા આવે છે, તો આમ કહેવું એ પણ ઠીક નથી, કારણ કે આની સામે અમારૂં એ પૂછવાનું છે કે, આપ જે સ્ત્રિયોમાં એ હેતુની અસિદ્ધતા પ્રગટ કરી રહ્યા છો તે કયા કારણથી ? શું તે પુરૂષોની અપેક્ષાએ હિન છે ? એ કારણથી, અથવા નિર્વાણરૂપ સ્થાનની અપ્રસિદ્ધિ છે આ કારણે, અથવા મુકિતનું સાધક પ્રમાણ નથી આ કારણે ? જો એમ કહેવામાં આવે કે, સ્ત્રિયો પુરૂષોની અપેક્ષાએ હીન છે, આ કારણે એમનામાં મુકિતના કારણોનો સદ્ભાવ નથી. તો ફરી અમો આની સામે પૂછીએ છીએ કે, આપ સ્ત્રિયોને પુરૂષોની અપેક્ષાએ હીન બતાવી રહ્યા છો. એ કયા કારણથી

બતાવી રહ્યા છો, શું એમનામાં સમ્યગ્દર્શનાદિક રૂપ જે રત્નત્રય છે એનો અભાવ રહે છે. ? ૧. અથવા તો એમનામાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે ? ૨. અથવા તો પુરૂષો દ્વારા અવંદ્ય છે ? ૩ અથવા તો સ્મરણ આદિ જ્ઞાન એમનામાં રહેતું નથી ? ૪ અથવા એમનામાં કોઇ સ્ત્રી મહર્દ્ધિક નથી? ૫ અથવા તો માયાદિકની એમનામાં પ્રકર્ષતા હોય છે. ? ૬. જો આ છ વિકલ્પોમાંથી એવો વિકલ્પ માનવામાં આવે કે, સ્ત્રિયોમાં રત્નત્રયનો અભાવ છે. આથી એમનામાં પુરૂષોની અપેક્ષાએ હીનતા છે. આ પ્રકારનું કહેવું એ કારણે યુક્તિયુકત માની નથી શકાતું કે, સમ્યગૂદર્શનાદિક રત્નત્રય પુરૂષોની માફક સ્ત્રીયોમાં પણ અવિકલ્પ જોવામાં આવે છે. સ્ત્રિયો પણ સઘળા પ્રવચનના અર્થની શ્રદ્ધા કરવાવાળી ષડાવશ્યક કાલિક ઉત્કાલિક આદિના ભેદથી ભિન્ન શ્રુતને જાણવાવાળી તથા સત્તર પ્રકારના સંયમને પાળનાર જોવામાં આવે છે. દેવ અને અસુરો તરફથી પણ દુર્ધર બ્રહ્મચર્ય વ્રતનું એ પાલન કરે છે. માસ ક્ષપણ આદિ વિવિધ પ્રકારની તપસ્યાઓ કરે છે, આ કારણે તેમને મુકિતનો સંભવ કેમ ન થઈ શકે ? તથા આપ જો સ્ત્રિયોમાં રત્નત્રયનો અભાવ કહો છો તો એમનામાં રત્નત્રયનો અભાવ કઈ રીતે છે ? શું રત્નત્રયનું સામાન્યરૂપ અથવા પ્રકર્ષ પર્યંત પ્રાપ્ત રત્નત્રયનું ? કદાચ પ્રથમ પક્ષ સ્વીકારવામાં આવે તો અમે આની સામે પ્રથમ એ પૂછીયે છીયે કે, સામાન્યતયા રત્નત્રયનો અભાવ ચારિત્રના અભાવથી કહો છો ? અથવા જ્ઞાન દર્શન બન્નેના અભાવથી કહો છો ? અથવા સમ્યગૂદર્શનાદિ ત્રણેના અભાવથી કહો છો ? જો એવું કહો કે, ચારિત્રના અસંભવથી રત્નત્રયનો અભાવ છે એવું અમે કહીએ છીએ તો આના ઉપર એવો વિકલ્પ ઉઠે છે કે, એમનામાં ચારિત્રની અસંભવતા શું સવસ્ત્ર હોવાના કારણે આવે છે ? અથવા તો સ્ત્રીપણું એ ચારિત્રનું વિરોધી ગણવાથી આવે છે ? અથવા સામર્થ્ય ઓછું હોવાને કારણે આવે છે ?

કદાચ એવું કહેવામાં આવે કે, તે વસ્ત્ર સહિત રહે છે. આ કારણે તેમનામાં ચારિત્રની અસંભવતા છે તો શું વસ્ત્રનો પરિભોગ માત્ર કરવાથી જ ચારિત્રભાવના તરફ હેતુતા થાય છે? અથવા પરિગ્રહરૂપ થવાથી થાય છે ? જો પરિગ્રહ માત્રથી ચૈલ ચારિત્ર ભાવનો હેતુ બને છે, અવું માનવામાં આવે તો કહો એ ચૈલનો પરિભોગ સ્ત્રિયોમાં એનો પરિત્યાગ કરવાની અશકિતના કારણે છે ? અથવા ગુરૂપદિષ્ટ હોવાથી છે ? જો આ બાબતમાં એવું કહેવામાં આવે કે, સ્ત્રીયોમાં વસ્ત્રનો ત્યાગ કરવાની અશક્તિ હોવાથી ચેલ પરિભોગ થાય છે. અને એ ચૈલ પરિભોગ એમનામાં ચારિત્ર ભાવનો હેતુ હોય છે તો એ કહેવું ઉચિત નથી. કારણ કે, પ્રાણિયોને સહુથી વધુમાં વધુ પ્યારો પોતાનો પ્રાણ હોય છે. જ્યારે સ્ત્રિયો પ્રાણોનો પણ ત્યાગ કરતી જોવામાં આવે છે તો પછી એના માટે

વસ્ત્રોને છોડવાની વાત કઈ રીતે કહણ છે ? આ કારણે એ વાત તો માની શકાતી નથી કે, તે વસ્ત્રને છોડવામાં અસમર્થ છે. જો એમ કહેવામાં આવે કે, ગુરૂના ઉપદેશને ગ્રહણ કર્યા પછી પણ તે વસ્ત્રનો પરિભોગ કરે છે તો આની સામે પણ અમો પૂછીયે છીયે કે, ગુરૂઓએ તેમને ચારિત્રમાં ઉપકારી જાણીને વસ્ત્રના પરિભોગનો આદેશ આપેલ છે અથવા બીજા કોઈ કારણને જાણીને વસ્ત્ર પરિભોગ કરવાનો ઉપદેશ આપેલ છે. જો કદાચ એમ કહેવામાં આવે કે, ગુરૂઓએ વસ્ત્ર પહેરવાનો ઉપદેશ એમને એ માટે આપેલ છે કે, તે ચારિત્રમાં ઉપકારી છે તો પછી એમણે એ ઉપદેશ પુરૂષોને કેમ ન આપ્યો. જો એમ કહેવામાં આવે કે, એ અબળા છે અને જો નગ્ન રહે તો, પુરૂષ એમના ઉપર બળાત્કાર કરી શકે છે આથી ચૈલના વગર ચારિત્રભંગ થવાની તેમાં સંભાવના રહે છે. એથી ગુરૂઓએ તેમને ચારિત્રના ઉપકારી જાણીને ચૈલ પરિભોગની આજ્ઞા આપેલ છે. પુરૂષોને આપેલ નથી. તો પછી આ પ્રકારની માન્યતાથી એ વાત તમારા જ મોઢેથી સિદ્ધ થઈ જાય છે કે, વસ્ત્રનો ઉપભોગ ચારિત્રનો ઉપકારી છે. આના સદ્ભાવથી ચારિત્રનો અભાવ સિદ્ધ થતો નથી. " यत् यस्योपकारि न तत् तस्याभावहेतुः यथा घटस्य मृत्पिण्डादि, उपकारि च उक्तरीत्या चारित्रस्य चैलम् तस्मान्न तत् चारित्राभावहेतुः " આથી જે જેનો ઉપકારી હોય છે તે તેના અભાવનો હેતુ થતો નથી. જેમ કે–માટીનો પિંડ ઘડાના અભાવનો હેતુ બનવાનો નથી. આ રીતે ચૈલ પણ ચારિત્રનો ઉપકારી બને છે. આથી તે એના અભાવનો હેતુ બની શકતો નથી. જો " अन्यथा " આ પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો એ પણ ઠીક નથી. કેમકે, " अन्यथा " આ પદથી બે પક્ષ ઉપસ્થિત થાય છે–શું ચારિત્રના પાલનમાં ચૈલ અવરોધક છે ? અથવા બાધક છે ? જો ઉદાસિન હોય તો ઉદાસિનનું તાત્પર્ય એ થાય કે, એ ન તો ચારિત્રમાં સાધક બને છે, કે ન તો એમાં બાધક થાય છે. આથી એ પક્ષ માનવા યોગ્ય નથી. કદાચ એમ કહો કે, એ ચારિત્રમાં બાધક છે

તો આમ કહેવું પણ બરોબર નથી. કારણ કે, જ્યારે તે ચારિત્રના તરફ ઉપકારી છે તો પછી ન ઉદાસીન થઈ શકે કે, ન બાધક પણ થઈ શકે, આથી પુરૂષો દ્વારા થનાર કનડગતોની રક્ષા કરનાર હોવાના કારણે ચૈલ ચારિત્રમાં ઉપકારી છે. એવું જ માનવું જોઈએ. હવે જો એમ કહેવામાં આવે કે, ચૈલ પરિગ્રહરૂપ હોવાથી ચારિત્રના અભાવનો હેતુ છે એમ કહેવું પણ ઠીક નથી. કેમ કે, પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છાભાવ કહેવામાં આવેલ છે. આ દશ વૈકાલિકના છઠ્ઠા અધ્યયનમાં " मुच्छा परिग्गहो वुत्तो " આ વાકયથી ભગવને ફરમાવેલ છે. આદર્શ ઘરમાં અન્તઃપુર સાથે બેઠેલ ભરત ચક્રવર્તી મૂર્ચ્છાભાવ રહિત હોવાના કારણે જ પરિગ્રહ રહિત માનવામાં આવેલ છે. જો આવી વાત ન હોત તો તેમને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકત નહીં. જો ચૈલને પરિગ્રહરૂપ માનવામાં આવે તો તથા વિધ રોગાદિકોમાં પુરૂષોને પણ ચૈલના સદ્ભાવમાં ચારિત્રનો અભાવ હોવાની પ્રસક્તિથી મુક્તિના અભાવની પ્રસક્તિ માનવી પડશે, કહ્યું પણ છે–

"आर्शो भगन्दरादिषु गृहीतचीरो यति र्न मुच्येत' इति ! વધુમાં મૂર્ચ્છાના અભાવમાં પણ વસ્ત્રનો માત્ર સંસર્ગ જો પરિગ્રહ માનવામાં આવે તો એવી હાલતમાં કોઇ પણ જીનકલ્પી સાધુના ઉપર તુષારપાત પડવાથી, ધર્માત્મા પુરૂષ દ્વારા નાખવામાં આવેલ વસ્ત્ર પણ પરિગ્રહરૂપ માનવું જોઇએ. પરંતુ તે એમ મનાતું નથી. આ કારણે વસ્ત્રનો કેવળ સંસર્ગ પરિગ્રહરૂપ માની શકાતો નથી. પરંતુ મૂર્ચ્છા જ પરિગ્રહ છે. જ્યારે પરિગ્રહનું આ સુનિશ્ચિત લક્ષણ માન્ય થઇ જાય છે તો, એ વાત માનવી પડશે કે, તેવી મૂર્ચ્છા વસ્ત્રાદિકોના વિષયમાં સાધ્વી સ્ત્રિયોને થતી નથી. કેવળ એ તો તેને ધર્મનું ઉપકરણ જાણીને જ ધારણ કરે છે, વસ્ત્ર વગર તે પોતાનું રક્ષણ કરી શકતી નથી, ઠંડી આદિમાં સ્વાધ્યાય પણ કરી શકે નહીં. આ કારણે દીર્ઘતર સંયમ પાળવા માટે યતનાથી વસ્ત્રનો પરિભોગ કરીને તે પરિગ્રહવાળી કઈ રીતે માની શકાય. તથા ચૈલને પરિગ્રહરૂપ માનવથી " णो कप्पइ णिग्गंथीणं पक्के ताल पलंबे अभिन्ने परिगाहित्तए " આ પ્રમાણે નિર્ગ્રન્થીયોનો વ્યપદેશ આગમમાં સાંભળવામાં અથવા જોવામાં આવે છે તે ન આવવો જોઈએ, પણ આવેલ છે. આથી એ શાસ્ત્રીય વ્યપદેશથી એવું જ જાણી શકાય છે કે, સચેલ હોવાથી ચારિત્રનો અભાવ બનતો નથી. આથી જ્યાં વસ્ત્રમાં પરિગ્રહરૂપતા આવતી નથી ત્યારે એવું કહેવું કે, " स्त्रीणां न मोक्षः परिग्रहवत्वात् गृहस्थवत् " "ગૃહસ્થની માફક પરિગ્રહ યુકત હોવાથી સ્ત્રિયોને મોક્ષ થતો નથી. " ખંડિત બની જાય છે. કેમકે વસ્ત્ર ધર્મનું ઉપકરણ છે. આથી તે પરિગ્રહરૂપ નથી.

આ પ્રમાણે એવું કહેવું કે, " स्त्रीत्वमेव चारित्रविरोधि " અથવા સ્ત્રીપણું જ ચારિત્રનું વિરોધી છે. " એ પણ ઠીક નથી કારણ કે, આ પ્રમાણે જો સ્ત્રીપણાની સાથે ચારિત્રનો વિરોધ હોત તો એમને કોઈપણ પ્રકારની વિશેષતા વગર દીક્ષા આપવાનો

પણ નિષેધ થાત. પરંતુ એવું તો છે જ નહીં. "गब्भिणी बालवच्छा पव्वावेउं न कप्पइ" શાસ્ત્રમાં તો ફક્ત એવું લખેલું મળે છે કે, ગર્ભિણીને, નાના બાળક વાળીને, દીક્ષા ન આપવી જોઈએ. આનાથી એવું જાણી શકાય છે કે, સામાન્ય સ્ત્રિયોને દીક્ષાનો નિષેધ "इत्थीओ पव्वावेउं न कप्पइ" ન કરતાં જ્યારે વિશેષ સ્ત્રિયોને દિક્ષા દેવાનો નિષેધ છે તો, સ્ત્રીત્વ ચારિત્રનો વિરોધી બની શકતું નથી.

આ પ્રમાણે કદાચ એવું કહેવામાં આવે કે, સ્ત્રિયો મંદશક્તિવાળી હોય છે. એથી સ્ત્રિયોમાં ચારિત્રની અસંભવતા છે તો એવું કહેવું પણ ઠીક નથી. કારણ કે, અહીં વ્રત, તપ, ધારણ કરવા યોગ્ય જ શક્તિનો સ્વીકાર કરવામાં આવેલ છે એના સીવાય બીજી શક્તિનો નહીં. કારણ કે, બીજી શક્તિયો ઉપયોગ વગરની માનવામાં આવેલ છે. જેના દ્વારા વ્રત અને તપોને ધારવામાં અને એનું અનુષ્ઠાન કરવામાં આવે છે એ શક્તિ દુર્ધર્ષશીલવાળી સ્ત્રિયોમાં ખૂબ હોય છે. જેમ કહ્યું પણ છે—

ब्राह्मी सुन्दर्यार्या राजीमती, चन्दना गणधराद्याः ।
अपि देवमनुजमहिताः, विख्याताः शीलसत्त्वाभ्याम् ॥१॥

અર્થાત્—આ શ્લોકમાં કહેવામાં આવેલ બ્રાહ્મી, સુન્દરી, રાજમતી, ચંદનબાળા આદિ સાધ્વિયો દેવ મનુષ્યમાં પુજાઈને શીલ તેમજ સત્ત્વથી વિખ્યાત છે. આ પ્રકારે સ્ત્રિયો મંદશક્તિવાળી હોવાથી રત્નત્રયનો અભાવ સ્ત્રિયોમાં છે એવું તમારૂં કહેવું નિરર્થક બની ગયેલ છે.

આ રીતે જ્યારે સ્ત્રિયોમાં ચારિત્રની સંભવતા નિશ્ચિત થઈ જાય છે ત્યારે જ્ઞાનદર્શનની પણ સંભવતા સુતરાં નિશ્ચિત થઈ જાય છે. કેમ કે, ચારિત્ર જ્ઞાન અને દર્શન પૂર્વક હોય છે. એમના વિના ચારિત્ર હોતું નથી. "पूर्वद्वय लाभः पुनरुत्तरलाभे भवति सिद्धाः" ઉત્તરના લાભમાં, ચારિત્રની પ્રાપ્તિમાં, પૂર્વદ્વયનો લાભ સિદ્ધ થાય છે. અર્થાત્—ચારિત્રના લાભમાં સમ્યગ્જ્ઞાન, સમ્યક્ દર્શનનો લાભ સિદ્ધ થાય છે. આથી સ્ત્રિયોમાં જ્ઞાનદર્શનનો અભાવ છે એમ કહેવું એ પણ ઠીક નથી આ માટે એવું કહેવું કે, સમ્યગ્ દર્શનાદિક રત્નત્રયનો અભાવ હોવાથી સ્ત્રિયો પુરૂષોથી હીન છે. તો એવું કહેવું એ કેવળ પ્રલાપ માત્ર છે. આ સમયમાં પણ સ્ત્રિયો સમ્યક્ દર્શનાદિક ત્રયનો અભ્યાસ કરતી જોવામાં આવે છે જેમ કહ્યું પણ છે—

जानीते जीनवचनं श्रद्धत्ते, चरति चार्यिकाऽशबलम् ।"

પ્રશ્ન—સ્ત્રિયોમાં સમ્યગ્ દર્શનાદિક ત્રિકના સદ્ભાવ માત્રથી મુક્તિ પ્રાપ્તિ સંભવિત બનતી નથી. અર્થાત્ સમ્યગ્ દર્શનાદિકના ત્રિક ફક્ત સંભવ માત્રથી એમને મુક્તિ પદની પ્રાપ્તિ થતી નથી. પરંતુ પ્રકર્ષ પ્રાપ્ત જ સમ્યગ્દર્શનાદિકના ત્રિક મુક્તિ પદની પ્રાપ્તિનો હેતુ હોય છે. જો કદાચ એવું માનવામાં ન આવે તો દીક્ષા લીધા પછી બધાને જ મુકિતની પ્રાપ્તિ થઈ જવી જોઈએ. પરંતુ

એવું બનતું નથી. આથી એ માનવું પડે છે કે, સમ્યગ્દર્શનાદિક ત્રિક જ્યારે પ્રકર્ષાવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે જ મુક્તિની પ્રાપ્તિ જીવને થાય છે, આવો એનો પ્રકર્ષ સ્ત્રિયોમાં નથી–પુરૂષોમાં જ હોય છે. આથી સમ્યગ્દર્શનાદિકના પ્રકર્ષનો અભાવ હોવાથી સ્ત્રિયો પુરૂષોની અપેક્ષા અપકૃષ્ટ માનવામાં આવેલ છે તો આવું કહેવું એ પણ ઠીક નથી.

ઉત્તર—એવું કોઈ પ્રમાણ નથી કે જે સ્ત્રિયોમાં સમ્યગ્દર્શનાદિક ત્રિકના પ્રકર્ષની અસંભવતા સિદ્ધ કરી શકે. દેશવિપ્રકૃષ્ટ અને કાળવિપ્રકૃષ્ટ પદાર્થોમાં પ્રત્યક્ષ પ્રમાણની અપ્રવૃત્તિ હોવાથી એ તો એ વાતને સમર્થક થતા નથી. આજ પ્રમાણે પ્રત્યક્ષની અપ્રવૃત્તિ હોવાના કારણે અનુમાનની પણ ત્યાં પ્રવૃત્તિ થતી નથી. અર્થાત્ અનુમાન પણ એ બતાવી શકતું નથી કે, સ્ત્રિયોમાં સમ્યગ્દર્શનાદિકના પ્રકર્ષની અસંભવતા છે. રહ્યું આગમ તો એ પણ જગ્યા જગ્યા ઉપર પ્રગટ કરે છે કે, સ્ત્રિયોમાં એનો પ્રકર્ષ હોઈ શકે છે. "इत्थी पुरिस सिद्धा" આ ગાથા જ એના માટે પ્રમાણભૂત છે. આ કારણે રત્નત્રયના પ્રકર્ષની અસંભવતાથી જ સ્ત્રિયોમાં પુરૂષોની અપેક્ષા હીનતા બતાવવામાં આવે છે એ બરોબર નથી. વળી પણ–આપ જે સ્ત્રિયોમાં રત્નત્રયના પ્રકર્ષનો અભાવ પ્રતિપાદન કરો છો તે શા માટે કરો છો. કહો શું એમનામાં એનો પ્રકર્ષ હોવાના કારણોના અભાવ છે? અથવા સ્ત્રિયોનો સ્વભાવ જ એવો છે કે, જે એના પ્રકર્ષને નથી થવા દેતો? અથવા રત્નત્રયનું વિરોધી ત્યાં સ્ત્રીપણું છે? પ્રથમ પક્ષ તો એ કારણે ઉચિત માનવામાં નથી આવતો કે, જ્યારે તે અભ્યાસ કરતી રહે છે તો એજ અભ્યાસ એના પ્રકર્ષની પ્રાપ્તિનું કારણ એના માટે બની જાય છે. એવું શાસ્ત્રોમાં કહ્યું છે. રત્નત્રયનો અભ્યાસ સ્ત્રિયોમાં વર્તતા છે આમાં તો વિવાદ નથી.

સ્ત્રીત્વ રત્નત્રયના પ્રકર્ષનું વિરોધી છે એ પણ બરોબર નથી રત્નત્રયનો પ્રકર્ષ એજ છે કે જેના પછીથી મુક્તિ પદની પ્રાપ્તિ થઈ જાય. એવો તે

પ્રકર્ષ અયોગી અવસ્થામાં થાય છે. અને તે ચરમ સમય ભાવી છે, અયોગીની અવસ્થા છદ્મસ્થોને અપ્રત્યક્ષપણે થાય છે, ત્યારે 'સ્ત્રીત્વ રત્નત્રયના પ્રકર્ષનું વિરોધી છે" આ કઈ રીતે જાણી શકાય. કેમ કે, તે પરમ પ્રકર્ષ પ્રત્યક્ષ વિષય હોતો નથી. જે દૃષ્ટ નથી તેની સામે વિરોધની કલ્પના કરવી એ પણ ઠીક નથી. જો અદૃષ્ટ પ્રકર્ષની સામે વિરોધ માનતા હો તો પછી પુરૂષોની સામે પણ એનો વિરોધ માની લેવો જોઈએ. આ રીતે રત્નત્રયના અભાવથી સ્ત્રિયોમાં પુરૂષોની અપેક્ષા હીનતા માની શકાતી નથી.

કદાચ એવું કહો કે, વિશિષ્ટ સામર્થ્યનો અભાવ હોવાથી સ્ત્રિયો પુરૂષોની અપેક્ષા અપકૃષ્ટ છે તો આવું કહેવું પણ બરોબર નથી. કેમ કે– એમનામાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે એવું આપ કયા આધારથી કહો છો ? શું તે સાતમા નરકમાં નથી જતી આ કારણે ? અથવા વાદાદિ લબ્ધીથી એ રહિત છે આ કારણે ? અથવા અલ્પશ્રુત જ્ઞાન એમને થાય છે આ કારણે ? અથવા અનુપસ્થાપ્યતા પારાંચિતથી શૂન્ય હોય છે આ કારણે ?

જો એમ કહો કે તે સપ્તમ પૃથ્વીમાં જતી નથી આથી એનામાં સામર્થ્યનો અભાવ છે જગતમાં સર્વોત્કૃષ્ટ પદની પ્રાપ્તિ સર્વોત્કૃષ્ટ અધ્યવસાયથી થાય છે, અન્ય પ્રકારથી થતી નથી. એવી માન્યતા આપની તેમજ અમારી છે. કેમ કે, આ વિષયને બતાવવાવાળું આગમ પ્રમાણ આપણા બન્નેને માન્ય છે. સર્વોત્કૃષ્ટ દુઃખનું સ્થાન સાતમું નરક છે. કેમકે એની આગળ બીજું કોઈ દુઃખનું સ્થાન નથી. તથા સર્વોત્કૃષ્ટ સુખનું સ્થાન મોક્ષ છે. શાસ્ત્ર બતાવે છે કે, સ્ત્રિયો સાતમાં નરકમાં જતી નથી. કારણ કે, સાતમા નરકમાં જવા યોગ્ય તથાવિધ સર્વોત્કૃષ્ટ મનોવીર્યરૂપ પરિણતિનો એમનામાં અભાવ છે. આ પ્રમાણે સાતમા નરકમાં જવાનો અભાવ હોવાથી સંમૂર્ચ્છિમ આદિની માફક સ્ત્રિયોમાં સર્વોત્કૃષ્ટ મનોવીર્યરૂપ પરિણતિનો અભાવ સિદ્ધ થાય છે.

આમ કહેવું એ પણ બરોબર નથી કારણ કે, જો એનનામાં સાતમા નરકમાં જવા યોગ્ય સર્વોત્કૃષ્ટ મનોવીર્ય પરિણતિનો અભાવ છે તો આને આપ કઈ રીતે જાણી શકો કે, એમનામાં નિઃશ્રેયસના તરફ સર્વોત્કૃષ્ટ મનોવીર્યરૂપ પરિણતિનો અભાવ છે એવી તો કોઇ વાત નથી કે, જે પુરૂષ ભૂમિ કર્ષણાદિક કાર્ય કરવામાં અસમર્થ હોય તે શાસ્ત્રોને ભણવામાં તથા જાણવામાં સમર્થ ન હોય ? કેમકે, આમાં પ્રત્યક્ષથી વિરોધ આવે છે જે હાથી એક સૂચીને પણ ઉપાડી શકતો નથી તે શું વૃક્ષોની ડાળોને તોડવામાં અસમર્થ હોય છે ? નથી હોતો. જો આવું માનવામાં આવે તો એમાં પ્રત્યક્ષથી વિરોધ આવે છે.

જો એવું કહેવામાં આવે કે, સંમૂર્ચ્છિમ આદિકોમાં સર્વોત્કૃષ્ટ દુઃખના સ્થાનમાં તથા સર્વોત્કૃષ્ટ સુખના સ્થાનમાં જવા યોગ્ય તથાવિધ સર્વોત્કૃષ્ટ મનોવીર્યરૂપ પરિણ-

તિનો અભાવ જોવામાં આવે છે એજ પ્રમાણે સ્ત્રિયોમાં પણ તાદૃશ મનોવિર્યરૂપ પરિણતિનો અભાવ નિશ્ચિત હોય છે તો એવું કહેવું એ કારણે ઠીક બેસતું નથી કે, સમૂર્ચ્છિમ આદિકોમાં જે તાદૃશ્ય મનોવીર્યરૂપ પરિણતિનો અભાવ છે તેનું કારણ ત્યાં પ્રતિબંધ છે. અહીં એવો કોઇ પ્રતિબંધ નથી તથા સાતમી પૃથવીમાં ગમન એ કાંઇ નિર્વાણ ગમનનું પ્રતિકારણ તો છે નહીં અને ન તો નિર્વાણ ગમન સાતમી પૃથવી ગમન અવિનાભાવી છે. કેમકે, ચરમ શરીરી જે વ્યક્તિ થયા કરે છે તે સાતમી પૃથવી ગમનના વગર જ નિર્માણમાં જતા દેખાય છે.

તથા જો તમારી એ વાત માની લેવામાં આવે કે, સ્ત્રિયો સાતમા નરકતાં જતી નથી. આ કારણે તેમનામાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે. અને એજ કારણથી તે પુરૂષોથી હીન માનવામાં આવેલ છે તો આની સામે અમારૂં તમોને એ પૂછવાનું છે કે, આ જે તેનામાં સાતમા નરકમાં જવાનો અભાવ છે તો તે શું જે ભવમાં તેને મુક્તિ પ્રાપ્ત થાય એજ ભવની અપેક્ષાથી વિવક્ષિત અથવા તો સામાન્ય રૂપથી વિવક્ષિત છે. જો આમાં પ્રથમ પક્ષ અંગિકાર કરવામાં આવે તો આ રીતે પુરૂષોને પણ મુક્તિની પ્રાપ્તિ થઈ શકે નહીં. કેમ કે, જે જનમમાં તેને મુકિતની પ્રાપ્તિ થાય છે એ જનમમાં તે સાતમા નરકમાં જતા નથી.

જો કહો કે, આ વાત સામાન્યપણે કહેવામાં આવેલ છે કે, સ્ત્રિયોમાં સાતમા નરકમાં જવાનો અભાવ છે અર્થાત્ આનો આશય એ છે કે, " छट्ठिं च इत्थियाओ मच्छामणु य सत्तमीं पुढवीं " છઠ્ઠી નરક સુધી સ્ત્રિયો જાય છે. તથા મચ્છ અને મનુષ્ય સાતમી નરક સુધી જાય છે. આથી સાતમા નરકમાં જવાના યોગ્ય કર્મ ઉપાર્જન કરવાની શકિત પુરૂષોમાં જ છે. સ્ત્રિયોમાં નથી. આ પ્રમાણે જ્યારે સ્ત્રિયોમાં અધોગમનના માટે પુરૂષ તુલ્ય સામર્થ્યનો અભાવ છે તો ઉર્ધ્વગમનમાં પણ પુરૂષ તુલ્ય સામર્થ્યનો અભાવ એનામાં છે એ વાત પણ અનુમિત થાય છે. આથીજ તેને પુરૂષોની અપેક્ષા હીન માનવામાં આવેલ છે.

આવું કહેવું પણ ઠીક નથી. કારણ કે, એવો કોઈ નિયમ નથી કે, જેનામાં અધોગતીમાં જવાનું સામર્થ્ય ન હોય, એનામાં ઉર્ધ્વગતિમાં પણ જવાનું સામર્થ્ય ન હોય. કહ્યું પણ છે—

" संमुच्छिम भुयगखग चउप्पय, सप्पित्थि जलचरेहिंतो ।
सनरेहिंतो सत्तसु, कमोववज्जंति नरएसु ॥ १ ॥ "

અર્થાત્—સંમૂર્ચ્છિમ (૧) ભુજગ (૨) ખગ (૩) ચતુષ્પદ (૪) સર્પ (૫) સ્ત્રી (૬) જળચર અને મનુષ્ય (૭) એમની અધોગતિ પ્રાપ્તિમાં એક સરખી શકિત નથી. છતાં પણ ઉર્ધ્વગતિ પ્રાપ્તિમાં એક સરખી શકિત છે. કહ્યું પણ છે—

सन्नितिरिक्खेहिंतो, सहस्सारंतिएसु देवेसु ।
उप्पज्जंति परेसु वि, सव्वेसु वि माणुसेहिंतो ॥ २ ॥

અર્થાત્—સંજ્ઞિ તિર્યંચથી નીકળીને જીવ સહસ્રાર નામના આઠમા દેવલોક સુધી જાય છે. મનુષ્યથી નીકળેલો જીવ એનાથી આગળ સઘળા દેવલોકમાં જઈ શકે છે. આ કારણે ઉર્ધ્વગતિમાં સ્ત્રિયોને પુરૂષ તુલ્ય સામર્થ્યનો સદ્ભાવ હોવાથી એમનામાં વિશિષ્ટ સામર્થ્યનું આસત્વ નથી. આથી પુરૂષની માફક સ્ત્રિયોમાં ઉર્ધ્વ ગમનની યોગ્યતા છે જ.

જો કહેવામાં આવે કે, વાદાદિલબ્ધિ રહિત હોવાથી એમનામાં વિશિષ્ટ શકિતનો અભાવ છે. સ્ત્રિયોમાં વાદલબ્ધિનું સામર્થ્ય, તથા વૈક્રિય આદિ લબ્ધિનું સામર્થ્ય, પૂર્વગત (પૂર્વમાં રહેલ) શ્રુતાધિગમનું સામર્થ્ય હોતું નથી. આ કારણે મોક્ષગમન સામર્થ્ય પણ એમનામાં સંભવિત નથી.તો એવું પણ ઠીક નથી. કારણ કે, તેમનમાં વાદાદિલબ્ધિ રહિતનું પણ વિશિષ્ટ સામર્થ્ય જોવામાં આવે છે. શાસ્ત્રોમાં એવી ઘણી કથાઓ આવે છે જે આ વાતને બતાવે છે કે, વાદલબ્ધિ વિકુર્વણુત્વ આદિ લબ્ધિના અભાવમાં પણ, વિશિષ્ટ પૂર્વગત શ્રુતના અભાવમાં પણ, મનુષ્ય આદિકોને મોક્ષ પદની પ્રાપ્તિ થયેલ છે. તથા જીનકલ્પ અને મનઃ પર્યયના અભાવમાં પણ સિદ્ધિનો અભાવ થતો નથી. આ કારણે પૂર્વોક્ત કથનથી એ વાત સિદ્ધ થઈ જાય છે કે, એવો નિયમ નથી બની શકતો કે જ્યાં જ્યાં વાદાદિલબ્ધિમત્તા છે ત્યાં ત્યાં વિશિષ્ટ સામર્થ્ય છે. આથી જ્યારે એવો નિયમ નથી બની શકતો તો ઘછી એવું કહેવુ કે, વાદાદિલબ્ધિથી રહિત હોવાના કારણે સ્ત્રિયોમાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે આ કઈ રીતે ઉચિત માની શકાય.

છતાં પણ વાદાદિલબ્ધિના અભાવની માફક જો મોક્ષનો અભાવ પણ સ્ત્રિયોમાં હોત તો શાસ્ત્રકાર સિદ્ધાંતમાં એવું જ કહેત કે, સ્ત્રિયોને મુકિતની પ્રાપ્તિ થતી નથી. પરંતુ શાસ્ત્રકાર એવું કહેતા નથી. આથી એમાંથી એ જાણવું જોઈએ કે, સ્ત્રિયોને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

તથા જ્યાં જ્યાં અલ્પશ્રુત જ્ઞાન છે ત્યાં ત્યાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે. એવો પણ કોઇ નિયમ નથી. સમિતિપંચક માત્ર તથા ગુપ્તિત્રય માત્રના

જ્ઞાનના સદ્‌ભાવમાં પણ ચારિત્રના પ્રકર્ષ બળથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ જાય છે. એવું પ્રવચનમાં સિદ્ધ છે, આ કારણે અલ્પશ્રુત જ્ઞાન હોવાથી પણ વિશિષ્ટ સામર્થ્ય સ્ત્રિયોમાં સંભવિત હોઈ શકે છે. આથી એ વિશિષ્ટ સામર્થ્યનો અભાવ એનામાં નથી બનતો.

જો કહો કે, સ્ત્રિયોમાં અનુપસ્થાપ્યતા અને પારાંચિત પ્રાયશ્ચિત્તની શૂન્યતા છે. આનાથી એમનામાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે. આ કઈ રીતે ઉચિત માની શકાય. કારણ કે એનો નિષેધ હોવાથી પણ વિશિષ્ટ સામર્થ્યનો અભાવ નિશ્ચિત થઈ શકતો નથી કેમ કે, અધિકારીઓની યોગ્યતાની અપેક્ષાથી શાસ્ત્રોમાં નાના પ્રકારના પ્રાયશ્ચિત્તોનો ઉપદેશ સાંભળી શકાય છે. પુરૂષોની અપેક્ષા પણ યોગ્યતા અનુસાર ગુરૂ અને લઘુ પ્રાયશ્ચિત્તોનો ત્યાં ઉપદેશ થયેલ છે. જેમને લઘુ પ્રાયશ્ચિત્ત આપવાની વાત કહેવામાં આવેલ છે. એવા પુરૂષોને પણ ચારિત્રના પ્રકર્ષમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તથા જેને ગુરૂ પ્રાયશ્ચિતના અધિકારી બતાવવામાં આવેલ છે એમને પણ જો ચારિત્રનો પ્રકર્ષ ન હોય તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતી નથી.

તથા-અનેક પ્રકારના તપોનું વિધાન શાસ્ત્રમાં સાંભળી શકાય છે. એ જે પ્રમાણે પુરુષોને ઉપકારક હોય છે એજ પ્રમાણે સ્ત્રિયોને પણ ઉપકારક હોય છે કેમ કે, બંનેનો ત્યાં અધિકાર છે. રહ્યું પ્રાયશ્ચિત્તનું વિધાન તો એ યોગ્યતાની અપેક્ષા રાખે છે. આ અપેક્ષાને લઈને એનું વિધાન થયેલ છે. આથી ગુરૂત્તર પ્રાયશ્ચિત્તની અધિકારિણી ન હોવાના કારણે સ્ત્રિયોમાં વિશિષ્ટ સામર્થ્યનો અભાવ છે એ કહેવું યુકિતયુકત નથી.

જો કહો કે, પુરૂષોથી એ અનભિવંદ્ય છે. આ કારણે એ એનાથી અપકૃષ્ટ છે તો એવું કહેવું પણ ઉચિત પ્રતીત થતું નથી. કારણ કે, આ અનભિવંદ્યતા કયા રૂપથી આપ કહો છો? શું સામાન્ય પુરૂષની અપેક્ષાથી અથવા તો ગુણાધિક પુરૂષોની અપેક્ષાથી જો કહો કે, આ અનભિવંદ્યતા સામાન્ય પુરૂષોની અપેક્ષાથી એમનામાં છે તો એવું કહેવું ઉચિત નથી. કેમકે સામાન્ય પુરૂષ એમને વંદન કરે છે તીર્થંકરની માતાને તો શકાદિક પણ નમસ્કાર કરે છે તો પછી બીજી વ્યકિતની તો વાત જ શું કહેવી.

જો કહો કે, ગુણોમાં જે અધિક હોય છે તે સ્ત્રિયોને નમન કરતા નથી આની અપેક્ષાએ ત્યાં અનભિવંદ્યતા હોવાથી એ એમની અપેક્ષા હીન માનવામાં આવે છે તો એવું કહેવું પણ ઠીક નથી. કારણ કે, આ રીતે તો તીર્થંકર પણ ગણધરોને નમસ્કાર કરતા નથી. ગણધરોમાં પણ ગુણાધિક પુરૂષોની અપેક્ષાએ અનભિવંદ્યતા આવી જવાથી મુક્તિની પ્રાપ્તિનો અભાવ માનવો પડશે. આ રીતે ગણધર પણ પોતાના શિષ્યોને વંદતા નથી. આથી એ શિષ્યોને મોક્ષની પ્રાપ્તિ ન થવાનું જ માનવું પડશે.

કદાચ એવું કહો કે, સ્મરણ આદિની અકર્તા હોવાથી સ્ત્રિયો પુરૂષોની અપેક્ષા હીન માનવામાં આવેલ છે. આ કહેવું પણ યુક્તિ યુકત નથી. કેમકે,

જો આ રીતે એમનામાં હીનતા માનવામાં આવે તો ગુરૂને જ મુક્તિ થાય, એવું માનવાનો પ્રસંગ આવે. શિષ્યોને નહીં. કારણ કે, એમનાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સમાન હોવા છતાં પણ આચાર્ય જ એમને સ્મરણ આદિ કરાવે છે. શિષ્ય એમને કરાવતા નથી. પરંતુ આગમમાં એવી વાત તો કોઈ સ્થળે સાંભળવામાં આવતી નથી કે, ગુરૂઓને જ મુક્તિ થાય છે અને શિષ્યોને થતી નથી. ચંડરૂદ્ર આદિ આચાર્યના શિષ્યોને મુક્તિ થયાનું જાણવા મળે છે.

આ રીતે અમહર્દ્ધિક હોવાથી પણ સ્ત્રિયો પુરૂષોથી હીન છે એમ કહેવું પણ બરોબર બેસતું નથી. કારણ કે, આપ કઈ ઋદ્ધિનો અભાવ એમનામાં બતાવો છો ? આધ્યાત્મિક ઋદ્ધિનો કે, બાહ્ય ઋદ્ધિનો ? આધ્યાત્મિક ઋદ્ધિનો તો એમનામાં અભાવ છે જ નહીં. કેમ કે, રત્નત્રયરૂપ જે આધ્યાત્મિક ઋદ્ધિ છે તે એમનામાં સમર્થિત કરાયેલી જ છે, આજ પ્રમાણે બાહ્યઋદ્ધિને આશ્રિત કરીને જો એવું કહેવામાં આવે કે, બાહ્ય ઋદ્ધિ એમનામાં નથી, આથી એ અમહર્દ્ધિક હોવાથી પુરૂષોની અપેક્ષાએ હીન છે. અને આજ કારણે એમનામાં મુક્તિના કારણની વિકળતા છે. તો આવું કહેવું એ પણ બરોબર નથી. કારણ કે, જુઓ જે બાહ્ય ઋદ્ધિ તીર્થંકરોની હોય છે એ ગણધરોને હોતી નથી. આજ પ્રમાણે ચક્રધરોની જે ઋદ્ધિ હોય છે તે એનાથી ભિન્ન અન્ય ક્ષત્રિયાદિકોમાં હોતી નથી. આ કારણે આમાં પણ એકની અપેક્ષા અમહર્દ્ધિક પણું આવવાથી અપકૃષ્ટતા આવી જવાની. આ રીતે એને પણ મુક્તિ કારણોની વિકળતા હોવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

જો એમ કહો કે, પુરૂષ વર્ગની જે ખૂબજ મોટી તીર્થંકરત્વરૂપ મહા-ઋદ્ધિ છે તે એમનામાં નથી. આની અપેક્ષાએ એમનામાં અમહર્દ્ધિકતા જાણી શકાય છે તો એમ કહેવું એ પણ બરોબર નથી. કારણ કે, કેટલીક પરમ પુણ્યની ભાજન સ્ત્રિયોને તો તિર્થંકર વિભૂતિની પણ પ્રાપ્તિ થઈ છે. આની પ્રાપ્તિ થવામાં ત્યાં કોઈ વિરોધ આવતો નથી. કારણ કે, એવા વિરોધનું સાધક કોઇ પણ પ્રમાણ નથી.

તથા તમે જે એવું કહેાછેા કે, સ્ત્રિયેામાં માયાદિકની પ્રકર્ષતા છે આથી એવી પ્રકર્ષતાવાળી હેાવાથી તે પુરૂષેાની અપેક્ષાએ હીન છે. તેા આવું કહેવું પણ ઠીક નથી. કારણ કે, આ લેાકમાં સ્ત્રી અને પુરૂષ બન્ને સમાનરૂપથી માયાદિકના પ્રકર્ષવાળા જોવામાં આવે છે. આગમ પણ એવું જ કહે છે કે, ચરમ શરીરી નારદાદિકેાને પણ માયાદિકની પ્રકર્ષતા છે. આ કારણે પુરૂષેાથી અપકૃષ્ટ હેાવાથી સ્ત્રિયેાની મુક્તિના કારણેાની વિકળતા સધાતી નથી અર્થાત્– મુક્તિના કારણેાનેા સદ્ભાવ સ્ત્રીયેામાં છે.

જો એમ કહેા કે, સ્ત્રીયેાના મુક્તિસ્થાન આદિની પ્રસિદ્ધિ નથી આથીજ એના અભાવથી એવું જણાય છે કે, એમને મેાક્ષ મળતેા નથી. જો સ્ત્રી-યેામાં મુક્તિના કારણેાની અવિકળતા હેાત તેા એમને મુક્તિ મળી શકે અને આ કારણેાથી એમની મુક્તિના સ્થાનેાની પણ પ્રસિદ્ધિ થાત. પરંતુ એવું કાંઇ નથી જેથી એવું સ્પષ્ટ થાય છે કે, એમને મુક્તિ પ્રાપ્ત થતી નથી તેા આમ કહેવું એ પણ બરેાબર નથી. કારણ કે, એવી કેાઈ વ્યાપકતા તેા છે જ નહીં કે, જેના જેના મુક્તિ સ્થાનેાની પ્રસિદ્ધિ છે એમનેજ મુક્તિ પ્રાપ્ત થયેલ હેાય આવું શાસ્ત્રેામાં વિશેષણ રૂપથી કયાંય કહ્યું નથી કે, આ પુરૂષેાનું મેાક્ષ સ્થાન છે. પરંતુ એવુંજ કહેલ છે કે, ભવ્ય જ મેાક્ષના યેાગ્ય બને છે. આથી મુક્તિસ્થાન આદિની અપ્રસિદ્ધિથી જો સ્ત્રિયેાનેા મેાક્ષ માનવામાં ન આવે તેા તમારા મતથી પુરૂષેાનેા પણ મેાક્ષ ન થવેા જોઈએ.

હવે જો એવું કહેા કે, સ્ત્રીના વિષયમાં મુક્તિ સાધક પ્રમાણનેા અભાવ હેાવાથી મુક્તિ કારણ વૈકલ્પરૂપ હેતુની અસિદ્ધિ છે. તેા અમે તમને એ પૂછીએ છીએ કે, કહેા કયા પ્રમાણનેા અભાવ આપને વિવક્ષિત છે. શું પ્રત્યક્ષનેા, અનુમાનનેા, અથવા આગમનેા ?

જો કહેા કે, પ્રત્યક્ષનેા અભાવ છે તેા આના ઉપર ફરીથી એવું પૂછવામાં આવે છે કે, સ્વસંબંધી પ્રત્યક્ષનેા અભાવ છે, અથવા સર્વ સંબંધી પ્રત્યક્ષનેા અભાવ છે ? જો કહેા કે, સ્વસંબંધી પ્રત્યક્ષનેા અભાવ છે તેા આના ઉપર પણ એ પ્રશ્ન થાય છે કે, યથાવિહિત પ્રતિલેખનાદિરૂપ બાહ્ય કારણની અવિ-કળતાને જોવાવાળા પ્રત્યક્ષનેા અભાવ છે. અથવા અન્તર ચરિત્ર આદિ પરિ-ણામરૂપ કારણની અવિકળતાને જોવાવાળા પ્રત્યક્ષનેા અભાવ છે ?

જો આમાં પ્રથમ પક્ષનેા સ્વિકાર કરવામાં આવે તેા તે બરેાબર નથી. કેમકે, સ્ત્રીયેામાં પણ યથેાક્ત પ્રતિલેખનાદિ સર્વથા જોઇ શકાય છે. એ પણ પ્રતિલેખનાદિક કરે છે. જો બીજા પક્ષને માનવામાં આવે તેા છદ્મસ્થ પ્રાણી પુરૂષેામાં પણ ચારિત્રાદિ પરિણામને પ્રત્યક્ષ રૂપથી જોઈ શકતા નથી. આથી તમારા મનથી પુરૂષેાની મુકિત પણ થવી ન જોઇએ.

જો કહેા કે, સર્વ સંબંધી પ્રત્યક્ષનેા અભાવ છે તેા એવું કહેવું પણ બરોબર નથી કારણ કે, અસર્વજ્ઞને એવું જ્ઞાનજ થઇ શકતું નથી કે, સર્વ સંબંધી પ્રત્યક્ષનેા અભાવ છે. આવું થવાથી પુરૂષને પણ મેાક્ષ મળી શકે નહીં.

જો કહો કે, અનુમાનનો અભાવ હોવાથી પ્રમાણનો અભાવ છે. તો અનુમાનનો અભાવ પુરૂષોમાં પણ એવી જ રીતે છે આથી ત્યાં પણ મુક્તિનું કારણ વૈકલ્યનો પ્રસંગ પ્રાપ્ત થવાનો.

જો કહો કે, પુરૂષોમાં તો અનુમાન પ્રમાણ છે, અને તે આ પ્રમાણે છે. જેના ઉત્કર્ષ અને અપકર્ષમાં જેનો અપકર્ષ અને ઉત્કર્ષ જોવામાં આવે છે તે એના અત્યંત અપકર્ષમાં અત્યંત ઉત્કર્ષવાળો હોય છે. જેમ–અભ્રપટલમાં અપગમ હોવાથી સૂર્ય પ્રકાશનો ઉત્કર્ષ થતો જોવામાં આવે છે, આજ પ્રમાણે રાગાદિકોના ઉત્કર્ષમાં ચારિત્રાદિકનો અપકર્ષ અને તેના અપકર્ષમાં તેનો ઉત્કર્ષ હોય છે. આથી એ અનુમાનથી પુરૂષોમાં પણ રાગાદિકોના અપકર્ષથી ચારિત્ર આદિ ગુણોનો ઉત્કર્ષ સાબિત થાય છે. સ્ત્રીયોમાં નહીં કેમકે એમનામાં રાગાદિકોનો અત્યંત અપકર્ષ સંભવિત થતો નથી તો આવું કહેવું પણ ઠીક નથી કેમકે, એવો કોઇ નિયમ નથી જે પુરૂષોમાં જ અત્યંત રાગાદિકનો આકર્ષક થાય તથા સ્ત્રિયોમાં ન થાય. કેમકે, આવું માનવું પ્રત્યક્ષથી બાધિત થાય છે. પ્રત્યક્ષ પ્રમાણ આ વાતનું સમર્થક છે કે, રાગાદિકોનો અત્યંત અપકર્ષ સ્ત્રિયોમાં પણ થાય છે. આમાં આગમ પ્રમાણનો પણ અભાવ નથી. જુઓ–"इत्थी पुरिस सिद्धा" આ વાકય સ્વયં આગમ પ્રમાણ છે. આથી સાક્ષાત સ્ત્રીના મોક્ષની સિદ્ધિ થાય છે. કેમકે, આ વાકય સ્ત્રિયોમાં અર્થતઃ મોક્ષના કારણોની અવિકળતાને સિદ્ધ કરે છે.

જો કહો કે. અહીં સ્ત્રી શબ્દ અન્યાર્થક છે તો એમ કહેવું પણ ઠીક નથી કારણ કે. આ "સ્ત્રી" અન્યાર્થક છે. આ વાત આપ લોક રૂઢીથી અગર આગમની પરિભાષાથી કહો છો ? કે, અન્ય રીતેકહો છો ? તે કહો જો લોકરૂઢીથી કહેતા હો તો આપની એ માન્યતા બરોબર નથી, કારણ કે, લોકમાં તો આવું જ માનવામાં આવે છે કે, જે અર્થમાં જે શબ્દ અન્વય વ્યતિરેક સંબંધ દ્વારા સંકેતિત હોય છે એ શબ્દ એજ અર્થને કહે છે બીજા અર્થને

નહીં. સ્ત્રી આ શબ્દ અન્વય વ્યતિરેક દ્વારા સ્ત્રિરૂપ સાધ્ય અર્થમાંજ પ્રયુક્ત કરવામાં આવેલ જણાય છે. આથી સ્ત્રીરૂપ પદાર્થ જ આ સ્ત્રી શબ્દનો વાચ્ય છે. જેમ ગો આદિ શબ્દોનો વાચ્ય સાસ્ના (ગલ કમ્બલ) આદિથી વિશિષ્ટ પદાર્થ થાય છે. આ સ્ત્રી શબ્દનો લોકપ્રસિદ્ધ અર્થના સિવાય બીજો અર્થ છે એ વાત ન તો લોકમાં પ્રસિદ્ધ છે અથવા ન તો આગમમાં પ્રસિદ્ધ છે.

આ રીતે આગમની પરિભાષાથી "સ્ત્રી શબ્દ અન્ય અર્થનો વાચક છે" એવું કહેવું ઠીક નથી. કારણ કે, કોઈ પણ આગમમાં કોઇ પણ જગ્યાએ સ્ત્રી શબ્દનો અન્ય અર્થ કહેવાયેલ નથી. જે પ્રમાણે વ્યાકરણમાં વૃદ્ધિ શબ્દનો અર્થ આત્ ઐચ (આ, ઐ, ઔ) થાય છે. આ પ્રમાણે આગમમાં પણ લોક રૂઢીથી જ અર્થમાં સ્ત્રી શબ્દ પ્રયુક્ત થયેલ છે જેમ—"इत्थीओ जंति छट्ठिं" ઈત્યાદિ માફક.

જો કહો કે, અહીં પણ અમે બીજા અર્થની કલ્પના કરી લેશું તો આમ કહેવું એ પણ ઉચિત નથી, કારણ કે, આ વાત બાધકના વગર બની શકતી નથી. કહ્યું પણ છે—

"परिभाषितो न शास्त्रे, मनुजो शब्दोऽथ लौकिकोऽधिगतः ।
अस्ति च न तत्र बाधा, स्त्री निर्वाणं ततो न कुतः ॥ १ ॥

તાત્પર્ય એ છે કે–મનુજી શબ્દ અર્થાત સ્ત્રી શબ્દ પારિભાષિક નથી. આથી વ્યાકરણમાં વૃદ્ધિ શબ્દના સમાન સ્ત્રી શબ્દનો કોઈ આગમ પરિભાષિત અર્થ થઈ શકતો નથી. હવે રહ્યો લોકરૂઢી પક્ષ. આમાં પણ સ્ત્રી શબ્દનો લોકપ્રસિદ્ધ "સ્ત્રી" અર્થથી બીજો અર્થ થઈ શકતો નથી. કેમકે, આવો અર્થ એજ સ્થળમાં થાય છે કે, જ્યાં મુખ્ય અર્થ બાધિત થતો હોય. જેમ—"गङ्गायां घोषः" અહીંયાં ગંગાનો મુખ્ય અર્થ પ્રવાહમાં ઘોષની સ્થિતિ અસંભવ છે. આજ કારણે ત્યાં "ગંગા" શબ્દનો અર્થ લક્ષણાથી કિનારો થાય છે એજ રીતે અહીં પણ સ્ત્રી શબ્દના મુખ્યાર્થમાં કોઇ બાધા નથી. આ કારણે મુખ્યાર્થ છોડીને ગૌણ અર્થ લઈ શકાય નહી. ત્યારે સ્ત્રીયોને મોક્ષ પ્રાપ્તિમાં બાધા શાની ? એમને મોક્ષ કેમ ન મળે ? વસ્તુતઃ એ પણ મોક્ષના અધિકારવાળી છે.

જો કહો કે, પુરૂષાભિલાષાત્મક ભાવવેદમાં સ્ત્રી શબ્દ આગમમાં પ્રયુકત થયેલ છે. આથી સ્ત્રી શબ્દનો આ ભાવવેદરૂપ સ્ત્રી અર્થ અમે માની લઇશું. તો આમ કહેવું એ પણ ઠીક નથી. કારણ કે, સ્ત્રી શબ્દનો પુરૂષાભિલાષરૂપ ભાવવેદ આ અર્થ છે એ વાત આપ કઈ રીતે નિશ્ચિત કરી શકો છો ? શું "સ્ત્રી વેદ" આ શબ્દના શ્રવણ માત્રથી જ અથવા સ્ત્રીત્વના પલ્યશત પૃથકત્વ પર્યંત અવસ્થાનના અભિધાનથી ?

જો પ્રથમ પક્ષને અંગિકાર કરો તો એ ઠીક નથી. કારણ કે, "સ્ત્રીવેદ" આ શબ્દના શ્રવણ માત્રથી ભાવવેદરૂપ સ્ત્રી અર્થ નિશ્ચિત થતો નથી. હા જો "स्त्री चासौ वेदः-स्त्रीवेदः" એવો સમાનાધિકરણ સમાસ હોત તો સ્ત્રી શબ્દની અન્ય અર્થમાં વૃત્તિ થઇ શકત. પરંતુ અહીં એવું સમાનાધિકરણ સમાસ બાધકાભાવથી કલ્પનીય થયેલ છે કે, અન્ય સમાસના અહીં અભાવથી થયેલ છે.

જો કહો કે, બાધકના અભાવથી સમાનાધિકરણ સમાસ કલ્પનીય થયેલ છે તો આ સમાસમાં સ્ત્રી શબ્દનો અર્થ પુરૂષાભિલાષરૂપ ભાવવેદ જ થાય તો આજ અર્થ શું આનો સાક્ષાત અર્થ થાય અથવા આથી ઉપલક્ષિત 'શરીર' એનો અર્થ થાય. જો એમ કહો કે, પુરૂષાભિલાષરૂપ ભાવ જ સાક્ષાત સ્ત્રી શબ્દનો અર્થ થાય તો અમે પૂછીએ છીએ કે, શું એ સમયે આ ભાવ તમને સંમત છે અથવા ભૂતપૂર્વ ગતિથી આ ભાવ તમને સંમત છે, જો કહો કે, સ્ત્રી શબ્દનો અર્થ એ સમયે એ પર્યાયમાં જ પુરૂષાભિલાષરૂપ ભાવવેદ છે. એવું અમને સંમત છે. તો એવી અવસ્થામાં આપના અભિમતથી પુરૂષ નિર્વાણમાં પણ વેદનો સંભવ માનવો પડશે. પરંતુ નિર્વાણ અવસ્થામાં તો વેદની સંભવતા હોતી જ નથી. આ વાત આગમમાં પ્રસિદ્ધ છે. આથી સ્ત્રી શબ્દનો અર્થ ભાવવેદ સ્ત્રી માનવો એ ઠીક નથી.

જો કહો કે, ભૂતપૂર્વ ગતિથી પુરૂષાભિલાષરૂપ ભાવ, સ્ત્રી શબ્દનો વાચ્ય છે તો એવી સ્થિતિમાં દેવાદિકોના પણ નિર્વાણની પ્રાપ્તિ થવાનો પ્રસંગ આવે છે. જે "सुरणारएसु चत्तारि होंति" અર્થાત્ દેવ અને નારકીમાં ચાર ગુણસ્થાન હોય છે. આ આગમ વાક્યનો વિરોધ કરનાર બને છે. કારણ કે, ભૂતપૂર્વ ગતિની અપેક્ષાથી તો દેવ અને નારકોમાં પણ ચતુર્દશ ગુણસ્થાનોની સંભાવના થાય.

જો સ્ત્રી શબ્દનો અર્થ ભાવવેદથી ઉપલક્ષિત પુરૂષનું શરીર છે એવું કહો તો કહો પુરૂષાભિલાષરૂપ ભાવ પુરૂષ શરીરના ઉપલક્ષણપણાથી જો વિવક્ષિત છે તો શું ત્યાં નિયતવૃત્તિવાળા છે કે, અનિયતવૃત્તિવાળા છે.

જો નિયતવૃત્તિવાળા માનવામાં આવે તો આગમથી વિરોધ આવે છે, કેમ કે, વર્તમાનપણાથી જ પુરૂષ શરીરમાં વેદનો ઉદય આગમમાં કહેલ છે, તથા નિયતવૃત્તિરૂપથી તે અનુભવ પણ થતો નથી.

જો આ ત્યાં "કૌઆવાળું જીનદત્તનું ઘર છે." આની સમાન અનિયત વૃત્તિવાળા છે એવું કહેતા હો તો સ્ત્રી શરીરમાં કદી કદી પુરૂષ વેગનો ઉદય સંભવિત હોય છે. આથી તમારા મત પ્રમાણે સ્ત્રીયોને નિર્વાણ પ્રાપ્તિ થવાની આપત્તિ આવે છે. જેમ પુરૂષોના ભાવની અપેક્ષા સ્ત્રીત્વ છે. આજ પ્રમાણે સ્ત્રીયોમાં પણ ભાવોની અપેક્ષા પુંસ્ત્વ સંભવ છે. તથા મુક્તિનું કારણ મુખ્યત્વે ભાવ જ બતાવવામાં આવેલ છે. આથી જ્યારે અપકૃષ્ટ સ્ત્રીપણાથી યુકત પુરૂષોને નિર્વાણ થાય છે ત્યારે સ્ત્રીઓને પણ ઉત્કૃષ્ટ ભાવ પુરૂષત્વની અપેક્ષાથી નિર્વાણ કેમ પ્રાપ્ત ન થઈ શકે–અવશ્ય પ્રાપ્ત થવું જ જોઈએ.

તથા સમાસાન્તરનો અસંભવ હોવાથી "સ્ત્રીવેદ" અહીં સમાનાધિકરણ સમાસ થયેલ છે' એવું ન માનવું જોઈએ. કેમ કે, "स्त्रियावेदः" આ પ્રમાણે અહીં ષષ્ઠી તત્પુરૂષ સમાસ પણ બની શકે છે.

જો એવું કહો કે, સ્ત્રી શરીર અને પુરૂષાભિલાષાત્મક વેદ, આ બન્નેનો સંબંધ બની શકતો નથી. આ કારણે એ સમાસ અયુકત છે. તો આની સામે અમે પૂછીએ છીએ કે, આમાં પરસ્પરમાં સંબંધનો અભાવ કેમ છે? શું એ ભિન્ન ભિન્ન કર્મોદયરૂપ છે આ માટે? અથવા પુરૂષની માફક સ્ત્રિયોની પણ સ્ત્રિયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે. છે આ માટે? જો પ્રથમ પક્ષનો અંગિકાર કરવામાં આવે તો આનાથી ભિન્નતા સિદ્ધ થતી નથી. કેમકે, ભિન્નકર્મોદયરૂપ પણ પંચેન્દ્રિય જાતિ આદિનો તથા દેવગતિ આદિનો સદ્ભાય સંબંધ દેખવામાં આવે છે. બીજો પક્ષ પણ ઉચિત નથી. કારણ કે, સ્ત્રીની સ્ત્રીમાં પ્રવૃત્તિ પુરૂષની પ્રાપ્તિ ન થવાથી વેદોદયના કારણે જ થાય છે. કહ્યું પણ છે—"सा स्वकवेदात् तिर्यग्वदलाभे मत्तकामिन्या" અર્થાત્ આ પ્રવૃત્તિ સ્ત્રીવેદના ઉદયથી પુરૂષની પ્રાપ્તિ ન થવાથી તિર્યંચયોનીમાં, તિર્યંચનીની માફક કામોન્મત્ત સ્ત્રીની માફક થાય છે. "સ્ત્રીત્વનું પલ્યશત પ્રથકૃત્વ સુધી અવસ્થાન કહેવાયેલ છે. આનાથી જાણી શકાય છે કે, પુરૂષની અભિલાષારૂપ ભાવવેદમાં સ્ત્રી શબ્દનો પ્રયોગ આગમમાં પ્રયુકત થયેલ છે" તો એમ કહેવું પણ યુકિતયુકત નથી. બે સંખ્યાથી લઈને નવ સંખ્યા સુધી પૃથકૃત્વ કહેવાય છે. આનું તાત્પર્ય એ છે કે, નો સો પલ્ય સુધી સ્ત્રીત્વ જાતિમાં–સ્ત્રીના શરીરનો જન્મ થાય છે. પુરૂષાભિલાષાત્મક ભાવવેદ સ્ત્રી શરીરની પ્રાપ્તિમાં હેતુ નથી. આ કારણે એ સ્ત્રી શબ્દનો અર્થ થતો નથી. ત્યાં પલ્યશત પૃથકત્વ સુધી સ્ત્રી શરીરથી જન્મ લેવામાં સ્ત્રીત્વનો અનુબંધ જ હેતુરૂપથી વિવક્ષિત થયેલ છે, પરંતુ વેદ નામનો ભાવ નહીં. અર્થાત્ ભાવવેદ નહીં મૃત્યુના સમયે સ્ત્રીના આકારનો વિચ્છેદ થવાથી પણ સ્ત્રીત્વની પ્રાપ્તિમાં કારણીભૂત કર્મનો વિચ્છેદ થતો નથી.

એનો વિચ્છેદ ન થવાના કારણે પુંસ્ત્વ આદિના અવ્યવધાનથી ફરી સ્ત્રી શરીરજ પ્રાપ્ત થાય છે. તથા—" मणुयगईए चउद्दसगुणठाणाणि होंति " મનુષ્ય ગતિમાં ચૌદ ગુણસ્થાન હોય છે. તથા–" पंचिंदिएसु गुणठाणाणि हुंति चउद्दस " પંચેન્દ્રિયોમાં ચૌદ ગુણસ્થાન હોય છે. તથા–" चउद्दस तसेसु गुणठाणाणि हुंति " ત્રસોમાં ચૌદ ગુણસ્થાન હોય છે તથા–" भवसिद्धिया य सव्वट्ठाणेसु होंति " સઘળા સ્થાનોમાં ભવસિદ્ધિક થાય છે. સ્ત્રી શબ્દ રહિત પણ આ પૂર્વોકત સમસ્ત પ્રવચન સ્ત્રી નિર્વાણનું સમર્થક છે. કેમકે, સ્ત્રીયોમાં પણ પુરૂષની માફક મનુષ્યગતિ આદિ ધર્મનો સંબંધ રહે છે.

જો આની સામે એવું કહેવામાં આવે કે, આ પ્રવચન તો સામાન્ય રૂપથી વસ્તુનું પ્રતિપાદક છે. એથી સ્ત્રીરૂપ વિશેષનું નથો તો સાંભળો.

જો આ પ્રવચન સ્ત્રીરૂપ વિશેષ વિષયક નથી એવું માનવામાં આવે તો અમો પૂછીએ છીએ કે, પુરૂષોમાં મનુષ્યગતિરૂપ વિશેષતા પંચેન્દ્રિયરૂપ વિશેષતા અથવા ત્રસરૂપ વિશેષતા છે કે નહીં ? " નથી " એમ તો કહી શકાય તેમ નથી. કારણ કે, એનામાં મનુષ્યગતિ આદિ રૂપ વિશેષતા છે જ. છતાં પણ જો આ આગમનું ત્યાં પ્રમાણ ન માનો તો પુરૂષોમાં પણ આને પ્રમાણ ન માનવું જોઈએ, કેમકે, ત્યાં પણ મનુષ્યગતિ આદિની વિશેષતા વર્તમાન છે એથી જે રીતે આ પ્રવચન પુરૂષોમાં પ્રમાણ માનવામાં આવે છે એજ પ્રમાણે સ્ત્રિયોમાં પણ એને પ્રમાણ માનવું જોઈએ.

જો કહો કે, પુરૂષોમાં જ આ પ્રવચનની ચરિતાર્થતા છે. એથી આ ત્યાંજ પ્રમાણ માની શકાય. સ્ત્રિયોમાં નહીં તો આવું કહેવું એ પ્રમાણ નથી પરંતુ ફકત બોલવું માત્ર છે. જે પ્રમાણે તમે આમ કહો છો તો અમે પણ એવું કહી શકીએ કે, આ પ્રવચન પુરૂષોમાં ચારિતાર્થ નથી, સ્ત્રિયોમાં જ ચારિતાર્થ છે, એથી આ પ્રવચનને સામાન્ય વિષયક માનવું જોઈએ,

શંકા—જો આ પ્રવચનને સામાન્ય વિષયક માનવામા આવે તો અપર્યાપક મનુષ્યાદિકોમાં તથા દેવ, નરક અને તિર્યંચોમાં પણ નિર્વાણપદ પ્રાપ્ત થવાનો પ્રસંગ માનવો પડશે. તો આ પ્રકારની શંકા કરવી પણ ઠીક નથી, કારણ કે, અપર્યાપ્ત મનુષ્ય આદિ આ પ્રવચનના વિષય નથી, એ તો અપવાદના વિષય છે અને અપવાદને છોડીને જ ઉત્સર્ગની પ્રવૃત્તિ થાય છે. કહ્યું પણ છે

"अपवादं परिहृत्य उत्सर्गश्च प्रवर्त्तते" इति! એ અપવાદ "मिच्छादिट्ठी अपज्जत्तगे" तथा-"सुर नारएसु होंति चत्तारि तिरिएसु जाणपंचेव" આ પ્રકાર છે. એ મિથ્યાદૃષ્ટિ, અપર્યાપ્તક, દેવ, નારક અને તિર્યંચને છોડીને ઉપરોકત આગમ વાકય ચરિતાર્થ થાય છે. અર્થાત્ આને છોડીને સઘળા-મનુષ્ય માત્ર મુકિતના અધિકારી છે. કહ્યું પણ છે—

मनुजातौ सन्ति गुणाश्चतुर्दशे, त्याद्यपि प्रमाणं स्यात्।
पुंवत् स्त्रिणां सिद्धौ, नापर्याप्तादि वद्बाधा ॥ १ ॥" इति।

આ પ્રમાણે આનો નિષ્કર્ષ આ છે-કોઈ કોઈ મનુષ્ય સ્ત્રી નિર્વાણને કારણ કે, પુરૂષની માફક ત્યાં મુકિતના કારણોની અવિકળતા રહે છે. નિર્વાણનું કારણ અવિકળ સમ્યગ્દર્શનાદિ ત્રય છે. આ અવિકળ સમ્યગ્દર્શનાદિકોના ત્રિક એનામાં વિદ્યમાન રહે જ છે. આ વાત અમોએ પહેલા સિદ્ધ કહી દીધેલ આ કારણે કોઈ કોઈ મનુષ્ય સ્ત્રી મુકિતના કારણોની અવિકલતાથી યુકત હોવાના કારણે મુકિતને પ્રાપ્ત કરે છે આ અમારૂં કહેવું સર્વથા નિર્દોષ છે.

તથા જે પ્રમાણે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના અધિકારી પુરૂષો છે. એ જ પ્રમાણે સ્ત્રિઓ પણ પ્રવ્રજ્યાની અધિકારીણી છે. એ અમારૂં કથન અસિદ્ધ નથી. કારણ કે, ગર્ભિણી અને નાના બાળકવાળી સ્ત્રીને દિક્ષા આપવાનો નિષેધ છે. એથી જ્યારે એને દીક્ષા દેવાનો નિષેધ છે તો આથી એ જાણી શકાય છે કે, આનાથી અન્ય સ્ત્રિયોને દીક્ષિત થવાનો અધિકાર છે, વિશેષનો નિષેધ અવશિષ્ટમાં સંમતિનો પોષાક હોય છે.

તથા—સ્ત્રિયોને પણ એ ભવમાં જ સંસારનો ક્ષય થઈ જાય છે. કેમકે, તે પણ ઉત્તમ ધર્મનું સાધન કરવાવાળી હોય છે. આ કારણે એનામાં પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે કેવળજ્ઞાન થવાથી નિયમથી મુકિતનો લાભ થાય છે. કહ્યું પણ છે-

"णो खलु इत्थि अजीवो, ण यासु अभव्वा ण यावि दंसण विरोहिणी,
णो अमाणुसा णो अणारि उप्पत्ति, णो असंखेज्जा उया, णो अइक्रूरमइ,
णो ण उवसंतमोहा, णो ण सुद्धाचारा, णो असुद्ध बोंदी, णो ववसाय,
वज्जिया, णो अपुव्वकरणविरोहिणी, णो णवगुणट्ठाणरहिया, कहं न
उत्तमधम्मसाहिगत्ति"

छाया—न खलु स्त्री अजीवः, न चासु अभव्या न चापि दर्शन विरोधिनी, नो अमानुषी, न अनार्योत्पत्तिः नो असंख्येयायुष्का, नो अतिक्रूरमतिः, नो न

उपशान्तमोहा, नो न शुद्धाचारा, नो अशुद्धशरीरा, नो व्यवसायवर्जिता, नो अपूर्वकरणविरोधिनी, नो नवगुणस्थानरहिता कथं न उत्तमधर्मसाधिकेति ।

તાત્પર્ય આનું આ પ્રમાણે છે—સ્ત્રી અજીવ નથી, પરંતુ જીવ જ છે. આથી એનો ઉત્તમ ધર્મ સાધન કરવાની સામે કોઈ વિરોધ નથી. લોકોમાં પણ આજ પ્રમાણે જોવામાં આવે છે.

શંકા—જીવ માત્રને જો ઉત્તમ ધર્મના સાધક માનવામાં આવે તો પછી અભવ્યોને પણ જીવ હોવાથી ઉત્તમ ધર્મના સાધક માનવા પડે. પરંતુ એમનામાં તો ઉત્તમધર્મની સાધકતા માની શકાતી નથી. આ પ્રકારની આશંકાની નિવૃત્તિના માટે સૂત્રકાર કહે છે કે–અભવ્ય નથી તો પણ સ્ત્રીયોમાં પણ કેટલીક સ્ત્રીયો અભવ્ય હોય છે તથાપિ બધી અભવ્ય હોય છે એવી વાત નથી. સંસારથી નિર્વેદ, ધર્મથી અદ્વેષ તથા સુશ્રૂષા વગેરે ગુણો તેમનામાં દેખાય છે. ભવ્ય હોવા છતાં પણ એ સમ્યગ્દર્શનની વિરોધિની હોતી નથી. કેટલાક પ્રાણી તો એવા એવા હોય છે કે, ભવ્ય હોવા છતાં પણ સમ્યગ્દર્શનથી વિરોધ રાખે છે. પરંતુ એ એવી નથી. કેમકે, એનામાં આસ્તિકતા આદિ ગુણો જોવામાં આવે છે. મનુષ્ય જાતિમાં એ ઉત્પન્ન થાય છે. કેમ કે, એનામાં મનુષ્ય જાતિની રચનાં અનુસાર વિશિષ્ટ એવા હાથ, પગ, છાતી. ડોક વગેરે અવયવોની રચના જોવામાં આવે છે. " અમાનુષી એ નથી, પરંતુ મનુષ્ય છે. " नो अनार्योत्पत्तिः " કેટલીક માનુષી પણ હોય છે. પરંતુ જો તે અનાર્યા હોય તો પણ નિર્વાણને યોગ્ય મનાતી નથી. આથી એ અનાર્ય કુળમાં ઉત્પન્ન થયેલ નથી પરંતુ આર્યકુળમાં ઉત્પન્ન થયેલ છે. આ પ્રમાણે " नो असंख्येयायुष्का " એ આર્યકુળમાં ઉત્પન્ન હોવા છતાં પણ અસંખ્ય વર્ષની આયુવાળી નથી હોતી. કેમ કે, અસંખ્યાત વર્ષની આયુવાળા ભોગ ભૂમિયાજીવ હોય છે, પરંતુ તે મોક્ષના અધિકારી હોતા નથી. એ સંખ્યાત વર્ષની આયુવાળી છે. આથી નિર્વાણને યોગ્ય છે. સંખ્યાતવર્ષની આયુવાળી પણ કેટલીક અતિ ક્રૂર બુદ્ધિવાળી સ્ત્રિયો નિર્વાણની અધિકારિણી બનતી નથી આથી આ દોષને દૂર કરવા માટે એવું કહ્યું છે કે, એ અતિક્રૂર બુદ્ધિવાળી નથી આ કારણે એ સાતમા નરકના આયુના બંધના કારણભૂત રૌદ્રધ્યાનથી રહિત હોય છે, જે રીતે એનામાં સાતમા નરકની આયુના બંધનના કારણભૂત રૌદ્રધ્યાનનો અભાવ છે એજ રીતે એનામાં પ્રકૃષ્ટ શુભધ્યાનનો પણ અભાવ માનવો જોઈએ તો એ વાત નથી. કારણ અશુભ રૌદ્રની સાથે એનો કોઈ અવિનાભાવ સંબંધરૂપ પ્રતિબંધ નથી, એ ધ્યાનના અભાવમાં પણ પ્રકૃષ્ટ શુભ ધ્યાન થઈ શકે છે. " नो न उपशान्तमोहा " કેટલીક સ્ત્રીયો અતિ ક્રૂર મતિવાળી ન પણ હોય. પરંતુ એનામાં રતિની લાલસા રહે છે. આથી આવી

સ્ત્રીયોને નિર્વાણ યોગ્ય માનવામાં આવેલ નથી. તો આ બધાનાં નિવૃત્તિના માટે સૂત્રકાર કહે છે કે, એ વિવિક્ષિત સ્ત્રીયોમાં અતિક્રૂરમતિવાળી હોવા છતાં પણ ઉપશાંત મોહવાળી છે એમની રતિલાલસારૂપ મોહપરિણતિ ઉપશાંત થઇ ચુકેલ છે, "નો ન શુદ્ધાચારા" કેટલીક સ્ત્રિયો એવી પણ હોય છે કે, જે ઉપશાંત મોહ પરિણતિ હોવા છતાં પણ અશુદ્ધ આચારવાળી હોય છે. પરંતુ જેને મુક્તિ પ્રાપ્ત કરવી છે તે શુદ્ધ આચારવાળી નથી હોતી એવી વાત નથી. પરંતુ શુદ્ધ આચારથી વિશિષ્ટ જ હોય છે. કેમ કે એ પોતાના આચારમાં દોષોને લાગવા દેતી નથી તથા લાગવાથી પણ એની શુદ્ધિ કરે છે. "નો અશુદ્ધ શરીરા" શુદ્ધ આચાર વિશિષ્ટ હોવા છતાં પણ કેટલીક સ્ત્રીયો શરીરથી અશુદ્ધ રહ્યા કરે છે આથી તે નિર્વાણ પ્રાપ્તિની અધિકારિણિ થતી નથી. તો આ શંકાના સમાધાન નિમિત્ત સૂત્રકાર કહે છે કે, આવો એકાન્ત નિયમ નથી. કેટલીક સ્ત્રીયો એવી પણ હોય છે કે, જે શુદ્ધ આચાર સંપન્ન હોવા છતાં પણ શરીરથી અશુદ્ધ રહેતી નથી. જેનું વજ્રર્ષભ નારાચ સંહનન હોતું નથી એજ અશુદ્ધ શરીરવાળી હોય છે. અને મોક્ષ પ્રાપ્તિના યોગ્ય હોતી નથી. બધી સ્ત્રીઓ આવી હોય છે એવી વાત નથી. કેટલીક સ્ત્રીઓ શુદ્ધ શરીરવાળી પણ હોય છે. "નો વ્યવસાયવર્જિતા" શુદ્ધ શરીર હોવા છતાં પણ કેટલીક સ્ત્રીયો વ્યવસાયથી વર્જીત હોય છે. અર્થાત્ નિંદિત હોય છે. તો આ પણ નિયમ નથી બની શકતો. કારણ કે, શાસ્ત્રોકત અર્થમાં શ્રદ્ધાળુ હોવાના કારણથી કેટલીક સ્ત્રીયો પરલોક સુધારવામાં વ્યવસાયથી વિહીન બની નથી. આ કારણે એમની પ્રવૃત્તિ પરલોકના નિમિત્ત માટેની જોવામાં આવે છે. "નો અપૂર્વ કરણવિરોધિની" વ્યવસાયવાળી હોવા છતાં પણ કેટલીક સ્ત્રીયો એવી પણ હોય છે, જે અપૂર્વ કરણની વિરોધિની નથી હોતી. તો આ વાત પણ એકાન્ततः માન્ય નથી થઈ શકતી કારણ કે, કેટલીક સ્ત્રીઓ એવી પણ હોય છે જે અપૂર્વ કરણની વિરોધિની નથી હોતી કેમકે સ્ત્રીજાતીમાં પણ અપૂર્વકરણનો સંભવ પ્રતિપાદિત થયેલ છે. આથી તે અપૂર્વકરણની વિરોધિનીથતી નથી. "નો નવગુણસ્થાન રહિતા" આ પ્રમાણે અપૂર્વકરણ ગુણસ્થાનવાળી હોવા છતાં પણ કેટલીક નવગુણ સ્થાનવાળી હોતી નથી. તો આ આશંકાની નિવૃત્તિને માટે સૂત્રકાર કહે છે કે, આ વાત પણ એકાન્ततः નિયમિત નથી. કારણ કે, છઠ્ઠા ગુણસ્થાનથી લઇને નવગુણસ્થાન સુધી અર્થાત્ ચૌદ ગુણસ્થાન સુધી સાતમું, આઠમું, નવમું, દસમું, અગ્યારમું, બારમું, તેરમું, ચૌદમું આ નવ ગુણસ્થાન પણ સ્ત્રીઓમાં હોય છે. આ નવગુણસ્થાનોથી એ રહિત હોતી નથી. અર્થાત્ કેટલીક સ્ત્રીયો નવ ગુણસ્થાનથી યુકત પણ હોય છે. જ્યારે એ સ્ત્રીયો આ પ્રમાણેની હોય છે. તો પછી એ ઉતમ ધર્મની સાધિકા કેમ ન થઈ શકે. સારાંશ આનો એ છે કે, તત્તત્કાળની અપેક્ષાથી પુરૂષની માફક એટલા ગુણ અને સંયમથી

સમન્વીત સ્ત્રી પણ ઉત્તમ ધર્મની સાધિકા હોય છે. જ્યારે એ ઉત્તમ ધર્મની સાધિકા બને છે તો કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. અને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં નિયમથી મોક્ષ એને પ્રાપ્ત થઈ જાય છે, આ પ્રમાણે અહીં સ્ત્રી મુક્તિનું સમર્થન કરવામાં આવેલ છે. ॥ ૫૦ ॥

સિદ્ધોં કે સ્વરૂપ કા નિરૂપણ

હવે અવગાહના અને ક્ષેત્રની અપેક્ષા સિદ્ધોનું પ્રતિપાદન કરે છે—

અન્વયાર્થ—**उक्कोसो गाहणाए**–उत्कृष्टावगाहनायाम् સૌથી મોટા શરીરનું નામ ઉત્કૃષ્ટ અવગાહના છે. તે પાંચસો ધનુષ પ્રમાણ હોય છે. આ અવગાહનાથી જે સિદ્ધ થયેલ છે તે ઉત્કૃષ્ટ અવગાહના સિદ્ધ છે. **जहन्नमज्झमाइय गाहणाए**–जघन्य मध्यमायां च अवगाहनायाम् બે હાથ પ્રમાણ શરીર જઘન્ય અવગાહના છે. આ અવગાહનાથી જે સિદ્ધ થયેલ છે તે જઘન્ય અવગાહના સિદ્ધ છે. આ બન્નેના વચ્ચેની જે અવગાહના છે તે મધ્યમ અવગાહના છે. આ અવગાહનામાં જે સિદ્ધ થયા છે તે મધ્યમ અવગાહના સિદ્ધ છે, **उड्ढं आहे य तिरियं समुद्दंढं जलम्मि**–ઉર્ધ્વમ્ અધશ્ચ તિર્યક્ સમુદ્રે જલે ચ આ પ્રમાણે જે મેરૂ ચૂલિકા આદિથી ચારણ ઋદ્ધિધારી મુનિયોને મુક્તિની પ્રાપ્તિ સંભવિત છે. આથી એમને ઉર્ધ્વસિદ્ધ જાણવા જોઈએ. અધોલોક પ્રસિદ્ધ જે ગ્રામ આદિ છે તેમાં જેને મુક્તિ પ્રાપ્ત થાય છે તે અધઃસિદ્ધ છે અઢીદ્વિપ સમુદ્રાત્મક તિરછાલોકમાં જે સિદ્ધ થાય છે તે તિર્યગ્ સિદ્ધ છે આમાંના કેટલાક સમુદ્રમાં મુક્તિ પ્રાપ્ત છે એ સમુદ્રસિદ્ધ કહેવાય છે કેટલાક નદી આદિના જળમાં મુક્તિ પ્રાપ્ત કરે છે તે જળસિદ્ધ કહેવાય છે. આજ પ્રમાણે ભૂમિસિદ્ધ પર્વતસિદ્ધ જાણવા જોઈએ. આ અર્ધ તૃતીયદ્વિપ સમુદ્રાત્મક તિર્યગ્ લોકમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જ્યાં મુક્તિ પામવાનો નિષેધ હોય. ॥ ૫૧ ॥

સ્ત્રી પુરૂષ આદિ અનેક પ્રકારના જીવ સિદ્ધ થાય છે. આથી સિદ્ધોમાં પણ અનેક પ્રકારતા આવે છે. આ કારણે હવે સૂત્રકાર " કયાં કઇ લિંગથી કેટલા સિદ્ધ થાય છે. આ વાતને કહે છે—" **दस य** " ઈત્યાદિ !

અન્વયાર્થ— **एगण समयेण**–एकेन समयेन એક સમયમાં કૃત્રિમ **नपुंसएसु**–

નપુંસકેષુ નપુંસકોમાંથી દસ-દશ દસ નપુંસક જીવ સિજ્ઝઇ-સિધ્યતિ સિદ્ધ થાય છે. કૃત્રિમ નપુંસકોમાંથી આટલા જ જીવ સિદ્ધ થાય છે. જન્મથી જે નપુંસક છે એમાંથી નહીં કારણ કે, એવા નપુંસકોના પરિણામ જ દીક્ષા ગ્રહણ કરવાનાં હોતાં નથી તથા ઇત્થિયાસુ-સ્ત્રીષુ સ્ત્રીલિંગથી સ્ત્રિયોમાંથી વીસં-વિંશતિઃ વીસ સ્ત્રિયો સિજ્ઝઇ-સિધ્યતિ એક સમયમાં સિદ્ધ પદ પ્રાપ્ત કરે છે. તથા પુરિસેસુ ય અદ્ઢસયં-પુરુષેષુ ચ અષ્ટશતમ્ પુરૂષોમાંથી એક સો આઠ જીવ એક સમયમાં સિદ્ધ થાય છે. આજ પ્રમાણે ગિહલિંગે-ગૃહિલિઙ્ગે ગૃહસ્થ લિંગમાંથી એક સમયમાં ચત્તારિ-ચત્વારિ ચાર જીવ સિજ્ઝઇ-સિધ્યન્તિ સિદ્ધ થાય છે. અન્નલિંગે દસેવ ય-અન્યલિઙ્ગે દશૈવ ચ અન્યલિંગમાંથી એક સમય દસ જીવ સિદ્ધ થાય છે. સલિંગે અદ્ઢસયં-સ્વલિઙ્ગે ચ અષ્ટશતમ્ સ્વલિંગમાંથી એક સો આઠ જીવ એક સમયમાં સિદ્ધ થાય છે.

આજ પ્રમાણે ઉક્કોસોગાહણાએ ય જુગવં દુવે સિજ્ઝંતિ-ઉત્કૃષ્ટાવગાહનાયાં ચ યુગપત્ દ્વૌ સિધ્યતઃ ઉત્કૃષ્ટ અવગાહનામાંથી એકકાળમાં બે જીવ સિદ્ધ થાય છે. જહન્નાએ ચત્તારિ-જઘન્યાયાં ચત્વારિ જઘન્ય અવગાહનામાંથી એક સાથે ચાર જીવ સિદ્ધ થાય છે. મજ્ઝે અદ્ઢુત્તરં સયં-મધ્યે અષ્ટોત્તરશતમ્ મધ્ય અવગાહનામાંથી એકસો આઠજીવ એક સમયમાં સિદ્ધ થાય છે. આજ પ્રમાણે ઉદ્ઢલોએ ચત્તારિ-ઉર્ધ્વલોકે ચત્વારિ ઉર્ધ્વ સ્થાનથી એક સમયમાં ચાર જીવ સિદ્ધ થાય છે. સમુદે દુવે જલે તઓ અહે વીસં તિરિયલોએ અદ્ઢુત્તરં સયં એગેણ સમએ સિજ્ઝતિ-સમુદ્રે દ્વૌ જલે ત્રયઃ અધઃ વિંશતિઃ તિર્યક્લોકે અષ્ટોત્તરં શતં એકેન સમયેન સિધ્યન્તિ સમુદ્રમાંથી બે જીવ જળમાંથી ત્રણ જીવ અધોલોકમાંથી વીસ જીવ અને તિરછા લોકથી એકસો આઠ જીવ એક સમયમાં સિદ્ધ થાય છે. ॥ ૫૨-૫૫ ॥

અલોક મેં ગતિ કે અવરોધ કા નિરૂપણ

" કહિં પડિહયા " ઇત્યાદિ.

અન્વયાર્થ—સિદ્ધો-સિદ્ધાઃ સિદ્ધ આત્મા કહિં-ક્વ કયા સ્થાન ઉપર જઈને પડિહયા-પ્રતિહતાઃ અવરૂદ્ધ થાય છે. તથા સિદ્ધા-સિદ્ધાઃ સિદ્ધ જીવ કહિં પઇટ્ઠિયા-ક્વ પ્રતિષ્ઠિતાઃ કયે સ્થળે અપર્યવસિત કાળ સુધી રહે છે. તથા કહિં બોંદિં ચઇત્તા કત્થ ગંતૂણ સિજ્ઝઇ-ક્વ શરીરં ત્યક્ત્વા કુત્ર ગત્વા સિધ્યતિ એ સિદ્ધ જીવ શરીરને કયાં છોડીને કયાં જઈને સિદ્ધ થાય છે. આ પ્રકારનો શિષ્યનો પ્રશ્ન છે૫૬।

આ પ્રશ્નોના ઉત્તર આ પ્રમાણે છે—" अलोए " ઇત્યાદિ.

અન્વયાર્થ—સિદ્ધો–સિદ્ધઃ સિદ્ધ આત્મા અલોए પડિહયા–અલોકે પ્રતિહતાઃ લોકાકાશમાં ગતિથી પ્રતિરૂદ્ધ છે. કેમ કે, ત્યાં ગતિમાં સહાયક ધર્મદ્રવ્યનો અભાવ છે આ કારણે અલોકાકાશમાં સિદ્ધ આત્માઓની ગતિ થતી નથી અર્થાત્ લોકાકાશ ઉલ્લંઘીને તેઓ અલોકાકાશમાં જતા નથી उक्तंच—

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावात्, स हि हेतुः गतेः परः ॥१॥

આઠ કર્મોને કાપીને જ્યારે આત્મા સિદ્ધ બની જાય છે ત્યારે તે लोयग्गे य पइट्ठिया–लोकाग्रे च प्रतिष्ठिताः લોકના અગ્રભાગમાં જઈને બીરાજમાન થઈ જાય છે. જો સિદ્ધોનું અલોકાકાશમાં ગમન ભલે ન થાય પરંતુ તિરછા અથવા અધોગમ એમનું કેમ થતું નથી કે, જેનાથી એ લોકના અગ્રભાગમાં જ અવસ્થિત રહે છે ?

તિર્યંગ ગતિ અથવા અધોગતિ પ્રાણીઓની કર્મને આધીન હોય છે. સિદ્ધ અવસ્થામાં આ ગતિના કારણે ભૂત કર્મોનો સર્વથા અભાવ થઈ જાય છે. આથી એના અભાવમાં તિર્યગ્ગતિ અથવા અધોગતિ સિદ્ધોની થતી નથી तदुक्तम्–

अधस्तिर्यगधोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।
उर्ध्वमेव तादृम्यात्, भवति क्षीणकर्मणाम् ॥ १ ॥

એ સિદ્ધ થયેલી આત્માઓ इहं–इह આ તિર્યગ્ લોક આદિમાં बोंदिं चइत्ता–शरीरं त्यक्त्वा શરીરનો પરિત્યાગ કરી तत्थ लोयग्गे गंतूण सिज्झइ–तत्र लोकाग्रे गत्वा सिध्यति લોકના અગ્રભાગમાં પ્રાપ્ત થઈને સિદ્ધ થઈ જાય છે. ગાથામાં " चइत्ता गंतूण " ઇત્યાદિની માફક કૃત્વા પ્રત્યયનો સમાન કાળમાં જ પ્રયોગ થયેલ છે. જીવ જે સમયે દેહનો પરિત્યાગ કરે છે એજ સમયે એને સઘળા કર્મોના ક્ષયરૂપ મોક્ષ તથા લોકના અગ્રભાગમાં ગમન અને સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ જાય છે. અહીંયા પૂર્વાપર કાળનો વિભાગ થતો નથી. उक्तंच—

" द्रव्यस्य कर्मणो यद्वद्, उत्पत्त्यारंभवीतयः ।
समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ॥ १॥ इति ॥

લોકના અગ્રભાગને પ્રાપ્ત કરીને તે સિદ્ધ થઈ જાય છે. તે આ લોકનો અગ્રભાગ ઈષત્પ્રાગ્ભારી પૃથવીના ઉપર છે, ॥ ૫૭ ॥

હવે આ પૃથ્વી જે પ્રદેશમાં જે સંસ્થાનવાળી, જેટલા પ્રમાણવાળી તથા જે વર્ણની છે એ વાતને સૂત્રકાર બતાવે છે—" बारसहिं " ઇત્યાદિ ।

અન્વયાર્થ–सव्वट्ठस्सुवरि- सर्वार्थस्य उपरि સર્વાર્થ નામના અનુત્તર વિમાનની ઉપર बारसेहिं जोयणेहिं–द्वादशभिः योजनैः બાર જોજનથી આગળ छत्तसंठिया–छत्रसंस्थिताः છત્રી આકાર ઇસી પબ્ભારનામા–इषत्प्राग्भारनामा ઇષત્પ્રાગ્ભાર આ નામની પૃથ્વી भवे –भवति છે. ।૫૮।

" पणयाल " ઇત્યાદિ !

અન્વયાર્થ—એ ઇષત્પ્રાગભાર નામની ભૂમિ जोयणाणं पणयालसयसहस्सा– योजनानां पंचचत्वारिं शत् शतसहस्राणि પીસ્તાળીસ લાખ યોજન ન આયયા–आयता દીર્ઘ છે તથા તાવઇયા ચેવ વિત્થિન્ના–तावतीचैव विस्तीर्णाः એટલાજ વિસ્તારવાળી છે. तस्सेव परिरओ तिगुणो–तस्यैव परिरयः त्रिगुणः તેની પરિધિ આ આયામથી કંઇક વધારે ત્રણગણાથી થોડી વધુ છે. અર્થાત્–(૧૪૨૩૦૨૪૯) એક કરોડ બેંતાળીસલાખ ત્રીસહજાર બસો ઓગણપચાસ યોજન પ્રમાણવાળી છે. ગાથામાં સામાન્યરૂપથી પરિધિ ત્રણગણી બતાવેલ છે. પરંતુ અહિંયાં તેને કાંઇક અધિક વિશેષરૂપથી જાણવી જોઇએ કેમ કે, આગમમાં એવું જ કહેલ છે. જો આ વાત માનવામાં ન આવે તો એકકરોડ પાંત્રીસલાખ (૧૩૫૦૦૦૦૦) આટલો વિસ્તાર જ ત્રણગણું કરવાથી આવે છે. આનો આગળથી વિરોધ થાય છે. આગમમાં પરિધિનો આ પ્રમાણે વિસ્તાર કહેલ છે—

" एगा जोयणकोडी, बायालीसं भवे सयसहस्सा ।
तीसं चेव सहस्सा, दो चेव सया अउणपन्ना ॥ १ ॥ "

એકકરોડ બેંતાલીસલાખ ત્રીસહજાર બસોને ઓગણપચાસ (૧૪૨૩૦૨૪૯) યોજન પ્રમાણ પરિધિ અહિં ગાથામાં કહેલ છે

કિંચ—" अट्ठजोयण " ઇત્યાદિ ।

અન્વયાર્થ—सा–सा એ ઇષત્પ્રાગભારા ભૂમિ मज्झम्मि–मध्ये મધ્ય ભાગમાં अट्ठजोयणबाहल्ला – अष्टयोजनबाहल्या આઠ જોજનની સ્થૂળતાથી યુકત છે. તથા चरिमंते–चरमान्ते સમસ્ત દિશાઓની તરફ રહેલા પર્યન્ત પ્રદેશોમાં પ્રતિયોજન આગળ પૃથ્વીની હાનીથી परिहायंति–परिहीयमाना ઓછી થતાં થતાંमक्खीपत्ता–मक्षीकापत्रात् માખીની પાંખથી પણ तनुयरा–तनुतरा અતિ પાતળી હોય છે.॥૬૦॥

किञ्च—" अज्जुण " ईत्यादि ।

अन्वयार्थ—सा—सा એ ईषत्प्राग्भारा पुढवी—पृथिवी पृथवी अज्जुणसुवण्णगमई—अर्जुनसुवर्णकमयी શ્વેત સુવર્ણમય છે, सहावेणं निम्मला—स्वभावेन निर्मला તથા સ્વભાવથી નિર્મળ છે અને उत्ताणगछत्तगसंठिया—उत्तानकछत्रसंस्थिता ઉઘાડેલી છત્રીના જેવી આકારવાળી છે. એવું जिनवरेहिं भणिया—जिनवरैः कथिता જીનેન્દ્રદેવે કહ્યું છે. જો કે, (૫૮) અઠાવનમી ગાથામાં આ પૃથવીનો આકાર છત્રી જેવો બતાવવામાં આવેલ છે, અને અહીં પણ છત્રી જેવો બતાવેલ છે. આ પ્રમાણ પુનરૂક્તિ દોષની પ્રસક્તિ થાય છે. પરંતુ આ રીતે એની નિવૃત્તિ થઈ જાય કે. અઠાવનમી ગાથામાં સામાન્યતય છત્રી જેવું બતાવેલ છે. જેથી એ કથનમાં અને આ કથનમા વિશેષતા હોવાથી પુનરૂક્તિ દોષ આવતો નથી. ॥ ૬૧ ॥

किञ्च—" संखंक " ईत्यादि ।

અન્વયાર્થ—તથા આ ईषत्प्राग्भारा પૃથવી संखंककुन्दसंकासा—शंखाङ्ककुंदसंकाशा શંખ, સ્ફટિક અને કુન્દ પુષ્પના જેવા વર્ણવાળી છે. આ કારણે એ पंडुरा—पाण्डुरा સફેદ છે તથા निम्मला—निर्मला નિર્મળ તેમજ सुहा—शुभा શુભ तत्तो सीयाए जोयणे—सीतयाः योजने આ प्राग्भारा નામની પૃથવી કે જેનું નામ સીતા અને સિદ્ધ શિલા પણ છે. ઉપર એક જોજન પછી એટલે ચાર ગાઉ પછી लोयंतो वियाहियो—लोकान्तः व्याख्यातः લોકોનો અંત—સિદ્ધોનું નિવાસ સ્થાન કહેવામાં આવેલ છે. ॥ ૬૨ ॥

જો સિદ્ધ શિલાથી એક જોજન ઉપર લોકાન્ત છે તો શું ત્યાં સર્વત્ર સિદ્ધ છે અથવા અન્ય પ્રકારથી છે તેને કહે છે—"जोयणस्स उ" ईत्यादि ।

અન્વયાર્થ—तत्थ जोयणस्स उवरिमो जो कोसो भवे—तत्र योजनस्य उपरितनः यः क्रोशः भवति ત્યાં યોજનનું ઉપરિતન જે ક્રોશ છે तस्स कोसस्स छब्भाए—तस्य क्रोशस्य षष्ठभागे એ ક્રોશના છઠા ભાગમાં सिद्धाणोगाहणा—सिद्धानर्नां अवगाहना સિદ્ધોનું અવસ્થાન છે. ચોવીસ આંગળનો એક હાથ થાય છે. ચાર હાથનું એક ધનુષ થાય છે. બબે હજાર ધનુષનો એક ક્રોષ થાય છે. આનો છઠ્ઠો ભાગ (૩૨)બત્રીસ આંગળ યુકત ત્રણસો તેત્રીસ (૩૩૩) ધનુષ થાય છે. આટલી જગ્યામાં સિદ્ધોનો નિવાસ છે. ॥ ૬૩ ॥

અવગાહના પરમાણુ આદિના સમાન ચલન સ્વભાવવાળી હોય છે તો સિદ્ધોના એકાદ પ્રદેશોમાં ચલન સ્વભાવ છે શું? તો કહે છે-"तत्थ" ઈત્યાદિ।

અન્વયાર્થ—જે કારણે भवप्पपंचओ मुक्का-भवप्रपंचोन्मुक्ताः એ સિદ્ધ ચતુર્ગતિરૂપ આ સંસારમાં પ્રપંચથી રહિત છે. અને એજ કારણે वरगइं सिद्धिं गया-वरगतिं सिद्धिं गताः અન્ય ગતિઓની અપેક્ષા શ્રેષ્ઠ ગતિ જે સિદ્ધ ગતિ છે તેને પ્રાપ્ત કરી ચૂકયા છે. એજ કારણે महाभागा – महाभागाः અવ્યાબાધ શાશ્વત સુખને એ ભોગવે છે અને આજ કારણે એ મહાભાગ છે. એવા એ સિદ્ધ लोगम्मि पइट्ठिया-लोकाग्रे प्रतिष्ठिताः લોકના અગ્રભાગમાં સદા સ્થિર છે. તેમાં હલનચલન ક્રિયા નથી ભવ પ્રપંચ જ ચલન ક્રિયામાં હેતુ હોય છે. એ સિદ્ધોમાં નથી આથી એમનામાં ચલનક્રિયા કઈરીતે થઈ શકે? નથી થઇ શકતી.।૬૪।

હવે સિદ્ધોની અવગાહના કહે છે—" उस्सेहो " ઈત્યાદિ ।

અન્વયાર્થ—चरिमम्मि भवम्मि-चरमे भवे અંતિમ જન્મમાં જેસિં जो उत्सेधः होइ-येषां यः उत्सेधः भवति જે સિદ્ધ થવાવાળા જીવોનું જેટલું ઉંચાપણું અર્થાત્ શરીર પ્રમાણ હોય છે. तत्तो-ततः એ અંતિમ ભવના શરીર પ્રમાણથી तिभागहिणो-त्रिभागहीना ત્રીજા ભાગે ઓછી सिद्धाणोगाहणा भवे-सिद्धानां अवगाहना भवति એ સિદ્ધોની અવગાહના હોય છે, અંતિમ શરીરથી ત્રીજા ભાગે ઓછી અવગાહના સિદ્ધ આત્માની આ કારણે બતાવવામાં આવેલ છે કે, એ વખતે શરીરના વિવરોને તે આત્મપ્રદેશ પૂરા ભરી દે છે આ કારણે એ પ્રદેશના ફેલાવમાં સંકોચ થઇ જાય છે. उक्तंच—

" देहतिभागो झुसिरं तप्पूरणओ तिभागहिणाय ॥ " इति ॥ ६५ ॥

હવે એ સિદ્ધોની કાળથી પ્રરૂપણા કરે છે—" एगत्तेण " ઈત્યાદિ ।

અન્વયાર્થ—એ સિદ્ધ ભગવાન एगत्तेण-एकत्वेन विवक्षिताः અસહાય રૂપથી વિવક્ષિત થયેલ છે. અર્થાત્—તે સઘળા સ્વતંત્ર છે. એક બીજાને પરસ્પરમાં સહાયતાની અપેક્ષા નથી. साइया-सादिताः જે કાળમાં તેઓ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે એજ કાળ તેમની સાદ્દી અવસ્થા છે અર્થાત્ એ કાળની અપેક્ષા તે આદિ સહિત છે वि य-अपि च તથા अपज्जवसिया-अपर्यवसिताः અન્ત રહિત

હોવાના કારણે તેઓ ત્યાંથી પાછા ફરતા નથી. મુક્તિ પ્રાપ્ત થઈ જવા પછી તેઓ ત્યાંથી પાછા ફરતા નથી. પુહત્તેણ અણાહિયા–પૃથક્ત્વેન અનાદિકાઃ સિદ્ધ પરંપરારૂપ સમષ્ટિની અપેક્ષાથી અનાદિ છે. વિ ય અવજ્જવસિયા–અપિ ચ અપર્યવસિતાઃ તથા કાળત્રયમાં વિદ્યમાન રહેવાને કારણે અનંત પણ છે. સાદી અનાદિ અને અનંત એ સઘળા ધર્મસિદ્ધમાં વિવક્ષાની અપેક્ષાથી ભોજ્યુદ છે।। ૬૬ ।।

હવે સિદ્ધોનું સ્વરૂપ કહે છે–" અરૂવિણો " ઈત્યાદિ ।

અન્વયાર્થ—એ સિદ્ધ પરમાત્મા અરૂવિણો–અરૂપિણઃ રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત હોવાના કારણે અરૂપી છે. જીવઘણા–જીવઘનાઃ સર્વદા ઉપયોગ વિશિષ્ટ છે. તથા ઘન–શરીરના વિવરોના ભરાઈ જવાના કારણે આત્મ પ્રદેશોનો નિચય થઈ જવાથી નિરંતર અને નિબિડ પ્રદેશવાળા છે. નાણદંસણ સન્નિયા–જ્ઞાનદર્શનસંજ્ઞિતાઃ કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ ઉપયોગવાળા છે. જસ્સ ઉવમા નત્થિ–યસ્ય ઉપમા નાસ્તિ સંસારમાં જેની કોઈ ઉપમા નથી એવા અતુલં સુહસંપત્તા–અતુલં સુખં સંપ્રાપ્તાઃ અપરિમિત સુખ અવ્યાબાધ આનંદના ભોક્તા છે.

ઔપપાતિક સૂત્રમાં આ સુખના વિષયમાં એમ કહેલ છે—

" सिद्धस्य सुहो रासी, सव्वद्धा पिंडिओ जइ हवेज्जा ।
सोऽणंतवग्गभइओ, सव्वागासे न माइज्जा ।। "

છાયા—सिद्धस्य सुख राशीः, सर्वाद्धा पिंडितो यदि भवेत् ।
सोऽनंतवर्गभक्तः, सर्वाकाशे न मायात् ।। "

અર્થાત્—સિદ્ધોની સુખરાશીને જો સર્વકાળમાં અર્થાત્–ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાળમાં એકત્રિત કરવામાં આવે અને એને અનન્ત

વર્ગથી ગુણવામાં આવે તો એનો સર્વાકાશ અર્થાત્–લોક લોકરૂપ સંપૂર્ણ આકાશમાં પણ સમાવેશ થઈ શકે નહીં. અર્થાત્–આટલું સુખ સિદ્ધોને છે.

પ્રશ્ન—જ્યાં કાંઈ પણ સુખ ઉત્પન્ન થાય છે, તે રૂપાદિ વિષયને આશ્રિત બનાવીને જ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે મુક્તિકાળમાં લોકના અગ્રભાગમાં વિષયનો અભાવ હોવાથી સુખની સંભાવના હોઈ શકે જ નહીં છતાં પણ એવું કહેવું કે, "સિદ્ધ પરમાત્મા અતુલ સુખને ભોગવે છે." આ કઈ રીતે માની શકાય? તો આનો ઉત્તર આ પ્રમાણે છે—જુઓ લોકમાં સુખ શબ્દના ચાર અર્થ છે उक्तंच—

"लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाभावे, विपाके मोक्ष एवच ॥ १ ॥
सुखो वह्निः सुखो वायुः, विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मिति मन्यते ॥ २ ॥

पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेश विमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ॥ ३ ॥

વિષય (૧) વેદનાનો અભાવ (૨) વિપાક (૩) મોક્ષ (૪) "અગ્નિ સુખકારક છે, વાયુ સુખકારક છે." ઇત્યાદિ શબ્દમાં સુખ શબ્દનો પ્રયોગ વિષયની અપેક્ષાથી થયેલ છે. (૧) જે સમયે દુઃખનો અભાવ થાય છે તે સમયે 'હું સુખી છું" આ પ્રકારનો અનુભવ થાય છે. આથી અહીં વેદનાના અભાવને લઈને સુખ શબ્દનો પ્રયોગ થયેલ છે. (૨) પુણ્યકર્મના વિપાકરૂપ ઉદયથી જ્યારે જીવને ઇચ્છિત ઇન્દ્રિયોના વિષય પ્રાપ્ત થાય છે. ત્યારે એ જીવ પોતાને સુખી માને છે, આથી વિપાકમાં સુખ શબ્દનો પ્રયોગ થયેલ છે. (૩) જે સમયે આત્માથી કર્મ અને કલેશોનો અભાવ થઇ જાય છે એ સમયે આ જીવને મોક્ષમાં અતુલ અનુપમ સુખ પ્રાપ્ત થાય છે. અહીં મોક્ષમાં સુખ શબ્દનો પ્રયોગ થયેલ છે. (૪) તાત્પર્ય એ છે કે, "મોક્ષમાં અતુલ અનુપમ સુખ છે." અહીં જે સુખ શબ્દનો પ્રયોગ થયેલ છે તે સકલકર્મ અને

કલેશના આત્યંતિક ક્ષયથી પ્રાપ્ત જે શાશ્વતિક અનંત અને અનુપમ સુખ છે એમાં થયેલ છે. આજ સુખનું બીજું નામ મોક્ષ છે. આજ કારણે એવા સુખમાં શંકા માટે સ્થાન જ નથી. "જીવઘન" આ વિશેષણથી સૂત્રકારે સૌગતો દ્વારા માન્ય મુકિતનો નિષેધ કરેલ છે. સૌગતોએ મુકિતને અભાવરૂપ માનેલ છે. પરંતુ એમના મત અનુસાર મુકિતની આ માન્યતા ઠીક બેસતી નથી. "ચિત્ત સંતતિનો નિરોધ જ્યારે થઈ જાય છે, ત્યારે જીવની મુકિતની પ્રાપ્તિ થાય છે." એવી માન્યતા મુકિતના વિષયમાં બૌદ્ધોની છે. ચિત્તસંતતિનો નિરોધ એઓએ સર્વથા અભાવરૂપ માનેલ છે. આ ચિત્તસંતતિનો નિરોધ અન્ત્યક્ષણમાં જીવને પ્રાપ્ત થાય છે. આના પછી ફરી ચિત્તસંતતિ ચાલતી નથી. ચિત્તસંતતિનું ચાલું રહેવું એ સંસાર, અને તેનો અભાવ જ મોક્ષ છે. આથી આ મોક્ષ અભાવરૂપ માનવામાં આવેલ છે. આના ઉપર જૈન દાર્શનિકોનું એવું કહેવું છે કે, બૌદ્ધોએ અર્થક્રિયાકારી પદાર્થને જ વસ્તુ માનેલ છે. જે આ અર્થક્રિયાથી વિહિન છે તે એના સિદ્ધાંત અનુસાર ખર વિષાણ (ગધેડાના શીંગડા ની માફક અવસ્તુ છે. જ્યારે મુકિતમાં ચિત્ત સંતતિનો સર્વના નિરોધ થને છે તો તે અર્થ ક્રિયા કારિતા એમાં ન થવાથી ત્યાં અવસ્તુરૂપતાની આપત્તી બૌદ્ધોને આવે છે. કારણ કે, મુકિત એક એવી અંતિમ ક્ષણ છે, કે જેમાં આગળ ચિત્તસંતતિ ચાલતી નથી. આ ચિત્તસંતતિ તો સંસારમાં જ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરે છે. મુકિતમાં નહીં. પૂર્વ ક્ષણ, ઉત્તર ક્ષણને જ ઉત્પન્ન કરી નાશ પામે છે. હવે આ અન્ત્યક્ષણરૂપ મુકિત ઉત્તર ક્ષણાન્તરને તો ઉત્પન્ન કરતી નથી. નહીં તો એમાં મુકિતત્વનો વિરોધ આવવાનો. આ અન્ત્ય ક્ષણરૂપ મુકિતમાં અર્થ ક્રિયા કારીતાનો અભાવ હોવાથી અવસ્તુત્વની આપત્તિ આવવી સ્વાભાવિક જ છે. જ્યારે આ પ્રમાણે એમાં અવસ્તુત્વનું સમર્થન થઈ જાય છે ત્યારે જે અવસ્તુ હોય છે. એ જન્ય બની શકતી નથી. જન્ય તો વસ્તુ જ થયા કરે છે. આકાશ કુસુમ જેવા અવસ્તુરૂપ પદાર્થોને શું કોઇએ કયાંય ઉત્પન્ન થતા જોયા છે? આ પ્રમાણે જ્યારે અંતિમ ક્ષણરૂપ મુકિતમાં અવસ્તુત્વાપત્તિ આવી ત્યારે આથી એ પણ માનવું પડશે કે, આ અન્ત્યક્ષણનો ઉત્પાદક જે અવ્યવહિત પૂર્વક્ષણ છે એ પણ અવસ્તુ સ્વરૂપ છે. અથવા જ્યારે અન્ત્ય ક્ષણમાં અવસ્તુરૂપતા નક્કી થઈ

જાય છે અને એ પણ ખાત્રી થઈ જાય છે કે, અવસ્તુ જન્ય બની શકતી નથી. ત્યારે આનો જે પૂર્વક્ષણ છે એ પણ આ અવસ્તુરૂપ અન્ત્યક્ષણની ઉત્પાદક શકિતથી રહિત થઈ જવાના કારણે સ્વયં અવસ્તુરૂપ થઈ જાય છે. કેમ કે એમાં પણ અર્થ ક્રિયા કારિતા આ પ્રમાણે માનવામાં બની શકતી નથી. આ રીતે સૌગતના મતમાં પૂર્વ પૂર્વક્ષણોમાં અભાવરૂપતા જ કેવળ પ્રાપ્ત થાય છે. પરંતુ બૌદ્ધોએ આ પ્રમાણે આમાં માનેલ નથી. એમની માન્યતાએ પૂર્વ પૂર્વ ક્ષણોમાં ભાવરૂપતા જ માનવામાં આવેલ છે. આથી પૂર્વપૂર્વક્ષણોમાં ભાવરૂપતા અંગિકાર કરનાર બૌદ્ધોએ મુકિતમાં પણ ભાવરૂપતા ન માનવા છતાં પણ બલાત્ સિદ્ધ થાય છે.

આજ પ્રમાણે "नाणदंसणसंन्निया" "अउलं सुहसंपत्ता" આ વિશેષણોથી સૂત્રકાર એવું સમર્થન કરે છે કે, મુકિતને જે વૈશેષિકોએ આ નવગુણોને સુખ ૧ દુઃખ ૨ બુદ્ધિ ૩ ઈચ્છા ૪ દ્વેષ ૫ પ્રયત્ન ૬ ધર્મ ૭ અધર્મ ૮ અને સંસ્કાર ૯ નો નાશ થવાથી માનેલ છે. તો એમનું એ માનવું બરોબર નથી. કેમ કે, આ પ્રકારની એકાન્ત માન્યતામાં સિદ્ધોમાં અચેતનત્વ અને અસુખિત્વનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, જે યુકિત અને અનુભવથી બાધિત છે. જો આ પ્રકારની માન્યતાનો સ્વીકાર કરવામાં આવે તો પછી પોતાના વિશેષ ગુણોના અભાવમાં આત્માનો પણ અભાવ માનવો પડશે. ગુણોના અભાવમાં ગુણી કદી રહી શકતા નથી. જેમ રૂપાદિક ગુણોના અભાવમાં ઘટાદિક દ્રવ્યનું અસ્તિત્વ દેખાતું નથી. દ્વેષ, દુઃખ, ઈચ્છા, પ્રયત્ન, સંસ્કાર તથા પુણ્યપાપ સંજ્ઞક ધર્મ અને અધર્મ આનો અભાવ તો જૈનિઓએ પણ મુકિતમાં માનેલ છે. આજ પ્રમાણે ક્ષાયોપશમિક સુખ અને બુદ્ધિનો પણ અભાવ બતાવેલ છે. પરંતુ ક્ષાયિક બુદ્ધિ અને ક્ષાયિક સુખનો અભાવ ત્યાં બતાવેલ નથી. કારણ કે, એ આત્માના વિશેષગુણ છે. તેની પ્રાદુર્ભૂતિ જ મુકિત છે. આ કારણે વૈશેષિકોની નવ ગુણોની ઉચ્છિત્તિરૂપ મુકિત બરોબર નથી. આ વાત પૂર્વોક્ત આ બે વિશેષણોથી સૂત્રકારે સમર્થિત કરેલ છે. ॥ ૧૭ ॥

પછી પણ સિદ્ધોના ક્ષેત્ર અને સ્વરૂપને કહે છે—"लोगेगदेसे" ઇત્યાદિ।

અન્વયાર્થ—તે સવ્વે-તે સર્વે એ સઘળા સ્ત્રી પર્યાય આદિ મનુષ્ય પર્યાયથી સિદ્ધ બનેલ જીવ નાણદંસણસંન્નિયા-ज्ञानदर्शनसंज्ञिताः જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગથી વિશિષ્ટ છે. संसारपारनित्थिन्ना-संसारपारनिस्तीर्णाः તથા સંસારથી પાર પહોંચેલ છે. આ કારણે તેઓ वरगइं सिद्धिं गया-वरगतिं सिद्धिं गताः સર્વોત્કૃષ્ટ ગતિ સિદ્ધગતિમાં પ્રાપ્ત બની ચૂકેલ છે. સૂત્રકાર આ વિશેષણોમાંથી "लोकैकदेश" આ વિશેષણથી એવું સમર્થન કરે છે કે, જેમની એવી માન્યતા છે કે, "मुक्ताः सर्वत्र तिष्ठन्ति व्योमवत्तापवर्जिताः" આકાશની માફક મુકત જીવ સંતાપથી રહિત બનીને આ સમસ્ત લોકમાં રહેલા છે એ ઠીક નથી. કારણ કે, આ કથનથી આત્માનું સર્વત્ર અવસ્થાન પ્રતિપાદિત થાય છે. આત્માનું સર્વત્ર અવસ્થાન માનવામાં અનેક દોષ આવે છે. કારણ કે, આત્માને આ સ્થિતિમાં સર્વત્ર સદાએ વેદના આદિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ જાય છે, તથા આ વિશેષણથી "સઘળા સિદ્ધ જ્ઞાનદર્શન ઉપયોગવાળા છે." આ વાત સિદ્ધ થાય છે. તથા જેની એવી માન્યતા છે કે, "ધર્મતીર્થના કર્તા જ્ઞાની પરમ પદને પ્રાપ્ત કરીને ફરીથી તીર્થ આદિની અવહેલના થવાથી સંસારમાં અવતાર ધારણ કરે છે." તો આ માન્યતાને નિરાકૃત કરવા માટે આ પદ સૂત્રકારે રાખેલ છે. આનાથી સૂત્રકાર એ વાત બતાવે છે કે, જે વ્યક્તિ સંસારથી પાર થઈને ફરીથી સંસારમાં આવે છે તે નિષ્ઠિતાર્થ નથી. આ કારણે તેઓ સંસારમાં ફરીથી ત્યાંથી ફરીને આવે છે. જો કૃતકૃત્ય હોત તો ત્યાંથી પાછા ફરવાનો પ્રસંગ તેમને પ્રાપ્ત થાત નહીં "सिद्धिं वरगतिं गताः" આ પદથી સૂત્રકાર એ બતાવે છે કે, જીવનાં સઘળાં કર્મોનો નાશ થઈ જાય છે ત્યારે તે સ્વભાવતઃ ઊર્ધ્વગમન કરે છે. અને ધર્મદ્રવ્યની સહાયતાથી લોકાકાશના અગ્રભાગમાં જઈને બિરાજમાન થઈ જાય છે. આથી એ વાત પણ સિદ્ધ જાય છે કે, એ સિદ્ધોની આત્મા નિષ્ક્રિય નથી પરંતુ સક્રિય છે. ॥૬૮॥

॥ સિદ્ધોનું આ પ્રકરણ સમાપ્ત થયું ॥

આ સિદ્ધોનું સ્વરૂપ કહ્યું હવે સંસારી જીવના સ્વરૂપને કહે છે—

આ સિદ્ધોનું સ્વરૂપ કહ્યું હવે સંસારી જીવના સ્વરૂપને કહે છે—

" संसारत्था उ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—संसारत्था उ जे जीवा–संसारस्था तु ये जीवाः સંસારી જે જીવ તે-તે તે दुविहा वियाहिया–द्विविधाः व्याख्याताः બે પ્રકારનો કહેવામાં આવેલ છે. तसा थावराचेव–त्रसास्थावराश्च એક ત્રસ જીવ અને બીજા સ્થાવર જીવ तत्थ–तत्र આમાં थावरा–स्थावराः સ્થાવર જીવ तिविहा–त्रिविधाः ત્રણ પ્રકારના બતાવવામાં આવેલ છે. ॥ ૬૯ ॥

સ્થાવર જીવોના એ ત્રણ પ્રકાર છે—" पुढवी " ઇત્યાદિ !

અન્વયાર્થ—पुढवी आउजीवा तहेव वणस्सई–पृथिव्यप् जीवा तथैव वनस्पतयः પૃથવીજીવ, જળજીવ, તથા વનસ્પતિજીવ इह–इति આ પ્રકારના तिविहा थावरा–त्रिविधा स्थावराः ત્રણ પ્રકારના સ્થાવર જીવ છે, તેજ અને વાયુ આ બે કાય ગતિ ત્રસ છે. આ કારણે એમની સ્થાવરોમાં ગણના કરેલ નથી. तेसिं भेए मे सुणेह–तेषां भेदान् शृणुत આ સ્થાવરોના ભેદોને હવે હું કહું છું તેને તમો સાંભળો.

શંકા—આપ પૃથવી આદિને જીવરૂપ બતાવી રહ્યા છો તો એ સ્વયં જીવ નથી. પરંતુ જીવના શરીર છે. કારણ કે, પૃથવી આદિક કઠણ લક્ષણવાળા છે. તથા જીવ ઉપયોગ લક્ષણવાળા છે.

સમાધાન–પૃથવી આદિ જીવ અને પૃથવી આદિ શરીર એ બંને પરસ્પરમાં એ રીતે મળેલા છે કે, જેમને અલગ કરવાં અશકય છે. આથી એમના વિભાગનો અભાવ હોવાથી " પૃથવી આદિક જીવ છે. " એવું કહેવામાં આવ્યું છે. આમ તો પૃથવીજીવ અને પૃથવી શરીરમાં ભિન્નતા જ છે.

उक्तंच—" अन्नोन्नाणुगयाणं, इमंच तंच त्ति विभयणमजुत्तं " इत्यादि ! પરંતુ અહીં જે તેની અભિન્નતા બતાવવામાં આવી છે તે અશકય વિવેચન હોવાથી " આ પૃથવી છે અને આ પૃથવીજીવ છે. " આ રીતે વિભાગ ન થઈ શકવાથી જ બતાવવામાં આવેલ છે. ॥ ૭૦ ॥

હવે સૂત્રકાર પૃથવીજીવના ભેદોને બતાવે છે—" दुविहा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—पुढवी जीवा दुविहा–पृथिवी जीवाः द्विविधाः પૃથવી જીવ બે

પ્રકારના છે. સુહુમા તહા વાયરા-સૂક્ષ્માઃ તથા બાદરાઃ એક સૂક્ષ્મ અને બીજો બાદર આ જીવોના સૂક્ષ્મ નામ કર્મનો ઉદય થાય છે તે સૂક્ષ્મ તથા જેનો બાદર નામ કર્મનો ઉદય થાય છે તે બાદર છે. આ બન્ને પજ્જત્તમપજ્જત્તા એવમેવ દુહા–પર્યાપ્તાઃ અપર્યાપ્તાઃ એવમેવ દ્વિધા પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે. આવી રીતે એના પણ બબ્બે ભેદ થઈ જાય છે.

ભાવાર્થ—સૂક્ષ્મ અને બાદરના ભેદથી પૃથવી જીવ બે પ્રકારના છે. આમાં સૂક્ષ્મ જીવ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે. અને બાદર જીવ પણ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે. જે જીવોની પર્યાપ્તિયો પૂર્ણ થઈ ચૂકેલ છે તે પર્યાપ્ત અને જેની પર્યાપ્તિયો પૂર્ણ થઈ નથી તે અપર્યાપ્ત. જે કર્મ દલિકથી આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, વચન પર્યાપ્તિ ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિની ઉત્પત્તિ થાય છે. તેને કર્મદલિક પર્યાપ્તિ કહેવામાં આવે છે. આ કર્મદલિક જેના ઉદયમાં હોય છે તે પર્યાપ્ત જીવ છે. તથા પોતાની યોગ્ય પર્યાપ્તિથી જે રહિત છે તે અપર્યાપ્ત જીવ છે. उक्तंच—

" आहार सरीरेंदिय, उ स्सासवओ मणो भिणिव्वत्ती ।
होइ जओ दलियाओ, करणं पइसा उ पज्जत्ती " ॥

એકેન્દ્રિય જીવોના આહાર, શરીર, ઇન્દ્રિય શરીર, શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિયો થાય છે. આથી એકેન્દ્રિયમાં અન્તર્ભૂત થવાના કારણે એ પૃથવી જીવોની પણ આ જ ચાર પર્યાપ્તિયો થાય છે. ॥ ૭૧ ॥

હવે આના જ ઉત્તર ભેદોને કહે છે—" બાયરા " ઇત્યાદિ ।

શ્લક્ષ્ણ પૃથિવી કે સાત ભેદ કા નિરૂપણ

અન્વયાર્થ—જે ઉ પજ્જત્તા બાયરા–યે તુ પર્યાપ્તાઃ બાદરાઃ જે બાદર પર્યાપ્ત પૃથવી જીવ છે. તે દુવિહા વિયાહિયા–તે દ્વિવિધાઃ વ્યાખ્યાતાઃ તે બે પ્રકારના

બતાવેલ છે. સણ્હા ખરાય–શ્લક્ષ્ણાઃ ખરાશ્ચ એક શ્લક્ષ્ણ અને બીજો ખર–કઠોર દળેલા આટાના જેવી જે પૃથવી મૃદુ છે તે શ્લક્ષ્ણ બાદર પર્યાપ્ત પૃથવી જીવ છે. તથા પત્થર જેવી જે કઠોર પૃથવી છે તે ખર બાદર પર્યાપ્ત પૃથવી જીવ જે બિલકુલ નરમ જમીન હોય છે અને ખોદવાથી રેતીના રૂપમાં નીકળે છે તે શ્લક્ષ્ણ પૃથવી જીવ છે. અહીં શ્લક્ષ્ણ અને ખર પૃથવીને જે જીવરૂપથી કહેલ છે તે ફક્ત ઉપચારથી જ કહેવામાં આવેલ છે એમ જાણવું જોઈએ. તહિં સણ્હા–તત્ર શ્લક્ષ્ણાઃ બાદર પર્યાપ્ત પૃથવી જીવોમાં જે શ્લક્ષ્ણ પૃથવી જીવ કહેવામાં આવેલ છે તે સત્તવિહા–સપ્તવિધાઃ સાત પ્રકારના જાણવા જોઇએ.॥૭૨॥

શ્લક્ષ્ણ પૃથવીના સાત ભેદ છે તેને કહે છે— " કિણ્હા " ઇત્યાદિ ।

અન્વયાર્થ—કિણ્હા નીલાય રુહિરા હલિદ્દા સુક્કિલા તહા પંડુપણગમટ્ટિયા–કૃષ્ણાઃ નીલશ્ચ તથા રૂધિરાઃ હરિદ્રાઃ શુક્લાઃ તથા પાણ્ડુપનકમૃત્તિકાઃ કૃષ્ણશ્લક્ષ્ણ પૃથવી જીવ, નીલ શ્લક્ષ્ણ પૃથવી જીવ, રકતવર્ણ શ્લક્ષ્ણ પૃથવીજીવ, પીતવર્ણ શ્લક્ષ્ણ પૃથવી જીવ, શુકલવર્ણ શ્લક્ષ્ણ પૃથવી જીવ, તથા પાન્ડુવર્ણ શ્લક્ષ્ણ પૃથવી જીવ, પનક મૃતિકા–આકાશમાં ઉડતી ધૂળરૂપ માટી આ સાત પ્રકાર શ્લક્ષ્ણ પૃથવી જીવોના છે. તથા ખરા છત્તીસઈવિહા–ખરાઃ ષટ્ત્રિંશદ્વિધાઃ ખર પૃથવી જીવ–પર્યાપ્ત બાદર પૃથવી જીવ છત્રીસ (૩૬) પ્રકારના છે. ॥ ૭૩ ॥

ખર પૃથિવી જીવોં કે છત્તીસ ભેદોં કા નિરૂપણ

ખર પૃથવી જીવોના છત્રીસ ભેદોને કહે છે—" પુઢવીય " ઇત્યાદિ ।

અન્વયાર્થ—પુઢવી–પૃથવી શુદ્ધ પૃથવી (૧) સક્કરા–શર્કરા લઘુખંડરૂપ પૃથવી (૨) વાલુયા–વાલુકા વેળુ (૩) ઉવલે–ઉપલઃ પત્થર (૪) સિલાય–સિલા શિલા (૪) લોણુ–લવણમ્ મીઠું (૬) ઊસે–ઊષઃ ખારી માટી (૭) અયતંબત ઉયસીસગરુપ્પસુવણ્ણે ય વહરેઇ–અયસ્તામ્ર ત્રપુક સીસકરુપ્યસુવર્ણ ચ વજ્રં ચ લોહું (૮) તાંબુ (૯) રાંગું ૧૦ સીસુ ૧૧ ચાંદિ ૧૨ સોનું ૧૩ હીરા ૧૫ હરિયાલ હિંગુલએ મણોસિલા સાસગંજણપવાલે–હરિયાલઃ હિંગુલકઃ મનઃ શિલા સસ્યકાઞ્જનપ્રવાલમ્

હડતાળ ૧૫ હિંગળો ૧૬ મનશીલ ૧૭ સસ્યક ૧૮ સમીરક રત્નવિશેષ ૧૯ વિદ્રુમ ૨૦ અબ્ભપડલબ્ભવાલુય–અભ્રપટલમ્ અભ્રવાલુકા અબરખ ૨૧ અબરખવાળી રેતી ૨૨ આ બાવીસ પૃથવી આદિક વસ્તુઓ બારરૂપ પર્યાપ્ત બાદર પૃથવી કાયના ભેદ કહેલ છે, મણિવિહાણા–મણિવિધાનાનિ આ પ્રમાણે તેમાં ચૌદ (૧૪) મણીયોના ભેદ વધારે સંમિલિત છે આ બધા મળીને છત્રીસ (૩૬) થઈ જાય છે. એ મણીયોના ચૌદ ભેદ આ પ્રમાણે છે–ગોમેજ્જએ રુયગે અંકપ્ફલિહે લોહિયક્ખેય મરગયમસાલગલ્લે–ગોમેદકઃ રુચકઃ અઙ્કઃ સ્ફટિકઃ લોહિતાક્ષશ્ચ મરકતમસાલગલ્લઃ ગોમેદ ૧ રૂચક ૨ અંક સ્ફટિક ૩ લોહિતાક્ષ ૪ મરકત ૫ મસારગલ્લ ૬ મુયગમોયગ ઇંદનીલાય–મુજકમોચક ઇંદ્રનીલશ્ચ ભુજમોચક ૭ ઈન્દ્રનીલ ૭ ચંદન ૯ ગૈરિક ૧૦ હંસગર્ભ ૧૧ પુલક ૧૨ ચંદ્રકાંત ૧૩ જળકાન્ત અને સૂર્યકાન્ત ૧૪ જે પ્રમાણે ભામા શબ્દથી સત્યભામાનું ગ્રહણ થાય છે. એજ પ્રમાણે પૃથવી શબ્દથી શુદ્ધ પૃથ્વીનું ગ્રહણ અહીં કરવામાં આવેલ છે. એમાં સાકર આદિરૂપ પૃથવીની વિવક્ષા રાખવામાં આવેલ નથી. જે લઘુખંડરૂપમાં પત્થરના ટુકડાઓ અહિં તહીં પડયા હોય છે એ શર્કરા શબ્દથી ગૃહીત થયેલ છે. રેતી પ્રસિદ્ધ છે. પર્વત ઉપરથી ગબડી પડેલા જે સ્થૂળ પત્થર છે તે અહીં ઉપલ શબ્દથી ગૃહીત થયેલ છે. ક્ષાર મૃત્તિકા (ખારીમાટી)નું નામ ઉષ છે. વર્ણદ્રવ્ય વિશેષનું નામ હિંગળો છે. સસ્યક એક ધાતુ વિશેષ હોય છે. અંજનથી રત્ન વિશેષનું ગ્રહણ થયેલ છે. જે મણી કાળો વિશેષ હોય છે તેને રૂચક કહે છે. "अंकप्फलिहेय," "मरगयमसारगल्ले" "चंदणगेरु य हंसगब्भे" આ ગાથા પદોમાં જે મણી વિશેષ બતાવવામાં આવેલ છે. એ સ્વજાતિય હોવાના કારણે એક એક ભેદમાં જ અંતર્ભાવ કરાયેલ છે. ॥ ૭૪–૭૭ ॥

પૃથિવીકાય જીવોં કા નિરૂપણ

હવે સૂત્રકાર સૂક્ષ્મ પૃથવીકાય જીવોની પ્રરૂપણા કહે છે—"ए ए "ઈત્યાદિ।

અન્વયાર્થ––खरपुढवीए–खरपृथिव्या ખર પૃથવીના एए–એતે આ પૃથવી શર્કરા આદિ छत्तीसमाहिया–षट्त्रिंशत् આખ્યાતા છત્રીસ ભેદ કહી દેવામાં આવ્યા છે. तत्थ–तत्र એ પૃથવી જીવ ભેદોમાં જે સૂક્ષ્મ બાદર ભેદ બતાવવામાં આવેલ છે એનામાં જે સૂક્ષ્મ સંજ્ઞક પૃથવી જીવ છે તે ભેદ રહિત છે. આ કારણે તે એક જ પ્રકારના કહેવામાં આવેલ છે. ॥ ૭૮ ॥

એમને જ હવે ક્ષેત્રથી કહે છે--" सुहुमा य " ઇત્યાદિ !

અન્વયાર્થ—सुहुमा-સૂક્ષ્મા સૂક્ષ્મ પૃથવી જીવ सव्वलोगम्मि-સર્વલોકે ચૌદ રાજુ પ્રમાણ આ સમસ્ત લોકમાં ભરેલા છે. य-च તથા बायरा-बादराः બાદર પૃથવી જીવ लोगदेसे-लोकदेशे લોકના એક ભાગમાં અર્થાત્ રત્નપ્રભા પૃથવી આદિ પ્રદેશોમાં રહે છે કેમ કે, બાદર જીવ સમસ્ત લોકમાં આ કારણે નથી કે તે કદાચિત્ કોઈ વખત જોઈ શકતા નથી. इतो-इतः હવે અહિંથી હું तेसिं-तेषां એ પૃથવી જીવોના चउव्विहं कालविभागं-चतुर्विधम् कालविभागम् ચતુર્વિધ કાળના વિભાગને वुच्छे-वक्ष्ये કહું છું ॥ ૭૯ ॥

" संतइं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—એ સૂક્ષ્મ અને બાદર પૃથવી જીવ संतइं पप्प-सन्ततिं प्राप्य પ્રવાહની અપેક્ષા णाइया-अनादिकाः અનાદિ છે. તથા अपज्जवसिया-अपर्यवसिताः અન્ત રહિત છે કેમ કે, પ્રવાહ રૂપથી એ સદા વિદ્યમાન રહે છે. ઠિઇં-સ્થિતિમ્ ભવસ્થિતિ અને કાયસ્થિતિની पडुच्च-प्रतीत्य અપેક્ષા साईया वि य सपज्जवसिया-सादिकाः अपि च सपर्यवसिताः આદિ અન્ત સહિત છે, કેમ કે આ બન્ને પ્રકારની સ્થિતિ નિયત કાળવાળી હોય છે. ॥ ૮૦ ॥

હવે પૃથવી જીવોની ભવસ્થિતિ બતાવવામાં આવે છે—"बावीस" ઇત્યાદિ।

અન્વયાર્થ—पुढवीणं-पृथिवीनाम् પૃથવી જીવોની वासाणं बावीससहस्साइं-वर्षाणां द्वाविंशति सहस्राणि બાવીસ હજાર (૨૨૦૦૦) વર્ષોની उक्कोसिया आउठिई-उत्कृष्टा आयुः स्थितिः ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે અર્થાત્ એ જીવોની બાવીસ હજાર (૨૨૦૦૦) ઉત્કૃષ્ટ ભવ સ્થિતિ હોય છે. जहन्निया-जघन्यका તથા જઘન્ય ભવસ્થિતિ अंतो मुहुत्तं-अन्तर्मुहूर्त्तकम् એક અન્તર્મુહૂર્તની હોય છે.॥૮૧॥

કાયસ્થિતિ એ જીવોની આ પ્રકારની હોય છે—"असंखकाल" ઇત્યાદિ।

અન્વયાર્થ—पुढवीणं-पृथिवीनाम् પૃથિવીકાયજીવોની तंकायं अमुंचओ-तं कायं अमुञ्चताम् એ પૃથવીરૂપ શરીરને ન છોડતાં અર્થાત્ મરી મરીને પણ ત્યાંને ત્યાં જ ઉત્પન્ન થનાર પૃથવીકાય જીવોની कायठिई-कायस्थितिः કાયસ્થિતિ ઉત્કૃષ્ટ असंख्यातकाळ પ્રમાણ છે. અર્થાત્ असंख्यात લોકાકાશ પ્રદેશ પ્રમાણ

ઉત્સર્પિણી અવસર્પિણી કાળરૂપ છે. તથા જહન્નિયા–જઘન્યકા જઘન્ય સ્થિતિ અંતોમુહુત્તં–અન્તમુહૂર્ત્તમ્ અન્તમુહૂર્ત પ્રમાણ છે. ।। ૮૨ ।।

કાળનો પ્રસ્તાવ હોવાથી એમનો અન્તકાળ કહે છે—

' અણંતકાલં ' ઇત્યાદિ ।

અપ્કાય જીવોં કા નિરૂપણ

અન્વયાર્થ—પુઢવીજીવાણ – પૃથિવીજીવાનામ્ પૃથવી જીવો સએ કાએ વિજઢમ્મિ–સ્વકે કાયે ત્યક્તે પોતાનું શરીર છોડવાનો ઉક્કોસં–ઉત્કૃષ્ટં અન્તરમ્ ઉત્કૃષ્ટ અંતર અણંતકાલં–અનન્તકાલમ્ અનંતકાળનો છે આ અનંતકાળ અસંખ્યાત પુદ્ગલ પરાવર્તનરૂપ છે. આ નિગોદની અપેક્ષા જાણવું જોઇએ. તથા જહન્નિયં અંતોમુહુત્તં–જઘન્યકં અન્તરમ્ અન્તર્મુહૂર્ત્તકમ્ જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે. પૃથવીકાય જીવ ઉત્કર્ષરૂપમાં આઠલા કાળ સુધી પૃથવી કાયથી નીકળીને અન્ય અપ્કાય આદિમાં ભ્રમણ કરીને ફરીથી તે પૃથવી કાયમાં ઉત્પન્ન થાય છે. એનું તાત્પર્ય એ છે કે, કોઈ પૃથવી જીવ જો પૃથવી કાયનો પરિત્યાગ કરી દે અને અન્ય કાયમાં જન્મ લઇ લે તો પછીથી ત્યાંથી મરીને ફરીથી તે જો પૃથવી કાયમાં જન્મે તો તેને વધુમાં વધુ અંતર અનંતકાળનો અને ઓછામાં ઓછું અંતર એક અંતર્મુહૂર્તનું પડશે. ।। ૮૩ ।।

એને જ ભાવથી કહે છે—" એએસિં " ઇત્યાદિ ।

અન્વયાર્થ—એએસિં–એતેષાં આ પૃથવી જીવોના વિહાણાઈં–વિધાનાનિ ભેદ વણ્ણઓ–વર્ણતઃ વર્ણની, ગંધઓ–ગંધતઃ ગંધની રસફાસઓ–રસસ્પર્શતઃ રસની, સ્પર્શની અને સંઠાણ દેસઓ–સંસ્થાનદેશતઃ સંસ્થાનરૂપ દેશની અપેક્ષા સહસ્સઓ–સહસ્રશઃ હજારો હોય છે ગાથામાં "સહસ્રશઃ" શબ્દ બહુત્વનો બોધક છે ।।૮૪।।

આ પ્રમાણે પૃથવી જીવોને કહીને હવે સૂત્રકાર જળજીવોને કહે છે—

" દુવિહા " ઇત્યાદિ ।

અન્વયાર્થ—સુહુમા તહા બાયરા–સૂક્ષ્માસ્તથા બાદરાઃ સૂક્ષ્મ તથા બાદરના ભેદથી આઉ જીવા–અપ્જીવાઃ જળ જીવ બે પ્રકારના છે. પુણો એવં–પુનઃ એવમ્ આ પ્રમાણે એએ–એતે આ બે પ્રકારના પણ પજ્જત્તમપજ્જત્તા દુહા–પર્યાપ્તાઃ અપર્યાપ્તાઃ દ્વિધા પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે. ।। ૮૫ ।।

"बायरा" इत्यादि.

अन्वार्थ—जे उ पज्जत्ता बायरा-ये तु पर्याप्ता बादराः જે પર્યાપ્ત બાદર છે તે પંચહા પકિત્તિયા-તે પञ्चधा प्रकीर्तिताः એ પાંચ પ્રકારના કહેવાયેલ છે, सुद्धोदए उस्से हरतणु महिया हिमे-शुद्धोरकं उस्सः हरतनुः महिका हिमम् शुद्ध ઉદક-મેઘથી પડેલ પાણી. उस्स-ઓસ, हरतनु-સવારની ઠંડી પૃથવીથી નિકળેલ ખડના અગ્રભાગ ઉપર પડેલા જળબિંદુ, महिका-ધુંઅર તથા हिम આ પ્રમાણે પર્યાપ્ત બાદર જળ પાંચ પ્રકારનાં છે. ॥ ૮૬ ॥

"एग विह०" ઇત્યાદિ ।

अन्वयार्थ—सुहुमा-सूक्ष्मा સૂક્ષ્મ સંજ્ઞક જે જળજીવ છે તે एकविहमणाणत्ता-एकविधाः अनानात्वाः એક જ પ્રકારનાં છે. તેની અંદર જુદા જુદા પ્રકાર નથી. આ सुहुमा-सूक्ष्माः સૂક્ષ્મ જીવ सव्वलोगम्मि-सर्वलोके સમસ્ત લોકમાં ભરેલા છે, તથા बायरा-बायराः બાદર જળજીવ लोगदेसे-लोकदेशे લોકના એક દેશમાં જોઈ શકાય છે. સર્વત્ર નહીં આ સૂક્ષ્મ અને બાદરજીવ संतइं पप्प-सन्ततिं प्राप्य પ્રવાહની અપેક્ષાથી अणाइया वि य अपज्जवसिया-अनादिकाः अपि च अपर्यवसिताः અનાદિ અને અનંત છે. ठिइं पप्प-स्थितिं प्राप्य ભવસ્થિતિ અને કાયસ્થિતિની અપેક્ષાથી साईया सपज्जवसिया-सादिकाः सपर्यवसिताः સાદિ અને સાંત છે. આ જળ જીવોની आउठिई-आयुः स्थितिः આયુ સ્થિતિ उक्कोसा-उत्कृष्टिका ઉત્કૃષ્ટ वासाणं सत्तेवसहस्साइं-वर्षाणां सप्तैव सहस्राणि સાત હજાર વર્ષની હોય છે તથા जहन्निया-जघन्यका જઘન્ય अंतोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् અંતમુહૂર્તની હોય છે તથા तं कायं अमुंचओ आऊणं-तं कायं अमुञ्चन् ताम् अपाम् તે જળકાયરૂપ શરીરને ન છોડતાં અર્થાત્ મરી મરીને વારવાર ત્યાં જ જન્મ ધારણ કરીને એ અપૂકાય જીવોની कायठिई-कायस्थितिः કાયસ્થિતિ उक्कोसं अणंतकालं-उत्कृष्टा असंख्यकालम् ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ પ્રમાણ છે અર્થાત્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળરૂપ છે. તથા जहन्निया જઘન્યિકા જઘન્ય કાયસ્થિતિ अंतोमुहुत्तं-अन्तर्मुहूर्त्तं અંતર્મુહૂર્ત પ્રમાણ છે. सए काए विजढम्मि-स्वके काये त्यक्ते પોતાના શરીરને છોડ્યા પછી ફરીથી એજ શરીરને ગ્રહણ કરવાના अंतरं-अन्तरम् અંતર आऊ जीवाण-अब् जीवानाम् અપ્કાય જીવોના उक्कोसं-उत्कृष्टम् ઉત્કૃષ્ટ રૂપમાં अणंतकालं-

अनन्तकालम् અનંતકાળ અર્થાત અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળનો છે. આ નિગોદની અપેક્ષાથી છે અને जहन्नयं-जघन्यकम् જઘન્ય અંતર अंतोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् અન્તર્મુહૂર્ત્તનું છે एएसिं-एतेषाम् આ અપ્કાય જીવોના विहाणाइं-विधानानि ભેદ वण्णओ गन्धओ रसफासओ-वर्णतः गंधतः रसस्पर्शतः વર્ણ, ગંધ અને રસ તેમજ સ્પર્શની અપેક્ષાથી तथावावि संठाणदेसओ-वापि संस्थानदेशतः સંસ્થાન રૂપ દેશની અપેક્ષાથી सहस्सओ-सहस्रशः હજારો છે. સહસ્રશઃ પદ બહુતરત્વનો ઉપલક્ષક છે. ॥ ૯૨ ॥

વનસ્પતિકાય જીવોં કા નિરૂપણ

પહેલાં અપ્કાયના જીવને કહ્યા હવે વનસ્પતિકાયના જીવોને કહે છે– " दुविहा " ઇત્યાદિ !

અન્વયાર્થ—वणस्सई जीवा दुविहा–वनस्पति जीवाःद्विविधाः વનસ્પતિ જીવ બે પ્રકારના છે, सुहुमा बायरा तहा–सूक्ष्माः बादरास्तथा સૂક્ષ્મ તથા બાદર पुणो एवं–पुनः एवम् ફરી એજ પ્રમાણે एए–एते આ બંને પ્રકાર પણ पज्जत्तमपज्जत्ता–पर्याप्ताः अपर्याप्ताः પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી दुहा–द्विधा બે પ્રકારનાં છે.॥૯૩॥

"बायरा" ઇત્યાદિ ।

અન્વયાર્થ—जे उ पज्जत्ता बायरा–ये तु पर्याप्ता बादरा જે પર્યાપ્ત બાદર વનસ્પતિ જીવ છે તે–તે તે दुविहा वियाहिया–द्विविधा व्याख्यातः બે પ્રકારના હોય છે. साहारणसरीराय तहेव पत्तेगाय–साधारणशरीराश्च तथैव प्रत्येकाय એક તો સાધારણ શરીરવાળા અને બીજા પ્રત્યેક શરીરવાળા જે અનંત જીવોને એક જ શરીર હોય છે તે સાધારણ વનસ્પતિ જીવ છે. તથા જે જીવોને પોતપોતાનાં ભિન્ન ભિન્ન શરીર હોય છે એ પ્રત્યેક વનસ્પતિ જીવ છે. સાધારણ જીવ એક શરીરના આશ્રયે અનંત રહે છે. તથા પ્રત્યેક જીવ એક શરીરના આશ્રયે એક જ જીવ રહે છે. ॥ ૯૪ ॥

" पत्तेग " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે પ્રત્યેક વનસ્પતિ જીવ પહેલાં કહેવાયેલ છે તે पत्तेग-सरीराओऽणेगहा पकित्तिया–તે પ્રત્યેકશરીરા અનેકધા પ્રકીર્તિતાઃ તે પ્રત્યેક વનસ્પતિ જીવ અનેક પ્રકારનાં હોય છે. જે પ્રમાણે रुक्खा गुच्छा गुम्मा लयावली तणा तहा वलया पव्वया कुहुणा जलरुहा ओसही हरिय कायया–वृक्षाः गुच्छाः गुल्माः लताः वल्लयः तृणानि तथा वलयानि पर्वगाः कुणुहाः जलरुहा ओषधयः हरितकायाश्च આમ્ર આદિ વૃક્ષ, વૃન્તા આદિ ગુચ્છ નવમાલિકા આદિ ગુલ્મ, ચંપકલતા આદિ લતા, કર્કટિકા આદિ વેલિ તથા ઘાસ આદિ તૃણ,

નાળિયેર, કેળ આદિ લતાવલય, ઈક્ષુ આદિ પર્વથી ઉગવાવાળા પર્વ, છત્રીના આકારના ભૂમિસ્ફોટ કુહુણ, કમળ આદિ જળરૂહ, શાળી આદિ ઔષધિ, પત્રશાક આદિ હરિતકાય વગેરે. આ સઘળા પ્રત્યેક શરીર છે. આ પ્રમાણે તીર્થંકર ગણધરોએ કહેલ છે. એ જાણવું જોઈએ. આ સઘળી ઉપર કહેલી વનસ્પતિયો પ્રત્યેક શરીર જીવ છે તથા એ વનસ્પતિયે ના બીજા પણ અનેક આવાન્તર ભેદ છે એ સઘળા પણ પ્રત્યેક શરીર જીવ છે આ વાત 'च' શબ્દથી પ્રગટ કરવામાં આવી છે. ॥ ૯૫-૯૬ ॥

સૂત્રકાર હવે સાધારણ શરીર જીવોને બતાવે છે—"साहारण" ઈત્યાદિ ॥

અન્વયાર્થ—તે-તે એ ઉપર કહેલ साहारणसरीरा-साधारण शरीराः साधारण શરીર-એક શરીર આશ્રિત અનંત વનસ્પતિ જીવ अणेगहा-अनेकधा અનેક પ્રકારના पकित्तिया-प्रकीर्तिताः કહેલા છે. જેમ કે. आलुए-आलुकम् બટાટા, मूलए-मूलकम् મૂળા, सिंगेवरे-शृंगवेरम् આદુ, हरिली-हरिली હળદર, सिरिली-श्रीली श्रीली, ઇત્યાદિ આ સઘળા हलिद्दा-हरिद्रा હળદી સુધી કંદ વિશેષ છે. અને એ જુદા જુદા દેશમાં પ્રસિદ્ધ છે. આ પ્રમાણે એ સઘળા અનેક પ્રકારના સાધારણ વનસ્પતિ જીવ છે. ॥ ૯૭-૧૦૦ ॥ " एगविह " ઈત્યાદિ।

અન્વયાર્થ—तत्थ सुहुमा-तत्र सूक्ष्माः સૂક્ષ્મ વનસ્પતિકાય જે જીવ છે તે एगविहमणाणत्ता वियाहिया-एकविधाः अनानत्वाः व्याख्याताः એક જ પ્રકારનાં છે કારણ કે, તેનામાં જુદા જુદા પ્રકારો હોતા નથી. सुहुमा-सूक्ष्माः આ સૂક્ષ્મ વનસ્પતિકાય જીવ सव्वलोगम्मि-सर्वलोके સમસ્ત લોકમાં ભરેલ છે. તથા बायरा-बादराः બાદર વનસ્પતિકાય જીવ लोगदेसे-लोकदेशे લોકના એક દેશમાં રહે છે. આ બંને પ્રકારના જીવ संतइं पप्प-संततिं प्राप्य સંતતિની અપેક્ષાથી अणाइया वि य अपज्जवसिया-अनादिकाः अपर्यवसिताः અનાદિ અને અનંત છે. તથા ઠિઇં पडुच्च-स्थितिं प्रतीत्य ભવસ્થિતિ અને કાયસ્થિતિની અપેક્ષા साइया सपज्जवसिया-सादिकाः सपर्यवसिताः સાદી અને સાંત છે. वणस्सईण-वनस्पतीनाम् વનસ્પતિ જીવોની उक्कोसा आउं-उत्कृष्टकं आयुः ઉત્કૃષ્ટ આયુ दसचेव वासाणसहस्साइं-दशैव वर्षाणाम् सहस्राणि દસ હજાર વર્ષની તથા जहन्नियं-जघन्यकं જઘન્ય अंतोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् અંતર્મુહૂર્તની છે. અહીં આ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રત્યેક શરીર પર્યાપ્ત બાદર વનસ્પતિની અપેક્ષાથી કહેલ છે.

સાધારણ જીવોની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ બંને અંતર્મુહૂર્તની છે. આ પ્રમાણે પૂર્વોક્ત બાદર પર્યાપ્ત પૃથ્વીકાય અને બાદર પર્યાપ્ત અપ્કાય જીવોની આગળ કહેવામાં આવનાર બાદર પર્યાપ્ત તેજસ્કાય તથા વાયુજીવોની આ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે તથા જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. तं कायं अमुंचओ पनगाणं-तं कायं अमुंचताम् पनकानाम् વનસ્પતિરૂપ શરીરને ન છોડનાર એવા એ પનકોપલક્ષિત સામાન્ય વનસ્પતિ જીવોની कायठिई-कायस्थितिः કાય સ્થિતિ उक्कोसा-उत्कृष्टा ઉત્કૃષ્ટ अणंतकालं-अनन्तकालम् અનંતકાળની છે તથા जहन्निया-जघन्यका જઘન્ય સ્થિતિ अंतोमुहुत्तं-अन्तमुहूर्त्तं અન્તર્મુહૂર્તની છે. અહીં જે કાયસ્થિતિ ઉત્કૃષ્ટ રૂપથી અનંત કાળની કહી છે તે સામાન્યથી વનસ્પતિ જીવોને તથા નિગોદ જીવોને આશ્રિત કરીને કહેલ છે. વિશેષરૂપથી આ કાયસ્થિતિ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ જીવોની અને બાદર નિગોદ જીવોની ઉત્કૃષ્ટરૂપથી સીત્તેર કરોડ (૭૦) કરોડ-સાગરોપમ પ્રમાણ છે તથા જઘન્ય રૂપથી અંતમુહૂર્ત પ્રમાણ જ છે સૂક્ષ્મ નિગોદ જીવોની તે કાયસ્થિતિ અસંખ્યાત કાળ ઉત્કૃષ્ટ છે. તથા અન્તર્મુહૂર્ત જઘન્ય છે. આ પ્રમાળ પનક જીવોની ઉપલક્ષણથી સામાન્ય જીવોની આ સ્થિતિ બતાવેલ છે. પનક જીવોના ઉપલક્ષણથી સામાન્ય વનસ્પતિ જીવોના અંતર્કાળ ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળનો છે. તાત્પર્ય એ છે કે, કોઈ જીવ વનસ્પતિકાયથી નીકળીને અને પૃથ્વી આદિ કાયોમાં ભ્રમણ કરીને ફરીથી ત્યાં ઉત્પન્ન થાય તો તે અસંખ્યાતકાળ નિકળી જાય તો પણ ઉત્પન્ન થશે. આ કારણે અંતર અસંખ્યાતકાળ પ્રમાણ બતાવેલ છે. વનસ્પતિકાય સિવાય સમસ્ત પૃથ્વી આદિ કાયોની કાયસ્થિતિ અસંખ્યાત કાળની છે. એથી અન્તર્કાળનું પ્રમાણ એટલું બતાવેલ છે. ।। ૧૦૧-૧૦૫ ।।

ત્રસકાય જીવ કા નિરૂપણ

" एएसिं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—एएसिं-एतेषां આ વનસ્પતિ જીવોની वण्णओ गंधओ रसफासओ-वर्णतः गंधतः रसस्पर्शतः વર્ણની અપેક્ષા, ગંધની અપેક્ષાથી રસ અને સ્પર્શની અપેક્ષાથી અને संठाणदेसओ वावि-संस्थानदेशतः अपि સંસ્થાનરૂપ દેશની અપેક્ષાથી પણ विहाणाइं सहस्ससो-विधानानि सहस्रशः હજારો ભેદ છે.।।૧૦૬।।

આ પ્રમાણે અહીં સુધી પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય રૂપ ત્રણ સ્થાવર જીવોનું કથન કરેલ છે હવે ત્રસ જીવોનું વિવેચન સૂત્રકાર કરે છે—" इच्चेए " ઇત્યાદિ ।

અન્વયાર્થ—આ ગાથા દ્વારા સૂત્રકાર એ બતાવે છે કે, इइ-इति આ પ્રમાણે मे एए-एते આ પૃથ્વી આદિક तिविहा-त्रिविधा ત્રણ પ્રકારના થાવરા-

स्थावराः स्थावर જીવોનું समासेण वियाहिया-समासेन व्याख्याता સંક્ષેપથી વર્ણન કરેલ છે કારણ કે, વિસ્તારથી જો એનું વર્ણન કરવામાં આવે તો એના અનેક ભેદ પ્રભેદોનું પણ વર્ણન કરવામાં આવ્યું હોત. પરંતુ એવું કરવામાં આવેલ નથી. આથી એ સમજવું જોઈએ કે, આ કથન એના સંક્ષેપને લઈને જ કરેલ છે इत्ताउ-अतस्तु હવે આના પછી तिविहे तसे अणुपुव्वसो-त्रिविधान् त्रसान् अनुपूर्वशः ત્રિવિધ ત્રસ જીવોનું હું ક્રમશઃ વર્ણન કરું છું ॥ ૧૦૭ ॥

" ते उ " ઇત્યાદિ ।

અન્વયાર્થ—આ ગાથા દ્વારા શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે, હે જમ્બૂ! तेऊ वाऊय-तेजांसि वायवश्च તેજસ્કાય અને વાયુકાય એ બંને એકેન્દ્રિય જીવ उराला-उदाराः એકેન્દ્રિય જીવોની અપેક્ષા પ્રાયઃ સ્થૂળ છે તથા तसा-त्रसाः એક સ્થાનથી બીજા સ્થાનમાં ફરનાર હોવાથી ત્રસ છે इइ-इति એ કારણે एए तसा तिविहा-एते त्रसाः त्रिविधाः એ ત્રસ ત્રણ પ્રકારના છે. तेसिं भेए मे सुणेह-तेषाम् भेदान् मे शृणुत હવે હું એના ભેદો કહું છું તેને તમો સાંભળો. તાત્પર્ય આનું એ છે કે, ત્રસ ત્રણ પ્રકારનાં હોય છે. (૧) અગ્નિરૂપ, (૨) વાયુરૂપ (૩) ઉદારરૂપ જો કે, અગ્નિકાય તથા વાયુકાયથી સ્થાવર નામ કર્મનો ઉદય છે તો પણ એનામાં સ્થાનથી સ્થાનાંતરરૂપ ત્રસન થાય છે. આથી આ ત્રસનની અપેક્ષા અગ્નિકાય અને વાયુકાયમાં ત્રસપના કહેલ છે, ગતિની અપેક્ષાથી તથા લબ્ધિની અપેક્ષાથી ત્રસપના બે પ્રકાર હોય છે. તેજસ્કાય અને વાયુકાયમાં ત્રસપના ગતિની અપેક્ષાથી કહેલ છે. તથા ત્રસ નામ કર્મના ઉદયવાળા ઉદાર જીવોને જે ત્રસપના કહેલ છે તે ગતિ તથા લબ્ધિ બંનેની અપેક્ષાથી કહેલ છે. ॥ ૧૦૮ ॥

अग्निकाय जीवों का निरूपण

આમાં પહેલાં તેજસ્કાય જીવોને કહે છે—" दुविहा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—तेउ जीवा-तेजो जीवाः તેજસ્કાયના જીવ दुविहा-द्विविधाः બે પ્રકારનાં છે. सुहुमा बायरा-सूक्ष्मा बादराः સૂક્ષ્મ અને બાદર एए-एते બંને पज्जत्तमपज्जत्ता-पर्याप्ताः अपर्याप्ताः પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી ફરીથી બે પ્રકારના હોય છે. ॥ ૧૦૯ ॥

" बायरा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—जे उ बायरा पज्जत्ता-ये तु बादराः पर्याप्ताः જે બાદર પર્યાપ્ત

અગ્નિકાય જીવ છે તે णेगहा वियाहिया–તે અનેકધા વ્યાખ્યાતાઃ તે અનેક પ્રકારના કહેવાયેલ છે. જેમ કે, इंगाले मुम्मुरे अगणी अर्चिजाला तहा उक्का विज्जू एवं आयओ णेगहा बोद्धव्वा–अंगारः मुर्मुरः अग्निः अर्चिज्वाला तथा उल्का, विद्युत् एवम् आदिकाः अनेकधाः बोद्धव्याः અંગાર–ધૂમાડા અને જ્વાળાથી રહિત કેવળ ભાસ્વર રૂપવાળી અગ્નિ, મુર્મુર–રાખથી ઢાંકેલી અગ્નિ, અગ્નિ–ધુમાડા સહિતની અગ્નિ, અર્ચિમૂળભાગથી ભરેલી અગ્નિની જ્વાળા, જ્વાળા–છીન્ન મુળવાળી અગ્નિની શીખા, ઉલ્કા–આકાશની અગ્નિ, વિદ્યુત–વિજળી ઇત્યાદિ! આનાથી અતિરિક્ત બીજા પણ અનેક પ્રકારના અગ્નિકાય જીવ શાસ્ત્રોમાં બતાવેલ છે. આ અગ્નિકાય જીવોમાં सुहुमा–सूक्ष्माः सूक्ष्म જીવ છે તે–તે તે एगविहं–एकविधाः એક જ પ્રકારના છે–તેના ભેદ હોતા નથી. આ કારણે अणाणत्ता–अनानात्वाः તે અનેક પ્રકારના હોતા નથી. એવું वियाहिया–व्याख्याताः પ્રભુ વીતરાગ દેવોએ કહેલ છે. सुहुमा–सूक्ष्माः એસૂક્ષ્મ જીવ सव्वलोगम्मि–सर्वलोके સમસ્ત લોકાકાશમાં રહેલ છે તથા बायरा–बादराः જે બાદર જીવ છે તે लोगदेसे–लोकदेशे લોકના એક દેશમાં છે. इतो तेसिं चउव्विहं कालविभागं वुच्छं–तेषाँ चतुर्विधम् कालविभागं वक्ष्यामि અના પછી હવે હું એમના ચતુર્વિધ કાળના વિભાગ બતાવું છું તે આ પ્રમાણે છે–संतइं पप्प–संततिं प्राप्य પ્રવાહની અપેક્ષાથી તે अणाइया वि य अपज्जवसिया–अनादिकाः अपि च अपर्यवसिताः અનાદિ અને અનંત છે તથા ઠિઇं पडुच्च–स्थितिं प्राप्य ભવસ્થિતિ અને કાય સ્થિતિની અપેક્ષા साइया सपज्जवसिया–सादिकाः सपर्यवसिताः સાદી ત્રણ અને સાંત ચાર છે. આ तेऊणं–तेजसाम् तेજસ્કાયિક જીવોની आउठिई आयु स्थितिः આયુ સ્થિતિ उक्कोसेण तिण्णेव अहोरत्ता वियाहिया–उत्कर्षण त्रीन् अहोरात्रान् व्याख्याता ઉત્કૃષ્ટ ત્રણ દિવસ રાતની છે અને जहन्निया–जघन्यिका જઘન્ય अंतोमुहुत्तं–अन्तर्मूहूर्त्त અંતર્મુહૂર્તની છે तं कायं अमुंचओ तेऊणं कायठिई–तं कायं अमुञ्चताम् तेजसां कायस्थितिः તેજરૂપ કાયને ન છોડતાં આ તેજસ્કાયિક જીવોની કાયસ્થિતિ उक्कोसं–उत्कृष्टं ઉત્કૃષ્ટથી असंख्यात કાળની છે અને जहन्निया–जघन्यिका જઘન્યથી अंतोमुहुत्तं–अन्तर्मूहूर्त्त અંતર્મુહૂર્તની છે તથા तेउ जीवाण–तेजो जीवानाम् तेજસ્કાયિક જીવોનું सए काए विजढम्मि–स्वकेकाये સ્વકે પોતાના શરીરને છોડીને अेज શરીરમાં આવવાનો अंतरं–अन्तरम् અંતર્કાળ उक्कोसं–उत्कृष्टम् ઉત્કૃષ્ટ अणंतकालं–अनंतकालम् અનન્ત કાળનો છે તથા जहन्नयं–जघन्यकम જઘન્ય अंतोमुहुत्तं–अन्तर्मुहूर्त्तम અંતર્મુહૂર્તનો છે. एएसिं वण्णओ गंधओ रसफासओ–एतेषां वर्णतः गंधतः रसस्पर्शतः આ જીવોના વર્ણની અપેક્ષા ગંધની અપેક્ષા, રસની અપેક્ષા, સ્પર્શની અપેક્ષા તથા संठाणदेसओ–संस्थानदेशतः સંસ્થાન દેશની અપેક્ષાથી ઘણા ભેદ છે. ॥૧૧૦–૧૧૭।

વાયુ જીવોના ભેદ આ પ્રકારના છે—" दुविहा " ઇત્યાદિ !

અન્વયાર્થ—वाउ जीवा उ दुविहा सुहुमा बायरा तहा–वायुजीवास्तु द्विविधा सूक्ष्माः बादरास्तथा વાયુ જીવ બે પ્રકારના છે એક બાદર અને બીજા સૂક્ષ્મ एवमेए दुहा पुणो पज्जत्तमपज्जत्ता–एवमेते द्विधा पुनः पर्याप्ताः अपर्याप्ताः આ બંને પ્રકાર પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી ફરીથી બે પ્રકારના થાય છે–બાદર પર્યાપ્ત અને બાદર અપર્યાપ્ત સૂક્ષ્મ. પર્યાપ્ત અને સૂક્ષ્મ અપર્યાપ્ત. जे उ बायरा ते पंचहा पकित्तिया–ये तु बादराः ते पंचधा प्रकीर्त्तिताः જે બાદર પર્યાપ્ત વાયુકાય જીવ છે તે પાંચ પ્રકારના કહેલ છે. જેમ કે,–उत्कालिका वात, જે રોકાઈ રોકાઈને વધુ ચાલે છે તે, મંડલિકા વાત–જે વાયુ, ધૂળ, વગેરેને ગોળાકારમાં ઘૂમાવે છે તે. ઘન વાત–જે રત્નપ્રભા વગેરે ભૂમિયોના અધોવર્તિ ઘનોદધી વાયુઓની અથવા વિમાનોને આધારભૂત છે તે, गुंजावात–જે શબ્દ કરતાં કરતાં ઉડે છે તે. એથી જ તેને ગુંજાવાત કહેલ છે, संवर्तकवात–જે પવન તૃણ આદિને ઉડાડીને બીજે સ્થળે લઇ જાય છે તે एवमायओ–एवमादयः ઇત્યાદિ બીજા પણ णेगहा–नेकधाः ઘણા વાયુ હોય છે આ સઘળા વાયુકાયમાં અર્થાત્ તેના ભેદરૂપ બાદર પર્યાપ્ત વાયુકાયમાં અંતર્ગત જાણવા જોઈએ. सुहुमा णेगविहमणाणत्ता–सूक्ष्माः एकविधाः अनानात्वाः સૂક્ષ્મ વાયુકાયિક જીવ એક પ્રકારના જ હોય છે જેથી તે જુદા જુદા પ્રકારના કહેવાયેલ નથી. અર્થાત્ એના ભેદ નથી. આ सुहुमा-सूक्ष्माः સૂક્ષ્મકાયિક જીવ सव्वलोगम्मि–सर्वलोके સમસ્ત લોકમાં તલમાં જેમ તેલ છે એ પ્રમાણે ભરેલા છે તથા बायरा–बादराः બાદર વાયુકાયિક જીવ एगदेसे–एकदेशे લોકના એક ભાગમાં રહે છે. इतः–अतः હવે હું આના પછી तेसिं–तेषाम् આ વાયુકાયિક જીવોના चउव्विहं–चतुर्विधम् ચાર પ્રકારના कालविभागं वुच्छं–कालविभागं वक्ष्यामि કાળવિભાગ કહું છું. આ

સધળા વાયુકાયિક જીવ સંતઇં પપ્પ–સન્તતિં પ્રાપ્ય પ્રવાહની અપેક્ષા અણાઇયા વિ ય અપજ્જવસિયા–અનાદિકાઃ અપિ ચ અપર્યવસિતાઃ અનાદિ અને અનંત છે. તથા ઠિઇં પડુચ્ચ–સ્થિતિં પ્રાપ્ય સ્થિતિની અપેક્ષા સાઇયા સપજ્જવસિયા–સાદિકાઃ સપર્યવસિતાઃ સાદી અને સાંત છે. આ વાયુકાયિક જીવોની આઉ ઠિઈ–આયુઃ સ્થિતિઃ આયુ સ્થિતિ ઉક્કોસા–ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ વાસાણં તિન્નેવ સહસ્સાઇં–વર્ષાણાં ત્રિણ્યેવ સહસ્રાણિ ત્રણ હજાર વર્ષની છે તથા જહન્નિયા–જઘન્યિકા જઘન્ય અંતોમુહુત્તં–અન્તર્મુહૂર્તમ્ અંતર્મુહૂર્તની છે તેજ પ્રમાણે તં કાયં અમુંચઓ–તં કાયં અમુઞ્ચતામ્ વાયુકાયને ન છોડતાં આ વાઊણં–વાયૂનામ્ વાયુકાયિક જીવોની કાયઠિઈ–કાયસ્થિતિઃ કાયસ્થિતિ ઉક્કોસં–ઉત્કૃષ્ટં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની છે તથા જહન્નિયા–જઘન્યિકા જઘન્ય અંતર્મુહૂર્તની છે વાઊ જીવાણ–વાયુજીવાનામ્ વાયુકાય જીવો વિજઢમ્મિ સએ કાએ–ત્યક્તે સ્વકે કાએ પોતાની કાયાને છોડીને અને બીજી કાયમાં જન્મ લીધા પછી તે કાયામાં ફરીથી જન્મ લેવાનો અંતરં–અન્તરમ્ અંતકાળ ઉક્કોસં–ઉત્કૃષ્ટમ્ ઉત્કૃષ્ટ અણંતકાલં–અનન્તકાલમ્ અનંતકાળનો છે આ ઉત્કૃષ્ટ અંતરકાળ નિગોદની અપેક્ષાથી કહેલ છે. જહન્નયં–જઘન્યકમ્ જઘન્ય અંતરકાળ અંતોમુહુત્ત–અન્તર્મુહૂર્ત્તમ્ અંતર્મુહૂર્તનો છે. એએસિં–એતેષાં આ વાયુકાયિક જીવોના વણ્ણઓ ગન્ધઓ રસફાસઓ વિ ય સંઠાણદેસઓ–વર્ણતઃ ગંધતઃ રસસ્પર્શતઃ અપિ ચ સંસ્થાનદેશતઃ વા વર્ણની ગંધની, રસની, સ્પર્શની, તથા સંસ્થાનરૂપ દેશની પણ અપેક્ષાએ સહસ્સઓ વિહાણાઇં–સહસ્રશો વિધાનાનિ હજારો ભેદ થઈ જાય છે. ॥ ૧૧૮ થી ૧૨૬ ॥

ઉદાર તીસરે પ્રકાર કે ત્રસ જીવ કા નિરૂપણ

હવે ઉદારરૂપ જે ત્રીજા પ્રકારના ત્રસ જીવ છે તેને સૂત્રકાર બતાવે છે—" ઉરાલા " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જો ઉ ઉરાલા તસા તે ચઉહા પકિત્તિયા–યે તુ ઉદારાઃ ત્રસાઃ તે ચતુર્ધા પ્રકીર્તિતાઃ જે ત્રસનો ત્રીજો ભેદ ઉદાર ત્રસ કહેલ છે તે ચાર

પ્રકારનો છે બેઇંદિય તેઇંદિય ચઉરો પંચિંદિયા–દ્વીન્દ્રિયાઃ ત્રીન્દ્રિયાઃ ચતુષ્પંચેન્દ્રિયાશ્ચ સ્પર્શન અને રસના ઇન્દ્રિય જેને હોય છે એવા કૃમિ આદિ જીવ બેઇન્દ્રિય જીવ છે. સ્પર્શન, રસના અને ઘ્રાણથી ત્રણ ઇન્દ્રિયો જેને હોય છે તે ત્રણ ઇન્દ્રિય જીવ છે. જેમ પિપિલિકા આદિ સ્પર્શન રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિયો જે જીવોને હોય છે, તે ચાર ઇન્દ્રિયવાળા જીવ છે જેમ ભ્રમર વગેરે. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ, એ પાંચ ઇન્દ્રિયો જેને હોય છે તે પંચેન્દ્રિય જીવ છે. પંચેન્દ્રિય જેમ મનુષ્ય આદિ! એકેન્દ્રિયથી લઈને ચાર ઈન્દ્રિયવાળા તિર્યંચ જીવોને છોડીને બાકીના તિર્યંચ, મનુષ્ય દેવ અને નારકીય એ સઘળા પંચેન્દ્રિય જીવ છે. ॥ ૧૨૭ ॥

द्वीन्द्रिय जीवों का निरूपण

હવે બે ઇન્દ્રિય જીવને બતાવવામાં આવે છે—" बेइंदिया " ઇત્યાદિ!

અન્વયાર્થ—જે उ बेइंदिया जीवा-ये तु द्विन्द्रियाः जीवाः જે બે ઇન્દ્રિય જીવ છે. તે दुविहा पकित्तिया–ते द्विविधाः प्रकीर्तिताः તે બે પ્રકારના કહેલ છે. पज्जत्ता–पर्याप्ताः પર્યાપ્ત અને બીજા अपज्जत्ता–अपर्याप्ताः અપર્યાપ્ત तेसिं भेए मे सुणेह–तेषां भेदान् मे शृणुत હવે તેના ભેદોને હું કહું છું તે સાંભળો. તે આ પ્રમાણે છે–किमिणो–कृमयः કૃમિ–જે વિષ્ટા આદિ અપવિત્ર પદાર્થોમાં ઉત્પન્ન થાય છે તે सो मंगला–सौ मंगलाः સૌ મંગલ જીવ વિશેષ, अलसा–अलसाः કેંચુઆ माइवाइया–मातृवाहकाः બે ઇન્દ્રિય જંતુ વિશેષ वासोमुहा–वासीमुखाः જેનું મોંઢું વસોલાના આકાર જેવું હોય છે એવા બે ઇન્દ્રિય જીવ सिप्पिया–शुक्तयः સીપ संख–शंखाः શંખ નાનાનાના, संखणगा–शंखनकाः શંખ पल्लोय–पल्लकाः જે લાકડાનું ભક્ષણ કરે છે એવા જીવ વિશેષ ઘુણ આદિ अणुल्लया–अनुल्लक अनुल्लक જીવ વિશેષ તથા वराडगा–वराटकाः કોડી जलूगा–जलौकसः જોક, जालगा–जालकाः જાલક, चंदणा–चन्दनाः ચાંદણિયા, इइ एवं आयओ–इति एवम् आदयः આ પ્રમાણે એમનાથી અધિક લઈને एए बेइंदिया अणेगहा–एते द्विन्द्रियाः अनेकधा આ બે ઇન્દ્રિય જીવ અનેક પ્રકારના હોય છે. ते सव्वे लोगेगदेसे–તે સર્વે લોકૈકદેશે આ સઘળા બે ઇન્દ્રિય જીવ લોકના એક ભાગમાં રહે છે. न सव्वत्थ–न सर्वत्र સઘળા લોકમાં નહીં. वियाहिया–व्याख्याताः એવું પ્રભુએ ફરમાવ્યું છે. सतइं पप्पणाईया वि य अपज्जवसिया–संततिं प्राप्य अनादिकाः अपि च अपर्यवसिताः આ બે ઇન્દ્રિય જીવ પ્રવાહની અપેક્ષાથી અનાદિ અને અનંત છે તથા ठिइं पडुच्च साईया वि य सपज्जवसिया–स्थितिं प्रतीत्य सादिकाः अपि च सपर्यवसिताः સ્થિતિની અપેક્ષાથી સાદી અને સાંત છે. बारसा वासाइं चेव बेइंदिय आउठिई उक्कोसेण वियाहिया–द्वादशवर्षाणि एवं द्वीन्द्रियाणाम् आयुस्थितिः उत्कर्षेण व्याख्याता બાર વર્ષની જ ઉત્કૃષ્ટ સ્થિતિ આ બે

ઇન્દ્રિયવાળા જીવોની બતાવેલ છે તથા જહન્નિયા અંતોમુહુત્તં–તથા જઘન્યિકા અન્તર્મુહૂર્ત્તમ્ જઘન્ય અન્તર્મુહૂર્તની આજ પ્રમ ણે કાયઠિઈ–કાયસ્થિતિઃ કાય સ્થિતિ બેઇંદિય–દ્વિન્દ્રિયાણામ્ આ બે ઇન્દ્રિય જીવોની તં કાયં તુ અમુંચઓ–તં કાયં અમુઞ્ચતામ્ એકધારી આ બે ઇન્દ્રિયવાળા શરીરને નહીં છોડવાની ઉક્કોસં–ઉત્કૃષ્ટં ઉત્કૃષ્ટ૩૫થી સંખિજ્જકાલં–સંખ્યેયકાલમ્ સંખ્યાતકાળની તથાજહન્નિયં–જઘન્યિકા જઘન્ય રૂપથી અંતોમુહુત્તં-અન્તર્મુહૂર્તમ્ અન્તર્મુહૂર્તની કહેવામાં આવેલ છે તથા બેઇંદિય જીવાણં–દ્વિન્દ્રિયાણામ્ જીવાનામ્ એવી રીતે એ બે ઇન્દ્રિય જીવોના અંતરં–અન્તરમ્ અંતરકાળ વિરહકાળ ઉક્કોસં–ઉત્કૃષ્ટં ઉત્કૃષ્ટ અણંતકાલં–અનન્તકાલમ્ નિગોદની અપેક્ષા અનંત કાળનો અને જહન્નયં–જઘન્યકમ્ જઘન્ય અંતોમુહુત્તં–અન્તર્મુહૂર્તમ્ અન્તર્મુહૂર્તના કહેલ છે. એએસિં વણ્ણઓ ગંધઓ રસફાસઓ વિ સંઠાણદેસઓ સહસ્સઓ વિહાણાઇં–એતેષામ્ વર્ણતઃ ગન્ધતઃ રસસ્પર્શતઃ અપિ સંસ્થાનદેશતઃ આ બે ઇન્દ્રિય જીવોમાં વર્ણની, ગંધની, રસની, સ્પર્શની તથા સંસ્થાનરૂપ દેશની અપેક્ષાથી બીજા પણ ઘણા ભેદ છે. ॥ ૧૨૮–૧૩૬ ॥

ત્રિન્દ્રિય જીવોં કા નિરૂપણ

હવે ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનું કથન સૂત્રકાર આ પ્રમાણે કરે છે— "તે ઇંદિયાઉ" ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે તેઇંદિયા જીવા તે દુવિહા પકિત્તિયા–યે તુ ત્રિન્દ્રીયા જીવા તે દ્વિવિધા પ્રકીર્તિતાઃ જે ત્રણ ઇન્દ્રિયવાળા જીવ છે તે બે પ્રકારના કહેવામાં આવેલ છે. પજ્જત્તમપજ્જત્તા–પર્યાપ્તાઃ અપર્યાપ્તાઃ એક પર્યાપ્ત અને બીજા અપર્યાપ્ત હવે તેસિં ભેએ મે સુણેહ–તેષાં ભેદાન્ મે શ્રૃણુત તેના ભેદોને કહું છું તે સાંભળો તે આ પ્રમાણે છે–કુંથુ પિવીલિઉદંસા ઉક્કલુદ્દોહિયા–કુન્થુ પિપીલિકાદેશાઃ ઉત્કલિકાઃ તથા ઉદ્દેહિકા કુન્થુ–ત્રણ ઇન્દ્રિયવાળા જીવોમાં સઘળાથી સૂક્ષ્મ જીવ જે ચાલતી વખતે જ જોઈ શકાય છે એક સ્થળે બેઠેલ હોય ત્યારે નહીં.

પિપીલિકા-કીડી, ઉદ્દંશ, ઉત્કાલિક, ઉદ્દેહિક તથા તણહારા-તૃણહારાઃ તૃણહાર, કટ્ઠહારા-કાષ્ઠહારાઃ કાષ્ઠહાર, માલુગા-માલુકા માલુક, પત્તહારગા-પત્રહારકા પત્ર હારક આ સઘળા ત્રણ ઇન્દ્રિય જીવ વિશેષ છે. કપ્પસટ્ઠિ મિંજાય તિંદુકા તડસ મિંજિગા-કાર્પાસસ્થિમિઞ્જાશ્ચ તિન્દુકાઃ ત્રપુષમિઞ્જિકાઃ કાર્પાસાસ્થિમિંજા તિન્દુક ત્રપુષમિંજીકા, આ પણ ત્રણ ઇન્દ્રિય વિશેષ જીવ છે. સયાવરિ ગુમ્મીય ઇંદ કાઇયા ઇંદ ગોવગમાઈયા ણેગહા એવમાયઓ-સદાવરી ગુલ્મી ઇન્દ્રકાયિકાઃ ઇન્દ્ર ગોપિકાદિકા અનેકધા એવમાદયઃ આજ પ્રમાણે સદાવરી, ગુલ્મિ, ઇન્દ્રકાયિક અને ઇન્દ્રગોપિકા આ સઘળા ત્રણ ઇન્દ્રિય જીવોના નામ છે. ત્રણ ઇન્દ્રિય જીવ બીજા પણ એનેક પ્રકારનાં હોય છે. તે સવ્વે લોગેગદેસે ન સવ્વત્થ વિયાહિયા-તે સર્વે લોકૈકદેશે ન સર્વત્ર વ્યાખ્યાતાઃ આ સઘળા ત્રણ ઇન્દ્રિય જીવ લોકના એક દેશમાં જ રહે છે. સર્વત્ર લોકમાં નહીં. આવું પ્રભુએ ફરમાવેલ છે. સંતઇં પપ્પ-સંતતિં પ્રાપ્ય પ્રવાહની અપેક્ષા આ જીવ અણાઇયા વિ ય અપજ્જવસિયા-અનાદિકાઃ અપિ ચ અપર્યવસિતાઃ અનાદિ અને અનંત છે. ઠિઇં પડુચ્ચ-સ્થિતિં પ્રાપ્ય સ્થિતિની અપેક્ષા વિચાર કરવાથી સાઇયા વિ ય સપજ્જવસિયા-સાદિકાઃ અપિ ચ સપર્યવસિતાઃ સાદી અને સાંત છે. ઉક્કોસેણ-ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટથી તેઇંદિય આઉઠિઈ-ત્રીન્દ્રિયાણમ્ આયુસ્થિતિઃ ત્રણ ઇન્દ્રિય જીવોની આયુ એગુણપણ્ણ-એકોનપઞ્ચાશત્ ઓગણ પચાસ (૪૯) દિવસ રાતની છે તથા જહન્નિયં-જઘન્યમ્ જઘન્યથી અંતોમુહુત્તં-અન્તર્મુહૂર્ત્તમ્ અંતર્મુહૂર્તની છે તેઇંદિયાણં કાઉઠિઈ-ત્રીન્દ્રીયાણમ્ કાયસ્થિતિઃ ત્રણ ઇન્દ્રિયવાળા જીવોની તં કાયં અમુઞ્ચઓ-તં કાયં અમુઞ્ચતામ્ ત્રણ ઇન્દ્રિયના શરીર એકધારી રીતે પ્રાપ્ત કરતા રહેવાથી કાઉઠિઈ-કાયસ્થિતિઃ કાયસ્થિતિ ઉક્કોસા-ઉત્કૃષ્ટા ઉત્કૃષ્ટ સંખેજ્જકાલં-સંખ્યેયકાલમ્ અસંખ્યાતકાળ છે. જહન્નિયં અન્તોમુહુત્તં-જઘન્યિકા અન્તર્મુહૂર્તમ્ જઘન્ય અન્તર્મુહૂર્ત છે. ત્રણ ઇન્દ્રિય જીવોના અંતરકાળ નિગોદની અપેક્ષા ઉત્કૃષ્ટ અનંતકાળનો છે. જઘન્ય અંતરમુહૂર્તનું છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનરૂપ દેશની અપેક્ષાથી ઘણા ભેદ છે. ॥ ૧૩૭ ૧૪૫ ॥

ચતુરિન્દ્રિય જીવ કા નિરૂપણ

હવે સૂત્રકાર ચાર ઇન્દ્રિયવાળા જીવના વિષયને સમજાવે છે—

" चउरिंदिया " ઇત્યાદિ !

અન્વયાર્થ—જે ઉ ચઉરિંદિયા જીવા તે દુવિહા પકિત્તિયા-યે તુ ચતુરિંદ્રિયા જીવાસ્તે દ્વિવિધા પ્રકીર્તિતાઃ જે ચાર ઇન્દ્રિયવાળા જીવ છે તે બે પ્રકારના છે. એક પજ્જત્તમપજ્જત્તા-પર્યાપ્તાઃ અપર્યાપ્તાઃ પર્યાપ્ત અને બીજા અપર્યાપ્ત તેસિં ભેએ

मे सुणेह–तेषां भेदान् मे शृणुत हुं हवे तेना भेदोने कहुं छुं ते सांभळो– अंधिया पोत्तिया मच्छिया मसगा भमरे कीडपयंगे ढिंकणे कंकणे कुक्कुडे सिंगिरिडीय नंदावत्ते विच्छुए डोले भिंगारियाय वियडी अच्छिवेहए अच्छिले माहए अच्छिरोडए विच्छुया चित्तपक्खए उहिंजलिया जलकारी निनीया तंबगाईया–अंधिका, पुत्तिका, मक्षिका, मशकाः भ्रमरः, कीटः, पतङ्गः, ढिंकनः कंकनः कुक्कुटः शृंगरिटी नंदावर्त्तः वृश्चिकः डोलः भृङ्गारिकाः विरली अक्षिवेधकः अक्षिला, माहयः अक्षिरोडकः विच्युता चित्रपक्षकः ओहिंजलिका जलकारी नीनिका तंबकादयः अंधिका, पुत्तिका, मक्षिका, मशका, भ्रमर कीटक पतंग, ढिंकन, कंकन, कुक्कुट, शृंगरीटी, नंदावर्त्त, वींछी, डोल, भ्रमरी, विरली, अक्षिवेधक अक्षिल, माहय, अक्षिरोडक, विच्युता, ओहिंजलिका, जलकारी नीनिका, तंबकादयः, आ अंधिका पुत्तिकाथी मांडीने तंबकादि पर्यंत सघळा जीव चार ईन्द्रिय जीव छे तेमां केटलाक जीव अप्रसिद्ध केटलाक जे ते देशमां तथा केटलाक सर्वत्र प्रसिद्ध छे. जेम माखी, मच्छर, भ्रमर, पतंग, वींछी, इइ चउरिंदिया– इति एते चतुरिन्द्रियाः आ प्रमाणे पूर्वोक्त ए सघळा जीव चारईन्द्रिय जीव छे. एवं अणेगहा– एवमादयः अनेकधा आवी रीते बीजा पण चार ईन्द्रिय जीव छे. ते सव्वे–ते सर्वे ते सघळा लोगस्स एगदेसम्मि–लोकस्य एकदेशे लोकना एक भागमां रहे छे. परिकित्तिया–परिकीर्तिताः वीतराग प्रभुए कहुं छे. संतइं पप्प–सन्ततिं प्राप्य आ चार ईन्द्रियवाळा जीव प्रवाहनी अपेक्षा अनादि अने अनंत छे. ठिइं पडुच्च–स्थितिं प्रतीत्य स्थितिनी अपेक्षाथी सादी अने शांत छे. चच्चेवमासा– षडेवमासान् आ चार ईन्द्रियवाळा जीवोनी आयुस्थिति उत्कृष्ट छ महिनानी अने जघन्य अंतर्मुहूर्तनी छे. तेनी कायठिई–कायस्थितिः कायस्थिति एकधारी चार इन्द्रियना शरीरने न छोडवाथी उत्कृष्ट संख्यात काळनी छे. जघन्य अंतर्मुहूर्तनी छे. तेनो अंतरं–अन्तरम् अंतर विरहकाळ निगोदनी अपेक्षा उत्कृष्ट अनंत काळनो अने जघन्य अंतर्मुहूर्तनुं छे. आ चार ईन्द्रिय जीवोना वर्ण, गंध, रस, स्पर्श अने संस्थानरूप देशनी अपेक्षाथी बीजा पण घणा भेद छे. ॥ १४६ थी १५५ ॥

પંચેન્દ્રિય જીવોના વિષયનું કથન આ પ્રમાણે છે—"पंचेदिया" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે ઉ પંચેદિયજીવા તે चउव्विहा वियाहिया–ये तु पंचेन्द्रिया चतुर्विधाः व्याख्याताः જે પાંચ ઇન્દ્રિય જીવ ચાર પ્રકારના કહેલ છે. नेरइया–नैरयिकाः (૧) નારકીય જીવ, तिरिक्खाय–तिर्यञ्चश्च (૨) તિર્યંચ જીવ, मणुया–मनुजाः (૩) મનુષ્યગતિના જીવ, તથા देवा–देवाः દેવગતિના જીવ (૪) ॥૧૫૬॥

આમાંથી હવે નારકીય જીવોને કહે છે—" नेरइया " ઇત્યાદિ ।

અન્વયાર્થ–नेरइया सत्तविहा सत्तसु पुढवीसु भवे–नैरयिकाः सप्तविधा सप्तसु पृथिवीषु भवन्ति નારકીય જીવ સાત પ્રકારના છે અને તે સાત પૃથવીઓ નરકોમાં રહે છે એ સાત પૃથવી આ પ્રમાણે છે–रयणाभ–रत्नाभा રત્નપ્રભા, सक्कराभा–शर्कराभा શર્કરા પ્રભા, वालुयाभा–वालुकाभा वालुकाप्रभा, पंकाभा–पङ्काभा પંકપ્રભા, धूमाभा-धूमाभा धूमप्रभा, तमा–तमः तमप्रभा, तमतमा–तमस्तमः तमस्तमप्रभा. ॥ ૧૫૭ ॥

રત્નપ્રભા પૃથવીમાં ભવનપતિદેવોનું આવાસસ્થાન છે. આ આવાસસ્થાન રત્નોનું બનેલ છે. આની પ્રભા આ પૃથવીમાં વ્યાપ્ત રહે છે જેથી તેના વડે આ પૃથવીનું નામ રત્નપ્રભા એવું પડેલ છે. ૧. શર્કરા નામ લઘુપાષાણ ખંડોનું છે તેની આભાના સમાન બીજી ભૂમિની આભા છે જેથી તેનું નામ શર્કરાપ્રભા છે. ૨. રેતીના જેવી જે ભૂમિની કાંતિ છે તેનું નામ વાલુકાપ્રભા છે ૩. પંકનામ કાદવનું છે કાદવના જેવી જેની કાંતિ છે તે પંકપ્રભા છે. ૪. ધુમાડાના જેવી જેની કાંતિ છે તે ધૂમપ્રભા છે. આ ધૂમપ્રભા નરકમાં ધુમાડા જેવા પુદ્ગલોનું પરિણમન થયા કરે છે. ૫. અંધકારના જેવી કાંતિ જે નરકમાં છે તે તમઃપ્રભા છે. ૬. તથા ગાઢ અંધકારના જેવી જે પૃથવીની કાંતિ છે તે તમસ્તમઃપ્રભા છે. ૭. આ પ્રમાણે સાત પૃથવીઓના ભેદથી નારકીય જીવ સાત પ્રકારના કહેવાયા છે. ॥ ૧૫૮ ॥

અન્વયાર્થ—ते सव्वे लोगस्स एगदेसम्मि वियाहिया–ते सर्वे लोकस्य एकदेशे व्याख्याताः આ બધા લોકના એક ભાગમાં રહે છે. एत्तो कालविभागं वोच्छं–अतः परं कालविभागं वक्ष्यामि હવે આની પછી કાળવિભાગને કહું છું. આ કાળવિભાગ तेसिं–तेषां આ નારકીય જીવોના चउव्विहं–चतुर्विधम् ચાર પ્રકારના છે. ॥ ૧૫૯ ॥

અન્વયાર્થ—આ નારકીય જીવ संतइं पप्प–संततिं प्राप्य પ્રવાહની અપેક્ષાથી अणाइया अनादिकाः અનાદિ वि–ય અને अपज्जवसिया–अपर्यवसिताः અનંત છે તથા ठिइं पडुच्च–स्थितिं प्राप्य આયુસ્થિતિ અને કાળસ્થિતિની અપેક્ષાથી साईया वि य–सपज्जवसिया સાદી અને સાંત છે. ॥૧૬૦॥

અન્વયાર્થ—પઢમાए-પ્રથમા પહેલા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી एगंसागरोवमं-एकं सागरोपमम् એક સાગરની છે તથા जहन्नेणं-जघन्येन જઘન્યની અપેક્ષાથી दसवाससहस्सिया-दशवर्षसहस्रिका દસ હજાર વર્ષની છે. ॥૧૬૧॥

અન્વયાર્થ—दोच्चस्स-द्वितीयायाः બીજા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી तिन्नेय सागरा-त्रीनेव सागरान् ત્રણ સાગરની છે. तथा जहन्नेण एगं सागरोवमं-जघन्येन एकम् सागरोपमम् જઘન્યની અપેક્ષાથી એક સાગરોપમ પ્રમાણ કહેલ છે. ॥ ૧૬૨ ॥

અન્વયાર્થ—तइयाए-तृतीयायाः ત્રીજા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી सत्तेवसागरा सप्तैव सागरान् સાત સાગરની છે તથા जहन्नेणं-जघन्येन જઘન્યની અપેક્ષાથી तिन्नेवसागरोवमाणि-त्रीण्येवसागरोपमाणि ત્રણ સાગરની वियाहिया-व्याख्याताः કહી છે ॥ ૧૬૩ ॥

અન્વયાર્થ—चउत्थीए-चतुर्थ्याः ચોથા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી दससागरोवमा-दशसागरोपमाणि દસ સાગરની છે तथा जहन्नेण-जघन्येन જઘન્યની અપેક્ષાથી सत्तेवसागरोवमा-सप्तैवसागरोवमाणि સાત સાગરની છે. ॥ ૧૬૪ ॥

અન્વયાર્થ—पंचमाए-पञ्चम्याः પાંચમા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી सत्तेव सागरोवमा-सप्तैव सागरोपमाणि સત્તર સાગરોપમ પ્રમાણ તથા જઘન્યની અપેક્ષાથી દસ સાગરોપમ પ્રમાણ કહેલ છે. ૧૬૫।

અન્વયાર્થ—छट्ठिए-छष्ठ्याः છઠ્ઠા નરકની આયુસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી बावीससागराउ-द्वाविंशति सागरान् બાવીસ સાગરોપમ

પ્રમાણ છે તથા જહન્નેણં–જઘન્યેન જઘન્યની અપેક્ષાથી સત્તરસસાગરોવમા–સપ્તદશ સાગરોપમાણિ સત્તર સાગરોપમ પ્રમાણ વિયાહિયા–વ્યખ્યાતા કહેલ છે. ॥૧૬૬॥

અન્વયાર્થ—સત્તમાએ–સપ્તમાયાઃ સાતમા નરકની આયુસ્થિતિ ઉત્કૃષ્ટની અપેક્ષા તેત્તીસસાગરોવમા–ત્રયત્રિંશત્ સાગરાન્ તેત્રીસ સાગરોપમ પ્રમાણ તથા જહન્નેણં–જઘન્યેન જઘન્યની અપેક્ષાથી બાવીસં સાગરોવમા–દ્વાવિંશતિસાગરોપમાણિ બાવીસ સાગરોપમ પ્રમાણ વિયાહિયા–વ્યાખ્યાતા કહેલ છે. ॥ ૧૬૭ ॥

અન્વયાર્થ—જા ચેવ આઉઠિઈ નેરઇયાણં વિયાહિયા–યા ચૈવ આયુઃ સ્થિતિ નૈરયિકાણાં વ્યાખ્યાતા જેટલી જેટલી અને ભિન્ન ભિન્ન નરકોમાં નારકિય જીવોની ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુસ્થિતિ અહીં બતાવવામાં આવેલ છે સા તેસિં જહન્નુક્કોસિયા ભવે–સૈવ તેષાં જઘન્યોત્કૃષ્ટિકા ભવતિ એટલી જ એની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ એ નારકીય જીવોની જાણવી જોઈએ. ॥ ૧૬૮ ॥

અન્વયાર્થ—એ નારકીય ત્યાંથી નીકળીને ગર્ભજ તીર્યંચ અને મનુષ્યોમાં પણ જન્મ ધારણ કરે છે નેરઇયાણં–નૈરયિકાનામ્ નારકીય જીવોનું સએ કાએ વિજઢમ્મિ–સ્વકે કાયે ત્યક્તે પોતાના શરીરને છોડવાથી અંતરં–અન્તરમ્ અંતરકાળ ઉક્કોસં–ઉત્કૃષ્ટમ્ ઉત્કૃષ્ટ રૂપથી અણંતકાલં–અનન્તકાલમ્ અનન્તકાળ પ્રમાણ છે તથા જઘન્યરૂપથી અન્તર્મુહૂર્તનું છે. આ ઉત્કૃષ્ટ અંતરકાળ નિગોદની અપેક્ષાથી જાણવું જોઈએ તથા જઘન્યકાળ–જ્યારે કોઈ પણ જીવ નરકથી નીકળીને ગર્ભ જ પર્યાપ્ત મત્સ્યોમાં ઉત્પન્ન થાય છે અને અંતર્મુહૂર્ત આયુ સમાપ્ત કરીને કિલષ્ટ અધ્યવસાયના વશથી ફરીથી નરકમાં ઉત્પન્ન થાય છે. તેની અપેક્ષાથી જાણવું જોઈએ. ॥ ૧૬૯ ॥

અન્વયાર્થ—એએસિં વણ્ણઓ ગંધઓ રસફાસઓ વિ ય સંઠાણદેસઓ સહસ્સઓ વિહાણાઇં–એતેષાં વર્ણતઃ ગન્ધતઃ રસસ્પર્શતઃ અપિ ચ સંસ્થાનદેશતઃ સહસ્રશઃ વિધાનાનિ આ નારકીય જીવોના વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ તથા સંસ્થાનરૂપ દેશની

અપેક્ષાથી બીજા પણ ઘણા ભેદ થઈ જાય છે. ॥ ૧૭૦ ॥

હવે પાંચ ઈન્દ્રિય તિર્યંચ જીવોને બતાવે છે—" पंचेंदिय " ઈત્યાદિ ।

અન્વયાર્થ—पंचिंदिय तिरिक्खाओ दुविहा-पचेन्द्रियाः तिर्यञ्चः द्विविधाः પાંચ ઈન્દ્રિય તિર્યંચ બે પ્રકારના वियाहिया-व्याख्याताः કહેલ છે. संमूच्छिमतिरिक्खाओ तहा गब्भवक्कंतिया-संमूर्च्छिमतिर्यञ्चश्च तथा गर्भव्युत्क्रान्तिकाः (૧) સંમૂર્છિમ તિર્યંચ અને (૨) ગર્ભજ તિર્યંચ. અને પર્યાપ્તિના અભાવમાં જે સદા સંમૂર્છિતની માફક હોય છે તે સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ છે. તથા ગરભથી જેની ઉત્પત્તિ થાય છે તે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ છે. ॥ ૧૭૧ ॥

અન્વયાર્થ—दुविहा ते तिविहा भवे-द्विविधाः ते त्रिविधाः भवन्ति આ બે પ્રકારના તિર્યંચ ત્રણ પ્રકારના વધુમાં હોય છે. જલચરા થલચરા तहा नहयरा-जलचराः स्थलचराः तथा नभश्चराः જળચર ૧ સ્થળચર, ૨ નભશ્ચર-ખેચર ૩ हवे हुं तेसिं भेए-तेषां भेदान् એના ભેદોને કહું છું. ते सुणेह-शृणुत સાંભળો।।૧૭૨।।

જલચર જીવોં કા નિરૂપણ

હવે જળચર જીવોના વિષયમાં સૂત્રકાર કહે છે—"मच्छाय" ઈત્યાદિ ।

અન્વયાર્થ—मच्छा कच्छभा गाहा मगरा सुंसुमारो य-मत्स्याः कच्छपाः ग्राहाः तथा मकराः सुंसुमारश्च मत्स्य, કચ્છપ, ગ્રાહ તથા મગર અને શિશુમાર-સોંસ આ પ્રમાણે जलयरा-जलचराः જળચર જીવ पंचहाआहिया-पञ्चधा आख्याताः પાંચ પ્રકારના કહેલ છે. ॥ ૧૭૩ ॥

અન્વયાર્થ—ते सव्वे लोएगदेसे-ते सर्वे लोकैकदेशे આ સઘળા લોકાકાશના એક પ્રદેશમાં રહે છે. न सव्वत्थ-न सर्वत्र લોકાકાસની સઘળી જગ્યામાં નહીં એમ वियाहिया-व्याख्याता વીતરાગ પ્રભુએ કહ્યું છે. एत्तो तेसिं चउव्विहं काल-विभागं वोच्छं-अतः तेषां चतुर्विधम् कालविभागं तु वक्ष्यामि હવે આના પછી આનો ચારવિધ કાળવિભાગ કહું છું. તે આ પ્રમાણે છે. ॥ ૧૭૪ ॥

અન્વયાર્થ—संतइं पप्प अणाईया वि य अपज्जवसिया-सन्ततिं प्राप्य अनादिकाः अपि च अपर्यवसिताः સંતતિની અપેક્ષાથી આ જીવ અનાદિ અને અનંત છે. तथा ठिइं पडुच्च साइया सपज्जवसिया-स्थितिं प्रतीत्य सादिकाः अपि च सपर्यवसिताः સ્થિતિની અપેક્ષાથી સાદી અને સાંત છે. ॥ ૧૭૫ ॥

અન્વયાર્થ—जलयराणं आउठिई-जलचराणाम् आयुः स्थितिः આ જળચર જીવોની આયુસ્થિતિ उक्कोसेण एगा पुव्व कोडी उ जहन्निया अन्तोमुहुत्तं-उत्कर्षेण एका पूर्वकोटिं जघन्यिका अन्तर्मुहूर्तम् ઉત્કૃષ્ટની અપેક્ષાથી એક પૂર્વકોટિ પ્રમાણ તથા જઘન્યની અપેક્ષાથી એક અંતર્મુહૂર્ત કાળપ્રમાણ બતાવેલ છે. ॥૧૭૬॥

અન્વયાર્થ—जलयराणं कायठिई-जलचराणाम् कायस्थितिः તથા આ જળચર જીવોની કાયસ્થિતિ उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી पूव्वकोडी पुहत्तं-पूर्वकोटी पृथक्त्वम् પૂર્વકોટિ પૃથક્ત્વ અને जहन्निया-जघन्यिका જઘન્યની અપેક્ષાથી अंतोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् એક અંતર્મુહૂર્ત કહેવામાં આવેલ છે.॥૧૭૭॥

અન્વયાર્થ—जलयराणं-जलचराणाम् જળચર જીવોના सए काए विजढम्मि-स्वके काये त्यक्ते પોતાના શરીરને છોડીને ફરીથી એજ શરીરમા આવવા સુધીના अंतरं-अन्तरम् વિરહકાળ उक्कोसं-उत्कृष्टम् ઉત્કૃષ્ટ अणंतकालं-अनन्तकालम् નિગોદની અપેક્ષાથી અનંતકાળ તથા जहन्नयम्-जघन्यकम् જઘન્યકાળ अन्तोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् અંતર્મુહૂર્ત જાણવું જાઈ એ. સંમૂર્ચ્છિમ તિર્યંચોની તથા ગર્ભજ તિર્યંચોની સ્થિતિ એક સરખી બતાવવામાં આવેલ છે. બે સંખ્યાથી લઈને નવ સુધીની સંખ્યાનું નામ શાસ્ત્રીય ભાષામાં પૃથક્ત્વ છે. જળચર જીવોની કાયસ્થિતિ આઠ પૂર્વકોટિની હોય છે. તો એ એટલી આવા પ્રકારે છે કે, પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોના અંતરરહિત ભવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ આઠ જ થાય છે. એમની આયુ મેળવવાથી એટલી પૂર્વ કોટી આવે છે. એમનામાં જુગલીયા હોતા નથી. કે જેથી કહેવાયેલ વિષયમાં વિરોધ આવી શકે ॥ ૧૭૮ ॥

સ્થલચર જીવોં કા નિરૂપણ

સ્થળચર આ પ્રકારના છે—" चउप्पयाय " ઇત્યાદિ !

અન્વયાર્થ—थलचरा-स्थलचराः સ્થળચર જીવ જે પંચેન્દ્રિય તિર્યંચ જીવ છે તે दुविहा-द्विविधाः બે પ્રકારના હોય છે. चउप्पया परिसप्पाय-चतुष्पदाः परिसर्पाश्च ચાર પગવાળા તથા પરિસર્પ આમાંથી चउप्पया चउव्विहा-चतुष्पदाः चतुर्विधाः ચાર પગવાળા તિર્યંચ ચાર પ્રકારના છે. તે મે कित्तयओ सुण-तान् मे कीर्तयतः शृणु એને હું કહું છું તે સાંભળો ॥ ૧૭૯ ॥

અન્વયાર્થ—एगखुरा दुखुरा गंडिपय सणहप्पया-एकखुराः द्विखुराः गण्डी पदाः सनखपदाश्च જેના પગમાં એક ખરી હોય છે એ એક ખરીવાળા પંચેન્દ્રિય તિર્યંચ જીવ છે. જેમ કે, ઘોડા વિગેરે જેના પગમાં બે ખરી હોય છે તે બે ખરીવાળા પંચેન્દ્રિય તિર્યંચ જીવ હોય છે. જેમ કે, ગાય વગેરે. गंडीपया-गण्डीपदाः કમળની દાંડીના જેવા જેના પગ હોય છે તે ગણ્ડીપદ પંચેન્દ્રિય તિર્યંચ જીવ છે. જેમ હાથી વગેરે. सणहप्पया-सनखपदाः જેના

પગોમાં નખ હોય છે તે સનખપદ પંચેન્દ્રિય તિર્યંચ જીવ છે. જેમ કે, સિંહ, બિલાડી, કૂતરો વગેરે. ।। ૧૮૦ ।।

અન્વયાર્થ—પરિસપ્પા દુવિહા ભવે–પરિસર્પાઃ દ્વિવિધા ભવન્તિ પરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચ જીવ બે પ્રકારના હોય છે. ૧. ભૂજપરિસર્પ ૨. ઉરઃપરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચ ભુજાથી અર્થાત્ ભુજા સમાન શરીરના અવયવ વિશેષથી સરકે છે, તે ભુજ પરિસર્પ કહેવાયેલ છે. જે વક્ષસ્થળથી સરકે છે તે ઉરઃ પરિસર્પ કહેવાય છે. ભુજપરિસર્પ ગોહાઈ–ગાધાદયઃ જેમ ગોધા વગેરે. તથા ઉરઃપરિસર્પ અહિમાઈ–અહ્યાદયઃ સર્પ વગેરે અર્થાત્ ગોધા, આદિ જીવ ભુજ-પરિસર્પ છે. અને સર્પ વગેરે. ઉરઃપરિસર્પ છે. એકેક્કાણેગહા ભવે–એકૈક અનેકધા ભવન્તિ આ ભુજપરિસર્પ તથા ઉરઃપરિસર્પ પણ અનેક પ્રકારના હોય છે. ।૧૮૧।

અન્વયાર્થ—તે સવ્વે–તે સર્વે આ સ્થળચર જીવ લોએગદેસે–લોકૈકદેશે લોકના એક ભાગમાં રહે છે. ન સવ્વત્થ–ન સર્વત્ર સર્વત્ર નહીં. વિયાહિયા–વ્યાખ્યાતા એવું વીતરાગ પ્રભુનું કથન છે. એત્તો–અતઃ હવે એના તેસિં ચઉવ્વિહં કાલવિભાગં વોચ્છં–તેષાં ચતુર્વિધમ્ કાલવિભાગં વક્ષ્યામિ આ સઘળા સ્થળચર જીવોના ચાર પ્રકારના કાળવિભાગને કહું છું ।। ૧૮૨ ।।

અન્વયાર્થ—તે આ પ્રકારે છે સંતઇં–સન્તતિં પ્રવાહની અપેક્ષાથી અણાઇયા–અનાદિકાઃ એ સઘળા અનાદિ છે અને અપજ્જવસિયા–અપર્યવસિતાઃ અનંત છે. તથા ઠિઇં પડુચ્ચ સાઇયા વિ ય સપજ્જવસિયા–સ્થિતિં પ્રતીત્ય સાદિકાઃ અપિ ચ સપર્યવસિતાઃ સ્થિતિની અપેક્ષાથી સાદી અને સાંત છે. ।। ૧૮૩ ।।

અન્વયાર્થ—થલયરાણં આઉઠિઈ પલિયોવમાઇં તિણ્ણિઉ ઉક્કોસેણ વિયાહિયા–સ્થલચરાણાં આયુસ્થિતિઃ પલ્યોપમાનિ ઉત્કર્ષેણ વ્યાખ્યાતા આ સ્થળચર જીવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ત્રણ પલ્યોપમની કહેવાયેલ છે તથા જઘન્ય આયુસ્થિતિ અંતર્મુહૂર્તની કહેવાયેલ છે. ।। ૧૮૪ ।।

અન્વયાર્થ—થલયરાણં કાયઠિઈ-સ્થલચરાણામ્ કાયસ્થિતિઃ આ પ્રમાણે આ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોની કાયસ્થિતિ ઉક્કોસેણ—ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટથી પુવ્વકોટિપુહત્તેણં તિન્નિપલિયોવમાઇ વિયાહિયા-પૂર્વકોટિ પૃથક્ત્વેન ત્રીણિ પલ્યોપમાનિ વ્યાખ્યાતા પૂર્વકોટી પૃથક્ત્વથી અધિક ત્રણ પલ્યની અને જહન્નિયા અન્તોમુહુત્તં—જઘન્યિકા અન્તર્મુહૂર્ત્તમ્ જઘન્યથી એક અંતર્મુહૂર્તની બતાવાયેલ છે. અહીંયા એ વિશેષતા છે કે, ગર્ભજ ભૂજગરિસર્પ અને ઉરઃપરિસર્પની આયુસ્થિતિ પૂર્વ કોટીની હોય છે તથા સંમૂર્ચ્છિમ જન્મવાળા ભુજપરિસર્પની આયુ બેંતાળીસ હજાર (૪૨૦૦૦) વર્ષની તથા ઉરઃપરિસર્પની તેપન હજાર (૫૩૦૦૦) વર્ષની આયુ હોય છે. સંમૂર્ચ્છિમ સ્થળચર જીવોની આયુ સામાન્ય રૂપથી ચોર્યાસી હજાર (૮૪૦૦૦) વર્ષ પ્રમાણની હોય છે. ત્રણ પલ્યોપમ પ્રમાણ જે ઉત્કૃષ્ટ આયુ અહીં સ્થળચર તિર્યંચોની કહેવાયેલ છે છે તે ભોગભૂમિના તિર્યંચોની અપેક્ષાથી કહેવાયેલ છે. આ સ્થિતિ તેમની ભવસ્થિતિ છે. કાયસ્થિતિનો વિચાર આ પ્રમાણે છે—મનુષ્ય હોય અગર તો તિર્યંચ હોય, સઘળાની જઘન્ય કાયસ્થિતિ નો ભવસ્થિતિના સમાન અંતર્મુહૂર્ત પ્રમાણ છે. સ્થળચર જીવોની કાયસ્થિતિ સાત આઠ ભવ સુધીની છે. તેના પછી તે અવશ્ય ભવને છોડી દે છે. આનું તાત્પર્ય એ છે કે, આ સ્થળે ભવસ્થિતિ અને કાયસ્થિતિને લઈને સ્થિતિ બતાવેલ છે. કોઇ પણ જન્મ પામીને તેમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ જેટલા કાળ સુધી જીવી શકે છે, તે ભવસ્થિતિ છે. વચમાં બીજી કોઇ જાતિમાં જન્મ ન લઈને કોઈ એક જ જાતિમાં વારંવાર ઉત્પન્ન થવું એ કાયસ્થિતિ છે. આ પ્રમાણે અહીંયા સ્થળચર જીવોની કાયસ્થિતિ સાત આઠ ભવપ્રમાણ કહેલ છે. કોઇ પણ સ્થળચર જીવ એકી સાથે પોતાની જાતિમાં સાત અથવા આઠ ભવ સુધી રહ્યા પછી અવશ્ય તે જાતિને છોડી દે છે. સઘળા તિર્યંચોની કાયસ્થિતિ ભવસ્થિતિની માફક એક સરખી હોતી નથી. આ વાત પહેલાં કહેવાયેલા વર્ણનથી અહીં બતાવેલ છે. પૂર્વકોટી પૃથક્ત્વ અધિક જે ત્રણ પલ્યની ચાર પગવાળા તિર્યંચોની કાયસ્થિતિ બતાવેલ છે. તે તેના સાત અથવા આઠ ભવોને ગ્રહણ કરવાની અપેક્ષાથી બતાવેલ છે. કારણ કે, પૂર્વકોટી પ્રમાણ આયુવાળા તિર્યંચોના ચાર પગવાળા તિર્યંચોમાં ઉત્કૃષ્ટથી સાત અથવા આઠ ભવ હોય છે. તેથી

વધુ નહીં. કારણ કે, પંચેન્દ્રિય નર અથવા તિર્યંચને તેનાથી અધિક નિરંતર ભવાંતરોનો અભાવ છે તે બાદ કોઈને કોઈ બીજી જાતિમાં તેનો જન્મ થાય છે. જેમ કહેલ છે કે "सत्तट्ठ भवा उ तिरीमणुग" ઇતિ! આ કારણે આટલી જ અધિકતાનો સંભવ હોઈ શકે છે એમ જાણવું જોઈએ. थलयराण विजढम्मि सए काए-स्थलचराणां त्यक्ते स्वके काये સ્થળચર જીવોના પોતાના શરીર છોડવા પછી अन्तर उक्कोसं-अंतरम् उत्कृष्टम् અંતર ઉત્કૃષ્ટ अणंतकालं-अनन्त कालम् અનંતકાળ પ્રમાણ તથા जहन्नयं-जघन्यम् જઘન્ય अन्तोमुहुत्तं-अन्तर्मुहूर्त्तम् અંતર્મુહૂર્ત પ્રમાણનું છે. ॥ ૧૮૫ ૧૮૬ ॥

ખેચર જીવ કા નિરૂપણ

નભશ્ચર જીવોના વિષયમાં હવે સૂત્રકાર કહે છે—"चम्मे उ" ઇત્યાદિ.

અન્વયાર્થ—पक्खिणो-पक्षिणः નભશ્ચર પક્ષિ-પંચેન્દ્રિય નભશ્ચર જીવ चउव्विहा-चतुर्विधाः ચાર પ્રકારના बोधव्वा-बोधव्याः જાણવા જોઇએ. અર્થાત્ નભશ્ચર પંચેન્દ્રિય તિર્યંચ ચાર પ્રકારના હોય છે. १ चम्मे-चर्माणि चर्मपक्षा-चर्मરૂપ જેની પાંખો હોય એવા ચર્મચટક અર્થાત્ ચામાચિડિયા આદિ પક્ષી, लोमपक्खी-लोमपक्षिणः લોમપક્ષી-જેની પાંખ રોમપ્રધાન હોય છે. એવા રાજહંસ વગેરે समुग्गपक्खिया-समुद्गपक्षिणः સમુદ્ગ પક્ષી-જેની પાંખ સંપૂટક જેવા આકારની હોય છે. એવા પક્ષી વિશેષ विवयपक्खी-विततपक्षीणः વિતતપક્ષી જે પોતાની પાંખ પસારીને બેસે છે. સમુદ્ગપક્ષી તથા વિતતપક્ષી આ બંને પ્રકારના નભશ્ચર પંચેન્દ્રિય તિર્યંચજીવ, અઢીદ્વિપની બહારજ જોવામાં આવે છે।૧૮૭।

અન્વયાર્થ—તે सव्वे-ते सर्वे આ સઘળા નભશ્ચર પંચેન્દ્રિય તિર્યંચ જીવ लोगेगदेसे-लोकैकदेशवर्तिनः લોકના એક ભાગમાં હોય છે. न सव्वत्थ-न सर्वत्र સર્વલોકમાં નહીં એમ वियाहिया-व्याख्याता તીર્થંકર આદિ મહાપુરૂષોનું કથન છે. इत्तो-अतः હવે હું तेसिं चउव्विहं कालविभागं वुच्छं-तेषां चतुर्विधम् कालविभागं वक्ष्यामि આના ચાર પ્રકારના કાળવિભાગને કહું છું ॥ ૧૮૮ ॥

અન્વયાર્થ—संतइं पप्पणाईया विय अपज्जवसिया-सन्ततिं प्राप्य अनादिकाः

अपि च अपर्यवसिताः આ જીવ સંતતિની અપેક્ષાથી અનાદિ અને અનંત છે. तथा ठिइं पडुच्च साइया वि सपज्जवसिया–स्थितिं प्रतीत्य सादिकाः अपि सपर्यवसिताः સ્થિતિની અપેક્ષાથી સાદી અને સાંત છે. ॥ ૧૮૯ ॥

અન્વયાર્થ—ભવસ્થિતિ અને કાયસ્થિતિના ભેદથી સ્થિતિ બે પ્રકારની છે. આમાં खहयाराणं आउठिई–खेचराणाम् आयुस्थितिः ખેચર જીવોની ભવસ્થિતિ ઉત્કૃષ્ટની અપેક્ષાથી पलियोवमस्स भागो असंखेज्जइमो भवे जहन्निया अंतोमुहुत्तं–पल्योपमस्यासंख्येयतमो भागो भवति जघन्यिका अन्तर्मुहूर्त्तम् પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે તથા જઘન્યની અપેક્ષાથી અન્તર્મુહૂર્ત છે. ॥ ૧૯૦ ॥

અન્વયાર્થ—खहयाराणं–खेचराणाम् આ. ખેચર નભશ્ચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની कायठिई–कायस्थितिः કાયસ્થિતિ उक्कोसेण–उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી पुव्वकोडी पुहत्तेण पलियस्स असंखभागे–पूर्वकोटीपृथकत्वेन पल्यस्य असंख्यभागः પૂર્વકોટી પૃથકત્વથી અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે તથા जहन्निया अंतोमुहुत्तं–जघन्यिका अन्तर्मुहूर्त्तम् જઘન્ય અંતર્મુહૂર્ત છે. નભશ્ચર જીવોની જે ભવસ્થિતિ પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહેલ છે તે ભોગભૂમિના પક્ષિઓની અપેક્ષાથી જાણવી જોઇએ. કારણ કે, તેનાથી ભિન્ન ગર્ભજ પક્ષિઓની પૂર્વકોટી તથા સંમૂર્ચ્છિમ પક્ષીઓની બોંતેરહજાર (૭૨૦૦૦) વર્ષની આયુ હોય છે. એનો અંતરકાળ નિગોદની અપેક્ષા ઉત્કૃષ્ટ અનંતકાળનો છે. જઘન્ય અંતર્મુહૂર્તની છે ॥ ૧૯૧ ૧૯૨ ॥

તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અને સંસ્થાનના ભેદથી અનેક ભેદ હોય છે.૧૯૩

મનુષ્યોં કે ભેદ કા નિરૂપણ

હવે મનુષ્યોના વિષયમાં કહે છે—" मणुया " ઈત્યાદિ !

અન્વયાર્થ—मणुया दुविहभेयाउ–मनुजाः द्विविधभेदाः મનુષ્યોના બે ભેદ છે તે कित्तयओ मे सुण–तान् कीर्तयतः मे शृणु હું એ ભેદોને કહું છું તે સાંભળો. संमुच्छिमा य मणुया गब्भवक्कंतिया तहा–संमूर्च्छिमाश्च मनुजाः गर्भव्युत्क्रान्तिकास्तथा ૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય, બીજા ગર્ભજ મનુષ્ય આ પ્રમાણે મનુષ્યના બે ભેદ છે. ।૧૯૪।

અન્વયાર્થ—આમાં જે–યે જે गब्भवक्कंतिया તે तिविहा वियाहिया–गर्भव्युत्क्रान्तिकाः તે ત્રિવિધાઃ વ્યાખ્યાતાઃ गर्भज મનુષ્ય તે ત્રણ પ્રકારના કહેલ છે. कम्म अकम्मभूमाय तहा अन्तरदीवया–कर्माकर्मभूमाश्च तथा अन्तरद्वीपजाः કર્મભૂમિ, અકર્મભૂમિ તથા અંતરદ્વીપજ. કર્મભૂમિમાં જે ઉત્પન્ન થાય છે તે કર્મભૂમ મનુષ્ય છે. ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર, અને મહાવિદેહ ક્ષેત્ર, આ ત્રણે કર્મભૂમિછે. આમાં જે મનુષ્ય ઉત્પન્ન થાય છે તેને કર્મભૂમ કહેલ છે. જેનામાં

કૃષિ વાણિજ્ય, આદિ કર્મ કરવામાં નથી આવતાં તે અકર્મભૂમિ છે, આ અકર્મભૂમિમાં જેની ઉત્પત્તિ થાય છે તે અકર્મભૂમ મનુષ્ય છે. હૈમવત ક્ષેત્ર, હરિક્ષેત્ર, રમ્યકક્ષેત્ર. વગેરે ક્ષેત્ર અકર્મભૂમિ છે. સમુદ્રની વચમાં જે દ્વીપ હોય છે તેને આંતરદ્વીપ કહે છે. આ આંતરદ્વીપોમાં જે મનુષ્ય ઉત્પન્ન થાય છે તે અંતરદ્વીપ જ મનુષ્ય છે. ।। ૧૯૫ ।।

અન્વયાર્થ—પન્નરસતીસવીહા ભેયા અટ્ઠવીસઇં-પઞ્ચદશત્રિંશદ્વિધાઃ ભેદાશ્ચાષ્ટાવિંશતિઃ કર્મભૂમિ પંદર છે. પાંચ ભરત, પાંચ ઐરાવત, અને પાંચ મહાવિદેહ અકર્મ-ભૂમિ ત્રીસ પ્રકારની છે, પાંચ હૈમવત, પાંચ હરિ વર્ષ, પાંચ રમ્યક વર્ષ, પાંચ હૈરણ્યવત, પાંચ દેવકુરૂ, પાંચ ઉત્તરકુરૂ આ પ્રમાણે અઢી દ્વીપની આ ત્રીસ ભોગભૂમિયો છે. અંતરદ્વીપ અઠાવીસ પ્રકારના છે. જેથી તેમાં ઉત્પન્ન થયેલા પ્રાણી–મનુષ્ય પણ અઠાવીસ પ્રકારના માનવામાં આવેલ છે, અંતરદ્વીપોની અઠાવીસ પ્રકારની સંખ્યા આ પ્રમાણે સમજવી જોઈએ. હિમવાન પર્વતની પૂર્વ તથા પશ્ચિમ વિદિશાઓમાં ફેલાયેલ ચાર કોટીઓમાં ત્રણસો ત્રણસો યોજનથી છેટે છેટે ત્રણસો ત્રણસો યોજન લાંબા પોળા ચાર અંતરદ્વીપ છે તેને પૃથકચતુષ્ક કહે છે, તેના પછી એકેક સો યોજનના છેટે ચાર ચારસો લાંબા પોળા આંતરદ્વીપ છે તેને દ્વિતીયચતુષ્ક કહે છે. આ પ્રમાણે પૂર્વપૂર્વની અપેક્ષા બાદના પ્રત્યેક આંતરદ્વીપ ચતુષ્કથી દૂર અને લંબાઇ પહોળાઈમાં એક એકસો યોજનની વૃદ્ધિ કરીને ત્રીજા ચોથાથી લઈને સાતમા ચતુષ્ક પર્યંત પાંચ ચતુષ્કને સમજવા જોઈએ. આ પ્રમાણે હિમવાન પર્વત પર અંતરદ્વીપોના સાત ચતુષ્ક છે. તેમાં પ્રથમ ચતુષ્કમાં દક્ષિણ ક્રમથી ઇશાન આદિ વિદિશાઓમાં રહેલા ચાર અંતરદ્વીપોના નામ આ પ્રમાણે છે. એકારૂક ૧. આભાષિક ૨. વૈષાણિક ૩. લાંગુલિક ૪. છે. બીજા ચતુષ્કનાં નામ–હયકર્ણ ૧. ગજકર્ણ ૨. ગોકર્ણ ૩. શષ્કુલિકર્ણ ૪. છે. ત્રીજાનાં નામ–આદર્શમુખ ૧. મેષમુખ ૨. અહિંમુખ ૩. ગોમુખ ૪ છે. ચોથાનાં નામ–અશ્વમુખ ૧. હસ્તિમુખ ૨. સિંહમુખ ૩ વ્યાઘ્રમુખ ૪. છે. પાંચમાંના નામ–અશ્વકર્ણ ૧. સિંહકર્ણ ૨. અકર્ણ ૩. અને કર્ણપ્રાવરણ ૪ છે. છઠાના નામ–ઉલ્કામુખ ૧. મેઘમુખ ૨. વિદ્યુનમુખ ૩. વિ દંત ૪ છે. સાતમાના નામ–ઘનદંત ૧. લષ્ટદંત ૨. ગૂઢદંત ૩. અને શુદ્ધદંત ૪. છે. આ પ્રમાણે અંતરદ્વીપોની સંખ્યા અઠ્ઠાવીસ હોય છે. આ એકોરૂક આદિ અંતરદ્વીપોમાં ક્રમથી એકોરૂક આદિ નામવાલા યુગલધર્મી નિવાસ કરે છે. અંતરદ્વીપોનાં નામ પરથી તેમનાં નામ હોય છે. તેમનાં શરીર પ્રમાણ વગેરે

"अन्तरद्दीवेसु" ઈત્યાદિ ! ગાથાઓ દ્વારા કહે છે. અંતરદ્વીપોમાં રહેવાવાળા

મનુષ્ય આઠ સો ધનુષ ઉંચા તથા સર્વદા આનંદિત હોય છે તે યુગલભાવ પાળે છે. તેમની આયુ પલ્યના અસંખ્ય ભાગ પ્રમાણ છે ૧. એમના પૃષ્ઠ કરંડક ચોસઠ છે. તેઓ ચતુર્થભક્તથી આહાર કરે છે. તેનું પાલન ઓગણ્યાશી (૭૯) દિવસ સુધી થાય છે. અર્થાત્ ઓગણ્યાશી દિવસ પછી તે યુવાન થઈ જાય છે. ૨.

શિખરી પર્વતના પૂર્વ પશ્ચિમની વિદિશાઓમાં ફેલાયેલ કોટીઓમાં પણ ઉપર કહેલા પ્રકારથી આજ અઠાવીસ અંતરદ્વીપની સ્થિતિ સમજવી જોઈએ. આ પ્રમાણે અંતરદ્વીપોની સંખ્યા જો કે છપ્પન થાય તો પણ હિમવત સંબંધી તથા શિખરી સંબંધી અંતરદ્વીપોને અભિન્ન માનીને તેની સંખ્યા અઠાવીસ કહેલ છે. આથી અહીંયા સંખ્યા સંબંધી આશંકા ન કરવી જોઈએ. આ પ્રકારના ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોના ભેદ ક્રમશઃ કર્મભૂમિમાં પંદર, અકર્મભૂમિમાં ત્રીસ, અને અંતરદ્વીપમાં અઠાવીસ સમજવા જોઈએ. ॥૧૯૬॥

હવે સંમૂર્ચ્છિમ મનુષ્યોના ભેદ કહે છે—" संमुच्छिमाण " ઇત્યાદિ ।

સંમૂર્ચ્છિમ મનુષ્યના ભેદ આ પ્રમાણે સમજવા જોઈએ. સંમૂર્ચ્છિમ અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોની સ્થિતિ લોકના એકભાગમાં સમજવી જોઈએ।૧૯૭।

સંતતિની અપેક્ષા અર્થાત્ પ્રવાહી રૂપથી અનાદિ અને અનંત છે તથા સ્થિતિની અપેક્ષાથી સાદ્દી અને સાંત છે. ॥ ૧૯૮ ॥

આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે અને જઘન્ય અંતર્મુહૂર્તની છે ।૧૯૯।

એની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ નવ પૂર્વકોટી અધિક ત્રણ પલ્યોપમની છે. અને જઘન્ય અંતર્મુહૂર્તની છે. એનું અંતર નિગોદની અપેક્ષા ઉત્કર્ષથી અનંતકાળ સમજવું જોઈએ અને જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ॥ ૨૦૦ ૨૦૧ ॥

તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન અને દેશના ભેદથી એના અનેક ભેદ હોય છે. ॥ ૨૦૨ ॥

દેવોં કે ભેદ કા નિરૂપણ

મનુષ્યોના વિષયનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર દેવોના વિષયમાં કહે છે—" देवा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—देवा चउव्विहावुत्ता–देवाः चतुर्विधाः उक्ताः तीर्थंकर गणधरोએ દેવ ચાર પ્રકારના બતાવ્યા છે. તે कित्तयओ मे सुण–तान् कीर्तयतः मे शृणु તે હું કહું છું તે સાંભળો તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે भोमिज्ज वाणमन्तर जोइस वेमाणिया–भौमेय, व्यन्तर, ज्योतिः, वैमानिकाः १. ભવનવાસી, ૨. વ્યંતર, ૩. જ્યોતિષિ અને ૪. વૈમાનિક. ॥ ૨૦૩ ॥

અન્વયાર્થ—भवनवासी दसहा–भवनवासिनः दशधा આની અંદર ભવનવાસી દેવ દસ પ્રકારનાં છે તથા वणचारिणो–वनचारिणः व्यन्तर દેવ આઠ પ્રકારના છે,

जोइसिया–ज्योतिषिकाः જ્યોતિષિ દેવ પંચવિહા–પંચવિધા પાંચ પ્રકારના છે. તહા–તથા તથા વેમાણિયા–વૈમાનિકાઃ વૈમાનિક દેવ દુવિહા–દ્વિવિધાઃ બે પ્રકારના છે. ।। ૨૦૪ ।।

હવે ભવનવાસી દેવોના નામ કહે છે—" असुरा " ઇત્યાદિ ।

અન્વયાર્થ—भवणवासिणो–भवनवासिनः ભવનવાસીઓના દસ પ્રકારના ભેદ આ પ્રકારના છે असुरा–असुराः અસુરકુમાર, नागसुवण्णा–नागसुपर्णाः નાગકુમાર, सुपर्णकुमार, विज्जू–विद्युतः વિદ્યુતકુમાર, अग्गी–अग्नयः અગ્નિકુમાર, दीवोदही–द्विपोदधयः ઉદધિકુમાર, दिसा–दिशः દિક્કુમાર, वाया–वाताः વાયુકુમાર, तथा थणिया–स्तनिताः સ્તનિતકુમાર. આ સઘળાને કુમાર આ માટે કહેવામાં આવેલ છે કે, તે સઘળા અસુરકુમાર આદિ બાળકોના જેવા આકાર ધારણ કરે છે તથા બાળકોની જેમ જોવાવાળાને તે પ્રિય લાગે છે. ખૂબ સુકુમાર હોય છે, મૃદુ મધુર અને લલિત બોલે ચાલે છે. સુંદર સુંદર વૈક્રયીકરૂપ બનાવે છે. કુમારોની માફક તેમનું રૂપ, વેશભૂષા, ભાષા વગેરે ઉદ્ધત હોય છે. આભરણ વગેરે પહેરી રાખે છે, શસ્ત્રાદિકને ધારણ કરે છે, યાન વાહન ઉપર સવારી કરે છે. એ અધિક રાગવાળા હોય છે. કાયમ ખેલકૂદમાં એમને અધિક પ્રીતિ રહ્યા કરે છે. અસુરકુમાર કદાચિત્ ભવનોમાં પણ રહે છે. પરંતુ તે વધુ પ્રમાણમાં આવાસોમાં રહે છે, તેમના આવાસ જુદી જુદી રીતના રત્નોની પ્રભાવાળા ચંદરવાઓથી સમન્વિત હોય છે. અસુરકુમારોના શરીરની જેવી અવગાહના હોય છે તે અનુસાર આ આવાસોનાં પણ પ્રમાણ રહે છે. બાકીના જે નાગકુમાર આદિ કુમાર છે તે આવાસોમાં રહેતા નથી પરંતુ ભવનોમાં જ રહે છે. એમનાં એ ભવન બહારથી ગોળ અને અંદરથી ચોરસ હોય છે આ ભવનોનો નિચેનો ભાગ કમળની દાંડી જેવો હોય છે.૨૦૫।

હવે વ્યંતરોનાં નામ કહે છે—" पिसाय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—बाणमंतरा अट्ठविहा–व्यन्तराः અષ્ટવિધાઃ વ્યન્તર દેવ આઠ પ્રકારના છે તે આ પ્રમાણે છે पिसायभूया–पिशाचभूताः પિશાચ, ભૂત, जक्खा–यक्षाः યક્ષ, रक्खसा–राक्षसः રાક્ષસ, किन्नरा–किन्नराः કિન્નર, किं पुरिसा–किं पुरुषाः કિંપુરૂષ, महोरगा गंधव्वा–मनोरगाः गंधर्वाः મહોરગ, તથા ગાંધર્વ બીજા પણ જે " अणपण्णिय " વગેરે આઠ વ્યન્તર બતાવેલ તેનો પણ અંતરભાવ આ આઠમાં થઈ જાય છે. ।। ૨૦૬ ।।

હવે જ્યોતિષોના ભેદ કહે છે—" चंदा " ઇત્યાદિ !

અન્વયાર્થ—પંચહા જોઇસાલયા–પંચધા જ્યોતિરાલયઃ પાંચ જ્યોતિષ્ક દેવ છે તે આ પ્રમાણે છે. चंदा–चन्द्राः ચન્દ્રમા, सूरा–सूर्याः સૂર્ય नक्खत्ता–નક્ષત્રાણિ નક્ષત્ર, गहा–ग्रहाः ગ્રહ અને तारागणा–तारागणाः તારાગણ આ જ્યોતિષ્ક દેવ ठिया–स्थिताः અઢી દ્વીપની બહાર સ્થિર છે. તથા અઢી દ્વીપમાં वियारिणो–विचारिणः ગતિશિલ છે તે નિરંતર સુમેરૂ પર્વતની પ્રદક્ષિણા કરે છે. અગ્યારસો એકવીસ જોજન મેરૂને છોડીને એનાં વિમાન તેની ચારે દિશાઓમાં અબાધિતરૂપથી સતત રીતે પ્રદક્ષિણા કરે છે. ॥ ૨૦૭ ॥

હવે વૈમાનિક દેવોના ભેદ કહે છે—" वेमाणिया " ઇત્યાદિ ।

અન્વયાર્થ—જે वेमाणिया देवा તે दुविया वियाहिया–ये वैमानिकाः देवा ते द्विविधा व्याख्याताः જે વૈમાનિક દેવ છે તે બે પ્રકારના બતાવેલ છે कप्पोवगा तहा कप्पाईया–कल्पोपगाः तथा कल्पातीताः ૧. કલ્પોપન્ન તથા ૨. કલ્પાતીત. જેમાં ઈન્દ્ર સામાનિક, ત્રાયસ્ત્રિંશદ્, આદિ દસ પ્રકારના દેવોની મર્યાદા હોય તે કલ્પ કહેવાય છે તેની અંદર ઉત્પન્ન થનારા દેવ કલ્પોપપન્ન છે. સૌધર્મ દેવલોકથી લઈને અચ્યુત દેવલોક સુધીના દેવ કલ્પોપપન્ન કહેવાય છે તથા જે દેવલોકમાં આ દસ પ્રકારના દેવોની મર્યાદા નથી હોતી ત્યાંના દેવ કલ્પાતીત કહેવાય છે. આ સઘળા નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાનમાં રહેવાવાળા છે. આ વિમાન સૌધર્મ આદિ દેવલોકથી ઉપર છે. આ પ્રમાણે કલ્પોપપન્નક અને કલ્પાતીતના ભેદથી વૈમાનિક દેવ બે પ્રકારના કહેલ છે. ॥ ૨૦૮ ॥

હવે કલ્પોપપન્ન દેવોના ભેદ કહે છે—" कप्पोवगा " ઇત્યાદિ !

અન્વયાર્થ—कप्पोवगा बारसहा–कल्पोपगाः द्वादशधा કાલ્પોપપન્ન વૈમાનિક દેવોના બાર ભેદ આ પ્રકારના છે. सोहम्मीसाणगो सणंकुमारमाहिंदा बंभलोगा लंतगा महासुक्का सहस्सारा आणया पाणया तहा अच्चुया–सौधर्मीशानकाः सनत्कुमार माहेन्द्राः ब्रह्मलोकाः लान्तकाः महाशुक्राः सहस्राराः आनताः प्राणताः आरणाः तथा अच्युताः સૌધર્મા ૧, ઈશાનક ૨ સનત્કુમાર ૩ માહેંદ્ર ૪ બ્રહ્મલોક ૫, લાન્તક ૬, મહાશુક્ર ૭, સહસ્રાર ૮, આનત ૯, પ્રાણત ૧૦, આરણ ૧૧, અને અચ્યુત ૧૨. इति कप्पोवगासुरा–इति कल्पोपगाः सुराः આ સઘળા કલ્પોપપન્ન દેવ બાર પ્રકારના છે. સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં જે દેવ ઉત્પન્ન

થાય છે તે સૌધર્મ દેવ છે. ઈશાન નામના બીજા દેવલોકમાં જે દેવ ઉત્પન્ન થાય છે તે ઈશાન અથવા ઈશાનક દેવ છે આ પ્રમાણે આગળના દેવલોકમાં ઉત્પન્ન થવાના સાહચર્ય સંબંધથી સનત્કુમાર, માહેંદ્ર આદિ દેવ જાણવા જોઈએ.૨૦૯-૨૧૦।

હવે કલ્પાતીત દેવોના ભેદ કહે છે—"कप्पाईया" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે ઉ કપ્પાઈયા દેવા તે દુવિહા વિયાહિયા–ये तु कल्पातीताः देवा ते द्विविधाः व्याख्याताः જે કલ્પાતીત વૈમાનિક દેવ કહેવામાં આવ્યા છે તે બે પ્રકારના છે. गोविज्जाणुत्तराचेव–ग्रैवेयानुत्तराश्च ૧ ગ્રૈવેયક અને ૨ અનુત્તર અર્થાત્–નવગ્રૈવેયકોમાં જે દેવ ઉત્પન્ન થાય છે તે ગ્રૈવેયક છે અને જે પાંચ અનુત્તર વિમાનોમાં જે ઉત્પન્ન થાય છે તે અનુત્તર વિમાનવાસી દેવ છે તેની અંદર જે ગ્રૈવેયક દેવ હોય છે તે નવ પ્રકારના છે. ॥ ૨૧૧ ॥

લોકના સંસ્થાન પુરૂષના આકાર જેવા હોય એમાં ડોકમાં સ્થાનાપન્નના આ નવ ગ્રૈવેયક છે, આ કારણે જે રીતે ડોકમાં આભરણ વિશેષ હોય તે પ્રમાણે લોકરૂપ પુરૂષના આ નવ ગ્રૈવેય આભરણ સ્વરૂપ છે તેની અંદર જે દેવ રહે છે તે ગ્રૈવેયક કહેવાય છે. ગ્રૈવેયકોમાં ત્રણ ત્રણ ત્રિક હોય છે. (૧) અધસ્તન અધસ્તન (૨) અધસ્તન મધ્યમ (૩) અધસ્તન ઉપરિતન (૧) મધ્યમ અધસ્તન (૨) મધ્યમ મધ્યમ (૨) મધ્યમ ઉપરિતન. (૧) ઉપરિતન અધસ્તન (૨) ઉપરિતન મધ્યમ (૩) ઉપરિતન ઉપરિતન આ પ્રમાણે આ ત્રણે ત્રિક મળીને નવ થઈ જાય છે. આ અધસ્તન અધસ્તન આદિ ત્રણ ત્રણ ત્રિકોમાં રહેવાવાળા દેવ પણ અધસ્તન અધસ્તન આદિ રૂપથી કહેવાયા છે. આ પ્રમાણે પ્રથમ અધસ્તન અધસ્તન, અધસ્તન મધ્યમ, અધસ્તન ઉપરિતન રૂપ ત્રિકમાં રહેવાવાળા દેવ અધસ્તન અધસ્તન, અધસ્તન મધ્યમ, અધસ્તન ઉપરિતન, નામથી કહેવાય છે, આ પ્રમાણે બીજા–મધ્યમ અધસ્તન, મધ્યમ મધ્યમ, અને મધ્યમ ઉપરિતન ત્રિકમાં તથા ત્રીજા ત્રિક ઉપરિતન અધસ્તન, આદિમાં પણ જાણવા જોઇએ. વિજય ૧, વૈજયન્ત ૨ જયંત ૩ અપરાજીત ૪ અને સર્વાર્થ સિદ્ધ ૫ આ પાંચ અનુત્તર દેવ કહેવામાં આવે છે. આ પ્રમાણે વૈમાનિક દેવોના અનેક ભેદો હોય છે. ॥ ૨૧૨ ૨૧૫ ॥

દેવોં કે સ્થાનાદિ કા નિરૂપણ

હવે એમના સ્થાનાદિકને કહે છે—" लोगस्स " ઇત્યાદિ !

અન્વયાર્થ—તે सव्वे लोगस्स एगदेसम्मि वियाहिया–તે सर्वे लोकस्य एकदेशे व्याख्याताः આ સઘળા વૈમાનિક દેવ લોકના એક વિભાગમાં રહે છે. એવું ભગવાન વીતરાગનું કથન છે. इत्तो तेसिं चउव्विहं कालविभागं वुच्छं–अतः तेषां चतुर्विधम् कालविभागं वक्ष्यामि હવે આના પછી હું એમના ચાર પ્રકારના કાળવિભાગને કહું છું. તે આ પ્રમાણે છે संतइं पप्पणाईया वि अपज्जवसिया–सन्ततिं प्राप्य अनादिकाः अपि अपर्यवसिताः સંતતિ પ્રવાહની અપેક્ષાથી અનાદિ તથા અપર્યવસિત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદ્ધી અને સાંત છે. ।૨૧૬ ૨૧૭।

દેવોં કી આયુઃ સ્થિતિ કા નિરૂપણ

હવે સૂત્રકાર દેવોની સ્થિતિ બતાવે છે—" साहियं " ઇત્યાદિ !

અન્વયાર્થ—भोमेज्जाणं–भौमेयानाम् ભવનવાસીયોની ઠિઈ–સ્થિતિ આયુ સ્થિતિ उक्कोसेण–उत्कर्षेण ઉત્કૃષ્ટની અપેક્ષાથી साइयं एक्कसागरं–साधिकम् एकं सागरम् થોડીક અધિક એક સાગરોપમના છે આ પ્રમાણે આગળ પણ સાગર શબ્દથી સાગરોપમ સમજવું જોઇએ. પ્રમાણ બે પ્રકારના બતાવેલ છે. લૌકિક પ્રમાણ, અને બીજું લોકોત્તર પ્રમાણ. સાગરોપમ પ્રમાણ કાળ લોકોત્તર પ્રમાણ છે. जहन्नेणं–जघन्येन ભવનવાસીઓની આયુસ્થિતિ જઘન્યની અપેક્ષાથી दसवाससहस्सिया–दशवर्षसहस्रिका દસહજાર (૧૦૦૦૦) વર્ષની છે.

ભાવાર્થ—અહીં ભવનપતિ નિકાયોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવવામાં આવે છે. તે આ પ્રકારે જાણવી જોઈએ. ભવનપતિ નિકાયના અસુરકુમાર, નાગકુમાર આદિ દસ ભેદ છે. દરેક ભેદના દક્ષિણાર્ધના અધિપતિ અને ઉત્તરાર્ધના આધપતિરૂપથી બબે ઇન્દ્ર છે. એમાંથી દક્ષિણ અને ઉત્તરના બે અસુરેન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે–દક્ષિણાર્ધના

અધિપતિ ચમર નામના અસુરેન્દ્રની સ્થિતિ એક સાગરોપમની તથા ઉત્તરાર્ધના બલિ નામની અસુરેન્દ્રની સ્થિતિ એક સાગરોપમથી થોડી વધુ છે. તથા જઘન્ય સ્થિતિ દસ દસ હજાર વર્ષની છે. અહીં જે જઘન્ય સ્થિતિ બતાવવામાં આવેલ છે એજ સ્થિતિ કિલ્વીષકોની જાણવી જોઇએ. કારણ કે, સ્થિતિ પ્રભાવ આદિકોનો સાથે જ હ્રાસ થાય છે. આ પ્રમાણે આગળ પણ આવું જ સમજવું જોઈએ. ॥ ૨૧૮ ॥

અન્વયાર્થ—વંતરાણં–વ્યન્તરાણામ્ વ્યંતર દેવોની ઉક્કોસેણ–ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટ ઠિઈ–સ્થિતિઃ સ્થિતિ એગં પલિયોવમં–એકં પલ્યોપમમ્ એક પલ્યોપમની છે તથા જહન્નેણં–જઘન્યેન જઘન્ય સ્થિતિ દસવાસસહસ્સિયા–દશવર્ષસહસ્રિકા દસહજાર વર્ષની છે. ॥ ૨૧૯ ॥

અન્વયાર્થ—જોઇસેસુ–જ્યોતિષ્કેષુ જ્યોતિષ્ક દેવોની સ્થિતિ ઉક્કોસેણ–ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટની અપેક્ષા વાસલક્ખેણ સાહિયં–વર્ષલક્ષેણ સાધિકમ્ એક લાખ વર્ષથી વધારે એક પલ્યોપમ પ્રમાણ છે તથા જહન્નિયા–જઘન્યિકા જઘન્યની અપેક્ષા આયુસ્થિતિ પલિયોવમટ્ઠભાગં–પલ્યોપમાષ્ટભાગં પલ્યનો આઠમો ભાગ છે, જ્યોતિષ દેવોનો જે એક લાખ વર્ષથી વધારે એક પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુ બતાવેલ છે. તે ચંદ્રની અપેક્ષા જ બતાવેલ છે તેમ જાણવું જોઈએ. કારણ કે, સૂર્યની એક હજાર વર્ષ વધારે એક પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુ કહેલ છે. ગ્રહોની પણ એટલી જ છે. નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધા પલ્યોપમની છે. તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની છે. તથા જે જઘન્ય સ્થિતિ અહીં પલ્યોપમના આઠમા ભાગ પ્રમાણ બતાવાઈ છે તે પણ તારાઓની અપેક્ષાથી જ કહેવાયેલ જાણવી જોઇએ. તારાઓ સીવાય બાકીના જ્યોતિષકોની તો જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની છે. ॥ ૨૨૦ ॥

અન્વયાર્થ—સોહમ્મમ્મિ–સૌધર્મે સૌધર્મ દેવલોકમાં ઉક્કોસેણ–ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટ સ્થિતિ દો ચેવ સાગરાઇં વિયાહિયા–દ્વૌ એવ સાગરૌ વ્યાખ્યાતૌ બે સાગરોપમની છે. તથા જહન્નેણં એગં પલિયોવમં–જઘન્યેન ચ એકં પલ્યોપમ જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે. ॥ ૨૨૧ ॥

અન્વયાર્થ—ઈસાણમ્મિ–ઈશાને ઈશાન નામના બીજા દેવલોકમાં ઉક્કોસેણ–ઉત્કર્ષેણ ઉત્કૃષ્ટ સ્થિતિ દો સાગરાઇં વિયાહિયા–દ્વૌ સાગરૌ વ્યાખ્યાતૌ બે સાગરો-

પમની છે અને जहन्नणं साहियं पलियोवमं–जघन्येन साधिकम् पल्योपमम् જઘન્ય સ્થિતિ પલ્યોપમથી થોડી વધારે છે. ॥ ૨૨૨ ॥

અન્વયાર્થ—सणंकुमारे–सनत्कुमारे સનત્કુમાર નામના સ્વર્ગલોકમાં सत्तसागराणि उक्कोसेण ठिईभवे–सप्तसागरानि उत्कर्षेण स्थितिर्भवति ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે તથા જઘન્ય સ્થિતિ બે સાગરોપમની છે. ॥ ૨૨૩ ॥

અન્વયાર્થ—माहिंदंमि–माहेन्द्रे માહેન્દ્ર નામના દેવલોકમાં सत्तसागरा–सप्तसागरान् સાત સાગરથી साहिया–साधिकान् થોડી વધારે उक्कोसेण ठिईभवे–उत्कर्षेण स्थितिर्भवति ઉત્કૃષ્ટ સ્થિતિ છે. जहन्नेणं साहिया दुन्नि सागरा–जघन्येन साधिकौ द्वौ सागरौ જઘન્ય સ્થિતિ બે સાગરોપમથી કાંઇક વધારે છે. ॥૨૨૪॥

અન્વયાર્થ—बंभलोए–ब्रह्मलोके બ્રહ્મલોક નામના દેવલોકમાં दसचेव सागराइं उक्कोसेण ठिई भवे–द्वशैव सागरान् उत्कर्षेण स्थितिः भवति દસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. जहन्नेणं सत्तसागरोवमा–जघन्येन सप्तसागरोपमाणि જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. ॥ ૨૨૫ ॥

અન્વયાર્થ—लंतगम्मि–लान्तके લાન્તક નામના દેવલોકમાં उक्कोसेण–उत्कर्षेण ઉત્કૃષ્ટ ઠિઈ–स्थितिः स्थिति चउद्दस सागरोवमाइं भवे–चतुर्दशसागरान् भवति ચૌદ સાગરોપમની છે તથા जहन्नेणं–जघन्येन જઘન્ય સ્થિતિ दससागरोवमाणि–दश सागरोपमाणि દસ સાગરોપમની છે. ॥ ૨૨૬ ॥

અન્વયાર્થ—महासुक्के–महाशुक्रे મહાશુક્ર નામના દેવલોકમાં उक्कोसेण सत्तरससागराइं ठिई भवे–उत्कर्षेण सप्तसागरान् स्थितिर्भवति ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે તથા जहन्नेणं चोद्दससागरोवमा–जघन्येन चतुर्दशसागरोपमाणि જઘન્ય સ્થિતિ ચૌદ સાગરોપમની છે. ॥ ૨૨૭ ॥

અન્વયાર્થ–सहस्सारम्मि–सहस्रारे સહસ્રાર નામના દેવલોકમાં उक्कोसेण ठिई–उत्कर्षेण स्थितिः ઉત્કૃષ્ટ સ્થિતિ अट्ठारससागरा भवे–अष्टादश सागरान् भवति અઢાર સાગરોપમની તથા जहन्नेणं सत्तरससागरोवमा–जघन्येन सप्तदश सागरोपमाणि જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમની છે. ॥ ૨૨૮ ॥

અન્વયાર્થ—आणयम्मि–आनते આનત નામના નવમા દેવલોકમાં उक्कोसेण–उत्कर्षेण ઉત્કૃષ્ટ ઠિઈ–स्थितिः स्थिति उणवीस सागरा–एकोनविंशति सागरान् ઓગણીસ સાગરોપમની તથા जहन्नेणं–जघन्येन જઘન્ય સ્થિતિ अट्ठारस सागरोवमा–अष्टादश सागरापमाणि અઢાર સાગરોપમની છે. ॥ ૨૨૯ ॥

અન્વયાર્થ—पाणयम्मि–प्राणते પ્રાણત નામના દસમા દેવલોકમાં उक्कोसेण ठिई–उत्कर्षेण स्थितिः ઉત્કૃષ્ટ સ્થિતિ वीस सागराइं–विंशति सागरान् વીસ સાગ·

રોપમની તથા जहन्नेणं-जघन्येन જધન્ય સ્થિતિ उणवीसई-एकोनविंशतिम् ઓગણીસ સાગરોપમની છે. ॥ ૨૩૦ ॥

અન્વયાર્થ—आरणम्मि-आरणे આરણ નામના અગ્યારમાં દેવલોકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट स्थिति इक्कवीसं सागरान्-एकविंशति सागरान् એકવીસ સાગરોપમની છે. તથા जहन्नेणं वीसई सागरोवमा-जघन्येन विंशति सागरोपमाणि જધન્ય સ્થિતિ વીસ સાગરોપમની છે. ॥ ૨૩૧ ॥

અન્વયાર્થ—अच्चुतम्मि-अच्युते અચ્યુત નામના બારમા દેવ લોકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट स्थिति बावीसं-द्वाविंशतिम् બાવીસ સાગરોપમની તથા जहन्नेणं इक्कवीसई सागरा-जघन्येन एकविंशति सागरान् જધન્ય સ્થિતિ એકવીસ સાગરોપમની છે. ॥ ૨૩૨ ॥

અન્વયાર્થ—पढमम्मि-प्रथमे પ્રથમ ગ્રૈવેયકમાં-अधस्तन અધસ્તન નામના ગ્રૈવેયકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट સ્થિતિ तेवीसं सागराइं भवे-त्रयोविंशतिं सागरान् भवति તેવીસ સાગરોપમની છે તથા जहन्नेणं-जघन्येय જધન્ય સ્થિતિ बावीसं सागरोवमा-द्वाविंशति सागरोपमाणि બાવીસ સાગરોપમની છે.૨૩૩।

અન્વાર્થ—विइयम्मि-द्वितीये બીજા અધસ્તન મધ્યમ નામના ગ્રૈવેયકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट સ્થિતિ चउवीसं सागराइ भवे-चतुर्विंशति सागरान् भवति ચોવીસ સાગરોપમની છે. तथा जहन्नेणं-जघन्येन જધન્ય સ્થિતિ तेवीसं सागरोवमा-त्रयोविंशतिं सागरोपमाणि ત્રેવીસ સાગરોપમની છે. ॥૨૩૪॥

અન્વયાર્થ—तइयम्मि-तृतीये ત્રીજા અધસ્તન-ઉપરિતન નામના ગ્રૈવેયકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट સ્થિતિ पणवीसं सागराइं भवे-पंचविंशति सागरान् भवति પચીસ સાગરોપમની છે તથા जहन्नेण-जघन्येन જધન્ય સ્થિતિ चउवीसं सागरोवमा-चेतुर्विंशति सागरोपमाणि ચોવીસ સાગરોપમની છે. ॥૨૩૫॥

અન્વયાર્થ—चउथम्मि-चतुर्थे ચોથા મધ્યમ અધસ્તન નામના ગ્રૈવેયકમાં उक्कोसेण-उत्कर्षेण ઉત્કૃષ્ટ સ્થિતિ छव्वीसं सागराइं भवे-षड्विंशति सागरान् भवति છવીસ સાગરોપમની છે અને जहन्नेणं-जघन्येन જધન્ય સ્થિતિ पणवीसं सागराइं-पंचविंशति सागरान् પચીસ સાગરોપમની છે. ॥ ૨૩૬ ॥

અન્વયાર્થ—पंचमम्मि-पंचमे પાંચમા મધ્યમ મધ્યમ નામના ગ્રૈવેયકમાં उक्कोसेण ठिई-उत्कर्षेण स्थितिः उत्कृष्ट સ્થિતિ सत्तावीसं सागरा भवे-सप्तविंशति सागरान् भवति સત્તાવીસ સાગરોપમની છે તથા जहन्नेणं छवीसई सागरा-

जघन्येन षड्विंशतिसागरान् જઘન્ય સ્થિતિ છવ્વીસ સાગરોપમની છે. ॥ ૨૩૭॥

અન્વયાર્થ—छठम्मि-षष्ठे છઠ્ઠા મધ્યમ ઉપરિતન નામના ગ્રૈવેયકમાં अट्ठावीसं उक्कोसेण ठिई भवे-अष्टविंशतिं सागरान् उत्कर्षेण स्थितिर्भवति અઠાવીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ તથા जहन्नेणं सत्तावीसं सागरा-जघन्येन सप्तविंशति सागरान् જઘન્ય સ્થિતિ સત્તાવીસ સાગરોપમની છે. ॥ ૨૩૮॥

અન્વયાર્થ—सत्तमम्मि-सप्तमे સાતમા ઉપરિતન અધસ્તન નામના ગ્રૈવેયકમાં उणतीसं उ सागरा उक्कोसेण ठिईभवे-एकोनत्रिंशत् सागरान् उत्कर्षेण स्थिति र्भवति ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણત્રીસ સાગરોપમની તથા जहन्नेण अट्ठावीसइ सागरा-जघन्येन अष्टाविंशति सागरान् જઘન્ય સ્થિતિ અઠાવીસ સાગરોપમની છે ।૨૩૯।

અન્વયાર્થ—अट्ठमम्मि-अष्टमे આઠમા ઉપરિતન મધ્યમ નામના ગ્રૈવેયકમાં तीसं तु सागराइं उक्कोसेण ठिईभवे-त्रिंशतं सागरान् उत्कर्षेण स्थितिर्भवति ત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ તથા जहन्नेण-जघन्येन જઘન્ય સ્થિતિ उणतीसई सागरा-एकोनत्रिंशतं सागरान् ઓગણત્રીસ સાગરોપમની છે. ॥ ૨૪૦ ॥

અન્વયાર્થ—नवमम्मि-नवमे નવમા ઉપરિતન ઉપરિતન નામના ગ્રૈવેયકમાં इक्कतीसं सागरा उक्कोसेण ठिईभवे-एकत्रिंशतं सारगान् उत्कर्षेण स्थितिर्भवति એકત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ અને जहन्नेणं-जघन्येन જઘન્ય સ્થિતિ तीसई सागरोवमा-त्रिंशति सागरोपमाणि ત્રીસ સાગરોપમની છે. ॥ ૨૪૧ ॥

અન્વયાર્થ—चउसुंपि विजयाईसु-चतुर्ष्वपि विजयादिषु ચારે વિજયાદિ અનુત્તર વિમાનોમાં तेत्तीसा सागराइं उक्कोसेण ठिईभवे-त्रयस्त्रिंशतं सागरान् उत्कर्षेण स्थितिर्भवति તેત્રીસ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને जहन्नेण-जघन्येन જઘન્ય સ્થિતિ એકત્રીસ અને મધ્યમ બત્રીસ સાગરોપમ પ્રમાણ છે. ॥૨૪૨॥

અન્વયાર્થ—महाविमाणे सव्वट्ठे-महाविमाने सर्वार्थे હવે મહાવિમાન જે સર્વાર્થ સિદ્ધ છે તેમાં अजहन्नमणुक्कोसा-अजघन्यानुत्कृष्टा જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિમાં અંતર નથી. અર્થાત્ તેત્તીસા सागरोवमा एसा ठिई वियाहिया-त्रयस्त्रिंशतं सागरोपमाणि एषा स्थिति र्व्याख्याता ત્યાં ઉત્કૃષ્ટ અને જઘન્ય બંને પ્રકારની તેત્રીસ સાગરોપમની જ સ્થિતિ બતાવવામાં આવેલ છે. ॥ ૨૪૩ ॥

દેવોંકી કાયસ્થિતિ કા નિરૂપણ

દેવોની આ પ્રકારે આયુસ્થિતિનું પ્રમાણ કહીને હવે સૂત્રકાર તેમની કાયસ્થિતિ કહે છે—" जावेव उ " ઇત્યાદિ !

અન્વયાર્થ—जा एव–या एव જેવી જઘન્ય અને ઉત્કૃષ્ટ देवाणं–देवानाम् દેવોની આ પૂર્વોક્ત રૂપથી आउठिई–आयु स्थितिः આયુ સ્થિતિ કહેવાઈ છે. सा एव–सा एव તે तेसिं–तेषां તેની जहन्नमुक्कोसिया कायठिई भवे–जघन्योत्कृष्टिका कायस्थितिः भवति જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપથી કાયસ્થિતિ જાણવી જોઈએ

ભાવાર્થ—જે તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ બતાવેલ છે તે તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. ॥ ૨૪૪ ॥

હવે દેવોના અંતર કાળને કહે છે—" अणंतकाल " ઇત્યાદિ !

દેવલોકમાંથી ચવીને ફરીથી દેવપણામાં ઉત્પન્ન થવાનો ઉત્કૃષ્ટ અંતર અનંત કાળનો છે. આ અનંતકાળ નિગોદની અપેક્ષાથી જાણવો જોઈએ. તથા જઘન્ય અંતર અનંતમુહૂર્તનું છે. તાત્પર્ય એ છે કે, કોઈ દેવ જો દેવશરીરનો ત્યાગ કરીને જુદી જુદી યોનીમાં જન્મ લઈને ફરીથી ત્યાંથી મરીને તે ફરીથી તે દેવ યોનીમાં જન્મ લે તો તેને ઉત્કૃષ્ટ–અધિકથી અધિક અંતર અનંતકાળના અને ઓછામાં ઓછો અંતર એક અંતરમુહૂર્તનું પડશે. ॥ ૨૪૫ ॥

અન્વયાર્થ—આ દેવોના विहाणाइं–विधानानि ભેદ, વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનરૂપ દેશની અપેક્ષા सहस्ससो–सहस्रशः હજારો હોય છે. ॥ ૨૪૬ ॥

પ્રસ્તુત પ્રકરણ કા ઉપસંહાર

આ પ્રમાણે જીવ અને અજીવોના ભેદ દેખાડીને હવે ઉપસંહાર કરે છે—" संसारत्था य " ઇત્યાદિ !

અન્વયાર્થ—संसारत्था सिद्धाय इय जीवा दुविहा वियाहिया–संसारस्थाः सिद्धाश्च इति जीवा द्विविधा व्याख्याताः સંસારી જીવ અને સિદ્ધ જીવ, આ પ્રકારે મૂળ ભેદને આશ્રિત કરીને જીવના બે ભેદ કહ્યા છે. रूपीणोऽरूपीय–रूपिणः अरूपिश्च આ પ્રકાર રૂપી અને અરૂપીના ભેદથી अजीवा दुविहा वियाहिया–अजीवा अपि द्विविधाः व्याख्याताः અજીવ પણ બે પ્રકારના કહ્યા છે.

ભાવાર્થ—સંસારી અને સિદ્ધના ભેદથી જે પ્રમાણે જીવ બે પ્રકારના માનવામાં આવે છે એજ પ્રમાણે રૂપી અને અરૂપીના ભેદથો અજીવ પણ બે પ્રકારના માનવામાં આવેલ છે. ॥ ૨૪૭ ॥

હવે કોઈ મનુષ્ય જીવ અજીવના ભેદ સાંભળવા માત્રથી તથા તેના શ્રદ્ધાન માત્રથી પોતાને કૃતાર્થ માની લે છે. આથી એ શંકાને દૂર કરવાને માટે કહે છે—" इय जीवमजीवेय " ઇત્યાદિ ।

અન્વયાર્થ—इय–इति આ પ્રમાણે જીવાન જીવેય–जीवान् अजीवांश्च જીવ અને અજીવના સ્વરૂપને સોચ્ચા–श्रुत्वा સાંભળીને અને સદ્દહિઉણ–श्रद्धाय " ભગવાને જે પ્રમાણે કહેલ છે તે સાચું છે " આ રૂપથી શ્રદ્ધાનો વિષય એને બનાવીને મુણી સવ્વનયાણં અણુમએ સંજમે રમેજ્જ–मुनिः सर्वनयानाम् अनुगते संयमे रमेत મુનિનું એ કર્તવ્ય છે કે, તે નૈગમનય આદિ સઘળા નયો દ્વારા માન્ય એવા સંયમમાં સમ્યગ્જ્ઞાન સહિત સમ્યક્ ચારિત્રરૂપ સંયમમાં તત્પર બને. આ ગાથાનું તાત્પર્ય એ છે કે, વસ્તુનું જ્ઞાન અને શ્રદ્ધાન માત્રથી સિદ્ધ નથી. પરંતુ એ જ્ઞાન અને શ્રદ્ધાનને ક્રિયામાં પરિણત કરવાથી સિદ્ધિ હોય છે. ॥૨૪૮॥

સંયમમાં તત્પર થઇને શું કરવું જોઇએ તેને કહે છે–"तओ बहूणि" ઇત્યાદિ।

અન્વયાર્થ—तओ–ततः આ પછી તે મુણી–मुनिः મુનિ बहूणि वासाणि सामण्णमनुपालिया–बहूनि वर्षाणि श्रामण्यम् अनुपाल्य ઘણા વર્ષો સુધી મુનિ પણાને પાલન કરીને इमेण कमजोगेणं–अनेन क्रमयोगेन આ વક્ષ્યમાણ તપોનુષ્ઠાનરૂપ ક્રમિક યોગથી अप्पाणं संलिहे–आत्मानम् संलिखेत् પોતાની સંલેખના કરે. અર્થાત્ દ્રવ્યથી શરીરને અને ભાવથી કષાયોને પાતળા કરે. " तओ बहूणि वासाणि सामण्णमणुपालिया " આ વચનથી સૂત્રકારનો એવો અભિપ્રાય થાય છે કે, પ્રવ્રજ્યા સ્વીકાર કરતાં જ મુનિએ સંલેખના ધારણ ન કરવી જોઇએ. કહ્યું પણ છે—

"परिपालिओ य दीहो परियाओ वायणा तहा दिण्णा णि प्फाइयाय सीसा सेयं मे अप्पणो काउं ॥१॥" અર્થાત્ મુનિ પર્યાય મેં ઘણા સમય સુધી પાલણ કરેલ છે તથા હું દીક્ષિત શિષ્યોને પણ વાચના દઇ ચૂકયો છું અને યથાયોગ્ય શિષ્ય સંપત્તિ પણ મેળવી લીધેલ છે. આથી હવે મારૂં કર્તવ્ય છે કે, હું મારૂં કાંઇક કરી લઉં—આમાં જ મારી ભલાઈ છે. અર્થાત્ બધાથી અલાયદા રહીને સંલેખના ધારણ કરવામાં મારૂં હિત છે. આ પ્રમાણે સાધુએ વિચાર કરીને પાછલી અવસ્થામાં સંલેખના ધારણ કરવી જોઇએ ॥ ૨૪૯ ॥

હવે ક્રમ યોગનું વર્ણન કરવા માટે સૂત્રકાર સંલેખનાના ભેદોને પ્રગટ કરે છે.—" बारसेवउ " ઈત્યાદિ.

અન્વયાર્થ—બારસવાસાઇં એવ ઉક્કોસિયા સંલેહા ભવે–દ્વાદશવર્ષાણિ એવ ઉત્કૃષ્ટા સંલેખના ભવતિ સંલેખનાના ઉત્કૃષ્ટ કાળ બાર વરસનો હોય છે મજ્ઝિમિયા સંવચ્છરમૂ–મધ્યમિકા સંવત્સરમ્ એક વર્ષનો કાળ સંલેખનાનો મધ્યકાળ છે. જહન્નિયા છમ્માસા–જઘન્યિકા ષણ્માસાન્ છ મહિનાનો સમય સંલેખનાનો જઘન્ય કાળ છે. દ્રવ્યની અપેક્ષા શરીરના તથા ભાવની અપેક્ષા કષાયોને કૃષ કરવા એનું નામ સંલેખના છે. આ સંલેખના ઉત્તમ મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારની હોય છે. બાર વર્ષ પ્રમાળ કાળ સુધી જે સંલેખના ધારણ કરવામાં આવે છે તે ઉત્તમ સંલેખના છે. એક વર્ષ પ્રમાણ કાળ સુધી જે ધારણ કરવામાં આવે છે તે મધ્યમ સંલેખના છે અને છ મહિના સુધી જે આચરવામાં આવે છે તે જઘન્ય સંલેખના છે. ॥ ૨૫૦ ॥

ઉત્કૃષ્ટ સંલેખનાનો ક્રમયોગ આ પ્રકારથી છે—"पढमे" ઈત્યાદિ !

અન્વયાર્થ—પઢમે વાસ ચઉક્કમ્મિ–પ્રથમે વર્ષચતુષ્કે પહેલાના ચાર વરસોમાં વિગઈ નિજ્જૂહણં કરે–વિકૃતિં નિર્યૂહનં કુર્યાત્ વિકૃતિ–દૂધ આદિનો પરિત્યાગ કરે બિइए વાસ ચઉક્કમ્મિ–દ્વિતીયે વર્ષચતુષ્કે બીજા ચાર વરસોમાં વિચિત્તં તુ તવં ચરે–વિચિત્રં તુ તપશ્ચરેત્ વિચિત્ર તપ કરે.

ભાવાર્થ—બાર વર્ષના ત્રણ વિભાગ કરવા જોઈએ. એકેક વિભાગમાં ચાર ચાર વર્ષ આવે છે. આ રીતે ઉત્કૃષ્ટ સંલેખનાં ધારણ કરવાનું તાત્પર્ય એ છે કે, પ્રથમના ચાર વર્ષમાં દુગ્ધાદિક વિકૃતિયોનો પરિત્યાગ કરે. પછીથી બીજા ચાર વર્ષમાં ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ આદિ વિવિધ પ્રકારની તપસ્યા કરે. અને પારણાના દિવસે કલ્પનીય સઘળી વસ્તુઓ એ લઇ શકે છે. ॥ ૨૫૧ ॥

ત્રીજા ચતુષ્ક વર્ષોમાં શું કરવું જોઇએ એ સૂત્રકાર હવે બતાવે છે— " एगंतर " ઇત્યાદિ ।

અન્વયાર્થ—दुवे संवत्सरे–द्वौ संवत्सरौ બે વર્ષ સુધી एगंतरमायामं कट्टु–एकान्तरं आचाम्लं कृत्वा એકાન્તર તપ કરવું અને પારણામાં આયંબિલ કરવું तओ–ततः પછીના અગ્યારમા વરસે એ છ મહિના સુધી नाइविगिट्ठं तवं चरे–नाति विकृष्टं तपः चरेत् અષ્ટમ, દશમ, દ્વાદશ આદિરૂપ કઠણ તપસ્યા ન કરે, तओ–ततः પછીના છ મહિનામાં विगिट्ठं तवं तु चरे–विकृष्टं तु तपश्चरेत् અષ્ટમ, દશમ, દ્વાદશ આદિરૂપ કઠણ તપશ્ચર્યા નિયમથી કરે तम्मि संवच्छरे–तस्मिन्संवत्सरे આ અગ્યારમાં વર્ષમાં परिमियं चेव आयाम्लं कुज्जा–परिमितमेव आचाम्लं कुर्यात् તે પરિમિત થોડા જ આયંબિલ કરે. બારમા વર્ષમાં નિરંતર આયંબિલ કરે. અગ્યારમા વર્ષમા ચતુર્થભકત આદિનું પારણાના દિવસે આયંબિલ કરે. આ સૂચનાના નિમિત્તે જ સૂત્રકારે " परिमित " શબ્દ ગાથામાં રાખેલ છે. संवच्छरे–संवत्सरे બારમા વર્ષમાં તે मुणी–मुनिः મુનિ कोडीसहियमायामं कट्टु–कोटीसहितमाचाम्लं कृत्वा કોટી સહીત પ્રથમ આયંબિલની પર્યન્ત કોટીની સાથે સાથે બીજા આયંબિલની પ્રારંભ કોટીને યુકત કરીને, અર્થાત્ નિરંતર આયંબિલ કરીને, मासद्धमासिएणं–मासार्द्धमासिकेन પંદર દિવસ પહેલાં અથવા એક માસ પહેલાંથી आहारेण–आहारेण આહારનું પ્રત્યાખ્યાન કરી तवं चरे–तपः चरेत् તપસ્યા કરે અર્થાત્ સંથારો કરે. આ ગાથાઓ દ્વારા ત્રીજા વર્ષ ચતુષ્કમાં મુનિએ શું કરવું જોઇએ આ વાતને સૂત્રકારે પ્રદર્શિત કરેલ છે. આના દ્વારા સૂત્રકાર એ બતાવી રહ્યા છે કે, એ મુનિ બે વર્ષ સુધી એટલે નવમા અને દશમા વર્ષમાં એકાન્તર તપ કરે અને પારણામાં આયંબિલ કરે. પછી અગ્યારમા વર્ષમાં છ મહિના સુધી ઘણી વિકૃષ્ટ–કઠણ તપસ્યા ન કરે બાદમાં બીજા છ સુધી કઠણ તપસ્યા કરે. અગ્યારમા વર્ષમાં એકાન્તર તપના પારણાના દિવસે જ આયંબિલ કરે. બારમા વર્ષમાં કોટી સહિત આયંબિલ કરે. પછી એક મહિના પહેલાં અથવા પંદર દિવસ પહેલાં આહારનો પરિત્યાગ કરી તપસ્યા કરે. અર્થાત્ અંતમાં અનશન કરીને સંથારો કરે. ॥ ૨૫૪ ॥

संथारा में स्थित मुनिकी भावना का निरूपण

સંથારો કરેલ મુનિયે અશુભ ભાવનાનો ત્યાગ કરીને શુભ ભાવના ભાવવી જોઇએ. આ વાતને સૂત્રકાર કહે છે—" कंदप्पं " ઇત્યાદિ ।

અન્વયાર્થ—અનશનનો સ્વીકાર કરવાવાળા એ મુનિરાજે અનર્થના હેતુ ભૂત कंदप्पमाभिओगं किव्विसियं मोहं आसुरत्तं एयाओ मरणम्मि विरहिया दुग्गइओ होंति–कंदर्पं आभियोग्यं किल्विषिकं मोहं आसुरत्वं एताः मरणे विराधिका

दुर्गतयः भवन्ति कन्दर्पभावना, आभियोग्यभावना, किल्बिषिकभावना, मोहभावना अने आसुरत्वभावना. आ पांच भावनाओ के, जे मरणकाळमां सम्यग्दर्शन आदिकोनी अपहारक छे अने ओ कारणे जीवोने दुर्गतिमां लई जवा वाळी छे. ओनो अवश्य अवश्य परित्याग करी देवो जोइओ. कारण के जो ओ कन्दर्प भावना आदिमां प्रवृत्त थाय छे त्यारे ओनामां व्यवहारनी अपेक्षा चारित्रनी सत्ता होवा छतां पण ओनी उत्पत्ति दुर्गतिरूप तथाविध देवनिकायोमां ज थाय छे. आथी अहीं दुर्गति शब्दथी देवदुर्गतिनुं ग्रहण करी लेवुं जोइओ. केमके, जे जीव चारित्रनी विकलतावाळा होय छे ते मरीने चारे गतिनी आयुनी बंध करी शके छे. गाथामां कंदर्प शब्दथी कंदर्प भावनानुं ग्रहण करवामां आवेल छे. कारण के, पदना एक देशथी पण पूर्ण पदनुं ग्रहण थाय छे. आ ज प्रमाणे आभियोग्य आदि शब्दोथी पण आभियोग्यभावना, किल्बिषिकभावना, मोहभावना अने आसुरभावनानुं ग्रहण समजवुं जोइओ. आ भावनाओनो मरणकाळमां त्याग आ कारणे बतावामां आवेल छे के, ओ भावनाओ व्यवहारतः चारित्रनी सत्ता होवा छतां पण जीवने देव दुर्गतिमां लई जाय छे. कारण के, ओमनी सत्तामां सम्यग्दर्शन आदिकोनो सद्भाव थई शकतो नथी. ओ ओनी अपहारक छे. "मरण" पदथी सूत्रकारनो ओ अभिप्राय छे के, भले ओ भावनाओ जीवमां मरणना पहेलां रहेली होय तो पण मरण काळमां शुभ भावनाओनो सद्भाव होवाना कारणे जीवने सुगतिनी जप्राप्ति थाय छे. ।२५५।

फरी पण—"मिच्छादंसणरत्ता" इत्यादि।

अन्वयार्थ—मिच्छादंसणरत्ता-मिथ्यादर्शनरक्ताः मिथ्यादर्शनमां रक्त बनी रहेल, अथवा सनियाणा-सनिदानाः निदान बंधनमां जकडायेल अने हिंसगा-हिंसकाः प्राणातिपात करवावाळा एवा जे जिवा मरंति-ये जिवाः म्रियंते जे जीव मरे छे. तेसिं पुणो-तेषां पुनः पछी परभवमां एमने बोही-बोधिः बोधि दुल्लहा-दुर्लभा दुर्लभ छे. अर्थात् सुलभ थती नथी.

भावार्थ—मोहनीय कर्मना उदयथी जागेला विपरीत ज्ञान अतत्वमां तत्वनो अभिनिवेश अथवा तत्वमां अतत्वनो अभिनिवेश मिथ्यादर्शन छे. आ मिथ्यादर्शन, आभिग्राहिक, अनाभिग्राहिक, आभिनिवेशक, अनाभोगिक अने सांशयिकना भेदथी पांच प्रकारनां छे. आमां जेनी बुद्धि आसक्त छे ते मिथ्यादर्शन रक्त जीव छे. अनुरागथी युक्त बनीने परभव संबंधि भोगोनी वांच्छना करवी आनुं नाम निदान छे. आ निदानथी सहित जे जीव होय छे ते सनिदान छे. बीजानी हिंसा करवावाळा जीव हिंसक कहेवाय छे. आवी अवस्थामां वर्तमान जे जीव होय छे ते ते मरीने परभवमां जिन धर्मनी प्राप्तिरूप बोधिथी वंचित रहे छे. अर्थात् फरीथी एमना माटे बोधिनी प्राप्ति सुलभ बनती नथी. ॥२५६॥

" सम्मद्दंसणरत्ता " ઇત્યાદિ !

અન્વયાર્થ—सम्मद्दंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा जे जीवा मरंति तेसिं बोही सुलभा–सम्यग्दर्शनरक्ताः, अनिदानाः शुक्ललेश्यामवगाढाः ये जीवा म्रियन्ते तेषां बोधिः सुलभा સમ્યગ્દર્શનથી યુક્ત, નિદાનબંધથી રહિત, તથા શુકલ લેશ્યામાં વર્તમાન એવા જીવ જ્યારે મરીને પરભવમાં ઉત્પન્ન થાય છે ત્યારે એને ત્યાં બોધિ જૈનધર્મની પ્રાપ્તિ સુલભ રહે છે. ॥ ૨૫૭ ॥

" मिच्छादंसणरत्ता " ઇત્યાદિ ।

અન્વયાર્થ—जे मिच्छादंसणरत्ता–ये मिथ्यादर्शनरक्ताः જે મિથ્યાદર્શનમાં રક્ત બનેલા છે અથવા सनियाणा–सनिदाना નિદાન બંધનથી બંધાયેલ છે તથા किण्हलेसामोगाढा–कृष्णलेश्यामवगाढा કૃષ્ણલેશ્યાથી યુક્ત છે इय जे जीवा मरंति–इति ये जीवाः म्रियंते એવા જીવ જે મરે છે. तेसिं पुण बोहि दुल्लहा–तेषां पुनर्बोधि दुर्लभाः એમને પરભવમાં બોધિ દુર્લભ થાય છે. અહીં એવી શંકા થાય છે કે, બસો છપ્પનમી (૨૫૬) ગાથામાં જે "हिंसक" પદ છે. એનાથી જ " कृष्णलेश्यामवगाढा " આ પદને અર્થ કહેવાઈ જાય છે. કારણ કે, જે હિંસા કરનારા હોય છે એનામાં પાંચ આસ્રવ તથા પ્રમત્તત્વ આદિ લક્ષણોનો સદ્ભાવ જોવામાં આવે છે. આનાથી ત્યાં કૃષ્ણલેશ્યાની સત્તા સિદ્ધ થઈ જાય છે. આનું સમાધાન એ છે કે–બસોછપ્પન (૨૫૬) મી ગાથામાં જે કહેવામાં આવેલ છે એની અપેક્ષા આ ગાથામાં વિશેષતા છે. અને તે આ પ્રમાણે છે કે, જીવ જો કે સામાન્યરૂપથી બસોછપ્પન (૨૫૬) મી ગાથામાં કહેવાયેલ વિશેષણોથી યુક્ત હોય તો પણ તેને આ ભવમાં અથવા પરભવમાં બોધિનો લાભ દુર્લભ હોતો નથી. એવા જીવોને બન્ને ભવમાં બોધિનો લાભ જોવામાં પણ આવે છે. પરંતુ જ્યારે જીવ આવા મિથ્યાદર્શનાદિકોથી કૃષ્ણલેશ્યા–સંક્લિષ્ટ પરિણામવાળો બની જાય છે ત્યારે જ એને બોધિનો લાભ દુર્લભ થાય છે. આ વિશેષતા બતાવનારી આ ગાથા છે. એથી આના કહેવાથી

પુનરૂક્તિ આવતી નથી બસોપંચાવન (૨૫૫) મી ગાથા દ્વારા 'કંદર્પ' આદિ ભાવનાઓ આ જીવને દુર્ગતિરૂપ અનર્થની દાતા છે' આ વાત બતાવવામાં આવેલ છે. આથી આ વાત અર્થથી આવી જાય છે કે, શુભ ભાવનાઓમાં સુગતિરૂપ અર્થ પ્રદાયકતા છે. બસોછપ્પન (૨૫૬) મી ગાથામાં એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે, જે જીવ મિથ્યાત્વ આદિમાં રક્ત બની રહ્યા હોય છે એમને બોધિનો લાભ દુર્લભ છે. તથા બસોસત્તાવન (૨૫૭) મી ગાથામાં જે જીવ સમ્યકત્વમાં રક્ત છે એમને બોધિનો લાભ સુલભ છે એવું કહેલ છે. અને બસોઅઠાવન (૨૫૮) મી ગાથા દ્વારા મિથ્યાદર્શન આદિમાં રક્ત પુરૂષોમાં જે સંક્લિષ્ટ પરિણામતારૂપ વિશેષતા છે એવું સૂચન કરવામાં આવેલ છે. આ પ્રમાણે આ વિશેષતાની સૂચક હોવાથી આ કથનમાં પુનરૂક્તતા આવતી નથી. ॥૨૫૮॥

સમસ્ત સંલેખના આદિક ધાર્મિક કર્તવ્ય જીન વચનોની આરાધના મૂલક થવાથી જ શ્રેયસ્કર થાય છે આ કારણે એમાં આદર કરવો જોઇએ. આ સમજાવવા માટે એ વચનોનું માહાત્મ્ય સૂત્રકાર પ્રદર્શિત કરે છે.— "जीण वयणे" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે જિણવયણે-યે જિનવચને જે જીનેંદ્ર દેવના આગમમાં અણુરત્તા-અનુરક્તાઃ અનુરક્ત-પ્રીતિસંપન્ન હોય છે તથા જે જિણયણં ભાવેણં કિરિંતિ-યે જિનવચનં ભાવેન કુર્વન્તિ જે જીન વચનોને ભાવપૂર્વક જીવનમાં ઉતારે છે તે-તે તે અમલા-અમલાઃ ભાવ મળ રહિત બનીને असंकिलिट्ठा-असंक्लिष्टाः રાગાદિકના સંકલેશોથી રહિત બની જાય છે. અને એવા જીવોનો परित्त संसारी-परीत संसारिणः સંસાર અલ્પ રહી જાય છે.

ભાવાર્થ—જે પ્રાણી જ્યારે જીન વચનોમાં સમ્યક શ્રદ્ધાવાન બની જાય છે. અને ભાવપૂર્વક એના અનુસાર ચાલવા લાગે છે તો એનો સંસાર અલ્પ રહી જાય છે. અને તે મિથ્યાત્વ આદિ ભાવમળોથી રહિત બનીને રાગાદિક સંકલેશોનો કદીને કદી અવશ્ય અન્ત કરી લ્યે છે. ॥ ૨૫૯ ॥

કિંચ—"बालमरणाणि" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે જિણવયણં ન જાણંતિ-યે જિનવચનં ન જાનંતિ જે જીવ જીન વચનો ઉપર શ્રદ્ધા કરતા નથી તેમ ન તો એ અનુસાર ચાલે પણ છે તે વરાયા-તે વરાકાઃ તે મૂઢ છે. એવા પ્રાણી बहुसो-बहुशः અનેકવાર बालमरणाणि अकाममरणाणि य-बालमरणानि अकाममरणानि च બાલમરણો દ્વારા તથા અકામમરણો દ્વારા મરતા રહે છે. આ કારણે જીનવચન ભાવપૂર્વક સમાદરણીય અને સમાચરણીય છે ॥ ૨૬૦ ॥

જો જીનવચનની આરાધના કરવામાં અતિચાર લાગી જાય તો એ અતિચારને આચાર્યાદિકની સમક્ષ પ્રકાશિત કરી એનું શોધન કરી લેવું જોઇએ. કારણ કે આલોચના શ્રવણ યોગ્ય એ આચાર્યાદિક જ હોય છે. અન્ય નહીં. આ વાતને સૂત્રકાર આ સૂત્ર દ્વારા પ્રગટ કરે છે.—"बहुआगमविन्नाणा" ઇત્યાદિ!

અન્વયાર્થ—એ આચાર્ય આદિક बहुआगमविन्नाणा–बहुआगमविज्ञानाः આગમોના અંગ ઉપાંગ વગેરેના વિશિષ્ટ જ્ઞાતા હોય છે. તથા समाहि उप्पायगा–समाध्युत्पादकाः દેશ, કાળ, આશય આદિના વિશિષ્ટ જ્ઞાનથી એ આલોચના કરવાવાળા શિષ્યજનોના ચિત્તમાં મધુર ભાષણ આદિથી સમાધિને ઉત્પન્ન કરે છે. અને એમને गुणगाही–गुणग्राहिणः સારા ગુણોનું ગ્રહણ કરાવે છે. આથી એમનામાં એટલી વિશેષ યોગ્યતા તથા જ્ઞાનાદિની સંપન્નતા હોવાથી એઓજ આલોચના સાંભળવા યોગ્ય છે. અર્થાત શિષ્યજનોનું કર્તવ્ય છે કે, તે દોષ આદિના લાગવાથી તેઓ ખાસ કરીને પોતાના આચાર્ય આદિની પાસે એની શુદ્ધિ કરવા માટે આલોચના કરે. આલોચનાનો અર્થ પણ એજ છે કે, શુદ્ધ ભાવથી ગુરૂની પાસે પોતાની ભૂલને પ્રગટ કરવી. આ પ્રમાણે કરવાથી લાભ એ થાય છે કે, ભૂલનું શોધન થઈ જાય છે. અને મહાવ્રતની શુદ્ધિ થઈ જાય છે. ॥ ૨૬૧ ॥

કંદર્પાદિ ભાવનાઓ નિરૂપણ

હવે સૂત્રકાર પહેલાં કહેલ કંદર્પ આદિ ભાવનાઓના પરિહાર નિમિત્ત એનું પ્રત્યેકનું સ્વરૂપ કહે છે—" कंदप्पकुक्कुयाइं " ઇત્યાદિ । ચાર ગાથાઓ—

અન્વયાર્થ—कंदप्पकुक्कुयाइं–कंदर्पकौकुच्ये કંદર્પ–કામકથાઓ તથા કૌકુચ્ય–કાયા તથા વચનની કુચેષ્ટાઓને કરવાવાળા તથા सीलसहावहासविगहाहिं परं विम्हावितो–शीलस्वभावहासविकथाभिः परं विस्मापयन् શીલ. સ્વભાવ, હાસ અને વિકથા આદિથી બીજાને વિસ્મિત કરવાવાળા મનુષ્ય कदप्पं भावणं कुणइ–कान्दर्पीं भावनां करोति કાંદર્પીભાવનાવાળા માનવામાં આવેલ છે. કામોત્તેજક

કથાઓનું કહેવું કંદર્પ છે. ચેષ્ટા વિશેષનું નામ કૌકુચ્ય છે. આ ચેષ્ટા શરીર અને વચનથી થાય છે. પોતે હસ્યા સિવાય જ બીજાને ભ્રૂ, નેત્ર, હોઠ, હાથ અને પગ આદિની એવી એવી ચેષ્ટાઓ દેખાડીને કે, જેને જોવાથી બીજાઓને હસવું જ પડે આને કાયકૌકુચ્ય કહેવામાં આવે છે. વાક્ કૌકુચ્ય એ છે કે, જેને સાંભળવાથી લોકો હસવા લાગે. જેમકે, અનેક પ્રકારના જાનવરોની બોલી બોલવી–મોઢેથી વાજા જેવો સુર કાઢવો. ઈત્યાદિ ! તથા " મને જોઈને લોકો આશ્ચર્યથી મુગ્ધ બની જાય. " આવા અભિપ્રાયથી પોતાના શરીરના આકારને વિકાર યુકત બનાવવું, અટ્ટહાસ્ય કરવું, લોકોને આશ્ચર્યમાં ડુબાડી દે તેવા ગપ્પા હાંકવા, આવા પ્રકારનું વર્તન કરનાર જીવ કાંદર્પી ભાવનાવાળો બને છે. આવી ભાવના જીવને દુર્ગતિમાં લઈ જનાર માનવામાં આવેલ છે. આથી એનો ત્યાગ કરવો એજ શ્રેયસ્કર છે. ॥ ૨૬૨ ॥

અન્વયાર્થ—જે સાયરસઇડ્ઢિહેઉં–શાતરસર્દ્ધિહેતોઃ જે સુખના નિમિત્તથી. માધુર્ય આદિ રસોની પ્રાપ્તિના નિમિત્તથી, તથા ઋદ્ધિ–ઉપકરણ આદિ સંપત્તિના નિમિત્તથી મંતાજોગકાઉં–મંત્રાયોગં કૃત્વા મંત્રોનો પ્રયોગ કરીને, ભૂઇકમ્મં–ભૂતિકર્મ શરીર આદિની રક્ષા માટે ભૂતિકર્મ અર્થાત્ ભસ્મ માટી આદિના લેપરૂપ તથા દોરા આદિના બાંધવારૂપ કર્મ પઉંજંતિ–પ્રત્યુઙ્ક્તે કરે છે. તે આભિયોગં ભાવણં કુણઇ–આભિયોગીં ભાવનાં કરોતિ આભિયોગી ભાવના માનવામાં આવેલ છે. આનું તાત્પર્ય એ છે કે, આભિયોગી ભાવના દુર્ગતિની દાતા હોવાથી પરિવર્જનીય છે. આ સૂત્રમાં 'ચ' શબ્દથી વિવિધ પ્રકારના કૌતુકોનું કરવું તે પણ આભિયોગી ભાવના છે એમ જાણવું જોઈએ. કોઈની રક્ષાના નિમિત્તે, નાર વગેરેને બાંધવું, રાખ અથવા માટીનું લેપન કરવું આ સઘળાં કામ આભિયોગી ભાવના છે. અનગારના માટે આ સઘળા ત્યાજ્ય છે. કારણ કે, તેનાથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૬૩ ॥

અન્વયાર્થ—આ પ્રમાણે નાણસ્સ કેવલીણં ધમ્માયરિયસ્સ સંઘસાધૂણં અવણ્ણવાઈ–જ્ઞાનસ્ય કેવલિના ધર્માચાર્યસ્ય સંઘસાધૂનાં અવર્ણવાદી જે જ્ઞાનનાં,

કેવળીયેાનાં, ધર્માચાર્યનાં, સંઘનાં અને સાધુનાં જે અવર્ણવાદ કરે છે તથા માઈ–માયી જે પેાતે જ માયાવી છે તે મનુષ્ય કિબ્બિસિયં ભાવણં કુણઇ–કિબ્બિષિ કિં ભાવનાં કરોતિ કિલ્વીષિકી ભાવનાવાળા બને છે. ॥ ૨૬૪ ॥

જે જ્ઞાનના અવર્ણવાદી હેાય છે, તે આ પ્રકારે કહે છે. "આ પ્રવચનમાં એજ પૃથવી આદિ કાય ફરી ફરીને નિરૂપિત થાય છે, એજ વ્રત વારંવાર કહેવાયેલ છે, તથા એજ પ્રમાદ અથવા અપ્રમાદ જગ્યેા જગ્યેાએ બતાવેલ છે. આ માટે આ પ્રવચન પુનરોક્તિના દેાષથી ભરપૂર છે બીજી વાત એક એ છે કે, જ્યારે શ્રુતનું પઠન પાઠન મેાક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી કરવામાં આવે છે, તેા ફરીથી એમાં મેાક્ષાર્થીઓના માટે જ્યેાતિષ વગેરેની તથા પૃથવીકાય આદિ જીવેાની ગણતરી અને દ્વીપ સમુદ્ર વગેરેની પરિગણનાથી શું લાભ છે? કાંઇ સમજવામાં આવતું નથી." આ પ્રમાણે જે કેવળી ભગવાનનેા અવર્ણવાદ કરે છે તે કહે છે કે,–"કેવળી ભગવાનમાં જ્ઞાનેાપયેાગ અને દર્શનેાપયેાગ ક્રમથી થાય છે. અથવા યુગપત્ થાય છે? જો આની કેવળીમાં ક્રમિકતા માનવામાં આવે તેા જ્ઞાનના સમયમાં દર્શન અને દર્શનના સમયમાં જ્ઞાન નહીં થાય–તેથી તેમાં પરસ્પર આવરણુત્વનેા સદ્ભાવ માનવેા પડશે. કેવળીની આત્માથી જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બન્ને આવરણ સર્વથા ક્ષપિત બની ચૂકેલ છે. તથા બીજા આવારકનેા અભાવ છે આથી જ્ઞાન અને દર્શન આ બંનેમાં પણ પરસ્પરમાં આવરકતા આવવામાં કઈ બાધા આવી શકે છે જો કહેવામાં આવે કે, દર્શનેાપયેાગ અને જ્ઞાનેાપયેાગ કેવળીમાં યુગપત્ હેાય છે તેા એવી માન્યતામાં એક કાળ ભાવી માન્યતા હેાવાથી આ બન્નેમાં એકત્વાપત્તિ માનવી પડશે. પરંતુ તેમાં એકત્વાપત્તિ કેાઈ પણ રીતે થઈ શકતી નથી. કારણ કે, જ્ઞાનનેા સ્વભાવ સાકાર અને દર્શનનેા સ્વભાવ અનાકાર છે. અને એથી જ એ બન્ને પરસ્પર જુદા જુદા છે. બીજી વાત એક એ પણ છે કે, જ્યારે આ પ્રમાણે આ બન્ને પેાત પેાતાના સ્વભાવથી એક બીજાથી વિરૂદ્ધ છે તેા પછી એમનું યુગપત્ થવાનું પણ અવિરૂદ્ધ કેમ માની શકાય છે. આથી આ બન્નેની ન તેા

ક્રમિકતા બને છે અથવા ન તો યુગપત્તા" આ પ્રમાણે જે ધર્માચાર્યના અવર્ણવાદી હોય છે તે આ પ્રકારે કહે છે કે,–"આ ધર્માચાર્ય ન તો વિશુદ્ધ જાતિમાં ઉત્પન્ન થયેલ છે. અથવા ન તો વિશુદ્ધ વંશમાં જન્મેલ છે. લૌકિક વ્યવહારાથી એ સઘળા બિલકુલ અજાણ છે. ઉચિતતા તો એમનામાં બિલકુલ હોતી નથી." આ પ્રમાણે ધર્માચાર્યનું અવર્ણવાદ કરવાવાળા મુનિ ગુરૂ સેવાથી હમેશાં પરાઙ્મુખ રહે છે. અનુચિત વિદ્યાવાળા અને છિદ્રાન્વેષિ હોય છે. બધાની સામે પોતાના ગુરૂદેવના દોષોને કહેવામાં તેને કોઈ સંકોચ આવતો નથી. સમજાવવા છતાં પણ તે સમજાવનાર સામે પણ પ્રતિકુળ બની જાય છે. તથા સંઘના અવર્ણવાદી સંઘની નિંદા કરે છે.–"અરે સંસારમાં તો બીજા પણ અનેક સંઘ છે, કુતરાના, શિયાળીયાના તો પછી આ સંઘ એવો કયો અનોખો સંઘ છે." તથા સાધુની અવર્ણવાદીની વિચાર ધારા આ પ્રકારની હોય છે, "અરે આ સાધુ તો પરસ્પરમાં એક બીજાને જોઈ નથી શકતાઅને આ કારણ છે કે, સઘળા અલગ અલગ થઈને દેશાંતરમાં વિચરતા રહે છે. ગુરૂઓની સેવા કરવી તો એક બાજુ રહી પરંતુ આ તો એમના સાથી પણ થતા નથી અને સ્વચ્છંદિ રહે છે. જેના ગુણોને જોઈને મુનિજન આનંદિત થાય છે તેના પણ અતિચાર આદિ દોષોને સહન કરી શકતા નથી." આ પ્રકારના જ્ઞાન આદિના અવરર્ણવાદિ હોય છે. માયા શબ્દનો અર્થ શઠ (કપટ) છે. આ માયા જેને હોય છે તે માયી છે. માયી પોતાના સ્વભાવને ઢાંકતા રહે છે. અને બીજાના સદ્‌ગુણોની પણ નિંદા કરે છે. ચોરની માફક બધી બાજુ શંકિત મનવાળા થઈને પોતાના આચારને ગૂઢ રાખીને તથા પોતાના વ્યવહારનો સિક્કો જમાવવા માટે જુઠું બોલ્યા કરે છે. આવી વ્યક્તિ કિલ્બિશી ભાવના વાળી બનાયેલ છે. જેથી આ ભાવનાને પણ દુર્ગતિના હેતુરૂપ જાણીને મોક્ષના અભિલાષીઓએ છોડી દેવી જોઈએ. ॥ ૨૬૪ ॥

અન્વયાર્થ—अणुबद्धरोसपसरो–अनुबद्धरोषप्रसरः सदाय विरोधशील

હોવાના કારણે અથવા પ્રશસ્તાાપ ન કરવાવાળા હોવાને કારણે, અથવા ક્ષમાની યાચના કરવાં છતાં પણ પ્રસન્નતાના અભાવક હોવાને કારણે જેનામાંથી ક્રોધ ઓછો થવા પામતો નથી તથા જે નિમિત્તમ્મિ પડિસેવી-નિમિત્તે પ્રતિસેવી નિમિત્તરૂપ વિષયના પ્રતિ સેવક છે, ક્રોધના નિમિત્તનું જ જે સદા સર્વદા ધ્યાન રાખે છે. એવી વ્યક્તિ એએહિં કારણેહિં-એતાભ્યાં કારણાભ્યામ્ આ બે કારણોથી આસુરિયં ભાવણાં કુણઇ-આસુરિકી ભાવનાં કરોતિ આસુરી ભાવનાવાળી બને છે. આ ભાવના પણ જીવને દુર્ગતિમાં લઈ જનાર હોવાથી આનો પથ ત્યાગ કરવો જોઈએ.

ક્રિયા—"સત્થગ્ગહણં" ઈત્યાદિ।

અન્વયાર્થ—સત્થગ્ગહણં-શસ્ત્રગ્રહણમ્ પોતે પોતાનો જ ઘાત કરવા માટે શરીર ઉપર તરવાર આદિ શસ્ત્રોનો ત્યાગ કરવો, વિસભક્ખણં-વિષભક્ષણમ્ વિષનું ભક્ષણ કરવું, જલણં-જ્વલનમ્ અગ્નિમાં પ્રવેશ કરવો, જલપ્પવેસા-જલપ્રવેશઃ પાણીમાં ડૂબી જવું, તથા અણાચારભંડસેવા-અનાચારભાણ્ડસેવા અનાચાર ભાંડસેવા-શાસ્ત્રથી વિરૂદ્ધ વ્યવહારનું અનુકરણ કરવાના માટે ઉપકરણ રાખવા આ આચાર ભાંડ સેવા છે.-આથી વિપરીત અનાચાર ભાંડ સેવા છે.-આ સઘળી વાતો જમ્મણમરણાણિ બંધંતિ-જન્મમરણાનિ બધ્નાતિ જન્મ, જરા, અને મરણના નિમિત્ત ભૂત કર્મોનો આત્માનિ સાથે સંબંધ કરાવે છે. આના કારણે આત્મા સંસારથી પાર થઈ શકતો નથી. આ શસ્ત્ર આદિ સંકલેશજનક હોવાથી આત્માના માટે અનંતભવના હેતુભૂત થાય છે.

શંકા-અહીં પહેલાં એ કંદર્પ આદિ ભાવનાઓને દેવ દુર્ગતિની દાતા બતાવેલ છે. અર્થાત્ દેવ દુર્ગતિની પ્રાપ્તિ થવી આ ફળ એ ભાવનાઓનું છે એવું કહેલ છે. અને હવે અહીં એવું કહેવામાં આવે છે કે, એ શસ્ત્ર ગ્રહણાદિક અનંત જન્મ મરણના કારણભૂત કર્મોના બંધનરૂપ ફળને આપનાર છે. આ કારણથી આ પ્રકારના કહેવામાં પૂર્વાપર વિરોધ આવે છે? તો આવી આશંકા બરોબર નથી. કારણ કે. ફળ બે પ્રકારનાં હોય છે. એક સાક્ષાત ફળ અને બીજું પરંપરા ફળ દેવ દુર્ગતિ પાપ્તિ એ કંદર્પ આદિ ભાવનાઓનું સાક્ષાત ફળ છે. તથા જન્મ મરણરૂપ ફળ પરંપરા ફળ છે. આથી આવી ભાવનાઓનાં દ્વિવિધ ફળ અનિષ્ટ છે એવું જાણીને સાધુજન એનો પરિત્યાગ જરૂરથી કરી દે. કહ્યું પણ છે—"એયાઓ ભાવણાઓ ભાવિત્તા દેવ દુગ્ગઇંજંતિ! તત્તો ય ચુયા સંતા પરિંતિ ભવસાગરમણંતં॥" ઈતિ॥ ॥૨૬૬॥

હવે ભગવદુકત અર્થનો ઉપસંહારક કરતાં શ્રી સુધર્માસ્વામી જમ્બૂ સ્વામીને કહે છે—"इइ पाउकरे" ઇત્યાદિ.

અન્વયાર્થ—नायए-ज्ञातजः જ્ઞાત પુત્ર ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીએ જે बुद्धे-बुद्धः કેવળ જ્ઞાનરૂપ આલોકથી સમસ્ત વસ્તુ સ્વરૂપના જ્ઞાતા હતા, તેમણે इइ भवसिद्धियसंमए-इति भवसिद्धक संमतान् અનન્તરોકત આ ભવ સિદ્ધિક ભવ્યજનો દ્વારા સ્વીકારવામાં આવેલ આ અનન્તરોકત छत्तीसं उत्तराज्झाए-षट्त्रिंशदुत्तराध्यायान् વિનય શ્રુત આદિ નામનો છત્રીસ અધ્યયનોવાળા ઉતરાધ્યયનને पाउकरे-प्रादुष्कृत्य નિર્વાણ પ્રાપ્તિના આસન્ન સમયમાં અર્થ સાથે પ્રગટ કરીને સિદ્ધિધામને પ્રાપ્ત કરેલ છે.

ભાવાર્થ—શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ વિનયશ્રુત આદિ નામના છત્રીસ ૩૬ અધ્યયનોથી યુકત આ ઉત્તરાધ્યયનનો અર્થતઃ મુકિત જવાના થોડા સમય પહેલાં નિરૂપણ કરેલ છે. આમાં સઘળાં અધ્યયન સંપૂર્ણ રીતે કહ્યાણ સાધક હોવાથી ભવ્યજનોએ સ્વીકાર કરેલ છે ભગવાન મહાવીર જ્ઞાતપુત્ર હતા. એમણે મુકિત લક્ષ્મીને પ્રાપ્ત કરેલ છે. આ પ્રમાણે આ ભગવદુકત અર્થનો ઉપસંહાર કરીને શ્રી સુધર્માસ્વામીએ જમ્બૂ સ્વામીને અધ્યયનને સમાપ્ત કરેલ છે. "इति ब्रवीमि" પદોનો અર્થ આગળ કહેવાઈ ગયેલ છે.

ઉત્તરાધ્યયન સૂત્ર સંપૂર્ણ

શાસ્ત્ર પ્રશસ્તિ—

સૌરાષ્ટ્ર દેશમાં જૈનસંઘથી વિભૂષિત એક ખાખી જાગીયા નામનું ગામ છે. આ ગામ મૌજ નદીના કાંઠા ઉપર વસેલું છે. આ ગામમાં બાટવીયા કુળમાં ઉત્પન્ન થયેલા શ્રી પ્રાણુજીવન ભાઈ રહે છે. એમને એક પુત્રી હતી. જેનું નામ કુસુમગૌરી હતું. એ સ્વર્ગવાસી થઈ ગયેલ છે. આથી એની સ્મૃતિ નિમિત્ત આ પ્રિયદર્શિની નામની ટીકા ત્યાં વિક્રમ સંવત ૨૦૦૮ના વૈશાખ વદ ૭ને શુક્રવારના રોજ પ્રાણુજીવનભાઇની પ્રાર્થનાથી સંપૂર્ણ કરવામાં આવેલ છે આ ટીકાની સમાપ્તિના સમયે જૈન ધર્મોપાસક જામજોધપુર નિવાસી શ્રી પોપટલાલભાઇ સહકુટુંબ દર્શનાર્થે આવેલા અને ત્યાં ધર્મની પ્રભાવના ખૂબ કરવામાં આવી. એમના પિતાનું નામ શ્રી માવજીભાઈ હતું. મહેતા કુળમાં એમનો જન્મ થયેલ છે. જેમનાં ધર્મપત્નીનું નામ છબલબાઈ છે. લક્ષ્મીની એમના પર સંપૂર્ણ કૃપા છે. જામજોધપુરગામનો જૈનસંઘ સદા સુખી અને દયાળુ છે. જે કાંઈ પણ ધાર્મિક કામ કરવાનું હોય છે ત્યારે સઘળા ખૂબ જ પ્રેમથી સાથે બેસીને એકત્ર ભાવનાથી કરે છે. દીનદુઃખી જીવોની રક્ષામાં આથી ઘણી મદદ મળતી રહે છે. આ સઘળા શુદ્ધ સ્થાનકવાસી સંપ્રદાયના ઉપાસક છે. શક્તિ અનુસાર રત્નત્રયની આરાધના કરતા રહે છે. જૈનધર્મમાં વિશેષ સંપન્ન એમની માનસિક પરિણતિ રહ્યા કરે છે. દરેક ઘરમાં શ્રાવક અને શ્રાવિકાઓ દેવ, ગુરૂ અને ધર્મમાં વિશિષ્ટ ભક્તિ રાખવાવાળા છે તથા સદાચાર સંપન્ન છે.

मङ्गलं भगवान् वीरो,
मङ्गलं गौतमः प्रभुः ।
सुधर्मा मङ्गलं जम्बू–
र्जैनधर्मोऽस्तु मङ्गलम् ॥१॥